# જિનાજ્ઞા +++

# જિનાજ્ઞા + + +

સંકલન

## લક્ષ્મીચંદ ચાંપસી દંડ

(કચ્છ - લાલા)

Lal Bunglow,
Dev Ashish,
Upashrya Lane,
Ghatkopar (East),
Mumbai - 400 077.

Tel. : 022-25125455

3B, Bluedale,
May Flower,
Periyaswamy Road East,
R. S. Puram,
Coimbatore - 641 002.

Tel. 0422- 2548882

# પ્રસ્તાવના

સાગર દયાના છો તમે, કરૂણાતણા ભંડાર છો.
અમ પતિતોને તારનારા, વિશ્વના આધાર છો,
તારે ભરોસે જીવનનૈયા, આજ મેં તરતી મૂકી
લાખ લાખ વંદન કરૂ, જિનરાજ તુજ ચરણે ઝુકી..

ડીટેકટીવ કથાઓ અને ફિલ્મ-ક્રિકેટ સ્ટોરીઓની ચોપડીઓથી ભરાયેલા કબાટમાં, પ્રાયે ધાર્મિક પુસ્તક હોતું નથી અને ભુલથી એકાદ-બે પુસ્તક આવી જાય તો જલદીથી દેરાસરે કે ઉપાશ્રયમાં આપી દેવાનું હોય છે. ધાર્મિક સાહિત્ય પ્રત્યે આવી રૂચિના આ કાળમાં પણ આ પુસ્તક સંપાદન પાછળ એક માત્ર હેતુ છે અને તે - જે શાસન મળ્યું તેનો અલ્પ પણ પરિચય થઈ જાય તો આપણું કામ થઈ જાય.

શ્રી અતુલભાઈ લક્ષ્મીચંદભાઈ ગાલા (C.A.) કચ્છ-નરેડી, મુલુંડ તેમજ શ્રી લલીતભાઈ ચૂનીલાલ સાવલા કચ્છ-મોથારા ૨૦૬૨ની પર્યુષણ પર્વ આરાધનાર્થે કોઈમ્બતુર પધારેલ ત્યારે એમની સાથે પરિચય થયો. શ્રી અતુલભાઈ ને આટલી નાની વયમાં કેટલું ઉંડુ જ્ઞાન? એવું લાગ્યું, એમની પાસે જ્ઞાનનો અખુટ ભંડાર છે. છતાં એમની સાદગી અને સરળતા કેટલી? હું ૨/૩ વર્ષથી સાહિત્ય ભેગું કરતો હતો. પુસ્તક બનાવવાની ભાવના હતી. મેં શ્રી અતુલભાઈને વાત કરી, મારા કાર્યને એમણે તરત વધાવી લીધી. પોતાનો કીંમતી સમય ફાળવી માર્ગદર્શન આપ્યું ત્યારે આજે આ પુસ્તક પરિપૂર્ણ થયું.

અરિહંત અને સિધ્ધ પરમાત્મા તરીકે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-સાધ્વી ગુરૂ તરીકે મળ્યા. મહાન એવો જૈન ધર્મ મળ્યો પણ આપણને એની કિંમત કેટલી? એની મહાનતા વિષે જ્ઞાન કેટલું? અપરંપાર જ્ઞાન ખજાનો આપણી પાસે છે, અખૂટ જ્ઞાન સરોવરો ભરાયેલા છે. પણ આપણને એની કિંમત નથી કારણકે તેની મહાનતા વિષેનું

કોઈ જ્ઞાન નથી અને તે જ્ઞાન મેળવવા માટેનો કોઈ પ્રયત્ન પણ આપણે કરતા નથી. આગમોમાં ગુંથાયેલા રહસ્યોને તો બાજુ પર મુકી દઈએ, પણ પરમાત્મા ભક્તિ કે જૈન ધર્મના પાયાનું જ્ઞાન પણ નહિં હોય તો કેમ ચાલશે? જીનશાસનનો અણમોલ વારસો મળવા છતાં આપણે સાવ કોરા જ રહી જઈશું? આ વિષમકાળમાં પણ ધર્મનું પાયાનું જ્ઞાન મળે, ધર્મ માટે જીજ્ઞાસા અને જ્ઞાન માટે પિપાસા જાગૃત થાય એ માટે નો નાનકડો પુરૂષાર્થ આ પુસ્તક દ્વારા કરવામાં આવેલ છે જે આ પુસ્તકનો એકમેવ હેતુ છે.

આ પુસ્તકમાં વિવિધ સાધુ-સાધ્વી ભગવંતોના પુસ્તકો/ લખાણોમાંથી લેખો છાપ્યા છે, તે બધાનો વ્યક્તિગત પરવાનગી / આભાર ન માનતા આ પુસ્તકના માધ્યમથી સૌ નો હૃદયપૂર્વક આભાર માનું છું. તદ્દુપરાંત આ પુસ્તકના પ્રકાશનમાં અન્ય જેમના લખાણોનો આધાર લીધેલ છે એ તમામનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું. તેમજ પુસ્તકના પ્રકાશનમાં ક્યાંય કચાશ રહી ન જાય તે માટે પૂરતી સાવચેતી રાખેલ છે. છતાં એમના ઉદેશ્ય વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો **મિચ્છામિ દુક્કડમ્.**

સંસારમાં પ્રવૃત્ત એવા આપણને જ્ઞાનરૂપી થોડો પણ પ્રકાશ મળે અને તે પ્રકાશ મુક્તિ માર્ગ તરફ દોરી જાય એવો નાનકડો પ્રયત્ન આ પુસ્તક દ્વારા કરી રહ્યો છું. જીનશાસનના સાગરસમા વિશાળ જ્ઞાનનો અલ્પ પરિચય કરાવતા ક્યાંય પણ ક્ષતિ રહી ગઈ હોય અથવા જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાઈ ગયું હોય તો ત્રિવિધે ત્રિવિધે **મિચ્છામિ દુક્કડમ્.**

**અંતમાં અત્યંત ઉપકારી એવા પ.પૂ. આદરણીય પિતાશ્રી ચાંપશી આણંદજી જેમની ૨૫મી પુણ્યતિથિ તથા પ.પૂ. આદરણીય માતુશ્રી ખેતબાઈ જેમની ૪૫ મી પુણ્યતિથિ, ને પ્રણમીને આ પુસ્તક એમની સાદર સ્મૃતીમાં પ્રકાશિત કરી રહ્યો છું.**



*લી.*

*લક્ષ્મીચંદના પ્રણામ*

નમો અરિહંતાણં

નમો સિદ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવજ્ઝાયાણં

નમો લોએ સવ્વસાહૂણં

એસો પંચનમુક્કારો

સવ્વ પાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિં

પઢમં હવઇ મંગલં

# અનુક્રમણિકા


| ક્રમ | વિભાગ | પાના. નં. |
|---|---|---|
| ૧ | વીર મને તારો આધાર | ૧-૧૯ |
| ૨ | અંગુઠે અંમૃત વસે | ૧૯-૨૮ |
| ૩ | તત્વ ઝરણું | ૨૮-૩૯ |
| ૪ | બંધનથી મુક્તિ તરફ | ૩૯-૪૩ |
| ૫ | લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' | ૪૩-૪૬ |
| ૬ | તત્વાર્થ સારિકા | ૪૬-૫૯ |
| ૭ | કાળચક્ર | ૫૯-૭૪ |
| ૮ | Brief Introduction Of Our Religion | ૭૪-૭૭ |
| ૯ | વ્યાખ્યાન શ્રવણ તેમજ અન્ય દ્રષ્ટાંતો | ૭૮-૮૨ |
| ૧૦ | આ મનુષ્યભવ દુર્લભ કેમ ? | ૮૨-૮૪ |
| ૧૧ | મોક્ષ પ્રાપક માનવ જીવનમાં અંકુશનું મહત્ત્વ | ૮૪-૮૬ |
| ૧૨ | કમ્મે સૂરા ધમ્મે સુરા | ૮૬-૯૧ |
| ૧૩ | ભગતની ભલાઈ અને પંડિતનું પાખંડ | ૯૧-૯૭ |
| ૧૪ | પુત્રવધુની સમયસુચકતા | ૯૭-૯૯ |
| ૧૫ | કરણ કરાવણને અનુમોદન | ૧૦૦-૧૦૧ |
| ૧૬ | સોનેરી સુવાક્યો | ૧૦૨ |
| ૧૭ | આયંબિલનો અરૂણોદય | ૧૦૩-૧૦૫ |
| ૧૮ | શ્રાવકની રહેણી-કરણી | ૧૦૬-૧૬૩ |
| ૧૯ | વાર્તા વિભાગ 'સત્ય ઘટનાઓ' | ૧૬૩-૨૦૪ |
| ૨૦ | ગુરૂ ભગવંતોનો પરિચય | ૨૦૫-૨૧૩ |
| ૨૧ | માદરે વતન કચ્છ-લાલાનું ગૌરવ | ૨૧૩ |
| ૨૨ | સાધર્મિક ભક્તિ જો કરે સુખી, કોઈ સાધર્મિક ન રહે દુઃખી | ૨૧૪ |
| ૨૩ | તીર્થંકર ભગવાનનો પરિચય | ૨૧૫-૨૧૭ |
| ૨૪ | તીર્થ પરિચય | ૨૧૮-૨૪૩ |
| ૨૫ | સમાધિની સીડી | ૨૪૪-૨૫૭ |
| ૨૬ | મહારોગી બન્યા મહાયોગી | ૨૫૮-૨૭૭ |
| ૨૭ | પચ્ચક્ખાણ, સમયસારિણી, ચોઘડીયા, સૂતક, અને છેલ્લે....... | ૨૭૮-૨૮૫ |

# ૧) વીર મને તારો આધાર

## પ. પૂ. શ્રી અજિતશેખર વિજયજી મ. સા.

અર્હમ્



મંગલં ભગવાન્ વીરો,
મંગલં ગૌતમ પ્રભુઃ
મંગલં સ્થૂલભદ્રાધા,
જૈન ધર્મોસ્તુ મંગલં...

અર્હમ્

નમો અરિહંતાણં - અરિહંત ભગવાનને નમસ્કાર કરું છું.

નમો સિદ્ધાણં - સિધ્ધ ભગવાનને નમસ્કાર કરું છું

નમો આયરિયાણં - આચાર્ય ભગવંતને નમસ્કાર કરું છું.

નમો ઉવજ્ઝાયાણં - ઉપાધ્યાય ભગવંતને નમસ્કાર કરું છું

નમો લોએ સવ્વસાહૂણં - લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર કરું છું

એસો પંચનમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં

એ પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપોનો

નાશ કરે છે અને સર્વે મંગલોમાં પ્રથમ મંગલ છે.

બીજાના જીવનમાં અમંગલ કરનારને કેવા અમંગલ નડે છે? એક સર્જન ડૉક્ટરે એક ગરીબનું ઓપરેશન કરતાં પહેલા અમુક રકમ એડવાન્સ માંગી. એ પુરુષની પત્ની એટલી રકમ ચૂકવી શકી નહીં. ડોક્ટરે ઓપરેશન કર્યું નહીં. પુરુષ મરી ગયો. બાઈ વિધવા થઈ.

થોડા જ દિવસ પછી એ ડૉક્ટરનો અઢાર વર્ષનો પુત્ર કાર એક્સીડેંટમાં ઓન ધ સ્પોટ મરી ગયો, અને પુત્રના મોતના આઘાતથી ડીપ્રેસ થયેલી મા અર્ધપાગલ બની ગઈ. ડોક્ટરનું જીવન ઝેર બની ગયું.

આની સામે-પોતાના જીવનને બીજા માટે મંગલભૂત બનાવનારનું કેવું સુંદર મંગલ થાય છે? એ માટે કર્વે આચાર્યનો પ્રસંગ છે. એમને જિંદગીની શતાબ્દી પૂરી કરી એ નિમિત્તે અભિનંદન આપવા આવેલા પત્રકારોમાંથી એક પત્રકારે નિરામય શતાબ્દી પૂરી કરવા માટેનું રહસ્ય પૂછ્યું. કસરત, વ્યાયામ, યોગ, રસાયણ, ચૂસ્ત આહાર નિયમપાલન, આમાંથી એકને પણ કારણ તરીકે રજૂ કરવાને બદલે કર્વેએ કહ્યું જ્યારે હું જુવાન હતો, ત્યારે રાતના બાર વાગ્યે મારા ઘરનું બારણું કોકે ખખડાવ્યું. ઉંઘમાંથી ઉઠી બારણું ખોલ્યું. મારી કામવાળી બાઈ હતી. સીધા જ મારા પગ પકડી રોવા માંડી. હું સંત નહીં છતાં મારા પગ પકડ્યા તે મને ગમ્યું નહીં. ઉઠાડી આવવાનું-રોવાનું કારણ પૂછ્યું. કામવાળીએ રોતા રોતા કહ્યું-મારો એકનો એક છોકરો સખત બિમાર છે. ડોક્ટરે દવાના આપેલા લિસ્ટ મુજબ સો રૂપિયાની દવા થાય છે. પછી એ કામવાળીએ મને ૧૦૦ રૂા. આપી દીકરાનો જાન બચાવવા આજીજી કરી. મેં તરત ૨૦૦ રૂા. આપ્યા ૧૦૦ રૂા. બીજા કામમાં આવશે, એમ કહ્યું. તે વખતે આ ઉપકારથી કૃતજ્ઞ બનેલી આ કામવાળીના નાભીમાંથી આશીર્વચન નીકળ્યા-બેટા સો વરસનો થજે. બસ આ આશીર્વચનથી જ હું સો વરસ નિરામય જીવી શક્યો છું.

કર્વેનો સો વર્ષ નિરામય જીવવા માટેનો આ પ્રસંગ-જવાબ સાંભળી બધા પત્રકારો સ્તબ્ધ થઈ ગયા. જીવનને મંગલ બનાવવાની આ જ ચાવી છે. તમે બીજા કેટલાના જીવનને મંગલમય બનાવો છો? એના પર આધાર છે, તમને મંગલ મળશે-ફળશે કે નહીં.

આપણા જીવનને મંગલમય બનાવવા માટે સ્વાર્થી મટી પરમાર્થી બનવું પડશે. હૃદય વિશાળ કરવું પડશે. સર્વ જીવો પ્રત્યે મૈત્રી, હિતચિંતા જ્યારે હૃદયમાં આવશે ત્યારે જ આપણે સાચા અર્થમાં મંગલસ્વરૂપ બની શકીશું.

પ્રભુના શાસનના સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ પણ મંગલસ્વરૂપ મનાયા છે. સવારમાં જો તેઓનું દર્શન થઈ જાય, તો આખો દિવસ મંગલમય પસાર થાય. આપણે જો આપણો નંબર આ સંઘમાં ગણતા હોઈએ, તો પ્રશ્ન એ છે આપણું દર્શન આવું મંગલમય છે?

એક ગામમાં એક સાધુ મહારાજ દેશના આપતા હતા. દેશનામાં આ મંગલની જ વાત ચાલતી હતી... રસ્તા પરથી એક શિકારી પસાર થતો હતો, એના કાનમાં સાધુના આ શબ્દો પડ્યા કે પ્રભુશાસનના સાધુ આદિ ચતુર્વિધ સંઘનું દર્શન પણ મંગલ સ્વરૂપ છે. તેમના દર્શનમાત્રથી ઈષ્ટકાર્ય પાર પડે છે. એના હૃદયમાં પણ શ્રદ્ધાનો દીપ પ્રજ્વલિત હતો. ભારત દેશના લૂંટારુ, ચોર-ડાકુના હૃદયમાં પણ ધર્મપ્રત્યેની આવી શ્રદ્ધા અચૂક હતી. બીજે દિવસે શિકાર માટે નીકળતા જ સામેથી પૂજાની સામગ્રી લઈને આવતી શ્રાવિકાના દર્શન આ શિકારીને થયા. એની શ્રદ્ધા વધુ મજબૂત થઈ. મનમાં બોલ્યો, ૩ દિવસથી દરરોજ જંગલમાં જાઉં છું, પણ મને શિકાર મળતો નથી, આજે આ શ્રાવિકાના દર્શન થઈ ગયા છે, તો જરૂર મારું કામ સફળ થઈ જશે. શિકાર મળી જશે...

બોલો... આ કેટલો અવિવેક છે? જે પ્રભુનું શાસન સૂક્ષ્મ જીવોની પણ દયા માને છે, જે સાધુ પોતાના જીવનમાં ષટ્કાયજીવોનું રક્ષણ કરે છે, એ જ સાધુનું દર્શન પંચેન્દ્રિય જીવની હિંસામાં શું નિમિત્ત બની શકે? સાધુ-શ્રાવકના જીવનમાં થોડો જ ફેર છે. મુહપત્તિના ૫૦ બોલમાં અમારા માટે પૃથ્વીકાય... આદિની રક્ષા કરું, એવો ઉચ્ચાર છે. જ્યારે તમારા માટે જયણા કરું એ ઉચ્ચાર છે.

સંસારમાં છો ત્યાં સુધી કેટલાક અર્થદંડરૂપ પાપો તમારે કરવા પડે, પણ શ્રાવક-શ્રાવિકા બધું જયણાથી કરે.. સગડીમાં પણ એક એક કોલસો મુકતા પહેલાં પૂરી કાળજીથી જુએ, કે ક્યાંય કોઈજીવ આમાં ભૂલો તો નથી પડ્યો ને? ગેસનું બર્નર પણ સળગાવતા પહેલા તપાસી લે, પુજણીથી પુંજી પછી કામ કરે... શ્રાવકના ઘરે દયા અને જયણાના પ્રતીકરૂપ ચરવલી, ચરવલો અને ચંદરવો જોવા મળે. આવી દયા પ્રભુના શાસનમાં છે.

શ્રાવક—શ્રાવિકા મેકપ માટે કે ફેશન માટે હિંસાજન્ય પ્રસાધનો પણ ન વાપરે, કેમ કે એમાં જયણા રહેતી નથી, અને મેકપવગેરે અનર્થ દંડરૂપ છે. ધંધામાં પણ જૈન જયણા પાળે, પંદર પ્રકારના કર્માદાનના ધંધા તો ન કરે, પણ ઘરાક સાથેના વ્યવહારમાં પણ દયાભાવ ટકી રહે, એટલી જયણા પાળે, જૈનને કદાચ બહાર ભોજનાદિ કરવા પડે તો પણ જયણા રાખે, માંસાહારી ભોજન તો ન જ કરે, એવી હોટેલમાં પણ ન જાય. કંદમૂળ જેવા અભક્ષ્ય ન ખવાય, તેનું ધ્યાન રાખે. ટૂંકમાં જૈન ઘરે, દુકાનમાં કે દુનિયામાં જયણાશીલ હોય, તેથીસ્તો તેનું દર્શન મંગલરૂપ છે. એવા દયાળુના દર્શનથી મંગલ માની શિકારી પંખીની હિંસા-ક્રૂરતામાં સફળતા મળશે, એવું માને તે કેવું બેહુદું લાગે છે?

તમે પણ ગુરુદેવોના પગલા દુકાનમાં કરાવો છો. શા માટે ભાઈ? ધંધો પૂરબહારમાં ચાલે માટે જ ને? પણ.. આ પરિગ્રહ, લોભ મને બહુ સતાવે છે, તો એની મમતા મારા જીવનમાં ઓછી થાય... અને જ્યાં સુધી પરિગ્રહ ન છોડી શકું,

ત્યાં સુધી નીતિથી જ પૈસો કમાવું, એવું બળ મને મળે...એવા ભાવથી પગલા-વાસક્ષેપ કરાવો છો ? જો આવી ભાવના હોય, તો ખરેખર તમને ધન્યવાદ છે. પણ મનને તપાસીને બોલો... શી તમારી ભાવના હોય છે ત્યારે?

નવા ઘરમાં પણ અમારા પગલા શામાટે ? આવી મુરાદ નથી ને કે ઘરમાં બધુ ઠરીઠામ રહે, સંસાર લીલોછમ રહે, કે પછી એવી ભાવના હોય છે કે આ ઘરમાં સદાય ધર્મભાવનાની વૃદ્ધિ થાય, મારા પરિવારમાંથી પણ કોઇને દીક્ષા લેવાની ભાવના થાય, માટે ઘરમાં પગલા કરાવું. આવી ભાવના છે ?... આ તમારું ઘર તો ૧૮ પાપસ્થાનકોની ફેકટરી છે... હજી દુકાન વગર ચાલશે, પણ ઘર વગર તમને ચાલશે? ઘર છે તો જ તમારો આ સંસાર ઊભો છે. સંસારના કેન્દ્રસ્થાને આ ઘર છે. માટે જ પ્રભુના દીક્ષાના વર્ણનમાં જ્ઞાનીઓ લખે કે ઘરવાસને છોડી પ્રભુ અણગાર બન્યા.

જો સંસારવિરક્ત, પાપમુક્ત અને અપરિગ્રહી ગુરુ ભગવંતોનાં પગલા કરાવતી વખતે ખોટી મુરાદો તમારા મનમાં હોય, તો તમે પણ શિકારી જેવા અવિવેકી નહિ ?

દયાળુના દર્શનથી હિંસામાં સફળતાની ઇચ્છા રાખતો શિકારી અવિવેકી છે, તો અપરિગ્રહીના પગલાથી મોટા પરિગ્રહી બનવાની ઇચ્છા રાખનાર કેવો? ઘરવાસને સઘળા પાપનું સ્થાન માની, અને સંસારની લીલીવાડીને બાળી નાંખી મોક્ષ તરફ જવા નીકળેલા સાધુના પગલાથી ઘર સારું રહે, છોકરા સંસાર લીલોછમ રહે, છોકરા-છૈયાનો પરિવાર કલ્લોલ કરતો રહે, તેવું ઇચ્છનારને કેવો માનવો?

પેલો શિકારી તો આનંદથી જંગલમાં જાય છે. ત્યાં જોયું, તો એક વૃક્ષ પર એક મોટુ પંખી બેઠું છે. બસ એને મનમાં થયું, કે આ સાધુ કદી ખોટુ બોલે નહિ, ને તેથી જ મારું કામ હમણાં જ સફળ થઇ જશે. બધી તૈયારી કરી, ધનુષ્ય - બાણ વગેરે તૈયાર કરી નિશાન તાકયું. પણ એટલામાં પક્ષીને ખબર પડી ગઇ, ઉડી ગયું. શિકારીએ બાણ તો છોડયું.. પણ નિષ્ફળ ગયું. બાણ પણ ગયું, ને શિકારે ન મળ્યો. બોલો....હવે એના હૃદયમાં શુ વિચારો આવે ?

તમારી દુકાનમાં પગલા તો કર્યા-વાસક્ષેપ પણ તમે નંખાવ્યો. પણ તે પછી પ્રાયઃઅઠવાડીયામાં જ દુકાનમાં મોટી ખોટ જાય. તો તે વખતે શું વિચાર આવે અમારા પ્રત્યે ? સભા-આ સાધુ પોતે તો અપરિગ્રહી છે, સાથે સાથે અમને પણ અપરિગ્રહી બનાવતા જાય છે.

તો તમે પણ શિકારીના જેવી વિચારધારામાં જ ગણાવને ?

સભા -સાહેબ ! તમે આમ અમને શિકારી સાથે સરખાવી અમારી પોલ ખોલો છો, તેમાં કથા સાંભળવાની મજા મરી જાય છે,

તે હું કથાકાર થોડો છું? કથાકારનું કામ છે કથા સંભળાવી મનોરંજન કરવાનું. પ્રસાદ આપવાનો ને દક્ષિણા લેવાની. કથા શ્રવણ કરનાર કેટલું પામ્યો? પોતાના જીવનમાં કેટલા દોષો ઘટાડશે? એ બધું તેને જોવાનું હોતુ નથી.

ઘણીવાર તો કથા શ્રવણ પણ સ્ટેટ્સ સીમ્બોલ બની જાય છે. કોઇ મોટો કથાકાર આવ્યો હોય, તો કથા સાંભળનારાઓની ભીડ લાગતી હોય છે. એમાં ઘણીવાર તો બીજા આગળ વટ મારવાનો ભાવ હોય છે કે "અમે તો ફલાણા કથાકારની કથામાં જઇ આવ્યા." આમ કહી બીજા ન આવનારને તિરસ્કારથી ટોણો પણ મારી શકાય કે, અમે આવડી વ્યસ્તતા વચ્ચે પણ કથા સાંભળવા જઇએ છીએ, ને તમે વળી કેવા મોટા કે કથા સાંભળવા ય નથી આવતા? અથવા પોતાને કોઇ એવો ટોણો ન મારે કે "આટલા બધા કથા સાંભળવા આવે છે ને તમે કેમ નહીં?" એ માટે પણ કથામાં જવું જરૂરી હોય છે. ઘણા તો પોતાની ધાર્મિક હોવાની જાહેરાત માટે અને પોતાના ધંધાની જાહેરાત માટે પણ ઘરે કથા બેસાડતા હોય છે, જે હોય તે... પણ તેમાં તમારે માત્ર સાંભળવાનું છે, કિનારે રહી દરીયાના મોજા જોવાના છે, ભીના થવાનું નથી. ટી.વી. માં રામાયણ-મહાભારત જોઇ કેટલાના જીવન સુધર્યા? કેટલાના ઘરમાં ચાલતા રામાયણ -મહાભારત બંધ થયા? સંસારના પાપવ્યાપારના રસભર્યા ભોજન કર્યા પછી આ કથા શ્રવણ મુખવાસ છે. જરા મનને ચેંજ મળે, મનોરંજન મળે, આત્માને તસલ્લી થાય, બાકી શ્રોતાના સાથે સાંભળવાની-સમજવાની કે તે મુજબ જીવન જીવવાના સંકલ્પ કરવાની કોઇ જવાબદારી નથી, શ્રોતા ઉંઘ લે, તો પણ ચાલે, કથાકારનું કામ કથા સંભળાવી ફરજમુક્ત બનવાનું. ઉંઘતા શ્રોતાને જગાડવાનું કામ એનું નહીં.

વાત આ છે. અમે આવા કથાકાર નથી. ઉપદેશકાર છીએ. પ્રભુની આજ્ઞામુજબ તમને મોક્ષમાર્ગનો ઉપદેશ આપવાનો છે, આ ઉપદેશ અમારે જવાબદારી પૂર્વક આપવાનો છે. અને તમારે જવાબદારીપૂર્વક સાંભળવાનો છે. આ મનોરંજન માટે નથી, મનમાંજન માટે છે. તમને ઉંઘાડવા માટે નથી, જગાડવા માટે છે, ઉપદેશથી તમને ટચ કરી જગાડવાના છે ટીચ કરી જૈન તરીકે તૈયાર કરવાના છે. તમે સાંભળો, સમજો અને સુધરો, એ અમારું લક્ષ્ય છે. તમારો મોહતાવ ઉતારવાની કડવી સુદર્શન ઘનવટીની ગોળી આ ઉપદેશ છે. પણ બાળક જેમ ગોળી સીધી ગળે નહીં, તેમ તેમને સીધો ઉપદેશ ફાવે નહીં, તેથી દષ્ટાંતો, કથાઓનાં મીઠા પેંડાની વચ્ચે આ ગોળી તમને આપીએ છીએ, જો કે તમે હોંશિયાર છો. દષ્ટાંતોના પેંડાને બરાબર આરોગો છો, ને વચ્ચે રહેલી ગોળીને ઠળીયો કહીને ફેંકી દો છો. પણ એમ ન ચાલે. આ કથાઓ પણ તમારે ચિત્રદર્શનની જેમ નહીં, પણ દર્પણદર્શનની જેમ સાંભળવાની છે. ચિત્રદર્શનમાં દર્શકને ચિત્ર સાથે કોઇ લેવા-દેવા નથી, "સારુંછે" એમ વખાણ કરીને કે "આ ભૂલ છે" એમ ભૂલ બતાવીને છટકી જવાનું છે. જ્યારે

દર્પણમાં તો જાતને ઊભી રાખવાની છે. જે સારું નરસું છે, તે જાત સાથે સંબંધિત કરવાનું છે. કથાના ચરિત્રો-પ્રસંગો ભૂતકાલીન બીનારૂપે લેવાના નથી, પણ આ જીવનસાથે જોડી જીવંત સમજવાના છે. તેથી શિકારી સાથે જાતને સરખાવી વિવેકદષ્ટિને વિકસિત કરવાની છે. એમાં કથાની મજા મરી જવાનો અફસોસ ન કરો... અસ્તું...

ઘણીવાર આવા પ્રસંગો બને છે. દેરાસરની ધજાનો લાભ લીધા પછી, કો'ક એવો પ્રસંગ બને, ત્યારે પણ એવી શંકા ઉઠતી હોય છે. અને **"ધર્મીને ઘેર ધાડ"** શબ્દ પ્રયોગો પણ થતાં હોય છે. આ વિચારધારા કેટલી વ્યાજબી છે? શુભાશયથી કરેલો ધર્મ પરિણામે હિતકારી જ હોય છે. ભગવાન મહાવીર સ્વામીએ દીક્ષા લીધી અને ઉપસર્ગો શરુ થયા, તેથી દીક્ષાની વગોગણી કરાતી નથી. હકીકતમાં તો જયારે શુભ કાર્ય શરુ કરીએ છીએ, ત્યારે આપણા સત્ત્વની ચકાસણી થાય છે, અને "શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ" ન્યાયથી સારા કાર્યમાં સો વિઘન આવતા હોય છે. એ વિઘનો જ આપણું કાર્ય સારું અને સાચું છે, તેમ સૂચવે છે.

પેલા શિકારીને થાય છે, જૈન સાધુઓ કદાપિ પણ જુઠુ બોલે નહિ.... તેથી મારું કામ જરૂર સફળ તો થશે જ. પંખી તો ઉડી ગયું. તે કયાં ગયું? તેની શિકારીને ખબર નથી- પણ જે દિશામાં બાણ ગયું છે, તે દિશામાં તે આગળ ગયો ...આગળ આગળ જતા એક નદી આવી. નદી પાસે ભેખડમાં તીર ઘુસી ગયું હતું -તેણે જોયું તીર અંદર જવાથી ભેખડ થોડી તૂટી ગઇ હતી. એણે નજીક જઇને જોયું તો કાંઇક ચમકતું જોયું તેમાંથી સોનાનો ચરૂ મળ્યો એક પંખીની હત્યાથી કદાચ એના એક દિવસનું કામ થાત, પણ આ સોનાના ચરૂએ એની જિંદગીનું દળદર ફેડીનાંખ્યુ. બોલો મંગલની કેવી તાકાત? હવે એને શિકારની પણ જરૂર નહિ સ્વ-પરને જે હિતકારક બને તે જ મંગલ છે.

જીવદયા પ્રેમી શ્રાવિકાના દર્શનથી શિકારીના ઇષ્ટની વગર હિંસાએ સિદ્ધિથઇ.જે-જે ગુણોથી સંઘની વ્યકિત છલકાતી હોય, તે-તે વ્યકિતના દર્શનથી તે-તે ગુણસંબંધી લાભ સહજ થઇ જાય. અને તે અપેક્ષાએ સંઘની એ વ્યકિત મંગલભૂત બને . હવે જાતને તપાસો. સંઘમાં ગણાતા આપણને જોવાથી કોનું કામ કેવી રીતે સિદ્ધ થશે ? તે તમે વિચારી શકશો ?

જીવનને મંગલમય બનાવવા પુરુષાર્થની જરૂર છે. તમે પણ પુરુષાર્થ તો જરૂર કરો છો. તમારા પુરુષાર્થને જોતા અમને લાગે છે કે અમે પ્રમાદી છીએ. પણ એ બધોય પુરુષાર્થ અવળો છે-જો પુરુષાર્થ પરમાર્થમય બને તો જ જીવન મંગલસ્વરૂપ બને... પુરુષાર્થ સાથે પરમાર્થ હોય તો જ મંગલ થાય, કોઇ પણ પ્રાપ્તિ-શકિત-સંપતિ સાથે પરમાર્થ જોડાય, ત્યારે તે અમૃતકુંભ બને છે, અને સ્વાર્થ-નવો સ્વાર્થ ભળે છે ત્યારે તે વિષકુંભ બને છે. સુખ વિખેરતા આવડે, તો

નંદનવન છે, અને દુઃખ વિખેરવા માંડો તો ભયંકર વન છે.

રમેશે મહેશને પૂછયું, આ કાર તારી છે? મહેશે કહ્યું–સાવ મારી છે, એમ ન કહેવાય. રમેશે આ ઉખાણા જેવા જવાબથી મુંઝાઇને પુછયું –એટલે? મહેશે કહ્યું–જયારે કોલેજ જવાનું હોય, ત્યારે પુત્રની, જયારે સીનેમા જોવા જેવું હોય ત્યારે પુત્રીની, જયારે શોપીંગ માટે જવાનું હોય, ત્યારે પત્નીની અને જયારે ટાંકીમાં પેટ્રોલ ખુટી ગયું હોય, ત્યારે મારી હોય છે.

તમારું જીવન જોતાં મહેશની વાત તમારા માટે હોય, તેવી જ લાગે છે. તમારું જીવન કોના કોના માટે છે? પુત્રમાટે, પત્નીમાટે, સમાજમાટે. અરે નોકરોને સાચવવા–પગાર આપવા તમે નોકર કરતાં પણ વધુ ઠસરડાં કરતાં દેખાવ છો ત્યારે લાગે છે કે તમે નોકરના પણ નોકર છો. આમ તમે તમારા આત્માને છોડી બધા જ માટે જીવન ઘસી નાંખો છો, તેથી તમે પરમાર્થી ખરા! પણ આશય તમારો સાફ નથી, સ્વાર્થી છે. મમતા ભરેલો છે. માટે મંગલભૂત નથી.

જે વખતે જગડુશાહ, પેથડશાહ થઇ ગયા, તે વખતે બીજા પણ ઘણાય લાખોપતિ કરોડોપતિ હતા, છતાં તેઓનું નામ કાળપ્રવાહમાં વહી ગયું, કોઇએ નોંધ્યું નથી. કારણ? જેઓ છોડે છે, જેઓએ પોતાનું સુખ વિખેર્યું અને બીજાના દુઃખને પોતાનું કર્યું તેઓની જ કિંમત છે.

આમ જૈન દર્શન ગુણપ્રધાન હોવા છતાં જો વ્યકિતગત વિશેષતા –મહાનતા કે ઉપકારની વાત કરીએ તો... આજે આપણે જે કંઇ સભ્યતા સંસ્કારિતા પામ્યા છીએ. તેમાં ઉપકાર આદિનાથ ભગવાનનો છે. તમને લખતા, ગણતા કે ભણતા આ ઋષભદેવ ભગવાનનો ઉપકાર યાદ આવે? ૧૮ કોડાકોડી સાગરોપમ પછી ધર્મની સ્થાપના કરનાર પહેલા તીર્થકર ઋષભદેવનો આપણા પર કેટલો ઉપકાર? કોઇને દાઢી–મૂછ કેમ કરવા?રસોઇ કેમ બનાવવી?ઘડા કેમ બનાવવા? આદિ કશી ખબર ન હતી, તે વખતે ઋષભદેવે બધાને આ શીખવાડયું.

તીગ તીગ આરગ સાગરુંરે,કોડાકોડી અઢાર, યુગલાધર્મ નિવારિયોરે. ધર્મપ્રવર્તનહાર.. રે ભવિયા.. ઉત્સપિર્ણીના છેલ્લા ત્રણ આરા અને આ અવસ–પિર્ણીના પ્રથમ ત્રણ આરાના કુલ અઢાર કોડાકોડી સાગરોપમનો કાળ માત્ર સુખમય યુગલિકકાળ હતો. તે વખતે મોક્ષદાયક ધર્મ ન હતો. ત્રીજા આરાના અંતભાગમાં થયેલા ઋષભદેવે મોક્ષદાયક ધર્મની સ્થાપના કરી. તેઓએ જ પ્રથમ રાજા બની રાજયવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, કુટુંબવ્યવસ્થા, કૃષિ, પશુપાલન તથા વ્યાપારવ્યવસ્થા, કળાશિક્ષણ વગેરે વ્યવસ્થાઓ સ્થાપી. પાંચ મુખ્ય શિલ્પ, સો પ્રકારના કર્મ, ૬૪ અને ૭૨ કળાઓ, ગણિત, લેખન–લિપી વગેરેના આદિ પ્રણેતા તેઓ હતા. સભ્ય સમાજમાં રહેલા આપણે ખાવું–પીવું–ઓઢવું–પહેરવું–રહેવું, લખવું, ગણવું, શરીર સુશોભન કરવું... વગેરે જે કાંઇ કરીએ છીએ, તે બધાના પ્રથમ જ્ઞાનદાતા

ઋષભદેવ ભગવાન હતા. બોલો! એમનાં એ-એ ઉપકારને યાદ કરી, દિવસમાં કેટલીવાર તેમનો આભાર વ્યકત કરીએ તો આપણે ખરા કૃતજ્ઞ બની શકીએ ?

આ અવસર્પિણીમાં ઉત્કૃષ્ટ ૪૦૦ દિવસનો ઉપવાસતપ કરી વર્તમાનમાં પણ આપણને વર્ષિતપ માટે આદર્શ બનેલા એ આદિ તીર્થપતિ કેવા મહાન ઉપકારી? બાકીના મહાવિદેહ સહિતના તમામ ક્ષેત્રોમાં આપણા ભરતક્ષેત્રને મુગટમણિ સમાન બનાવતો ગિરિરાજ શત્રુંજય શાશ્વત છે, સ્પર્શમાત્રથી ભવ્યત્વની મહોર મારનારો છે, અલ્પ આયાસમાં મહાફળ દેનારો છે ઇત્યાદિ ઓળખાણ મળવા બદલ આપણે કોનો આભાર માનીશું? ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦મ ૯૯(પૂર્વ નવાણૂં) વખત આ ગિરિરાજને પાવન કરી આ ગિરિરાજને પ્રભાવ અને સ્વભાવથી એવો ચાર્જ કર્યો છે, કે બીજે બધે મહેનતથી મોક્ષ મળે, અહીં સહજ મળી જાય. શત્રુંજયની સ્પર્શ કરનારને ભવિષ્યમાં મોક્ષ નિશ્ચિત. ઋષભદેવની અસંખ્યા પાટ પરંપરાએ આવેલા આચાર્યો નિશ્ચિત મોક્ષગામી બન્યા અને ગૌતમસ્વામી પાસે દીક્ષા લેનારા બધા મોક્ષે ગયાં. એટલું જ નહીં આ ત્રણેયનો પ્રભાવ એવોકે બીજે બધે કે બીજા બધા પાસે કષ્ટ-પીડા-પરિશ્રમથી મોક્ષ મળે, આ ત્રણેય સહજ-વગર વિશેષ કષ્ટ-પીડા ભોગવ્યે મોક્ષ આપાવનારા છે. માટે તો કહ્યું છે. "શત્રુંજય સમો તીરથ નહીં, ઋષભ સમો નહીં દેવ : ગૌતમ સરિખા ગુરુ નહીં, વળી વળી વંદુ તેહ".

દાદા ઋષભદેવના આવા તો અગણિત ઉપકારો છે. તીર્થંકરપદ સુધી પહોંચાડી શકે તેવા સુપાત્રદાનનો મહિમા પણ ઋષભદેવને પામી શ્રેયાંસકુમાર દ્વારા પ્રગટ થયો. એક હજાર વર્ષ સુધી કઠોર સાધના કરી, એટલા વર્ષોમાં કુલ ૨૪ કલાકથી વધુ નિદ્રા પણ ન કરીને મેળવેલું કેવલ્યરત્ન માતા મરુદેવીના ચરણે ધરી, માને આ અવસર્પિણીકાળમાં પ્રથમ મોક્ષે જનારા તરીકેનું બિરુદ અપાવી ઋષભદેવે અદ્ભુત માતૃભક્તિનો પાઠ શીખવાડ્યો છે.

વળી શાંતીનાથ ભગવાનનું જીવન તો કેવું હતું ? એ જ ભવમાં ચક્રવર્તી-તીર્થંકર બન્યા. દરેક ચક્રવર્તી જ્યારે ચક્રવર્તી બને, ત્યારે કેટલાં યુદ્ધો કરે, લોહીની નદીઓ વહાવે, ત્યારે છ ખંડ સાધી ચક્રવર્તી બને. પણ આ શાંતિનાથ પ્રભુ ચક્રવર્તી બન્યા ત્યારે યુદ્ધો પણ નથી કર્યા ને લોહીની નદીઓ પણ નથી વહાવી. આવા પ્રભાવશાળી-પુણ્યશાળી શાંતિનાથ ભગવાન છે.

તાજેતરની જ એક હકીકત, એક સ્થાનકવાસીમતના અનુયાયી ભાઇ નવા સંબંધી થયેલા મૂર્તિપૂજકભાઇ સાથે એક તીર્થની યાત્રાએ ગયા. ત્યાં રહેલી અમી ભરેલી અનુપમ જિનપ્રતિમાને વિસ્ફારિત નેત્રે વિસ્મયપૂર્વક જોયાં જ કરી. સ્તબ્ધ થઇ ગયા. બહાર નીકળ્યા, બાદ સંબંધીને કહ્યું -જિંદગીમાં પ્રથમવાર મેં જિનપ્રતિમાના દર્શન કર્યાં. આપણા ભગવાનની પ્રતિમા આવી અદ્ભુત હોય, આવી વીતરાગતા,

કરુણા, મધ્યસ્થટા અને પ્રસન્નતાથી તાજગીસભર હોય છે. એવો ખરેખર ! આજે સાક્ષાત્ અનુભવ થયો. હું તિરુપતી બાલાજી, શિરડી, વગેરે ઘણા સ્થળે ગયો છું. પણ આ અનુભૂતિ કયાંય થઇ નથી. ખરેખર, દેરાસર જવામાં પાપ માનીને હું આટલા વર્ષો સુધી છેતરાયો. એ પછી તો એ ભાઇ પ્રભુભક્તિ,, પ્રભુધ્યાનમાં એટલા બધા ઉડા ઉતરી ગયાં અને આગળ વધી ગયા કે એમને થયેલા જાતજાતના વિશિષ્ટ અનુભવો સાક્ષાત્કારો સાંભળવા એ પણ લહાવો ગણાવા માંડયો.

આ સામે શૈશવથી જ ભગવાનને જોનારા-પૂજનારા આપણી હાલત? વીતરાગસ્તોત્રમાં તો કહ્યું છે કે ભગવાનના જગતમાં અદ્‌ભુત-અકલ્પ્ય ગણાતા ગુણોની વાત છોડો, ભગવાનની મુદ્રા પણ એટલી બધી અદ્‌ભુત છે કે એ પણ આ જગતમાં પ્રભુ સિવાય બીજે કયાંય જોવા મળે એમ નથી. (અને એ જોયા પછી બીજું જોવાનું ગમે નહી..)

આ પ્રભુ જેને ગમી જાય હૈયા વસી જાય, તેને પછી દુનિયાના રાજા-મહારાજાની પણ સેવા કરવી ગમે નહી. તુજ (-જિન) મુખ જોવાની રટ્ લાગી (તીવ્ર ઝંખના-જીદ) લાગી તેહને, ન ગમે ઘર ને ધંધો રે... આળપંપાળ સવિ અળગી મુકી, તુજ શું(-જિન શું) માંડયો પ્રતિબંધો તીવ્ર લાગણી (મમતાનો ભાવ રે...) કવિના આ પોકારો ખોખલા શબ્દો નથી. પણ અંતરમનની આરજુ છે અને ખરેખર દુનિયાની સેવા કરતાં દેવાધિદેવની સેવામાં જ લાભ ગૌરવ-હિત છે. અહીં એક દષ્ટાંત વાંચેલું યાદ આવે છે.

એક રાજાના એક મંત્રીએ થોડા વર્ષોની રાજાની નોકરી કરી. પણ પછી મંત્રીપદેથી રાજીનામું આપ્યું. રાજા પૂછે છે.-તું આ નોકરી છોડી હવે કોની નોકરી કરીશ? ત્યારે મંત્રી કહે છે "ભગવાનની. આં સાંભળી રાજાને નવાઇ લાગી અને પૂછ્યું - અરે આ ભગવાનની નોકરીથી તને શું મળશે ? હું તો તને પગાર પણ આપું છું. પણ ભગવાન શું આપશે? એની નોકરીથી તને શું ફાયદો? મંત્રી કહે છે કે રાજન્- આ ભગવાનની નોકરીમાં મને પાંચ મોટા ફાયદા છે (૧) જ્યારે તમારી નોકરીમાં તમે સિંહાસન આદિ પર બેઠા હો ત્યારે મારે તમારી ઉભા રહીને સેવા કરવી પડે. પગ પણ દુઃખી જાય - જ્યારે મારો ભગવાન કહે છે બેટા-તારે ઉભા રહેવાની જરૂર નથી. તું બેઠા બેઠા, ધ્યાન-જાપ આદિ કર (૨) વળી રાજન્ ! તમે જ્યારે સૂઇ જાવ, ત્યારે મારે જાગવું પડે. જો જરાક પણ ઉંઘ આવે તો તમે મોટી સજા કરો. ત્યારે મારા પ્રભુ તો કહે છે, બેટા તું સૂઇ જા - હું સદાય જાગૃત રહીશ. (૩) દુશ્મનનું આક્રમણ થાય છે,ત્યારે રાજન્ તમે મને આગળ ધકેલો છો. દુશ્મનનો માર તમારા વતી મારે ખાવો પડે. જ્યારે મારા પ્રભુના તો કોઇ દુશ્મન જ નથી. તેથી માર ખાવાનો સવાલ જ નથી. વળી પ્રભુ તો કહે છે, કે તારા શત્રુને પણ હું સંભાળી લઇશ, તારે ડરવાની જરૂર નથી. (૪) રાજન્ ! આપ ભોજન કરો, ત્યારે

મારે તો ભૂખ્યા જ રહેવું પડે છે. મારા ભગવાન તો કહે છે, મારે કાંઇ નથી ખાવું. તું ખા... ભગવાનનો ભક્ત ભૂખ્યો કદી પણ સૂતો નથી. (૫) વળી રાજન્ ! મારી કદી ભૂલ થઇ જાય, તો તમે મારી વફાદારી-સેવાને ભૂલી જઇ મારા કુટુંબ સહિત નાશ કરી નાંખો. પરંતુ કરૂણાના કરનારા મારા પ્રભુ મારી બધી ભૂલને જાણવા છતાં માફ કરી દે છે. બોલો કોની સેવા કરવી? જગતની કે જગતપતિની?

પેટ ખાતર શેઠની વેઠ કરનારાની લાચારી જુઓ અને પ્રભુભક્તિમાં મસ્ત ભક્તની ખુમારી જૂઓ. પ્રભુ ભક્ત કુમારપાળ રાજા કહે છે કે રાજાના નોકર શું. રાજાનો રાજા થવાનું છોડી હું પ્રભુનો દાસ બનવા આતુર છું. કારણ? કારણ, જેઓ પ્રભુના દાસ, તેઓ જગતનાથ, બધી આંતર-બાહ્ય ઋદ્ધિ-સિદ્ધિ, સમૃદ્ધિ એની પાસ.

આની સામે દુનિયાના શેઠના નોકરને શું મળવાનું ? બિચારો શેઠ જ જ્યાં ગરીબડો રાંકડો, ગુલામ, ભિખારી હોય, ત્યાં એના નોકરની હાલત કેવી?

એક મસ્ત ફકીર હતા. બાદશાહ પણ તેના આશક હતા.એકવાર ગામનાં લોકો ફકીરને કહ્યું તમે બાદશાહના માનીતા છો તો બાદશાહને અરજ ગુજારો કે અમારે મસ્જીદ કરવી છે. તેમાં આર્થિક સહયોગ આપે. ફકીરને મસ્જીદ માટે બાદશાહની દાઠીમાં હાથ ઘાલવાની વાત પસંદ પડી નહિ. પણ ગામ લોકોના અત્યંત આગ્રહને વશ થઇ એક વહેલી સવારે બાદશાહને મળવા મહેલમાં ગયા, બાદશાહના ગુરુ હોવાથી કોઇએ રોક્યા નહી. બાદશાહ અગાશીમાં આકાશતરફ મીટ માંડી ખુદાને પ્રાર્થના કરી રહ્યાં હોય, તેવું લાગવાથી ફકીર દાદરા પાસે જ થોભી ગયા. પૂજા, પ્રાર્થના કે બંદગીમાં પરોવાયેલાને અંતરાય ન થાય તેવી કાળજી લે. તે ખરો સજ્જન છે.તેથી ફકીર બહાર ઊભા રહ્યાં. ફકીરના કાને શબ્દો પડ્યા. "હે પરવર દિગાર ! આપ રહેમનજર આ બંદા પર કરો.. રાજ્યવિસ્તાર વધારી દો.. ધનભંડાર છલકાવી દો, જનાનખાનામાં બેગમો ઘણી કરી આપો. વગેરે.."

ફકીર તો આ સાંભળી ભાગ્યો. ફટાફટ પગથીયા ઉતરી ગયો. બાદશાહની નજર ત્યાં ગઇ. કાનેથી કોકના ઉતરવાનો અવાજ સાંભળ્યો. ખુદા સાથેની લાઇન કટ થઇ ગઇ. ચાકરને હુકમ કર્યો. જે અહીંથી ગયું, તેને પકડીને હાજર કરો. ચાકર ફકીરને લઇને આવ્યો. બાદશાહ ફકીરને જોઇ નવાઇ પામ્યા. પૂછ્યું. -આપ આટલી વહેલી સવારે આ મહેલને પાવન કરવા કેમ પધાર્યા ? અને અચાનક મને દર્શન દીધા વિના જ કેમ રવાના થયા ? ફકીરે કહ્યું - ગામના લોકોના અતિ આગ્રહથી હું મસ્જીદ માટે આપ પાસે ધન સહાય માટે આવ્યો હતો. દોલત જેવી હલકી ચીજ માટે ફકીર બાદશાહ પાસે હાથ લંબાવે, એ ફકીરી માટે કલંકરૂપ ગણાય. તેથી એ કામ લોકો ન જૂએ તે રીતે કરવા માટે તમારી પાસે વહેલી સવારે આવવા નીકળેલો. તમને પણ ખુદાના કામ માટે દાન દેવા દ્વારા દિવસની શુભ શરૂઆતનો લાભ મળે એ પણ ધારણા હતી.

બાદશાહ ક્યારેય કશુંય નહી માંગનારા ફકીર મસ્જિદ માટે દાન માટે આવ્યા છે, તે જાણી રાજીના રેડ થઇ ગયા. બાદશાહે કહ્યું –આપે આ ઉમદા કામ માટે મને યાદ કરી મારા પર મહેરબાની કરી. હું પૂરી રકમ આપવા તૈયાર છું. પણ તો પછી તમે મને મળ્યા વિના જ કેમ ચાલ્યા ગયા? ફકીરે કહ્યું. –હું આપને મળવા જ આવ્યો હતો. પણ આપ ખુદા પાસે ઘણું બધું માંગી રહ્યાં હતા. તેથી મને થયું. અરર! હું જેમની આશાએ આવેલો, તે શ્રીમંત નથી પણ ભિખારી છે ! અને ભિખારી પાસે યાચના કરવી ઉચિત ન ગણાય ! એ કરતાં તો ભિખારી જેની પાસે યાચના કરી રહ્યો હોય. તે શ્રીમંત શેઠ ખુદા પાસે જ હાથ લંબાવવાનું ઉચિત લાગ્યું, તેથી રવાના થઇ ગયો.

બાદશાહ સ્તબ્ધ થઇ ગયા. વાત ખોટી નથી. ઘણું હોવા છતાં જેને ઓછું લાગે તે દેખાવમાં ભલે શ્રીમંત હોય, દિલ થી ભિખારી જ છે. એમાં પણ ધનના વિષયમાં જ્યારે ઓછું લાગે છે. ત્યારે તો ભલભલા મહારથીઓ ભિખારીવેડાં કરતાં થઇ જાય છે. દોડતો કરવાની તાકાત ધનભૂખમાં છે મોક્ષે જવા યોગ્ય માણસને નરકે મોકલે છે. ધનેચ્છા, ભલભલા હસમુખોને આ ધનલાલસાએ રડમસ બનાવ્યા છે. સાધુને ડાકૂ, સજ્જનને દુર્જન, સંતને શેતાન, યોગીને ભોગી બનાવવાનું સામર્થ્ય ધનમાં રહેલું છે. જે માણસની આસપાસ નરક જેવા ત્રાસ અનુભવાતો દેખાય, સમજી લેવું તે ધનલોલુપ છે. જેમ અંદરથી ડરેલો બહાર આતંક મચાવે છે. તેમ અંદરથી લોભી બહાર ભ્રષ્ટાચાર ફેલાવે છે.

આ ભોગ, આ મજા, આ ધન, આ સાધન મેળવવા જતાં જે પાપ થશે, જે દુર્ભાવો થશે, જે ખોટા–ખરા સંકલ્પ–વિકલ્પો થશે, ન મળ્યાના દુઃખમાં ડીપ્રેસ થયેલા અને આત્મહત્યાના વિચાર સુધી પહોંચી ગયેલા મનથી જે ભંયકર સંકલ્પ–વિકલ્પો થશે, તો મળી ગયાના અહંથી અક્કડ બની જે અભિમાની વિચાર–વાણી અને વર્તન કરાશે, એ એક એકનો કેટલો હિસાબ ચૂકવવો પડશે? તે આજે જ નહીં, હમણાં જ વિચારી લેવાની જરૂર છે.

સગવડ– એશઆરામ અને અનુકુળતાની ઇચ્છાથી ટેવાયેલા આપણા શરીરથી જરા પણ ધર્મ માટે કષ્ટ–તપ–ત્યાગની વાત સહન થતી નથી.

તો બીજી બાજૂ ધનસંચય–ભોગ અને ઉપભોગ આ ત્રણના તિકડમે પાપવ્યાપાર ધમધોકાર ચાલુ છે. ધર્મ સૂઝતો નથી, પાપ છૂટતું નથી. શી હાલત થશે? એક દ્દષ્ટાંત યાદ આવે છે.

એક મોજમજામાં મસ્ત અને ધન કમાવામાં જ ગુલતાન શ્રીમંત માણસ નદીમાં નૌકા ડૂબી જવાના કારણે ડૂબી મર્યો. એનું શબ તણાતું તણાતું કિનારે આવ્યુ. ત્યાં ફરી રહેલા શિયાળે આ શબ જોયું. ભુખ્યું–તરસ્યું તો થયેલું જ. તેમાં આ ખોરાક મળ્યો. લબલબ થતી જીભે શિયાળ ત્યાં આવ્યું. શબને બચકું

ભરવા જાય છે, ત્યાં તો ત્યાં રહેલા યોગીએ બૂમ પાડી-"રેરે જંબૂક મુંચ મુંચ સહસા નીચસ્ય નિદ્યં વપુઃ" હે હે શિયાળ તરત છોડી દે છોડી દે... નીચપુરુષના એ નિંદ્ય શરીરને...

"શરીર સુંવાળુ હોય, હથેલી કોમળ હોય, તે શ્રીમંતની ઓળખ છે" શિયાળને ય થયું આવું સુંવાળું મજાનું -હૃષ્ટ પુષ્ટ શરીર નિંદ્ય કેવી રીતે ? યોગીરાજે કહ્યું શરીર કેવું છે? તે ન જો, કોનું છે? કેવા ઉપયોગમાં આવ્યું છે? તે જો, આ શરીરમાંથી ગયેલા આત્માએ આ શરીરને જ સાધન બનાવી માનવ તરીકે ન કરવાના કામો કર્યા છે. ન વિચારવાનું વિચાર્યું છે. ન બોલવાનું બોલ્યો છે. એ નીચ હતો માટે એનું શરીર નિંદાપાત્ર છે. માત્ર સ્વાર્થમાં અને ભોગમાં વપરાયેલું શરીર સુવાળું હોય તો પણ પ્રશંસાપાત્ર નહીં, નિંદાપાત્ર છે.

શિયાળે વિચાર્યું, મારે કયાં આખુ શરીર ખાવું છે? હાથના બે કાંડાના ભાગમાં બે-ચાર બચકા લગાવી દઉં.. જે મળશે, તેમાં પેટ ભરાઇ જશે. તેથી શિયાળે યોગિરાજ ને પુછયું- હું બે હાથના બે કાંડાના ભાગમાં બચકું ભરું? યોગિરાજે કહ્યું - એ હાથ ખાઇશ નહીં, તું ભ્રષ્ટ થઇ જશે એ હાથોનો સોનાના કડાથી શોભાવવા આ દુષ્ટ પુરુષો ધનનો માત્ર સંચય જ કરેલો. કયારેય દાન આપ્યું જ નથી. લૂંટવામાં, મારવામાં, ધન ગણવામાં, ભોજન આરોગવામાં, ભોગ ભોગવવામાં અને ભ્રષ્ટાચાર આચરવામાં જ એ હાથો કામમાં આવેલા છે. દાન, સેવા, કે પ્રભુપૂજામાં કયારેય એનો સદ્ઉપયોગ થયો નથી.

શિયાળે ડરીને હાથ છોડી દીધા. કાનપર નજર ગઇ. કાન ખાવાનું મન થયું. ત્યાં યોગિરાજે કહ્યું.-'શ્રુતિપટૌ સારશ્રુતે દ્રોહિણૌ' કાન સારભૂતવચના શ્રવણથી વંચિત છે. એ લોભીએ ધન ભેગું કરવાની લ્હાયમાં અને ઘરાકોને સાચવવાની ચિંતામાં કયારેય સંતવાણી શ્રવણ કરવાની તસ્દી લીધી નથી. "એ તો નવરા-ફૂરસદીયાનું કામ" એમ જ માનતો રહ્યો. સંતવાણી શ્રવણ કરવા જતાં કાં'ક તપ-ત્યાગ કરવા પડશે, દાન આપવું પડશે, એવો ડર સતાવતો હતો. વળી એ કાન મનગમતાં ગીતો સાંભળવામાં જ પરોવાયેલા રાખેલા, તેથી પ્રભુસ્તુતિ-સ્તવન વગેરે સાંભળીને પણ પવિત્ર થયા નથી. ધંધાની વાતો, કોકની નિંદાની વાતો, દુર્જનોના પરાક્રમની વાતો વગેરેજ, અને પોતાની પ્રશંસા સાંભળવા જ ટેવાયેલા હોવાથી કયારેય સજજનોની સ્તુતિ-પ્રશંસા સાંભળવી ગમી નહોતી. સારું સાંભળવાનો ભારોભાર કંટાળો હોવાથી એવા અવસરે ઉંઘ આવી જતી હતી. વળી પોતાને શ્રીમંત-સુખી મોજમજા માણવામાં ભાગ્યશાળી માનતો હોવાથી કોઇની હિતશિક્ષા સાંભળવા પણ તે તૈયાર ન હતો. માટે ગટર-ઉકરડા બનેલા એના ભ્રષ્ટ કાન ખાવાનો વિચાર છોડી દે.

શિયાળની નજર બંને આંખો પર ગઇ. યોગીશ્વર સમજી ગયા. કહ્યું-નયને

સાધુવિલોકનેન રહિતે...એની આંખ તરફ ન જો. એ આંખ સાધુદર્શનથી વંચિત છે. નૃત્ય-નાટક-બીજાઓનો રિબામણ જોવામાં જ લાગેલી અને સ્ત્રીઓના અંગો જોઇ જોઇને વિકારી બનેલી એની આંખો તારા કામની નથી. એ મંદિરમાં પણ ભગવાનને બદલે બીજું-ત્રીજું જોતો હતો. એ આંખે પ્રભુ કે સાધુ જોવાયા નથી. એ આંખે જીવદયા પાળવાની તસ્દી લીધી નથી. એ આંખે બીજાનું સારું જોઇ હર્ષથી પ્રફુલ્લ થવાનું કયારેય રાખ્યું નથી. એ આંખે ધર્મ અભ્યાસ-સદ્વાંચન કદી કર્યું નથી. છતી આંખે આંધળાની આ આંખો હે શિયાળ! તારા માટે અભક્ષ્ય છે. કેમકે એ તારા પેટમાં જશે, તો તું પણ ભ્રષ્ટ થઇ જઇશ.

મુંઝાયેલા શિયાળે પગતરફ નજર ફેરવી. યોગીરાજે કહ્યું-પાદૌ ન તીર્થગતૌ એના બે પગ અનાચારની વિષ્ઠાથી ખરડાયેલા છે. પણ તીર્થયાત્રાથી પવિત્ર થયા નથી. કોઇના કામ માટે કયારેય દોડયા નથી. મંદિર તરફ કયારેય મંડાયા નથી. એ પગો તો હોટલો, નાટકગૃહો, શરાબના પીઠાઓ, વૈશ્યાલયો તરફ જ દોડતા રહ્યા છે. એવા પગોથી પેટ ભરીને તારે મરવું છે!

શિયાળે પેટતરફ દૃષ્ટિ ફેરવી. અને યોગિરાજ બોલ્યા- અન્યાયાર્જિત વિત્તપૂર્ણ મુદરમ્... હે શિયાળ! આનું પેટ અન્યાયથી કમાયેલા ધનથી ભરેલું છે. બીજાને ખવડાવ્યા વિના ખાધુ હોવાથી આ પેટ રાક્ષસનું પેટ છે. કેટલાય જીવોની હિંસાથી બનેલું ખાધેલુ છે, માટે આ કબ્રસ્તાન જેવા પેટમાં ઘણાની ચીસ પડઘો પાડી રહી છે. ન ખાવાયોગ્ય ખાઇને-જેનો નિષેધ છે, તેવું ખાઇને આ પેટ ધર્મવિરોધી બનેલું છે. અને એ બધા આહાર અન્યાય-અનીતિ-લૂંટીને કમાવેલા ધનથી મેળવલો હતો. માટે આ પેટ અન્યાયની ગટર છે. એ તારા કામનું નથી.

યોગિરાજે શિયાળને માત્ર દુર્વિચારો અને સ્વાર્થાંધ બુદ્ધિથી ભરેલું મગજ, "નમ્રતા - વિયુકતં" શિર્ષયોગ્ય ઉપકારી પૂજનોને કદી નહીં નમેલું મસ્તક, સાવ જ લાગણીહીન પથ્થર જેવું હદય અને કઠોર કાળજું ખાવાની પણ ના પાડી.

દયાશૂન્યં હદયં ને માધુર્યાપેતાં જિહ્વાં, વગેરેથી સૂચવ્યું કે હદય દયારહિત, જીભ કટૂતાભરેલી વગેરેથી આ નીચનું બધું જ અધમ છે. જેમ મધુરાધિપતિનું બધું જ મધુર હોય છે. જગતમાત્રનું કલ્યાણ કરવા અવતરેલા અરિહંત પરમાત્માનું સમસ્ત જીવન એટલું બધું પવિત્ર અને પરોપકારમય હોય છે, કે એમના નિર્વાણ પછી પણ એમનું શરીર અત્યંત પૂજય બની જાય છે. એમના અગ્નિસંસાર પછી રાખ લેવા પડાપડી થાય છે. ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ પછી આ પડાપડીમાં લોકોને રાખ ન મળી, તો ત્યાંની ધૂળ-માટી પણ ઉપાડી લીધી. આથી એટલો મોટો ખાડો તૈયાર થયો કે આજે ત્યાં સરોવર છે. અને ભગવાનનું દેરાસર વચ્ચે છે. આ રાખ-માટીઘરે રાખનારને વર્ષો સુધી દુઃખ, દરિદ્ર, રોગ થતાં નથી. અરે એ શરીરના અવયવોનો એટલો બધો પ્રભાવ છે કે સૌધમેન્દ્ર વગેરે ભગવાનના દાઠા

દેવલોકમાં લઇ જાય છે. અને પૂજે છે. બે ઇંદ્રો વચ્ચે સંઘર્ષની પરીસ્થિતી ઉભી થાય ત્યારે આ દાઠાનો અભિષેક કરી એ જળ બને અને ઇંદ્રોપર છાટંવાથી બને શાંત થઇ જાય છે. આમ પવિત્ર વ્યકિતનું શરીર પણ પવિત્ર છે. તેમ સ્વાર્થમગ્ન, ભોગકીટક, ધનલોલૂપ આચારભ્રષ્ટનું બધું જ અધમ છે.

વાત આ છે. ભોગમાં, મોજમા, ધનના લોભમાં અને શરીરના ખોટા મોહમાં પડેલાઓનું શરીર પણ જો આ રીતે નિંદ્ય બને, તો એવા કામો કરી બાંધેલા ચીકણા કર્મોની સજા ભોગવવા દુર્ગતિમાં ફેંકાઇ ગયેલા આત્માની શી હાલત હશે? એક એક કર્મ પઠાણી ઉઘરાણી કરી એ જીવનો કેવો કૂચો કાઢી નાખતું હશે. ?

કહેવાની વાત એ છે કે કર્મસત્તા કશું મફત આપતી નથી, આપણા પુણ્ય બળ પર કરેલી સાધનાના બળપર–કષ્ટ સહન કરવા પર મળે છે, પણ મળ્યા પછી એ બધાને માણવામાં ઋદ્ધિ–રસ–શાતાગારવને પોષવામાં શરીરને સંભાળી રાખવામાં એશ–આરામ કરવામાં, મળેલી અનુકુળતા– સગવડો ભોગવી લેવામાં ફરી કર્મસત્તાનો દંડ માથે પડેછે. દરેકને બીલ ચૂકવવું પડેછે.

માટે આ શરીર પ્રેમ વગેરેને અને એશ–આરામને છોડવા પડશે. શે છૂટશે? એ માટે આલંબન છે ભગવાન મહાવીરસ્વામી –બોલો મંગલં ભગવાન વીરો....

એક સરદારજી ચોથે માળે બારીએ ઉભા હતા. નીચે જોયું, સવારના પ્રકાશમા કશુંક ચળકતુ દેખાયું. લાગ્યું કે ચારઆના છે. કોઇના પડી ગયા હશે. બીજૂં કોઇ લે, તે પહેલા લઇ લેવાની ગણત્રીથી નીચે ઉતર્યો...બીજે માળે આવી જોયું. એ ચળકતી વસ્તુ મોટી લાગી. લાગ્યું કે આઠ આના હશે. આજની ચાનો ખર્ચ નીકળી જશે. એવી કલ્પનાથી ખુશ થતો વધુ નીચે ઉતર્યો.. ૧ માળેથી જોયું. હવે એ રૂા.નો સિક્કો લાગ્યો.. ચા સાથે નાસ્તાના પૈસા મોકલી આપવા બદલ ભગવાનનો આભાર માનતા માનતા તે ઝડપથી નીચે આવ્યો. હવે માત્ર દસેક ડગલા બાકી હતા, હવે એ સિક્કો ચાંદીનો સિક્કો હોય તેમ લાગ્યું. મહીનાના ચા–પાણીની ચિંતા મટી એવા આનંદ સાથે કુદકો લગાવી એના પર ઝાપટ મારી, અને ગુસ્સાથી બબડયો– લોકો પણ કેવા નાલાયક છે! દુધની બોટલના બુચને આરીતે રસ્તાપર નાખી મારા જેવા ને ઉપરથી નીચે ઉતારે છે!

હા! એ ચાર આની, આઠાની, રૂા.કે ચાંદિનો સિક્કો નહી, પણ દૂધની બોટલનું નકામું થઇ ગયેલું બુચ હતું. ચળકાટના કારણે ખોટો ભ્રમ ઉભો કર્યો હતો.

અનુકુળતા–ભોગસુખો–સાધનો આ બૂચ જેવા છે. તેનાથી લલચાઇને આપણે જન્મથી જૈન હોવાથી વ્યવહારથી જોતાં અવિરત સમ્યક્ત્વ નામના ચોથા ગુણસ્થાનકથી ભ્રષ્ટ થઇ મિથ્યાત્વે આવી જઇએ છીએ, જિંદગીભર એની પાછળ પડીએ છીએ, અને અંતે નિરાશ થવાનો વારો ત્યારે આવે છે કે જયારે એવો અનુભવ થાય છે કે આ બધા તો નકામા હતા, વ્યર્થ હતા, બૂચ જેવા ફાલતું હતા.

એ બધા ખાતર જિંદગી ગુમાવી. બધી રીતે ભ્રષ્ટ થયા.

એમાં કરવાનું કર્યું નહીં. શરીરને પુષ્ટ કરવાના નામે કસરતનું કષ્ટ સહેવા તૈયાર થયેલા આપણે ક્રિયાના કષ્ટથી ડરી જઇએ છે. મોજ મજાના નામે પાનપરાગ, હોટલ, ફેશનમાં લાખો રૂપિયા ઉડાવી દેનારા જીવદયા ખાતે કે સાધાર્મિક ભકિત ખાતે પાંચસો રૂા. ખરચવાથી ડરી વ્યાખ્યાનમાં આવતા નથી. સીઝનમાં ઘરાકી દેખાતા બે ટંક પણ ભોજન નહી કરનારા એકાસણા-બેસણા જેવા તપ માટે પણ તૈયાર નથી. ઉઘરાણી અને ઓર્ડર મેળવવા માટે સતત તડકામાં ભટકતા માણસોને પૂજા માટે ગભારામાં જતાં ગરમી-બફારો લાગે છે. દાદાઓની દાદાગીરીથી દુકાન બંધ રાખનારાઓ પર્વારાધનામાટે કે પ્રવચનશ્રવણ માટે દુકાન બંધ કરવાની—રાખવાની વાતોનો વિરોધ કરે છે.

પાનના ગલ્લે ઊભા-ઊભા ટોળ-ટપ્પા-ગપ્પામાં કલાકો ગુમાવનારાઓ બેઠા બેઠા પ્રવચન સાંભળવા પણ તૈયાર નથી. પગ અકડાઇ જવાની ધાસ્તી રહે છે.

મરીચિના ભવમાં ભગવાને શરીરને પંપાળ્યું -સુખ-શાતામાં રાખ્યું. શરીર ખાતર ચારિત્રભ્રષ્ટ થયા, અને પછી વિચારભ્રષ્ટ થયા. આપણે પણ આ ભવ શરીરને પંપાળવામાં પુરો કરી રહ્યા છીએ.

એક રૂા. આપીને એક કલાક ભાડે મળેલી સાઇકલનો પેલો બાર વર્ષનો છોકરો પૂરો કસ કાઢી લે છે, તે વખતે ભૂખ-તરસ, તડકો, ઉંઘ, આરામ કે રમત ને પણ ભૂલી જાયછે, એ સમજે છે, સાયકલ ભાડેથી છે. પાછી આપવાની છે. પછી ફરીથી રૂપીયો મળે કે ૫-૧૦ પૈસા બચાવતા ભેગો થાય, તોજ ફરીથી ભાડેથી સાઇકલ ફેરવવા મળશે. ત્યાં સુધી નહીં મળે.

આપણને અનંતભવોમાં કર્મના માર ખાતા ખાતા, નિગોદ-નરકાદિની પીડા સહન કરતાં કરતાં અકામનિર્જરાથી અને પ્રભુભકિતઆદિ શુભ કાર્યોથી ભેગા થયેલા પુણ્યના ભાડા ચુકવ્યે આ શરીર મળયું. કર્મસત્તાએ અમુક વર્ષના ભાડે આ શરીર આપ્યું છે. અને તે મેળવવા આપણે અનંતભવની કમાણી હોડે મૂકી છે. હવે બાળકની જેમ કસ કાઠવાની અને આરાધના દ્વારા ભાડુ વસૂલ કરવાની તક મળવા છતાં એ તક જતી કરીએ અને શરીરને સાચવ્યે જ રાખીએ, તો આપણે એ બાળકમાંથી ય ગયા. એટલી અક્કલ પણ ચલાવી નહીં.

ભગવાન તો કહે છે કે શેરડીના રસવાળો શેરડીના સાંઠામાંથી જે રીતે રસનું ટીપેટીપું નીચોવી લેછે, એ રીતે શરીર નો કસ કાઢી લેવાનો છે, તપ-સંયમ-સ્વધ્યાય-કાઉસ્સગ્ગ-ક્રિયા અને વૈયાવચ્ચ દ્વારા. ભગવાને મરીચિના ભવમાં શરીર પર પ્રેમના પડી ગયેલા સ્વભાવને બદલવા પ્રભુના ભવમાં સાડા બાર વર્ષની ઘોર સાધના કરી કે જેમાં મુખ્યતયા ઉપવાસ જ ઉપવાસ હોય. તે પણ ચોવીહારા. અને આપણે તો ઉપવાસ કરીએ તો સૂઇ જઇએ-ચંદનના લેપ લગાડીએ, કોકની

પાસે પગ દબાવડાવીએ- જરા પણ અવાજ ગરબડ થાય, તો સહન કરી શકીએ નહીં, બધા શાતા પૂછવા આવે તેવી અપેક્ષા રાખીએ અને અઠ્ઠાઇ જેવી તપસ્યામાં તો કોણ કેટલા રૂા. નો ચાંદલો કરી ગયો? તેની નોંધ પણ રાખીએ છીએ.

ભગવાને તો આમાનું કશું ન કર્યું. બલ્કે ચોવીસે કલાક ઊભા ઊભા કાઉસગ્ગ ધ્યાનો કર્યા. સંગમ જેવાના એક રાતમાં વીસ વીસ મહાઉપસર્ગો સહન કર્યા. કાનમાં ખીલા પણ સહી લીધા. જાણે કે બસ એક જ ધ્યેય આ શરીર પરના રાગને ખતમ કરવો છે. શરીરને એટલું સહન કરવા સક્ષમ બનાવી દઉકે જરા પણ શરીર પર આસકિત રહે જ નહીં. જો આર્યદેશમાં કષ્ટ ન મળે, તો આનાર્યદેશમાં જાઉ. ત્યાં લાકડીના પ્રહારો, પથ્થરોનો માર, છોડાયેલા કુતરાઓના બચકા બધું જ સહી લઉ, દેહાધ્યાસને ઉભી પૂછડીએ ભગાડી દઉ.નહીં તો મારુનામ મહાવીર નહીં.

મરીચિથી પણ વધુ તીવ્ર રીતે શરીરરાગી, અનુકુળતા પ્રેમી, સગવડ શોખીન, કષ્ટભીરુ, એશ-આરામ ચાહક એવા આપણને ભગવાનની જેમ શરીરનો આરીતે કસ કાઢી નાખવો શી રીતે ફાવે?

ભગવાને તો આપણને એક-એક એવા અનુષ્ઠાનો -ક્રિયા કર્મો બતાવ્યા છે, કે જે આપણને લોંખડમાંથી સોનાના બનાવી દેતા પારસમણી જેવા છે. આપણને જીવતા જાગતા સુવર્ણ પુરૂષ બનાવવાની તાકાત આ અનુષ્ઠાનોમાં છે. આપણા દેવ.ગુરૂ પારસમણી છે. દાન, શીલ, તપ, ભાવ ધર્મ પારસમણી છે. દેવદર્શન આપણા મિથ્યાત્વના અંધાપાને દૂર કરી સમ્યગદર્શનની આંખ આપે છે. ગુરુસત્સંગ આપણા અજ્ઞાન-ભ્રાન્તજ્ઞાનના અંધારા ઉલેચી સાચું જ્ઞાન પીરસે છે. ધર્મનો માર્ગ પકડવાથી વૈરાગ્ય-સંવેગ વધે છે. સદાચાર સેવાય છે ને સચ્ચારિત્રચૂડામણિ બનાય છે. દાનધર્મ પરિગ્રહસંજ્ઞાને કાપે છે, શીલ ધર્મ મૈથુનસંજ્ઞાને હટાવે છે. તપધર્મથી આહારસંજ્ઞા કાબુમાં આવે છે અને ભાવધર્મથી ભયસંજ્ઞા દુર થાય છે આમ પારસમણી પ્રાપ્ત થાય છે આ બધા. દાનધનથી, શીલધર્મથી ઇન્દ્રિયો, તપ ધર્મ થી શરીર અને ભાવ ધર્મથી મન પવિત્ર બને છે, સુવર્ણરૂપતાને પામે છે. જિનદર્શન -ગુરુદર્શનથી આપણી આંખ સોનાની બની જાય છે. છ"રી પાલિત તીર્થયાત્રા સંઘમાં જોડાયા કે દેરાસર તરફ એક એક કદમ વધ્યા કે પગ સોનાના બની ગયા... સુપાત્રદાન દેવાથી હાથ અને પૂજા કરવાથી આંગળીઓ સોનાની બની જાય છે.

*આ પારસમણિ સમાન દેવ-ગુરુ-ધર્મ આપણા શરીર-મન-ઇંદ્રિય-ધન-જીવનને* આમ સાક્ષાત્ સુવર્ણપુરુષ બનાવી દે છે. તો આત્માને પારસમણી તુલ્ય બનાવી દે છે. દુનિયાના કેહવાતા પારસમણિ લોખંડને સોનું બનાવી શકયા હશે, પણ પારસમણિ બનાવાની તાકાત ધરાવતા નથી. આપણા આ તત્વો તો આપણને જ પારસમણિ બનાવી દે છે. કેવો મજાનો આ અવસર છે! પણ આપણે પેલા ગરીબ જેવા છીએ.

એ ગરીબે બાર વરસ સુધી સંતની એકચિતે સેવા કરી. ખુશ થયેલા સંતે પારસમણિ આપી કહ્યું- જા બેટા! બજારમાંથી લોખંડ લઇ આવી પારસણિ અડાડજે!

લોખંડ સોનું બની જશે. તારી દરિદ્રતા કાયમ માટે દૂર થઇ જશે. ગરીબ ખુશ થતો ઘરે ગયો. સંતપુરુષ તીર્થયાત્રાએ નીકળી પડયા. અડસઠ તીરથની યાત્રા કરી બે વર્ષે પાછા એ ગામતરફથી નીકળ્યા.

મનમાં થયું. લાવ મારા પેલા ભગતને મળી લઉં. એ તો હવે સોનાના છાપરાવાળા મહેલમાં રહેતો હશે. ગામમાં તપાસ કરી... સામાન્ય મહેલ ગણાય તેવું પણ કોઇ મકાન દેખાયું નહીં. કોકને પૂછયું - મારો પેલો ફલાણા નામનો ભગત કયાં રહે છે? એ ભાઇએ કહ્યું -જૂઓ! એ જ જૂની ઝૂંપડીમાં !

આ સાંભળી "શું પારસમણિ ખોવાઇ ગયો હશે?" એવી આશંકા સાથે સંત એ ઝુપડી તરફ ગયા. ત્યાં રહેલા પેલા ગરીબે સંતને જોયા. આદર-અહોભાવથી ઊભા થઇ સંતને આવકાર્યા. બેસાડયા શુશ્રૂષા કરી. સંતે પૂછયું -મેં આપેલો પારસમણિ કયાં છે? ગરીબે કહ્યું પ્રભો! મારી પાસે જ છે ! સલામત છે! મેં સાચવીને રાખ્યો છે. સંતે અકળાઇને કહ્યું અરે! મે તને એ સાચવવા ન તો આપ્યો. તેં હજી સુધી સોનું કેમ બનાવ્યું નથી? ગરીબે સાચી વાત દિલ ખોલીને કહી દીધી-પહેલા તો પારસમણિ મળ્યાના આનંદમાં અને કેવા કેવા મજાના દિવસો જશે! તેવી કલ્પનામાં રાચવામાં જ ઘણો સમય ગયો. વળી પારસમણિ પાસે જ છે. આજે નહીં તો કાલે સોનું બનાવીશ ! એમ વિચારી પ્રમાદ-આળસમાં દિવસો વીતી ગયા. એમ તો વચ્ચે વચ્ચે હું બજારમાં લોઢું લેવા ગયેલો પણ ખરો! પણ વેપારીઓ લોભી છે.ભાવ ચાર આના વધારે કહેછે. તેથી પાછા આવી જવું પડે છે. બસ ચાર આના ઓછા થાય કે તરત સોનુ બનાવવા માંડીશ !

ગરીબની આ વાત સાંભળીને સંતને કેવી લાગણી થઈ હશે?

બસ તમારી પરિસ્થિતિ પણ આવી જ છે. પૂર્વભવોના ઘણા પરિશ્રમ પછી દેવ-ગુરુ-કૃપાથી પારસમણિતુલ્ય આ દેવ-ગુરુ-દાનાદિધર્મો મળ્યા છે. શરીર-મન-ઇંદ્રિયો લોખંડતુલ્ય છે. પણ તમારો સમય કાં તો વિચારો કરવામાં જાય છે. કાં તો થાય છે, ઉતાવળ શું છે.! હજી ઘણી જિંદગી બાકી છે. એમ વિચારી પ્રમાદમાં પૂરો થાય છે. અમારે તમને કહેવું છેકે ધર્મ તમને માત્ર બીજાઓને બતાવવા કે "હું જૈન છું" અને તે દ્વારા માત્ર મિથ્થા સંતોષ લેવા નથી મળ્યો. પણ શરીરાદિને ધર્મમાં જોડી કમાણી કરી લેવા મળ્યો છે. ત્યારે તમે કહો છો, કયારેક કયારેક ધર્મ કરી લેવાનું મન થાય છે, પણ શું કરીએ તીથીએ તપ કરવામાં એસીડીટી નડે છે, અવસરે દાન દેવામાં મંદી અને પૈસાની તંગી નડે છે. રાત્રિભોજન છોડવામાં દુકાનનો સમય નડે છે.! ચૌદસનું પ્રતિક્રમણ તો કરવું હોય છે, પણ છોકરા સાચવવાના હોય છે! પૂજા કરવાનું મન થાય છે, પણ ધોતીયું પહેરીને જતા શરમ આવે છે.અને ગભારામાં ગરમી ઘણી લાગે છે! આંબેલનું ભાવતું નથી, ઉપવાસમાં ચકકર આવે છે, પ્રવચન સાંભળવાના સમયે દીકરાને સ્કુલે મુકવા જવાનું હોય છે.

છે ને! તમારા "લોખંડ ચાર આના મોઘું છે" એના જેવા બહાનાઓ ! અને ભૂલેચુકે અમે તમારા આ બહાનાઓને ન ગણકારી ધર્મમાટે આગ્રહ રાખીએ, તો તમે અમને સણસણતું સંભળાવો એમ છો કે, સાહેબ! તમારે તો કહેવાનું છે! અમે જવાબદારી લઇને બેઠા છીએ. એમ જવાબદારી છોડીને ધરમ કરવા બેસીએ, તો સંસાર શી રીતે ચાલે ? સમાજમાં શી રીતે રહેવાય ?

● એક માણસ રાજાનાં અપરાધમાં આવ્યો. રાજાએ સજા ફટકારી–કાં તો સો કાંદા ખા અથવા સો ફટકા ખા. એણે કાંદા ખાવાની વાત સ્વીકારી. કાંદા ખાવા માંડયા. ૧૦–૧૨ ખાતા તો મોં બળવા માંડયું. આંખમાંથી અશ્રુધારા વહેવા માંડી. એણે અકળાઇને વિનંતી કરી. "આના કરતાં તો મને ફટકાનો દંડ આપો." રાજાએ વિનંતી માન્ય રાખી. સો ફટકા શરૂ થયા. ૧૦–૧૫ ખાતા તો લોહી વહેવા માંડયું. પીડા અસહ્ય ઊભી થઇ. એણે વિચાર્યું. આના કરતાં તો કાંદા ખાવા સારા. પાછી કાંદા ખાવાની વિનંતી કરી. રાજાએ માન્ય કરી. ફરી કાંદા ૧૦–૧૨ ખાઇને થાક્યો. ફરી ફટકા ખાવા સારા લાગ્યાં. ૧૦–૧૨ ફટકા ખાધા. હવે કાંદા ખાવા સારા લાગે છે આમ ને આમ એણે સેંકડો કાંદા ખાઇ નાખ્યા. સેંકડો ફટકા ખાઇ નાંખ્યા. છતાં સજા તો પૂરી જ ન થઇ. બસ કર્મસત્તાનો માર શાંતિથી ન સહેવામાં આવી પરિસ્થિતી સર્જાય છે. એક દુઃખ પડે છે. હાયવોય થઇ જાય છે. એ દુઃખ દુર કરવાના પ્રયત્ન કરીએ છીએ. એ તો દૂર થાય છે ને બીજું આવીને ઉભું રહે છે. પાછાં એ અસહ્ય લાગતા દુઃખને દૂર કરવાના પળોજણમાં એ દુઃખ જાય છે ને નવું આવીને ઉભુ રહે છે. આમ એકંદરે ભૂલની ખરી સજા કરતાં વધુ ભોગવી લેવા છતાં સજા પૂરી જ થતી નથી. અનંત ભવોથી આ રમત ચાલે છે અને છતાં તમારા બહાના ઓછા નથી થતાં! નવા નવા બહાનાઓ મળ્યે જ જાય છે !

હવે આ હાલત છે ! પૂજા–પ્રતિક્રમણ કરવા છે, પણ શરીરને કષ્ટ આપવું નથી. તપ કરવો છે પણ શરીર ઘસાય તે પાલવે તેમ નથી ! સંયમ–શીલની વાતો ગમે છે,પણ એશ આરામ–મોજમજા માણી લેવા છે. એ છોડવા ગમતા નથી ! શરીર ખાતર ધર્મ છોડવા તૈયાર છીએ ! ધર્મખાતર શરીર પ્રેમને નહીં ! શરીર સાચવવા ધર્મને તરછોડીશું, પણ ધર્મખાતર શરીરને જરા પણ કરચલી પડવા નહીં દઇએ ! કેવી હાલત છે. ધર્મ ગમે છે, પણ શરીર વધુ ગમે છે ! તપ ગમે છે,પણ ભોજન વધુ ગમે છે.! શીલ–સંયમ ગમે છે, પણ મોજ–મજામાં કોઇ બાધા પચ્ચખ્ખાણ નથી ગમતા!

હવે જરૂર છે દેહાધ્યાસની આ તોતીંગ દિવાલને તોડવા માટે બોંબધડાકાની! હવે જરૂર છે આપણા મોજમજાના આકર્ષણની વળગેલી ડૂબાડનારી શીલાને ફોડવા સુરંગની ! હવે જરૂર છે છૂટછાટો – કોઇપણ પ્રકારની નિયમ–બંધનના અભાવરૂપી ખુલ્લા બારી–બારણાઓને ફટાફટ બંધ કરી દે એવા કોઇ રીમોટ કંટ્રોલની !

ક્યો છે એ બોંબધડાકો ? કઇ છે એ સુરંગ ! કયું છે એ રીમોટ કંટ્રોલ ! બસ આ જ છે હૃદયના ધડકન સાથે, નાભીના પોકાર સાથે, રોમેરોમમાંથી ઉદ્ભવતા ધ્વનિસાથે, ગદ્ગદ્ વાણી અને અશ્રુભરી આંખે આત્માના પ્રદેશે પ્રદેશમાંથી ઉઠતો અવાજ મંગલં ભગવાન વીરો પ્રભો ! હે વીર ! હે મહાવીર ! બસ તું જ છે પ્રાણ ! શરણ ! ગતિ! જીવજીવન આધાર ! આ પોકાર છે મોહનાશક બોંબધડાકો, આ પોકાર છે મોજ-મજાની શીલાફોડક સુરંગ, આ પોકાર છે રીમોટ કંટ્રોલ કે જે છૂટછાટોની બારીને કરી દે બંધ ફટાફટ !

## ૨) અંગૂઠે અમૃત વસે

**પ. પૂ. શ્રી અજિતશેખર વિજયજી મ.સા.**

શ્રી ગૌતમસ્વામી કે જે અત્યાર સુધી અભિમાનના પર્વત પર હતા, તે પ્રભુના ચરણે જીવન સમર્પણ કર્યા બાદ વિનયની ટોચે પહોંચી ગયા. વિનયની વાતમાં આદર્શ દૃષ્ટાંતભૂત બની ગયા.

તેમનો પ્રથમ વિનયભાવ તો એ કે પોતે ચાર જ્ઞાનના ધણી અને ચૌદ પૂર્વધર હતા, એનો અર્થ એ થયો કે, ભગવાન જે ઉપદેશ આપતા હતા, એ બધાનું જ્ઞાન તેમને હતું, કેમકે કેવળજ્ઞાની ભલે શ્રુતજ્ઞાની કરતાં વધુ પર્યાયો જાણી શકે, પણ જે કહેવાનું છે, બોલવાનું છે, એ તો મર્યાદિત જ છે. અને એ બધું શ્રુતજ્ઞાનનો વિષય બની શકે છે. તેથી તો ઉપદેશ દેવાની બાબતમાં શ્રુતજ્ઞાની કેવળજ્ઞાનીને સમકક્ષ ગણાયા છે.

આમ ઉપદેશનું બધું જ જાણતા હોવા છતાં, અને વારંવાર સાંભળતા હોવા છતાં શ્રી ગૌતમસ્વામી ભગવાન મહાવીરસ્વામીનો દરેક ઉપદેશ 'વિમ્હિયચિત્તો સુણેઇ સવ્વં' અત્યંત વિસ્મયભાવથી અને પૂરા અહોભાવપૂર્વક જાણે કે પહેલા કદી ન જાણેલું, સાંભળેલું, સાંભળવા મળ્યું હોય, એટલા રોમાંચપૂર્વક સાંભળતા હતા, અને એમ જ સમજતા હતા- ભગવાને આ વાત મારા કલ્યાણમાટે જ કરી છે.

સમ્યકત્વના ૩ લિંગમાં પ્રથમ લિંગ છે જિનવચન શ્રવણની તીવ્ર રુચિ, યુવાન, સુખી, કોઇ ચિંતા કે શારીરિક કોઇ પ્રતિકૂળતા વિનાનો, સંગીતકળાનો જાણકાર અને રસિક માણસ પ્રિયતમ પત્નીની સાથે બેસી જેટલા રસથી ગાંધર્વગીતો સાંભળે, એનાથી પણ વધુ તીવ્ર ભાવે જિનવાણીશ્રવણનો રસ સમ્યક્ત્વનું પ્રથમ લિંગ છે, કેમકે પેલામાં સમય પસાર કરવા - મનોરંજન માટે શ્રવણ છે જ્યારે જિનવાણી શ્રવણમાં એકાંતે કલ્યાણકારી-આત્મહિતનું શ્રવણ છે. ગૌતમસ્વામીમાં આ ગુણ કેવો જ્વલંત હતો!

આચારસંપન્ન, ગીતાર્થ, જિનાજ્ઞાના વફાદાર, જ્ઞાન-ક્રિયા-ભાવના અને ધ્યાનની પરસ્પર સાંકળને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજેલા અને શ્રોતાની ભૂમિકાને

પારખનારા ગુરુભગવંતના પ્રવચન સાંભળવાની તાલાવેલી દરેક શ્રદ્ધાળુને હોવી જોઈએ, કેમ કે એ સમ્યકત્વનું લિંગ છે ધર્મપર શ્રદ્ધા રત્નસમાન છે. એને ઉત્પન્ન કરનારી ખાણ જિનવાણી-શ્રવણ છે. આ શ્રદ્ધારૂપી રત્નને ચમકતી કરનારી સરાણ છે જિનવાણી શ્રવણ... આ શ્રદ્ધારૂપી રત્નને સાચવતી તિજોરી છે, જિનવાણી શ્રવણ.. શ્રદ્ધા, જ્ઞાન અને ક્રિયાના બાગને લીલોછમ રાખે છે. જિનવાણીરૂપી પાણી. જિનવાણી શ્રવણના બળપર શ્રેણિક રાજાની ધર્મશ્રદ્ધા દૃઢ-ક્ષાયિક બની. અને એ શ્રવણ ન મળવાથી નંદમણિયારની શ્રદ્ધા નબળી પડેલી. તેથી જ એક ચિંતકે કહેલું કે લોકો જેને સિલેક્ટ કરે, તે ધારાસભામાં કે લોકસભામાં બેસે, અને ભગવાન જેને સિલેક્ટ કરે, તે પ્રવચન સભામાં બેસે ! આ જિનવાણી શ્રવણનું મહત્ત્વ છે...

હવે એની સાથે આજની પરિસ્થિતિ જુઓ. (૧) મોટા ભાગના જન્મે જૈનો પ્રભુપૂજા અને પ્રવચનથી દૂર ભાગે છે. (૨) જેઓ દર્શન-પૂજા કરે છે, તેમાંથી દસ ટકા જેટલો ભાગ પણ ગુરુસત્સંગ કરે છે કે કેમ? તે પણ વિચારણીય છે. (૩) ગુરુ પાસે જનારામાંથી પણ કેટલો ભાગ જિનવાણી શ્રવણ કરે છે? (૪) શ્રીમંતોમાંથી ઘણો ભાગ અને પોતાને બુદ્ધિશાળી અને કામગરો માનતો વર્ગ જિનવાણી-શ્રવણ નવરાઓ, વૃદ્ધો, વિધવાઓ, મહિલાઓ માટે છે એમ જ માને છે. (૫) બીજો કેટલોક ધર્મ મોડી રાત સુધી જાગતા રહેવાના કારણે ઉઠે જ મોડો... (૬) ઘણાના ઘરમાં ફોન છે. અને ફોનથી ધંધા ચલાવતા હોય છે. તેથી ફોનની અવજવરમાં સવાર પૂરી કરે છે. (૭) કેટલાકને વળી છોકરાઓને તૈયાર કરી સ્કુલે મોકલવાની જવાબદારી છે, તો (૮) સારી ગણાતી સીરિયલો પણ પ્રવચનના સમયે જ આવતી હોવાથી અને એ છોડવી પાલવે તેમ ન હોવાથી ઘણા એમાં રોકાયેલા હોય છે. (૯) ઘણાને દુકાન ખોલવાની હોય છેકે નોકરીએ જવાનું હોય છે. (૧૦) ઘણાને પ્રવચનમાં એકની એક વાત સાંભળવાથી કંટાળો આવે છે. (પછી ભલે રોજ ઘર-દુકાને એકનું એક કામ વરસોથી રસપૂર્વક કરતો હોય અને ટી.વી. માં એક સરખી ક્રિકેટ જેવી રમતને સેંકડો વાર કલાકો સુધી જોયા સાંભળ્યા કરતો હોય કે મનગમતી કેસેટોના ગીતો વારંવાર સાંભળ્યા કરતો હોય.) (૧૧) ઘણા પોતાને પંડિત માનતા હોય છે વિશિષ્ટ આચાર્યાદિના પ્રવચનો સાંભળ્યા હોય કે પ્રેક્ષાધ્યાન કે કર્મગ્રંથના પુસ્તકો વાંચી લીધા હોય, તેવાઓ એમ સમજતા હોય છે કે વ્યાખ્યાનનું લેવલ અમારા લેવલ કરતાં નીચું હોય છે, (એ બધા પણ પ્રાયઃ ટી.વી. સીરિયલો, કોમેન્ટરીઓ, ન્યૂઝ વગેરે કે ગામ ગપાટા જેવું કે જેની નીચાઈનું કોઈ લેવલ જ નથી - એ બધું પૂરા રસપૂર્વક સાંભળતા હોય છે.) તેથી તેઓ પ્રવચનશ્રવણમાં સમય બગાડતો હોવાનું માનતા હોય છે. વળી (૧૨) કેટલાકે પોતાની રોજિંદી પૂજાનો સમય જ એવો ગોઠવ્યો હોય કે એમાં પ્રવચનમાટે જગ્યા ન બચે. અને

એવી ગલત માન્યતાનો શિકાર બન્યા હોય છે કે પ્રવચન ન સંભળાય તો ચાલે, પણ પૂજાના સમયમાં તો ફેરફાર કરી જ ન શકાય. (૧૩) વળી કેટલાકને ટ્રસ્ટીઓ વગેરે સાથે વાંકુ પડ્યું હોય, તેથી તેઓએ મનોમન જ દેરાસર-ઉપાશ્રયને પોતાના માટે પ્રોહિબીટેડ એરિયા – પ્રતિબંધિત સ્થાન બનાવી દીધા હોય.

કેટલી વાત કરવી. આ બધી કલ્પનાઓ – પરિસ્થિતિઓથી બચેલા શ્રવણ માટે આવે, એમાંથી પણ મોટે ભાગના 'જે મોડો આવે, તે મોટો' એવી ભ્રમણામાં હોય છે.

વળી કહેવાય છે કે કુંભકર્ણના મરવાથી નિદ્રાદેવી વિધવા બની. જેમ બીજી કેટલી વિધવાઓ હવે બીજે કશે જવાનું ન હોવાથી બહાર નીકળવાનું દુનિયાની હવા-રુખ અને સમાચારની આપ-લે કરવાનું તથા હવે નિંદામાટે ક્યું પાત્ર શોધવું? એની ભાળ મેળવવાનું એક માત્ર સ્થાન આ જ બચ્યુ હોવાથી પ્રવચનસભામાં આવતી હોય છે, તેમ નિદ્રાદેવી પણ વિધવા બની, તેથી જાય ક્યાં? તો કે પ્રવચનમાં ! તેથી રાતે પૂરી ઉંઘ લીધેલી પણ ઘણી વ્યક્તિઓ પ્રવચનમાં ઝોકા ખાઈ લેતી હોય છે. કેટલીક બેનો નિંદામાંથી અને કેટલાક ભાઈ નિંદ્રામાંથી ઊંચા આવે, તો કાંઈક સાંભળે ને !

તો વળી પ્રવચનસભામાં આવેલાને પ્રવચન કરતાં સામાયિકના લીધેલા નિયમને પૂરો કરવાની ખેવના વધુ હોવાથી પ્રવચન ચાલતું હોય ત્યારે સામાયિક લે અને ચાલુ પ્રવચને સામાયિક પારી, કટાસણું સંકેલી રવાના થઈ જાય, વક્તાને કે બીજા શ્રોતાઓને ડીસ્ટર્બ થાય એની પરવા કરે એ બીજા !

ઘણા વળી માળા ફેરવતા હોય, તો કેટલાક નવ લાખ નવકારના સંકલ્પને પૂરો કરવા વક્તાની સામે મોં રાખી ફફડતા હોઠે નવકાર ગણતા હોય, જાણે કે નવકારને કહેતા હોય, 'નવકાર તું મારો નાથ ! આ સાધુની વાતમાં આવી જતા મને બચાવ !

કેટલાક વળી પોતાના બાળ-બચ્ચાને ઘરેથી લાવી ત્યાં જ રમવા મોકળા કરી દેતા હોય છે, એ બાળકોના કલ-કલમાં મહારાજની વાણી ખલ-ખલ વહી જાય ! આજકાલ પ્રવચનની ભીડમાં પોતાને મોટો બતાવવા વળી કેટલાક મોબાઈલ ફોન નામના રમકડા લઈને આવે ને બરાબર મોકો જોઈ ઘંટડી રણકે !

કેટલાક પ્રવચનમાં પોતાની જાણકારી જતાવવા અને મહારાજની પરીક્ષા કરી લેવા આવતા હોય છે, તેથી ન પૂછવાના પ્રશ્નો પૂછી લેતા હોય છે. તો વળી કેટલાકના કાન ખૂબ જ સરવા હોય છે, સાધુ મહારાજ એકાદ શબ્દ આડો-અવળો બોલતા લાગે કે તરત કૂદી પડે.

એક વૃદ્ધ આગેવાન વ્યાખ્યાનમાં આગળ બેઠેલા. સાધુ મહારાજે તપની પ્રેરણા કરવા કહ્યું. – શરીર રોગોનું ઘર છે. રોગ તમારી શક્તિ ખાઈ જાય, એ પહેલા એ શક્તિથી તપ કરી લો. હજી તો મહારાજ આ વાત પૂરી કરે, એ પહેલા

પેલા ટ્રસ્ટી કૂદી પડ્યા મહારાજ ! તમારે તપની પ્રેરણા કરવી હોય, તો કરો. પણ અમને 'શરીર રોગનું ઘર છે એમ કહીં ડરાવો નહીં ! મહારાજે કહ્યું-ભાઈ ! જ્ઞાની કહે છે કે શરીરના દરેક રોમમાં પોણા બે રોગ બેઠા છે. જેમ 'કેસીયો વાજિંત્ર સ્વરબેંક છે, જે ચાપ દબાવે તે સ્વર પ્રગટે, એમ આ શરીર રોગબેંક છે. જે રોગને અનુકૂળ વાતાવરણ મળે, એ રોગ પ્રગટ થાય. પેલો ટ્રસ્ટી કહે- એ બધી કહેવાની વાત ! મારો અનુભવ છે કે મારી આ સીત્તેર વર્ષની જિંદગીમાં મને કોઈ રોગ થયો નથી, માથુ પણ દુઃખ્યું નથી. તેથી એવી ડરાવવાની વાત ન કરો.

મહારાજે આની આ મોહદશા જોઈ વાત ટાળી દીધી. પ્રવચન પૂરું થયું.. એ ભાઈને પ્રવચનના બીજા કોઈ શબ્દો યાદ ન હોતા (કે જે અંગે તો તેમને કોઈવાંધો નહોતો) પણ મહારાજના એ શબ્દો પર પોતે ફાઇટ આપી મહારાજને ચૂપ કરી દીધા, તે બરાબર યાદ રહી ગયા... તેથી બહાર નીકળીને પણ જે મળે તેની સાથે એ આખા પ્રસંગને રસપૂર્વક વર્ણવતા જાય !

હું તમને પૂછું, અનુભવ સાચો કે ખોટો? ચોક્કસ નવું કોઈ સાહસ કરતાં પહેલા અનુભવીનું માર્ગદર્શન લેવું જોઈએ. પ્રત્યેક નિષ્ફલતા અનુભવનું ભાથું બને, એ વાત પણ સાચી. પણ જો નિષ્ફળતાનો અનુભવ બોધરૂપ બને છે, તો સફળતાનો અનુભવ અભિમાનરૂપ બને છે, ને સાચા બોધનો અવરોધક બને છે.

એક માણસ રોજ સવારે 'લટકાઈ જાને ટ્રેનમાં 'નો ક્રમ સાચવે છે. હવે એને કહીએ- ભાઈ આ લટકાઈને જવામાં જાનનું જોખમ છે. એ સામે કહે - મારો વર્ષોનો અનુભવ છે કે લટકાઈને જવામાં કશો વાંધો આવતો નથી. તો શું કહીશું? ભાઈ તારા અનુભવને રહેવા દે, પડશે ત્યારે એકવાર જ પડીશ ! ત્યાં અનુભવ નહીં બચાવે !

શેરબજારમાં તેજીમાં કમાયાના અનુભવ પર તો બધા આંધળુકિયા કરે છે. ત્યાં કોણ સાંભળવા તૈયાર છે - ભાઈ ! કમાયાનો અનુભવ ભલે હોય, પણ ગુમાવશે ત્યારે એક સાથે ગુમાવીશ !

સફળતાના અનુભવમાં પાછળ પુણ્યનું બળ દેખાતું નથી, એથી માણસને નશો ચડે છે, પછી પુણ્યનું બળ ખુટી જતાં ઉંધા માથે પછડાય છે. વર્ષોથી રોગ ન થવો એ અનુભવ છે. તો 'શરીર રોગોનું ઘર છે એ જ્ઞાનીનું વચન છે. અનુભવ ભૂતકાળ પર આધારિત છે, જ્ઞાનીનું વચન ભૂત-વર્તમાન-ભવિષ્ય ત્રણેય પર આધારિત છે.

પેલા ટ્રસ્ટી મહારાજને ચૂપ કરી દીધાની વાત રસપૂર્વક કરતા કરતા ઘરે ગયા. અને અનુભવથી જુદું થયું. અચાનક જ લકવાનો જોરદાર હુમલો થયો. આટલા વર્ષના જીવવાના અનુભવથી શું માણસ મરે નહિ? આટલા વર્ષ નિરોગી રહ્યા એના અનુભવથી શું રોગ આવે નહીં? એ બિચારા પંદર દિવસ લકવાની પીડા ભોગવી પરલોક ભેગા થઈ ગયા. જે અનુભવ જાગૃત-સાવધાન કરે,તે સાચો..

અસાવધ કરે, તે ખોટો.

વાત એ હતી કે ઘણાને મહારાજની ભૂલ પકડવાનો રસ હોય છે. તો વળી કેટલાક અધુરા ઘડા ઝડપથી છલકાતા હોય છે. મહારાજ કોઈ વાત કે દૃષ્ટાંત કહે, ત્યારે જો ભૂલેચૂકે એ વાત કે દૃષ્ટાંત પોતાને ખબર હોય, તો ચહેરો એકદમ પ્રફુલ્લિત થઈ જાય છે. અને મહારાજ કહે એ પહેલા જ આજુબાજુ વટાણા વેરવા માંડે ને પોતે આ વાત જાણે છે એનું ગૌરવ અનુભવવા માંડે.

તો વળી કેટલાક પ્રવચન પૂરું થયે 'મહારાજ વાત તો ઘણી સારી કરે છે, પણ આજના જમાનામાં એ શું શક્ય છે?' એમ કહી ઠંડુ પાણી રેડી નાંખે!

અને પ્રવચનમાં સાંભળેલી વાત પર પછી થોડો પણ વિચાર કરવાનું તો લગભગ દેખાતું જ નથી, તેથી સ્તો અમારી જૂની વાત પણ તમને નવી જેવી લાગતી હોય છે, અને તમે સુધરતા નથી માટે અમારા પ્રવચનોની ડીમાંડ ઊભી રહે છે ! બધા સુધરી જાવ, પછી કોને સંભળાવવાનું.!

જો આપણને ખરેખર ધર્મ માટે કશું કરવું હોય, તો એક દાન-શીલ-તપ ભાવના ધર્મના ચાર વિભાગવાળું, એમાં દાન વિભાગમાં સાતક્ષેત્ર, અનુકંપા, જીવદયા ઈત્યાદિ પેટા વિભાગ, શીલ વિભાગમાં ટી.વી. રેડિયો વગેરે મનોરંજનના-ઉપભોગના સાધનોમાં મર્યાદા-નિયમન, ૧૪ નિયમ, ધારણા વગેરેના પેટા વિભાગ, તપવિભાગમાં ઉપવાસ, આંબેલ વગેરે તપ, ઉણોદરી, ટંક ધારણા વગેરે બાર કે તેથી વધુ પેટા વિભાગ, ભાવધર્મમાં પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, બાર ભાવનાઓ, ૪ મૈત્ર્યાદિ ભાવનાઓ વગેરે પેટાવિભાગ.. આવુ કોષ્ટક બનાવો. રોજ સવારે આમાંથી શું શું કરીશ ! એનો સંકલ્પ કરો, દિવસભારમાં એ કરવા પ્રયત્નશીલ બનો.. રાત્રે સુતા પહેલા ફરીથી ચેક કરો, શું શું કર્યું? શું શું કરવાનું બાકી રહી ગયું? જો આપણને આમાં કંટાળો આવતો હોય, સમય નથી... ફાવતું નથી.. તો વિચારો, શા માટે ભવ મળ્યો? શામાં જવા દઈએ છીએ.. અહીં શ્રી ગૌતમસ્વામીને યાદ કરો..

ગૌતમસ્વામીને ૫૦ વર્ષે ભગવાન મળ્યા ને બોધ થયો કે મને આ જે કંઈ મળ્યું છે, તે પ્રભુના નામે અને સાધનામાટે મળ્યું છે. અને જુઓ, તેઓ પ્રભુને કેવા સમર્પિત થઈ ગયા! પ્રભુના જીવતા પોતાના જ્ઞાનનો પણ ઉપયોગ કરવાનો નહીં ! માટે પૂર્વે કહ્યું તેમ, હંમેશા ભગવાનને જ પૂછવાનું રાખ્યું. શ્રી ગૌતમસ્વામીએ પ્રભૂને પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નો શ્રી સુધર્માસ્વામીએ ભગવતીસૂત્ર (પાંચમું અંગ આગમ)માં વણી લીધા છે. એમાં ૩૬૦૦૦ વાર શ્રી ગૌતમસ્વામી 'ભદંત' કહી ભગવાનને સંબોધે છે. ને ભગવાન 'હે ગોયમ' કહી શ્રી ગૌતમસ્વામીને બોલાવે છે. શ્રી ગૌતમપદની ભક્તિ માટે અને શ્રુતજ્ઞાનના બહુમાનથી પૂર્વે 'સંગ્રામસિંહ' નામના શ્રાવકે એ સૂત્ર ગુરુમુખે સાંભળતી વખતે દરેક ગૌતમપદ વખતે એક-એક સુવર્ણ-મહોરથી શ્રુતપૂજા કરી હતી.

આ જ સંદર્ભમાં એક રોમાંચક પ્રસંગ નોંધાયો છે.. વાણિજયગ્રામમાં 'આનંદ' નામનો એક ગાથાપતિ રહેતો હતો. અનેક પ્રકારના ધંધામાં વ્યસ્ત હતો. પ્રભુ વીરની વાણી સાંભળી એ પ્રભુનો બારવ્રતધારી અવ્વલ નંબરનો શ્રાવક બન્યો હતો. એમાં એણે જે પરિગ્રહ પરિમાણ લીધેલું, તે વાંચી-સાંભળી આપણી આંખ પહોળી થઈ જાય. આટલો બધો પરિગ્રહ ! અને છતાં પ્રથમ નંબરનો શ્રાવક ! પણ અકળાશો નહીં, એમાં જ ખરી વિશેષતા છે (૧) એમણે જે પરિગ્રહપરિમાણ લીધેલું – તે વર્તમાનમાં જે પરિગ્રહ હતો, તેને અપેક્ષીને લીધેલું – આજે મોટે ભાગે ભવિષ્યની પૂરી ગણત્રી કરીને હોય એના કરતાં ઘણું મોટું પરિમાણ લેવાય છે. એમનું ગણિત હતું 'આમાં વધારો નહીં કરું' આજનું ગણિત છે 'આટલાથી વધુ વધારીશ નહીં'. એથી એમ કહી શકાય કે એમણે હતું એમાં પરિમાણ કરેલું.. આજે હોય એમાં નહીં, પણ આશામાં પરિમાણ કરાય છે. (આટલાથી વધુની આશા નહીં રાખું! ) વળી (૨) એ શ્રાવકને યોગ્ય છ આવશ્યક વગેરે ક્રિયાઓમાં રત હતા. આજે કેટલાકને તો છ આવશ્યકના નામે ય નહીં આવડતા હોય. પૂછો રોજ સામાયિક-પ્રતિક્રમણ કરવાવાળા કેટલા શ્રાવકો મળે ! (૩) આજનું ગણિત છે ફૂરસદ મળ્યે ધર્મ કરવો ! (એ પણ ધર્મશ્રદ્ધાળુનું – બીજાનું નહીં) એટલે કે સંસારના કાર્યો પતાવ્યા પછી સમય મળે, તો આળસ-પ્રમાદ કે બીજું ત્રીજું કરવાના બદલે ધર્મ કરીશ ! તેથી એ શ્રાવકો વેપાર કરવા જાય, તો પણ બપોરે બે-ચાર કલાક પૂરતા !: (૪) આજે અનીતિ નહીં, ખોટું નહીં, ઉંધુ-ચત્તુ નહીં, ટી.વી. વગેરેના અનર્થદંડ નહીં, ગામ-ગપાટા નહીં, રાત્રિભોજન વગેરે નહીં, એવી જીવનશૈલીવાળા કેટલા મળે? આનંદ શ્રાવક આવા ઉત્તમ સદાચારથી યુક્ત હતા. શ્રાવક જીવનમાટે અનુચિત ગણાય એવી કોઈ પ્રવૃત્તિ કરવાની તો નહીં, વિચારવાનીય નહીં ! બોલો, તમને ખોટું કરવાથી આવેલો પૈસો ઝેર ભેળવેલો લાડવો છે એવું લાગે છે? શ્રાવક થઈને કઠોર વ્યવહાર કે રાત્રિભોજન એ કેસરના તિલક પર ભભરાવેલી કોલસાની કાળી ભૂકી છે, એમ લાગે છે? આનંદ શ્રાવકની આ બાબતોમાં એકદમ પવિત્ર વિચારધારા હતી. (૫) સતત પ્રભુની વાણી શ્રવણ-પઠન-ચિંતન-મનનમાં મસ્ત રહેતા હતા. એમાં એક ક્ષણનોય પ્રમાદ નહીં. આજે આપણને આ રસ કેટલો? હજી કદાચ શ્રવણ થાય, કો'ક કો'ક સૂત્રવાચન-અર્થવાંચન પણ કરે છે. પણ એ પછી જિનાજ્ઞામુજબનું ચિંતન કેટલા કરે? આજનું ચિંતન આહારાદિ સંજ્ઞાઓમાં કે ક્રોધાદિ કષાયોમાં અટવાઈ ગયું હોવાથી ચિંતારૂપ બની ગયું છે.

ચોમાસાના વ્યાખ્યાનમાં ચાર સંજ્ઞા અને ચાર કષાયના ચાર ગતિ સાથે સંબંધ અંગે વાતો કરી. બીજે દિ' એક ભાઈ આવી વિશેષ લાભ આપવાની વિનંતી કરવા માંડ્યા. 'કશો ખપ નથી એમ કહેવા છતાં એમણે આગ્રહ છોડ્યો નહીં; અને કહ્યું-ગઈકાલના આપના પ્રવચનથી મને લાભ થયો છે, માટે લાભ આપવો જ

પડશે ! 'શું લાભ થયો!' એમ પૂછતાં કહ્યું- આપે જે-જે ચાર-ચારની વાત કરી, એના પર વિચાર કરતાં મને લાગ્યું આજે ચારના આંક પર મટકો લગાડું. (મટકો-એક જુગાર છે.) મેં મોટા રકમથી ચારના આંક પર મટકો લગાડ્યો. અને સાહેબ, એ જ નંબર ખુલ્યો... મને ખુબ મોટો લાભ થયો, માટે લાભ આપવો જ પડશે !

લ્યો બોલો ! એ ભાઈએ પ્રવચનપરથી પણ વિચાર-ચિંતન શાનું કર્યું? તમે તમારું આત્મનિરીક્ષણ કરો, ખબર પડશે, લગભગ વિચારો સંજ્ઞાઓના, વિષયોના કે કષાયોના જ ચાલતા હશે ! જ્યારે આનંદ શ્રાવક તો ભગવાને બતાવેલા જીવાદિ તત્ત્વોપર ચિંતન-મનન કરતા હતા. તેથી જ એમને અવધિજ્ઞાન પણ પ્રાપ્ત થયું હતું... છેલ્લી અવસ્થામાં અણસન કરી સંથારા પર રહી ચિંતન-મનનમાં સમયને સાર્થક કરી રહ્યા હતા.

એ અરસામાં ભગવાન સાથે ત્યાં પધારેલા ગૌતમસ્વામી ગોચરીએ નીકળ્યા. એમને આનંદ શ્રાવકના અણશનના સમાચાર મળ્યા. ત્યારે આવા ઉત્તમ આત્માને ધર્મલાભ આપવા ગૌતમસ્વામી સામે ચાલીને એમના ઘરે પધાર્યા. ખરેખર ! આપણી આરાધના અને સાધના ઉત્તમ જીવોને આકર્ષે છે.

'શ્રી ગૌતમસ્વામી પધાર્યા ' એ જાણી આનંદિત થયેલા આનંદ શ્રાવકે સબહુમાન ભક્તિભાવે વંદનાદિ કર્યા. પરસ્પર આરાધના-સાધનાની વાતો થઈ. તત્ત્વજ્ઞાનની આપ-લે થઈ. એમાં આનંદશ્રાવકે શ્રી ગૌતમસ્વામીને પૂછ્યું-શ્રાવકને અવધિજ્ઞાન થઈ શકે ખરું? શ્રી ગૌતમસ્વામીએ કહ્યું- હા, અપ્રમત્તભાવે ધર્મારાધના કરતાં શ્રાવકને પણ અવધિજ્ઞાન થાય. ત્યારે આનંદે કહ્યું-તો પ્રભો! મને અવધિજ્ઞાન થયું છે, જેથી પ્રથમ દેવલોક સુધીનું મને આત્મ પ્રત્યક્ષ જ્ઞાન-દર્શન થઈ શકે છે. ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું- હે મહાનુભવ ! શ્રાવકને આટલું વિશિષ્ટ અવધિજ્ઞાન સંભવે નહીં, માટે અસત્ કથનનું મિચ્છામિ દુક્કડમ્ માંગી લો. (જેથી દુર્ગતિ ન થાય.) ત્યારે આનંદે કહ્યું. - ભગવન્ ! ભગવાનના શાસનમાં સત્ય પ્રરૂપણાનું મિચ્છામિ દુક્કડમ્ અપાતું નથી. તેથી ખરેખર તો આપે જ મિચ્છામિ દુક્કડમ્ માંગવું જોઈએ.

આ સાંભળી આનંદ શ્રાવક સાથે વાદ કરવાના બદલે શ્રી ગૌતમસ્વામી સીધા ભગવાન પાસે આવ્યા. બનેલી વિગત કહી પૂછ્યું-મિચ્છામિ દુક્કડમ્ કોણે માંગવાનું?

ત્યારે પ્રભુએ ભરસભામાં શ્રી ગૌતમસ્વામીને કહ્યું-હે ગૌતમ ! આનંદ સાચા છે, તમે ખોટા છો. જાવ, તમે એમને મિચ્છામિ દુક્કડમ્ દઈ આવો.

ત્યારે શ્રી ગૌતમસ્વામી એ જ પ્રસન્નમુદ્રા સાથે જરા પણ મોંઢુ બગાડ્યા વિના તરત આનંદ શ્રાવક પાસે ગયા અને પોતાની ભૂલનું મિચ્છામિ દુક્કડમ્ દીધું...

શ્રી ગૌતમસ્વામી તો પોતાની સ્વાધ્યાયદશામાં-અધ્યાત્મની મસ્તીમાં મસ્ત હતા ! ક્ષણનો પણ પ્રમાદ નહીં ! વળી હંમેશા છઠ્ઠના પારણે છઠ્ઠ કરવાનો ને પારણાના દિવસે પોતે - આત્મલબ્ધિથી મેળવેલી ગોચરીથી એકાસણું કરવાનું!

અને આ બધું પાછું સંપૂર્ણતયા પ્રભુની નિશ્રામાં રહી – ગુરુપારતંત્ર્યભાવે કરવાનું ! ઉત્કૃષ્ટ કોટિનો વિનય અને છલોછલ સમર્પણભાવ ! આ બધાના પ્રભાવથી અનંતલબ્ધિનિધાન બન્યા ને જેને દીક્ષા આપે તેને અત્યંત સહજતાથી કેવળજ્ઞાન થાય, એવી વિશિષ્ટ દીક્ષાલબ્ધિના સ્વામી બન્યા.

એમની તો જાણે આજની કંપનીઓની જેમ ગીફ્ટયોજના સમજી લો, કે જે મારી પાસે દીક્ષા લે, એને કેવળજ્ઞાન ભેટ મળશે ! ગૌતમાષ્ટકમાં શ્રી ગૌતમસ્વામીની આ લબ્ધિને ઉત્કૃષ્ટ સાધર્મિક ભક્તિરૂપે વર્ણવી છે. સાધુ થનાર પોતાનો સાધર્મિક ગણાય. એ સાધર્મિકને ગોચરી–ભોજન પછી દક્ષિણામાં કેવળજ્ઞાનરૂપી વસ્ત્રની પહેરામણી આપી ! બોલો, આવી સાધર્મિકભક્તિ બીજું કોણ કરી શકે? અને કમાલની વાત તો એ કે આ ભક્તિ પણ પાછી જે પોતાની પાસે નથી, એવી 'કેળવજ્ઞાન' નામની વસ્તુથી !

જે કેવળજ્ઞાન મેળવવા ગજસુકુમારે માથામાં અંગારાના દાહ સહન કર્યા, જે કેવળજ્ઞાન માટે મેતારજમુનિએ ચામડાની વાધરનું કષ્ટ સહ્યું, એ કેવળજ્ઞાન શ્રી ગૌતમસ્વામીના શિષ્યને સહજ પ્રાપ્ત થયું ! તેથી તો તીર્થમાં શત્રુંજય ને દેવમાં ઋષભદેવ કહ્યા પછી ગુરુમાં ગૌતમસ્વામીનું નામ આવે છે. અને વીશસ્થાનકમાં 'દાન' પદ 'ગૌતમ' પદથી ઓળખાય છે, તેમાં બીજા પદોની આરાધના ઉપવાસથી થાય, તો આ પદની આરાધના છઠ્ઠથી થાય.

આ બધું હોવા છતાં પોતાને કેવળજ્ઞાન નહીં ! શ્રી ગૌતમસ્વામીને એનો રંજ થઈ ગયો ! પોતાની સલાહથી ભલભલા ગરીબો ક્ષણવારમાં કરોડપતિ થઈ જાય ને પોતે ફાંફા મારવા છતાં હજી કરોડપતિ ન થાય, એવી હાલત કેવી લાગે?

શાલ વગેરેને કેવળજ્ઞાન અને પોતે હજી વંચિત એ વાતથી દુઃખી શ્રી ગૌતમસ્વામીને દેવોમાં થતી વાતો દ્વારા ખબર પડી કે ભગવાને દેશનામાં એમ કહ્યું છે– વર્તમાનમાં જે સાધક પોતાની લબ્ધિથી અષ્ટાપદતીર્થથી યાત્રા કરે, એ એ જ ભવમાં મોક્ષે જાય. કેવળજ્ઞાન અને મોક્ષ માટે શ્રી ગૌતમસ્વામી તરફડતાં હતા. આપણને જે યાદ પણ નથી આવતો કે જેના અસ્તિત્વ અંગે પણ શંકા છે કે જ્યાં ગયા પછી શું કરવાનું? એ અંગેની વ્યર્થ ચિંતામાં પડ્યા છીએ ને જેથી સંસાર હજી જોઈએ એવો ખરાબ લાગ્યો નથી, એ મોક્ષ માટે શ્રી ગૌતમસ્વામી તરફડતા હતા !

અવસરર્પિણીના પ્રભુ ઋષભદેવ ભગવાનના નિવાર્ણ કલ્યાણથી પવિત્ર અષ્ટાપદપર્વત આ પ્રાચીનતમ તીર્થોમાંનું એક તીર્થ ! ભરત ચક્રવર્તીએ પ્રભુ ઋષભદેવના નિર્વાણ પછી ત્યાં ચોવીસ તીર્થંકરોની સ્વ–સ્વ દેહના પ્રમાણ જેટલી રત્નમય પ્રતિમાઓ ભરાવી પૂર્વ દિશાના ક્રમથી ક્રમશઃ બે, ચાર, આઠ અને દસ પ્રતિમાઓ સ્થાપી. પોતાના ભાઈઓના સ્તુપ પણ બનાવ્યા. અહીં ઋષભદેવ ભગવાનની સાથે ઋષભદેવના ભરત સિવાયના નવાણુ પુત્રો અને ભરતના આઠ પુત્રો એમ મોક્ષમાટેની

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮ જણા એક જ સમયે મોક્ષે ગયા. અવસર્પિણીકાળનું આ પ્રથમ આશ્ચર્ય ગણાય છે.

એ પછી ૫૦ લાખ ક્રોડ સાગરોપમ ( અસંખ્ય વર્ષ) પછી થયેલા સગરચક્રવર્તીના ૬૦ હજાર પુત્રો કે જેઓ અહીં જાત્રા માટે આવેલા, તેઓએ આ પર્વત ચઢવો દુર્ગમ બને, એ હેતુથી એક-એક યોજનની ઊંચાઈવાળા આઠ પગથિયા બનાવ્યા. એટલાથી સંતોષ ન થયો, તો આ પર્વતની ચારે બાજુ હજાર યોજન ઊંડી ખાઈ બનાવી, અને તેમાં ગંગા નદીના પાણી વહેવડાવ્યા આમ આ પર્વત પર જવું સામાન્ય માણસો માટે લગભગ અશક્ય બની ગયું.

એમનો આ તીર્થને દુર્ગમ બનાવવા પાછળનો આશય તીર્થરક્ષાનો હતો. અવસર્પિણીના પડતા કાળમાં લોકોની ભાવનાઓ પણ પ્રાયઃ પડતી જવાની. તુચ્છતા-ક્ષુદ્રતા વધતી જવાની. લોભ અને નિર્લજ્જતા વધતી જવાની. તેથી તીર્થને - ભગવાનના મંદિરોને પણ પવિત્ર નહીં રાખે. ત્યાં પણ ચોરી વગેરે કરશે ! એમાં આ રત્નોની પ્રતિમા જોઈ ભક્તિની ભાવનાના બદલે ચોરીની દુર્ભાવના થઈ જશે! તેઓ આ તીર્થને પામી તરી જવાના બદલે આવા ઘોર પાપ કરી સંસારમાં અનંતકાળ માટે દુઃખસાગર માં ડૂબી ન જાય, એ શુભાશયથી તીર્થરક્ષા કરવા આવી ગોઠવણ કરી !

આજે દેખાય જ છે કે ઠેર ઠેર તીર્થોના મંદિરોના તાળા તૂટી રહ્યા છે, ભંડારોમાંથી ચોરી થઈ રહી છે, જૂની પ્રતિમાઓ એન્ટીક પીસ તરીકે કે પંચધાતુની પ્રતિમાઓ સોનાની માની ઉઠાવી જવાય છે! આ એક નુકસાન ! બીજું નુકસાન અપવિત્ર ભાવોથી તીર્થનો પ્રભાવ મહિમા ખતમ થયો એ છે ! શત્રુંજય મહાતીર્થ પણ જૂઓ ! બીજા કોઈ ક્ષેત્રને નહિં મળેલું, શાશ્વત અને ભવ્યત્વની છાપ આપતું આ મહાન તીર્થ મેળવવા આપણે ભાગ્યશાળી જરૂર છીએ, પણ લાયક છીએ ખરા? ભરપુર રાત્રિભોજનો, બીજા શહેરોની ખાઉધરા ગલી જેવો બની જતો મહાન તળેટી રોડ, એમાં ધમધોકાર અભક્ષ્ય ભોજનો, ધર્મશાળાઓમાં સુવિધાના નામે થતી અનેક ગરબડો, બ્રહ્મચર્યવિઘાતક પહેરવેશ-ચેષ્ટાઓ... શું વાત કરવી? ગામો-ગામના સંઘોમાં આ અંગે જૈનજનતામાં જાગૃતિ લાવવાના પ્રયાસો કેટલા થાય છે?

જે તીર્થનો આજની દૃષ્ટિથી વિકાસ થાય છે, તે તીર્થોમાં પછી પ્રાયઃ અનેક અપવિત્રતાઓ ઘુસી જતી હોય છે.

આ જ પ્રમાણે રાત્રિભોજન, અભક્ષ્યભોજન, જૂઠ, પ્રપંચાદિથી ભરેલું રોજિંદુ જીવન પર્વતિથિઓના દિવસે પણ ધમધોકાર ચાલુ રાખી એ પવિત્ર દિવસોની પણ ઘોર આશાતનાઓ ચાલુ છે. પવિત્ર તીર્થો અને પવિત્ર તિથિઓની મર્યાદા નેવે મુકાઈ જવાના કારણે આજે શ્રી જૈન સંઘનો સર્વવ્યાપી જે ઉત્કર્ષ થવો જોઈએ, તે

દેખાતો નથી, એમ મને લાગે છે. અસ્તુ!

સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્રોએ તીર્થરક્ષા માટે આ ભગીરથ કાર્યો કર્યા. પણ એમાં નાગનિકાયના દેવો તકલીફમાં મુકાયા. પરિણામે અગ્નિદ્વારા એ બધાને બાળી નાંખ્યા (જે પૂર્વમાં અનેક ભવ પહેલા કરેલા એવા પ્રકારના કુકૃત્યના બાકી રહેલા કર્મોના ફળરૂપે બન્યું.) તીર્થરક્ષાની શુભભાવનાના કારણે તે બધા બારમા દેવલોકના દેવ બન્યા.

# ૩) તત્ત્વ ઝરણું

**પ.પૂ. શ્રીચંદ્રશેખર વિજયજી મ.સા. ના શિષ્યરત્ન**

**પૂ.ગણિવર્ય શ્રી મેઘદર્શન વિજયજી મ.સા.**

મહાત્મા ગાંધીજીના પુત્ર દેવદાસ ગાંધીએ બર્નાડશોને પૂછાવેલ કે, ''શું તમે પુનર્જન્મમાં માનો છો? જો ખરેખર પુનર્જન્મ હોય તો તમે આવતા ભવે ક્યાં જન્મ લેવા ઈચ્છો છો?'' જવાબમાં બર્નાડશોએ જણાવ્યું, ''હું પુનર્જન્મમાં માનું છું; જો ખરેખર પુનર્જન્મ હોય તો હું આવતા ભવે ભારતમાં જૈન કુળમાં જન્મ લેવા ઈચ્છુ છું. કારણકે વિશ્વના જુદા જુદા ધર્મો એમ માને છે કે ભગવાન તો એક જ હોય; બીજું કોઈ ભગવાન ન બની શકે. એક માત્ર જૈન ધર્મ જ એમ માને છે કે સૌ કોઈ ભગવાન બની શકે. ભગવાન બનવાની મોનોપોલી કોઈ એક વ્યક્તિને આપવામાં નથી આવતી. જે આત્મા રાગ-દ્વેષને ખતમ કરવાની સાધના કરે તે તમામ ભગવાન બની શકે. અત્યાર સુધીમાં અનંતા આત્માઓ ભગવાન બન્યા છે અને ભવિષ્યમાં હજુ અનંતા આત્માઓ ભગવાન બનશે. મારે પણ ભગવાન બનવું છે, માટે હું જૈનધર્મમાં જન્મ લેવા ઈચ્છું છું. આપણને મળેલો જૈનધર્મ કેટલો બધો મહાન છે તે આ વાતથી સમજાય છે.

જૈન ધર્મ કહે છે કે દુનિયા ભલે ભગવાને બનાવી નથી, પણ આ દુનિયાનું જેવું સ્વરુપ છે, તેવું સ્વરુપ બતાડીને ભગવાને આપણી ઉપર જોરદાર ઉપકાર કર્યો છે. દુર્ગતિના રસ્તા અને સદ્ગતિના ઉપાયો બતાડવાપૂર્વક ઠેઠ મોક્ષનો માર્ગ બતાડીને તેમણે અકલ્પનીય ઉપકારની હેલી વરસાવી છે. માર્ગોપદેશકતા ભગવાનનો મહત્ત્વનો ગુણ છે.

મોક્ષ ધર્મ કરવાથી નથી મળતો, પણ પાપોનો સંપૂર્ણ ત્યાગ કરવાથી મળે છે. ધર્મથી તો પુણ્ય બંધાય. પુણ્ય સદ્ગતિ કે સુખ આપે પણ મોક્ષ ન આપે. મોક્ષમાં જવા માટે તો પુણ્ય પણ સોનાની બેડી જેવું છે, અટકાવે છે. પુણ્ય અને પાપ બંને ખલાસ થાય ત્યારે મોક્ષ મળે.

સંસારમાં રહીને ગમે તેટલો ધર્મ થઈ શકતો હોય, તોય પાપથી તો અટકી શકાતું નથી જ. તેથી જેની ઈચ્છા મોક્ષે જવાની હોય તેમણે જલ્દીથી સંસાર

ત્યાગીને દીક્ષાજીવન સ્વીકારવું જોઈએ. જો મૃત્યુ પામીને અહીંથી નિગોદમાં ચાલ્યા ગયા, તો આપણી હાલત બગડી જશે. ત્યાં એક શ્વાસોશ્વાસ જેટલા સમયમાં ૧૭।। વાર જન્મ મરણ કરવાના. જન્મ-મરણની પીડા ભયંકર હોય છે. અસહ્ય હોય છે. જેટલા વધારે જન્મ-મરણ, તેટલી પીડા વધારે. તેથી નિગોદમાં ન જવું પડે તે માટેની જાગૃતિ આજથી જ કેળવવી જોઈએ, તે માટે નિગોદ રૂપ કંદમૂળનો ત્યાગ કરવો જોઈએ.

આપણા એક શરીરમાં એક જ આત્મા હોય. અંદર કરમીયા હોય તો તેનો આત્મા તેના શરીરમાં હોય. કરમીયાનું શરીર આપણા શરીર કરતાં જુદું છે. તેનો આત્મા આપણા શરીરમાં નથી. જ્યારે નિગોદમાં તો એક જ શરીરમાં અનંતા આત્માઓએ સદા સાથે રહેવું પડે. કેટલો બધો ત્રાસ ! કેટલી પીડા ! એક નાના રૂમમાં હજારો માણસોને ભરો તો શું થાય?

ઝાડના એક પાંદડામાં, એક ફળમાં એક જીવ હોય. કાચા પાણીના એક ટીપામાં અસંખ્યાતા જીવો હોય, આ બધાને ઓવરટેક કરીને બટાટા વગેરે કંદમૂળના એક નાનાશા કણીયામાં પણ નિગોદના અસંખ્યાતા શરીરો અને તે દરેક શરીરમાં અનંતા-અનંતા જીવો હોય! મોક્ષમાં જેટલા આત્માઓ પહોંચ્યા છે, તેને અનંતથી ગુણીએ તેટલા જીવો નિગોદના એક શરીરમાં હોય. આ બધાનો કચ્ચરઘાણ કંદમૂળ ખાવામાં કે લીલ વગેરે ઉપર ચાલવા વગેરેમાં થાય છે; આ બધું જાણીને તેની વિરાધનાઓથી અટકવું.

મોક્ષે જવાની જેને યોગ્યતા જ નથી; તેથી જે મોક્ષે જવાનો પણ નથી તે અભવ્ય. જેનામાં યોગ્યતા હોય તે ભવ્ય. જે મોક્ષે જાય તે ભવ્ય હોય જ પણ જે ભવ્ય હોય તે મોક્ષે જાય કે ન પણ જાય. જો અનુકૂળ સંયોગો મળે તો ભવ્યજીવોની યોગ્યતા ખીલે, નહિ તો ન ખીલે.

દૂધમાં દહી બનવાની યોગ્યતા તો છે જ, જો તેમાં મેળવણ નાંખો તો દહીં થાય, પણ જો મેળવણ ન નંખાય તો? પાણીમાં ગમે તેટલું મેળવણ નાંખો તો ય દહીં ન થાય, કેમકે તેનામાં તેવી યોગ્યતા જ નથી. તેમ અભવ્યને સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા મળે, તેમની દેશના સાંભળે તો ય મોક્ષે ન જાય.

ઘુવડ સૂર્યને જોઈ ન શકે તેમાં વાંક સૂર્યનો નથી, પણ ઘુવડમાં સૂર્યને જોવાની યોગ્યતા નથી. તેમ અભવ્યોને ભગવાન મોક્ષે ન પહોંચાડી શકે, તેમાં વાંક ભગવાનનો નથી, પણ અભવ્યોમાં તેવી યોગ્યતા જ નથી માટે તેઓ ન જાય.

આપણે ભવ્ય છીએ કે અભવ્ય? તે કેવી રીતે ખબર પડે? જેણે શત્રુંજયની યાત્રા કરી હોય તે અવશ્ય ભવ્ય હોય, જેનામાં મોક્ષે જવાની યોગ્યતા ન હોય તે શત્રુંજયની યાત્રા કદી ય કરી ન શકે. અત્યાર સુધી જેણે શત્રુંજયની યાત્રા ન કરી હોય તે અભવ્ય જ હોય, એમ નહિ. ભવિષ્યમાં કદાચ કરે પણ ખરો. તેથી યાત્રા ન

કરે તે અભવ્ય એવુ ન કહેવાય પણ જેણે શત્રુંજયની યાત્રા કરી હોય તે અવશ્ય ભવ્ય જ હોય, તેમ ચોક્કસ કહેવાય. તેથી જો શત્રુંજયની યાત્રા ન કરી હોય તો જલ્દીથી કરવી જરુરી છે. જેઓ અત્યાર સુધી શત્રુંજયની યાત્રા ગમે તે કારણસર કરી શક્યા ન હોય તે બધાને શત્રુંજયની યાત્રા કરાવવાના લાભ છોડવા જેવો નથી.

'વરસીતપ કરનારા ગુસ્સો કરે છે,' એમ ન કહેવાય, 'રોજ ગુસ્સો કરનારો પણ હવે તો વરસીતપ કરીને કમાલ કરી રહ્યો છે.' એમ બોલાય. 'અઠ્ઠાઈ કરનારો રાત્રિભોજન કરે છે' એમ કહીને અઠ્ઠાઈની નિંદા ન કરાય, પણ 'રોજ રાત્રે ખાનારાએ પણ અઠ્ઠાઈ કરીને કમાલ કરી.' એમ બોલીને તેની અઠ્ઠાઈનું બહુમાન કરાય. ગુસ્સો કે રાત્રિભોજન તો ખરાબ છે જ. તેનો કોઈ બચાવ નથી. પણ ગુસ્સો કે રાત્રિભોજનને કારણે વરસીતપ કે અઠ્ઠાઈને કદી ય ખરાબ કે ન કરવા જેવી ન કહી શકાય.

માખીને ઉડાવવા જતા, રાજાને જ ઉડાવી દે તે કેવો કહેવાય? તેવા ન બનવા, દોષોને આગળ કરીને આરાધનાના-ક્રિયાના યોગોને ઉડાવવાની ભૂલ કદી પણ કરવા જેવી નથી.

પરમાત્માના વચનો પ્રત્યેની અકાટ્ય શ્રદ્ધા જોઈએ. ''સાચા છે વીતરાગ, સાચી છે એની વાણી, આધાર છે આજ્ઞા, બાકી ધૂળધાણી'' એવો પોકાર સમકિતીના રોમરોમમાં પ્રગટતો હોય.

ભગવાનની ૯૯ વાતો માને પણ એક વાત ન માને તો ય તે સમકિતી નહિ. અહીં ૩૫ કે ૯૯ માર્કે નહિ, પૂરેપૂરા ૧૦૦ માર્ક આવે તો જ પાસ થવાય છે. ભગવાનની એક વાત પણ ન માની એટલે સમકિત ગયું. મિથ્યાત્વી બની ગયા. ''ભગવાને જે કહ્યું છે, તે જ સાચું અને શંકા વિનાનું છે,'' તેવી શ્રદ્ધા તે સમકિત સમકિતીનો અવશ્ય મોક્ષ થાય.

શ્રીકૃષ્ણ મહારાજાના પુત્ર શાંબ અને પાલકને શ્રીકૃષ્ણે કહ્યું કે, ''કાલે સવારે તમારા બેમાંથી જે સૌ પ્રથમ નેમીનાથ ભગવાનને વંદન કરશે તેને હું મારો શ્રેષ્ઠ અશ્વ ભેટ આપીશ.''

વહેલી સવારે અંધારામાં જ પાલકે દોડતા જઈને ભગવાનને વંદના કરી, જ્યારે શાંબે વિચાર્યું, 'આટલા અંધારામાં ન જવાય. કેટલા બધા જીવોનો કચ્ચરઘાણ બોલાય. દોડતાં-દોડતાં જવામાં જીવોની હિંસા થાય. જયણા ન પળાય.' તેણે પોતાના સ્થાને બેઠાં બેઠાં ભાવથી વંદના કરી.

કૃષ્ણે નેમીનાથ ભગવાનને પૂછ્યું, 'ભગવાન ! આપને પહેલી વંદના કોણે કરી? ભગવાને કહ્યં, 'શાંબે-તેની ભાવવંદના હતી. પાલકની દ્રવ્યવંદના હતી.'

જયણા તો શ્રાવકજીવનનો પ્રાણ છે. જયણા એટલે કોઈપણ દોષ સેવવો જ

પડે તો ઓછામાં ઓછો કેવી રીતે સેવાય તેની કાળજી.

છોકરાને પ્રેમથી સમજાવવાથી કામ થતું હોય છતાં આંખ લાલ કરીએ તો જયણા ન કહેવાય. સંપૂર્ણ બ્રહ્મચર્ય ન પળાય તો મહીનામાં ૨૯,૨૮,૨૭ દિવસ બ્રહ્મચર્ય પાળવું તે જયણા છે. જૂઠ બોલવાના પ્રસંગમાં મૌન રાખવું તે જયણા. જો ઈશારાથી કામ પતે તો જૂઠ બોલવું નહિ, એક શબ્દથી પતે તો એક જુઠું વાક્ય ન બોલવું તે પણ જયણા છે.

જે પાપને માને, જેને પાપ ખટકે, જે પાપને અટકાવવા ઝંખે તે જ આવી જયણા સેવી શકે. તમામ પ્રકારના પાપોમાં જયણા જોઈએ.

પરમાત્મા ગર્ભમાં આવ્યા, ચ્યવન કલ્યાણક થયું એટલે હવે પછી મોક્ષ સિવાયની તમામ ગતિમાં જવાના દરવાજા તેમણે પોતાના માટે બંધ કર્યા. ભગવાનનું જન્મ કલ્યાણક એટલે ગર્ભાવાસના દરવાજા કાયમ માટે બંધ. ભગવાનનું દીક્ષા-કલ્યાણક એટલે ગૃહસ્થાવાસના દરવાજા કાયમ માટે બંધ. ભગવાનનું કેળવજ્ઞાન કલ્યાણક એટલે છદ્મસ્થાવસ્થાના દરવાજા કાયમ માટે બંધ અને ભગવાનનું મોક્ષ કલ્યાણક એટલે સંસારવાસના દરવાજા કાયમ માટે બંધ.

જો આપણે પણ આ બધા દરવાજા બંધ કરવા હોય તો આ પાંચે કલ્યાણકોની ભાવ-વિભોર બનીને આરાધના કરવી જોઈએ. મહાવીરપ્રભુનું મોક્ષ કલ્યાણક દિવાળી દિને છે. તેની આરાધના મીઠાઈ ખાઈને કે ફટાકડા ફોડીને નહિ પણ છઠ્ઠ, પોષધ, જાપ, દેવવંદન, પ્રવચન શ્રવણ વગેરે કરીને કરવી.

મોક્ષ મેળવવા સત્સંગ કરવો. સારા પુસ્તકોનું વાંચન કરવું. તેનાથી જ્ઞાન વધે. તપ-જપ-ધ્યાનમાં આગળ વધાય. સત્સંગ, વ્યાખ્યાનશ્રવણ, સત્સાહિત્ય-વાંચન વગેરેથી છોડવા જેવા (હેય), જાણવા જેવા (જ્ઞેય) અને આદરવા જેવા (ઉપાદેય) તત્ત્વો સમજાય. હેયપદાર્થો છૂટતા જાય. ઉપાદેય પદાર્થો આચરાતા જાય, પરિણામે મોક્ષ નજીક આવતો જાય.

આ કાળે અહીંથી ક્યાં મોક્ષે જવાય છે કે તેનો પુરુષાર્થ કરીએ? એવું ન વિચારવું. કાંદીવલીથી અમેરિકા જવાય કે નહિ? બોલો કે જવાય, વાયા સહારા એરપોર્ટ. તે જ રીતે અહીંથી પણ મોક્ષે જવાય, બોલો વાયા મહાવિદેહક્ષેત્ર.

જેણે અહીં દીક્ષા લેવી નથી, અહીં દીક્ષા ગમાડવી નથી તેને કદાચ મહાવિદેહક્ષેત્રમાં જન્મ મળે તો ત્યાં પણ દીક્ષા લેવી ગમશે? તે લઈ શકશે ખરો? અહીં ગમાડ્યું હસે તો ત્યાં ગમશે. મહાવિદેહક્ષેત્રમાં જવાની તથા ત્યાં ગયા પછી સંયમ ગમે અને મળે તે માટેની ભૂમિકા તો અહીં બનાવવી પડશે ને? તે માટે અહીં સંયમધર મહાત્માઓ ગમાડવા પડશે. સંયમ ગમાડવું પડશે. અને તેથી આગળ વધીને સંયમજીવન સ્વીકારવાની ભૂમિકા પેદા કરવી પડશે. બરોબર ને?

આંશિક મોક્ષના દરવાજા તો અહીં પણ ખુલ્લા છે. મોક્ષ એટલે છૂટકારો.

તમામ દુ:ખોમાંથી છૂટકારો, તમામ પાપોમાંથી છૂટકારો, તમામ વાસનાઓમાંથી છૂટકારો. દુ:ખો-પાપો-વાસનામાંથી થોડો થોડો છૂટકારો થતો તો અહીં પણ અનુભવાય છે; અને તે માટે મહેનત પણ કરો છો, તો આ બધાથી સંપૂર્ણપણે છૂટકારો પમાડનારા મોક્ષ માટે કેમ પુરુષાર્થ ના કરવો?

ચાલો, હજુ મોડું નથી થયું. આજે જ તે માટેનો સમ્યક્ પુરુષાર્થ આરંભીએ. તે માટે મોક્ષના સ્વરૂપને સમજીએ.

● ભગવાનના સિદ્ધાન્તો સામે બળવો કરનારા નિહ્નવ કહેવાય. નિહ્નવ એટલે ભગવાનના સિદ્ધાન્તને છૂપાવનાર. મહાવીરદેવના શાસનમાં આઠ નિહ્નવ સંભળાય છે, તેમાંનો પહેલો જમાલી, આઠમો નિહ્નવ દિગંબર.

દિગંબરો સ્ત્રીમુક્તિ-કેવલીમુક્તિ-સવસ્ત્રમુક્તિ માનતા નથી. તેઓના મતે સ્ત્રીનો મોક્ષ ન થાય. કેવળજ્ઞાની ગોચરી ન વાપરે. વસ્ત્રવાળાનો મોક્ષ ન થાય. ભગવાને જે કર્યું હતું, તે પ્રમાણે કરવાનું તેઓ માને છે. પણ તેમની આ બધી માન્યતાઓ બરોબર નથી.

ભગવાને જે કર્યું તે આપણે કરવાનું નથી, પણ ભગવાને જે કહ્યું છે તે કરવાનું છે. ભગવાને જે કર્યું તે કરવાનું હોય તો ભગવાને ૧૨॥ વર્ષના સાધનાકાળમાં ૧ મુહૂર્તથી વધારે પ્રમાદ નથી કર્યો. પલાંઠીવાળીને તેઓ બેઠાં નથી. પ્રાયઃ મૌન રહ્યા છે. ૧૧ ॥ વર્ષથી વધારે ચોવિહાર ઉપવાસ કર્યા છે; તે બધું કરો ને?

હાથમાં વાપરવા, છતાં એકે ટીપું નીચે ન પડે તેવી તથા વસ્ત્રો ન પહેરવા છતાં નગ્નતા ન દેખાય તેવી ભગવાનની પાસે લબ્ધિ હતી. આવી લબ્ધિ અત્યારે કોઈની પાસે છે ખરી? તો પછી તેનું અનુકરણ શી રીતે કરાય? ધર્મના નામે પણ કદાગ્રહ કે પક્કડ ન જોઈએ. બીજાના દષ્ટિકોણને સમજવાની તૈયારી જોઈએ.

● મહાવીર ભગવાને નયસારના ભવમાં ગોચરી વહોરાવીને સમકિત મેળવ્યું. તે ત્રીજા મરિચિના ભવમાં શિષ્યની આસક્તિના કારણે ગુમાવ્યું. પછી ઠેઠ સોળમા વિશ્વભૂતિના ભવમાં મેળવ્યું. પાછું ગુમાવવાનું-મેળવવાનું ચાલુ રહ્યું.

● જ્યાં સુધી કોઈ પાપનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ ન કરીએ ત્યાં સુધી તેની અવિરતિ ગણાય. અવિરતિના દરવાજા વડે આત્મામાં કર્મો પ્રવેશ્યા કરે. બાધા લેવાથી પાપો અટકે છે. મન મક્કમ બને છે. થોડી ઢીલાસ હોય તો દૂર થઈ જાય છે. માટે શક્યતઃ વધુ બાધાઓ લેવી જોઈએ.

'બાધા તૂટી જાય તેના કરતાં ન લેવી સારી.' એવું ન બોલાય, ન વિચારાય. આ ઉત્સૂત્રવચન છે. પ્રાયશ્ચિત આવે. માથુ હોય તો દુઃખે, ન હોય તો ન દુઃખે, માટે માથુ કાપી ન દેવાય. બાધા હોય તો ક્યારેક તૂટે, ન હોય તો ન જ તૂટે. માટે બાધા લેવાનું બંધ ન કરાય. બાધા લેતાં પહેલા તે બાધા પાળવાની ભાવના, શક્તિ અને ઉલ્લાસ જોઈએ, છતાં ય ક્યારેક તૂટી જાય તો તેનું પ્રાયશ્ચિત કરવું, પણ બાધા તો

લેવી જ. જે સંયોગોમાં બાધા પાળી શકાય તેમ ન હોય, તે સંયોગોને વિચારીને પહેલેથી છૂટ રાખીને પણ બાધા તો લેવી જ, પણ બાધા વિનાના તો ન જ રહેવાય.

ભગવાનનું મન તો કેટલું બધું મક્કમ હોય ! તેમણે પણ બે હાથ જોડીને બાધાઓ લીધી હતી, તે વાત ન ભૂલવી. જો મન મક્કમ જ છે, તો બે હાથ જોડીને બાધા લેવામાં શું વાંધો છે? હાથ ન જોડવાની જીદ કરવાનું શું કારણ?

● ગચ્છાચાર પયન્ના, સંબોધસિત્તરી વગેરે ગ્રંથોમાં કહ્યું છે કે જે ગચ્છમાં સારણા, વારણા, ચોયણા, પડિચોયણા ન હોય તે ગચ્છ ગચ્છ નથી. સંયમની ઈચ્છાવાળાએ તેવા ગચ્છને છોડી દેવો જોઈએ. ત્યાં રહેવાથી સંયમનું પાલન ન થાય.

સારણા એટલે સ્મારણા. ભૂલ યાદ કરાવવી. વારણા એટલે નિવારણા. ભૂલ કરતાં અટકાવવા. ચોયણા એટલે કડક શબ્દોમાં ઠપકો આપવો અને પડિચોયણા એટલે જરુર પડે તમાચો મારવો કે ચાર જણાની વચ્ચે કહેવું.

ગુરુ જેટલા, કડક, તેટલું આપણું હિત જલ્દી થાય. ગુરુની ગાળ ઘીની નાળ લાગવી જોઈએ. ગુરુનો ઠપકો મળે તે દિન શિષ્ય માટે સોનાનો દિવસ ગણાય.

શિષ્યોને સાચા માર્ગે લાવવા, ટકાવવા અને આગળ વધારવા ગુરુએ પણ પ્રશસ્ત રાગ-ક્રોધાદિ કરવા પડે છે. સાચો શિષ્ય તે છે કે જે તેને પ્રેમે સ્વીકારે છે. કોઈ સારૂ કહે તે ગમે, કે સાચું કહે તે ગમે? સારું સાંભળવાની નહિ પણ સાચું સાંભળવાની તૈયારી રાખો તો જીવનનો વિકાસ થશે. ગુરુની કડવી પણ સાચી વાત સાંભળવાની અને સ્વીકારવાની તૈયારી રાખવી.

● જીવનમાં સેવાઈ ગયેલા પાપો બદલ આંખમાં આંસુ જોઈએ, પશ્ચાતાપ જોઈએ. ત્યારપછી ગુરુભગવંત પાસે પાપોની આલોચના (કથન) કરીને પ્રાયશ્ચિત લેવાનું. ભવિષ્યમાં તે પાપો ફરી ન કરવાનું પચ્ચક્ખાણ લેવું. આમ પસ્તાવો – પ્રાયશ્ચિત અને પચ્ચક્ખાણ, આ ત્રિપુટી આપણા જીવનમાં આવવી જોઈએ.

માત્ર ભૂલનો એકરાર ન ચાલે. તેની સાથે ફરી તે ભૂલ ન કરવાની તૈયારી પણ જોઈએ. તેને અકરણનિયમ કહેવાય. આવો અકરણનિયમ પરમાત્માના પ્રભાવે આવે.

● આપણુ સમર્પણ જ્ઞાન ઉપર નહિ, વૈરાગ્ય ઉપર જોઈએ જ્ઞાની કરતા સંયમીને વધારે પૂજવા જોઈએ. સંયમી પ્રત્યે જેટલો આદર વધારશો તેટલા સંયમીઓ વધશે. પ્રવચનો સાંભળીને માત્ર જ્ઞાની બનો તો ન ચાલે. જીવનનું નક્કર પરિવર્તન થવું જોઈએ.

અમારું ચોમાસું સફળ કે નિષ્ફળ? તેનું બેરોમીટર તમે કોને ગણો છો? વ્યાખ્યાનમાં કેટલા આવ્યા તે? શિબિરોમાં ૨૫૦૦ આવે છે તે ? કેટલો તપ થયો તે? કેટલા મહોત્સવો થયા તે? કેટલા બેન્ડવાજા વાગ્યા તે? કેટલા લાખ રૂપિયા ખર્ચાયા તે? તો આપણે ભુલીએ છીએ. ચોમાસાની સફળતાનું બેરોમીટર તો તે ગણાય કે કેટલા લોકો પામ્યા? કેટલાના જીવનમાં નક્કર પરિવર્તન આવ્યું? ક્રોધ

કેટલાએ ઓછો કર્યો? કડવા શબ્દો બોલવાના કેટલાએ ઓછા કર્યા? આત્મિક વિકાસ કેટલાએ સાધ્યો?

● આપણી આર્યસંસ્કૃતિ તો સારા બનવાની વાતો કરે છે. ખરાબ તો બનાય જ નહિ. લાભ ન થાય તો ચાલે પણ વિશ્વાસઘાત, અનીતિ, ચોરી, જૂઠ વગેરે તો ન જ થાય. પશ્ચિમી શૈલીએ આપણી વિચારધારા પલટી નાંખી. સારા બનવાના બદલે સુખી બનવાનું લક્ષ પેદા કરાવ્યું. દુઃખી તો ન જ બનાય. ગમે તે રીતે સુખી તો બનવુંજ. વિશ્વાસઘાત, કાવાદાવા, પ્રપંચો, અનીતિ વગેરે કરીને પણ સુખી બનવા લાગ્યા.

હકીકતમાં આપણે સારા બનવું જરુરી છે. ભૌતિક રીતે સુખી બનીને સારા થવાય તો સારી વાત. છેવટે દુઃખી બનીને પણ સારા તો રહેવું જ. જે સારો બનશે, તે મોડા-વહેલા સુખી બન્યા વિના નહિ રહે.

કેટલાક લોકોએ હાલ આ વિચારધારાને પલટી દીધી છે. તેઓ કહે છે, સારા રહીને ભૌતિક રીતે સુખી બનાય તો સારી વાત. છેવટે ખરાબ બનીને પણ સુખી તો થવું જ. આ વિચારધારા ખૂબ ભયાનક છે. આધ્યાત્મિક જીવનના મૂળીયા ઉખેડી નાંખવા સમર્થ છે. તમે આનો ભોગ ન બનતા. સુખીપણું કે દુઃખીપણું તો ગૌણ છે. હકીકતમાં તો સારાપણું કે ખરાબપણું જ મહત્ત્વનું છે. જીવનમાં આનાથી વિપરીત ન કરાય.

આપણી આ ભૂલભરેલી વિચારધારા જલ્દીથી પલટવી જરુરી છે. જ્યાં સુધી વિચારો નિર્મળ નહિ થાય, ત્યાં સુધી આચારો નિર્મળ બનવા મુશ્કેલ છે.

'ધર્મીના ઘરે જ ધાડ' એવું તમે બોલો છો ને? તે વાત બરોબર જ છે ને? ઈન્કમટેક્ષની રેડ ક્યાં પડે? ગરીબોના ઝુંપડામાં કે શ્રીમંતોની ઓફીસોમાં? જ્યાં રૂપીયા છલકાતા હોય ત્યાં જ રેડ પડે ને? તેમ મોહરાજા પણ ક્યાં તૂટી પડે? જ્યાં ધર્મનું નામ નિશાન ન હોય તે પાપીઓને ત્યાં કે જ્યાં પુષ્કળ ધર્મ થતો હોય તેવા ધર્મીને ત્યાં?

જે પેઢી ઊઠવાની હોય તેને ત્યાં બધા એકી સાથે ઉઘરાણી કરવા આવે. ધર્મી આત્માની પેઢી આ સંસારમાંથી ઊઠવાની તૈયારીમાં છે. તે મોક્ષની નજીક પહોંચ્યો છે. માટે બધા કર્મો ઉઘરાણી વસૂલ કરવા આવીને ઊભા રહે. આપણે તેવા સમયે, સમતા-પ્રસન્નતા રાખવી. હિસાબ ચૂકતે કરવો.

એકી સાથે ચારે બાજુથી તકલીફ આવે, બધા કર્મો એકી સાથે હુમલા કરે તો મોક્ષે જવાનું હવે નજીકમાં હશે એમ સમજીને આનંદિત બનવાનું. દેવું ચૂકતે કરવાનું પણ ધર્મીના ઘરે ધાડ કેમ? બોલીને રોદણા નહિ રોવાના કે ધર્મ કરવાનું છોડી નહિ દેવાનું.

પરમાત્મા મહાવીરદેવ સિદ્ધાર્થ રાજાના દીકરા હતા. રાજકુમાર હતા. પાણી

માંગે તો દૂધ મળતું હતું. જો દીક્ષા ન લે તો નંદીવર્ધન તેમને રાજપાટ આપીને તેમના છત્રધર કે ચપરાશી બનવા તૈયાર હતા. છતાં પરમાત્મા મહાવીરદેવે બધું છોડીને દીક્ષા લીધી. હવે શું થયું? તેઓ ધર્મી બન્યા ત્યાં ધાડ પડવી શરુ થઈ. સાડા બાર વર્ષના સાધનાકાળમાં ભયાનક ઉપસર્ગોની ઝડી વરસી. પરમાત્મા સાવધાન બની ગયા. દીન ન બન્યા. રડારોળ ન કરી. બલ્કે, મોહરાજાને આહ્‌વાન કર્યું. આવી જા, લેતી-દેતી ચૂકતે કર. તમામ હિસાબ ચૂકવવા તૈયાર છું. આવેલા ઉપસર્ગો ઓછા જણાતા હોય તેમ સામે ચાલીને અનાર્યદેશમાં ગયા. કર્મોની સામે વળતો હુમલો તેમણે કર્યો.

જેના માથે દેવું હોય, તે ખાનદાન સજ્જન શું કરે? જ્યારે તેની પાસે પૈસા આવે ત્યારે લેણદારોને સામેથી બોલાવીને પ્રેમથી ચૂકવી દે ને? કોઈ ખૂંખાર લેણદારો પાછળથી હેરાન પરેશાન કરે તેના કરતાં આજે અનુકૂળતા હોય તો મુદત થયા પહેલાં જ ચુકવી દેવાનો પ્રયત્ન કરે ને?

તેમ જો આપણામાં શક્તિ, અનુકૂળતા, પ્રસન્નતા, સહિષ્ણુતા હોય તો દીક્ષાજીવન સામેથી સ્વીકારવું. ભવિષ્યમાં હુમલા કરનારા કર્મોની લેતી-દેતી અત્યારે જ ચૂકવી દેવી, જેથી ભાવિમાં તે આપણને હેરાન-પરેશાન ન કરે.

ધર્મ પામ્યા પછી આપણી સમતા-પ્રસન્નતા-સમાધિ-સહિષ્ણુતા સમજણ વધવા જોઈએ. કર્મોના ઉદયે સહજ આવતા દુઃખોને સમતાથી સહન કરવા. અરે! સામે ચાલીને દુઃખોને સ્વીકારવા. ભગવાન પણ સામે ચાલીને અનાર્યદેશમાં ગયા હતા તે ન ભૂલવું. જૈન શાસનનું કર્મવિજ્ઞાન જાણીને, સમજીને જેણે પચાવ્યું છે, તે ગમે તે સ્થિતિમાં પ્રસન્નતા ટકાવી શકે, સમાધિ સાચવી શકે.

આપણી બધી સાધના મોક્ષ માટે છે. એટલે ગુણસ્થાનકોમાં ઉપર-ઉપર વધવા માટે છે. તે ત્યારે જ થાય છે કે જ્યારે મોહનીયકર્મ શાંત પડે કે નાશ પામે. આમ આપણી સાધના મોહનીયકર્મની સામે હુમલો કરવાની છે. મોક્ષે પહોંચતા અટકાવવાનું કામ આ મોહનીય કર્મ કરે છે.

આપણે આપણી જાતને પૂછવાનું કે સામાયિક તો ઘણા કર્યા, નિંદા કરતા કેટલા અટક્યા? ભક્તિ ઘણી કરી, વિકારો કેટલા શાંત પડ્યા? પ્રતિક્રમણો ઘણા કર્યાં, પાપનો ભય કેટલો પેદા થયો? પૂજા ઘણી કરી, ક્રોધ કેટલો શાંત પડ્યો? આયંબિલની ઓળીઓ ઘણી કરી, ખાવાની લાલસા કેટલી ઘટી? આપણી બધી ધર્મારાધના દોષનાશ અને ગુણપ્રાપ્તિ માટે છે. વ્યવહારધર્મો નિશ્ચયધર્મને પામવા માટે છે.

સામાયિકથી સમતા આવવી જોઈએ. આયંબિલાદિ તપથી લાલસા ઘટવી જોઈએ. પ્રભુભક્તિથી પ્રસન્નતા પેદા થવી જોઈએ. પ્રતિક્રમણથી પાપભીરુતા પ્રગટવી જોઈએ. પ્રશાન્તવાહિતાનું ઝરણું આત્માની અંદર સતત વહેવું જોઈએ. સંયમજીવન

અપ્રમત્તતા, સમતા અને નિર્વિકારિતા પેદા કરનારું બનવું જોઈએ. આપણી તમામ ધર્મક્રિયાઓ આત્માભિમુખ બનવી જોઈએ.

● આ સંસાર અસારછે, તેનું કારણ તે દુઃખમય, પાપમય, સ્વાર્થમય, રાગાદિ પરિણતિમય છે, તે તો છે જ, પણ તેથી વધુ તો અસાર એટલા માટે છે કે તે અજ્ઞાનમય છે, અજ્ઞાનતાના કારણે રાગાદિમાં ફસાઈએ છીએ. સ્વાર્થો પોષીએ છીએ, પાપો કરીએ છીએ, દુઃખો પામીએ છીએ. નવો ભવ ખોટો મેળવીએ છીએ. હવે જ્ઞાની બનીએ. દુઃખમાં દીન ન બનીએ. સુખમાં લીન ન થઈએ. રાગ-દ્વેષ બંધ કરીએ. જેથી પરભવનું આયુષ્ય ખરાબ ન બંધાય.

છેલ્લી ક્ષણોમાં પેશન્ટને હોસ્પીટલમાં ન રાખવો. ત્યાં તેને કોણ સમાધિ આપે? કોણ આરાધના કરાવે? કોઈ મહાત્માને લઈ જાઓ તો ય નર્સો, ડોક્ટરો વગેરે વધુ સમય આરાધના કરાવવા ન દે. તેના કરતાં ઘરે મોત થાય તે સારું. છેલ્લે સમાધિ મળે તેવી આરાધના-નિર્યામણા તો કરાવાય. આવતા ભવનું આયુષ્ય તેવા સમયે બંધાય તો સદ્ગતિ તો થાય. ડોક્ટર આ ભવ બચાવવા પ્રયત્ન કરે જ્યારે ગુરુમહારાજ આવતો ભવ, અરે ભાવિના બધા ભવો બચાવવાના-સુધારવાના પ્રયત્નો કરે. તો બોલો.. હવે કોનું શરણું લેવું? ડોક્ટરનું કે ગુરુમહારાજનું?

● ઢંઢણમુનિ શ્રીકૃષ્ણના દીકરા હતા. પરમાત્મા નેમીનાથ ભગવાનના શિષ્ય હતા. પણ તેમને લાભાન્તરાય કર્મનો એવો જોરદાર ઉદય કે પોતાની લબ્ધિથી ગોચરી પણ મેળવી શકે નહિ. ગોચરી વહોરવા જાય ખરા, પણ ગોચરી કોઈને કોઈ રીતે દોષિત થઈ જાય. વહોરી શકે નહિ. અરે ! એ મુનિવર કોઈ બીજા સાથે વહોરવા જાય તો તેના કારણે બીજાને પણ ગોચરી ન મળે.

એકના કર્મની અસર બીજા ઉપર થતી હોય છે. આ ઢંઢણ મુનિનો લાભાન્તરાય કર્મનો ઉદય સાથેના મુનિના લાભાન્તરાય કર્મની ઉદીરણા કરી દેતો હતો. ઉદીરણા એટલે જે કર્મ મોડા ઉદયમાં આવવાનું હોય તે વહેલા ઉદયમાં આવે. લાભાન્તરાય કર્મની ઉદીરણા થવાના કારણે સાથેના મુનિને પણ ગોચરી મળતી નહોતી.

ઢંઢણમુનિએ પ્રતિજ્ઞા કરેલી કે મારી લબ્ધિથી મને ગોચરી મળે તો જ વાપરવી. નહિ તો ઉપવાસ કરવો. લાભાન્તરાયકર્મનો ક્ષયોપશમ થાય, કર્મ નબળું પડે તો લાભલબ્ધિ પેદા થાય. એકવાર ઢંઢણમુનિને શ્રીકૃષ્ણ વંદન કરતા હતા તે જોઈને એક શેઠે ઢંઢણમુનિને વિનંતી કરીને લાડવા વહોરાવ્યા. ઢંઢણમુનિને લાગ્યું કે આ સહજરીતે મળેલા લાડવા પોતાની લબ્ધિનો પ્રભાવ છે, પણ ભગવાને કહ્યું કે શ્રીકૃષ્ણની લબ્ધિથી મળ્યા છે, તમારી લબ્ધિથી નહિં. શ્રીકૃષ્ણે વંદન ન કર્યા હોત તો તે ન વહોરાવત. અને ઢંઢણમુનિ તે લાડવા પરઠવવા ગયા. પરઠવતા પરઠવતા પોતે બાંધેલા લાભાન્તરાય કર્મ અંગે પસ્તાવો કરતા ગયા. ધ્યાનની ધારામાં ચડ્યા. કેવળજ્ઞાન પામ્યા.

દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે, ''પહેલા જ્ઞાન પછી દયા, કારણ કે જે જીવને જાણતો નથી, અજીવને જાણતો નથી તે શી રીતે જીવોની દયા પાળી શકશે? સંયમની આરાધના તે શી રીતે કરી શકશે?'' માટે આપણે જીવોની જાણકારી મેળવવી જોઈએ.

જે પ્રાણોને ધારણ કરે તે પ્રાણી કહેવાય. જે જીવે તે જીવ કહેવાય. પ્રાણો બે પ્રકારના છે. દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ. શરીર સાથે સંબંધ ધરાવે તે દ્રવ્યપ્રાણ કહેવાય. તે દસ પ્રકારના છે. પાંચ ઈન્દ્રિય, મન-વચન અને કાયાના ત્રણ બળ, આયુષ્ય અને શ્વાસોશ્વાસ ભાવપ્રાણો આત્મા સાથે સંબંધ ધરાવે છે. તેમાં જ્ઞાન,દર્શન, ચારિત્ર વગેરેનો સમાવેશ થાય છે.

આત્માનો દ્રવ્યપ્રાણો સાથે સંયોગ થાય તેને જીવની ઉત્પત્તિ (જન્મ) કહેવાય છે. જ્યાં સુધી આત્મા અને દ્રવ્યપ્રાણો જોડાયેલા રહે ત્યાં સુધી જીવન કહેવાય. આત્મા અમર છે. તે કદી મરતો નથી. આત્મા ચાલ્યો જાય ત્યારે શરીર પડ્યું રહે છે. તે પણ મરતું નથી; પણ તે વખતે આત્મા અને દ્રવ્યપ્રાણો જે છૂટા પડ્યા, તેનો મોત તરીકે વ્યવહાર થાય છે.

આત્મા કે શરીર મરતું ન હોવાથી જીવહિંસા શી રીતે થાય? તેમ ન કહેવું. પ્રમાદના યોગથી આત્માને તેના દ્રવ્ય પ્રાણોથી વિખૂટો પાડવો તેનું નામ હિંસા. તેવું કરવાથી હિંસાનું પાપ લાગે. પાપથી સતત ધ્રૂજતા રહેવું જોઈએ. શક્તિ હોય તો પાપથી ભાગી છૂટવા સંયમજીવન જીવવું જોઈએ. શ્રાવક પાસે સદા ખેશ કે ચરવળો હોય. તેના વડે પૂંજવા-પ્રમાર્જવાનું ચાલુ હોય. રસોડામાં પણ પૂંજણી વિના તેને ન ચાલે. એક શ્રાવકને એક્સીડન્ટ થતાં એમ્બ્યુલન્સમાં મૂકવા ગયા તો પહેલાં ચરવળાથી તેમણે સીટ પૂંજાવી, પછી જ તેમાં પ્રવેશ કર્યો. શ્રાવક જીવનનો પ્રાણ જયણા છે, તે ન ભૂલવું.

જીવો બે પ્રકારના છે. સંસારી અને મુક્ત સંસારી આત્માને ભાવપ્રાણ અને દ્રવ્યપ્રાણ; બંને હોય માટે તેમને જન્મ-જીવન-મરણની ઘટમાળ ચાલે; પણ મોક્ષે પહોંચેલા મુક્ત જીવોને માત્ર ભાવ પ્રાણો જ હોય, તેમને દ્રવ્ય પ્રાણો ન હોવાથી તેના સંયોગ-વિયોગ રૂપ જન્મ-મરણ પણ ન હોય.

સંસારી જીવોના મુખ્ય બે ભેદ છે. ત્રસ અને સ્થાવર. જેઓ પોતાની ઈચ્છાથી હાલી-ચાલી શકે તે ત્રસ કહેવાય અને જેઓ પોતાની ઈચ્છા હોવા છતાંય હાલી-ચાલી ન શકે, સ્થિર જ રહે તેઓ સ્થાવર કહેવાય. આ જનરલ વ્યાખ્યા છે. હકીકતમાં તો ત્રસનામકર્મનો ઉદય જેને હોય તે ત્રસ જીવો કહેવાય. સંમુચ્છિંમ મનુષ્યો પોતાની ઈચ્છા પ્રમાણે હલન-ચલન ન કરતાં હોવા છતાં ય તેમને ત્રસ નામકર્મનો ઉદય હોવાથી તેઓ ત્રસ છે.

આત્માનો સ્વભાવ ગતિ કરવાનો છે. ત્રસનામકર્મ તે ગતિને મર્યાદિત કરવાનું

કાર્ય કરે છે. ત્રસનામકર્મના ઉદયના કારણે જીવ તેની ઈચ્છા પ્રમાણે મર્યાદિત ગતિ કરી શકે. બાકી આત્માની શક્તિ તો એક સમયમાં ચૌદ રાજલોકના એક છેડાથી બીજા છેડા સુધી ગતિ કરવાની છે. સ્થાવર નામકર્મ તો આ ગતિને સંપૂર્ણ નિયંત્રિત કરીને જીવને સ્થિર રાખે છે.

સંસારી જીવોના કુલ ૫૬૩ ભેદો છે. તેમાં ૨૨ ભેદો સ્થાવરજીવોના અને બાકીના ૫૪૧ ભેદો ત્રસજીવોના છે. પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિના જીવો સ્થાવર છે. ખનીજ તેલ, સોનુ-ચાંદી વગેરે ધાતુઓ, કાચું મીઠું વગેરે પૃથ્વીકાયના જીવોના શરીરો છે. કાચા મીઠાનો ઉપયોગ ન કરવો. જરુર પડે તો બલવણ (પાકા મીઠા)નો ઉપયોગ કરવો.

જેટલા યાંત્રિક વાહનોનો ઉપયોગ કરો તેટલો પેટ્રોલ-ડીઝલ વગેરનો વધારે ઉપયોગ કરવો પડે. તેટલું ખનીજતેલ વધારે નીકળે તેવું ઈચ્છો. જેટલા દાગીના વધારે વાપરો, તેટલા વધારે સોનાની ઈચ્છા કરો. તે બધાની હિંસાની અનુમોદનાનો દોષ લાગ્યા કરે.

કાચાપાણીના એક ટીપામાં અસંખ્યાતા જીવો છે. વૈજ્ઞાનિકોએ જે ૩૬,૪૫૦ જીવો જોયાં છે, તે તો તેમાં રહેલા હાલતા ચાલતા ત્રસજીવોની સંખ્યા છે. પણ પાણી પોતે જ અપ્‌કાયનું શરીર છે. પાણીના એક ટીપામાં પાણીના પોતાના તો અસંખ્યાતા આત્માઓ છે. આપણા શરીરમાં રહેલો આપણો આત્મા ન દેખાય તેમ પાણીના ટીપામાં રહેલા અસંખ્યાતા આત્માઓ પણ ન દેખાય, પણ હકીકતમાં તેમાં અસંખ્યાતા આત્માઓ છે જ. આવા અસંખ્યાતા જીવોનો કચ્ચરઘાણ શી રીતે બોલાવી શકાય? આ બધા જીવોની રક્ષા કરવા શું જલ્દીથી દીક્ષા લેવી ન જોઈએ? જેથી કાચાપાણીના જીવોની હિંસાથી બચી શકાય. તે ન જ બને તો ઉકાળેલું પાણી પીવું જોઈએ. બાકીના ઉપયોગમાં પણ ના છૂટકે ઓછામાં ઓછું કાચું પાણી વાપરવું જોઈએ. સ્નાનમાં અડધી ડોલથી વધારે નહિ. સ્વીમીંગનો ત્યાગ કરવો. વોટરપાર્ક વગેરેમાં ન જવું.

અગ્નિકાયમાં વીજળી, દીવા, અગ્નિ વગેરે આવે. લાઈટ બંધ-ચાલુ કરતાં અગ્નિકાયના અસંખ્યાતા જીવોની હિંસા થાય, તેથી વિવેક સાચવવો. પંખા, એ.સી. ફ્રીઝ વગેરેથી વાયુકાયના અસંખ્યાતા જીવોની હિંસા થાય છે. પંખો તો ત્રણ છરાનું કતલખાનુ છે. દુનિયાના કતલખાના બંધ કરાવવા સાથે ઘરનું આ કતલખાનું સૌ પ્રથમ બંધ કરવું જરુરી છે.

વનસ્પતિના બે પ્રકાર છે. એક શરીરમાં એક જીવ હોય તે પ્રત્યેક વનસ્પતિકાય અને એક શરીરમાં અનંતા જીવો રહે તે સાધારણ વનસ્પતિકાય. કાંદા-બટાટા વગેરે કંદમૂળ, ફણગા ફૂટેલા મગ વગેરેમાં અનંતાજીવો છે. તે ન વપરાય.

મારા ભવોદધિતારક પરમોપકારી પ્રાતઃસ્મરણીય ગુરુદેવશ્રી પં.

ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબની કૃપાના પ્રભાવે આપણી આ વહેલી સવારની પ્રવચનમાળામાં આપણે ઘણા પદાર્થો સ્પર્શી શક્યા છીએ. ગૃહસ્થપણામાં મેં નવાડીસાના ચોમાસામાં મારા ગુરુદેવશ્રીને વહેલી સવારે આવા તત્ત્વજ્ઞાનના પ્રવચનો કરતાં સાંભળ્યા હતા. તેના આલંબને આ ચોમાસામાં આ પ્રવચનમાળા યોજાઈ છે. જે કાંઈ સારું, તમારું પરિવર્તન થાય તેવું તમને જાણવા - સાંભળવા મળ્યું તેમાં તેઓશ્રીની કૃપા કારણ છે. તેમનો ઉપકાર માનીએ. જે કાંઈ વિપરીત રજૂઆત થઈ હોય તે બધામાં મારું છદ્મસ્થપણું કારણ છે. તે અંગે અંતઃકરણથી ક્ષમા યાચું છું. તમે બધાએ પણ સાંસારિક બધા કાર્યક્રમો એડજસ્ટ કરીને, વહેલા ઊઠીને, વહેલી સવારે આટલી મોટી સંખ્યામાં નિયમિત ઉપસ્થિત રહીને, ભાવભિવોર બનીને મને સાંભળ્યો, પ્રોત્સાહિત કર્યો, મારો ઉલ્લાસ વધાર્યો તે બદલ તમને સૌને ધન્યવાદ છે. આપણે સૌ, પરમપિતા પરમાત્માના તત્ત્વજ્ઞાનને પામીએ, હૃદયથી સ્પર્શીએ, આંતરિક ભૂમિકાનું વાસ્તવિક પરિવર્તન પામીને જલ્દી મોક્ષસુખને પામીએ એ જ શુભાભિલાષા.

વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધ કાંઈપણ જણાવાયું હોય તો અંતઃકરણથી ત્રિવિધે ત્રિવિધે 'મિચ્છામિ દુક્કડમ્.'

# ૪) બંધનથી મુક્તિ તરફ

### પ.પૂ. આ.ભ.શ્રી હેમચંદ્રસૂરીજી મ.સા.

હે ચેતન,

સ્કૂટર, મારૂતી, મર્સિડીઝ સ્ટીયરીંગ કે બ્રેક વિનાની હોય તો? નદી કાંઠા વિનાની હોય તો ? શહેરમાં કાયદા કાનૂન ન હોય તો ?

ન્યુબ્રાન્ડ-ભેટ કે ઈનામમાં મળેલી લાખો રૂપીયાની મર્સિડીઝને પણ બ્રેક વિના કોણ Drive કરે ?

કાંઠા વિનાની નદીના રમણીય આનંદદાયક કિનારા ઉપર પણ કોણ મહેલ બાંધે.

કાયદા કાનૂન વિના સમૃદ્ધિથી ભરપૂર શહેરમાં પણ કોણ સમજુ અબજોપતિ નિવાસ કરે ?

અને જો બ્રેક વિનાની મર્સિડીઝ ચલાવે તો ચલાવનાર કમોતે મોતને જ નોતરે.

સામાન્ય પુર આવતા જ કાંઠા વિનાની નદી કિનારાનો મહેલ જમીનદોસ્ત થાય

અરાજકતાવાળા શહેરમાં વસનાર અબજોપતિ પણ ધોળે દિવસે લૂંટાય-રસ્તે રઝળતો થઈ જાય કે જાન પણ ગુમાવે તેથી બ્રેક વિનાની કાર જેમ નકામી.

કિનારાના બંધન વિનાનો નદી કિનારો વસવાટ માટે નકામો.

કાયદા-પોલીસ વિનાના બંધન વિનાનું શહેર પણ નકામું છતાં કોઈ ભાગ્યશાળી મને બંધન ન જોઈએ એમ કહીને જંગલમાં જઈને રહે તો... થોડા

દિવસોમાં જ સિંહ-વાઘ વરૂ કે સાપ આદિના ડંખનો ભોગ બને. -જાન ગુમાવે.

અરે, શહેરમાં રહીને પણ આ લોકના સરકારી કાયદા ન સ્વીકારે તો, ભંગ કરે તો?

રોજની કહેવાતી ૬૦,૦૦૦ રૂ.ની Income વાળો, સ્વયં જગતમાં પ્રતિષ્ઠા-લાગવગ-ઓળખાણ ધરાવનારો અને પિતા પોતે પણ લોક લાડીલા નેતા, અભિનેતા હોય છતાં રાયફલ રાખવાના ગુના બદલ સુનિલદત્તના ચિરંજીવી સંજય-દત્તે જેલમાં સામાન્ય કેદી તરીકે મહીનાઓ સુધી સડવું પડે.

માનસીક તનાવથી જેને Half madness હાફ મેડનેસ અનુભવવી પડે. તો આ જગતમાં કર્મસત્તાના સનાતન કાયદાઓ, અનાદિકાળથી નિયત થયેલા કાયદાનો ભંગ કરતાં, જેનો ચોક્કસપણે દંડ ભોગવવો જ પડે એવા કર્મસત્તાના સનાતન કાયદાઓના બંધનોનો સ્વીકાર ન કરનારની શી દુર્દશા થાય?

જુઓ અનાદિ નિગોદીયા જીવો-વ્યક્ત પણે ચોરી કરતા નથી, જૂઠું બોલી શકતા નથી. પરસ્ત્રીગમન વગેરેનો પ્રશ્ન જ નથી. વ્યક્ત રીતે ક્રોધ, માન, માયા, લોભનું સેવન જ નથી. છતાં અઢાર પાપસ્થાનકોમાંથી મિથ્યાત્ય (તિર્થંકર વચનો પરની અશ્રદ્ધા, તેમના એક વચનની પણ અશ્રદ્ધા અવિરતિ (પાપો કરવાનો ત્યાગ પ્રતિજ્ઞાપૂર્વક ન કરવો) ને કારણે અનાદી કાળથી હજી નિગોદમાં જ પ્રત્યેક સમયે, નારકી કરતાં પણ અનંતગણી વેદના ભોગવે છે.

પ્રાણાતિપાતની વિરતીના અભાવે તિર્થંકરના જીવ કૃષ્ણ મહારાજા ત્રીજી નારકીના, શ્રેણિક મહારાજા પહેલી નારકીના મહેમાન બન્યા.

ગુરૂની પત્નીના દાક્ષિણ્યતાથી મોટું જૂઠ બોલવાના પ્રતાપે વસૂરાજા દેવી પ્રકોપથી કમોતે મર્યો, નારકી ભેગો થયો.

માત્ર બે દોકડાની અનિતિથી નાગદત્તનો પિતા બકરો થઈને જીવતો કપાયો, દુર્ગતિની પરંપરાનો ભાગી થયો.

પરસ્ત્રીગમન કર્યા વિના માત્ર પરસ્ત્રીગમનની કલ્પનામાં મહાલતો રૂપસેન આઠ-આઠ ભવોમાં કમોતે મર્યો.

માત્ર પરિગ્રહની મૂર્છાથી જ મમ્મણશેઠ સાતમી નરકે પહોચ્યા.

દિગ્‌વિર્મણ વ્રતના અભાવે સુભૂમ ચક્રવર્તી અને તેની સેના જળ સમાધિ પામ્યા, સુભૂમ સાતમી નરકે ગયો.

કોણીક મહારાજા, જેણે કરેલા પ્રભુ વીરના સામૈયાઓ શાસ્ત્રકાર પરમર્ષીઓએ વખાણ્યા તેણે પણ દિગ્ વિરમણ વ્રતના અભાવે જીવતા બળી મરવું પડ્યું અને બીજા પાપો કરીને છઠ્ઠી નરકનો અતિથિ બન્યો.

એમ એક એક વ્રતના અભાવે અનંતા અનંત આત્માઓ દુર્ગતિની પરંપરાઓના ભાગી થયા.

હે ચેતન,

અનંતા ભવોની એકઠી થયેલી અનંતી પુણ્યરાશીઓના પ્રભાવે, દુર્લભ માનવભવ, આર્યદેશ, જૈનકૂળ અને પ્રભુનું શાસન મળ્યું છે. તો આજે જે સમ્યગ્દર્શનસહિત ૧૨ વ્રતોનો સ્વીકાર કરો.

પણ... વ્રત... પ્રતિજ્ઞા તૂટી જાય તો.. તેનાં કરતાં ન લેવી સારી..

ભાગ્યવાન...! ...તો એક પણ પ્રતિજ્ઞા ન લેવાની પ્રતિજ્ઞા કર... ! રોજે રોજે **Govt. tender** ભરી.. ૧ વર્ષ સુધી નિયત ભાવે માલ સપ્લાય કરવાની પ્રતીજ્ઞાઓ હોંશે.. હોંશે કરે છે.

દરેક બીલની પાછળ.. કોઈપણ વાંધો પડે ભુલચૂક ભરપાઈ કરી આપવાની પ્રતીજ્ઞા અને નિયત કોર્ટના ચુકાદાને માન્ય કરવાની પ્રતીજ્ઞા રોજરોજ અનેક વાર કરે છે... !!!

લગ્નની ચોરીમાં.. અનેક સ્વજન... મિત્રો વગેરેની સાક્ષીએ પરસ્પર વફાદાર રહેવાની પતિ કે પત્ની ક્રોધી-ઝગડાખોર-કર્કશ નીકળે તો પણ પાળવાની-નિભાવવાની આજીવનની પ્રતિજ્ઞા કરે છે..! એ પ્રતિજ્ઞાઓ પણ બંધ કર.. !

આ લૌકીક પ્રતિજ્ઞાઓ તો માત્ર કર્મબંધન કરાવીને ૮૪ના ચક્કરમાં ફેંકી દે છે, જ્યારે હે ભવ્યાત્મા... પ્રભુએ બતાવેલી આ પ્રતિજ્ઞાઓ તો.. શ્રાવક જેને માટે સદાય ઝૂરતો હોય તે સર્વવિરતિ પ્રાપ્ત કરવાનું પુણ્ય-સત્વ મેળવી આપી, સર્વવિરતી પાળવાનો અભ્યાસ-યોગ્યતા ઉભી કરી આપી.. દુઃખ-રુપ, દુઃખનાજ ફળવાળો અને દુઃખના જ અનુબંધવાળા આ સંસારનો કાયમનો નાશ કરી આપી, આઠે કર્મોના બંધનથી કાયમની મુક્તિ અપાવી, શાશ્વત સુખના સ્થાન મોક્ષપદને મેળવી આપે છે, સહર્ષ, સર્વ ઉલ્લાસથી ચાલો વ્રતો લઈએ.

ૐ અર્હં નમઃ

## સમ્યગ્દર્શન અને બારવ્રત

દેવોના પણ સ્વામી પણું-ઈન્દ્રપણું મળે છે, રાજા પણું પણ પ્રાપ્ત થાય છે તેમાં શંકા નથી પરંતુ એક માત્ર સર્વ રત્નમાં દુર્લભ એવું સમ્યગ્રત્ન-સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી.

(તેથી હે ભવ્ય જીવો ! દુર્લભ મનુષ્યપણું પામ્યા છો તો હવે માત્ર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે જ ઉદ્યમવાળા થાવ.)

અંતમુહૂર્ત માત્ર જેમને સમ્યકત્વ સ્પર્શ્યું હોય છે તેઓનો અર્ધ પુદ્ગલ પરાવર્ત જેટલો જ (ઉત્કૃષ્ટ) સંસાર હોય છે.

(અનંતી ઉત્સર્પિણીનો પુદ્ગલ પરાવર્ત જાણવો. આવા અનંત પુદ્ગલ પરાવર્ત ભૂતકાળમાં થયા. જેટલા ભૂતકાળમાં પુદ્ગલ પરાવર્ત થયા તેથી પણ અનંતગુણાં ભવિષ્ય કાળમાં થવાના.)

''દાનાદિક કિરિયા નવિ દીએ, સમકિત વિણ શિવશર્મ.''

સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન) વિના દાન, શીલ, તપ, ભાવના, દેવ દર્શન, વ્રત, અનુષ્ઠાન વગેરે એળે જાય છે. મોક્ષ સુખ આપતા નથી. તેથી એ બધુ સફળ કરવા અને અર્ધ પુદ્ગલ પરાવર્તનકાળની અંદર મોક્ષ નક્કી કરવા સમ્યગ્દર્શન પામવું, સમ્યક્ત્વ વ્રત ઉચ્ચરવું એ અતિ જરૂરી છે વળી,

''પૃથ્વી પાણી પ્રમુખને પ્રગટ પાપ ન એક,
તો પણ અવિરતી પણેજી લાગે સઘળા રે પાપ..''

પૃથ્વીકાય આદિ જીવો પ્રગટ પણે હિંસાદિ દુષ્કૃત્ય નથી સેવતા, છતાં એમને અહિંસાદિના વ્રત નથી માટે સઘળા પાપ લાગે છે. શ્રી ભગવતી સુત્ર કહે છે કે લોખંડનો જીવ મરીને ક્યાંયે ગતિઓમાં ભમતો થયો છતાં વિરતિ (વ્રત) ન હોવાના કારણે તે લોખંડના ઘણથી થતી હિંસાદિના પાપ એ બાંધે છે. માટે પાપથી બચવા વ્રતો લેવા પણ અતિ જરૂરી છે.

જેમ ક્યારેક નળ લાઈટ વગેરે ન વાપરવા છતાં ટેક્ષ ભરવો પડે છે. ભાગીદારે કરેલા વેપારની ખોટમાં હિસ્સો આપવો પડે છે, એવી રીતે હજારો પાપક્રિયા ન કરવા છતાં જો પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) નથી તો અઢળક પાપ લાગે છે. માટે વ્રત લ્યો. રકમ ધીર્યા પછી પણ વ્યાજ ઠરાવ્યું હોય, તો જ વ્યાજ મળે છે. તેમ વ્રત નિયમ કરો તો જ પાપથી બચવાનો લાભ મળે છે.

વ્રતથી મન અંકુશમાં આવે છે. વ્રત ગમે તેટલું, ગમે તે રીતે, અને ગમે તેટલા સમયનું લઈ શકાય છે. અમુક સંજોગો કે કારણ પ્રસંગ અંગે જયણા રાખી શકાય છે. ખુદ પચ્ચક્ખાણમાં પણ રાજય-જનસમુહ, જુલ્મગાર, દેવતાઈ ઉપદ્રવ, વડિલ આ પાંચનો બળાત્કાર અને જીવન કટોકટી આ છ છીંડી અંગે, તેમ જ અજાણતા અકસ્માત, મોટું ધર્મકાર્ય, અત્યંત અસમાધિ આ ચાર પ્રસંગમાં છૂટ રાખેલી છે.

આ સિવાય પણ કોઈ પ્રસંગે પ્રતિજ્ઞા નહીં પળાય એમ લાગતું હોય તો તેના બદલામાં અમુક તપ, કે ત્યાગ કે શુભ ખાતે ખર્ચ કરવાનું રાખીને પણ વ્રત લઈ શકાય છે. હવે વ્રત કઠિન છે?

વ્રત લેનારોઓએ પ્રતિજ્ઞા, સાવધાની અને કરણી ખાસ ધ્યાનમાં રાખવી.

### સમ્યગદર્શન (સમ્યક્ત્વ)

પ્રતિજ્ઞા : ૧૮ દોષ રહિત, ૩૪ અતિશય યુક્ત વિતરાગ સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્મા એજ મારા ઈષ્ટ દેવાધિદેવ, મોક્ષ માર્ગના દાતા, મારે સુદેવ, પંચમહાવ્રતધારી શાસ્ત્રાનુસાર શુધ્ધ ઉપદેશક, અને ગુરુ આજ્ઞાવાળા સાધુ ભગવંત એજ મારે સુગુરુ. જિનોક્ત ધર્મ અને તત્વ એજ મારે સુધર્મ, એજ સત્તત્ત્વ. જિને કહ્યું તેજ સાચું. તે બધુ જ સાચું. આ ત્રણ જ તરણ તારણ. ભવોદ્ધારક અને કલ્યાણદાયક તરીકે મારે માન્ય છે. મારે વંદનીય, પૂજનીય, સત્કારણીય છે. વિદ્યાગુરુ, દાક્ષિણ્ય, ધંધો, નોકરી, શિષ્ટાચાર, ચોપડા પૂજન, કુળદેવી, સંર્પદંશાદિ વગેરે ખાસ કારણે બીજાને

વંદવા, પૂજવા, સત્કારવા પડે તેની જયણા, પણ ધર્મ બુદ્ધિએ નહીં.

**સાવધાની :**

જિન વચનમાં શંકા ન કરવી.

# ૫) લોકોત્તર દાનધર્મ "અનુકંપા"

**પ. પૂ. આ. ભં (પંડિત મ. સા.) શ્રી યૂગભૂષણ સૂરીશ્વરજી મ. સા.**

સત્કાર્ય જ સુખનું કારણ છે, દાન જેમાંથી એક છે.

દાનના ત્રણ પ્રકારમાં શ્રેષ્ઠ પહેલું જ્ઞાનદાન, બીજું અભયદાન, ત્રીજું ધર્મોપગ્રાહીદાનઃ

શાસ્ત્રમાં દાનની વ્યાપકતા ઘણી જ બતાવી છે. બધી જ ક્રિયામાં સીધી કે આડકતરી રીતે દાનધર્મનો સમાવેશ છે. દાનનો અર્થ એ છે કે જેટલી સારી, ઊંચી, હિતકારી ચીજો છે તે દાનમાં આપવા યોગ્ય કહી છે અને તેના પણ ત્રણ પ્રકાર પાડ્યા છે. (૧) જ્ઞાનદાન, (૨) અભયદાન અને (૩) ધર્મોપગ્રાહી દાન. તીર્થંકરો વાણી દ્વારા જગતને સાચો કલ્યાણનો માર્ગ બતાવે છે, જે શ્રેષ્ઠ જ્ઞાનદાન છે. ગણધરો પણ તે જ પ્રમાણે જ્ઞાનદાન કરે છે, જ્ઞાની સાધુ મહાત્માઓ પણ ઉપદેશ દ્વારા જ્ઞાનદાન કરે છે.

દાનના ત્રણ પ્રકારમાં પૈસાથી અપાતું દાન ઘણું જ હલકું છે. જ્ઞાનદાનમાં સમ્યક્ જ્ઞાન જ આપવાનું છે, જે ગ્રાહક આત્માને હિતકારી હોય. મિથ્યાજ્ઞાન તો સામેનાને પાયમાલ કરી નાંખશે. બીજું અભયદાન આવે છે, તે પણ જ્ઞાનદાનની અપેક્ષાએ હલકું છે.

આ ભવનાં મૃત્યુ-સંતાપ-દુઃખો જેનાથી ટળે તેનું નામ અભયદાન, ભવોભવનાં મૃત્યુ-સંતાપ-દુઃખો જેનાથી ટળે તેનું નામ જ્ઞાનદાન.

અબજો ખરચો તો પણ જ્ઞાનદાન અને અભયદાનની તોલે આ ધનદાન આવતું નથી. અમે અમારા શ્રાવકાચારમાં સામાયિકને ઊંચો ધર્મ કહીએ છીએ; કારણ તેમાં અભયદાન આવે છે. જ્યારે દ્રવ્યપૂજા-સુપાત્રદાન-સાધર્મિક ભક્તિ કરવામાં પૈસાનું દાન સમાયેલું છે.

સામાયિકનું ફળ કેટલું? તો કહે છે કે આખી પૃથ્વીને રત્નની પ્રતિમાઓવાળા સોનાના દેરાસરોથી મઢી લો તો પણ તેનું ફળ એક ભાવસામાયિકના ફળની તોલે નથી આવતું; કારણ કે ઊંચા દાનનો પ્રકાર સામાયિકમાં છે. ધનદાનમાં આરંભ-સમારંભ સમાયેલા છે, જ્યારે સામાયિકમાં આરંભ-સમારંભશૂન્ય અભયદાન સમાયેલું છે. દાનની જેટલી ઊંચી કક્ષા તેટલો ધર્મ ઊંચો હશે. જેમ શ્રાવકને ઉપવાસમાં આહારનો ત્યાગ આવ્યો, એટલે તેટલા આહારના જીવોને ખાવા નિમિત્તે માત્ર આંશિક અભયદાન તમે આપો છો; કારણ કે શ્રાવક એક પણ જીવને જીવનમાં સંપૂર્ણ રીતે અભયદાન આપી શકતો નથી. ગમે તેટલાં વ્રતો-નિયમો પાળો તો પણ

છકાયના કોઈ પણ જીવને સંપૂર્ણ રીતે તમે અભયદાન આપી શકતા નથી, તે તો સાધુજીવનમાં જ શક્ય છે.

ધનદાન કરતાં અભયદાન ઊંચું છે. માટે જ સામાયિક, પ્રતિક્રમણનું મૂલ્ય વધારે છે. વ્યવહારમાં પણ અભયદાન ઊંચું દાન કહ્યું છે.

દાન આપતી વખતે મનમાં થાય કે આપણે પણ આવા ભવો કર્યા હશે ! અને જો હજીએ દાન નહીં કરીએ તો આવા કેટલાયે ભવો આવશે. એ લોકો સાચો ધર્મ નથી પામ્યા, તેથી જ આવા ભવો તેમને આવ્યા છે. આવા ભાવો તમને ભિખારીને દાન કરતી વખતે આવવા જોઈએ.

અત્યારે દીક્ષાર્થી વર્ષીદાન કરતાં પૈસા આદિ ઉછાળે છે તે ગરીબો કે દુઃખીઓ માટે જ અપાય છે. યાચકોને આપવાની દૃષ્ટિથી એ અનુકંપાદાન છે; કારણ કે સુપાત્રને તો ભક્તિભાવથી બે હાથ જોડી આપવાનું હોય છે. યાચકોને બે હાથ જોડીને આપવાનું નથી.

તીર્થંકરો પણ ફળની ઈચ્છાથી અનુકંપાની પ્રવૃત્તિ નથી કરતા; કારણ કે અનુકંપાથી જે મેળવવું છે તેનાથી અધિક તેમણે મેળવી લીધું છે, છતાં દીક્ષાના અવસરે ૧૨-૧૨ મહિના સુધી વર્ષીદાન કરે છે. તીર્થંકરોના વર્ષીદાનની પદ્ધતિ એવી છે કે જ્યારે વર્ષીદાનની શરૂઆત કરે તે પહેલાં સેવકો આખા દેશ-રાજ્ય-નગરમાં જાહેરાત કરે છે કે કોઈને પણ સંપત્તિની કામના હોય તો પ્રભુ યાચકની ઈચ્છા મુજબ પૂરી કરશે. માંગવાની કોઈ મર્યાદા હોતી નથી. તીર્થંકરો છૂટે હાથે દાન આપે છે અને અપાવે છે. ગરીબોને અને યાચકોને અપાતું આ દાન સુપાત્રદાન નથી, સીધું ધર્મદાન નથી, છતાં પણ તીર્થંકરો દીક્ષાના અવસરે આવું મહાદાન અવશ્ય આપે છે. પ્રભુ જે વર્ષીદાન કરે છે તેમાં તેમનો આશય ધર્મનો પૂરક અને ધર્મની સ્થાપના કરવાનો છે. તેઓ જગતમાં દાખલો બેસાડે છે કે ધર્મના અવસરે અનુકંપાદાન અવશ્ય કરવું. આ સમજાવવા પ્રભુ ૧૨-૧૨ મહિના સુધી પ્રતિદિવસ અનુકંપાદાન કરે છે. પ્રભુના વર્ષીદાનના અવસરે જે લાયક જીવો હોય તે ચોક્કસ ધર્મ પામી જાય. તેમને મનમાં થાય કે પ્રભુ પાસે આટઆટલો વૈભવ હોવા છતાં તે બધું છોડી રહ્યા છે. આ ત્યાગ જોઈને કેટલાયે જીવો બોધિબીજ-સમકિત આદિ પામી જાય. વર્ષીદાન કરતાં પ્રભુ લોકોને સત્તા-સંપત્તિ -વૈભવની અસારતા દર્શાવવા માંગે છે, જેથી તેમને આ બધા ભોગો તુચ્છ-ફેંકી દેવા જેવા લાગે. જોનારના હૈયામાં ભોગોની અસારતાની છાપ ઊભી થાય તે આશય છે.

વર્ષીદાન જગતને ધર્મ પમાડવા કરાય છે, વર્ષીદાને ધર્મનું અંગ બનાવવા આ અનુકંપા કરવાની છે. મોટા મહોત્સવ હોય, ઉપધાન હોય, પ્રતિષ્ઠા હોય આવા અનેક પ્રસંગોએ વર્ષીદાન આપી શકાય છે. આબુમાં જ્યારે વસ્તુપાળે પ્રતિષ્ઠા કરાવી તે વખતે ૨૨ લાખ સુવર્ણમુદ્રાનું વર્ષીદાન આપ્યું છે.

ધર્મરહિત દુઃખીજીવોની ઉચિત માગણી જ પૂરી કરાય, નહિ તો દાન વિકૃત કહેવાય. સામાન્ય ગરીબો માટે પ્રાથમિક જરૂરિયાત જ વિચારવાની આવે, પરંતુ વિશિષ્ટ ધર્મના પ્રસંગે મોં માગ્યાં અનુકંપાદાન આપ્યાના દાખલા છે. શાસ્ત્રમાં વાસુદેવ-ચક્રવર્તીના દાખલા આવે છે.

શ્રીકૃષ્ણમહારાજાને ઉધાનપાલક આવીને કહે છે કે નેમિનાથ પ્રભુ ઉધાનમાં પધાર્યા છે. આ વધામણી સાંભળતાં શ્રીકૃષ્ણે પોતાના આંગળીની રાજમુદ્રા સિવાયના બધા અલંકારો દાનમાં આપી દીધા. વાસુદેવના દાગીના કેટલા કીંમતી હોય ? તેમણે તેમના જીવનમાં અનેકવાર નેમિનાથ પ્રભુ પધાર્યાની વધામણી સાંભળીને દરેક વખતે ઓછામાં ઓછું ૧૨ાા (સાડા બાર) કરોડ રૂપ્ય મુદ્રાનું (ચાંદીની મુદ્રાનું) દાન આપ્યું છે.

અહીં દાન પાછળ જુદા જ ભાવ છે ને જુદી જ દૃષ્ટિ છે. લેનારને-જોનારને કે સાંભળનારને પણ થાય કે પ્રભુની વધામણીથી આટલું મળ્યું તો સાચી ભક્તિ કરવાથી કેટલું મળે? આ વર્તનથી સૌને સમજાય કે વાસુદેવોને પણ કેવા ભક્તિપાત્ર ભગવાન છે! આ વખતે ગણી-ગણીને આપવાનું નથી.

પ્રભાવના એટલે તમારા ઉપદેશ-આચારથી સામેનાના મન પર એવો પ્રભાવ પડે કે તેને તમારા ધર્મ ઉપર અંતરથી બહુમાન થાય, તેને જૈનધર્મ જાણવાની-સમજવાની-પામવાની સાચી ઉત્કંઠા થાય અર્થાત્ ત્યારે જૈનધર્મથી તેનું હૃદય પ્રભાવિત થયું કહેવાય. ફક્ત પ્રચાર કરવાથી આ થાય નહીં. શાસનપ્રભાવના કરો તો લાખોને પમાડી શકો, જ્યારે અબજોનાં બજેટો કરીને પણ પ્રચાર દ્વારા ૧૦૦-૨૦૦ને પણ સાચો ધર્મ પમાડી શકાય નહીં. બધા મહાપુરુષોએ ધર્મ પમાડવા પ્રભાવના જ કરી છે.

અજૈનોને જૈન બનાવવા કઈ રીતે? ખ્રિસ્તિઓ બનાવે છે તે રીતે? ભૂખ્યાને અન્ન આપો, બેકારને કામ આપો, વાંઢાને બૈરી આપો, આ બધું કરવાથી તો ટોળું જ ભેગું થશે. ખરો ધર્મ તો પ્રભાવનાથી જ પમાડવાનો છે. પેથડશાહ, વસ્તુપાલ, તેજપાલ, સંપ્રતિરાજાએ કેટલાયને જૈનો બનાવ્યા છે. સંપ્રતિરાજાએ આર્યદેશમાં કરોડોને જૈન બનાવ્યા છે. તે વખતે જૈનોની ૪૦ કરોડની વસ્તી હતી. બંગાળની યુનિવર્સિટીમાં ભટ્ટાચાર્ય નામના પ્રોફેસરે જૈનધર્મ ઉપર પીએચ.ડી. કરીને લખ્યું છે કે, જેટલાં ભારતનાં સ્ટેટ છે તે દરેકમાં લોકલ પ્રજા જૈન હતી. અત્યારે ફક્ત કચ્છ, ગુજરાત, રાજસ્થાનમાં જ લોકલ જૈનો છે. મદ્રાસ-બેંગલોર વગેરેમાં તો અહીંયાથી ગયેલા જૈનો છે, લોકલ નથી. જ્યારે તે વખતે બધે જ લોકલ જૈન પણ હતા. અરે ! અનાર્ય દેશમાં પણ સંપ્રતિરાજાએ ઘણાને જૈનધર્મ પમાડ્યો છે. અનાર્ય પ્રજાને જૈનધર્મના પ્રાથમિક આચારો શીખવવા માટે ભવાઈ કરનારાને કૃત્રિમ જૈનસાધુનો વેશ પહેરાવીને ત્યાં મોકલતા અને લોકોને આચારો શીખવતા, જેથી

સાચા સાધુઓનો વિહાર તે એરિયામાં ત્યાર બાદ શક્ય બને, અને સુસાધુઓના ઉપદેશથી હૃદયપરિવર્તનપૂર્વક લોકો સધર્મ પામે. આ પ્રભાવનાની દીર્ઘદષ્ટિયુક્ત પદ્ધતિ છે. સંપ્રતિ મહારાજાએ અનાર્ય દેશોમાં મંદિરો પણ ઘણાં બાંધ્યાં છે. પેરીસમાં ખોદકામ કરતા જૈન મૂર્તિઓ નીકળી છે. વળી સંપ્રતિરાજાએ ભરાયેલી મૂર્તિઓ તો તેના લેખ ઉપરથી જ ખબર પડી જાય. આને જૈનધર્મની સાચી પ્રભાવના કરી કહેવાય. જો પ્રભાવના યોગ્ય રીતે થાય તો લાખોને જૈનધર્મ પમાડી શકાય.

જો ચમત્કારથી પ્રભાવના થતી હોય તો તીર્થંકરોએ ઉપદેશમાં અથાગ પરિશ્રમ કર્યો તે ભૂલ કરી કહેવાશે. ક્યાંય શાસ્ત્રમાં વાત નથી કે પ્રભુએ ચમત્કારથી ધર્મ પમાડ્યો હોય. શું એ વખતે ચમત્કાર જોઈને ધર્મ પામે તેવા લોકો સમાજમાં નહોતા? પ્રભુ ધારે તો એક દેવતાને કહીને જેટલા ધર્મ નથી માનતા તેમને પરચો બતાવી શકે, તથા તેમના મનોરથો પૂરા કરીને ધર્મ પમાડી શકે. કારણ કે દેવતાઓમાં આ શક્તિ હોય જ છે. છતાં પ્રભુએ આવું કાંઈ કહ્યું નથી ને કરાવ્યું પણ નથી.

# ૬) તત્વાર્થસારિકા

### પ.પૂ. સાધ્વી શ્રી કીર્તીપૂર્ણાશ્રીજી મ.સા.

### ચાર પ્રકારનાં પુન્યપાપ ચતુર્ભંગી

## પ્રથમ પુન્યાનુબંધી પુન્ય

એક નગરમાં એક શેઠ રહે. તેમને ચાર પુત્ર હતા, ચાર પુત્રવધુઓ હતી. શેઠાણી સ્વર્ગે સંચરી ગયાં હતાં, વ્યાપાર ધમધોકાર ચાલતો હતો, સુખી જીવન હતું. પણ ધનની લગન અત્યંત હતી, ધર્મની લગન જરાય ન હતી.

જે પુત્રવધુઓ આવેલી તે પિયરમાં ધર્મના સંસ્કારવાળી હતી પણ અહીંના વાતાવરણમાં આવીને ધર્મ વિશેષ કરતી ન હતી. કારણ સોબત તેવી અસર.
પણ પુત્રવધુઓને થોડા સંસ્કારો રહ્યા હતા તેથી મનમાં ક્યારેક થતું કે ધર્મ ચૂકાઈ જાય છે, પિતાજી સાથે બે પુત્રો જમવા આવતા, પછી જમીને જાય ત્યારે બે પુત્રો પાછળથી જમવા આવતા. રોજનો આ ક્રમ હતો.

એકવાર પર્યુષણના મોટા દિવસ આવ્યા, આખું ગામ ઉપાશ્રય તરફ વ્યાખ્યાન સાંભળવા જવા લાગ્યું, પુત્રવધુઓને થયું, ચાલો ઘરનાં કામ તો રોજ છે જ આપણે પણ આજે જઈએ.

પણ રસોઈનું શું? એક બોલી, આવ્યા પછી જોઈ લેવાશે.

અને ચારે બની ઠની, શણગાર કરી ઉપાશ્રયે પહોંચી ગઈ. પણ ઉપાશ્રય સંપૂર્ણ ભરાઈ ગયો હતો, પાછળ બેસે તો કાંઈ જ સંભળાય નહિ તેથી વચ્ચે વચ્ચે જગ્યા કરાવતી વહુઓ આગળ ચાલી.

અહીં મંદિર – ઉપાશ્રયમાં કેવી શિસ્ત જાળવવી તે કહેવા યોગ્ય કહેવું.

પાછળ આવીને આગળ બેસવા કરતાં જ્યાં જગ્યા મળે ત્યાં જ ગોઠવાતાં શીખવું જોઈએ.

એક ડોશીમાં બટકબોલા હતાં, બોલ્યાં, અલીઓ આગળ ખૂંદીખૂંદીને જઈ રહી છો તે તમારા સસરાએ કંઈ ચઢાવો લીધો છે કે જમણ કરાવ્યું છે કે વરઘોડો કઢાવ્યો છે?

અને આ બિચારીઓ માજીનાં મહેણાં સાંભળીને ત્યાં જ થીજી ગઈ, પણ મનમાં નક્કી કર્યું કે આ મહેણાંને સાચાં કરવાં. (કોઈપણ કાર્યનો નિશ્ચય કરવો) વ્યાખ્યાન સાંભળી ઘેર આવી.

હાં રે મારે આદિનાથનું શરણું રે, અને સામે ખીંટીએ ગરણું રે,

હાંરે મારે શાંતિનાથનું શરણું રે, અને દૂધ લેવું બમણું રે..

ચારે મળીને ઉપવાસ કર્યો, સામાયિક લઈને બેસી ગઈ. માળા ગણવા લાગી, પતિ તથા દિયર બે જમવા આવ્યા, રસોડામાં કોઈ જ ન મળે, ઉપર ગયા તો મૌનવાળી નારીઓને જોઈ.

પૂછે છે રસોઈ કેમ નથી કરી. ઉત્તર મળતો નથી. ફરીથી કહે છે કેમ શું છે? ઉં – હું આટલો ઉત્તર મળ્યો. આપણી સ્થિરતા કેવી?

નામ ભગવાનનું લઈએ પણ મનમાં સંસારનું રટણ. મૌનમાં પણ ઉત્તર સંસારનાં કાર્યોનો જ આપી દઈએ.

વહુ મારી ટોડલે વળગ્યું ગરણું, મારે શાંતિનાથનું શરણું

વહુ મારે માળા ગણવાનો નેમ, તમે દૂધ લેજો સવા શેર.

એક શેઠજી સામાયિક કરતા હતા. મન તો હતું દુકાન–વ્યાપાર ઘરની જંજાળમાં

નાની આવેલી વહુ હોંશિયાર હતી. બહાર કોઈ ભાઈ આવ્યો, શેઠજી ક્યાં ગયા? વહુએ કહ્યું ઢેઢવાડે. શેઠજી સાંભળીને સમસમી ગયા, કેમ વહુજી ! આવું બોલ્યાં. માફ કરજો બાપુજી ! તે વખતે તમો ચંપલને જોઈ રહ્યા હતા, અને ખરીદી કરવા વિચારી રહ્યા હતા એટલે મેં તમારૂં મન તેમાં જાણીને આ પ્રમાણે કહ્યું.

કહેવાનો અર્થ આ જ કે આપણે જે રીતે સ્થિરતાથી ધર્મસાધના કરવી જોઈએ તે રીતે કરતાં નથી...

મયણાને આરતિ સમયે થયેલો ભાવ.

જહાં કામ વહાં રામ નહિ, જહાં રામ વહાં નહિ કામ

તુલસી દોનું ના રહે, રવિ રજની એક ઠામ.

બંને ભાઈઓએ પત્નીઓનું મૌન છોડાવ્યું અને પૂછ્યું, સાચું કહો ! કેમ રસોઈ નથી કરી? સ્ત્રીઓ કહે, અમારી ઈચ્છા પૂર્ણ કરો તો રસોઈ કરીએ. ભાઈઓ કહે, બોલો શી ઈચ્છા છે ! તેઓ કહે...

અમને આ રીતે ઉપાશ્રયમાં મહેણાં સાંભળવાં પડયાં છે, આપણા ઘરેથી

ક્યારેય સારાં કામો થયાં નથી, તો કાંઈક કરાવો. બોલો શું કરાવવું છે? વિચાર કરીને સ્ત્રી બોલી, આ વખતે પારણા પાંચમનાં પારણાં સાધર્મિક વાત્સલ્ય કરાવી દો. ભાઈઓએ ઉત્સાહથી હા પાડી. રસોઈ બનાવી. જમીને દુકાને ગયા.. બાપાને શી રીતે મનાવવા? યુક્તિ કરી. એક દીકરો મોટો કહે, બાપાજી! એમ કરો પર્યુષણમાં ખાસ ઘરાકી થતી નથી, લોકો ધર્મધ્યાન કરે છે, તો છ સાત દિવસ આપણે ઘેર બેસીને ચોપડા ચોકખા કરી દઈએ તો? બાપાને વાત ગમી ગઈ. ધર્મ તો ગમતો ન હતો. બંને બાપદીકરો ચોથા માળે બેસીને હિસાબ કરે છે. આ તરફ બે ભાઈ બે પત્ની ગામમાં આમંત્રણ આપવા નીકળી પડ્યાં અમારે ઘેર પારણા પાંચમના જમવા પારણાં કરવા પધારજો... લોકો આશ્ચર્ય પામ્યા. ક્યારેય નહિ ને આ શેઠિયાને ઘેર આમંત્રણ. ચમડી તૂટે પણ દમડી ન છૂટે... પણ ક્યારેક કોઈનો સમય પાકી ગયો હોય છે ત્યારે સુંદર કામો થઈ પણ જાય છે. આ તરફ ભાઈઓએ અંદર અંદર જમણવારની પૂરી તૈયારી કરી લીધી.

દિવસ આવી ગયો પારણા પાંચમનો...

શેઠજી તો ઉપર જ જમે છે, બધું જ કામ ભાઈઓએ એવું ગોઠવ્યું છે કે તેમને ગંધ પણ ન આવે. અને સવારે નવકારશી ટાઈમે સુંદર મીઠાઈની મીઠી મીઠી સુગંધ આવવા લાગી. વાટકા, થાળીઓનો ખખડાટ થવા લાગ્યો. શેઠ પુત્રને પૂછે છે, ભઈલા ! આજે શું છે! મીઠાઈની સોડમ આવી રહી છે, અવાજ આવી રહ્યો છે. છોકરો કહે, એ તો આજે પારણાં છે તેથી બાજુમાં આ બધું થઈ રહ્યું છે. આ તરફ મુનિરાજને બોલાવવા પુત્ર જઈ આવ્યો. મુનિરાજ આવી રહ્યા છે, પિતા ફરી પૂછે છે, આ તો અલ્યા આપણે ત્યાં જ સુગંધ આવી રહી છે અને અવાજ આવી રહ્યો છે, શંકા દઢ બનવાથી પોતે જ ઊભા થઈને બારીમાંથી જુએ છે. ફરી બોલ્યા, તું કેમ ખોટું બોલે છે? આપણા ઘેર જ બધુ છે... હવે પુત્રને થયું સાચી વાત કહેવા દે. અને વાત કરે છે ત્યાં તો મુનિરાજે ધર્મલાભ દીધો. શેઠ કહે, ભઈલા ! મને કહ્યું હોત તો હું પણ આ સાધર્મિક ભક્તિનો લાભ લેત ને !

ચાલો, હવે પણ લાભ લઉં આ મુનિરાજનો.

એમ કહીને એટલો બધો ઉત્સાહ આવ્યો વહોરાવવાનો તેથી. જલદી જલદી પગથીયા ઉતરવાથી નીચે ગબડી પડ્યા અને ત્યાં જ પ્રાણપંખેરું ઊડી ગયું પણ મન સુપાત્રદાનમાં રહી ગયું તેથી મનોરથ પૂરવાના અભિલાષા રહી ગઇ પણ સાચી ભાવના હતી ભાવના ભવનાશિની...

તેથી મરીને ક્યાં ઉત્પન્ન થયા, ગોવાળના ઘેર અને રાજગૃહીના શાલિગામમાં જન્મેલા એ બાળકના સુપાત્રદાનની કથા આપણે ત્યાં જાણીતી જ છે. કે શેઠના ભવમાં કાંઇ ન કર્યું પણ મરતી વખતે ફક્ત શુધ્ધ ભાવ રહ્યો અને ગોવાળના

ભવમાં રડીરડીને મેળવેલી ખીર, પણ જ્યાં મુનિરાજના પગલાં થયાં કે ખીરની આસક્તિ ચાલી ગઈ. અને વહોરાવવાના ભાવમાં અનુમોદના કરતાં કરતાં જે દાન આપ્યું અને આયુષ્ય પૂર્ણ થયું અને જે ગોભદ્રશેઠને ત્યાં ઉત્પન્ન થયા તે જ આ શાલિભદ્ર. પૂર્વના શેઠનો જીવ...

શાલિભદ્રજીના જીવે પૂર્વભવમાં ખીર વહોરાવીને જે પુન્ય ઉત્પન્ન કરેલ તેના કારણે આ ભવમાં પણ દેવ બનેલ પિતાજીના જીવે રોજ રોજ વસ્ત્ર, ભોજન, આભરણની ૯૯ પેટી મોકલવા માંડી અને પુન્યનો ભોગવટો કરવા લાગ્યા.

એકવાર કોઈ સાર્થવાહો રત્ન – કંબલો સોળ લઈને રાજગૃહીમાં વેચવા માટે આવ્યા, રાજા શ્રેણિક પાસે ગયા. મૂલ્ય પૂછવાથી સવાલાખની કિંમત બતાવી. રાજા વિચારે છે, માત્ર ૧ કંબલની કિંમત સવા લાખ હોય તે લેવી એના કરતા પ્રજાજનોનાં દુઃખ મિટાવવા શું ખોટાં, રાજભંડાર પણ ખાલી થઇ જાય. આ વિચારથી પેલા સાર્થવાહોને ખરીદી કરવા ના પાડી. વણઝારા રાજગૃહીના રાજા પણ ખરીદ ન કરી શકયા તેથી ઉદાસ થઈ ચાલતા થયા અને નિંદા કરતા બહાર નીકળી રહ્યા છે. ભદ્રામાતાને ખબર પડી, દાસી બોલાવવા આવી, મારાં શેઠાણી બોલાવે છે. પેલાઓને નવાઈ લાગી પણ ગયા. ભદ્રા કહે, શું લાવ્યા છો બોલો. તેઓ કહે છે રાજા પણ ન લઈ શક્યા તેવો માલ છે. પણ બતાવો તો ખરા ભદ્રા બોલ્યાં. તેઓએ રત્નકંબલ બતાવી, ભદ્રાએ ભંડારીને બોલાવ્યો, આ કંબલના મૂલ્ય ચૂકવી આપો. વણઝારા તો માને છે કે આ બાઈને ગાંડપણ લાગે છે, પણ જ્યારે રોકડા પૈસા ચૂકવાઈ ગયા ત્યારે આશ્ચર્યનો પાર ન રહ્યો. હજુ તો વણઝારા ઊભા જ છે, અને માતાએ ૧૬ કંબલના ૩૨ ટુકડા કરી નાખ્યા. વણઝારા હા, હા કરવા લાગ્યા. માતા બોલ્યાં... મારે તો ૩૨ વહુઓ છે અને તમે ૧૬ જ લાવ્યા.

આ પુન્યનો ઉદય જોરદાર કહેવાય...

આ સમાચાર શ્રેણિકની પત્ની ચેલણા પાસે પહોંચ્યા. હઠ લઈને બેઠા કે એક શેઠ પણ લઈ શકે તો તમે રાજા થઈને મારી ઈચ્છા પૂર્ણ ન કરી શકો?

તાબડતોબ સેવક શાલિભદ્રને ત્યાં પહોંચ્યો. આ તરફ માતાએ ૩૨ વહુઓને બોલાવીને એક એક ટુકડો વહેંચી આપ્યો. પણ પુન્ય કોનું નામ ! જે નારીઓને શાલિના પુન્યથી રોજ દેવતાઈ આભરણ અલંકારો વસ્ત્રો મળે છે તે આવી રત્નકંબલ, ખરબચડીમાં મન મનાવે?

તેઓએ તો સ્નાન કરીને આવ્યા બાદ મોં મચકોડીને એ ટુકડાથી પગ લૂંછીને ખાળમાં નાખી પણ દીધા.

પુન્યનો ઉદય તો જુઓ !

જે કંબલને ખુદ રાજાની રાણી ઝંખી રહી છે, બધું જ છોડીને બેસી ગઇ છે એવી

કંબલોને એક બાજુ નાખી દેવી આ પુન્ય નહિ તો બીજું શું ?

સેવક રાજમહેલમાં પહોંચી ગયો. રાજાને વાત કરી. રાજાને વિસ્મય થયો. ઓહ ! મારા રાજ્યમાં આવા શ્રીમંતો વસે છે ! શ્રેણિકરાજા સમકિતી છે, તીર્થંકરનામ કર્મ નિકાચિત કરવાના છે તેથી તેઓ ગુણ જ જુએ છે, નહિતર તો ઈર્ષ્યા જ કરત.

અરે ! એવો કોણ છે કે જે મારો પણ ઉપરી થયો છે ! પણ સમકિતીનાં એ જ લક્ષણ કે ગુણ હોય ત્યાં જ નજર કરે..

કાગડો હંમેશા વિષ્ટાને જ જુએ, જ્યારે મરાલ હંસ તો સરોવરને જ જુએ. બીજાના પુન્યના ઉદયે મળેલા બંગલા, બગીચાને જોઈને બળનારા પણ આ જગતમાં ઘણા જ છે. પણ એમ વિચાર નથી કરતા કે ભાઈ આણે એવું પુન્ય પૂર્વમાં ઉત્પન્ન કર્યું છે કે તેનાં ફળ ભોગવી રહ્યો છે, માટે હું પણ કાંઈક પુન્ય કરૂં...

કૃષ્ણ મહારાજા માર્ગ પર ચાલી રહ્યા છે, ત્યાં એક દેવે તેમના સમકિતની પરિક્ષા માટે સડેલી, મરેલી કૂતરી વિકુર્વી. બધા માણસો પસાર થતાં થતાં દુર્ગંધથી કંટાળીને નાકે ડુચા દઈને ચાલ્યા, જ્યારે કૃષ્ણ મહારાજા એમ જ ચાલ્યા, અને બોલ્યા, અહો આ કૂતરીની દંતપંક્તિ કેવી શ્વેત સુંદર છે ! કહેવાનો અર્થ કે સમકિતિ ગુણ જ જોશે.

શ્રેણિકરાજાએ આવા પુન્યશાલીનાં દર્શન કરવા સેવકને ભદ્રામાતાને ત્યાં મોકલ્યો. પણ આ તો અહમિંદ્રનો અવતાર.

સૂર્ય ક્યાં ઊગે ક્યાં આથમે તે પણ ખબર નથી. બધો વ્યવહાર માતા જ ચલાવે છે. નોકરો જ ચલાવે છે. ભદ્રામાતા ખુદ રાજા પાસે જઈ વિનંતિ કરી આવ્યા. રાજન્ આપ જ મારા મંદિરે પધારો તે નહિ આવી શકે. સુકોમલ ઘણો જ છે. રાજા તેના મહેલે આવવા સ્વીકારે છે. આજના રાજાને આવો પ્રજાજન છે તેવી ખબર પડે તો શું કરે ! લૂંટફાટ જ ને !

પણ ના, રાજા અલગ પ્રકારના હતા. ગુણાનુરાગી હતા.

આ તરફ ગોભદ્રદેવને ખબર પડી શ્રેણિક સ્વયં મહેલે પધારવાના છે, તેણે તો દેવમાયાથી, રાજમહેલથી તે પોતાના પુત્રની હવેલી સુધી એવી તે નગરી સજાવી કે જોનાર ભ્રમમાં જ પડી જાય. શ્રેણિક પોતાના પરિવાર, મંત્રી, સામંતાદિ સાથે નીકળ્યા, રસ્તામાં આ તરફ જુએ તો વિવિધ નાટકો, વિવિધ દશ્યો, ત્યાં ને ત્યાં દેવની જેમ અનિમિષનયણે જોતા જ રહી જાય, હજુ તો ઊભા રહીને જોતા હોય ત્યાં બીજો સેવક બોલાવે રાજન્ જુઓ જુઓ આ તો દશ્ય જોવાનું રહી ગયું. આમને આમ સમય વીતતો ચાલ્યો. કોઈએ કહ્યું કે આમ તો તેની હવેલી સુધી બધું આવું જ સુંદર જોવાનું છે. જો જોતા જ રહીશું તો ક્યારે તેની હવેલીએ પહોંચીશું? પછી બધું મૂકીને ત્યાં પહોંચ્યા. રાજા પ્રથમ માળે ચઢીને સુંદર ફરસી જોઈને બેસવા ગયા, ભદ્રા કહે, રાજન્ ! આ તો મારાં નોકર ચાકર ઢોર વિ.ને રહેવાનું સ્થાન છે.

બીજા માળે બેસવા ગયા તો કહ્યું, આ તો અમારા દિવાનજી, ગુમાસ્તાનાં સ્થાન છે... રાજા તો જોતા જ રહ્યા, સાંભળતા જ રહ્યા, અરે પુન્યપ્રભાવ તો જુઓ, મને પોતાને રહેવાનાં જે સ્થાન આવા મનોહર નથી તે આને ત્યાં નોકર, પશુનાં સ્થાન છે. વાહ રે વાહ...

પછી ચોથા માળે સ્વાગત સાથે રાજાજીને મણિ, મોતી–ભર્યા સિંહાસન ઉપર બેસાડ્યા. સુંદર આગતા—સ્વાગતા કરી.. રાજાને તો શાલિકુમારને જોવાની ઘણી તમન્ના હતી, ભદ્રાને કહે, માતા ક્યાં છે તારો કુમાર ! રાજન્ આપ બેસો, તે તો સાતમા માળે રમણીઓથી ઘેરાયેલો છે, હું નીચે બોલાવું છું. ભદ્રા બોલાવવા ગયાં, શાલિ ! બેટા નીચે આવ, શ્રેણિક આવ્યા છે. શાલિને મનમાં એમ કે કાંઈ કરિયાણું છે, તેથી માને કહે, મા ! મને તું શું પૂછે છે! શ્રેણિક હોય તેને વખારમાં નંખાવી દો. મા કહે, બેટા શ્રેણિક એ કાંઈ કરિયાણું નથી કે વખારે નંખાય... એ તો તારા, મારા અને પ્રજાના રાજા છે.. સ્વામી છે, ધણી છે.

બસ આ શબ્દો સાંભળવા માત્રથી શાલિના વિચાર શરૂ થઈ ગયા, કે મારા માથે પણ ધણી છે? હું તો અત્યાર સુધી એમ જ માનતો હતો કે મહાવીર સિવાય બીજા કોઈ મારા માથે નાથ નથી.. વિચારધારા હવે વૈરાગ્યમાં પલટાતી ગઈ...

માતાના કહેવાથી નીચે આવ્યા... પણ મોં પડી ગયું હતું. નીચે ઉતરતા શાલિને રાજા જોતા રહ્યા, કુંડલ, આભરણ કાંતિ વિગેરે જોતાં સાક્ષાત્ દેવકુમાર ઉતરતો હોય તેવો લાગ્યો. આવીને રાજાને નમસ્કાર આદિ વિનય કર્યો.. રાજાએ પોતાના ખોળામાં બેસાડયો, પણ આ તો સુકુમાલ.. ક્ષણવારમાં તો પરસેવો છૂટી ગયો, રાજાએ વ્હાલથી પીઠ પર હાથ ફેરવી પૂછ્યું, બેટા શાલિ! વત્સ, તને શરીરે કુશલ છે ! દેવગુરૂ પસાય... આ ઉત્તર આપ્યો. રાજાના રૂક્ષ શરીરને તે સહન કરી શકતો ન હતો, માતા કહે રાજન્ હવે તેને છોડી દો. ઉપર જવા દો.

રાજા તેના પુન્યને જોઈ રહ્યા... જબ્બર પુન્યપ્રભાવ છે. પછી સુગંધી અત્તર વિ.નું રાજાના શરીરે નોકરો દ્વારા વિલેપન કરાવ્યું. સ્નાન કરતાં કરતાં રાજાની મુદ્રિકા કૂવામાં પડી ગઈ. રાજા આમતેમ શોધવા લાગ્યા. ભદ્રા પૂછે છે, શું થયું? મારી મૂલ્યવાન વીંટી ખોવાઈ ગઈ ! ઊભા રહો રાજાન્. કુવામાં તપાસ કરાવું છું. અને દાસી દ્વારા કૂવાનાં નિર્માલ્ય આભરણ કઢાવ્યા તો તે દેવતાઈ આભરણો પાસે તેની મુદ્રિકા કોલસા જેવી લાગી.. રાજન્ આ આપની જ છે ને! હા.. ગોભદ્ર દેવ રોજ જે અલંકાર આદિ મોકલતા તે બીજા દિવસે આ કૂવામાં નિર્માલ્ય થયેલું નાખી દેવામાં આવતું. તેના ઢગલા હતાં.

રાજા આ જોઈને તો વિશેષ વિસ્મય આશ્ચર્ય, અહોભાવ અનુભવવા લાગ્યો, પુન્યની અનુમોદના કરવા લાગ્યો. ધન્ય છે, પુણ્યાનુબંધી પુણ્યને.. ભોગવનાર શાલિને..

નિયાણારહિત, આકાંક્ષા વિના ધર્મ કરનારને આવાં અમૃત જેવાં સુખો મળે છે.. મળ્યા પછી પણ લેપાય નહિ...

રાજા ગુણાનુરાગી હતા, ઈર્ષ્યારહિત હતા, સમકિતી હતા તેથી આનું ધન લઈ લેવાની વૃત્તિ ન જાગી...રાજા તો મહેલે ગયા, પણ શાલિ વિચાર કરતો થઈ ગયો અને આ નિમિત્તે વૈરાગ્યમાં આવી ગયો.

રોજ એક એક સ્ત્રી ત્યાગ કરે છે. આ તરફ તેમના શાળા ધન્નાજીને આઠ નારીઓ છે તેમાં સુભદ્રા શાલિની બહેન છે. ભાઈના સંસારત્યાગની વાત બહેને સાંભળી. ધન્નાજીને સ્નાન કરાવતાં આસુનાં બે બુંદ આંખમાંથી ટપકી પડયાં.

પૂછે છે, કેમ સુંદરી ! શું દુઃખ પડ્યું ?

સુભદ્રા કહે, મારો ભાઈ રોજ રોજ એક સ્ત્રીનો ત્યાગ કરે છે, દીક્ષા લેવાનો છે !

ધન્નાજી મજાકમાં બોલ્યા! જો સંસાર ત્યાગ જ કરવો છે તો એક એક શા માટે છોડે છે ! તારો ભાઈ કાયર હશે ! છોડવું તો એકી સાથે બધું જ છોડી દેવું.. સુભદ્રા કહે, સ્વામિન્ ! બોલવું સહેલું છે, છોડવું અઘરૂં છે. કહેવું તો સ્વામિ સોહિલું રે, વીસરતાં વીસમણિ થાય.

ધન્નાજી ઉઠવા ગયા ત્યાં બોલી, હસતાં તો સ્વામિ હસાઈ ગયું જી. " તાણી શું બાંધો છો ગાંઠ હો પ્યારાજી કોણ તમને દુભણહાર. "

ધન્નાજી તરત જ ઊભા થઈ ગયા, ચાલી નીકળ્યા, શાલિભદ્રજીને બોલાવીને, વીરપ્રભુ પાસે સંયમ સ્વીકારી લીધો. વીરપત્ની આઠે ધન્નાજીની, પતિ પાછળ નીકળી પડી... બન્ને સાળા બનેવી સુકોમલ હોવા છતાં બાર વર્ષ સુધી એવા તપ તપ્યા કે,

જયારે વીરપ્રભુ પરિવાર સહિત રાજગૃહી નગરીમાં પધાર્યા ત્યારે માસખમણના પારણા ઉપર શાલિમુનિ અને ધન્નાજી વહોરવા નીકળે છે ત્યારે પ્રભુ વીર સામેથી કહે છે વત્સ ! આજે તારું પારણું માતાના હાથે થશે.

તે સાંભળી મુનિ આનંદિત થયા, વહોરવા ગયા ભદ્રા માતા તો પ્રભુની સાથે પુત્ર અને જમાઈ મુનિ આવ્યા હોવાથી સામૈયાની તૈયારીમાં પડ્યાં છે, અને મુનિઓ આંગણામાં જઈ ધર્મલાભ આપી ઊભા રહ્યા. પણ કોણ જાણે, પરિવારે કે કોઈ સ્ત્રીઓએ પણ તેમને ઓળખ્યા નહિ અને ગરબડમાં કોઈએ આહાર માટે પણ પૂછ્યું નહિ..

અહીં એ જ વિચારવાનું છે કે, આ બંનેએ સંયમ લઈને કેવી ઉગ્ર તપશ્ચર્યા કરી અને કેવો મોહ ઉતાર્યો હશે કે ચિરપરિચિત હોવા છતાં કોઈએ ઓળખ્યા નહિ.

મુનિઓ વિચાર કરતા પાછા વળ્યા પણ પ્રભુનું વચન કેમ દેખાણું નહિ, અંદરનો ભેદ કેવલજ્ઞાની સિવાય કોણ જાણી શકે?

માર્ગમાં મહિયારી મલી જે પૂર્વભવની ગોવાલણ માતા જ હતી, મુનિને જોઈ પુલકિત થઈ, દહીં વહોરાવ્યું વહોરી સંશય ધરતા સમવસરણમાં પ્રભુ પાસે આવી

ગયા.. વીરપ્રભુએ ખુલાસો કર્યો અને પારણું કરી વૈભારગિરિ પર અણસન કરવા નીકળી પડ્યા.

પૂર્વભવ સાંભળી વધુ વૈરાગી બન્યા કે આ ભવનો વૈભવ ક્યાં?, પૂર્વભવની ગરીબી ક્યાં?

જે માણસ વૈરાગી હોય છે તેને તો સંસારમાં ડગલે ને પગલે વૈરાગ્યનાં નિમિત્ત હોય છે પણ મોહમૂઢ જીવાત્મા સમજી શકતો નથી.

હનુમાનજી હજાર રાણીઓના સ્વામિ, માત્ર આકાશમાં વાદળની ઘટા જોઈ, વિખરાઈ, આટલા જ નિમિત્તથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. જ્યારે હનુમાને દીક્ષા લીધી ત્યારે ચરમશરીરી એવા રામે પણ મશ્કરીમાં હાસ્ય કર્યું હતું, કારણ કે તે વખતે રામચંદ્રજી લક્ષ્મણના મોહમાં મગ્ન હતા.

સૌધર્મ દેવલોકમાં વાત ચર્ચાણી કે બળદેવ, વાસુદેવનો પ્રેમ અત્યંત હોય છે, આ વચનની ખાતરી કરવા બે દેવો અયોધ્યામાં ઉતરી આવ્યા, વાસુદેવ લક્ષ્મણ સિંહાસન ઉપર બેઠા છે, જઈને કહે છે, રામચંદ્રજી મૃત્યુ પામ્યા છે. ખલાસ, આ સાંભળતાં જ વાસુદેવ મૃત્યુ પામી ગયા, દેવો આવ્યા હતા તો કૌતુક જોવા પણ આ બનાવ બની ગયો, મોહથી રામ ભાઈના મડદાને લઈને છ મહિના ફર્યા, દેવોએ યુકિત પ્રયુક્તિ કરી સમજાવ્યા, પછી જે સંયમમાં લગન લાગી અને સાધનાની ધૂણી ધખાવી કેવી કે ખુદ સીતેન્દ્રને થયું કે રામચંદ્રજીને સાધનાથી ચલિત કરૂં તો મારો તેમની સાથે સંબંધ થાય પણ મહાત્માઓને એક જ વૈરાગ્યનું નિમિત્ત બસ છે.

શાલિભદ્ર ધન્નાજી વૈભારગિરિ ઉપર અણશન સ્વીકારી સૂઈ ગયા, મોહ-મમત્વ દૂર ફગાવી દીધાં. ભદ્રામાતા પરિવાર સહિત પ્રભુજીને વંદનાર્થે આવ્યાં.

જમાઈ, પુત્રને ન જોતાં  પૂછ્યું, ખુલાસો મળ્યો, ત્યાં ને ત્યાં મૂર્છા ખાઈ પડ્યાં... મૂર્છા વળતાં વિલાપ કર્યો, હું કેવી કમભાગી, અભાગી, કોઈ પણ સાધુમહારાજ આવે તો હું બધું જ પૂછતી..

આ કેવો બનાવ કે બંને ઘેર આવ્યા તો પણ મેં કાંઈ જ ન કર્યું, ન પૂછ્યું.. વૈભારગિરિ પર સહુ ગયાં પણ મુનિ બોલતાં નથી.

અંતમાં ભદ્રા માતાને રાજા શ્રેણિક અને અભયકુમાર બહુ જ આશ્વાસનના શબ્દોમાં કહે છે, હે માતાજી! તમો તો ઘણા જ ભાગ્યશાળી છો કે આવા મહાન સૌભાગ્યશાળી, ત્યાગી વીર પુત્રને તમે જન્મ આપ્યો છે.

આટલો સુકોમલ તારો લાડલો હોવા છતાં જે ભીષ્મ સંયમના માર્ગે પ્રયાણ કરી તેને ઉચિત આચાર પાળી આવા મહાન અનશનને પણ જે વર્યો છે. તું વીરપ્રસુતા છો, તું જ મહા ધન્ય જનની છો કે, તારી કુક્ષિએ આવીને તે પુત્રને બીજા અવતાર પણ નહિ લેવા પડે...

તારો જમાઈ પણ કેવો, પગલે પગલે જેને નિધાન હતાં, સુંદર રમણી વર્ગ

હતો તેણે પણ આ માર્ગ સ્વીકારી, જ્યાં સાહસ, ત્યાં સિધ્ધિ, આ ઉક્તિને ચરિતાર્થ કરી બતાવી. માટે તું આનંદમાં આવી જા. પ્રાર્થના કર. સહુ શિવસુખના ભોકતા બનીએ, આ રીતે આ દૃષ્ટાંત પુન્યાનુબંધી પુન્ય ઉપરનું પૂર્ણ થયું..

બીજુ પુન્યાનુબંધી પાપ

પૂનમચંદ શેઠે વીરપ્રભુની દેશના સાંભળી પરિગ્રહ પરિમાણ નામનું પાંચમું વ્રત અંગીકાર કર્યું. ફક્ત રોજના તે વખતનું નાણું બે દોકડા તેના ઉપર નિર્વાહ કરતા. રૂની પૂણીઓ કાંતીને વેચતા હોવાથી તેનું નામ પૂણીયો પડી ગયું. આગળ વધતાં પોતે એક દિવસ ઉપવાસ કરે, સાધર્મિકને જમાડે પત્ની બીજા દિવસે ઉપવાસ કરે સાધર્મિકની ભક્તિ કરે. ભગવાનની ભક્તિ પણ સુંદર કરે.

આજે આપણી ભક્તિ કેવી !

બધું જ ઝડપી, બધું જ મંદિરનું... બધું જ બીજાનું... પૂજા કરતાં હોઈએ તો ઘરના વિચાર, ચૈત્યવંદન કરતાં શાક લેવાના વિચાર.

નિસીહિ કહીને પ્રવેશ્યા બાદ પણ આપણને વાતો કરવાનો અધિકાર હોય તેમ આપણે મંદિરમાં વર્તીએ છીએ..

પ્રભુ વીરના મુખે જેનું નામ ચઢી ગયું તે પૂણીયો જેવો તેવો ધન્ય કહેવાય કે ધન્યાતિધન્ય? નીતિ પણ કેવી? એકવાર સામાયિકમાં બેઠા બાદ તેનું મન સામાયિકમાં લાગતું નથી. પત્નીને કહે આજે ગરબડ થઈ લાગે છે. તેં કાંઈ કર્યું છે? પત્ની કહે ના.. પણ યાદ કરતાં સ્મરણમાં આવ્યું કે આજે પડોશીનું છાણું બિનહક્કનું આવી ગયું છે.. જ્યારે આપણે બજારમાં શાક લેવા જઈએ માણસ બરાબર તોલીને શાક આપે પણ આપણે તે વખતે પાછળથી ભીંડા બે ચાર ઝોલીમાં ટપકાવી જ દઈએ છીએ. પૂણીયાના જીવનમાં સામાયિક, પ્રભુભક્તિ, સાધર્મિક ભક્તિ, નીતિમત્તા વિગેરે મહાન ગુણો સ્વાભાવિક રીતે વણાઈ ગયા હતા. તેના કારણે જ શ્રી મહાવીરના શ્રીમુખે શ્રેણિક રાજા આગળ પણ કહેવાયું... એકદા શ્રેણિકે પૂછ્યું, ભગવન્! હું મરીને ક્યાં જઈશ! પ્રભુ બોલ્યાં, નરકમાં. રાજા કહે, પ્રભો આપનો હું ભક્ત અને મારે નરકમાં જવું પડે! ભગવાને સમાધાને માટે કહ્યું, જા પુનીયાના (શ્રાવકનું) સામાયિકનું ફળ લઈ આવ, કપિલા દાસી પાસે દાન દેવરાવ. કાલસૌકરિક કસાઈને પાડા મારતો અટકાવ. અને હરખઘેલા રાજા ઉપડયા પુનીયાને ઘેર.. અને સંપૂર્ણ રાજય આપવા તૈયાર થઈ ગયા પણ પૂણિયો એવો થોડો કાચો હતો કે ધર્મનું ફળ આપી દે. તેણે તો રાજાની પણ શરમમાં પડ્યા વિના કહી દીધું, મારે એવી રાજયસંપત્તિની જરૂર નથી..

કપિલા દાસી પાસે દાન દેવરાવ્યું પણ તે બોલી, મેં દાન આપ્યું જ નથી, મારા ચાડિયાએ આપ્યું છે.

પાડા મારતો નગરમાં કસાઈને અટકાવ્યો પણ તેણે તો કૂવામાં માટીના તે

પાડા કરીને પણ ભાવથી માનસિક હત્યા કરી.

આ રીતે ત્રણે પ્રકારમાં રાજા નાસીપાસ થયા અને ભગવાન પાસે આવ્યા, ભગવાને આશ્વાસન આપ્યું, તારૂં નિકાચિત કર્મ છે તેથી ભોગવવા જવું જ પડશે કેવીરીતે નિકાચિત થયું, તે બતાવે છે.

શ્રેણિકને જ્યારે પ્રભુ મળ્યા ન હતા ત્યારે શિકારના અત્યંત શોખીન હતા, એકવાર ગર્ભિણી હરિણીને મારી, માર્યા બાદ ઘણી અનુમોદના કરી, હું કેવો બળવાન, એક તીરે બેને માર્યા...

હોય વિપાકે દશગણું રે, એકવાર કિયુ કર્મ.
શત સહસ કોડિ ગમે રે, તીવ્રભાવના મર્મ રે
પ્રાણી ! જિનવાણી ધરો ચિત્ત...

પ્રભુએ રાજાને કહ્યું, અંતમાં તું પણ મારા જેવી જ તીર્થંકર પદવી પ્રાપ્ત કરીશ...

આ પુનિયાના દષ્ટાંતથી આપણે પ્રભુ ભક્તિ વિગેરેમાં લયલીન બનીને પાપને ખપાવીએ, પુન્યને ઉત્પન્ન કરીએ.

ત્રીજું પાપાનુબંધી પુન્ય

એક ગામમાં એક શેઠ હતા, એકવાર ગામમાં સિંહકેસરિયા લાડુની પ્રભાવના થઈ, ચારેક લાડુ હતા, શેઠજી ઘેર આવ્યા તે જ વખતે બે મુનિરાજ વહોરવા પધાર્યા, શેઠને ઉમળકો આવ્યો, પોતાના માટે નહિ રાખતાં મુનિરાજને વહોરાવી દીધા, મુનિ ના કહેતા રહ્યા પણ તેણે ભાવથી આપ્યા.

મુનિ વહોરીને ગયા બાદ પડોશમાં રહેતાં એક માજી આવ્યાં અને કહે, અલ્યા ભઈલા ! લાડવો બાડવો ખાધો કે ! શેઠ કહે, ના, ના મેં તો મુનિરાજનો લાભ લીધો, આનંદ આવ્યો. પણ માજી કહે, અલ્યા વહોરાવ્યો તો ભલે પણ થોડો સ્વાદ કરવા તો રાખવો હતો ને ! શું સ્વાદ હતો જાણે જન્મારામાં ય આવો લાડવો જોવા મળ્યો ન હતો. કેટલાક માણસોને વાત વધારી કરીને પણ બોલવાની ટેવ હોય છે. અને શેઠે જે વહોરાવ્યા હતા ઉમંગથી તેમાં પસ્તાવાની શરૂઆત થઈ ગઈ.

દાન આપ્યા પછી તેની પાંચ અવસ્થા બતાવી છે.

દાન આપ્યા પછી... આનંદનાં આંસુ આવે, શરીરમાં રોમાંચ થાય, બહુમાનભાવ જાગે, પ્રિયવાણી બોલે અને અનુમોદના થયા કરે...

જીરણશેઠજી પ્રભુ વીર જ્યારે ચારમાસના ઉપવાસમાં ધ્યાન ધરી રહ્યા હતા ત્યારે રોજ રોજ પ્રભુની પાસે જઈ વિનંતિ કરતા, પ્રભુ પારણાનો લાભ મને આપો. ઘેર જઈને પરિવારમાં કહેતા, પત્ની તથા પુત્રને જણાવતા ભગવાન વીર આપણા ઘેર વહોરવા પધારશે અરિહંતને દાન દેવાથી છ માસના રોગ દૂર થાય છે, ત્રીજે ભવે કામ પણ થઈ જાય, મોક્ષ થઈ જાય. ભગવાન આવશે એટલે આપણે સામે જઈશું, પછી ઘરમાં પધરાવીશું. જિનવર સન્મુખ જાવું, મુજ મંદિરીયે પધરાવું. પારણું ભલી ભાતે કરાવું,

જુગતે જિનપૂજા રચાવું રે; મહાવીર પ્રભુ ઘર આવે. જીરણશેઠજી ભાવના ભાવે રે...મહાવીર.

જીરણશેઠની આ ભાવના આપણને શું કહે છે ! રોજ વાપરતાં પહેલાં વિચાર આવે છે, ઘરમાં પૂછો છો ! મહારાજ સાહેબ વહોરવા પધાર્યા કે નહિ ? અથવા વહોરવા વગર બોલાવ્યે આવી ગયા તો ટી.વી. જોતાં ઊઠીને વહોરાવતાં કંટાળો આવે છે!

કદાચ રસોઈયો હોય તો કહી પણ દો છો ને કે મહારાજ! મહારાજને વહોરાવી દેજો.. રસોઈઓ પણ મહારાજ સાધુસાધ્વી પણ મહારાજ...

આપણી આજે આ પરિસ્થિતિ છે.. પધારજો, પધારજો કહેવાનું પણ મહારાજ સાહેબ કહે કે ભાઈ ! તમારૂં ઘર નથી જોયું કેવી રીતે આવીએ?

તો કહેશે, જુઓ સાહેબ ! આ સામે થાંભલો છે ને ! ત્યાં પાછળની શેરીમાંથી સીધા જવાનું પછી આગળ ટાવર આવે છે ત્યાં જ સામે આપણો એપાર્ટમેન્ટ છે. ભાઈસાહેબને સાથે લઈ જવાનો તો ટાઈમ હોય જ નહિ.

વિહાર કરીને મોટા શહેરમાં જતાં પણ આપણી આ જ સ્થિતિ છે.. ઉપાશ્રય જતાં જતાં દશ વાર પૂછવું પડે, દુકાનમાં બેઠા હોય પણ બતાવવા ન આવી શકે..

જ્યારે આપણા જિરણશેઠ હજુ તો ભગવાન આવ્યા પણ નથી, આવશે કે કેમ તે પ્રશ્ન હતો પણ ભાવના ભાવતા જ રહ્યા... પત્ની, પુત્રને ફરી કહે છે... પછી પ્રભુને વોળવા જઈશું, કર જોડી સામા રહીશું, નમી વંદી પાવન થઈશું. વિરતિ અતિ રંગે વહીશું રે.. મહાવીર... દશ ડગલાં પૂંઠે જાવે, મુનિદાને જે નવિ આવે વ્રતધારી તે નવી ખાવે રે... શ્રાવક વ્રત સુરતરૂ ફળીયો. મનમોહન મેળો મળીયો રે..

ગુરૂમહારાજ વહોરવા પધારે ત્યારે ઘરના બારણા સુધી વળાવવા પણ જાઓ છો? સોફા ઉપર બેઠા હો તો ઊભા થવાનો પણ વિનય કરો છો? એમ જીરણશેઠ વંદતા, પરિણામની ધારે ચઢંતા, શ્રાવકની સીમે ઠરંતા, દેવદુંદુભિનાદ સુણંતા રે...મહાવીર...

પણ પ્રભુ તો નિર્મોહી, નિરાગી હતા, તપ પૂર્ણ થયે વહોરવા નીકળ્યા અને અભિનવ શેઠના ઘેર પારણું થઈ ગયું, તે તરફ જીરણ શેઠ તો ભાવનામાં લયલીન હતા.. અને દેવદુંદુભિનો અવાજ સાંભળ્યો, ધારા અટકી ગઈ, બારમા દેવલોકનું આયુષ્ય પરિણામની ધારામાં બાંધી લીધું, કદાચ અવાજ ન સાંભળ્યો હોત તો કેવલજ્ઞાન પણ થઈ જાત.

જેમ દાનમાં ભૂષણ આ પાંચ કહ્યાં તેમ દૂષણ પણ પાંચ છે–

૧. આદર વિના દાન આપે, ઘરમાં એકનું મોં દાન આપતાં હસતું હોય, બીજાને ન ગમતું હોય તો તે ઘરેથી સાધુએ આહાર ન લેવો જોઈએ.

૨. આપતાં ટાઈમ લગાડે, થાય છે, આપું છું.

૩. વિમુખતા... સારી વસ્તુ આપવા ઈચ્છા ન હોય ત્યારે મોં ફેરવી નાખે.. ઢાંકી પણ દે.. તમારા ગામોમાં તો ઠીક છે બાકી મોટા શહેરોમાં જ્યાં ઘણાં ઘણાં સાધુ સાધ્વી હોય તો શું કરે?

કેટલાકને પોતાનાં જ ઓળખીતાં મહારાજ હોય, તબિયત ખરાબ હોય વિગેરે કારણે મોં સંતાડવું પડે.

૪. આપી દે, તો પણ પાછળથી ખરાબ બોલે, આ મહારાજ સાહેબને વહોરતાં આવડતું નથી વિગેરે અથવા અમારૂં જ ઘર છે? આગળનાં ઘરે કેમ જતા નહિ હોય...? તેથી સાધુએ ઘણી જ સાવધાનીથી ગોચરી લેવાની છે... નજીકના ઘરોમાં અપ્રીતિ ન થાય, અધર્મ ન પમાડાય તેની પૂરી કાળજી રાખવાની છે.

માત્રું પરઠવતાં પણ ઘણું ધ્યાન રાખવાનું છે. ધર્મ ન પમાડાય તો કદાચ ચાલશે પણ અધર્મથી જીવોને બોધિદુર્લભ કરાવવાનો વખત આવી જાય..

માટે જેટલું પદ મોટું એટલી જવાબદારી મોટી.. પહેલા પગથિયે ચઢેલો પડે તો વાગવાનો ભય થોડો પણ ઉપરથી પડે તો હાડકાં ભાંગી જાય...

૫. પસ્તાવો, દાન આપ્યા પછી પસ્તાવો થયો તો તે પુન્યને ધોઈ નાખે છે..

મમ્મણશેઠને પાંચમું દૂષણ પસ્તાવો આવી ગયું અને લાડવાના લોભે દોડયા મુનીઓની પાછળ, મહારાજ ! ઊભા રહો. ઊભા રહો. મહારાજ સાહેબે એમ માન્યું કે હજુ કાંઈ વહોરાવવાનું બાકી રહ્યું છે, તેથી ભાઈ ! હવે ખપ નથી, ખપ નથી અને એમ બોલતા ચાલતા રહ્યા પણ પેલો શેઠિયો, મહારાજ તમારે ખપ નથી પણ મારે ખપ છે, માટે ઊભા રહો અને પહોંચી ગયો મહારાજ પાસે, કહે લાડુ પાછા આપો ! મુનિ કહે, અમારા પાત્રમાં આવ્યા પછી પાછું ન અપાય. પણ આ ભાઈસાબ તેમ માને તેમ ન હતો, ઘણી હઠ કરી તેથી મુનીઓએ લાડવાના ત્યાં ને ત્યાં ચૂરા કરી દીધા રેતીમાં પરઠવી દીધા.

શેઠ પાછા વળ્યા, પસ્તાવો ઘણો કર્યો, દાનનું સુકૃત કરી લીધું ઉત્સાહથી પણ પસ્તાવાથી પુણ્ય ધોઈ લીધું.

દાનના પ્રતાપે રાજગૃહીમાં શેઠ થયો, દાનના પ્રતાપે અઢળક લક્ષ્મીનો સ્વામિ બન્યો... એકવાર શ્રેણિક મધરાતે જાગી ગયા, ધોધમાર વરસાદ ચાલુ હતો, પાછળ નદી હતી, ચેલણારાણીની દૃષ્ટિ નદી તરફ હતી, અને વીજળીનો કડાકો થયો. તેમાં એક દૃશ્ય દેખાયું, જેણે અંગ ઉપર ફક્ત એક જ પોતડી પહેરી છે એવો માણસ નદીમાં લાકડાં એકઠાં કરતાં જોવાયો. ચેલણા રાજાને કહે સ્વામિન્ ! આપ ખરેખર રાજા છો અને આપની નગરીમાં આવા દરિદ્રો વસે તે આપના માટે લજ્જાસ્પદ છે. શ્રેણિકે એક નોકરને બોલાવ્યો, તે માણસ નદીમાંથી નીકળી ઘેર ગયો અને નોકર તેના ઘરની નિશાની કરીને આવ્યો.

રાજાની આજ્ઞા મુજબ સવારે તેને સભામાં બોલાવવામાં આવ્યો.
બોલ ! તને શું જોઈએ છે? આવા ભર વરસાદમાં મધરાતે કાળી મજુરી શા માટે કરે છે? રાજન્ ! બીજું કાંઈ નહિ, મને બળદ જોઈએ છે, રાજા કહે, કેટલા બળદ જોઈએ બોલ, મને બે બળદ જોઈએ પણ ગાડીના બળદ નહિ તે બળદ જોવા તો આપને મારે ત્યાં આવવું પડશે. રાજાને કૌતુક થયું, મમ્મણને ત્યાં ગયો, બે ખંડ ત્રણ ખંડ... રૂમ ઓળંગતો જ ગયો, એક અંદરના રૂમમાં ઝગમગ ઝગમગ પ્રકાશ જોયો અને પૂરા મણિમાણેકથી ભરેલા બે બળદ જોયા, જેનાં ફક્ત રત્નોથી શીંગડા જ ભરવાનાં બાકી છે. રાજા તો જોઈને જ આભો થઈ ગયો, અને કહે, મારો આખો રાજભંડાર ખાલી કરી દઉં કદાચ રાજગૃહીની સંપત્તિ ખાલી કરી દઉં પણ આ બળદ પૂરા ન થાય.. આ મમ્મણશેઠને આપણે પુન્યાનુબંધી પુન્યના ઉદયવાળા કહીએ કે શું કહીએ? ના, પાપાનુબંધી – પુન્યવાળા કહેવાય.

પૂર્વે દાન ભાવથી દીધું તો અઢળક સંપત્તિના સ્વામી બન્યા પણ દાનનું પુન્ય ધોઈ નાખ્યું, તો મળવા છતાં ભોગને ભોગવી ન શક્યા. રોજ તેલ ને ચોળા જ ખાધા, પહેરવામાં પોતડી જ પહેરી.
પુન્ય મળ્યું પણ પાપનો અનુબંધ કરાવનાર જ બન્યું.

જીવને પરિગ્રહની કારમી મમતા હતી, તેથી ન દાન દઈ શક્યા, ન ભોગવી શક્યા.

ધનની ત્રણ ગતિ હોય. દાન, ભોગ અને નાશ.
કેટલાક દાન કરી શકે, કેટલાક દાન અને ભોગ બંને કરી શકે પણ આ બંને ન કરી શકે તો છેવટે ત્રીજી ગતિ નાશ તો થાય જ.

લોભીયાનું ધન ધૂતારા ખાય તે આનું નામ. જ્યારે તીર્થંકરો સંવત્સરી દાન આપે છે ત્યારે કુબેરના આદેશથી દેવો કોઈનું ભૂમિમાં દટાયેલું ગામ, ખાણ, નગરોની ગુફામાં રાખેલું ધન લઈ લઈને રાજમહેલમાં આપે છે અને તેનો સદુપયોગ થાય છે.

બાકી નાશ તો થવાનો જ હતો. પરિગ્રહની ભયંકર મમતાથી છેવટે મમ્મણશેઠ સાતમી નરકે ગયા.

### ચોથુ પાપાનુબંધી પાપ

શ્રેણિકે પ્રભુને વિનંતિ કરી, આપનો ભગત નરકે ન જાય તેમ કરો, ભગવાને માર્ગ બતાવ્યો, જા કસાઈ પાંચસો પાડા મારે છે તે બંધ કરાવ.

રાજાની આજ્ઞા મુજબ તેને કૂવામાં ઉતારવામાં આવ્યો, છતાં ત્યાં માટીના પાડા બનાવી ભાવહિંસા કરી.

કહેવાનું તાત્પર્ય એ જ કે પૂર્વે પાપ કરીને આવેલો તેને અહીં પણ પાપી બુધ્ધિ જ હતી.

વળી જીવ પણ અભવ્યનો, કસાઈ જ્યારે મરવા પડ્યો, ત્યારે તેને જરાય શાંતિ નથી તેને સુંદર મજાની પથારીમાં સૂવાડ્યો તો તેને તે ખૂંચતી હતી અને

જ્યારે વિષ્ટામાં સૂવાડ્યો તો હાશ હવે શાંતિ વળી. તેમ બોલ્યો, સારાં તેલ-અત્તર ન ગમ્યાં તો અશુચિ લગાવી ત્યારે જ શાંતિ થઈ એટલે કે જીવ દુર્ગતિમાં જવાનો હોય ત્યારે તેને આ રીતનું જ સૂઝે. **ગતિ તેવી મતિ.**

અને આનો જ પુત્ર સુલસ જો અભયકુમારની સંગતિ પામ્યો તો ધર્મી બન્યો, **સંગ તેવો રંગ.**

કસાઈ મરીને સાતમી નરકે ગયો બાદ સગાં સ્વજનો તેને બાપનો ધંધો ચલાવવા સમજાવે છે, આ માનતો નથી, ઘણો આગ્રહ કરે છે ત્યારે પગ પર કુહાડો મારે છે, લોહી નીકળે છે, બૂમ પાડે છે, બચાવો રે બચાવો, ત્યારે સ્વજનો કહે છે, હાથે કરીને કુહાડો માર્યો ને લોહી નીકળ્યું તો તેની વેદના તો ભોગવવી જ પડે ને! ત્યારે સુલસ કહે છે, હું અહીં પાપના ધંધા કરૂં અને તે પાપના ભાગીદાર કોણ થશે?

## ૭) કાળચક્ર

### પ. પૂ. મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ. સા.

આત્માની આદિ નથી, એ અનાદિનો છે,

કર્મની પણ આદિ નથી, પણ અન્ત છે.

અનંતકાળથી આ આત્મા 'અવ્યવહારરાશી'માં અનંત આત્માની સાથે ભાગીદારીમાં રહેતો હતો. જે ક્ષણે સંસારમાંથી એક આત્મા કર્મરહિત થઈ અજરામર સ્થાન-મોક્ષ પ્રાપ્ત કરે, તે ક્ષણે મોક્ષગમનના નિમિત્તથી, ભવ પરિપાક થવાથી અવ્યવહારરાશીમાંથી એક આત્મા વ્યવહારરાશીમાં જન્મ-મરણના ચક્રમાં આવ્યો.




ચિત્ર પરિચય : ભાડભુંજા કઢાઇની ગરમાગરમ રેતીમાં ધાણી બનાવવા માટે ભીંજાવેલી જ્વારીના દાણા નાખે. ગરમ રેતીના કારણે બધા જ દાણા ભૂંજાઇ જાય. કોઇક જ દાણો કઢાઇમાંથી ઉડીને બહાર પડે, તેમ જીવનું વ્યવહારરાશીમાં આગમન સમજવું.

'વ્યવહારરાશી' એટલે જીવનું સૂક્ષ્મ નિગોદ સહિતનું જીવન. હવે આત્માનો એકેન્દ્રિયાદિ ૫ જાતિમાં, મનુષ્યાદિ ૪ ગતિમાં, ૮૪ લાખ યોનિમાં પરિભ્રમણ (જન્મ-મરણ)નો પ્રારંભ થયો. આ પરિભ્રમણ દરમિયાન જીવે ૧૪ રાજલોકમાં અઢીદ્વિપમાં કર્માનુંસાર જન્મ લેવા માટે કોઈ જાતિ-ગતિ-યોનિને છોડી નથી. જાણતાં-અજાણતાં પુણ્ય-પાપરૂપે કર્મ બાંધ્યા છે. ફળ સ્વરૂપ એ ભટકતો ભટકતો દુર્લભ એવી

મનુષ્યગતિને પણ પામ્યો.

પરંતુ...અફસોસ એજ છે, કે – મનુષ્ય જન્મનું મૂલ્યાંકન અજ્ઞાનતા, મિથ્યાત્યાદિના કારણે આંકી ન શક્યો. અન્ય ભવોની જેમ આ ભવ પણ ધ્યેયહીન પૂર્ણ કરવાની પ્રવૃત્તિ કરી. જે સ્થળે કર્મ–જન્મ ઘટાડવાની અમૂલ્ય તક હતી, તે સ્થળે એ નવા કર્મ અને નવા જન્મ વધારી બેઠો. એકંદરે જે તિર્યંચાદિ ગતિમાંથી એ આવ્યો હતો, ત્યાં એ ફરી પહોંચી ગયો.




વ્યાપારી વર્ષના અંતે જમા–ઉધાર અને સરવૈયું વ્યાપારમાં કાઢે છે તેમ ધર્મીજને પોતાનું પૂણ્ય–પાપનું સરવૈયું કાઢવું જોઈએ. તો જ બાંધેલા પાપો ઘટે અને પૂણ્ય વધે ત્યારે જ ફરી મનુષ્યાદિ સદ્‌ગતિમાં આ જીવ જન્મે. એ દ્રષ્ટિએ કાળાંતરે જીવે મનુષ્યપણાને ફરીથી પ્રાપ્ત કર્યું. બીજા શબ્દોમાં ભાગ્યોદયથી મનુષ્યગતિમાં એ જન્મ્યો.

આત્માને પોતાના ભૂતકાળ ઉપર નજર નાંખવાની તક મળી. હવે તેણે સમજાયું કે એજ કાળચક્રમાં ૧૮ કોડાકોડી સાગરોપમનો દીર્ઘકાળ ભલે બાહ્ય રીતે સુખી હોય, પણ એ યુગલિક કાળ હોવાથી આત્મા શાશ્વત સુખનો અધિકારી ન થયો. અવસર્પિણીનો છઠ્ઠો અને ઉત્સર્પિણીનો પહેલો આરો પણ ધર્મ વિહોણો હોવાથી નકામો. માત્ર તીર્થંકર વિદ્યમાન હોય ત્યારે ત્રીજા અને ચોથા આરામાં જ ધર્મનો પરિચય, પ્રાપ્તિ અને ઉત્તમ ફળ પ્રાપ્ત કરી આપવાની યોગ્યતા છે. એવા સર્વોત્તમ કાળમાં હું જન્મ્યો છું માટે...'હે ચેતન ! ભૂતકાળને ભૂલી જા, વર્તમાન કાળને સુધારવા, સફળ કરવા ભગીરથ પ્રયત્ન કરતો થા '.

આ સંસારમાં જો કાંઈ સમજવા–જાણવા જેવું હોય, તો "પાપથી નિવૃત્તિનો માર્ગ જ જાણવા યોગ્ય છે." આ એક જ્ઞાન ગર્ભિત વાક્ય તેના હૃદયમાં કોતરાઈ ગયું. એટલું જ નહિ એ માર્ગે એને પ્રયાણ પણ શરૂ કર્યું.

એક વાત સમજી લેવી કે – આ શાશ્વત સુખનો માર્ગ જે કોઈ આત્માએ પ્રાપ્ત




કર્યો છે ને ભવિષ્યમાં કરશે તે બધાનું ફરી સંસારમાં પુનરાગમન થવાનું નથી. કદાચ કોઈ શંકા પણ કરી બેસે કે પછી સંસાર ખાલી થઈ જશે. તો તેના પણ જવાબ 'નવ તત્ત્વ' પ્રકરણ ગ્રંથમાં મહાપુરુષે ખૂબ માર્મિક રીતે આપ્યા છે કે, ''નિગોદમાં રહેલા જીવોમાંથી એક નિગોદનો અનંતમો ભાગ પણ હજી મોક્ષે ગયો નથી.'' બસ, આજ વિચારવાનું, સમજવાનું, સ્વીકારવાનું છે, કે- ''મારે પણ મોક્ષમાં જવું છે.''

આ લક્ષ જો નિશ્ચિત થઈ જશે તો મોક્ષ પ્રાપ્તિ કાંઈ દૂર નથી. માત્ર, આજથી, અત્યારથી જ શક્તિ ગોપવ્યા વિના કાંઈક કરવા માટે કટિબદ્ધ થાઓ.



આપણી વાતોનો પ્રારંભ 'કાળચક્ર' થી શરૂ થાય છે. 'કાળ' એટલે સમય અને 'ચક્ર' એટલે ગતિ-પ્રવૃત્તિ. આવા કાળચક્ર પૂર્વે ઘણા થઈ ગયા છે, ભવિષ્યમાં પણ થશે. માત્ર વર્તમાનકાળ અલ્પાતી અલ્પ સમયનો છે.

એક કાળચક્ર ૨૦ કોડાકોડી સાગરોપમ વર્ષનું હોય છે. તેના મુખ્ય બે

વિભાગ છે. જે ઉત્સર્પિણી કાળ અને અવસર્પિણી કાળ એ નામ પ્રસિદ્ધ છે. જે કાળમાં સર્વ રીતે જીવોની પ્રગતી થતી હોય તે ૧૦ કોડાકોડી સાગરોપમ વર્ષનો 'ઉત્સર્પિણી કાળ' છે. જ્યારે બીજા કાળમાં સર્વ રીતે પ્રગતિ રૂંધાતી–અટકતી હોય તે 'અવસર્પિણી કાળ.' સર્પનો મુખથી પૂછડા સુધીનો ભાગ જેમ સંકોચાતો જાય છે, તેમ અહીં પણ આચારાદિ સંકોચાતા જાય છે એમ સમજવું.

આ બન્ને કાળના છ–છ વિભાગો હોય છે. જેને 'આરા' એવા નામથી સંબોધવામાં આવે છે. આપણે સૌ અત્યારે અવસર્પિણી કાળમાં જીવીએ છીએ. તેથી હવે પછીના વિચારો, આચારો, જીવન જીવવાની સમજણ એ કાળને નજર સામે રાખી બતાડવામાં આવે છે.

(૧) કાળ–સમય અંગેની ગણત્રી જૈન શાસ્ત્રોએ જે વર્ણવી છે, તે સર્વપ્રથમ જાણી લઈએ.

'પલ્યોપમ' અસંખ્ય વર્ષોનો સમય પૂરો થાય ત્યારે એક પલ્યોપમ કાળ પૂર્ણ થાય છે. ત્યાર પછી સાગરોપમ, કાળચક્ર, પુદ્‌ગલ પરાવર્તન કાળ જેવી વિવિધ કાળની સંજ્ઞાઓ છે. અત્યારે તે વાત ઉપર વધુ વિચાર ન કરતાં તેની પહેલાની સંજ્ઞાઓ (સંકેત)ને આપણી બુદ્ધિમાં આવે તેવી રીતે (કાળ–સમયનું ગણિત) ટૂંકમાં જાણી લઈએ.

**● કાળ સમયનું સંક્ષિપ્ત કોષ્ટક ●**

૨ અયન = ૧ – વર્ષ.

૬ ઋતુ (૧૨ મહિના) = ૨ – અયન.

૨ પક્ષ (પખવાડિયું) = ૧ – મહિનો.

૧૫ અહોરાત્ર (દિવસ ) = ૧ – પક્ષ

૬૦ ઘડી, ૩૦ મુહૂર્ત અથવા ૮ પહોર = ૧ – અહોરાત્ર.

૪૮ મિનિટ, ૧ મુહૂર્ત = ૨ – ઘડી.










૬૫૫૩૬ ક્ષુલ્લક ભવ, ૩૭૭૩ શ્વાસોશ્વાસ = ૧ - મુહૂર્ત.

૧૭ થી કાંઈક વધુ ક્ષુલ્લક ભવ = ૧ - શ્વાસોશ્વાસ.

૨૫૬ આવલિકા = ૧ - ક્ષુલ્લક ભવ.

અસંખ્ય સમય = ૧ - આવલિકા.

આ કોષ્ટક ઉપરથી મુખ્યત્વે આત્મા ૧ પલકારા (ક્ષણ) માં ૧૭ા થી અધિક ભવ કરે છે. તે સહેલાઈથી સમજાશે. સામાન્ય રીતે એઠવાડ, વિષ્ટાદિમાં માત્ર ૨ ઘડીના સમયમાં સમુર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે. આ સિદ્ધાંત પણ સહેલાઈથી સમજાઈ જશે.

(૨) સમયની સાથોસાથ 'અવગાહના' (ઉંચાઈ, પહોળાઈ, જાડાઈ વિગેરે) ના વિચારો એટલા માટે કરવા જરૂરી છે કે, ચૌદ રાજલોક અથવા કાળચક્રમાં જે જે જડ-ચેતન (જીવસહિત, જીવરહિત) પદાર્થો છે તેનું માપ કઈ રીતે થાય? માપને જાણ્યા વગર આગળની વાતો સમજાશે નહિ. માટે તે જાણી લઈએ.

**● શરીર આદિની ઉંચાઈ માટેનું કોષ્ટક ●**

| શાસ્ત્રીય | | વ્યવહારથી | |
|---|---|---|---|
| આંગળીનો ૧ વેઢો | = ૧ જવ | ૧ પોઈન્ટ | = ૧ ઈંચનો ૧૦મો ભાગ |
| ૮ જીવ | = ૧ ઉત્સેધાંગુલ | ૨$^{૧/૨}$ સેન્ટીમી. | = ૧ ઈંચ |
| ૧૨ ઉત્સેધાંગુલ | = ૧ વેત | ૧૨ ઈંચ | = ૧ ફૂટ |
| ૨ વેંત | = ૧ હાથ | ૩$^{૧/૩}$ ફૂટ | = ૧ મીટર |
| ૪ હાથ | = ૧ ધનુષ્ય | | |
| ૨૦૦૦ ધનુષ્ય | = ૧ કોશ (ગાઉ) | | |
| ૪ કોશ | = ૧ યોજન | | |

અવગાહનાનો વિચાર કર્યા પછી આપણે શરીર વિજ્ઞાનને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. તેમાં ૧. શરીરનું બંધારણ, ૨. શરીરમાં રહેલા પ્રાણ (ચૈતન્ય)નો વિચાર અને ૩. શરીરની અંદર રહેલા હાડકાની વ્યવસ્થા ચાલો જાણી લઈએ.

(૩) શરીરનું બંધારણ (રચના) - 'સંઘયણ' - હાડકાની રચના (ગોઠવણી) નારક અને દેવ ગતિના જીવોને છોડી બાકીના જીવો માટે છ પ્રકારનો (હાડકાનો બાંધો) છે. જે જીવો મોક્ષમાં જવાના હોય તેઓને વજ ઋષભનારાચ સંઘયણની હાડકાની રચના હોય. ઉપસર્ગો, કષ્ટો સહન કરવા માટે ખાસ આ સંઘયણની







જરૂર પડતી હોય છે.

(૪) હાડકા પછી બીજા નંબરે સંસ્થાનનો નંબર આવે છે. સામુદ્રિક શાસ્ત્રમાં શરીરની પ્રમાણોપેત રચના મોક્ષગામી જીવની દર્શાવાઈ છે. શરીરની રચના નામકર્મને અનુસાર થાય છે. પુણ્યશાળીનું શરીર નાજુક હોય ને પુણ્યહીન વ્યક્તિના હાડકા મજબુત હોય.

(૫) પાંચમા નંબરે 'પ્રાણ'ના વિચારો આવે છે. આપણે સૌ શ્વાસોશ્વાસ ચાલે છે કે નહિં ? તેના ઉપર જન્મ-મૃત્યુની વ્યાખ્યા કરીએ છીએ. હકીકતમાં મનુષ્યને જીવવા માટે ૧૦ પ્રાણોની જરૂર પડે છે. દશે દશ પ્રાણની એક ચેનલ છે. આ પ્રાણોને જો વાપરવામાં ધ્યાન રાખો તો આપણે નીરોગી જીવન જીવીશું. અન્યથા રોગમય જીવન તો છે જ !

(૬) શ્વાસ વધારે ઝડપી વાપરવાથી અથવા કાયાને વધુ શ્રમિત કરવાથી અકાળે વૃદ્ધાવસ્થા આવે છે. મન ઉપર કંટ્રોલ ન રાખવાથી બેચૈની અથવા પાગલપણાનો ભોગ થવું પડે છે. બી.પી. કે પ્રેશરના રોગ મનના દુરૂપયોગની દેણ છે.

વૃદ્ધ અવસ્થામાં આંખથી જોવામાં, કાનથી સાંભળવામાં, પગેથી ચાલવામાં અથવા જીભ-દાંતથી ખાવામાં તકલીફ આવે છે. બેટરી ચાર્જ કરીએ તે રીતે ઈન્દ્રિયોને બીજી ઈન્દ્રિયોના સહારે કામ ચલાવવું પડે છે. ટૂંકમાં ઈચ્છાઓને વશ કરવા તપ કરવાની જરૂર છે.




(૭) હવે કોઈપણ ગતિમાં જન્મ લેવો હોય તો તે માટે 'યોનિ'નો વિચાર ઉપયોગી થશે. યોની-જન્મ લેવાની પદ્ધતિ મુખ્યત્વે ત્રણ પ્રકારની છે. પાંચે ઈન્દ્રિયના જીવો ૮૪ લાખ યોનિમાં જન્મે છે.

યોનિના પ્રકારોઃ

(૧) ૧. ગર્ભજ - ગર્ભ ધારણ કર્યા બાદ અમુકદિવસો બાદ જીવનો જન્મ યોનિ દ્વારા થાય તે. (ઉદા. મનુષ્ય વિ...)

૨. અંડજ - અંડના સેવન પછી જીવનો અમુક દિવસો બાદ જન્મ થાય તે. (ઉદા. કબુતર, કુકડી (મરઘી) વિ...)

૩. પોતજ - જે પ્રાણીઓ યોનિથી નીકળતાં જ ઊભા રહેવાની/ચાલવાની શક્તિવાળા હોય તથા ગર્ભાશયમાં કોઈપણ જાતના આવરણ રહિત હોય તે.

(ઉદા. હાથી વિ...)

(૨) ઉપપાત – દેવગતિના જીવો ફૂલની શય્યામાંથી સૂતેલા જાગીને ઊભા થાય તે રીતે ૨૦ વર્ષના યુવાનની જેમ જન્મ ધારણ કરે. (ઉદા. દેવગતિના જીવો)

(૩) સંમૂર્ચ્છિમ – ૧૪ જાતના અશુચિ સ્થાનોમાં સંયોગ મળતાં (બે ઘડી જેટલા સમયમાં) ઉત્પન્ન થાય તે. (ઉદા. મળ-મૂત્ર વિગેરેમાં ઉત્પન્ન થયેલા જીવો)

જે વખતે જીવ જન્મ લે ત્યારે વર્ણ-૫, ગંધ-૨, રસ-૫, અને સ્પર્શ-૮, કુલ-૨૦ વિભાગોમાંથી યોગ્ય વસ્તુ ગ્રહણ કરે છે. એટલું જ નહિ, શરીર પણ (મુખ્યત્વે મનુષ્ય) ત્રણ પ્રકારના ભેદ સહિત પ્રાપ્ત કરે.

અત્યાર સુધીમાં તમે જે કાંઈ જોયું-જાણ્યું તે બધું 'જીવ' બાબત હતું. હવે આ બધા જીવો ક્યાં રહે છે? પોતાનું આયુષ્ય કેવી રીતે ભોગવે છે? યોગ્ય-અયોગ્ય આચાર અનુસાર સુખ-દુ:ખ અનુભવે છે, આપણા સૌની ગઈ કાલ કેવી હતી? વર્તમાન કેવું છે? ભવિષ્યમાં શું થશે? એ સ્વાનુભાવની કથા 'કાળચક્ર'ના








: કાળ ચક્ર :

સવાર, બપોર, સાંજનો કે શિયાળો, ઉનાળો, ચોમાસાનો અનુભવ આપણે સૌ કરીએ છીએ. તેમાં કોઈ કાળ-સમયમાં ભેદ રેખા દેખાતી નથી. માત્ર કુદરતી રીતે અનુભવીને શબ્દથી વર્ણવીએ છીએ. વ્યવહારથી આ બધું વિચારાય છે.

પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ દિશાઓમાં કોઈ ક્ષેત્રની મર્યાદા નથી. સૂર્ય ઉદયથી અથવા ઉત્તર ધ્રુવથી એ નક્કી કરી લઈએ છીએ. એરોપ્લેન પણ આજ રીતે આકાશમાં આવ-જા કરે છે.

વિશ્વના નકશામાં કાળચક્ર અને છ આરા શું છે, તેની આછી રૂપરેખા આપી છે :

એક કાળચક્રના ૧૦/૧૦ કોડાકોડી સાગરોપમના બે વિભાગ થાય છે, એ વાત પહેલાં આપણે વિચારી ગયા. તેમાંથી અહીં બીજા અવસર્પિણી કાળની ચર્ચા આપણે કરીએ છીએ. આ અડધા કાળચક્રના (૧) સુષમ-સુષમ, (૨) સુષમ, (૩) સુષમ-દુષમ (૪) દુષમ-સુષમ, (૫) દુષમ અને (૬) દુષમ-દુષમ નામે કુલ છ આરા છે.

જીવનની ચાર અવસ્થાનો જેમ આપણે અનુભવ કરીએ છીએ. જેમ કે, બાલ્યાવસ્થા તદ્દન નિર્દોષ અને બીજા ઉપર આધારિત જીવન છે. યુવાવસ્થા

પ્રગતિ-વિકાસના પંથના પથિકની અવસ્થા છે. પ્રૌઢાવસ્થા જવાબદારીમય અવસ્થા છે ને વૃદ્ધાવસ્થા દુ:ખને વહન કરવાની અવસ્થા છે. એવી જ કાળચક્રના છ આરા દ્વારા આપણે અનુભૂતિ કરીશું.

**<u>પ્રથમ આરો - સુષમ-સુષમ</u>**

(૧ યુગલિક જીવન :)

- સમય -૪ કોડાકોડી સાગરોપમ
- જાતી - પંચેન્દ્રિય મનુષ્યનું સુખમય જીવન.
- આયુષ્ય - ૩ પલ્યોપમ (પહેલા આરામાં)
- આહાર પ્રમાણ - ૩ દિવસના અંતે તુવેરના દાણા જેટલો.
- પરિવાર - યુગલિક પતિ-પત્ની મૃત્યુના છ મહિના પૂર્વે બીજા એક યુગલ સ્ત્રી-પુરુષને જન્મ આપી ૪૯ દિવસ તેનું લાલન પાલન કરી પોતે મરે.
- સ્વભાવ - સરળ, નિખાલસ, નિર્દોષ.
- શરીર - ૩ કોષ ઉંચું, ૨૫૬ પાંસળીઓવાળું.
- જીવનની જરૂરિયાતો - દશ પ્રકારના કલ્પવૃક્ષની પાસે જઈ ઈચ્છા-આકાંક્ષા વ્યક્ત કરે. દેવ અધિષ્ઠિત કલ્પવૃક્ષ બધીજ ઈચ્છાઓ પૂર્ણ કરે.




કલ્પવૃક્ષના પ્રકાર:

(૧) મતંગા : આ કલ્પવૃક્ષ મીઠાં, મધુરાં અને રસદાયક ફળો આપે છે.

(૨) ભીગાવૃક્ષ : આ કલ્પવૃક્ષ સુવર્ણ અને રત્નો જડેલાં વાસણ આપે છે.

(૩) તુડીયંગા : આ કલ્પવૃક્ષ પાસેથી ૪૯ પ્રકારના વિવિધ નાદયુક્ત વાજિંત્રો મળે છે, જે મધુર અવાજ સંભળાવે છે.

(૪) દીવંગા : આ કલ્પવૃક્ષ રત્નજડીત દિવડાઓ જેવું છે, જે રાત્રિના સમયે શીતળ પ્રકાશ રેલાવે છે.

(૫) જોઈઅંગા : આ કલ્પવૃક્ષ રાત્રિના સમયે પણ સૂર્યના કિરણ જેવો પ્રકાશ આપે છે.

(૬) ચિત્રંગા : આ વિવિધ રંગના સુગંધિ ફૂલો અને ફૂલમાળા આપે છે.

(૭) ચિતરંસા : આ કલ્પવૃક્ષ ચિત્તને પ્રસન્નતા અર્પે તેવા વિવિધ, સ્વાદિષ્ટ, અત્યંત રસવંતા ભોજન આપે છે.

(૮) મણવેગા : આ કલ્પવૃક્ષ વિવિધ પ્રકારના રત્નજડીત આભૂષણો આપે છે.

(૯) ગિહંગારા : આ કલ્પવૃક્ષ યુગલિકોને રહેવા માટે સુંદર, સુશોભિત હવેલી જેવાં મકાનો પૂરાં પાડે છે.

(૧૦) અનિયગણાઉ: આ કલ્પવૃક્ષ રત્નજડીત સુકોમળ અને નાકમાંથી નીકળતા વાયુથી પણ ઉડે તેવાં મુલાયમ વસ્ત્રો આપે છે.

કલ્પવૃક્ષના ગૃહાંગ, ભાજનાંગ, તુર્યાંગ, જ્યોતિષાંગ, દીપાંગ, ભોજનાંગ, ચિત્રરસાંગ, વસ્ત્રાંગ, કુસુમાંગ અને ભૃસણાંગ એવા નામો પણ છે.



મૃત્યુનું કારણ : યુગલિકમાં એકને છીંક આવે ને એકને બગાસુ આવે એટલે બન્નેનું સાથે મોત આવે છે ને ત્યાંથી મરીને બન્ને દેવલોકમાં જ જાય છે.

## આરો બીજો – સુષમ

● સમય : ત્રણ કોડાકોડી સાગરોપમ. ● પરિસ્થિતિ : દેહ, બુદ્ધિ, બળ, આયુષ્ય, કાંતિ, પૃથ્વી વિ. ના રસમાં ઉત્તરોત્તર હાનિ. ● શરીર: ૨ કોષ. ● આયુષ્ય–૨ પલ્યોપમ. ● પાંસળી–૧૨૮. ● આહાર–૨ દિવસના આંતરે બોર જેટલો. ● સંતતિ પાલન–૬૪ દિવસ.

આ આરામાં પ્રથમના આરા કરતાં જીવોના સ્વભાવ થોડી ઉતરતી કક્ષાના હતા.

## આરો ત્રીજો – સુષમ-દુષમ

● સમય : કાળ ૨ કોડાકોડી સાગરોપમ. ● પરિસ્થિતિ : દેહ, બુદ્ધિ, બળ, આયુષ્ય, કાંતિ, પૃથ્વી વિ. ના રસમાં ઉત્તરોત્તર હાનિ. ● શરીર: ૧ કોષ. ● આયુષ્ય–૧ પલ્યોપમ. ● પાંસળી–૬૪. ● આહાર–૧ દિવસના આંતરે આવળા જેટલો. ● સંતતિ પાલન–૭૯ દિવસ.

આ આરો ૮૪ લાખ પૂર્વ, ૩ વર્ષ, ૮।। મહિના બાકી હોય તે પહેલા ૧૪ કુલકર (વિદ્વાન, માન્યપુરુષો) થાય. ત્યાર પછી ૧૫માં નાભિ કુલકરના પત્ની મરૂદેવા માતાની પવિત્ર કુક્ષિએ ૧૪ સ્વપ્ન સુચિત સર્વાર્થસિદ્ધ વિમાનનું આયુષ્ય પૂર્ણ કરી ભગવાન ઋષભદેવ સ્વામીનો આત્મા ચ્યવન કરે છે.

નાભિરાજાએ પોતાના પુત્ર ઋષભદેવને પ્રજાની વિનંતી સ્વીકારી ૨૦ લાખ પૂર્વની કુમાર અવસ્થા પૂર્ણ થયા પછી અવસર્પિણી કાળના પ્રથમ રાજા બનાવ્યા. રાજા બનેલા ઋષભદેવે નીચે મુજબ સંસારી રાજ્યાવસ્થામાં પ્રજાને સ્વાવલંબી

બનાવવા આચાર, વિચાર, વર્તન, જીવન માટેનું શિક્ષણ (જ્ઞાન) આપ્યું. હવે યુગલિક કાળની કલ્પવૃક્ષ દ્વારા જીવન નિર્વાહની પ્રથા લગભગ બંધ થઈ હોવાથી આવી પ્રવૃત્તિ અનિવાર્ય હતી.



જ્યારે ઋષભદેવ રાજા થયા તે પૂર્વે તેના પૂર્વજો વિમલવાહન અને ચષુષ્માન કુલકરે 'હકાર'ની દંડનીતિને શરૂ કરી હતી. યશસ્વી અને અભિશ્ચંદ્ર કુલકરે તે પછી 'મકાર' નીતિને ઉમેરી. જ્યારે પ્રજા યોગ્ય રીતે પ્રવૃત્તિ ન કરી શકી ત્યારે પ્રસન્નજિત અને મરૂધર કુલકરે 'ધિક્કાર' નીતિનો વધારો કર્યો. પ્રજામાં રાગ-દ્વેષનું પ્રમાણ વધવા લાગ્યું તેથી પૂર્વન કુલકરોએ હાકાર નીતિ, મકાર નીતિ અને ધિક્કાર નીતિ ચલાવી હતી તેનો સ્વીકાર કરી વ્યવસ્થિત પાલન માટે પ્રજાને જ્ઞાન આપ્યું.

કુળની સ્થાપના – ઉગ્રકુળ, રાજકુળ, ભોગકુળ અને ક્ષત્રિયકુળની સ્થાપના કરી. લુહારની, સુતારની, વણકરની, નાપિતની અને કુંભારની એમ પાંચ કળાઓ સહિત પુરુષની ૭૨ તથા સ્ત્રીઓની ૬૪ કળાઓ બ્રાહ્મી-સુંદરી પ્રમુખને બતાડી. (શીખવાડી) ઈન્દ્ર દ્વારા વિનીતા નગરીની સ્થાપના અને ઈક્ષવાકું વંશ કાશ્યપ ગોત્રની સ્થાપના કરી. તે દરમિયાન જૈન, શિવ, સાંખ્ય દર્શનનો પ્રારંભ (પ્રચાર) થયો.

રાજા ઋષભદેવે લગભગ ૬૩ લાખ પૂર્વ સુધી પ્રજાનું ઉત્તમ રીતે પાલન કરી અનેકાનેક જાતની વ્યવસ્થા પ્રવૃત્તિ સમજાવી. પોતાના ૧૦૦ પુત્ર પરિવારને સમજાવી રાજ્ય આપી, ફાગણ વદ-૮ના દીક્ષા લીધી. કેવળજ્ઞાન પામ્યા બાદ લગભગ એક લાખ પૂર્વ સુધી ભૂમિતટ ઉપર વિચરી અષ્ટાપદ તીર્થ પર મોક્ષે પધાર્યા.

## આરો ચોથો – દુષમ-સુષમ

ભ. ઋષભદેવના નિર્વાણ પછી ૩ વર્ષ ૮।। મહિના બાદ ચોથો દુષમ-સુષમ નામનો એક કોડાકોડી સાગરોપમમાં (૪૨ હજાર વર્ષ ઓછા) આરો શરૂ થયો. આ આરામાં ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ એમ મુખ્યત્વે ૬૧ ઉત્તમ પુરુષોના જન્મ નિર્વાણ (મૃત્યુ) થયા.

એક અપેક્ષાએ છ આરામાં ચોથા આરાનું આધ્યાત્મિક દ્રષ્ટિએ ઉત્તમ કોટીનું યોગદાન છે. ઉપર જણાવેલા ૬૩ શલાકા પુરુષોમાંથી મુખ્યત્વે ૨૩ તીર્થંકર,

૮ ચક્રવર્તી, ૮ બળદેવ - (૪૦) ૩૯ પુરુષો, ૧૩૬૪ ગણધરો અને ૧,૭૬,૧૦૦ કેવળજ્ઞાની મોક્ષગામી થયા છે.

તીર્થંકર


વંદન


પ્રતિક્રમણ


ચક્રવર્તી


એજ રીતે પડતો કાળ હોવા છતાં બીજા શ્રી અજિતનાથ ભગવાનથી ચોવીશમાં શ્રી મહાવીરસ્વામી ભગવાન સુધીના ૨૩ તીર્થંકરોના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળ, મોક્ષ, પાંચ કલ્યાણકો થયા છે. એ તીર્થંકર પરમાત્માના શાસનમાં અનેકાનેક આત્માઓ પણ મોક્ષ પામ્યાં છે. શાશ્વતગિરિ શત્રુંજય તીર્થ ઉપર કાંકરે કાંકરે અનંતા આત્મા પરમપદ-મોક્ષને પામ્યાં છે.

ટૂંકમાં ચોથા આરાના જીવો એવા ઉત્તમ પરિણામવાળા હોય છે કે, જેના કારણે ભરતક્ષેત્રમાંથી સર્વપ્રથમ મોક્ષગામી મરૂદેવા માતા થયા ને અંતિમ ભ. મહાવીર સ્વામીની બીજી પાટે બિરાજેલા જંબુસ્વામી મોક્ષગામી થયા.

આ રીતે ચોથા આરામાં આયુષ્ય, બળ, શરીર આદિમાં ઘણો સુધારો (ઘટાડો) થવા લાગ્યો એટલે ક્રમશઃ અવસર્પિણી કાળના લક્ષણો પ્રજામાં જોવા મળ્યાં. રાગ-દ્વેષ, વિષય-કષાયમાં વૃદ્ધિ થવા લાગી.

ચોથા આરાના પ્રારંભમાં અને અંતમાં નીચે મુજબની પરિસ્થિતિ હતી. સાધુના ૧૦ કલ્પમાં પણ અંતે છ કલ્પ રહ્યા હતા.

| પ્રારંભ | અંત |
|---|---|
| આયુષ્ય - પૂર્વ ક્રોડ વર્ષ | ૭૨ વર્ષ |
| શરીર - ૪૫૦ ધનુષ્ય | ૭ હાથ |
| પાસળી - ૩૨ | ૧૬ પાસળી |
| તપસ્યા - ૧ વર્ષ ઉપવાસ | ૬ મહિના ઉપવાસ |
| આહાર - અનિયત (ફળ) | અનિશ્ચિત (અનાજ) |
| મહાવ્રત - ૪ વ્રત | ૫ વ્રત |
| પ્રતિક્રમણ - ૧ પ્રકારનું | ૫ પ્રકારનું |
| ચારિત્ર - ૩ પ્રકારે | ૫ પ્રકારનું |
| સ્વભાવ - ઋજુ-પ્રાજ્ઞ | વક્ર-જડ. |




સામાયિક

ભ. મહાવીર સ્વામીના નિર્વાણની ૨/૫ ક્ષણ પૂર્વે ઈન્દ્ર મહારાજાએ ભગવાનને વિનંતિ કરી કે, પ્રભુ આપનું આયુષ્ય ૨/૪ ક્ષણ વધારી દો. આપના નિર્વાણ સમયે ભસ્મગ્રહ નિર્વાણ કુંડલી પર અસર કરશે. તેના કારણે પાંચમાં આરામાં ધર્મ ચાળણીએ ચળાસે ને શાસનને નુકસાન થશે. ત્યારે પ્રભુએ 'જે થવાનું છે તે મિથ્યા થનાર નથી' એમ કહી ઈન્દ્રની વિનંતિને ન સ્વીકારી.

## આરો પાંચમો - દૂષમ આરો

ચોથો આરો ભ. મહાવીર સ્વામીના નિર્વાણ બાદ ૩ વર્ષ ૮ાા મહિને પૂર્ણ થયા પછી પાંચમો દુષમ નામનો ૨૧ હજાર વર્ષનો શરૂ થયો.

આ આરો તીર્થંકર પરમાત્માના અભાવ (વગર)નો હતો. તેઓશ્રીએ પ્રરૂપેલા ઉપદેશને ગણધર ભગવંતાદિ મહાપુરુષોએ ૪૫ આગમમાં જે લખ્યો છે તે જ આવકારણીય સમજાયો.

પ્રભુવીરના નિર્વાણ પછી ૧૨ વર્ષે ગણધર શ્રી ગૌતમસ્વામીનું નિર્વાણ થયું. ત્યાર બાદ ૮ વર્ષે શ્રી સુધર્માસ્વામીનું નિર્વાણ થયું અને ત્યાર પછી ૪૪માં વર્ષે શ્રી જંબુસ્વામી મોક્ષે પધાર્યા.

શ્રી સુધર્માસ્વામીજી, જંબુસ્વામીજી આદિ શિષ્ય-પ્રશિષ્યોએ લગભગ ૯૮૦ વર્ષ સુધી મોઢેથી સમ્યગ્જ્ઞાનને સાચવ્યું હતું. ત્યાર પછી સ્મરણ શક્તિની ઉણપના કારણે વલ્લભીપુરમાં દેવર્ધિગણિ શ્રમાશ્રમણે એ આગમોને લિપિબદ્ધ (ગ્રંથમાં) કર્યા. જે આજે આપણી પાસે વિધમાન છે. જ્યારે પાંચમા આરાના અંતે ૪૫ આગમોમાંથી માત્ર એક (દશવૈકાલિક) આગમ જ વિધમાન રહેશે. આનું જ નામ કલિકાળ (સમય)નો પ્રભાવ !

જે સમયે ચરમકેવળી જંબુસ્વામીનું નિર્વાણ થયું તે સમયે પાંચમાં આરાના પ્રભાવે આત્મશુદ્ધિ, પ્રગતિ, ઉન્નતિ કરવામાં નિમિત્તરૂપ નીચેની બાર વસ્તુઓ વિચ્છેદ-અદ્રશ્ય થઈ.

| | | |
|---|---|---|
| ૧. આહારક શરીર | ૨. મનઃ પર્યવજ્ઞાન | ૩. પરમાવધિ |
| ૪. કેવળજ્ઞાન | ૫. ક્ષેપકશ્રેણી | ૬. ઉપશમશ્રેણી |
| ૭. પુલાકલબ્ધિ | ૮. યથાખ્યાતચારિત્ર | ૯.પરિહાર વિશુદ્ધ ચરિત્ર |
| ૧૦. જિનકલ્પ | ૧૧. સૂક્ષ્મ સંપરાય | ૧૨. મોક્ષમાર્ગ (મોક્ષગમન) |

મોક્ષ




કેવળજ્ઞાન



તપસ્વી



ઉદીરણા



ટૂંકમાં ઉપર જણાવેલી એવી શક્તિઓ હતી જેને કારણે જ ચોથા આરામાં આત્માઓ કર્મક્ષય કરી મોક્ષ જઈ શકતા હતા. હવે તેનો વિચ્છેદ-નાશ થયો એટલે કોઈ આત્મા ભરતક્ષેત્રમાંથી મોક્ષે જઈ શકતો નથી. માત્ર ધર્મકરણી કરે, પરિણતિ (વિચાર) સારી રાખે તો મોક્ષે જવા માટેની યોગ્યતા-લાયકાત પાપને ખપાવી પ્રાપ્ત કરી શકે છે. મહાવિદહ ક્ષેત્રમાંથી મોક્ષે જઈ શકે છે.

ચરમશરીરી જંબુસ્વામી પછી છ શ્રુતકેવળીઓ થયા. તેમાં છેલ્લા બ્રહ્મચર્ય વ્રતના ઉત્તમોત્તમ આરાધક સ્થુલિભદ્રજી હતા. એક દિવસ મેળવેલા જ્ઞાનને બતાડવા તેઓએ માત્ર સિંહનું રૂપ લીધું. પરંતુ આવી અયોગ્ય ચેષ્ટા કરવાથી તેઓ ૧૪ પૂર્વધરના બદલે ૧૦ પૂર્વના જ્ઞાતા થઈ શક્યા. ગુરૂદેવે પાત્રતામાં ખામીના કારણે ૪ પૂર્વનું જ્ઞાન અર્થથી ન આપ્યું.

પડતા કાળના પ્રભાવે આત્મશુદ્ધિનું, આધ્યાત્મનું, વૈરાગ્યનું જ્ઞાન મંદ પડતું ગયું ને તેના સ્થળે મંત્ર-તંત્ર વિગેરે દ્વારા જૈનધર્મની પ્રભાવનામાં વૃદ્ધિ-પ્રગતિ થવા લાગી.

જોતજોતામાં જેમ ૨૨ તીર્થંકર ભગવાનનો કાળ ચોથા આરામાં પૂર્ણ થયો તેમ પ્રભુવીરના નિર્વાણ પછી ૨૫૦૦ વર્ષ પણ પૂર્ણ થયા. ભસ્મગ્રહની શક્તિ જે શાસનની પ્રભાવનામાં અસર કરતી હતી તે ઢીલી થવા લાગી. બાહ્ય રીતે જૈન શાસનમાં અનેકાનેક આત્માઓ તપ-જપ-શીલ-દાનધર્મની પ્રવૃત્તિ વિવિધ રીતે કરવા લાગ્યા. ખામી એક જ કે દેખાદેખી અને બાહ્ય રીતની સમજાઈ.

પાંચમા આરાના ૨૫૫૦ વર્ષ પૂર્ણ થયા. હવે ૧૮,૫૦૦ વર્ષ જ બાકી રહ્યા છે. તેમાં આજે આપણે સૌ ૧૦૦ વર્ષના ઈતિહાસને તપાસીશું તો સમજાશે કે દુનિયા ઘણી બદલાઈ રહી છે. દશ-વીશ રૂા. તોલો જે ભારતમાં સોનું મળતું હતું ત્યાં ૫૫૦૦ રૂા.માં પણ મળે તો નસીબ! એવી જ કરુણ દશા આર્થિક, શારીરિક, સમ્યગ્જ્ઞાનના ક્ષેત્રે થઈ છે. ગુરુ-શિષ્ય, શેઠ-નોકર, પિતા-પુત્ર વચ્ચે વિવેક, વિનય, મર્યાદાઓ ભૂસાતી જાય છે. અપેક્ષાએ ધર્મી દુઃખી ને અધર્મી સુખી, સ્વચ્છંદી, વિષય-વિલાસી થતાં દેખાય છે.






દ્રવ્ય (પદાર્થ), ક્ષેત્ર (જમીન વિ.), કાળ (સમય વિ.), ભાવ (વિચારો)ની પદ્ધતિ નિંદનીય થવા લાગી છે. જમીનના રસ-કસ ઉડવા લાગ્યા. યાવત્ ક્ષુદ્ર (સંકુચિત-સ્વાર્થી) વિચારો, અકાળે દુષ્કાળમય વર્ષો, દૂધ-દહિં-અનાજની અછત, માંસાહારનો, અભક્ષ્ય આહારનો પ્રચાર મર્યાદા ઓળંગી રહ્યા છે. ચારે બાજુથી ત્રાહી ત્રાહી પોકારો સંભળાઈ રહ્યા છે.

તો પછી આવતી કાલ... આવતી શતાબ્દિ.. આવનાર છઠ્ઠો આરો કેવો હશે? સદ્ભાગ્ય છે કે, આવનારા કપરા કાળ કરતાં આપણે સૌ વહેલા જન્મ પામ્યા. નહિ તો?

માટે જ વર્તમાન સમયની કિંમત કરો. પ્રાપ્ત થયેલી ક્ષણને ઓળખો અને સમ્યગ્ બુદ્ધિથી સ્થિરતાપૂર્વક આરાધના કરી પુત્ર-પરિવારમાં ધર્મના સંસ્કારો રેડી ધન્ય બનો.

ઈતિહાસકારોએ પાંચમા આરાના છેડે નીચે મુજબનો ચતુર્વિધ સંઘ હશે એમ વર્ણવ્યું છે.

- સાધુ-શ્રી દુપ્પસહસૂરિ મહારાજ
- સાધ્વી-શ્રી ફલ્ગુશ્રી મહારાજ
- શ્રાવક-નાગિલ શ્રાવક
- શ્રાવિકા-સત્યશ્રી શ્રાવિકા
- આગમ-શ્રી દશૈકાલિક સૂત્ર
- અંતિમ રાજર્ષિ-ઉદાયન રાજા
- અંતિમ રાજા-વિમલવાહન
- પ્રધાન-સુમુખ.

પાંચમાં આરાના કરૂણા-દયાજનક સંયોગો જ્યારે ચરમ સીમાએ પહોંચ્યા હતા તે વખતે ઈન્દ્રનું સિંહાસન કંપાયમાન થયું. અવધિજ્ઞાનથી ઈન્દ્રે પાંચમાં આરાનો અંતિમ દિવસ અને છઠ્ઠા આરાના પ્રારંભની વાત જાણી. તેને આકાશવાણી દ્વારા મનુષ્યલોકની પ્રજાને ખબર આપ્યા કે..

"હે પ્રજાજનો ! આવતી કાલ (અષાઠ સુદ પુનમ)થી કાળચક્રનો દુઃખમય છઠ્ઠા આરાનો પ્રારંભ થાય છે."



વર્તમાનમાં લડાઈના ભયની સાયરન વાગી કે ભૂકંપના કારણે મકાનો હાલવા-પડવા માંડે તો પ્રજા ભયભીત થાય છે તેમ ઈન્દ્રની આકાશવાણી એ પ્રજાને બેચૈન બનાવશે, તરત "મહાસંવર્ત" નામનો ભયંકર પવન ફૂંકાશે અને વૈતાઢ્યપર્વત,

ઋષભકૂટ પર્વત, લવણ સમુદ્ર, ગંગા-સિંધુ નદી વિગેરે મુખ્ય શાશ્વતા ક્ષેત્રો બચશે`બાકીના બધાયનો નાશ થશે, વિનાશ થશે, સર્વનાશ થશે.

## આરો છઠ્ઠો - દુષમ-દુષમ

સમય : ૨૧,૦૦૦ વર્ષ.

માનવીએ આંખ બંધ કરીને ઉઘાડી ત્યાં છઠ્ઠા આરાનો દુઃખદાઈ દિવસનો સૂર્ય આગ જેવા કિરણોને વેરતો જોયો.

પહેલા પ્રહરે (૩ કલાક) જૈન ધર્મનો વિચ્છેદ-નાશ થયો.

બીજા પ્રહરે (૩ કલાક) પાખંડી મતનો નાશ થયો.

ત્રીજા પહરે (૩ કલાક) રાજનીતિ-રીતિનો લોપ થયો.

ચોથા પ્રહરે (૩ કલાક) બાદર (સ્થુલ) અગ્નિનો વિચ્છેદ થયો.

અને....

અમાસના અંધકાર જેવા જીવનનો પ્રારંભ થયો.

પ્રારંભમાં જ જીવો જે મકાનોમાં રહેતા હતા, તે બીલ-બખોલમાં રહેતાં થશે. ખોરાક જે અનાજ વિગેરેનો લેતા હતા, તેના સ્થાને કાચો માંસાહાર કરતાં થશે. દિવસે હરતાં-ફરતાં હતા, તે ઉઘાડા શરીરે રાતના હરતાં-ફરતાં-ખાતાં થશે. શરીર જે પાંચ ફૂટનું હતું તેના સ્થળે કદરૂપું અને - ૧ાા ફૂટનું થશે. કર્મ ખપાવવા માટે સાધના કરી જ્યાં આનંદ લૂંટાતો હતો,ત્યાં હવે અગ્નિના (સૂર્યના) અસહ્ય તાપમાં શેકાઈ જવું પડશે. નીતિ-નિયમો ભૂલી અવિવેકભર્યું જીવન જીવવાનું શરૂ થશે.

કરૂણતાના વિવિધ પ્રકારો વિકસવા લાગશે. આયુષ્ય માત્ર ૧૫ થી ૨૦ વર્ષનું, પાસળી ૮ અને છેવટ્ઠું સંઘયણવાળું હશે.




આવું અકલ્પનીય નરકના દુઃખો જેવું દુઃખમય જીવન વ્યતિત કરનારા ઘણાં જીવો આર્તધ્યાન કરશે. અસહ્ય વેદનાના કારણે ઘાટાઓ પાડી દુઃખમાંથી મુક્ત થવા પ્રયત્ન કરશે પણ બાંધેલા કર્મ અનુસાર એ દુઃખ ભોગવી અશાતા વધે તેવી ગતિઓમાં જન્મશે.

કોઈક જ એવા સમભાવી સમ્યગ્જ્ઞાનનો અનુભવ કરનારા જીવો હશે જે

સમભાવે દુઃખને સહન કરશે. કર્મના ઉદયને શાંતિથી ભોગવી સમાધિ મરણ જેવું મરણ પામી સદ્‌ગતિના અધિકારી થશે.

વિચારક માનવી !

એક ક્ષણ આંખ બંધ કરી દે. આજ સુધી ઉઘાડી આંખે જેટલું તેં જોયું તેમાં છેલ્લે છેતરાવું-પસ્તાવું પડ્યું. હવે વીતરાગની આજ્ઞા-જ્ઞાનને જાણી, વિચારી, સમજી તું તારા આત્માને કાંઈક પૂછી લે...

- તારે વધુ દુઃખી થવું છે કે સુખી ?
- ક્ષણિક સુખનો આનંદ લેવો છે કે શાશ્વત સુખનો?
- અજ્ઞાનતાથી કર્મ વધારે બાંધવા છે કે સમ્યગ્‌જ્ઞાન દ્વારા કર્મ ખપાવવા છે?

યાદ રાખજે...

કાળચક્ર તારા સમયને સુધારવા તને મદદ કરશે ને બગાડવા પણ સાથ આપશે. સમતાથી મૃત્યુ સુધારી સદ્‌ગતીને સાધી શકાય ને હાયવોયથી મૃત્યુ બગાડી દુર્ગતીનો ભાગી પણ થવાય.

સુધરવું હોય તો પાઠશાળામાં જા, સમ્યગ્‌જ્ઞાનને પ્રાપ્ત કરી જીવન ધન્ય કર.

"જનારું જાય છે જીવન, જરા જિનવરને ભજતો જા."

# 8) BRIEF INTRODUCTION OF OUR RELIGION

**Shree Atulbhai Laxmichand Gala (C.A.) Kutchh-Naredi - Mulund**

A person never believed in 'GOD' whenever, someone tried to convince him or advise him to keep faith in God, he used to get angry. He used to argue, "Where is God? No." i.e. there is no god in the world.

Time passed by. He became sick and he was bed-ridden. He was counting his last breath. One well-wisher asked him, " Still your belief for God is same?" He replied "My sentence is same with one change only." My sentence started with 'W' which was first word, had shifted to last i.e. "Here is God, Now.'

The above example proves that there is God in the world. To whatever extent, a person is atheist, finally, he believes in God. A stage comes in life, where he accepts existence of 'God' , if not during life-time, finally when he departs.

We as JAINS, do not believe in traditional meaning of God.

G : Generator of the world.

O : Operator of the world.

D : Destructor of the world.

JAINISM does not acknowledge the above meaning of God. it

believes that God is neither generator of the world, nor the operator and nor destructor of the world. God is just spectator of the world. "Arihant and Kevali" parmatmas have preached, what they have seen in the light of 'Kewalgyan' and 'Kewal-Darshan' for spiritual upliftment of the society.

Our difficulty does not start with the fact that we do not have knowldege of jainism, but it starts with naked truth that we have never ever tried to gain even little knowledge of jainism. I believe this is a big mistake on our part. We have assumed that gaining knowledge of jainism is restricted to our saints and priests only. Having mastery of JINAGAMS (Jain literature) is monopoly of the priests and not ours. And, this is the only reason why we do not have complete idea about our great Gods and our religion further resulting into lack of complete faith in our God religion.

May it be matter of teaching our kids jain traditions of drinking hot water, always not having certain items in our food or completing dinner before sun-set, we are not able to convince our kids, forget outside world. We are not able to answer their questions of 'Why' for above activities just because we do not have basic knowledge of jainism.

All these are preached by our God not just for spiritual progress but also for physical and mental health. They have kept in centre status of both health i.e. physical and mental, apart from spiritual progress. what is shown by them, path drawn by them is just not religion only but equally accepted by the science at a much later stage. Beliefs and findings of science have come very late and that too, it keeps on changing in the light of different circumstances prevailing at different point of time. While the facts disclosed and preached by our Arihants and kevalis are unique, never changing and tested by time. And if proves credibility of our Jinagams irrespective of whether science has acknowledged them or not.

When science has acknowledged the same, or accepted the principles laid down by our Jinagams It will be really a pity, if we as jains do not accept the same or do not have complete faith or do have doubts over cetain principles. And going forward, I would add that we either do not have complete faith or have some doubts over certain principles because we see, it has not been any advantage

so far. No visible benefits are seen in following the said priciples, is first and foremost reason of why we do not have complete faith in God or path prescribed by him. It is said in our world that where we find miracles, we bow down or surrender. But in spiritual world, the only motto is bow down or surrender first, miracles will automatically follow. And just because we do not see any miracles happening around, We donot bow down or surrender to God.

We always expect some miracles to happen, to follow the path given by our almighty. We expect all these with daily ½ or 1 hour spent on activities prescribed by our Gods. We expect instant result of our 'Satkarmas', may it be very little or negligible. But we never want result of rest 23 or 23½ hours spent on other activities, including wrong doings When we do not get any instant result for the deeds of 23 or 23 1/2 hours, which are not allways good ones, how can we expect any good instant results for our 1/2 or 1 hour pooja or good activities.what else could be biggest reason for our little or negligible good religious activities ?

As we sow, so we reap is very simple principle, still we forget the same while following all religious activities, and expect miracles or expect God to help us in our time of difficulties. Here lies the biggest difference between other religions and Jain religion. As I said earlier, God is spectator of the world. He preaches certain principles to be followed for spiritual upliftment. He helps us only this way and not by directly removing our difficulties and that too, instantly. Those, who have become 'Arihants' or 'Siddhas' have also passed through same stages and faced all difficulties without objecting the same and faced with smiling faces. May it be 'Mahavir' or 'Parshvanath' or 'Aadinath, all have passed the same tests and thereafter only, achieved Kewalgyan and Kewaldarshan and finally, 'Moksha'. The same principles were preached by them.

We are expected to follow same path or principles, as preached by them. This itself will reduce half of difficulties. And remaining difficulties, when we face with smiling faces, will go away. I do not mean to say all difficulties are removed overnight or some miracle will remove them, but it stops us from indulging in further wrong doings, which again results into further creation of difficulties for us. This is the master key of Jainism. Sow same what we want to

reap. Do not create difficulties for others if we don't want to face same. Don't involve in wrong things, If we don't want someone to create for us.

And this leads to necessity of learning the principles preached by parmatmas. It is not only necessary for spiritual progress but also for peaceful living in family and society at large. This will lead to peace in life, and spiritual progress beyond life, from one to other and so on...

Further, do not judge any person merely from activities of out side behaviour, without going to root of activity, Otherwise external there are likely chances that we may misjudge the activities of the people and we may not be able to judge good or bad activities.

One simple example. A person sitting below tree is offering grains to pigeons. Meanwhile a boy comes and pelts stones and all pigeons fly away. We will say a person offering grain is doing good activities while person throwing stones is a bad boy, but going forward, a person offering grain is a hunter who had laid net to trap all pigeons and a boy, coming to know this, makes all pigons fly away. by pelting stones. Now we must say that even offering grain, the hunter is a person with bad intention, while the boy is having good intensions eventhough pelting stones at pigeons. We won't be able to judge or differentiate these good and bad activities without deep knowledge of our religion, as many acts or activities may confuse us

One more feature of Jainism is 'Anekantawad' that it does give chance to all to become God and it is not monopoly of those, who are already God. By praying to them, and by following their path, we also can become God, exactly like them, As a true jain, the Knowledge of all these is imperative. Unfortunately, we do not have this knowledge and neither we have tried to gain the same.

Shri Laxmi chand (Lakhubhai) has made a little effort by medium of this book to share some knowledge about our God, about our priestes/ saints and our great religions.

So let all of us make small efforts by reading the book and thereby gaining little knowledge about our Great Religion and not only assist him in his aim but also to gain knowledge for ourselves. Knowledge which finally leads to 'Moksha' for us. Let's make little efforts to proceed a step ahead..

## ૯) વ્યાખ્યાન શ્રવણ તેમજ અન્ય દ્રષ્ટાંતો

### જીવનની સાચી મૂડી

આ સત્ય ઘટના છે. ૨૫ થી ૩૦ વર્ષ પહેલાંની વાત છે. ગુજરાતમાં એક ગામડામાં આચાર્ય ભગવંત પધાર્યા ત્યાં જૈનોની વસ્તી સારી હતી. તેથી દરરોજ વ્યાખ્યાન આપતા. ત્રણ ચાર દિવસ પછી શ્રાવકોને થયું સાહેબ ની વાણી સારી છે. જો એમનું ચાતુર્માસ થાય તો ધર્મ આરાધના સારી થાય. સહુએ હિંમતલાલ શેઠને વાત કરી કે આપ વિનંતી કરો તો આચાર્ય ભગવંતનું ચોમાસું થાય. શેઠ ધર્મિષ્ઠ હતા. તેમણે સાહેબજીને વિનંતી કરી ને ચોમાસું નક્કી થઈ ગયું. સાહેબની વાણી સાંભળવા સારી સંખ્યામાં લોકો આવતા. સાહેબને શ્રાવકો પાસેથી જાણવા મળ્યું કે શેઠ ઘણા સુખી છે. અને એમને ત્રણ સુપુત્રો છે.

એક દિવસ શેઠ સાહેબજી પાસે બેઠા હતા. સાહેબજી એ કહ્યું કે આપ તો ઘણા સુખી છો. હા સાહેબ હું સુખી જ છું. મારી પાસે એક લાખ રૂા. ની મુડી છે. અને મારે એક સુપુત્ર છે. સાંભળીને સાહેબજી ને નવાઈ લાગી. પણ તેઓ કાંઈ પણ બોલ્યા નહીં.. ૫/ ૬ દિવસ પછી સાહેબનાં વ્યાખ્યાન ચાલુ હતા. શેઠ ઓચિંતા (જાણી જોઈને) બેભાન થઈ ગયા. લોકોએ ત્રણે દુકાને અલગ અલગ માણસો મોકલ્યા. એકપુત્રે કહ્યું અત્યારે ઘરાકીનો ટાઈમ છે. હું ૩-૪ કલાક પછી આવીશ. બીજા પુત્રે કહ્યું. હમણા તો ઘરાકીનો સમય છે. છતાંય ૧-૨ કલાક પછી આવીશ. ત્રીજા પુત્રને ત્યાં પણ ઘરાકી હતી છતાં તેણે ઘરાકી પડતી મૂકી ને તરત ત્યાં આવી પહોંચ્યો. થોડી વાર પછી શેઠ ભાનમાં આવ્યા. તેમને ઘરે લઈ ગયો. એક બે કલાક પછી બીજા પુત્રો આવ્યા ત્યારે જાણવા મળ્યું કે શેઠ સારા થઈ ઘરે ગયા.

બીજા દિવસે શેઠ સાહેબજી પાસે બેઠા હતા. ત્યારે સાહેબે કહ્યું કે આપના ત્રણ ત્રણ દીકરાઓ છે. તેમજ ત્રણ દુકાનો છે. હાજી સાહેબ આપની વાત સાચી છે. પણ ગઈ કાલે આપે જોયું જ્યારે હું બેભાન થઈ ગયો ત્યારે કેટલાં દીકરા કામ આવ્યા. સાહેબે કહ્યું એક જ એટલે તો મેં આપને કહ્યું કે મારે એકજ પુત્ર છે. બીજુ આપે તે દિવસે કહ્યું હતું કે આપના પાસે એક લાખની મૂડી છે. પણ આપની ત્રણ દુકાનો છે. હાજી સાહેબ આપની વાત સાચી છે. મે હજી સુધી સારા કામમાં (ધાર્મિક કાર્યોમાં) એક લાખ રૂા. જ વાપર્યા છે. તેજ મારી સાચી મૂડી છે. હવે આપશ્રી અત્રે પધાર્યા છો તો આપના આર્શીવાદથી આ ચાતુર્માસ માં ૧/૨ લાખ રૂા. વાપરવાનો લાભ મળશે તો એટલી મારી મૂડી વધશે. સાહેબજી આશ્ચર્ય ચકિત થઈ ગયા. કે શેઠની વાતમાં કેટલો બધો સાર છે.

### સૌથી મહાન તીર્થ - મન (પવિત્ર)

શિષ્યે ગુરૂને સવાલ પૂછ્યો સૌથી મહાન તીર્થ ક્યું? ગુરૂએ કહ્યુ સૌથી મહાન તીર્થ મન છે, મનના વિચારો શુધ્ધ હોય તે મનુષ્ય મોક્ષે પણ જઈ શકે છે. તીર્થંકર

નામ પણ બાંધી શકે છે. એક ગામમાં એક શેઠ રહેતા હતા. સુખડનો વેપાર બજારમાં ખૂબ તેજી આવી ભાવ બહુ વધી જવાથી સુખડ વેચાય નહી શેઠને થયું કે જો સુખડ વેચાય નહી તો તેજી આવ્યા છતાં મારે તો નુકસાની જ વેઠવી પડે. શેઠ ને એક દીવસ વિચાર આવ્યો કે રાજા જેવી મહાન વ્યક્તિ મરે તો જ મારૂ સુખડ ખપે. આવા અશુભ વિચારો શેઠને રોજ આવવા લાગ્યા. બીજી બાજુ રાજાને કુદરતી શેઠ પ્રત્યે ઘૃણા થવા લાગી જો કે રાજાને ખબર પણ નહિ કે શેઠને મારા માટે આવા વિચારો આવે છે કુદરતની કરામત જુઓ. આમ કરતા રાજા બિમાર પડ્યા રોજે રોજ શરીર ઘસાવા માંડ્યું હાડપીંજર જેવું થઈ ગયું. દેશ-વિદેશથી વૈદ્યો-હકીમો આવ્યા પણ કોઈ દવા કામ આવી નહી.. એક વખત ગામમાં કોઈ મનોવૈજ્ઞાનિક સંત પધાર્યા એમને રાજા પાસે લઈ જવામાં આવ્યા. તેમણે રાજાને અનેક પ્રશ્નો પૂછ્યા. કોઈ કારણ વગર રાજાને શેઠ પ્રત્યે નફરત થવા લાગી છે. સંત આવ્યા શેઠ પાસે તેમની સાથે વાત કરતા જાણવા મળ્યું કે શેઠનું સુખડ વેચાતું નથી જો ગામમાં કોઈ મોટો માણસ (રાજા) મરે તો મારૂં સુખડ ખપે. સંતને વાતનો દોર મળી ગયો કે મનના વિચારો કેવી અસર કરી શકે છે. તેઓ રાજા પાસે આવ્યા ને વાત કરી કે ઈલાજ મળી ગયો છે. ફલાણા શેઠ પાસે સુખડ છે તે બજાર ભાવે ખરીદી લ્યો અને પ્રજાને અડધી કીમતે આપી દો.. પંદર દીવસ પછી મને આપની તબિયતનો રીપોર્ટ આપજો. રાજા આમ પણ નર્વસ થઈ ગયા હતા. એમણે મંત્રીશ્વરને બોલાવીને બધી વાત કરી. મંત્રીશ્વરે શેઠ પાસેથી બધુ સુખડ ખરીદી લીધું પછી ઢંઢેરો પીટાવ્યો કે સુખડ અડધી કીંમતે વેચવાનું છે બધુ સુખડ ખપી ગયું. એ રાતે રાજાને પણ લાંબા સમય પછી રાતના ઉંઘ આવી ગઈ. ૧૦/૧૫ દિવસમાં રાજા એકદમ સાજા થઈ ગયા તો આ છે મનની સ્થિતિ આપણા મનના વિચારોની શુભ/અશુભ અસર બીજા ઉપર પણ કેવી થાય છે. આપણે પણ સારા નરસા પરીણામ (સ્વર્ગ/નરક) ભોગવવા પડે છે. તો દરેક મનુષ્યે રોજ સવારના પાંચ મીનીટ ટાઈમ કાઢી દરેક પંચેદ્રીય જીવો સાજા માંદા સર્વે માટે શુભ ભાવ ભાવવા કે ભગવાન દરેકનું ભલુ કરજો. માંદા માણસને સાજા કરજો દરેકનું ભલું કરજો. શિષ્યે ગુરૂને બીજો પ્રશ્ન કર્યો કે જો મન જ તીર્થ છે તો પછી શત્રુંજય, સમેતશીખર, આબુ, ગીરનાર વગેરે તીર્થોની યાત્રા કરવાની શું જરૂર ? ગુરૂએ કહ્યું તારો પ્રશ્ન ખૂબ જ યોગ્ય છે. આપણું મન ક્યાં સાફ છે. આપણું મન તો મલ્લીન છે એટલે આપણે તીર્થયાત્રા કરવા જઈએ તો આપણા મનની મલ્લીનતા ઓછી થાય અને મન સાફ થાય એટલા માટે આવા બાહ્ય તીર્થોની પણ એટલી જ જરૂર છે.

## પ્રાર્થના !!!

હે પ્રભુ ! લોકો તો જન્મકુંડલીઓના પાનાઓ લઈને ઠેર ઠેર જોશીઓને બતલાવ્યા કરે છે. મને તો એમાં જરા પણ રસ રહ્યો નથી, કેમ કે તમારૂં સાનિધ્ય હોય પછી ગ્રહો શું કરી શકે? નવે ગ્રહો પ્રભુ તમારા ચરણોની સેવા કરે છે. તેની સેવા પણ નવે ગ્રહો કરે છે. રાજા શ્રીપાલ અને રાણી મયણાના જીવનમાં તો પ્રતિકુળ ગ્રહો પણ આપની સેવાના પ્રભાવે અનુકુળ બનીને સેવા કરતા હતા. એટલું જ નહિ પણ જ્યારથી મેં તમારા ચરણ ગ્રહણ કર્યા છે ત્યારથી મે ગ્રહદશાની ચિંતા છોડી દીધી છે. કેમકે હવેથી મારૂં ભવિષ્ય જ પ્રભુ આપ છો, મારો વર્તમાન પણ પ્રભુ આપ જ છો. તમારા સાનિધ્ય વિના મારે વધારે કશું જોઈતું જ નથી. મારા ડીમાન્ડ લીસ્ટમાં માત્ર ત્રણ ચીજ છે.

૧. વર્તમાનની પ્રત્યેક ક્ષણોમાં મને તારૂં સાનિધ્ય મળી રહે.

૨. ભવિષ્યમાં તારો સંગાથ ક્યારેય છુટે નહિ.

૩. મૃત્યુની અંતિમ ક્ષણોમાં સતત તારૂ સ્મરણ મારી જબાન પર રમતું હોય આ જન્મમાં મને જો આટલું મળે તો મારે આવતા જન્મ માટે કશું જ રજીસ્ટર કરવાનું રહેતું નથી.

## ક્ષમાપના કોની સાથે કરવી (ક્ષમા માંગવી)

૧. જે જે આત્મા સાથે તમે વેર-વિરોધ અણબનાવની ગ્રંથીઓથી બંધાયા હો.

૨. નામના મેળવવા માટે નામની તકતી માટે સંસ્થાઓને લાખો રૂપિયા આપ્યા. જ્યારે પોતાના જ મા જણ્યા ભાઈ કે બહેન લક્ષ્મીના અભાવે દુ:ખમાં સબડતા હોય, એમના માટે શું કર્યું? એમને ઉપર ઉઠાવવા મથ્યા? કે પછી પડતાને મારવાની પાપી વૃત્તિ જ આદરી? પશ્ચાતાપની પાવન ગંગામાં સ્નાન કરીને..

૩. આપણે પૂણ્યોદયે ધન પામ્યા છતાં ય દીન દુ:ખીને ગરીબોને ઉપયોગી ન થયા. પણ પૈસાના ગુમાનમાં એમની અવહેલના કરી. એમને સતાવ્યા, લક્ષ્મીને કેદ કરી અથવા ભોગ વિલાસમાં વાપરી લક્ષ્મીનો દુરૂપયોગ જ કર્યો. ત્યારે લક્ષ્મીદેવીની પણ ક્ષમા માંગવી.

૪. તમે નોકર કે મજૂર પાસેથી સખત કામ લો ને એનુ પૂરેપૂરૂ વળતર ન ચૂકવ્યું હોય, વારેઘડીએ એને ખોટી રીતે ધમકાવ્યો હોય, તેને અપમાનિત કર્યો હોય, તો નિર્મળ ભાવે..

૫. અરે ! ઘરે ભિક્ષા માગવા આવતા ભિક્ષુકને તમારી શક્તિ હોવા છતા ભિક્ષા ન આપી હોય, એમની અવહેલના કરી હોય, એમને ધક્કે ચડાવ્યા હોય, ગાળો દીધી હોય તો એમની..

આ બધાની અંતકરણપૂર્વક ક્ષમા માંગવી, ને ફરીથી આવી ભૂલો ન થાય તે જ ક્ષમા ગણાય.

## મા–બાપ

ધૂમ તાપમા શીતળતા બક્ષતો વડલો તોડી પાડનારો ગુનેગાર ગણાય, આંધળાની લાકડી લૂટી જનારો નિષ્ઠુર કહેવાય, તો મા–બાપને ઘરડે ઘડપણે આશરો બનનારા દીકરાને લગ્ન બાદ આંચકી લઈને મા–બાપને નિરાધાર દશામાં રઝળતા કરી દેનારી પુત્રવધૂ નિષ્ઠુરમાં નિષ્ઠુર ન ગણાય શું? લગ્ન બાદ મા–બાપને ઘર બહાર જવા વિવશ બનાવનારાને કે પંખીની જેમ પાંખો આવતા ઘરમાંથી ઉડી જઈને નવો માળો બાંધનારા દીકરાઓએ આ બાબત ખૂબ જ ગંભીરતાથી વિચારવા જેવી નથી શું?

પહેલા પિતાને સ્થાને, અધ્ધા શબ્દ હતો, જે એમ સૂચવતો હતો કે 'મા કરતાં અડધો પ્રેમ આપે તે અધ્ધા', તે પછી હવે પપ્પા શબ્દ આવ્યો, 'જે પા ભાગનો પ્રેમ સૂચક છે'. અને હ્‌વે ડેડી શબ્દ આવી ગયો. જેનો કાંઈ મીનીંગ અર્થ જણાતો નથી, 'પ્રેમ આપવામાં જેઓ આઉટ ઓફ ડેઈટ થયા તે જ ડેડી/ડેડ થવાને લાયક હોય'.

## ગુરૂ વાણીનો પ્રભાવ

એક વખત ગુરૂ અને ચેલો જઈ રહ્યા હતા. સામેથી એક કસાઈ ખૂલા છરા સાથે ગાયની સાથે આવી રહ્યો હતો. ચેલાએ પૂછયું શું થશે? ગુરૂએ પૂછ્યું અત્યારે ખુલા છરા સાથે આવી રહ્યો છે તે દેખાઈ રહ્યું છે. શું થશે તેની કેમ ખબર પડે? કોઈના મનની વાત કેવી રીતે ખબર પડે કે તેના મનમાં શું ચાલી રહ્યું છે? આ વાતચીત કસાઈએ સાંભળી એને એમ થયું કે ગુરૂની વાત સાવ સાચી છે, મનની કેમ ખબર પડે? મેં ઘણા પાપો કર્યા છે, હજી પણ પાપ કર્યા કરત પણ ગુરુની વાત સાંભળી મને થાય છે કે હું અત્યાર સુધી શું કરતો રહ્યો, તેને ખૂબ જ પસ્તાવો થયો પશ્ચાતાપ ની ચરમસીમાથી કસાઈને એ જ ક્ષણે કેવળજ્ઞાન થયું આ છે ગુરૂવાણીનો પ્રભાવ.

## અંગોપયોગ (ગૌતમ પૃચ્છા ગ્રંથ)

૧. પગ : માનવીને વિહાર કરવા, યાત્રાઓ કરવા ઈર્યા સમિતિનું પાલન કરવા.

૨. હાથ : હાથ દ્વારા દાન, પૂણ્યશાળી મહાત્માને વડિલોને તેમજ માબાપને પગે લાગવા.

૩. મોઢું : મુખ દ્વારા મીઠી અને પ્રેમભરી વાણી બોલી અને ભગવાનના એક ચિત્તે ગુણ ગાન ગાવા.

૪. નાક : ઈજ્જત આબરૂ વધારવા માટે કુળની આબરૂ સાચવવા.

૫. આંખ : સારૂ જોવા માટે પૂજ્ય દેવ–ગુરૂના દર્શન કરવા માટે.

૬. કાન : ધર્મનું સદ્‌બોધ સાંભળીને આચરણમાં મૂકવા માટે.

૭. તન : કાયા ધર્મની આરાધના કરવા ને તપ કરવા.

૮. મન : સારા વિચારોનું ચિંતન કરવા મનથી પ્રાર્થના કરવા, જ્યાં ત્યાં મનને ભટકવા ન દેવું.

૯. ધન : શુભ ભાવથી સાત ક્ષેત્રમાં તેમજ દીન દુખિયાની દયા તેમજ રક્ષા કરવા.

**બે બોલ.... (અતુલ ગાલા)**

કોઈમ્બતુર જેવા પ્રદેશમાં, જ્યાં સાધુ સાધ્વીજી ભગવંતોના વર્ષાવાસ કે ચાતુર્માસનો સંગ ભાગ્યે જ મળતો હોય છે ત્યાં ધાર્મિક જ્ઞાનનો મોટા ભાગે અભાવ જોવા મળે છે. તેવા સમયમાં શ્રીમતી જયશ્રીબેન પ્રફુલભાઈ મોતા (ગામ સુથરી) વર્ષોથી બાળકો માટે સુંદર પાઠશાળા ચલાવી રહ્યા છે. અને પાઠશાળાના માધ્યમથી બાળકોને નિઃશુલ્ક ધાર્મિક જ્ઞાન આપી રહેલ છે. ઉપરાંત, જયશ્રીબેન ક.દ.ઓ. જૈન મહાજન, કોઈમ્બતુરના સહમંત્રી તરીકે પણ સેવા આપી રહ્યા છે. અને શ્રીસંઘના દરેક કાર્યમાં તેમનો સક્રિય સાથ સહકાર મળતો રહે છે. તેવા જયશ્રીબેન મોતાને ખૂબ ખૂબ અભિનંદન સહ ધન્યવાદ

# ૧૦) આ મનુષ્યભવ દુર્લભ કેમ ?

**મણિભાઈ ઝ. શાહ**

તીર્થંકર ભગવંતોએ એમના કેવળજ્ઞાનમાં જોયું છે કે સમસ્ત વિશ્વ જુદી જુદી જાતના જીવોથી ખચોખચ ભરેલો છે. જીવો તો એક જ જાતના પણ એમની ગતિ-એમણે ધારણ કરેલાં શરીર જુદાં જુદાં.

કેટલાક જીવોને તો ઘણા જીવો વચ્ચે એક શરીર-અને તે પણ અતિ સુક્ષ્મ મળેલું છે. અને નિગોદના જીવો કહે છે. તે જીવો આપણે એક શ્વાસ લઈને મૂકીએ તેટલા સમયમાં અઢાર વખત જન્મે અને મરે. આવી દશામાંથી કેટલાક જીવો તો હજુ બહાર જ નીકળ્યા નથી. નિયમ એવો છે કે એક જીવ મોક્ષે જાય એટલે એક જીવ નિગોદમાંથી બહાર નીકળે. તે અર્ધ પુદ્‌ગલ પરાવર્તન કાળ સુધીમાં જુદી જુદી ગતિઓમાં-એકેન્દ્રિયમાં, બે ઈન્દ્રિયમાં, ત્રણ ઈન્દ્રિયમાં, ચાર ઈન્દ્રિયમાં, પાંચ ઈન્દ્રિય મન વગરનામાં અને પાંચ ઈન્દ્રિય મનવાળામાં જન્મ લે ! જુદાં જુદાં શરીરો ધારણ કરીને સમસ્ત વિશ્વનાં બધાં પરમાણુઓને વારાફરતી ધારણ કરે એને એક પુદ્‌ગલ પરાવર્તન કાળ કહે છે. આમાં અજબો-અજબો વર્ષો આવી જાય.

આ સમય દરમ્યાન એ પોતાનું કલ્યાણ કરીને મોક્ષે જાય તો તો ઠીક, નહી તો ફરી પાછો નિગોદમાં અઢી પુદ્‌ગલ પરાવર્તન કાળ માટે ચાલ્યો જાય છે.

સમસ્ત વિશ્વનું ઘનફળ ૩૪૩ ઘન રાજુ છે. (એક રાજુ એટલે ૩, ૮૧, ૧૨, ૯૭૦ મણનો એક ભાર. એવા એક હજાર ભાર વજનના ગોળાને ઊંચેથી ફેંકે તે છ માસ, છ દિન, છ પ્રહર, છ ઘડી અને છ પળમાં જેટલો નીચે આવે તેટલો અંતરને એક રાજુ કહે છે !) આમાં વચ્ચોવચ્ચ એક નાડી જેવું છે. જે ૧૩ રાજુ ઊંચી અને ૧ રાજુ લાંબી પહોળી છે. આને ત્રસનાડી કહે છે. નિગોદમાંથી નીકળેલો જીવ બે હજાર સાગર વર્ષ માટે આ નાડીમાં આવી ત્રસ પર્યાય (હાલી ચાલી શકે તેવું

શરીર) ધારણ કરે છે. એક સાગર વર્ષ એ પણ ઉપમા છે જેમાં અબજો વર્ષો આવી જાય છે. આ પર્યાયમાં બે ઈન્દ્રિય અને તેની ઉપરના જીવો તથા મનવાળાં પંચેન્દ્રિય પ્રાણી, પશુ, પક્ષી, મનુષ્ય, નર્ક, સ્વર્ગ, વગેરેના જીવો પણ આવી ગયા. આ પૈકી મનુષ્યના ભવ વધારેમાં વધારે ૪૮ મળે છે. આપણે જે જોવું છે તે એ કે આ ૪૮ ભવમાં આત્માનું કલ્યાણ કરવા માટે કેટલી અનુકૂળતા મળે છે. ત્રસનાડીમાં વચલા ભાગથી ઉપરના ભાગમાં સ્વર્ગ છે. સ્વર્ગમાં ધર્મ કરવાની બહુ અનુકૂળતા નથી. છતાં ત્યાં ચોથા ગુણસ્થાન સુધી (મોક્ષમાર્ગનાં ૧૪ પગથિયાં પૈકી ૪થું પગથિયું) જઈ શકાય છે.

ત્રસનાડીમાં વચલા ભાગથી નીચેના ભાગમાં નર્ક આવેલ છે. ત્યાં પણ કોઈ કોઈ જીવ ધર્મ કરી ૪થા ગુણસ્થાન સુધી જઈ શકે છે.

વચલા ભાગમાં મધ્યમાં ટાપુ, એની ફરતે સમુદ્ર, એની ફરતે ટાપુ, એની ફરતે સમુદ્ર, એમ અનેક ટાપુ અને સમુદ્રો આવેલા છે. આ પૈકી ફક્ત વચલા અઢી ટાપુઓમાં જ મનુષ્યો હોય છે. આમાં પણ પૂર્વથી પશ્ચિમ અમુક પર્વતોને લીધે દરેક ટાપુના સાત – સાત ભાગ પડી જાય છે. આ ભાગ પૈકી અમુક ભાગ એ ભોગભૂમિ તરીકે ઓળખાય છે. અહીં જન્મેલા મનુષ્યો ભોગ ભોગવે, પણ ધર્મ કરવાની અનુકૂળતા હોતી નથી. બાકીના ભાગને કર્મ ભૂમિ કહે છે. આમાં જ ધર્મ થઈ શકે છે. વિસ્તારની દૃષ્ટિએ વિચારતાં મનુષ્યભવના મળતા ૪૮ ભવોમાંથી આશરે ત્રીસેક ભવ કર્મભૂમિમાં આવે અને અઢારેક ભવ ભોગભૂમિમાં જાય.

કર્મભૂમિમાં પણ છ–છ ભાગ હોય છે. એમાંના પાંચ અનાર્યખંડ, જ્યારે એક આર્યખંડ કહેવાય છે. અનાર્ય ખંડમાં ધર્મ થઈ શકતો નથી. ફક્ત આર્યખંડમાં જ ધર્મ થઈ શકે છે. એટલે મનુષ્ય ભવના કર્મભૂમિના મળતા ૩૦ ભવમાંથી લગભગ ૨૫ ભવ તો અનાર્યખંડમાં જવાના. એમાં પણ ધર્મ થઈ શકતો નથી. બાકી રહ્યા પાંચેક ભવ.

કર્મભૂમિના આર્યખંડમાં પણ કેટલીક જગ્યાએ કાળ પરિવર્તન થાય છે. એમાં પહેલા ત્રણ કાળ–સુખમાસુખમા, સુખમા, સુખમા દુઃખમામાં, ધર્મ થઈ શકતો નથી. ભોગભૂમિની માફક ભોગ ભોગવે. ચોથા અને પાંચમા કાળમાં દુઃખમાંસુખમા અને દુઃખમામાં ધર્મ થઈ શકે છે અને છઠ્ઠા દુઃખમાંદુઃખમાં કાળમાં પણ ધર્મ થઈ શકતો નથી. આપણે ત્યાં અત્યારે પાંચમો કાળ ચાલે છે. આનો અર્થ એ થયો કે કર્મભૂમિમાં આર્યખંડમાં મળતા પાંચ ભવ પૈકી ધર્મ થઈ શકે. તેવો ૪થો કે ૫મો કાળ તો ૨, ૩ કે ૪ ભવ માંડ મળે. (વિદેહ ક્ષેત્રમાં કાયમ ૪થો કાળ હોય છે. તે ધ્યાનમાં લેતાં.)

અત્યારની આપણી દુનિયામાં આવા ૩ કે ૪ ભવમાં આદિવાસી વગેરેને ત્યાં

જન્મ્યા કે બીજી જગ્યાએ જ્યાં હિંસા વગેરેમાં જ ધર્મ માનવામાં આવે ત્યાં જન્મ્યા તો સાચો ધર્મ થઈ શકે નહિ. એટલે ઉત્તમ કુળ, દીર્ઘ આયુષ્ય, નીરોગી શરીર, આર્થિક અનુકૂળતા, પરિવારની અનુકૂળતા, જ્ઞાનનો ઉઘાડ, સત્સંગનો યોગ, સદ્ધર્મનું શ્રવણ એ બધું તો મળ્યું નહિં તો પાછા ત્રસપર્યાયનો બાકીનો સમય પૂરો કરી ફરી પાછા અઢી પુદ્ગલ પરાવર્તન કાળ માટે નિગોદમાં જવાનું. એ જાણવું રસપ્રદ થશે કે મનુષ્યભવમાં જ મોક્ષમાર્ગના ચૌદે પગથિયા ચડી શકાય છે, બીજા કોઈ ભવમાંથી નહિ. અત્યારે આપણને જે મળ્યું છે તે કેટલી વીસે સો થઈ છે એ હવે સહેજે સમજી શકાશે. આવા મનુષ્યભવની દુર્લભતા વિષે શ્રીમદ્ રાજચંદ્રજી લખે છે,

'ચક્રવર્તીના સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહિ તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો. જેમણે પ્રમાદનો જય કર્યો તેમણે પરમ પદનો જય કર્યો.''

અત્યારે મળેલો મનુષ્યભવ એ કેટલો દુર્લભ છે એ એકવાર સમજાય તો મોક્ષમાર્ગમાં અવશ્ય મચી પડીશું.

# ૧૧) મોક્ષપ્રાપક માનવ જીવનમાં અંકુશનું મહત્ત્વ

## પૂ. મુનિરાજ શ્રી હિતવિજયજી મહારાજ સાહેબ

આર્થિક બળ ધરાવતા શ્રીમંત વર્ગ સામે આંગળી ચીંધવાની કે એમને રોકવા–ટોકવાની હિંમત સામાન્ય માણસો તો કરી શકે જ નહિ. એથી દેવ–ગુરુ–સમાજ વગેરેનો અને પાપનોય ડર રાખ્યા વિના, પાપાનુબંધી પુણ્યના ઉદયવાળો શ્રીમંતોનો મોટા ભાગનો વર્ગ લક્ષ્મીના મદદથી છકી જઈને નિઃસંકોચપણે ધર્મના તેમજ ઉત્તમકુળના આચારો તથા સમાજના રીત રિવાજોનો ત્યાગ કરી દઈને આ લોક પરલોકમાં સુખદાયક એવી મર્યાદાઓનો પણ છડેચોક ભંગ કરીને, લગ્નાદિક પ્રસંગે ખાનપાનમાં ભક્ષ્યાભક્ષ્યનો વિવેક ચૂકીને અભક્ષ્ય પદાર્થો બનાવવા ઉપરાંત ખાવા ને ખવરાવવા લાગ્યાં.

અજૈનના ઘેર જમણવારમાં જૈન આડતિયા અને જૈન સંબંધીઓ માટે જૈન કાઉન્ટર (જૈનોને ખપતાં ભોજનની વ્યવસ્થા) હોય એનું આશ્ચર્ય ન હોય, પણ જૈનના ઘેર જમણવારમાં (જૈનોના ચુસ્ત જૈનો અને અચુસ્ત જૈનો એવા બે ભાગ પાડીને) ચુસ્ત જૈનોને માટે, જૈન કાઉન્ટર પર જૈનોને ખપતા ભોજનની વ્યવસ્થા હોય અને અચુસ્ત જૈનોને માટે અભક્ષ્ય ભોજનની વ્યવસ્થા હોય એ આશ્ચર્ય ઉપજાવનારી બાબત છે. અચુસ્ત જૈનોના ભોજનમાં કાંદા, બટાટા, ગાજર, આદુ વગેરે કંદમૂળ હોય, ફણગાવેલા મગ વગેરે અનંતકાય કઠોળ હોય, કંદમૂળવાળા

સલાડ હોય, શીખંડ સાથે ચણાના લોટની કઢી અને ખમણ ઢોકળાં હોય, સેવપૂરીમાં કાચું દહીં હોય, ખાસ જમણવાર માટે બજારમાંથી તૈયાર આવતા કાંદા, લસણ આદિના પાવડરવાળા મસાલાનો ઉપયોગ થાય, બરફ પણ વપરાય અને અભક્ષ્ય પીણાંઓ પણ પીરસાય,, વળી અધૂરામાં પુરૂં ચાંદલો આપવા આવનારાઓ માટેની રીસેપ્શન પાર્ટીઓ તેમજ જન્મદિનની ઉજવણીની બર્થ ડે પાર્ટીઓ રાત્રે યોજાય અને એમાં ખૂબ ખૂબ આનંદથી રાત્રિભોજન કરાવાય. આમ ખાનપાનની બાબતમાં જૈનત્વનું કે જૈનકુળના આચારોનું નામ નિશાન પણ ન રહે એવી રીતનું નિરંકુશપણું હાલમાં શ્રીમંત વર્ગમાં પ્રવર્તી રહ્યું છે. એ નિરંકુશપણાની ક્યાંય હદ હોય કે એને ક્યાંય થોભો હોય એમ જણાતું નથી.

ખાનપાનની બાબત જેવું જ નિરંકુશપણું પહેરવેશની બાબતમાં પણ પ્રવર્તી રહ્યું છે. પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું ને અહિતકર અનુકરણ કરીને, ભારતીય સંસ્કૃતિના લજ્જા-મર્યાદાયુક્ત ને સદાચાર પોષક એવા સ્ત્રીવેશનો ત્યાગ કરીને શ્રીમંત વર્ગની દીકરીઓ ઉદ્‌ભટ ને પોતાને માટે અનુચિત તેમજ જે અંગોપાંગ સારી રીતે ઢાંકવા યોગ્ય છે, એવાં અંગોપાંગ પણ ઉઘાડાં દેખાય એવો સદાચારનાશકને દુરાચારપોષકે પુરુષવેશ પહેરીને મોટા ગર્વ સાથે ને વિના રોકટોક સમાજમાં ફરવા લાગી ને એનો પ્રાણઘાતક ચેપ સામાન્ય જનસમાજમાં પણ ફેલાવી દીધો, બંધ તૂટ્યા પછી નદીઓ સલામત રહી શકે નહિ, એ પણ ગાંડૂતૂર બને ! દેરાસર - ઉપાશ્રયમાં પણ પુરુષવેશ પહેરીને પ્રવેશ નહિ કરવા જેટલોય વિવેક શ્રીમંત વર્ગની દીકરીઓમાં દેખાતો નથી. યુરોપ, અમેરિકા વગેરે દેશો પણ ચર્ચ જેવા ધાર્મિક સ્થળોમાં સ્ત્રીઓને પિકીની (બિકીની) જેવો અનુચિત પોષાક પહેરીને દાખલ થવાની મનાઈ ફરમાવે છે. આમ ત્યાં પણ ધાર્મિક અંકુશ છે, જ્યારે આપણે ત્યાં અનુચિત એવો પુરુષવેશ પહેરીને સ્ત્રીઓ રોકટોક વિના નિઃશંકપણે દેરાસર, ઉપાશ્રયમાં પ્રવેશ કરી શકે છે. એ રીતે પ્રવેશ કરવાની આપણે એમને મનાઈ ફરમાવી શકતા નથી એ આપણી કમનસીબી છે. કદાચ દેરાસર ઉપાશ્રય જેવાં ધાર્મિક સ્થળોમાં સ્ત્રીઓને ઉદ્‌ભટ, અનુચિત, પુરુષવેશ પહેરીને પ્રવેશ કરવાની મનાઈ ફરમાવવામાં આવે તો પણ શ્રીમંત વર્ગની દીકરીઓ એવી મનાઈને આત્મકલ્યાણકારી માનીને એનો સ્વેચ્છાએ સહર્ષ સ્વીકાર કરી સત્કાર્યમાં સાથ આપે એ પણ બનવાજોગ લાગતું નથી.

આમ ખાનપાન, પહેરવેશ અને અન્ય સર્વ બાબતમાં સર્વપ્રકારે નિરંકુશ બનેલા પાપાનુબંધી પુણ્ય લઈને આવેલા શ્રીમંત વર્ગે સ્વચ્છંદતાના અનર્થકારી માર્ગે ચાલવાની શરૂઆત કરી, એજ માર્ગે દિનપ્રતિદિન બેરોકટોકપણે આગળ ને આગળ વધવા સાથે આખાય સમાજને પણ પોતાના સાથે સ્વચ્છંદતાના માર્ગે ઘસડ્યો, હજીયે એ વર્ગ દ્વારા ઘસડાયા જ કરશે. નિરંકુશ બનીને સ્વચ્છંદતાના માર્ગે આ

આગળ વધેલો શ્રીમંત વર્ગ એ માર્ગેથી પાછો વળે ને અંકુશિત બનીને રહે એવી આશા રાખી શકાય તેમ નથી. આમ છતાં પોતાના કારણે બીજા અનેક જીવોનું અહિત ન થાય એટલા માટે પણ શ્રીમંત વર્ગ અંકુશપૂર્વકનું જીવન જીવવા કટિબદ્ધ બને એમ આપણે ઈચ્છીએ !

મોક્ષપ્રાપક માનવભવનાં મૂલ્ય જેઓ સમજે એમને જ અંકુશનું મહત્ત્વ સમજાય. અંકુશનું મહત્વ જેમને સમજાય તેવા ભવ્યાત્માઓ નિરંકુશ બનીને સ્વચ્છંદી જીવન જીવનારાઓથી દૂર રહે, એમના અનર્થકારી ચાળે ચડે નહિ એ જ એક પોતાની જાતને સલામત રાખવાનો શક્ય ઉપાય છે.

માનવભવનાં મૂલ્ય જેમને સમજાયા નથી એવા જૈનેતરો ગમે તેમ જીવે પણ માનવભવનાં મૂલ્ય જાણનારા જૈનોથી ગમે તેમ ન જીવાય. એમના માથે જિનાજ્ઞાનો અંકુશ હોવો જ જોઈએ. જૈનો જગત જીવે તેમ ન જીવે, પણ જિનાજ્ઞા મુજબ જીવે. જૈનોની ધાર્મિક, સાંસારિક આદિ તમામ પ્રવૃત્તિઓ જિનાજ્ઞાને લક્ષમાં રાખીને હોય સાંસારિક પ્રવૃત્તિમાં પણ જૈનો જગતથી જુદા તરી આવે. એમની રહેણી-કરણી, ખાનપાન, પહેરવેશ બધું જ જગતથી નીરાળું હોય, જિનાજ્ઞાને લક્ષમાં રાખીને હોય.

# ૧૨) કમ્મે સૂરા ધમ્મે સૂરા

**શ્રી બાબુલાલ મનસુખલાલ શાહ**

પતિત જીવનમાંથી જેઓ પતિતોદ્ધારક બન્યા.

'કમ્મે સૂરા સો ધમ્મે સૂરા'ની કહેવત જેમણે ચરિતાર્થ કરી બતાવી.

પ્રભવ ચોરમાંથી જેઓ મહાત્મા શ્રી પ્રભવસ્વામી બન્યા.

પંચમ ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીની પાટે શ્રી જંબૂસ્વામી આવ્યા. તેમની પાટે તેમના સમર્થ શિષ્ય શ્રી પ્રભવસ્વામી આવ્યા.

નીચે ગબડી પડેલા આત્માઓને જો તેમનામાં સરળતા અને સમજદારીનો અંશ હોય તો નિમિત્ત મળતાં તેમને ઉંચે આવતાં વાર નથી લાગતી. આ કથા આપણને તે કહી જાય છે.

વિંધ્યાચલની ગિરિમાળા નજીક વૃક્ષોની ઘટાથી શોભતું મનોહર જયપુર નામે નગર હતું. નગરના વિંધ્યરાજ નામે રાજા હતો, રાજાને પ્રભવકુમાર અને પ્રભુકુમાર નામે બે પુત્રો હતા.

પ્રભવકુમાર નાનપણથી જ મહા તેજસ્વી અને પ્રતાપી હતો. પ્રભુકુમાર કરતાં મોટો હોવાથી પિતાની રાજગાદીનો તે હક્કદાર હતો, પરંતુ કર્મની લીલા તે આનું નામ. પિતાએ મોહવશ નાના કુમાર ઉપરના પ્રેમથી પ્રભવકુમારનો યુવરાજપણાનો હક્ક ડૂબાડીને નાના પુત્રને રાજ્ય આપ્યું.

પિતાના આ પક્ષપાતથી પ્રભવ મનમાં દુઃખી થયો, તે તેજસ્વી અને અટંકી !

હતો, પિતાનો આ પક્ષપાત તેનાથી સહન ન થવાથી તે રાજ્ય છોડીને ચાલી નીકળ્યો, માર્ગમાં તેને બીજા પાંચસો સાથીદારો મળ્યા, પાંચસોનો એ સરદાર બન્યો અને તેમણે ચોરી ને લૂંટનો ધંધો શરૂ કર્યો.

પહાડો, નદીઓ અને વનશ્રીની પ્રાકૃતિક શોભાથી સોહામણો મગધદેશ ત્યારે સમૃદ્ધિને શિખરે હતો. લોકો ધર્મ-સંસ્કારપ્રિય અને સુખી હતા.

મગધની સમૃદ્ધિથી ખેંચાઈ પ્રભવ મગધમાં ઉતરી આવ્યો અને હાથ અજમાવવા લાગ્યો, એવામાં તેને અવસ્વાપિની અને તાલોદ્ઘાટિની એ બે વિદ્યાઓ મળી. અવસ્વાપિની વિદ્યાર્થી તે જ્યાં ચોરી કરવા જાય, ત્યાંના માણસોને ઉંઘમાં સુવાડી દે અને તાલોદ્ઘાટિની વિદ્યાથી ગમે તેવા મજબુત તાળા પણ ક્ષણવારમાં ઉઘાડી નાખે, આ બે વિદ્યાથી તેને હરકત વગર મનમાન્યું ધન મળી જતું.

એક દિવસ તેના એક સાથીદારે તેને કહ્યું : ‘સરદાર ! હું એક મજાના સમાચાર લાવ્યો છું.’ ‘તું શું સમાચાર લાવ્યો છે ભેરૂ !’

સરદાર, અલબેલી રાજગૃહીમા ઋષભદત્ત નામે મોટો ધનકુબેર શેઠ રહે છે. શેઠને એકનો એક જંબુકુમાર નામે પુત્ર છે. પુત્રનું રાજગૃહીના આઠ શ્રીમંતોની આઠ કન્યાઓ સાથે લગ્ન થવાનું છે. પહેરામણીમાં પણ તેને પુષ્કળ ધન મળશે. તો તે દિવસે તેને ઘેર આપણે પહોંચી જઈએ તો આપણું કામ થઈ જશે અને આપણું જિંદગીનું દળદર ફીટી જશે.’

‘તું મજાના સમાચાર લાવ્યો છે ભેરૂ ! આપણે એવી તકને જવા ન દેવાય!’ જંબૂકુમાર પરણીને ઘેર આવ્યા. માતાએ પુત્રને આઠે પુત્રવધૂઓને પોંખીને તેમને મોતીએ વધાવ્યા.

માતા-પિતાના હરખનો કોઈ પાર નથી. ઘરમાં આનંદ-આનંદ થઈ રહ્યો છે. આનંદથી સૌ રમ્યાં-જમ્યાં.

સાસુજીએ સમુદ્રશ્રી, પ્રભશ્રી, પ્રભસેના, કુબેરસેના, નભસેના, કનકશ્રી, કનકવતી અને જયશ્રી એ આઠે પુત્રવધૂઓને એકાંતમાં બોલાવી પિયુને પલટી રસમૂર્તિ બનાવવાની શીખ આપી.

‘બાઈજી, તમે ચિંતા ન કરશો, અમે આઠે પુત્રવધૂઓ અમારી જુક્તિમાં ખામી નહીં રાખીએ !’ આઠે પુત્રવધૂઓએ સાસુજીને સાંત્વના આપી.

રાત્રિ પડી, દેવાંગના શ્રી આઠે નમણી નવોઢાઓ રંગશાળામાં પરવરી અને સ્વામીની વાટ નીરખી રહી.

રંગશાળાની શું શોભા છે! દિવાલ પરના મનોરમ ચિત્રો રંગશાળાની શોભાને ભવ્યતા અર્પી રહ્યા છે! છત પરની રંગબેરંગી હાંડીઓમાંથી દીપમાલાઓ સૌમ્ય પ્રકાશ વેરી રહી છે ! ધૂપદાનીઓમાંથી ઉઠતી સુગંધી ધૂપોની સુવાસ વાતાવરણમાં

પમરાટ ફેલાવી રહી છે ! એક જુઓ ને એક ભૂલો, એવી સુખોપભોગની વસ્તુઓ રંગશાળાની વૈભવી સજાવટનો ખ્યાલ આપી રહી છે! રાજગૃહીના ધનકુબેર ઋષભદત્ત શ્રેષ્ઠી અને માતા ધારિણીના એકના એક લાડકવાયા પુત્ર જંબૂકુમારની રંગશાળાની સજાવટમાં શું ખામી હોય!

જંબૂકુમાર રંગશાળામાં પધાર્યા. આઠે નમણી નવોઢાઓએ ઉલટભેર સ્વામીને આવકાર્યા. જંબુકુમાર બોલ્યા : 'તમારે થોડી પ્રતીક્ષા કરવી પડી કેમ?'

સમુદ્રશ્રી હસતી બોલી; 'સ્વામીનાથ ! તપશ્ચર્યા વિના દેવ થોડા પ્રસન્ન થાય છે?'

જંબૂકુમાર હસ્યા.

'આવો આપણે થોડી વાતો કરીએ' બોલી જંબુકુમાર બેઠા.

આઠે નમણી નવોઢાઓ સ્વામીની સામે વિનય ધરીને બેઠી.

યુવાન વય, રાત્રિની એકાંત ને પોતાના પરણેત્તર જોબનવંતી લલિત લલનાઓ પાસે પણ જંબુકુમારનું ચિત્ત ચળતું નથી. પાણીમાં કમળ જેમ અળગું રહે તેમ તેઓ રહે છે.

ધન્ય જંબુકુમાર ધન્ય ! ધન્ય તમારો વૈરાગ્ય !

જંબુકુમારે આઠે નવોઢા આગળ વૈરાગ્ય અને દીક્ષાની વાત છેડી, અપ્સરા શી આઠે નવોઢા સ્વામીને ચળાવવા-બંધને બાંધવા જુક્તિભરી ચર્ચા કરી રહી છે, વૈરાગ્યમૂર્તિ જંબુકુમાર શાંત ચિત્તે તેમને જવાબ આપી રહ્યા છે.

છેલ્લે સ્વામી સાથે ચર્ચામાં ન ફાવવાથી આઠેયે એક છેલ્લો દાવ નાખ્યો, 'સ્વામી, તમે આજે અમને પરણ્યા અને કાલે તમે દીક્ષા લેશો એ શું તમને ડહાપણની વાત લાગે છે? સ્વામી, તમે કુળની શોભાનો વિચાર કરો ! વળી ઘરમાં અમારે નથી દિયર કે નથી જેઠજી, તમારા વિના અમારે સૂનો સંસાર છે, માટે વધુ નહિ, તમે અમને એક પુત્ર થાય ત્યાં સુધી રહી જાઓ.'

ભલી વાત કરી, રહી જાઉં, પણ પહેલાં તમે મારા આ પ્રશ્નોનો જવાબ આપો, કહો મારું મૃત્યુ દિવસના કે રાત્રીના?

'સ્વામિનાથ ! ઘણું જીવો, એવુ અમંગળ આપ કેમ વદો છો?'

'ચતુરાઓ, તમે ચતુર છો, અમંગળની આમાં વાત નથી, મરણ તો સૌને માથે છે જ, ક્યારે? ખબર છે?'

'ના.'

'હવે બીજી વાત, મારું આયુષ્ય પુરૂં થાય, પછી તમે મને તમારી પાસે રાખશો ખરા ?'

આઠેય રમણીઓ નિરુ-તર રહી.

'એટલે જ કહું છું, આ સંસાર મેં અસ્થિર જાણ્યો છે, તેને વળગીને રહેવાથી શો ફાયદો?'

આઠે રમણીઓએ સ્વામીને હાથ જોડ્યા, 'સ્વામી, અમે હારી ને તમે જીત્યા, તમારો માર્ગ એ અમારો માર્ગ, અમે પણ તમારી સાથે સંયમ લઈશું.'

મધ્યરાત્રિએ પ્રભવ પોતાની ટોળી સાથે ઋષભદત્ત શ્રેષ્ઠીના મહાલય આગળ આવી પહોંચ્યો. નિદ્રાધીન થયેલા સૌને તેણે પોતાની અવસ્વાપિની વિદ્યાથી ઊંઘમાં પૂરેપૂરા સુવાડી દીધા અને તાલોદ્‌ઘાટિની ટપોટપ તાળાઓ ખોલી નાખી તે મહાલયમાં પ્રવેશ્યો. એક પછી એક માળ ફંફોળતો તે સાતમા માળે આવી પહોંચ્યો. અહીં તેણે રંગશાળામાં જંબુકુમાર અને તેમની નવવધૂઓને વાર્તાલાપ કરતા સાંભળ્યા, તે ઊભો રહીને વાર્તાલાપ સાંભળવા લાગ્યો, તે વિચારે છે અરે ! આ તે કેવું ! અહીંયા પ્રેમ ગોષ્ઠિના વાર્તાલાપને બદલે વૈરાગ્ય અને દીક્ષાની વાત થાય છે ! તેને વાર્તાલાપ સાંભળવામાં રસ પડ્યો તે સાવધ થયો, તેણે વિચાર્યું કે હું વાર્તાલાપ સાંભળવા રોકાઈ રહીશ તો જે કામે આવ્યો છું તે રહી જસે. તેણે પોતાની વિદ્યાનો ઉપયોગ કર્યો. અવસ્વાપિની વિદ્યાની અસરથી આઠે સ્ત્રીઓ નિદ્રાધીન થઈ ગઈ, પરંતુ જંબુકુમારને આ વિદ્યાની અસર ન થઈ, તાલોદ્‌ઘાટિની વિદ્યાથી તેણે ટપોટપ તાળા ખોલી નાંખી ધનની ગાંસડીઓ બાંધી અને જવાની તેઓ તૈયારી કરવા લાગ્યા.

જંબુકુમાર આ બધું જોતાં હતા. શાંતભાવે તેઓ નવકારમંત્રનું સ્મરણ કરતા હતા, તેમના પુણ્ય પ્રભાવથી આકર્ષાઈ ક્ષેત્ર દેવતાએ બધાય ચોરોને સ્થંભિત કરી દીધા. ન હાલે કે ન ચાલે.

'અરે ! આ શું ! આપણે બધા થંભાઈ કેમ ગયા ! વિસ્મય પામી પ્રભવ ચારે તરફ જોવા લાગ્યો ત્યાં તેણે જંબુકુમારને જાગતા જોયા. તે વિચારમાં પડ્યો, અરે આને મારી વિદ્યાની અસર કેમ નહિ થઈ હોય! શું મારી વિદ્યા એળે ગઈ !

પ્રભવ ગભરાયો, આ વિચિત્ર સ્થિતિમાંથી ઉગરવા જંબુકુમારને તે કહેવા લાગ્યો ! 'અરે કુમાર, હું વિંધ્યરાજનો પુત્ર પ્રભવ છું, આજથી તમારી અને મારી મૈત્રી સમજજો, હું બધું ધન મૂકાવી દઉં છું. તમે મને તમારી સ્તંભિની અને મોક્ષની વિદ્યા આપો હું તમને મારી અવસ્વાપિની અને તાલોદ્‌ઘાટિકા વિદ્યા આપું.

જંબુકુમાર બોલ્યા; 'મહાનુભાવ, મારી પાસે એવી કોઈ વિદ્યા નથી, મારે તારી વિદ્યા જોઈતી નથી. મારે પાસે ધર્મ રૂપી વિદ્યા છે, તે તને આપું.

જંબુકુમારે પ્રભવને ધર્મ સમજાવ્યો. તેનો આતમરામ જાગી ઉઠ્યો. તેને જિંદગીમાં આવી વાત સાંભળવાનો પહેલો પ્રસંગ હતો.. તેના સાથીદારોના પણ કોડિયા પ્રગટી ગયા.

પ્રભવે ઉંઘ પાછી ખેંચી લીધી.. સાથે જ તે અને તેના સાથીદારો છુટા થયા.

પ્રભવ હાથ જોડીને બોલ્યો; કુમાર, ધન્ય છે તમને ! આવી ઋદ્ધિ-સિદ્ધિ! આવી અપ્સરા જેવી સુંદર સ્ત્રીઓ ! આવો વૈભવ ! માતા-પિતાની મમતા! આ બધું છોડીને તમે દીક્ષા લો છો ! ખરેખર તમે દેવપુરુષ છો ! તમારો માર્ગ એ હવે રાજન્

અમારો માર્ગ !

પ્રભાત થયું. જંબુકુમારે માતા-પિતાની રજા માંગી, આઠે પુત્રવધુઓએ પણ રજા માંગી, માતા-પિતા વિચારે છે કે પુત્ર અને પુત્રવધૂઓ સંસાર છોડે તો આપણે સંસારમાં રહીને શું કરવાનું ! તેઓ પણ દીક્ષા લેવાને તૈયાર થયા.

જંબુકુમારના સાસુ-સસરાઓને આ સમાચાર મળ્યા, તેઓ પણ દીક્ષા લેવા તૈયાર થયા.

પ્રભવ પણ પોતાના પાંચસો સાથીઓ સાથે દીક્ષા લેવાને તત્પર થઈને જ રહ્યો હતો.

દીક્ષાનો મોટો ઓચ્છવ થયો. ઋષભદત્ત શ્રેષ્ઠીએ દીક્ષા મહોત્સવમાં નવાણું ક્રોડ સોનૈયા ખરચ્યા. આખું રાજગૃહી નગર ધન્ય ! ધન્ય ! પોકારી ઊઠ્યું.

જંબુકુમારે સોળ વર્ષની ઉંમરે પાંચસો સત્તાવીશ જણ સાથે શ્રી સુધર્માસ્વામી પાસે દીક્ષા અંગીકાર કરી.

જંબુકુમાર તે શ્રમણ જંબૂમુનિ બન્યા.

જંબુમુનિ જ્ઞાન-ધ્યાનમાં લીન રહેવા લાગ્યા. થોડા સમયમાં તેઓ બધા શાસ્ત્રોમાં પારંગત થઈ ગયા યાવત્ દ્વાદશાંગીના ધારક શ્રુતકેવલી બન્યા.

શ્રી સુધર્માસ્વામીનું નિર્વાણ થતાં તેઓ તેમની પાટે આવ્યા. બધા જૈન સંઘના આગેવાન થયા. દીક્ષા લીધાને વીસમા વર્ષે તેમને કેવલજ્ઞાન થયું. ચુમ્માલીસ વર્ષ કેવલીપણે વિચરી અનેક જીવોનું કલ્યાણ કરી એંસી વર્ષની ઉંમરે મથુરામાં તેઓ નિર્વાણ પામ્યા. આ કાળમાં ભરતક્ષેત્રમાં તેઓ અંતિમ કેવલી અને નિર્વાણપદ પ્રાપ્ત કરનાર હતા. તેમની પછી આ ભરતક્ષેત્રમાં કોઈ જીવને કેવલજ્ઞાન થયું નથી કે કોઈ જીવ મોક્ષે ગયો નથી. તેમની પાટે શ્રી પ્રભવસ્વામી આવ્યા.

શું એમના તપ-જપનાં તેજ છે ! તેઓ સમર્થ શ્રુતકેવલી-ચૌદ પૂર્વના જ્ઞાનના ધરનારા છે ! ત્યાગ, તપ અને સંયમના ધોરી મહાન યુગપ્રધાન એવા તેમની વાણીમાં અમૃતસરના પ્યાલા ભર્યા છે! ભલભલા એમની અમૃતરસ ઝરતી વાણીના પ્રભાવે સંસારની આળપંપાળ છોડી સંયમના માર્ગે સંચરે છે.

એકદા પ્રભવસ્વામી પોતાની પાટને યોગ્ય પટ્ટધરને અંગે શોચે છે, જૈનશાસનમાં તેમને એવો યોગ્ય પુરુષ ન દેખાયો, પર દર્શનમાં ઉપયોગ મૂકી જોયું તો શય્યંભવ વિપ્ર તેમને તે માટે યોગ્ય પુરુષ જણાયો. શય્યંભવ વિપ્રને પ્રતિબોધ પમાડી શુભ મુહૂર્તે તેમને જૈન શાસનની દીક્ષા આપી. વિપ્રવર શય્યંભવે દીક્ષા અંગીકાર કર્યા પછી થોડા સમયમાં ક્ષયોપશમના બળે ચૌદ પૂર્વના જ્ઞાતા બની ગયા.

તપસ્વી, તેજસ્વી, જ્ઞાની અને ધ્યાની શય્યંભવને જુએ ને પ્રભવસ્વામી મનમાં રાચે, અહો ! કેવું ઉત્તમ રત્ન સાંપડ્યું છે ! મારી ચિંતા હવે ટળી, ગચ્છના રથને વહન કરવાની તેનામાં બધી રીતે યોગ્યતા છે.

એક શુભ દિવસે મંગલ મુહુર્તે પ્રભવસ્વામીએ શંય્યંભવને ગચ્છના નાયક બનાવી પોતાની પાટ પર સ્થાપન કર્યા અને શાસનની ધૂરા તેમને સમર્પી.

પ્રભવસ્વામીએ પરમ સંતોષ અનુભવ્યો.

આ ભૂતલ પર અનેક ઉપકાર કરી આ મહાન પ્રતાપી પુરુષ ૧૦૫ વર્ષની ઉંમરે સ્વર્ગે સંચર્યા.

'કમ્મે સૂરા સો ધમ્મે સૂરા' એ કહેવત તેમણે ચરિતાર્થ કરી બતાવી.

નમન હો સમર્થ શ્રુતકેવલી મહાન યુગપ્રધાન તપોમૂર્તિ શ્રી પ્રભવસ્વામીને!

# ૧૩) ભગતની ભલાઈ અને પંડિતનું પાખંડ

સાધ્વીજી કનકપ્રભાશ્રીજી (મંગલશીશુ) પાલિતાણા

સુંદર અને રમણીય એક શહેર રહેલું છે, એ શહેરમાં એકવાર એક ભગત પધાર્યા, ભગતનું નામ છે "રામજીભાઈ ! એ ભગત હંમેશા ભગવાનની કથા અને તેમનું કીર્તન કરે, કીર્તનમાં નગરની મોટી સંખ્યા ભાગ લે, તેમના કીર્તનમાં એકલો વૈરાગ્ય જ જોવા અને સાંભળવા મળતો; વાણીમાં જાદુ પણ અજબનો ! તેવામાં એક પોથી પંડિત પણ તે જ શહેરમાં આવી ચઢ્યા. તે પંડિત પણ પોતે ગામમાં કથા કરવા લાગ્યા, પરંતુ તેમની કથામાં કોઈ આવે નહિ, મામુલી સંખ્યા આવે. પંડિતજી વિચારવા લાગ્યા, અરે ! મારી કથામાં તો કોઈ માણસ આવતું નથી. 'જ્યાં માણસોની સંખ્યા થાય ઘટ, ત્યાં મારી પોથીની આવક પણ થાય કટ.' પંડિતજીને આ ચિંતા રાતદિન કોરી ખાવા લાગી.

આ રામજીને ભજન કરતો ભૂલાવવો પડશે. શું કરવું? કેમ કરવું? એમ અનેક રીતે વિચાર કરતાં એમ થયું કે જો નગરના રાજાને આ બધી વાત કરૂં તો એ કાંઈ અટકાવી શકે, બાકી બીજા કોઈનો ગજ અહીં વાગે તેમ નથી. ઈર્ષામાં ભાન ભૂલેલા પંડિતજી એ વાત ભૂલી ગયા કે ભગતનો દ્રોહ કરનાર કદી ફાવ્યો નથી. ફાવવાનો પણ નથી. બીજી દિવસે સવારના પહોરમાં પંડિતજી તો પહોંચ્યા રાજમહેલમાં, રાજાજી દિવાનખાનામાં બેઠા હતા. પંડિતજીનું રાજદરબારમાં સારૂ એવું માન એટલે દ્વારપાલ માનસહિત રાજા પાસે લઈ આવ્યો. રાજાજીએ પંડિતજીનો સત્કાર કર્યો. આસન આપી બેસાડ્યા. રાજાને આશીર્વાદ આપ્યા. આડી અવળી વાતો કરી રહ્યા પછી રાજાએ પૂછ્યું; કહો પંડિતજી કેમ પધારવું થયું?

રાજન્ ! એક ખાસ અગત્યના કામે આવ્યો છું. હમણાં હમણાં નગરમાં ધર્મનો નાશ થઈ રહ્યો છે. ધર્મનો નાશ થતાં નગરમાં ભ્રષ્ટાચાર અને પાપ વધશે, અને તેનું ફળ આપ જેવા ધર્માત્માને ભોગવવું પડશે.

રાજા તો પંડિતજીની આ વાત સાંભળીને ચોંકી ઉઠ્યા. અરે પંડિતજી ! એવી તે શી વાત છે? નગરમાંથી શું ધર્મનો નાશ? મેં તો એમ સાંભળ્યું છે કે નગરમાં તો હમણાં હમણાં ખુબ ખુબ ભજન-કીર્તન થાય છે. આખુંયે નગર રામજી ભગતની સત્સંગ-સરિતામાં સ્નાન કરે છે અને તમે અધર્મની વાત ક્યાંથી લાવ્યા?

રામજી ભગતે જ ધર્મનો નાશ કરવા માંડ્યો છે, આપ જાણતા તો હશો જ કે રામજી ભગત જાતે કોળી છે. શાસ્ત્રમાં શૂદ્રને ઉપદેશ આપવાનો અધિકાર નથી. પંડિતજી ! આજે જ આપના મુખેથી આ વાત સાંભળી રહ્યો છું, પરંતુ પ્રભુની ભક્તિ કરવાનો તો બધાને એક સરખો અધિકાર છે.

રાજન્ ! 'ભક્તિ કરવાનો અધિકાર ખરો, જાહેરમાં ઉપદેશ આપવાનો નહિ.' જાણકાર હોય તો મારા પાંચ સવાલના જવાબ આપે. કહો પંડિતજી એ પાંચ પ્રશ્નો ક્યા ક્યા છે?

રાજન ? મારો પહેલો પ્રશ્ન એ છે કે, 'આ લોકમાં દુઃખી અને પરલોકમાં સુખી કોણ?' બીજો પ્રશ્ન 'આ લોકમાં તેમજ પરલોકમાં દુઃખી કોણ?' ત્રીજો પ્રશ્ન એ કે, આ લોકમાં સુખી પણ પરલોકમાં દુઃખી કોણ? ચોથો પ્રશ્ન આ લોકમાં તેમજ પરલોકમાં સુખી કોણ છે? અને છેલ્લો પાંચમો પ્રશ્ન પાપનો પિતા કોણ?

રાજાએ પાંચે પ્રશ્નો કાગળમાં લખ્યા અને કહ્યું કે, આ પાંચે પ્રશ્નોના જવાબ રામજી ભગત આપે તો એ જ્ઞાતા અને ઉપદેશના અધિકારી ખરાને? પંડિતજી ! આપના પાંચે પ્રશ્નો હું રામજી ભગતને પહોંચાડુ છું. તમારે બીજુ કાંઈ કહેવાનું છે? હા એટલું કહેવડાવજો કે પાંચે પ્રશ્નોનો જવાબ પરમ દિવસે મારી રૂબરૂ સભામાં આવીને આપે. પાંચે પ્રશ્નોના જવાબ યોગ્ય હશે તો તેમને હું ઉપદેશના અધિકારી ગણીશ. 'અને જો પાંચે પ્રશ્નોના જવાબ નહિ આપે તો યોગ્ય સજા થશે,'

ભલે ! એમ કહીને રાજાએ એક નોકર સાથે એ પાંચે પ્રશ્નો રામજી ભગતને મોકલાવ્યા. રામજી ભગતતો ડેલીમાં બેઠા બેઠા ભજન ગાઈ રહ્યા હતા. રાજાનો નોકર તો ભગતનું આ ભાવવાહી ભજન સાંભળવામાં લીન થઈ ગયો. ભગતે ભજન પૂર્ણ કર્યું. પછી આંખ ઉઘાડી ત્યાં તો સામો બેઠેલો રાજનોકર જોયો. એટલે પ્રેમથી પૂછ્યું કે, કેમ ભાઈ ! કેમ આવવું થયું?

ભગતબાપુ ! રાજાજીએ આ એક ચિઠ્ઠી મોકલાવી છે, એમાં પાંચ પ્રશ્નો લખ્યા છે, એ પાંચે પ્રશ્નોના જવાબ આપવા તમારે રાજદરબારમાં આવવાનું છે. ભગતે ચિઠ્ઠી લીધી, પ્રશ્નો વાંચ્યા, મન જરા ઉદાસ થઈ ગયું, પણ અનુચરને કહ્યું કે, ભલે પરમદિવસે આવીને હું જરૂર જવાબ આપીશ.

અનુચર ગયો, ભગત પાછા ભજનમાં પડી ગયા, ભજન પૂર્ણ થતાં એમની નજર દીવા તરફ ગઈ. દીવામાં ઘી ખલાસ થવા આવ્યું હતું, એટલે તેમની દીકરી રૂપાને બૂમ પાડી, બેટા રૂપા ! આ દીવામાં જરા ઘી પુર તો? ઘી લઈને રૂપા પૂરવા આવી. દીવામાં પૂરતાં પૂરતાં એની નજર ત્યાં પડેલી ચિઠ્ઠી પર પડી અને વાંચી પૂછ્યું.

અરે બાપા ! આ પાંચ પ્રશ્નો શેના છે? રામજી ભગતે બધી વાત દીકરીને

કરી. આ સાંભળી રૂપા ગમગીન બની ગઈ ! બાપુ ! આવા પ્રશ્નોનાં જવાબ આપ આપી શકશો?

બેટા ! ગુરુકૃપાથી આમાં કાંઈ અઘરૂં કામ નથી. પહેલા ચાર પ્રશ્નોના જવાબ તો હું આસાનીથી આપી શકીશ પણ મને મૂંઝવે છે પાંચમો પ્રશ્ન ! પાપનો પિતા કોણ ? 'બાપુ ! જો ચાર પ્રશ્નોના જવાબ આપ આપી શકશો તો, પાંચમા પ્રશ્નનો જવાબ હું આપીશ.' તો તો બેટા ! આ પાંચેય પ્રશ્નનો જવાબ તું જ આપજે ને? કર્મના સિદ્ધાંત ઉપર આ ચારેય પ્રશ્નો છે. શાસ્ત્રોની વાતોમાં કહીએ તો કર્મનાં ફળ. આપણી ભાષામાં કહીયે તો 'કરે એવું ભોગવે, વાવે એવું લણે.'

બાપુ ! જવાબ તો હું આપીશ, પણ જરા વિગતે સમજાવો તો ખરા?

ભગતે ખૂબજ સરળ ભાષામાં રૂપાને બધું જ સમજાવ્યું. અને હૈયા ઉકેલ થવાથી રૂપાએ પાંચમા પ્રશ્નનો જવાબ શોધી કાઢ્યો.

બપોરે જમી પરવારીને રૂપા ઘર બહાર નીકળી પડી અને સીધી આવી દરિયા કિનારે, ત્યાં એક તપસ્વી મહાત્મા હતા, એમને વંદન કરીને કહ્યું : 'બાપુજી! પરમ દિવસે સવારે રાજસભામાં પ્રશ્નોત્તરી થવાની છે. આપની હાજરીની ત્યાં ખૂબ જરૂર છે, આપ અવશ્ય પધારજો.

તપસ્વીએ રૂપાની વાત કબુલ રાખી. રૂપા ત્યાંથી એક મજૂર પાસે આવી, તે મજૂર રોજ ભગતનાં ભજન સાંભળવા આવતા. રૂપાએ કહ્યું : 'આપ ભજન તો રોજ સાંભળવા આવતા હતા પણ પરમ દિવસે રાજસભામાં સત્સંગ થવાનો છે, ત્યાં જરૂર આવજો'. 'રૂપાબેન ! જરૂર આવીશ'.

'મજૂર પાસેથી નીકળી નગરની વારાંગના પાસે રૂપા આવી. ખૂબજ વિનયથી એને કહ્યું : હું રામજી ભગતની પુત્રી છું. પરમ દિવસે સવારે રાજસભામાં જ્ઞાનચર્ચા થવાની છે, ત્યારે આપની હાજરીની જરૂર છે. આપ ત્યાં આવી શકશો?

'આવીશ બ્હેન ! બહુ દિવસ રંગરાગ કર્યા. જીવનમાં બે ઘડી તો સત્સંગ કરવો જોઈએ !'

ત્યાંથી નીકળી રૂપા નગરશેઠ પાસે આવી. એમને પણ બધી વાત કરી. નગરશેઠે પણ રાજસભામાં આવવાનું કબુલ રાખ્યું.

પહેલા ચાર પ્રશ્નોના પુરાવા તો તૈયાર થયા. હવે પાંચમો પ્રશ્ન બાકી રહ્યો તેનું શું કરવું? રૂપાએ ખૂબ ખૂબ વિચાર કર્યો. આખરે આંખ ચમકી.

ઘેર જઈને એણે ભિખારણનો વેષ લીધો. ઘરમાંથી થોડા રૂપીઆ સાથે લઈ ચાલી નીકળી. સંધ્યા ઢળી ગઈ હતી. સાંજના સમયે પંડિતજી ઓટલે બેઠા બેઠા કોઈ ગહન વિચારમાં ગરકાવ થઈ ગયા હતા. રૂપાએ આવીને રડવા માંડ્યું ભિખારણને રડતી જોઈ પંડિતજીએ પૂછ્યું :

'કેમ બ્હેન ! રડે છે? પંડિતજી, શું કરૂં? હું ગરીબ બાઈ છું. મારો નાનો બાબો માંદગીમાં સપડાઈ ગયો છે.' પણ છે શું? પંડિતજીએ અકળાઈને પૂછ્યું આપ થોડી મદદ કરો તો મારો બાબો બેઠો થાય. જા–જા–તારા જેવી તો અહીં કેટલીયે હાલી આવે છે, હું બધાને ક્યાં મદદ કરતો ફરૂં?

પંડિતજી ! હું પૈસાની મદદ માંગવા નથી આવી. ત્યારે ? લ્યો આ મારા ચાલીસ રૂપીઆ રાખો.

વાત એમ છે કે, એક ડોશીમાએ મને ટુચકો બતાવ્યો છે. એક હાડકાને રેશમી વસ્ત્રમાં લપેટીને રાજસભામાં લઈ ગયા પછી એ રેશમી વસ્ત્ર મારા માંદા બાળકને ઓઢાડવામાં આવે તો મારો બાબો સાજો થાય. અને ગરીબને તો રાજસભામાં કોઈ ગરવા ન દે, એમાંયે રેશમી વસ્ત્રમાં હાડકુ લઈને જઈએ તો દ્વારપાળને વ્હેમ જાય, અને ત્યાં પેસતાંજ તતડાવી મૂકે, એ કામ બદલ તમે આ ચાલીસ રૂપીઆ રાખો. રાજસભામાં તમે રોજ જાવ છો ત્યારે રેશમી વસ્ત્રમાં પોથી બાંધીને લઈ જાવ છો.

એક દિવસ મારે ખાતર પોથી ન લઈ જતાં આ હાડકાને રેશમી વસ્ત્રમાં બાંધી લઈ જજો. તમે તો પંડિત એટલે તમારા ઉપર કોઈને વ્હેમ પણ નહિ આવે.

અરે, પણ હાડકું? એ તો અપવિત્ર... પંડિતજી કાંઈ વિચારી રહ્યા. !

બાપુજી ! એ ટુચકો છે. ડોશીમાએ હાડકું લઈ જવાનું કહ્યું છે એટલે એજ લઈ જવું પડે ને? તમે ઘેર આવીને નાહી નાખજો!

બસ.. ચાલીસ રૂપિયા જોઈને પંડિતજીનું મન લલચાઈ ગયું. એ વિચારી રહ્યા હાડકાને અડવાથી અપવિત્ર તો થવાય, પણ સ્નાન કરવાથી પાછું શુદ્ધ થઈ જવાય છે, અને મારે પરમદિવસે સવારે રાજસભામાં જવાનું જ છે, એક દિવસ પોથીને બદલે હાડકું બાંધી લઈ જઈશ તો શો વાંધો છે?

પોથી તો મારે ખોલવાની છે જ નહિ. રામજી ભગત જે જવાબ આપે તે જ મારે સાંભળવાના છે અને આ ચાલીસ રૂપિયા તો મને મફતમાં જ મળે છે ને? જોયું ને ? મનમાં જ્યારે માયા પ્રવેશી ચૂકી છે ત્યારે પંડિત પણ વિવેકબુદ્ધિ વિસારી દે છે. પંડિતજી કબૂલ થયા. ચાલીસ રૂપિયા, રેશમી વસ્ત્ર અને હાડકું લઈ એ ઘરમાં ગયા.

ત્રીજા દિવસનું પ્રભાત થયું. રામજી ભગત આજે રાજસભામાં જવાના છે એ વાત આખા નગરમાં ઠેરઠેર ફેલાઈ ગઈ હતી. રૂપા અને ભગત પણ રાજસભામાં આવવા તૈયાર થયા. ઘેરથી નીકળતાં પહેલાં પ્રાર્થના કરી રાજસભામાં જવા ઉપડ્યા.

આખી રાજસભા હકડેઠઠ ભરાણી હતી. સમય થતાં પંડિતજી પણ બગલમાં પોથી લઈ આવી પહોંચ્યા. ભગત અને રૂપા પણ આવી ગયા. અને સહુની સાથે

બેસી ગયા. સમય થતાં રાજસભામાં રાજાની સવારી આવી પહોંચી. સભામાં સર્વત્ર નીરવ શાંતિ પથરાઈ ગઈ.

રાજાએ સૌ પ્રજાજનો ઉપર એક વેધક દ્રષ્ટિ નાંખી. ગંભીરતાપૂર્વક પછી રાજાજીએ પૂછ્યું : રામજી ભગત આવ્યા છે કે નહિ? હા બાપુ ! આવી ગયો છું. એમ કહી ભગત ઉભા થયા. બાજુમાં દીકરી રૂપા ઉભી હતી, સૌની દ્રષ્ટિ ભગત ઉપર પડી.

ભગત ! મેં તમને પાંચ સવાલ મોકલાવ્યા હતા એના જવાબ તૈયાર કરીને લાવ્યા છો? હા બાપુ તૈયાર છે પણ પ્રશ્નોના જવાબ હું નહિ આપું. મારે બદલે મારી દીકરી રૂપા આપશે.

તમારી દીકરી રૂપા આપશે? રાજાને પણ આશ્ચર્ય થયું. હા બાપુ, મારી દીકરી આપશે. રાજાજીએ અર્થસૂચક દ્રષ્ટિ પંડિતજી ઉપર નાંખી, પંડિતજીએ ઉભા થઈ કહ્યું, પ્રશ્નોના જવાબ ભગત આપે કે તેમની દીકરી આપે, મને એમાં કોઈ જ વાંધો નથી.

રૂપા આગળ આવી. સૌ સભાજનો રૂપાને નીરખી રહ્યા. શાંત છતાં મૃદુ અવાજે રૂપાએ રાજસભામાં પેલા તપસ્વી મહાત્માને ઉભા કર્યા. અને તેને બતાવીને કહ્યું કે- આ તપસ્વી મહાત્મા એ આપના પહેલા પ્રશ્નોનો જવાબ છે. સંસારનાં સુખોને સળગાવીને એમણે કઠિન તપ આદર્યો છે. દુન્વયી સુખ શું છે? તેની તેમને ખબર નથી. આપણી સંસારની દ્રષ્ટિએ એ મહા દુઃખી છે, પણ આવતા ભવમાં આ જન્મની કમાણીના ફળરૂપે એમને અનંત સુખો સાંપડશે.

બીજા પ્રશ્નના જવાબમાં આ મજૂરને જુઓ, આ ભવમાં તે દુઃખી છે. પરભવ સુધારવા કાંઈ કર્યાં નથી માટે એ પરભવમાં પણ દુઃખી થશે.

ત્રીજા પ્રશ્નના જવાબમાં નગરની વારાંગનાને ઉભી કરી અને કહ્યું કે જુઓ, આ ભવમાં દુન્વયી સુખોનો કોઈ ટોટો નથી, પણ પરભવ સુધારવા માટે તે કાંઈ કરતી નથી. આ ભવમાં સુખી ગણાય છે પણ પરભવ તેનો દુઃખમાં જશે.

ચોથા પ્રશ્નનો જવાબ માટે જુઓ, આ નગર શેઠ ! નગરશેઠ પાસે અપાર સંપત્તિ છે. તે આ ભવમાં ઘણા સુખ ભોગવે છે અને પોતાની સંપત્તિ દ્વારા ધર્મધ્યાન તથા દીનદુઃખીનો ઉદ્ધાર કરે છે. આ પુણ્ય પ્રતાપે તેમને પરભવમાં પણ અપાર સુખ સાંપડશે.

રાજા તો રૂપાના આ ચારે જવાબ સાંભળી ખુશ ખુશ થઈ ગયો. અને કહ્યું કે દીકરી ! તેં તો ભારે વાતોને સરળતાથી સમજાવી દીધી. હવે દીકરી! પંડિતજીનો પ્રશ્ન પાંચમો જે છે તેનો જવાબ આપ? પ્રશ્ન એ છે કે પાપનો પિતા કોણ?

રૂપાએ કહ્યું ! રાજાજી! એના જવાબ માટે પંડિતજીને જ રાજસભા વચ્ચે

બોલાવો. પછી આ પ્રશ્નનો જવાબ આપું. પેલા ચાર પ્રશ્નોનાં જવાબથી પંડિતજીનું મુખ ફિક્કું પડી ગયું હતું. તે રૂપા પાસે આવ્યાં.

રૂપાએ કહ્યું પંડિતજી ! આપનો પાંચમો પ્રશ્ન ક્યો છે? તેમણે કહ્યું કે પાપનો પિતા કોણ? તે જાણવું છે પંડિતજી? આજે તો આપે ખરી કરી ! પાપનો પિતા તો આપની બગલમાં જ બેઠો છે.

બગલમાં, મારી બગલમાં તો મારી પોથી છે. શાસ્ત્રની પોથી શું પાપનો પિતા છે? પંડિતજી છંછેડાયા.

પંડિતજી ! આપની બગલમાં શાસ્ત્રની પોથી હોય તો સર્વને પૂજ્ય છે. પણ એ ન હોય અને બીજું નીકળે તો પાપનો પિતા ખરો કે નહિ? હવે પંડિતજીનાં હોશકોશ ઉડી ગયા. આખા અંગમાંથી પરસેવાના રેલા ચાલ્યા. પંડિતજી ! બગલમાં રહેલા શાસ્ત્રનાં અમને દર્શન કરાવો? રૂપાએ દાવ જોઈને સોગઠી મારી, પંડિતજી ચિડાઈને બોલ્યાં આડીઅવળી વાતો કર્યા વિના મને જવાબ આપ. નહિંતર કહી દે કે મને જવાબ નથી આવડતો.

રૂપાએ પણ ભારે અવાજે કહ્યું પંડિતજી ! હું બધું જ જાણું છું. આપ પોથી ખોલો ને? આપના પ્રશ્નનો જવાબ પણ એમાં જ સમાયેલો છે. પંડિતજી આનાકાની કરતા હતા ત્યાં રાજાજીએ કહ્યું :- ઝટ પોથી ખોલોને? એટલે રૂપા જવાબ આપી દે! ઝટ કરો પંડિતજીએ બગલમાંથી રેશમી વસ્ત્ર કાઢ્યું. પોથીના રૂપમાં બાંધેલું આ વસ્ત્ર ખોલ્યું. તો સૌની અજાયબી વચ્ચે પોથીને બદલે હાડકાનો મોટો ટુકડો નીકળ્યો. ખલાસ, આ દ્રશ્ય જોઈ આખીયે સભા સ્તબ્ધ થઈ ગઈ.

પંડિતજીના પગ ધરતી સાથે જ જડાઈ ગયા. હૃદયના ધબકારા વધી ગયા. આખી સભામાં હાહાકાર ''પંડિતજીનો થયો ધિક્કાર, રૂપાનો જયજયકાર'' રાજાની આંખ કરડી થઈ અને કરડા અવાજે પૂછ્યું પંડિતજી! સભામાં પોથી લેવાય કે હાડકું?

રૂપા કહે રાજન્ ! એ હાડકું નથી પણ પાપનો પિતા છે. આ પંડિત જાણી બુઝીને રાજસભામાં હાડકું લઈ આવ્યા છે. રાજન્ ! એની પાછળ કારણ એક છે માત્ર રૂપિયા ચાલીસનો લોભ, આ લોભે અણછાજતું કામ તેમણે કર્યું છે.

લક્ષ્મીનો લોભ માનવ પાસે ન કરવાનાં કાર્યો કરાવે છે. એટલે ''લોભ એજ પાપનો પિતા છે રાજનજી'' પંડિતજીનો આમાં કોઈ વાંક નથી. ખરેખર ? આ માયા જ એવી છે કે, એ માનવને સારાસારનું ભાન ભૂલાવી દે છે. એક કવિએ ઠીક જ કહ્યું છે કે-

''લક્ષ્મીદેવી અંધ બનાવે, સારાસાર વિચાર ભૂલાવે; હાથ ઝલાવે શકોરૂં, જર જમીન ને જોરૂ''.

આ પાંચે પ્રશ્નોના જવાબથી સારીયે રાજસભામાં પંડિતજીની માનહાની થઈ ગઈ અને રૂપાના સચોટ જવાબથી રામજી ભગતનો જયજયકાર થયો.

કથાનો સાર એ છે કે ઈર્ષ્યા કે લોભને કારણે માનવ પટકાય છે તો તેનાથી બચવા પ્રયત્ન કરવો.

## ૧૪) પુત્રવધૂની સમયસુચકતા

### - પૂ. પંન્યાસજી મિત્રાનંદવિજયજી મ. સા.

એક મોટું નગર છે, ત્યાં ઘણા તવંગરો વસે છે. વિમલશેઠ તેમાંના એક હતા, એમને ત્યાં પુણ્યયોગે લક્ષ્મીની છોળો ઉછળે છે. સ્ત્રી પ્રેમાળ મળી છે, પુત્ર વિનીત મળ્યો છે, બંધુવર્ગ પણ સ્નેહપાત્ર છે. પાણીના પુરની જેમ સુખમાં દિવસો પસાર થાય છે. સુખ અને સાહ્યબી ભરપુર છે, છતાં શેઠ પરલોક ભૂલ્યા નથી, મરવાનું ભૂલ્યા નથી, પુણ્યપાપને પણ ભૂલ્યા નથી.

આ સાહ્યબી, આ અમનચમન અને સત્તા ક્યાં સુધી? પુણ્ય જાગતું છે ત્યાં સુધી, પુણ્ય ખતમ થયે, આમાંનું કશું જ નહિ રહે. હું અહિં જન્મ્યો ત્યારે કશું જ સાથે લાવ્યો ન હતો. મરીશ ત્યારે આમાંનું કશું જ સાથે લઈ જવાનો નથી, માટે પરલોકમાં સાથે આવે એવું કંઈક દાન પુણ્ય કરું.

શેઠના મનમાં હંમેશા આ વિચારો ઘોળાયા કરતા હતા, તેથી તેમણે એક મોટી દાનશાળા ખોલી, દાનશાળામાં અસંખ્ય ગરીબોને દાનમાં છૂટે હાથે જુવાર આપવા માંડી, પણ જુવાર છે હલકી અને સહેજ સડેલી. લક્ષ્મીની પ્રબળ મૂર્ચ્છા એકાદ સારું કામ પણ સારી રીતે ન કરવા દે. મોટી દાનશાળા ખોલી છે, પણ એમાં અપાય છે સડેલી જુવાર ! શેઠની પ્રશંસા થવા માંડી. ચોમેર કીર્તિ ફેલાઈ. ભોળા માણસો તરફથી શેઠને 'દાનવીર' નું બિરૂદ પણ મળી ગયું. શેઠ પોતે પણ દાનશાળાથી ભારે ગૌરવ લઈ રહ્યા છે.

એ અરસામાં શેઠના મોટા પુત્રના લગ્ન થયાં. પુત્રવધૂ ઘેર આવી. ધીરે ધીરે એણે જાણ્યું કે સસરાજી તરફથી મોટી દાનશાળા ચાલે છે, પણ એમાં અપાય છે સડેલી જુવાર !

આ વાત પુત્રવધૂને બહુ જ ખટકી. એણે વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક જ્ઞાન પણ ઉંડાણથી મેળવ્યું હતું, એના પિતાનું ઘર ધર્મસંસ્કારની શાળા જેવું હતું, તેથી એ દાનાદિ ધર્મો કેમ થાય, એ સારી રીતે જાણતી હતી. એને આ દાનશાળામાં ક્યાંય દાનધર્મ દેખાતો નથી. દાનશાળાના નામે આ એક પ્રકારનો મોહનોજ નાચ દેખાય છે. સડેલી જુવારનું દાન એ કાંઈ દાન છે? એમાં કેટલા જીવોનો સંહાર ! દાન જેમ ઉદાર હાથે આપવાનું છે તેમ શુદ્ધ અને ઉત્તમ વસ્તુનું આપવાનું છે. દાન ધનની મૂર્ચ્છા ઉતારવા આપવાનું છે. સસરાજી પાસે અઢળક ધન છે, તો ઉત્તમ

વસ્તુનું દાન કેમ ન અપાય?

સડેલી જુવાર બંધ કેમ કરાવવી? સસરાજી સાથે વાત કેમ કરવી? કુલમર્યાદા એવી છે કે સીધી રીતે વાત થઈ શકે તેમ નથી. રાતદિવસ ખાતાંપીતાં, બેસતાં ઉઠતાં દરેક કામ કરતાં આ વિચાર એને સતાવ્યા કરે છે. લાંબા વિચાર મંથન પછી પુત્રવધૂએ એક ઉપાય શોધી કાઢ્યો. બીજે દિવસે સવારે એણે રસોઈયાને

બોલાવી કહી દીધું કે આજે મોટા શેઠ માટે આપણી દાનશાળામાંથી ગરીબોને દાનમાં અપાતી જુવાર લાવી તેના રોટલા કરજે અને શેઠ જમવા આવે ત્યારે રોટલા પીરસજે.

નવા શેઠાણીની વાત સાંભળીને રસોઈઓ ચમક્યો. ખંડવા ઘઉંની સુંવાળી અને ઘીથી તરબોળ રોટલીને બદલે સડેલી જુવારનો રોટલો પીરસું તો શેઠ ગુસ્સે જ થાય અને મને નોકરીમાંથી ટીનપાટ મળી જાય. આ આપણું કામ નહિ.

રસોઇયાએ નવા શેઠાણીને કહ્યું-ભાભી’! આ કામ મારું નહિ. મને સીધી જ નોકરીમાંથી રૂખસદ મળી જાય માટે માફ કરો, આ કામ મને ન સોંપશો.

પુત્રવધુએ કહ્યું-તું ગભરાઈશ નહિ. શેઠ કાંઈ કહે કે પૂછે તો મારું નામ દેજે, ગુસ્સે થાય તો કહેજે કે ભાભીએ બનાવવાનું કહેલું.

રસોઈયાને તો ‘સુડી વચ્ચે સોપારી’ જેવું થયું, ઘરમાં ચલણ નવા શેઠાણીનું હતું, એથી એની આજ્ઞા પ્રમાણે વર્તવું તો પડે જ, એણે મને-કમને પણ સાહસ કર્યું અને બીજે દિવસે જુવારના રોટલા બનાવ્યા.

શેઠ દુકાનેથી બાર વાગે જમવા આવ્યા. ભાણુ માંડેલું તૈયાર હતું. શેઠ ભાણા પર બેઠા. રસોઈયાએ જુવારનો રોટલો પીરસ્યો. એના દિલમાં ભયની આછી ધ્રુજારી તો હતી જ, ત્યાં શેઠે ભાણામાં જોવો ન ગમે એવો રોટલો જોઈ ઉંચી નજર કરી. રસોઈયા સામે જોઈ શેઠે કહ્યું-કેમ? આમ શું ઘઉં ખૂટી ગયા છે? કોણે કહ્યું, તને રોટલા બનાવવાનું?

શેઠનો પ્રકોપ જોઈને રસોઈયો ધ્રુજી તો ગયો પણ એણે હિમતથી કહ્યું-શેઠ! નવા શેઠાણીએ આજે રોટલા બનાવવાનું કહેલું.

રસોઈયાનો જવાબ સાંભળતાંની સાથે જ શેઠ ઠંડા પડ્યા, કારણ પુત્રવધૂનું ઘરમાં માનભર્યું સ્થાન છે. ઘરકામમાં તે ઘણી કુશળ છે. ખાનદાન કુળમાંથી આવેલી છે. વિનય-વિવેકથી સહુના દિલ એણે જિત્યા છે. શેઠને ખાત્રી હતી કે કારણ વિના પુત્રવધૂ આમ કરે નહિ.

શેઠે પુત્રવધૂને બોલાવીને કારણ પૂછયું.

પુત્રવધૂએ મૃદુવાણીમાં ધીમા સ્વરે વિનયપૂર્વક કહ્યું-પિતાજી ! આજે ખાસ આપને માટે જ જુવારના રોટલા બનાવ્યા છે, કારણ કે પરલોકમાં આપને એજ ખાવા મળવાના છે. અહિ થોડી ખાવાની ટેવ પડી જશે તો ત્યાં આપને મુશ્કેલી નહિ પડે.

શેઠ વિચારમાં પડ્યા કે શાંણી અને સમજુ વહુ આ શું બોલે છે !

શેઠને વિચારમગ્ન જોઈ પુત્રવધૂએ ખુલાસો કર્યો. પિતાજી ! આપના તરફથી મોટી દાનશાળા ચાલે છે. પરલોકમાં સુખી થવા માટે આપ આ સુકૃત કરી રહ્યા છો, પણ એમાં સડેલી જુવારનું દાન આપો છો, તેથી પરલોકમાં આપને એના જ અને એવા જ ભોજન મળવાના. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે દાનાનુસારિણી પ્રાપ્તિઃ અર્થાત્ 'જેવું દાન આપીયે તેવું ફળ મળે,' લોકોમાં પણ કહેવત છે કે 'વાવે તેવું લણે' તેથી મને એમ થયું કે, પિતાજીને પરલોકમાં આવું ભોજન જમવામાં ઘણી જ મુશ્કેલી પડશે, માટે થોડી ટેવ જો અત્યારથી જ પડી જાય તો ઠીક. એ ટેવ પાડવા ખાતર આજે રોટલા બનાવ્યા છે.

શેઠ ઘણા જ ચકોર હતા, પુત્રવધૂની ગંભીર રહસ્યથી ભરેલી ટકોર સાંભળી એમની સાન ઠેકાણે આવી.

પુત્રવધૂની વાણીમાં નમ્રતા હતી, નિપુણતા હતી. નક્કર સત્ય નિતરતું હતું. આવી વાણીમાં જ પથ્થર હૈયાને પણ પીગળાવી દેવાની તાકાત હોય છે.

પુત્રવધૂએ સમયસૂચકતા વાપરી, શેઠના પાટલા ઉપરથી થાળી ઉપાડી લીધી અને ઘી નીતરતી સુંવાળી રોટલી પીરસેલી તૈયાર થાળી શેઠના ભાણા પર ગોઠવી દીધી તેમજ બીજી વાનગીઓ પીરસવી શરુ કરી.

શેઠ જમીને ઉઠ્યા અને તરત જ તેમણે દાનશાળામાં અપાતી સડેલી જુવાર બંધ કરાવી દીધી અને બીજા સરસ અનાજનું દાન ચાલુ કરાવ્યું.

સદ્બોધ આપવાની કેવી સુંદર કલા !

અને સત્ય સ્વીકારવા માટે શેઠની કેવી એ નમ્રતા ! નિડરપણે અસત્યનો ત્યાગ કરી સત્યને સ્વીકારનારા આવા નવરત્નોથી ભારતની ભોમ સૌભાગ્યવતી છે.

ઘણા માણસો પોતે જે કરે છે તેનું સારું માની ઘણીવાર ફુલાતા હોય છે. એ પ્રવૃત્તિથી પોતાને મહાન માને છે અને ધર્માત્મા તરીકેનો સંતોષ અનુભવે છે, પણ સારી માનેલી પ્રવૃત્તિ કેટલે અંશે સારી છે, એ વિચારવાની ફુરસદ તેમને હોતી નથી. ઘણીવાર તો એ પ્રવૃત્તિ વિકાસને બદલે વિનાશ સર્જનારી હોય છે, પણ અભિમાનથી અક્કડ બનેલા એ માનવીઓને સાચી વસ્તુનો ખ્યાલ આપવાનું કાર્ય દુઃશક્ય હોય છે.

વિમલશેઠ એવી અક્કડતાના પૂજારી ન હતા, તેથી તેમની પુત્રવધૂએ શેઠને ધર્મના નામે થતા અધર્મથી પાછા વાળી ધર્મના પૂજારી બનાવી દીધા.

# ૧૫) કરણ કરાવણ ને અનુમોદન

## પ.પૂ. આ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.

બલભદ્ર શ્રી કૃષ્ણના મોટાભાઈ હતા. શ્રી કૃષ્ણ વાસુદેવના મૃત્યુ બાદ બળભદ્રે દીક્ષા સ્વીકારી હતી. ઉગ્ર તપસ્વી એવા બળભદ્ર મુનિ તીવ્ર તપસ્યાથી જીવનને ધન્ય બનાવી રહ્યા હતા.

એકદા મહામુનિ બળભદ્ર ગામથીગામ વિહાર કરતા તપના પારણા દિવસે એક ગામમાં ગોચરી અર્થે પધાર્યા. ગોચરીથી પાછા ફરેલા મહામુનિ બળભદ્ર ગામ બહાર જઈ રહ્યા હતા ત્યારે કુવાના કિનારે કેટલીક સ્ત્રીઓ પાણી ભરી રહી હતી. તપસ્વી એવા બળભદ્ર મુનિના રૂપને જોઈ તે લલનાઓ આશ્ચર્ય મુગ્ધ બની ગઈ અને પોતાનું કાર્ય ભૂલી જઈ તે મુનિના રૂપનું જ એકીટસે પાન કરવા લાગી ત્યાં એકાએક આ મહામુનિની દ્રષ્ટિ કુવાના કિનારે પડી. એક સ્ત્રી મુનિના રૂપને નીરખવામાં એવી તો લીન બની હતી કે દોરડાનો પાસો ઘડાને બદલે પાસે રહેલા એક બાળકના ગળામાં દીધો એ પણ તેણીને ખ્યાલ ન આવ્યું. આ દ્રશ્ય જોઈ મુનિએ તેણીને ટકોર કરતાં કહ્યું કે હે મુગ્ધ ! ઘડાને બદલે બાળકના ગળામાં દોરડાનો પાસો કેમ નાખ્યો છે? જરા ખ્યાલ તો રાખ. પોતાની અક્ષમ્ય ભૂલ બદલ પેલી સ્ત્રી એકદમ શરમાઈ ગઈ.

આ પ્રસંગથી બળભદ્ર મુનિને વિચાર આવ્યો કે "મને ધિક્કાર થાઓ આ દેહપોષણ માટે ગૌચરી લેવા વસ્તિમાં (ગામમાં) જાઉં છું" જેથી મારા રૂપથી વસ્તિમાં હું અનેકો માટે આકર્ષણનું કેન્દ્ર બનું છું તેમજ આવા અઘટિત બનાવો બને છે માટે આજથી જ મારે ગામમાં ગોચરી અર્થે ન જવું., એવી ઘોર પ્રતિજ્ઞા સ્વીકારી તેઓ જંગલમાં જ રહેવા લાગ્યા, વનમાં કોઈ માનવ આવી ચડે અને તેની પાસેથી સાધુયોગ્ય નિર્દોષ આહાર મળે તો વહોરવું નહીંતર તપોવૃદ્ધિ માની તપશ્ચર્યા કરવી. ઉપવાસ ઉપર ઉપવાસ કરવા.

તપસ્વી બળભદ્ર મુનિનું વનમાં સમતાનું સામ્રાજ્ય પ્રસરવા માંડ્યું હિંસક પશુઓ પણ તે મુનિની નીકટ વૈરભાવને ભૂલી શાંતીથી બેસવા લાગ્યા ને ચોમેર અહિંસાનું પવિત્ર વાતાવરણ જામી ગયું. આ વન્ય પ્રાણીઓમાં એક સરલ સ્વભાવી મૃગલું પણ હતું. મુનિના રૂપ અને તપથી તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તે મૃગ મુનિનો પરમભક્ત બની ગયો. જંગલમાંથી અચિત્ત ફળોથી તે પોતાનું ગુજરાન કરવા લાગ્યો તે સિવાયના ટાઈમે મુનિ પાસે આવી તે બેસી જતો. પોતે પશુ અવતાર પામ્યો છે એ વિચારતાં તેને ઘણોજ પશ્ચાતાપ થતો. પોતાના પૂર્વભવમાં થયેલી વિરાધનાથી બંધાયેલ કર્મનું આ પરિણામ છે તે માની સમતા ધારણ કરતો. પોતાને આવા ઉગ્ર તપસ્વી અને સાધક મુનિનું સતત દર્શન મળ્યા કરે છે એથી પોતે ધન્ય બન્યો છે. આવા શ્રેષ્ઠ વિચારો પણ તે કરતો વનમાં કોઈ સાર્થપતિ કે કઠિયારો

આવ્યો હોય તો મુનિને ગોચરી અર્થે ત્યાં જવા મોઢું અને પગ બતાવી વિનંતિ કરતો.

એક વખત એક સુથાર લાકડા પ્રાપ્ત કરવાને જંગલમાં આવી ચડ્યો તે સુથાર થોડા લાકડાં કાપી અને થોડા લાકડાં કાપતાં અધુરા રાખી ભોજન અર્થે બેસવાની તૈયારી જ કરતો હતો. આ દ્રશ્ય જોતાં જ મૃગનું હૈયું થનગની ઉઠયું. અતિ ભદ્રસ્વભાવી મૃગ તે મુનિ પાસે આવ્યો અને પોતાના પગના નિશાનથી જંગલમાં કોઈ આવ્યું છે તો તમે ગોચરી માટે પધારો એવી વારંવાર વિનંતિ કરવા લાગ્યો. મુનિએ પણ વિચાર્યું કે આ તિર્યંચના હૃદયમાં પણ કેવા સુંદરભાવો ભર્યા છે. મુનિ ગોચરી અર્થે તૈયાર થયા. મૃગ આગળ ને મુનિ પાછળ આમ ચાલતાં તેઓ સુથાર પાસે પહોંચી આવ્યા. મુનિને જોતાં સુથાર પણ આનંદિત થયો અને પોતાને આહારાદિનો લાભ આપવા મુનિને વિનંતિ કરી. મુનિએ પાત્ર આગળ ધર્યું. સુથાર પોતાના ભોજનમાંથી મુનિને પડિલાભવા લાગ્યો.

આ વખતે પેલો મૃગપણ ખૂબ જ હર્ષિત થવા લાગ્યો. તે હૃદયમાં વિચારવા લાગ્યો કે કેવા મહાતપસ્વી આ મુનિ ! ને ભાગ્યશાળી આ સુથાર ! ધન્ય છે આ બંન્ને ! આ તપસ્વી મુનિ કેવા કૃપાળુ છે કે પેલા સુથારને લાભ આપી રહ્યા છે. આ સુથાર કેવો ધન્ય છે કે પોતાના ભોજનમાંથી મુનિને વહોરાવી રહ્યો છે. તે મનુષ્ય છે તો સાધુ ભક્તિનો લાભ લઈ રહ્યો છે. ને હું રહ્યો તિર્યંચ.

સુથાર પણ વિચાર કરે છે કે ખરેખર! આજે મારૂં જીવન ધન્ય બની ગયું આ ઘોર અટવીમાં આવા ઉગ્ર તપસ્વી મુનિનો યોગ અને સુપાત્ર ભક્તિનો મને અપૂર્વ લાભ મલ્યો છે.

આ રીતે મુનિ, મૃગ અને સુથાર પોતાના આત્માને સુંદર ભાવોથી ભાવિત કરી રહ્યા છે ત્યારે સહસા ઉપરથી અડધી કપાયેલી વૃક્ષની એક મોટી ડાળી પવનના ઝાપટા સાથે ત્રણે પર પડી અને તે ત્રણે મહાત્માઓ તે જ વખતે મૃત્યુ પામ્યા. ઉત્તમ ભાવનાના પ્રતાપે તેઓ ત્રણે દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

મુનિ સુથારને લાભ આપતા હતા, સુથાર લાભ લેતો હતો, જ્યારે મૃગ તો વિશેષ કશુ જ કરી શકે એમ ન હતું છતાં આ બન્નેની અનુમોદના કરતો હતો. આમ લેનાર દેનાર અને અનુમોદના કરનાર ત્રણેને એક સરખું ફલ મળ્યું.

● આજનો માનવ ૧૫ દિવસે બોડી ચેક કરાવે છે. દર મહિને ગાડી સર્વિસમાં મોકલે છે.ઓઈલીંગ કરાવે છે.પણ અફસોસ એને કોઈ દિવસ આત્માનું ચેક અપ કરાવવાનું જ યાદ નથી આવતું !

## ૧૬) સોનેરી સુવાક્યો

**પ. પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ. સા.**

**પૂ. મુનિરાજ શ્રી અમિત યશવિજયજી મ.સા.**

✤ આજનો નાનો દેખાતો બાળક મોટો થઈને શાસનની પ્રભાવના કરનારો બને છે માટે બાળકોને ખૂબ જ ધર્મના સંસ્કારો આપવા.

✤ લીધેલા નિયમો આવતા કર્મને અટકાવે છે અને પરભવ સુધારે છે.

✤ ઉદાર ભાવનાથી જે દાન આપે છે તેને ક્યારે કંઈ ઓછું થતું નથી.

✤ દાન એવી રીતે આપવું કે જમણો હાથ આપે અને ડાબા હાથને ખબર ન પડે તે સાચુ દાન છે.

✤ તપ કરતા પારણું યાદ આવે છે તે ન આવવું જોઈએ.

✤ તપ કરીને પારણામાં અધિક આહાર પણ ન લેવો.

✤ આજે માણસની છત ખૂબ છે પણ માણસાઈની ભારે અછત છે.

✤ ક્રોધથી તમે કોઈને દબાવી શકશો પણ પોતાના બનાવી નહિ શકો.

✤ વિશ્વમાં મોટામાં મોટું આશ્ચર્ય ? ચોક્કસ મરવાનું છે તે જાણવા છતાં પણ માણસો જીવન એવી રીતે જીવે છે જાણે ક્યારેય મરવાનું નથી.

✤ બે દિવસ કે બે કલાકથી મુસાફરી માટે જતા પૂર્વે માણસ તૈયારી કર્યા વિના રહેતો નથી. જ્યારે પરલોકની લાંબા કાળની મુસાફરી માટે એ કશી જ તૈયારી કરતો નથી આ કેવું દુઃખદ આશ્ચય !

### લોભ લાલચને છોડી દો

✤ લોભ લાલચ રાખવાથી જીવને રખડપટ્ટી કરવી પડે છે.

✤ સંતોષ દ્વારા લોભને જીતવો જોઈએ. પર પદાર્થોની તૃષ્ણા તેનું નામ લોભ .

✤ જ્યા અહિંસા છે ત્યાં જ ધર્મ છે બીજાને પીડા આપવી તે અંધર્મ છે.

✤ સર્વ દુઃખોની ખાણ લોભ છે. લોભના ત્યાગથી ગુણની પ્રાપ્તિ થાય છે.

✤ લોભની હાજરીથી દોષો ઉત્પન્ન થાય છે.લોભી માણસ કોઈને ગમતો નથી.

✤ લોભી માણસ પુરૂ ખાઈ શકતો નથી અને ખવડાવી શકતો નથી.

✤ લોભ દૂર થવાથી ઉદારતાના ગુણ વિકસે છે.

✤ લોભી માણસ ધર્મમાં પણ ખરચી શકતો નથી.

✤ ગમે તેટલું ધન હોવા છતાં મમ્મણશેઠ લોભના કારણે નરકમાં ગયા.

✤ લોભી માણસ પાસે સંપતિ હોય છે છતાં તે લોભના કારણે સંપત્તિનો સાચો સદુપયોગ કરી શકતો નથી.

✤ લોભી માણસ તો જેમ પૈસો વધે તેમ રાજી થાય છે પણ ભૂલી જાય છે કે આ બધી સંપત્તિ તો મારે અહિં છોડીને જવાનું છે.

## ૧૭) આયંબિલનો અરૂણોદય

**મુનિ દેવરક્ષિતસાગરજી મ.સા.**

✤ પેટનો પગાર ચાલુ હોય અને જીભનો વઘાર બંધ કરાવે એનું નામ આયંબિલ છે.

**આયંબિલ તપ શા માટે કરવાનો ?**

✤ આયંબિલ તપ માંગલિક તપ છે.

✤ વિઘ્નો નિવારવા સર્વ શુભકાર્યો જેવા કે સૂત્ર વાંચન, ચાતુર્માસ પ્રવેશ, અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ, સૂરિમંત્ર પિઠિકા આદિમાં સ્થાન મળ્યું છે.

✤ અનાદિ કાલિન આહાર લાલસાની આશક્તિ તોડવાનો રામબાણ ઉપાય આયંબિલ છે.

✤ આયંબિલથી મન પ્રફુલ્લિત રહે, આંખોમાં નિર્વિકારતા આવે કાયા નિરોગી રહે, મનની એકાગ્રતા વધે સાથોસાથ જીવનની વિશુદ્ધિ વધે છે.

✤ આયંબિલ ધાતુ દોષ નાશક છે. શરીરમાં લોહી આદિના વિકારો, દોષો નાશ પામે છે.

✤ કામઘ્ન છે. પાપી વિષયોની ઈચ્છાને મૂળથી હણે છે. મંગલકારી આયંબિલ છે. બધા સુખની પ્રાપ્તિ તો કરાવે પણ બધા જ કાર્યોને નિર્વિઘ્ને પાર પડાવે.

✤ આયંબિલ શાંતિદાતા છે. બાહ્ય વાતાવરણ ને તો શાંત કરાવે પણ શરીર - બાહ્ય ઈન્દ્રિયો અને મનને શાંત કરાવે છે.

✤ દેહ થી મમતા ઓછી કરાવે છે.

✤ અશુભ કર્મોદયે જીવલેણ રોગોમાં પણ અદ્‌ભુત સમાધિ-સમતા પ્રદાન કરે છે.

✤ આયંબિલનો આહાર નિર્વિકારક છે. જે વાપરવાથી આપણા આત્મામાં શુદ્ધ આચાર-વિચાર અને ઉચ્ચારમાં નિર્મળતા લાવે છે.

✤ મહાનિશિથ, નિશિથ ચૂર્ણિ - ભાષ્યાદિ છ છંદ સૂત્રો ભણવા પણ આયંબિલ આવશ્યક છે. આગમોની અનુજ્ઞા માટે પણ આ તપ આવશ્યક છે.

✤ ટૂંકમાં ભય વિજેતા, ઈન્દ્રિયવિજેતા, ઉપસર્ગવિજેતા, રસવિજેતા, કર્મવિજેતા, સ્વરૂપવિજેતા બનવા આયંબિલ નિરંતર કરવા જોઈએ...

**આયંબિલ થી લાભ**

નરકનો જીવ એક હજાર ક્રોડ વર્ષ સુધી અસહ્ય દુઃખો વેઠીને જેટલા કર્મો ખપાવે તેટલા કર્મો ૧ આયંબિલ માત્ર થી ક્ષય થાય. બે આયંબિલ સાથે કરીએ તો ૧ લાખ ક્રોડ વર્ષના કર્મો ક્ષય થાય... સળંગ જેમ જેમ થતા જાય તેમ સંખ્યામાં એક એક મીડું વધારી તેટલા વર્ષોના કર્મક્ષય થાય.

✤ અનાદિકાલિન રસવૃતિને તરત જ ધક્કો લાગે.

રાગદશા જાય વૈરાગ્ય દશાનું પ્રગટીકરણ થાય.

## આયંબિલનો લાભ કોને ?

- ✤ શ્રીપાલ રાજાનો કોઢ રોગ દૂર થયો.
- ✤ મણિપ્રભવિજયજીનો અસાધ્ય ટી.બી. રોગ નાબૂદ થયો.
- ✤ સા.શ્રી અરૂણોદયશ્રીજીની કેન્સરની વ્યાધિ ગઈ.
- ✤ સા. શ્રી મનહરશ્રીજીને લકવાગ્રસ્ત દશા દૂર થઈ.
- ✤ નાંગલપુરના શ્રાવકના શરીરના સર્વ ચાડા વિલય પામ્યા.
- ✤ મંગલવિજયને દાંતોનો પાયોરીયા ભાગ્યો.
- ✤ મુલુન્ડના સિંધીબેનની ચામડીની અસાધ્ય વ્યાધિ ગઈ.
- ✤ સુનામી ના તોફાની વંટોલે દિશા બદલી.

## આયંબિલનો સાક્ષાત્કાર નજરે નિહાળ્યો

મારા પરિવારના ઉપકારી મારા ગુરુમૈયા એવા વાત્સલ્યમયા, મમતાની મૂર્તિ, પ્રેમની પ્રતિમા – સ્નેહની સરિતા – પ્રેરણાની પરબ સમા સાધ્વીશ્રી અરૂણોદયશ્રીજી એ વર્ધમાન તપની ૧૧૩ ઓળીઓ કરી... ચાતુર્માસ ડોંબિવલી હતું ઓળીના છેલ્લા દિવસો.. ભયંકર તાવ.. શરીરે ભયંકર પીડા.. અને સાથે સાથે કેન્સરનું થયેલું નિદાન... આવી સ્થિતિમાં અડગ મનના સાધ્વીજીએ આયંબિલની શ્રદ્ધા વધારી. સતત તપમાં દેહ ઝૂકાવી દીધું. કેન્સર ગયું...

ડોકટરો પણ આશ્ચર્યચકિત બન્યા જીવતો જાગતો આજ ચમત્કાર...

મારા જેવાની જીવનની નાવ ઠેકાણે લાવી દીધી.. દેવ ગુરુ-ધર્મ હૃદયમાં બેસાડી દીધા..

ધન્ય આયંબિલ, ધન્ય તપસ્વીઓ...

## વંદના છે અહોભાવ છે જેમણે ઈતિહાસ સુવર્ણ મંડિત કર્યો

- ✤ શ્રીચંદ્રકેવલી ૮૦૦ ચોવિશી સુધી વર્તમાન તપમાં નામ અમર
- ✤ ઋષભદેવની પુત્રી સુંદરીએ લાગટ ૬૦ હજાર વર્ષ આયંબિલ કર્યા.
- ✤ ધન્ના અણગાર છઠ્ઠના પારણે આયંબિલ પુનઃ છઠ્ઠ તપ
- ✤ દ્વારિકા નગરીમાં અખંડ ૧૨ વર્ષ આયંબિલ તપ ચાલ્યો.
- ✤ વિદ્યાસાગરજી – છઠ્ઠના પારણે છઠ્ઠ પારણે આયંબિલ
- ✤ કકકસૂરિજી – લાગટ ૧૨ વર્ષ છઠ્ઠ ઉપર આયંબિલ
- ✤ શ્રીપ્રભસૂરિ – છ વિગઈનો ત્યાગ – એકાંતરા ઉપવાસ – આયંબિલ
- ✤ વર્ધમાનસૂરિ – ૧૦૦ ઓળી સળંગ

મુનિસુંદરસૂરિ – જાવજીવ આયંબિલ તપ

- ✤ સિદ્સેન દિવાકરસૂરિ સળંગ ૯ વર્ષ આયંબિલ
- ✤ શ્રેણિકરાજાની રાણી (સાદવી કૃષ્ણા ) સળંગ ૧૦૦ ઓળી
- ✤ જગદ્ગુરુ હીરસૂરિ – ૨૦૦૦ આયંબિલ
- ✤ જગતચંદ્રસૂરિ – ૧૨॥ વર્ષ લગાતાર આયંબિલ.

## હમણાના કાળે પણ મસ્તક ઝૂકી જાય...

* આ.શ્રી હિંમાસુસૂરિજી - ૫ હજાર થી અધિક.. આયંબિલ
* આ.શ્રી. રાજતિલકસૂરિજી - ૨૮૯ ઓળી
* મુનિ દિવ્યાનંદવિજયજી - ૨૪૨ ઓળી
* પં.શ્રી જિનસેનવિજયજી - ૨૦૦ ઓળી
* પં. શ્રી કનકસુંદરવિજયજી - ૧૫૦ ઓળી
* પં. શ્રી ભદ્રંકરવિજયજી - ૧૪૫ ઓળી
* આ. શ્રી ભુવનભાનુસૂરિજી - ૧૦૮ ઓળી

વિદ્યાનંદસૂરિજી, વરબોધિસૂરિજી, કૈવલ્યબોધિવિજયજી, હેમવલ્લભવિજયજી, પં.કલ્યાણબોધિવિજયજી, મુ.શ્રી ધર્મરક્ષિતવિજયજી, પં.શ્રી યશોભૂષણવિજયજી બધાએ શતકથી આગળ વધ્યા.

## શ્રમણીવૃંદને નમન

* ૨૭૨ ઓળી સા. શ્રી હંસકીર્તિશ્રીજી
* ૨૬૧ ઓળી સા.શ્રી મનોરમાશ્રીજી
* ૨૨૭ ઓળી સા.શ્રી પુષ્પચુલાશ્રીજી (ભુજપુર)
* ૨૦૮ ઓળી સા. શ્રી પ્રભંજનાશ્રીજી

## અચલગચ્છમાંય - ૧૦૦ ઓળીથી અધિક

સા. શ્રી અમરેન્દ્રશ્રીજી, સા. શ્રી વિશ્વોદયશ્રીજી, સા.શ્રી. અરૂણોદયશ્રીજી, સા.શ્રી મનોહરશ્રીજી, સા.શ્રી અભયગુણાશ્રીજી. સા. શ્રી રમ્યગુણાશ્રીજી, સા. શ્રી કીર્તિલત્તાશ્રી સા.શ્રી નયપૂર્ણાશ્રીજી, સા.શ્રી કીર્તિષેણાશ્રીજી (૯૯)

## તપ - તપસ્વીને પ્રેમેવંદન

* ૪૫ વર્ષના અખંડ એકાસણા પર આઠ વરસીતપ - આ. ગુણસાગરસૂરિ
* સળંગ ૩૭ વરસીતપ - આ.ગુણોદયસાગરસૂરિ.
* ૨૪ માસક્ષમણ + ૮૨ ઓળી - મુનિશ્રી નંદીવર્ધનસાગરજી
* અલૂણી ૮૦ ઓળી મુનિશ્રી વિનયરત્નસાગરજી મ.
* ૬૦ દિવસ માત્ર કરિયાતુ અને રોટલીથી આયંબિલ કરનાર મુ. શ્રી ઉદયરત્નસાગરજી.

આપના તપોમય આત્માને નમસ્કાર, આપજો બળ, રાખજો કૃપા. વરસાવજો આશિષ... જેથી આવે મારામાંય શક્તિ... પામુ શીઘ્ર મુક્તિ હું ય ૧૦૦ ઓળી કરી કરું સહુની ભક્તિ.

# (૧૮) શ્રાવકની રહેણી - કરણી

## ❖ શ્રાધ્ધ વિધિ પ્રકરણ ❖

## શ્રાવકનાં કર્તવ્ય

શ્રાવકે શું કરવું જોઈએ ?

**દૈનિક કર્તવ્ય :-** (દિવસે શું કરવું જોઈએ?)

વહેલાં જાગવું (નવકાર સ્મરણ વિ.), પ્રતિક્રમણ, (સામાયિક), દેવદર્શન, ગુરુવંદન, ગૃહવ્યવસ્થા, વ્યાખ્યાન શ્રવણ, સ્નાનવિધિ, પ્રભુપૂજા (અષ્ટ પ્રકારી), ભોજનવિધિ, સુપાત્રદાન, વ્યાપાર શુદ્ધિ, દેવપૂજન (ધૂપ વિ.), પ્રતિક્રમણ, સ્વાધ્યાય, ધર્મચર્ચા, વડીલોની ભક્તિ.

**રાત્રિ કર્તવ્ય :-** (રાત્રે શું કરવું જોઈએ)

ધર્મજાગરણ, સુકૃતની અનુમોદના, દુષ્કૃતની નિંદા, ચાર શરણ–સ્વીકાર, સાગાર અનશન, અલ્પનિદ્રા, રાત્રિ ચિંતન, (અશુચિ ભાવના) દીક્ષા અંગે મનોરથ સેવન, રાઈ પ્રતિક્રમણ.

**પર્વ કર્તવ્ય :-** (પર્વ દિવસે શું કરવું જોઈએ)

પૌષધ, ઉપવાસ, દાન, શીલ, તપ, ભાવ, અહિંસા, જયણા, શાસન પ્રભાવના.

**ચાતુર્માસિક કર્તવ્ય :-** (ચાર માસમાં શું કરવું જોઈએ)

વિવિધ નિયમગ્રહણ, દેસાવગાસિક, અતિથિ સંવિભાગ, સામાયિક, વિવિધ તપશ્ચર્યા, નૂતન અધ્યયન, સ્વાધ્યાય, જયણા પાલન.

**વાર્ષિક કર્તવ્ય :-** (પ્રતિવર્ષ શું કરવું જોઈએ)

સંઘપૂજન, સાધર્મિકભક્તિ, યાત્રાત્રિક (રથયાત્રા, જિનયાત્રા, તીર્થયાત્રા) જિનાલયે સ્નાત્ર મહોત્સવ, દેવદ્રવ્યની વૃદ્ધિ, મહાપૂજન, રાત્રિજાગરણ, શ્રુતજ્ઞાન પૂજા–મહોત્સવ, ઉજમણું, શાસનપ્રભાવના, પાપશુદ્ધિ (પ્રાયશ્ચિત આલોચના)

**પર્યુષણ કર્તવ્ય :-** (પર્યુષણમાં શું કરવું જોઈએ.)

અમારી પ્રવર્તન (જીવદયા), સાધર્મિક ભક્તિ, ક્ષમાપના, અઠ્ઠમતપ, ચૈત્યપરિપાટી (દરેક દેરાસર જુહારવા).

**જીવન કર્તવ્ય :-** (જીવનમાં મૃત્યુ પહેલાં શું કરવું જોઈએ.)

જિનાલય બંધાવવું, ગૃહમંદિર રાખવું, જિનબિંબ ભરાવવું, પ્રતિષ્ઠા કરાવવી, દીક્ષા અપાવવી, પદવી અપાવવી, હસ્તલિખિત આગમ લખાવવા, પૌષધશાળા બંધાવવી, પ્રતિમાવહન કરવી, ઉપધાન કરવા, પાલિતાણામાં ચાતુર્માસ કરવું, સંઘ કાઢવો, શત્રુંજયની ૯૯ યાત્રા કરવી, સંઘ રક્ષા માટે પ્રાણ તથા સર્વસ્વ આપવા તૈયાર થવું.

**સમાધિ મરણ કર્તવ્ય :-** (મરણ સમયે શું કરવું જોઈએ.)

દીક્ષા લેવી જોઈએ, શત્રુંજયમાં મન એકાગ્ર કરવું, ચારેય આહારનો ત્યાગ કરવો, ગુરુ સમક્ષ અતિચાર આલોચવા, સર્વ પાપ વોસિરાવવા, બારવ્રત ગ્રહણ, દુષ્કૃતની નિંદા, સુકૃતની અનુમોદના, ચાર શરણ સ્વીકાર, સર્વ જીવ પ્રત્યે ક્ષમાપના, નવકાર મહામંત્રનું સ્મરણ.

## નવકારમંત્રનો પ્રભાવ

"નંદાવર્ત્ત" "શંખાવર્ત્ત" આદિથી વાંછિત સિદ્ધિ વિગેરે ઘણા લાભ આપનારો છે, કહ્યું છે કે -

કર આવર્તે (અંગુલીથી) નવકારને બારની સંખ્યાથી નવ વાર ગણે, તેને પિશાચાદિ હેરાન કરે નહીં.

શંખાવર્ત્ત, નંદાવર્ત, વિપરીતાક્ષર, વિપરીતપદ અને વિપરીત નવકાર લક્ષ વાર ગણે તો બંધન, શત્રુભય, કષ્ટ આદિ સત્વર જાય છે.

### શંખાવર્ત્ત નંદાવર્ત્ત



(જમણા હાથે જણાવેલા ક્રમ મુજબ નંદાવર્ત્તથી એક-એક નવકાર ગણવો અને ડાબા હાથે જણાવેલા ક્રમ મુજબ શંખાવર્ત્તથી ગણત્રી રાખવી. એ રીતે ૧૦૮ નવકાર થાય છે.) બની શકે ત્યાં સુધી આ રીતે જાપ કરવા ઉત્તમ છે. ન થઈ શકે તો પછી માળાથી જાપ કરવા.

નવકારમંત્ર આલોક અને પરલોક એમ બન્ને લોકમાં અત્યંત ઉપકારી છે. મહાનિશીથસૂત્રમાં કહેલું છે કે :-

ભાવથી નવકાર ગણતાં ચોર, સિંહ, સર્પ, પાણી, અગ્નિ, બંધન, રાક્ષસ, સંગ્રામ, રાજભય વિગેરે ભયો જતા રહે છે.

બીજા ગ્રંથોમાં પણ કહેલું છે કે :- "પુત્રાદિના જન્મવખતે પણ નવકાર ગણવો. કે જેથી તે નવકારના ફળથી ઋદ્ધિવંત થાય, અને મરણ વખતે પણ નવકાર સંભળાવવો કે જેથી મરનાર જરૂર સદ્ગતિએ જાય. આપદા વખતે પણ નવકાર ગણવો કે જેથી સેંકડો આપદાઓ જતી રહે. ધનવંતે પણ નવકાર ગણવો કે જેથી તેની ઋદ્ધિ વિસ્તાર પામે.

### જાપનો પ્રભાવ

નવકારનો એક અક્ષર સાત સાગરોપમનું પાપ દૂર કરે છે. નવકારના એક પદથી પચાસ સાગરોપમમાં કરેલાં પાપનો ક્ષય થાય છે અને આખો નવકાર ગણવાથી પાંચસો સાગરોપમનું પાપ નાશ પામે છે. વિધિપૂર્વક જિનેશ્વર ભગવંતની પૂજા કરીને જો ભવ્ય જીવ એક લાખ નવકાર ગણે, તો તે પ્રાણી વગર શંકાએ તીર્થંકર નામગોત્ર બાંધે છે, આઠ ક્રોડ, આઠ લાખ , આઠ હજાર, આઠસો આઠ (૮,૦૮,૦૮,૮૦૮) નવકાર ગણે તે પ્રાણી ખરેખર ત્રીજે ભવે મોક્ષપદને પામે છે.

### આલોકના લાભ ઉપર શિવકુમારનું દૃષ્ટાંત

જુગાર આદિ વ્યસનમાં આસક્ત થયેલા શિવકુમારને તેના પિતાએ પોતાના મૃત્યુ સમયે શિખામણ દીધી કે "કષ્ટ પડે ત્યારે નવકાર ગણજે" પછી પિતાના મરણ પામ્યા બાદ તે પોતાના દુર્વ્યસનથી નિર્ધન થયેલો ધનાર્થે કોઈક દુષ્ટ પરિણામવાળા યોગીના કહેવાથી તેનો ઉત્તરસાધક બનીને કાળી ચઉદશની રાત્રે તેની સાથે સ્મશાનમાં આવ્યો, હાથમાં ખડ્ગ લઈ ત્યાં તે યોગીએ તૈયાર રાખેલા મડદાના પગને મસળતો હતો; તે વખતે પોતાના મનમાં ભય

લાગતાં તે નવકારનું સ્મરણ કરવા લાગ્યો. બે-ત્રણ વાર તે શબ ઊભુ થઈને શિવકુમારને મારવા આવ્યું પણ નવકાર મંત્રના પ્રભાવથી તેને મારી શક્યું નહીં છેવટે ત્રીજી વારે તે શબે પેલા યોગીનો જ વધ કર્યો કે જેથી તે યોગી જ સુવર્ણ પુરુષ બની ગયો, તેથી તેણે ઘણી રિદ્ધિ મેળવી. તેનાથી તેણે જિન-ચૈત્યાદિ ઘણાં ધર્મકૃત્ય કર્યા.

## પરલોકના ફળ ઉપર સમળીનું દૃષ્ટાંત

ભરૂચની પાસે આવેલા વનમાં વડના ઝાડ ઉપર બેઠેલી કોઈક સમળીને પારધીએ બાણથી વીંધી નાખી. તેને પાસે રહેલા કોઈક સાધુએ નવકાર સંભળાવ્યો. તેથી તે મરણ પામ્યા પછી સિંહલ દેશના રાજાની માનવંતી પુત્રીપણે ઉત્પન્ન થઈ તે તરુણ અવસ્થા પામી તે વખતે એકદા પાસે રહેલા કોઈકને છીંક આવતાં તેણે ''નમો અરિહંતાણં'' એવો ઉચ્ચાર કર્યો. જેથી તે સાંભળતાં રાજકુમારીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તેણીએ પોતાના પિતાને કહી પાંચસો વહાણ માલના ભરી ભરૂચ નગરીની પાસે આવેલા વનમાં, તે જ વડના ઝાડ આગળ (જ્યાં પોતે મરણ પામી હતી ત્યાં જ) આવી અને ''સમળીવિહાર'' નામનું શ્રી મુનિસુવ્રતસ્વામીનું મોટું જિનાલય કરાવ્યું. એમ જે પ્રાણી મરણ પામતી વખતે પણ નવકારનું સ્મરણ કરે છે તેને પરલોકમાં પણ સુખની ને ધર્મની પ્રાપ્તિ થાય છે.

## વંકચૂલની કથા

એક નગરીમાં વિમળયશ નામે રાજાને પુષ્પચૂલ નામે પુત્ર અને પુષ્પચૂલા નામે એક પુત્રી હતી. પુષ્પચૂલના સ્વભાવથી રાજાએ તેને વંકચૂલ કહી કંટાળીને કાઢી મૂકયો. તેની પાછળ તેની બહેન અને તેની પત્ની પણ ગયાં. એક જંગલમાં તે ગયાં ત્યાં ભિલ્લો એ વંકચૂલને રાજા બનાવ્યો. ઉદ્ધત સ્વભાવી વંકચૂલ વધુ નિર્દયી અને પાપરસિક બન્યો.

એકવાર તેની અટવીમાં કોઈ આચાર્ય પધાર્યા. ચોમાસું બેઠેલ હોવાથી તેમણે સ્થાનની માગણી કરી. વંકચૂલે ધર્મોપદેશ ન આપવાની શરતે મુનિરાજને ચાતુર્માસ રાખ્યા, ચાતુર્માસ વીતે મુનિને વળાવવા વંકચૂલ સીમા સુધી ગયો. મુનિએ વળતાં તેને ચાર શિખામણ આપી ◆ અજાણ્યાં ફળ ખાવાં નહિ. ◆ સાત આઠ પગલાં પાછા હઠીને કોઈના ઉપર ઘા કરવો. ◆ રાજાની સ્ત્રી ભોગવવી નહિ. ◆ કાગડાનું માંસ ખાવું નહિ. ચારે શિખામણ સરળ હોવાથી તેને પાળવાનું વંકચૂલે મુનિ પાસે કબૂલ્યું. મુનિના છેલ્લા પરિચયે વંકચૂલ હળવા પરિણામવાળો થયો.

સમય જતાં આ ચારે નિયમોની કસોટીનો પ્રસંગ વંકચૂલને પોતાના જીવનમાં આવ્યો અને તેથી તેને લાભ થયો. એક સમયે ચોરોની સાથે કોઈ સાર્થને લુંટી તે જંગલમાં આવ્યો ત્યાં કોઈ પરિચિત ફળ ન દેખાયું. સુંદર આકારનાં મનોહર ફળોને તેના સાથીદારોએ ખાધાં. વંકચૂલે પોતાનો નિયમ હોવાથી તે ફળ ન ખાધાં. થોડા વખતમાં સાથીદારો મૃત્યુ પામ્યા. પાછળથી ખબર પડી કે તે અજ્ઞાત ફળ કિંપાકનાં હતાં.

રાત્રે ઘેર આવ્યો. ઘરમાં પેસતાં તેણે તેની સ્ત્રીને કોઈ જુવાન પુરુષ સાથે એકજ શય્યામાં ઘસઘસાટ નિદ્રા લેતી જોઈ તેનો ક્રોધ સમાયો નહિ. તેણે તલવાર ઉગામી બન્નેને ઉડાડી મુકવાનો નિશ્ચય કર્યો કે તુર્ત મુનિનો નિયમ યાદ આવ્યો અને સાત આઠ પગલાં પાછા ફરતાં તલવાર અથડાવાથી તે પુરુષે અવાજ કર્યો કે "એ કોણ છે?" આ શબ્દ તુર્ત વંકચૂલ

ઓળખી બોલી ઉઠ્યો કે "અરે આતો મારી બહેન વંકચૂલા" એકવાર વંકચૂલ ઉજ્જયિની નગરીના રાજાના મકાનના પાછલે બારણેથી દાખલ થયો. જુવાન દેખાવડા વંકચૂલને જોઈ રાણી મુગ્ધ બની અને તેણે ભય પામ્યા વગર પોતાની સાથે ભોગ ભોગવવાની માંગણી કરી. વંકચૂલે રાજપત્ની હોવાથી ના પાડી. રાણીએ રોકકળ કરી "**ચોર ચોર**" બૂમ પાડી. પહેરેગીરો વંકચૂલને પકડી રાજા પાસે લાવ્યા. રાજા સત્ય વસ્તુથી જાણ હતો તેથી તેને છોડી મૂક્યો અને પોતાના પુત્રપણે સ્થાપ્યો.

એક વખત વંકચૂલ યુદ્ધમાં ઘવાયો. વૈદ્યોએ કાગડાના માંસનો ઉપચાર કરવા કહ્યું. રાજાએ તે ઉપચાર કરવા કાકમાંસ મંગાવ્યું. વંકચૂલે પ્રાણ જાય તો ભલે પણ કાકમાંસ ન લેવાનો નિર્ણય કર્યો. છેવટે વંકચૂલ નિયમોને યથાર્થ પાળી, મૃત્યુ પામી બારમે દેવલોકે ગયો.

શ્રાવકે હંમેશાં એકાસણાં કરવાં એવો ઉત્સર્ગ માર્ગ છે. કહ્યું છે કે શ્રાવક ઉત્સર્ગ માર્ગે સચિત્ત વસ્તુને વર્જનારો, હંમેશાં એકાસણા કરનારો તેમજ બ્રહ્મચર્ય વ્રત પાળનારો હોય છે. પરંતુ જેનાથી દરરોજ એકાસણું થઈ ન શકે એમ હોય તેણે દિવસના આઠમા ચોઘડીયામાં પહેલી બે ઘડીએ અર્થાત્ બે ઘડી દિવસ બાકી રહે ભોજન કરવું. છેલ્લી બે ઘડી દિવસ રહે ત્યારે ભોજન કરે તો રાત્રિભોજનનો મહાદોષ લાગવાનો પ્રસંગ આવે છે. સૂર્ય અસ્ત થયા પછી રાત્રિએ મોડું ભોજન કરે તો પણ દોષ લાગે છે.

**❖ જશવંતલાલ ગિરધરલાલ શાહ❖**

**જે મંત્ર વ્યક્તિ નહીં પણ.. ગુણ કેન્દ્રિત છે એવા નમસ્કાર મહામંત્રના જાપ આરાધનાનું ફળ**

મન-વચન-કાયાની શુદ્ધિ વડે કરેલ નમસ્કાર મંત્રના... એક અક્ષરનો ઉચ્ચાર..૭... સાગરોપમના પાપ ખપાવે. એક પદનો ઉચ્ચાર. ૫૦.. સાગરોપમના પાપ ખપાવે. એક પૂર્ણ મંત્રનો ઉચ્ચાર.. ૫૦૦... સાગરોપમના પાપ ખપાવે. એક લાખ મંત્રનો ઉચ્ચાર... તીર્થંકર નામકર્મ બંધાવે. નવ લાખ મંત્રનો ઉચ્ચાર. નરકગતિ .. નિ.વા.રે.

**જેના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર**

**અચિંત્ય ચિંતામણી, દિવાધિદેવ શ્રી અરિહંત પ્રભુના દર્શન-પૂજાનું ફળ**

| મનમાં સુંદર / ઉત્કૃષ્ટ ભાવો સાથે | ઉપવાસનું ફળ |
|---|---|
| દેરાસરે જવાની ઈચ્છા કરતાં | ૧ |
| દેરાસરે જવા ઉભા થતાં | ૨ |
| દેરાસર તરફ પગ માંડતાં | ૫ |
| દેરાસરે અર્ધ રસ્તે પહોંચતાં | ૧૫ |
| દેરાસરનાં દૂરથી દર્શન કરતાં | ૩૦ |
| દેરાસર પાસે આવતાં | ૬ માસનાં |
| દેરાસરના ગભારા પાસે આવતાં | ૧ વર્ષનાં |
| પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા આપતાં | ૧૦૦ વર્ષનાં |
| પ્રભુજીની (અષ્ટ પ્રકારી) પૂજા કરતાં | ૧૦૦૦ વર્ષનાં |
| પ્રભુજીને સુગંધી પુષ્પથી હાથથી.. .. ગૂંથેલી માળા પહેરાવતાં | ૧લાખ વર્ષનાં |

દ્રવ્ય પૂજા કર્યા પછી ભાવ પૂજા-ચૈત્યવંદન અવશ્ય કરવું.

## પચ્ચક્ખાણ તપનું ફળ દર્શન

**પચ્ચક્ખાણ કરવાથીવર્ષની નરકની અશાતા (વેદના-દુઃખ) મટી જાય છે.**

| | |
|---|---|
| નવકારશીનું | સો વર્ષ |
| પોરિસિનું | એક હજાર વર્ષ |
| સાઢપોરિસિનું | દશ હજાર વર્ષ |
| પુરિમટ્ટનું | એક લાખ વર્ષ |
| એકાસણાનું | દશ લાખ વર્ષ |
| આયંબિલનું | એક હજાર ક્રોડ વર્ષ |
| ઉપવાસનું | દશ હજાર કરોડ વર્ષ |
| છટ્ઠનું | એક લાખ ક્રોડ વર્ષ |
| અઠ્ઠમનું | દશ લાખ ક્રોડ વર્ષ |

તપ કરતાં કરતાં સાથે અણાહાર પદ પ્રાપ્ત કરવાની ભાવના ભાવવી જોઈએ તો..

તપનું ફળ આથી પણ વધુ અનંતગણું મળી શકે.

## સામાયિક એક સમાધિ (સામાયિકનું ફળ)

સંબોધ સિત્તરી પ્રકરણમાં કહ્યું છે કે -કોઈ પુરુષ દરરોજ લાખ ખાંડી સોનાનું દાન કરે તથા કોઈ પ્રતિદિન એક સામાયિક કરે તો પણ દાન આપવાવાળા કરતાં સામાયિક કરવાવાળા અધિક પુણ્ય ઉપાર્જન કરે છે.

માત્ર બે ઘડીની સામાયિક સમભાવપૂર્વક કરવાથી શ્રાવક એક પલ્યોપમના આઠ ભાગ કરીએ તેના ત્રણ ભાગ એટલે ૯૨,૫૯,૨૫,૯૨૫ ૩/૮ = ૯૨ ક્રોડ ૫૯ લાખ ૨૫ હજાર ૯૨૫ ૩/૮ના દેવાયુષ્ય બાંધે છે. એમ ઉપદેશપ્રાસાદમાં પ.પૂ. લક્ષ્મીસૂરિજી મહારાજ બતાવે છે.

એટલે અવશ્ય જ સામાયિક કરીને આત્મકલ્યાણ સાધવું જોઈએ. સામાયિક એ ચારિત્ર છે. ચારિત્ર વગર મોક્ષ નથી.

## રાત્રિભોજન કરવાથી..

**અગણિત સૂક્ષ્મ જીવો, ત્રસ જીવોની હિંસા થાય છે. શરીર બીમાર અને આળસુ બને છે. મનની પવિત્રતા ઘટે છે. આત્મા તિર્યંચગતિ, નરકગતિ, અશાતાવેદનીય આદિ પાપકર્મ બાંધે છે. મરણમાં અસમાધિ, પરલોકમાં દુર્ગતિ અને દુઃખની પરંપરા ચાલે.. રાત્રે ભોજન કરતાં કીડી ખાવામાં આવે તો બુદ્ધિ ભ્રષ્ટ થાય; જૂ આવી જવાથી જલોદર, માખીની ઉલટી, કરોળિયાથી કોઢ, લાકડાની ફાંસથી કે નાનો વીંછી આવી જવાથી તાળવું વીંધાઈ જાય. ઘુવડ, કાગડા, બિલાડા, ગીધ, સાબર, ભૂંડ, સાપ, વીંછી, અને ગીધ વગેરેના હલકા અવતારો મળે. નરકગતિની કાતિલ, કાળઝાળ વેદના ભોગવવી પડે. પરમાત્માની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનો દોષ લાગે.**

**નરકે જવાનો નેશનલ હાઈવે એટલે.. રાત્રિ ભોજન ..**

## પ્રભુ પૂજાનું ફળ

પ્રભુ માત્ર દર્શનીય નથી, પ્રભુ તો પૂજનીય પણ છે, પૂજનીય પ્રભુના માત્ર દર્શન કરી સંતોષ

માનવો એ પણ એક જાતની ઉપેક્ષા કહેવાય; માટે જે જે ભાગ્યશાળીઓ માત્ર દર્શન કરી સંતોષ માને છે તેમણે વહેલામાં વહેલી તકે.. પ્રભુ પૂજાની શરૂઆત કરી દેવી જ જોઈએ.

**જિનવર પ્રતિમાને પૂજતા, હોય શતગણું પુણ્ય; સહસગણું ફળ ચંદને, જે લેપે તે ધન્ય. ૧**
**લાખગણું ફળ કુસુમની, માળા પહેરાવે; અનંતગણું ફળ તેહથી, ગીત ગાન કરાવે.૨**
**તીર્થંકર પદવી વરે, જિનપૂજાથી જીવ; પ્રીતિ ભક્તિપણે કરે, સ્થિરતાપણે અતીવ. ૩**
**જિન પડિમા જિન સારિખી, સિદ્ધાંતે ભાખી; નિક્ષેપા સહુ સારિખા, થાપના તિમ દાખી. ૪**
**ત્રણ કાળ ત્રિભુવનપતિ, કરે જે પૂજન જેહ; દરિશન કેરું બીજ છે, એહમાં નહિ સંદેહ. ૫**
**જ્ઞાન વિમળ પ્રભુ તેહને, હોય સદા સુપ્રસન્ન; એહી જ જીવિતફળ જાણીજે, તેહી જ ભવિજન ધન્ન. ૬**

## જિનમંદિર પ્રવેશ અને પૂજા ક્રમ

**'પહેલું જ્ઞાન ને પછી રે ક્રિયા નહીં કોઈ જ્ઞાન સમાન રે...**

૧. દૂરથી જિનાલયની ધજા જોતાંની સાથે જ બન્ને હાથ જોડી મસ્તક નમાવી **"નમો જિણાણં"** કહેવું.
૨. પ્રથમ નિસીહિ બોલી જિનાલયના મુખ્યદ્વારેથી પ્રવેશ કરવો. (આ નિસીહિથી સંસારના તમામ કાર્યોનો અને વિચારોનો ત્યાગ થાય છે.)
૩. પરમાત્માનું મુખ જોતાં બે હાથ જોડી કપાળે લગાડી મસ્તક નમાવી **"નમો જિણાણં"** કહેવું.
૪. જીવહિંસા ન થાય તે રીતે ત્રણ **'પ્રદક્ષિણા'** દેવી.
૫. ભાઈઓએ પરમાત્માની જમણી બાજુએ અને બહેનોએ ડાબી બાજુએ ઊભા રહીને કેડથી અડધું અંગ નમાવીને **'અર્ધાવનત્ પ્રણામ'** કરીને મધુર કંઠે **'સ્તુતિ'** બોલવી.
૬. આઠ પડવાળો મુખકોશ બાંધી બરાસ કેસર હાથે વાટવાનો આગ્રહ રાખવો.
૭. 'પરમાત્માની આજ્ઞા મસ્તકે ચઢાવું છું' તેવા ભાવ સાથે ભાઈઓએ દીપકની શિખા કે બદામ આકારનું (♦) અને બહેનોએ સમર્પણ ભાવના પ્રતીક સમાન સૌભાગ્ય સૂચક ગોળ (●) 'તિલક' કરવું.
૮. આઠ પડવાળો મુખકોશ બાંધી... કેસર પુષ્પ.. ધૂપથી ધૂપી બીજી નિસીહિ બોલીને ગભારામાં પ્રવેશ કરવો.
૯. પ્રતિમાજી ઉપરથી નિર્માલ્ય ઉતારીને મોરપીંછી કરવી.
૧૦. પાણીનો કળશ કરી મુલાયમ ભીના વસ્ત્રથી પ્રભુજીના અંગ પર રહેલું કેસર દૂર કરવું. વાળાકુંચીનો ઉપયોગ હિતાવહ નથી. તેમ છતાં જરૂર જણાય તો જ કરવો.
૧૧. પંચામૃતથી પ્રભુજીનો 'અભિષેક' કરવો. (અભિષેક વખતે ઘંટનાદ-શંખનાદ કરવો-દુહાઓ બોલવા ચામર વીંઝવા...) પછી જળનો અભિષેક કરવો.
૧૨. જળથી પ્રભુજીને સ્વચ્છ કરી હળવા હાથે પ્રભુજીને 'ત્રણ અંગ લુંછણા' કરવા. (જરૂર પડે તો તાંબાકુંચીનો ઉપયોગ કરવો.)
૧૩. બરાસથી 'ચંદન વિલેપન' કરવું.
૧૪. ચંદનપૂજા, પુષ્પપૂજા ક્રમશઃ કરવી. ચંદનપૂજા ભગવાનની સાઈડમાં ઉભા રહીને કરવી જેથી દર્શનાર્થીઓને દર્શન કરતાં વિક્ષેપ ન પડે.

૧૫. પ્રભુજીને મુગટ, હાર વગેરે.. આભૂષણો ચઢાવવારૂપ આભૂષણ પૂજા કરવી.
૧૬. ગભારાની બહાર પ્રભુજીની ડાબી બાજુએ ઊભા રહીને 'ધૂપપૂજા' અને જમણી બાજુએ ઊભા રહીને 'દીપકપૂજા' કરવી.
૧૭.ચામર નૃત્ય કરવું... પંખો ઢાળવો. અરીસામાં પ્રભુજીનું દર્શન કરવું.
૧૮.અક્ષતપૂજા, નૈવેદ્યપૂજા અને ફળપૂજા ક્રમશઃ કરવી.
૧૯.નાદપૂજા રૂપે ઘંટનાદ કરવો.
૨૦.યથાસ્થાને અવસ્થાત્રિક ભાવવી.
૨૧.ત્રણ વાર ખેસથી ભૂમિનું 'પ્રમાર્જના' કરી... ત્રીજી નિસીહિ બોલી... ચૈત્યવંદન કરવું.
૨૨.દિશા ત્યાગ, આલંબન મુદ્રા અને પ્રણિધાન ત્રિકનું પાલન કરવું.
૨૩.ચૈત્યવંદન પૂરું કર્યા પછી 'પચ્ચક્ખાણ' લેવું.
૨૪.વિદાય થતાં સ્તુતિ બોલવી.
૨૫.અક્ષત... નૈવેદ્ય... ફળ... પાટલા.. પૂજાના ઉપકરણો યથાસ્થાને મૂકવા.
૨૬.છેલ્લે પ્રભુદર્શન તથા પૂજનથી થયેલા હર્ષને વ્યક્ત કરવા હળવેથી 'ઘંટે' લગાવવા
૨૭.પ્રભુજીને 'પૂંઠ' ન પડે તે રીતે જિનાલયની બહાર નીકળવું.
૨૮.ન્હવણ જળ લેવું.
૨૯.ઓટલે બેસી આંખો બંધ કરી ત્રણ નવકારનું સ્મરણ કરી હૃદયમાં ભક્તિભાવોને સ્થિર કરવા.
૩૦.આજે થયેલા સુકૃતના આનંદ સાથે અને પ્રભુ વિરહના દુઃખ સાથે ગૃહ તરફ વિદાય થવું.

## જિનાલયમાં ધ્યાન રાખવા લાયક સૂચનો

૧. પૂજા કરતી વખતે ભાઈઓએ ખેસ વડે જ આઠ પડવાળો મુખકોશ બાંધવો જોઈએ. રૂમાલ વાપરવો ઉચિત નથી. અષ્ટપડવાળો મુખકોશ બાંધ્યા વિના ગભારામાં પ્રવેશ કરી શકાય નહીં. ગભારામાં દુહા મોટેથી ન બોલતાં, મનમાં બોલવા જોઈએ.
૨. પૂજા કરવાનો હાથ પાણીથી ધોઈ, ધૂપથી ધૂપી, પવિત્ર કર્યા બાદ ગભારામાં ઉંબરે, શરીરે કપડે ન અડાડતાં સીધી પૂજા કરવાનો આગ્રહ રાખવો.
૩. પૂજા કરતી સમયે ઘડિયાળ પહેરવી ઉચિત નથી. હાથની આંગળીઓમાં વીંટી તથા શરીરે ઘરેણાં અવશ્ય પહેરવાં જોઈએ.
૪. પંચધાતુના પ્રભુજીને એક હાથથી ન પકડતાં બન્ને હાથથી બહુમાનપૂર્વક થાળીમાં લેવા જોઈએ.
૫. દૂધના પ્રક્ષાલની ધારા પ્રભુજીની મસ્તકશિખાએથી કરવી, નવાંગી પૂજાની જેમ ૧-૧ અંગ પર કરવાની વિધિ નથી.
૬. પ્રભુજીના અંગલૂંછણા સુવાળાં... સ્વચ્છ હોવા જોઈએ.
૭. પૂજાનો ક્રમ.. આ પ્રમાણે છે : પહેલાં મૂળનાયકજી પછી, (૨) બીજા ભગવાન તથા સિદ્ધચક્રજીનો ગટ્ટો પછી (૩) ગુરુમૂર્તિ. અને છેલ્લે દેવ-દેવીઓને કપાળે જમણા અંગૂઠાથી બહુમાન રૂપે એક જ તિલક કરવું.

૮. પૂજા કરતાં પ્રભુજીને નખ ન અડે અને નખને કેસર ન અડે તથા પૂજા કર્યા બાદ કેસર નખમાં ન રહી જાય તેનું ખાસ ધ્યાન રાખવું.

૯. ભગવાનના જમણા અંગૂઠે સકળ સંઘવતી માત્ર એક તિલક કરી શકાય. નવ અંગ સિવાય પ્રભુજીની હથેળીમાં, લાંછનમાં કે પરિકરમાં રહેલ હાથી-ઘોડા-વાઘની પૂજા કરવાની વિધિ નથી.

૧૦. પૂજા કરવાની આંગળી કે હથેળી સિવાયનું કોઈ પણ અંગ કે પૂજાનાં કપડાંનો પ્રભુજીને સ્પર્શ થવો ઉચિત નથી. પ્રભુજીના ખોળામાં માથું મુકાય કે અડાય નહીં.

૧૧. પાર્શ્વનાથ ભગવાનની ફણા નવ અંગમાં ગણાતી નથી. એથી ફણા પૂજાની આવશ્યકતા નથી. તેમ છતાં ભાવના હોય તો અનામિકા આંગળીથી પૂજા કરી શકાય.

૧૨. પ્રભુજીની પૂજામાં સારા, સુગંધવાળા, તાજાં, જમીન પર નહીં પડેલા, અખંડ પુષ્પો જ ચઢાવવા. પુષ્પની પાંદડીઓ છૂટી કરાય નહીં કે પુષ્પો વીંધાય નહીં. પુષ્પો પાણીથી ધોવા નહીં.

૧૩. દેવ-દેવીઓને અંગૂઠાથી બહુમાનપૂર્વક કપાળે એક તિલક જ કરવાનું હોય છે.

૧૪. અષ્ટમંગલની પાટલી માંગલિકરૂપે પ્રભુ સન્મુખ સ્વસ્તિકની જેમ આલેખવી. તેની કેસરથી પૂજા કરવી નહીં.

૧૫. અક્ષતપૂજામાં ચોખાની સિદ્ધશિલાની ઢગલી, ત્યારબાદ દર્શન-જ્ઞાન-ચારિત્રની ઢગલી અને છેલ્લે સાથિયાની ઢગલી કરવી. આલંબન કરવામાં પહેલાં સાથિયો અને છેલ્લે સિદ્ધશિલા કરવી.

૧૬. નૈવેદ્યપૂજામાં પીપરમેંટ-ચોકલેટ બજારની મીઠાઈ કે અભક્ષ્ય મૂકવી ઉચિત નથી.

**✤ જીરાવલી સંસ્કારકુંજ ✤**

## શ્રી નવકાર મહામંત્ર

**નમો અરિહંતાણં**
**નમો સિદ્ધાણં**
**નમો આયરિયાણં**
**નમો ઉવજ્ઝાયાણં**
**નમો લોએ સવ્વસાહુણં**
**એસો પંચ નમુક્કારો**
**સવ્વ પાવપ્પણાસણો**
**મંગલાણં ચ સવ્વેસિં,**
**પઢમં હવઈ મંગલં.**

ભાવાર્થ : આ મંત્ર દ્વારા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એમ પાંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર થાય છે. નવકાર મંત્રમાં ચૌદ પૂર્વનો સાર સમાયેલો છે. નવકાર મંત્ર વિશે અમરકુમારનું દૃષ્ટાંત વાર્તા વિભાગમાં આપેલ છે.

### પ્રભુ પ્રાર્થના

**હે પ્રભુ ! આનંદદાતા, જ્ઞાન હમકો દીજીયે, શીઘ્રસારે અવગુણો કો, દુર હમસે કીજીયે, લીજીયે હમકો શરણ મેં, હમ સદાચારી બને, બ્રહ્મચારી ધર્મરક્ષક, વીરવ્રતધારી બને.**

## ગુરૂવંદન વિધિ અને સૂત્ર

પ્રભુદર્શન કરી ઉપાશ્રયમાં ગુરૂ મહારાજને વંદન કરવા જવું. ઉપાશ્રયમાં પ્રવેશ કરતી વખતે 'મત્થએણ વંદામિ' બોલી પ્રવેશ કરવો. તેમને વિધિપૂર્વક વંદન કરવા જોઈએ. પહેલાં બે ખમાસમણ આપવા.

### ખમાસમણ (પંચાંગ પ્રણિપાત) સૂત્ર



**ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં, જાવણિજ્જાએ,**

**નિસીહિઆએ, મત્થએણ વંદામિ,**

ભાવાર્થ : આ સૂત્રથી દેવ અને ગૂરૂ ભગવંતોને વંદન કરવામાં આવે છે.

વિધિ : ત્યાર પછી ઉભા થઇ બે હાથ જોડી અડર્ધુ અંગ નમાવી ઇચ્છકાર સૂત્ર બોલવું.

### ઇચ્છકાર સૂત્ર



**ઇચ્છકાર, સુહરાઇ, સુખતપ, શરીર નિરાબાધ,**

**સુખસંયમ- યાત્રા નિર્વહો છો જી, સ્વામી! શાતા છે જી ?**

**મત્થએણ વંદામિ.**

ભાવાર્થ : આ સૂત્ર દ્વારા ગુરૂભગવતંને સુખશાતા પૂછવામાં આવે છે.

(નોંધ : સવારના ૧૨.૦૦ વાગ્યા પહેલાં 'સુહરાઈ' બોલવું. બપોરે ૧૨.૦૦ વાગ્યા પછી 'સુહદેવસિ' બોલવું. પછી પદવીધારી સાધુ ભગવંત હોય તો તેમને ૧ ખમાસમણ આપવું. )

વિધિ : ત્યાર પછી અબ્ભુઠ્ઠિઓ સૂત્ર બોલવું.

### અબ્ભુઠ્ઠિઓ સૂત્ર

**ઈચ્છાકારણ સંદિસહ ભગવન ! અબ્ભુઠ્ઠિઓમિ અબ્ભિંતર રાઈઅં ખામેઉં (ગુરુ કહે : 'ખામેહ') પછી ઈચ્છં, ખામેમિ રાઈઅં,**



**જંકિંચિ અપત્તિઅં, પરપત્તિઅં, ભત્તે, પાણે, વિણએ, વેઆવચ્ચે, આલાવે, સંલાવે, ઉચ્ચાસણે, સમાસણે, અંતરભાસાએ, ઉવરિ ભાસાએ, જંકિંચિં મજઝ વિણય પરિહીણં, સુહુમં વા બાયરં વા, તુબ્ભે જાણહ, અહં ન જાણામિ, તસ્સ મિચ્છા મિ દુક્કડમ્.**

ભાવાર્થ : આ સૂત્ર દ્વારા ગુરૂ મહારાજને આપણાથી થયેલ અવિનય અપરાધ ખમાવવામાં આવે છે.

વિધિ : ત્યાર પછી એક ખમાસમણ આપી ગુરૂ ભગવંતને સુખશાતા પૂછી ગોચરી માટે વિનંતિ કરવી.

## સામાન્ય જ્ઞાન : પ્રશ્નોતરી

૧. તમે કોણ છો ? **જૈન**

૨. જૈન કોને કહેવાય ? **અરિહંત ભગવાનની આજ્ઞા પાળે તેને.**

૩. જૈનોનો મંત્ર કયો ? **નવકાર મંત્ર.**

૪. નવકાર મંત્રના પદ કેટલા? **૯**

૫. નવકારમંત્ર ના અક્ષર કેટલા? **૬૭**

૬. નવકાર મંત્રમાં કોને નમસ્કાર કરવામાં આવે છે? **અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોને.**

૭. અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પાંચને શું કહેવાય? **પંચ પરમેષ્ઠી**

૮. પંચ પરમેષ્ઠીમાં દેવ કેટલા? ક્યા ક્યા? **બે. અરિહંત અને સિદ્ધ.**

૯. પંચ પરમેષ્ઠીમાં ગુરૂ કેટલા? ક્યા ક્યા? **ત્રણ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ**

૧૦. નવકાર મંત્ર ગણવાથી શું લાભ થાય? **સર્વ દુઃખો, આપત્તિઓ, પાપોનો નાશ થાય અને દરેક કાર્યો સિધ્ધ થાય.**

૧૧. સવારનાં ઉઠતાં અને રાત્રે સૂતા કેટલા નવકાર ગણાય ? **૧૨**

૧૧. નવકાર મંત્રનું ધ્યાન ધરતાં શૂળીમાંથી સિંહાસન કોનું બન્યું? **અમરકુમારનું**

૧૨. પંચ પરમેષ્ઠીઓના ગુણ કેટલા અને વર્ણ ક્યો?

| | ગુણ | વર્ણ |
|---|---|---|
| **અરિહંત** | **૧૨** | **સફેદ** |
| **સિધ્ધ** | **૮** | **લાલ** |
| **આચાર્ય** | **૩૬** | **પીળો** |
| **ઉપાધ્યાય** | **૨૫** | **લીલો** |
| **સાધુ** | **૨૭** | **કાળો** |

૧૩. નવકારવાળીના મણકા કેટલા? **૧૦૮.**

૧૪. ૧૦૮ મણકા શા માટે? **પંચપરમેષ્ઠીના કુલ ગુણ ૧૦૮ છે માટે.**

૧૫. સાધુ ભગવંત કોને કહેવાય? **પાંચ મહાવ્રત પાળનારને.**

૧૬. પાંચ મહાવ્રત ક્યા? **અહિંસા, સત્ય, અચોર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ**

૧૭. ગુરૂ મહારાજ જ્યાં રહે તેને શું કહેવાય? **ઉપાશ્રય**

૧૮. ગુરૂ મહારાજ હંમેશા શું સાથે રાખે? **ઓઘો અને મુહપત્તિ.**

૧૯. ગુરૂ મહારાજને જોતાં શું કહેવાય? **મત્થએણ વંદામિ**

૨૦. ગુરૂ મહારાજ ખાવાનું લેવા જાય તેને શું કહેવાય? **ગોચરી વહોરાવવા પધારે છે.**

૨૧. ગુરૂ મહારાજ કપડાં ધોવે તેને શું કહેવાય? **કાપ કાઢે છે.**

૨૨. ગુરૂ મહારાજ જમવા બેસે તેને શું કહેવાય? **વાપરવા બેઠા છે.**

૨૩. ગુરૂ મહારાજના વાસણને શું કહેવાય ? **પાતરા (પાત્રા)**

૨૪. ગુરૂ મહારાજના લાકડાના પલંગને શું કહેવાય? **પાટ**

૨૫. ગુરૂ મહારાજ એક ગામથી બીજે ગામ જાય તેને શું કહેવાય? **વિહાર**

૨૬. ગુરૂ મહારાજ કચરો સાફ કરીને બેસે તેને શું કહેવાય ? **પૂંજીને**

૨૭. ગુરૂ મહારાજને કેમ છે એ કઈ રીતે પૂછાય? **સુખશાતામાં છો.**

૨૮. ગુરૂ મહારાજ શું જોઈએ છે એ કઈ રીતે પૂછાય? **કાંઈ ખપ હોય તો લાભ આપો.**

૨૯. ગુરૂ મહારાજ મોઢા આગળ રૂમાલ રાખે તેને શું કહેવાય? **મુહપત્તિ**

૩૦. ગુરૂ મહારાજને વંદન કરતાં કોને નરકનું પાપ ઓછું થયું ? **કૃષ્ણ મહારાજા**

# અષ્ટપ્રકારી પૂજા-દેવવંદન વિધિ

સવારે પરમાત્માની પૂજા કરવા જતાં નાહીને શુદ્ધ, સ્વચ્છ,મર્યાદાવાળા કપડાં પહેરી જવું દેરાસરનાં શિખરે ધજા દેખાતાં 'નમો જિણાણં' બોલવું પછી દેરાસરના કંપાઉન્ડમાં દાખલ થતાં સંસારિક વિચારો છોડી ફક્ત પરમાત્મા દર્શન વિચારનું રટણ કરવું. તે માટે'નિસીહિ' શબ્દ બોલવો. પછી ફક્ત જિનમંદિર સંબંધી વાતો અને વિચાર કરી શકાય.પ્રભુજીની આજ્ઞા માથે ચડાવવા પુરૂષોએ કેસરથી દીપશીખા જેવો અને સ્ત્રીઓ ગોળ ચાંદલો કરવો. ગંભારાના મુખ્ય દરવાજે આવતા દેરાસર સંબંધી વિચારો છોડતાં બીજીવાર 'નિસીહિ'શબ્દ બોલવો. પછી પરમાત્માના મુખનું દર્શન થતાં હાથ જોડી અડધું અંગ નમાવી 'નમો જિણાણં 'શબ્દ બોલવો. પછી પુરૂષોએ પરમાત્માની જમણી બાજુ અને સ્ત્રીઓએ પરમાત્માની ડાબી બાજુ ઉભા રહી પ્રભુજીના ગુણગાન કરવા ભાવપૂર્વક સ્તુતિ બોલવી.

## પ્રભુ સ્તુતિ

૧. દર્શનં દેવ દેવસ્ય, દર્શનં પાપનાશનં,
દર્શનં સ્વર્ગ-સોપાનં, દર્શનં મોક્ષ સાધનમ્.

૨. પ્રભુજી માહરા પ્રેમથી નમું, મૂર્તિ તાહરી જોઈને ઠરું,
અરરા ઓ પ્રભુ પાપ મેં કર્યા, શું થશે હવે માહરી દશા.
માટે ઓ પ્રભુ તમને વિનવું, તારજો મને પ્રભુજીને સ્તવું.
દીનાનાથજી દુઃખ કાપજો, ભવિક જીવને સુખ આપજો,
પાર્શ્વનાથજી સ્વામી મહારા, ગુણ ગાઉં છું નિત્ય તાહરા.

૩. હું ધન્ય છું પુન્યશાળી છું, મુજ મનુષ્ય જન્મ સફળ થયું;
ત્રણ લોકનાથ મળ્યા મને, સદ્‌ભાગ્ય મુજ ઉઘડી ગયું.
મુજ ધન્ય દિન પાવન પ્રહર, ઘડી પળ પવિત્ર છે આજનાં;
ત્રણ જગતનાં ઉદ્ધાર કર, જિન પામ્યો દર્શન આપનાં.
ઈષ્ટપ્રદ ચિંતામણિ, કલ્પવૃક્ષ ધેનુ ઘટાદિકા;
મળ્યા સકળ તુજ દર્શન થતાં, ગુણવાર્દ્ધિ દેવ દેવાધિકા, ગુણવાર્દ્ધિ સર્વ દેવાધિકા.

વિધિ : પછી પરમાત્માની જમણી બાજુથી જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિ માટે ત્રણ પ્રદક્ષિણા દેવી. પછી મોઢા અને નાક ઉપર આઠ પડવાળો મુખકોશ (રૂમાલ) બાંધી કળશમાં દૂધ લઈ પરમાત્માના મસ્તકેથી અભિષેક કરવો.

### પ્રક્ષાલ પૂજાનો દુહો

મેરૂશિખર ન્હવરાવે, હો સુરપતિ મેરૂશિખર નવરાવે,
જન્મકાળ જિનવરજીકો જાણી, પંચરૂપ કરી ભાવે હો.. સુર.. ૧
રત્ન પ્રમુખ અડજાતિના કળશા, ઔષધિ ચૂરણ મિલાવે,
ક્ષીરસમુદ્ર તીર્થોદક આણી, સ્નાત્ર કરી ગુણ ગાવે. હો.. સુર.. ૨
એણિ પરે જિન પ્રતિમાકો ન્હવણ કરી, બોધિબીજ વડ વાવે,
અનુક્રમે ગુણરત્નાકર ફરસી, જિન ઉત્તમ પદ પાવે. હો સુર.. ૩

વિધિ : પછી કળશમાં શુધ્ધ જળ લઈ પરમાત્માને અભિષેક કરવો.

### જળ પૂજાનો દુહો

**જલ પૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ, જલ પૂજા ફળ મુજ હજો, માંગો એમ પ્રભુ પાસ.**
**જ્ઞાન-કળશ ભરી આતમા, સમતારસ ભરપૂર, શ્રી જિનને નવરાવતાં, કર્મ હોયે ચક ચૂર.**

વિધિ : પછી પરમાત્માને સાવધાનીપૂર્વક, હળવે હળવે અલગ અલગ ત્રણ અંગલૂછણા કરવા. પછી પરમાત્માના શરીર ઉપર બરાસનું વિલેપન કરી, વરખ લગાવી સુશોભિત કર્યા પછી પરમાત્માના નવ અંગે ચંદનપૂજા કરવી.

### નવાંગી પૂજાના સંક્ષિપ્ત દુહા

**જિન ચરણાંગૂઠ પૂજીએ, પૂજીએ જાનુ હાથ; નાભિ હૃદય ખંધ કંઠ ભાલ, શિર (શિખા) પૂજો શિવ સાથ.**
**જિન નવ અંગની પૂજના, ઋદ્ધિ સિદ્દિ કરનાર; ગૌતમ નીતિ 'ગુણ' કહે, સ્વર્ગ મોક્ષ દેનાર.**

નવાંગી પૂજાનો ક્રમ : ૧) પ્રભુજીના જમણા પગનો અંગૂઠો અને ડાબા પગનો અંગૂઠો. (૨) પ્રભુજીના જમણા પગનો ઢીંચણ અને ડાબા પગનો ઢીંચણ. ૩) પ્રભુજીના જમણા હાથનું કાંડુ અને ડાબા હાથનું કાંડુ. (૪) નાભિ. ૫) હૃદય. ૬) જમણો ખભો અને ડાબો ખભો. ૭) કંઠ (ગળું) ૮) કપાળ (લલાટ) ૯) મસ્તક.

વિધિ : ત્યાર પછી સુગંધી.શુધ્ધ, તાજા, અખંડ પુષ્પો કે ફૂલની માળા પ્રભુજીને ચડાવવી. પુષ્પપૂજા સંબંધી કુમારપાળ રાજાનું દષ્ટાંત વાર્તા વિભાગમાં છે.

### પુષ્પ પુજાનો દુહો



સુરભિ અખંડ કુસુમ ગ્રહિ, પૂજો ગતસંતાપ,
સુમનજંતુ ભવ્ય જ પરે, કરીયે સમકિત છાપ,
પાંચ કોડીને ફૂલડે, પામ્યા દેશ અઢાર,
રાજા કુમારપાળનો, વર્ત્યો જય જયકાર.

વિધિ : દરેક ભગવાનને પૂજા કર્યા પછી, સિદ્ધચક્રના યંત્રને પછી ગુરૂ મહારાજની પ્રતિમા હોય તો તેને પૂજા કરી અને છેલ્લે અધિષ્ઠાયક દેવ દેવીઓને અંગૂઠાથી મસ્તકે તિલક કરી થાળી-વાટકી જ્યાંથી લીધા હોય ત્યાં ધોઈ-સ્વચ્છ કરી પાછા મૂકવા, પછી ગંભારાની બહારથી ધૂપપૂજા કરવી.

### ધૂપ પૂજાનો દુહો



ધ્યાનઘટા પ્રગટાવીયે, વામનયન જિન ધૂપ,
મિચ્છિત્ત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મ-સ્વરૂપ.
અમે ધૂપની પૂજા કરીએ રે, ઓ મન માન્યા મોહનજી,
પ્રભુ ધૂપઘટા અનુસરીયે રે, ઓ મન માન્યા મોહનજી,
પ્રભુ નહિ કોઈ તમારે તોલે રે, ઓ મન માન્યા મોહનજી.
પ્રભુ અંતે છે શરણ તમારૂં રે, ઓ મન માન્યા મોહનજી.
વિધિ : પછી દીપક પૂજા કરવી.



### દીપક પૂજાનો દુહો

દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક,
ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક.

વિધિ : પછી ચામર લઈ નૃત્ય કરવું અને દર્પણમાં પ્રભુનું મુખ જોઈ ત્યાર પછી વીંઝણો પછી વીંઝવો. પછી પાટલા ઉપર ચોખાથી અક્ષત પૂજા કરવી. પહેલાં એક ઉપર પછી ત્રણ વચ્ચે અને પછી એક નીચે ચોખાથી ઢગલી કરવી. પછી ઉપર સિધ્ધશિલા વચ્ચે ત્રણ ઢગલી અને નીચે સાથિયો કરવો.

### અક્ષત પૂજાનો દુહો

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહિ, નંદાવર્ત વિશાલ, પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાલ,

(સાથીઓ કરતી વખતે ભાવવાના દૂહા)



અક્ષત પૂજા કરતાં થકાં, સફળ કરૂં અવતાર,
ફળ માગું પ્રભુ આગળે, તાર તાર મુજ તાર. ૧
સંસારિક ફલ માંગીને, રઝડ્યો બહુ સંસાર.
અષ્ટ કર્મ નિવારવા, માંગુ મોક્ષફળ સાર. ૨
ચિહુંગતિ ભ્રમણ સંસારમાં, જન્મ મરણ જંજાળ,
પંચમગતિ વિણ જીવને, સુખ નહિ ત્રિહું કાલ. ૩
દર્શન-જ્ઞાન-ચારિત્રનાં, આરાધનથી સાર,
સિદ્ધિશિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર. ૪

વિધિ : પછી સ્વસ્તિક ઉપર ઉત્તમ મીઠાઈ (પેંડા, બરફી, મોહનથાળ, લાડુ વગેરે) અથવા પતાસા કે ખડી સાકર મૂકી નૈવેદ્ય પૂજા કરવી. પીપર, ચોકલેટ મુકાય નહીં.



### નૈવેદ્ય પૂજાનો દુહો

અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઈઅ અનંત,
દૂર કરી તે દીજિએ, અણાહારી શિવ સંત,

વિધિ : પછી સિધ્ધશિલા ઉપર ઉત્તમ પ્રકારના ફળ (શ્રીફળ, સફરજન, સંતરા વગેરે) કે બદામ મૂકી ફળ પૂજા કરવી.



### ફળ પૂજાનો દુહો

ઈન્દ્રાદિક પૂજા ભણી, ફલ લાવે ધરી રાગ,
પુરુષોત્તમ પૂજી કરી, માગે શિવફલ ત્યાગ.

### ચામર પૂજાનો દુહો



બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ ઉલાળે,
જઈ મેરૂ ધરી ઉત્સંગે, ઈન્દ્ર ચોસઠ મળીયા રંગે,
પ્રભુ પાસનું મુખડું જોવા, ભવોભવનાં પાતિક ખોવા.

### દર્પણ પૂજાનો દુહો



પ્રભુ દર્શન કરવા ભણી, દર્પણ પૂજા વિશાલ,
આત્મ દર્શનથી જુએ, દર્શન હોય તત્કાલ.

## આરતી

જય જય આરતી આદિ જિણંદા, નાભિરાયા મરુદેવીકો નંદા,
પહેલી આરતી પૂજા કીજે, નરભવ પામીને લહાવો લીજે.
દૂસરી આરતી દીન દયાળા, ધૂલેવા મંડપમાં જગ અજવાળા,
તીસરી આરતી ત્રિભુવન દેવા, સૂર નર ઇંદ્ર કરે તોરી સેવા,
ચોથી આરતી ચઉગતિ ચૂરે, મનવાંછિત ફળ શિવસુખ પૂરે,
પંચમી આરતી પુન્ય ઉપાયા, મૂળચંદે ઋષભગુણ ગાયા. જય૦

## મંગળદીવો

દીવો રે દીવો પ્રભુ માંગલિક દીવો, આરતી ઉતારણ બહુ ચિરંજીવો,
સોહામણું ઘેર પર્વ દિવાળી, અંબર ખેલે અમરા બાળી,
દિપાળ ભણે એણે કુલ અજુવાળી, ભાવે ભક્તે વિઘ્ન નિવારી,
દિપાળ ભણે એણે એ કલિકાળે, આરતી ઉતારી રાજા કુમારપાળે,
અમ ઘેર મંગલિક, તુમ ઘેર મંગલિક, મંગલિક ચતુર્વિધ સંઘને હોજો.

વિધિ : પછી ત્રીજીવાર નિસીહિ બોલી વિધિપૂર્વક ચૈત્યવંદન કરવું. ઉત્તરાસંગ (ખેસન) ના છેડાથી કે રૂમાલથી જમીનને ત્રણવાર પૂંજીને એક ખમાસમણ આપવું. પછી ઇરિયાવહિયં, તસ્સઉત્તરી, અન્નત્થ બોલી એક લોગસ્સનો કાઉસગ્ગ કરી પ્રગટ લોગસ્સ બોલી ત્રણ ખમાસમણ દેવા પછી જમણો પગ જમીન ઉપર અને ડાબો ઢીંચણ ઊંચો રાખી બંને હાથની આંગળી એકબીજામાં પરોવી બેસવું. આને યોગમુદ્રા પણ કહે છે.

પછી 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ! ચૈત્યવંદન કરૂંજી !' 'ઇચ્છં' બોલી પ્રથમ અશોકવૃક્ષ : કહી ચૈત્યવંદન બોલવું.



## અશોકવૃક્ષ : સૂત્ર

અશોકવૃક્ષ : સુરપુષ્પવૃષ્ટિ-ર્દિવ્યધ્વનિશ્ચામરમાસનં ચ,
ભામંડલં દુંદુભિરાતપત્રં, સત્પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણામ્
ભાવાર્થ : આ સૂત્રમાં પ્રભુજી સમવરસણમાં બિરાજે ત્યારે આઠ પ્રાતિહાર્યો તેમની સાથે હોય તે બતાવ્યા છે.

## ચૈત્યવંદન

આદીશ્વર અષ્ટાપદે, આબુ સિદ્ધગિરિ સાર; અજિતનાથ તારણગિરિ, નમું નેમ ગિરનાર.
વૈભારગિરિ પાવાપુરી, સત્યપુરી મહાવીર; ચોવીશ જિન અષ્ટાપદે, પ્રણમું પલપલ ધીર.
વીશ સમેતશિખર પ્રભુ, ભોયણી મલ્લિનાથ; જીરાવલ્લા શંખેશ્વરા, પ્રણમું પારસનાથ.
સવિ જિન તીરથ મૂરતિ, પ્રણમું અરિહંત સિદ્ધ;
ગૌતમ નીતિ 'ગુણ' કહે, ભવી નમી પામો શિવરિદ્ધ.

ભાવાર્થ : આમાં મુખ્ય તીર્થોને વંદન કરવા દ્વારા ચૈત્યવંદન કરવામાં આવે છે.
વિધિ : પછી જંકિંચિ, નમોત્થુણં, જાવંતિ, જાવંત કેવિ સાહુ વગેરે સૂત્રો બોલવા.

## જં કિં ચિ (તીર્થવંદન) સૂત્ર

**જં કિં ચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ તિરિય લોએમિ; જાઈં જિણ બિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ.**

ભાવાર્થ : આ સૂત્રથી સ્વર્ગ, પાતાળ અને મનુષ્ય લોકમાં રહેલા સર્વ જિન પ્રતિમાઓને વંદન કરાય છે.

## નમોત્થુણં (શક્રસ્તવ) સૂત્ર

**નમોત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, આઇગરાણં, તિત્થયારણં, સયંસંબુદ્ધાણં પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુડરીઆણં, પુરિસવરગંધહત્થીણં લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં, અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવર ચાઉરંતચક્કવટ્ટીણં. અપ્પડિહયવરનાણ-દંસણધરાણં, વિઅટ્ટછઉમાણં. જિણાણં-જાવયાણં, તિન્નાણં-તારયાણં, બુદ્ધાણં-બોહયાણં, મુત્તાણં-મોઅગાણં. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ-મરુઅમણંત-મક્ખય-મવ્વાબાહમપુણરાવિત્તિ, સિદ્ધિગઈનામધેયં ઠાણં સંપત્તાણં, નમોજિણાણં જિઅભયાણં**

ભાવાર્થ : આ સૂત્રથી અરિહંત સિદ્ધિગતિ પામેલા સર્વ જિનેશ્વર ભગવંતોને અને થઇ ગયેલા, થનારા અને વિદ્યમાન અરિહંત ભગવંતોને તેમના ગુણગાન પૂર્વક વંદન કરાય છે.

## જાવંતિ ચેઈયાઈં (સર્વ ચૈત્યવંદન) સૂત્ર

**જાવંતિ ચેઈયાઇં, ઉડ્ઢે અ અહે અ તિરિ અ લોએ અ;**
***સવ્વાઈં તાઈં વંદે, ઈંહ સંતો તત્થ સંતાઈં***

ભાવાર્થ : સ્વર્ગ, પાતાળ અને મનુષ્ય લોકમાં રહેલા સર્વ જિનચૈત્યોને વંદન કરવામાં આવે છે.

## જાવંતિ કેવિ સાહૂ (સર્વ સાધુ વંદન) સૂત્ર

**જાવંત કેવિ સાહૂ, ભરહેરવય મહાવિદેહે અ ;**
**સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં.**

ભાવાર્થ : આ સૂત્રથી ભરત, ઐરાવત, મહાવિદેહમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને વંદન કરવામાં આવે છે.

વિધિ : ત્યારપછી **'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! સ્તવન ભણું ! 'ઈચ્છં'** એમ કહી એક નવકાર ગણી એક અથવા વધુ સ્તવનો બોલવા.

## વીરજિન સ્તવન

## (રાગઃ ઘર આયા મેરા પરદેશી – એ દેશી)

**વીરપ્રભુ તુજ દર્શનથી, પાપ ગયા મુજ આતમથી,**
**પુણ્ય પરિણતિ જો જાગી, જગપતિ જિન તુજ લય લાગી;**
**દૂર ન કર પ્રભુ તન મનથી. વીર પ્રભુ૦ ૧**

ગૂણસમૂહથી તું ભરીઓ, હું છું અવગુણનો દરિયો;
દોષ ટાળ મુજ આતમથી. વીર પ્રભુ૦ ૨
તું પ્રભુ જગનો તારક છે, આ જન તારો બાળક છે;
સેવકને જો કરૂણાથી. વીર પ્રભુ૦ ૩
તું શું મુજને નહિ તારે, હું છું શું તુજને ભારે;
જસ લેને શિવ દઈ જગથી, વીર પ્રભુ૦ ૪
ગૌતમ નીતિ ગુણ બોલે, દાની નહિ કોઈ તુજ તોલે;
કર પ્રસન્ન દઈ શિવવરથી વીર પ્રભુ૦ ૫

વિધિ : સ્તવન બોલ્યા પછી ઉવસગ્ગહરં સ્તોત્ર બોલવું.

## ઉવસગ્ગહરં (ઉપસર્ગહર) સ્તોત્ર

**ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં ; વિસહરવિસનિન્નાસં, મંગલકલ્લાણ આવાસં, વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ; તસ્સ ગહ રોગમારી, દુઠ્ઠજરા જંતિ ઉવસામં. ચિઠ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામોવિ બહુફલો હોઈ ; નરતિરિએસુવિ જીવા, પાવંતિ ન દુક્ખ દોહગ્ગં. તુહ સમ્મતે લદ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ; પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ઈઅ સંથુઓ મહાયસ! ભત્તિભરનિબ્ભરેણ હિયએણ; તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસજિણચંદ**

ભાવાર્થ : સર્વ વિઘ્નોને હરનારા આ સૂત્રમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનને સ્તવવા દ્વારા સમકિત માંગવામાં આવ્યું છે. આ સ્તોત્રની રચનાનું શ્રી ભદ્રબાહુસ્વામીનું દષ્ટાંત વાર્તા વિભાગમાં છે.

વિધિ : પછી બે હાથ જોડી લલાટે લગાડી (મુક્તાશક્તિ મુદ્રા) જય વીયરાય સૂત્ર બોલવું.

## જય વીયરાય (પ્રણિધાન સૂત્ર)

**જય વીયરાય ! જગગુરુ ! હોઉ મમ તુહ પ્પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગાણુ-સારિયા ઇઠ્ઠફલ સિદ્ધિ
લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ;
સુહગુરુજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા.
વારિજ્જઈ જઈવિ નિઆણ-બંધણં વીઅરાય ! તુહ સમએ;
તહ વિ મમ હુજ્જ સેવા, ભવેભવે તુમ્હ ચલણાણં.
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ,
સંપજ્જઉ મહ એ અં, તુહ નાહ ! પણામ કરણેણં.
સર્વ મંગલમાંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્,
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.**

(નોંધઃ અહીં 'આભવમખંડા'સુધી લલાટે હાથ રાખવા પછી હાથ નીચે જોડીને રાખવા.)

ભાવાર્થ : આ સૂત્રથી ભગવાન પાસે મોક્ષ પમાડનારી ભવનિર્વેદ આદિ ૧૩

માંગણીઓ કરાય છે.

વિધિ : પછી ઉભા થઈ "સવ્વલોએ અરિહંત" ચેઈયાણં સૂત્ર બોલવું.

## સવ્વલોએ અરિહંત ચેઈયાણં (ચૈત્યસ્તવ) સૂત્ર

સવ્વલોએ અરિહંતચેઈઆણં કરેમિ કાઉસ્સગ્ગં. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવતિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરુવસગ્ગવત્તિઆએ, સદ્ધાએ, મેહાએ, ધીઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.

ભાવાર્થ : આ સૂત્રથી ત્રણે લોકના અરિહંત ચૈત્યોને વંદન આદિ કરવા નિમિત્તે કાયોત્સર્ગ કરવાનું કહેવામાં આવે છે.

વિધિ : પછી અન્નત્થ સૂત્ર બોલવું.

## અન્નત્થ (કાયોત્સર્ગ) સૂત્ર

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિએ, પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં એવમાઈ એહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ, હુજજ મે કાઉસગ્ગો જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ.

ભાવાર્થ : આ સૂત્રથી કુદરતી શ્વાસોચ્છવાસ આદિ ક્રિયાઓથી કાઉસગ્ગ અભંગ અને વિરાધિત થાય નહીં તેવી સમજ સાથે આગારોપૂર્વક કાઉસગ્ગ કરાય છે.

વિધિ : પછી એક નવકારનો કાઉસગ્ગ કરી પ્રગટ નવકાર કરી થોય કહેવી.

## થોય

કલ્યાણકંદં પઢમં જિણિંદં, સંતિ તઓ નેમિજિણં મુણિંદં
પાસં પયાસં સુગુણિક્કઠાણં, ભતીઇ વંદે સિરિવદ્ધમાણં

આવ્યો શરણે તમારા જિનવર ! કરજો આશ પૂરી અમારી
નાવ્યો ભવપાર મ્હારો તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી
ગાયો જિનરાજ ! આજે હરખ અધિક થી પરમ આનંદકારી
પાયો તુમ દર્શનાસે ભવભય ભ્રમણાં, નાથ ! સર્વે અમારી

ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગુ છું દેવાધિદેવા
સામુ જુઓને સેવક જાણી, એવી ઉદયરત્નની વાણી,

જિને ભક્તિ જિને ભક્તિ, જિને ભક્તિ દિને દિને
સદા મેડસ્તુ સદા મેડસ્તુ સદા મેડસ્તુ ભવેભવે
ઉપસર્ગા : ક્ષયં યાન્તિ, છિધન્તે વિઘ્નવલ્લય :
મન : પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે,
સર્વ મંગલ માંગલ્યમ્, સર્વ કલ્યાણ કારણમ્ :
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જંયતિ શાસનમ્

વિધિ : ત્યારપછી એક ખમાસમણ દઇ, ચોખા, નૈવેધ, ફળ અને પાટલો યોગ્ય જગ્યાએ મૂકી ઘંટનાદ કરતાં હર્ષ વ્યકત કરી પ્રભુજીને પૂંઠ ન આવે એ રીતે દેરાસરથી બહાર આવવું.

## સામાન્ય જ્ઞાન – પ્રશ્નોત્તરી

૧) દેરાસરની ધજા અને પ્રભુજીનું મુખ દેખાતા શું બોલવું/ "નમો જિણાણં"

૨) દેરાસરના કંપાઉન્ડમાં, ગંભારાના મુખ્ય દ્વાર પાસે અને ચૈત્યવંદન કરતાં પહેલાં શું બોલવું? **નિસીહિ**

૩) કપાળ ઉપર તિલક શા માટે કરવું? **ભગવાનની આજ્ઞા માથે ચડાવવા**

૪) તિલક કેવું કરવું ? **પુરુષોએ દીપશિખા જેવું અને સ્ત્રીઓએ ગોળ**

૫) પૂજાના મુખ્ય ભેદ કેટલા? ક્યા ક્યા? **બે (૧) દ્રવ્ય પૂજા (૨) ભાવ પૂજા**

૬) જલ–ચંદન–પુષ્પ–દીપક–અક્ષત–ફળ–નૈવેધ વગેરે કઇ પૂજા ? **દ્રવ્ય પૂજા**

૭) ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવન આદિ કઇ પૂજા ? **ભાવપૂજા**

૮) અષ્ટપ્રકારી પૂજાના નામ ક્રમસર

**૧) જલ ૨) ચંદન ૩) પુષ્પ ૪) ધૂપ ૫)દીપક ૬) અક્ષત ૭) નૈવેધ ૮) ફળ**

૯) દ્રવ્યપૂજાના ભેદ કેટલા? ક્યા ક્યા ? **બે, (૧) અંગપૂજા (૨) અગ્રપૂજા**

૧૦) જલ, ચંદન, પુષ્પ પૂજા એ કઇ પૂજા ? **અંગપૂજા**

૧૧) ધુપ, દીપક, અક્ષત, નૈવેધ, ફળ એ કઇ પૂજા ? **અગ્ર પૂજા**

૧૨) પ્રભુજીના અભિષેક વખતે દૂધ, દહીં, ઘી, સાકર,પાણીને શું કહેવાય? **પંચામૃત**

૧૩) પ્રભુજીને પાણીથી પ્રક્ષાલ કરીએ તે કઇ પૂજા? **જળપૂજા**

૧૪) કેસર, સુખડ, બરાસ વગેરેથી પૂજા કરીએ તે કઇ પૂજા? **ચંદનપૂજા**

૧૫) પ્રભુજીને સુગંધી, શુધ્ધ, અખંડ ફૂલોની માળા કે ફૂલો ચડાવવાને કઇ પૂજા? **પુષ્પપૂજા**

૧૬) પ્રભુજીની સામે ધૂપ પ્રગટાવી પૂજા કરીએ તે કઇ પૂજા? **ધૂપપૂજા**

૧૭) આત્મા ઉપર લાગેલા કર્મો બાળી મોક્ષ તરફ જવા કઇ પૂજા કરવી ? **ધૂપપૂજા**

૧૮) પ્રભુજીની સામે, આરતી, મંગળ દીવો, કે દીપક ધરવો તે કઇ પૂજા ? **દીપકપૂજા.**

૧૯) કર્મોરૂપી અંધકારને દૂર કરવા કઇ પૂજા કરાય? **દીપકપૂજા**

૨૦) શરીર અને મનની પીડા દૂર થાય અને મનની શાંતિ મળે માટે શું કરવું? **આરતી.**

૨૧) આપણું અને આખા જગતનું મંગળ થાય અને સુખ ઉપજે માટે શું કરવું? **મંગળદીવો**

૨૨) પ્રભુજીની સામે ચોખાથી સાથિયો કરી તે કઇ પૂજા? **અક્ષતપૂજા**

૨૩) ઉપર અર્ધચંદ્ર જેવો આકાર કરીએ તેને શું કહેવાય? **સિધ્ધશિલા**

૨૪) વચ્ચે ત્રણ ઢગલીને શું કહેવાય? **રત્નત્રયી**

૨૫) રત્નત્રયીના નામ ? **દર્શન, જ્ઞાન, ચારિત્ર.**

૨૬) સાથિયાના ચાર પાખડા શા માટે? ચાર ગતિમાંથી છુટવા માટે.

૨૭) ચાર ગતિ કઈ ? દેવ, મનુષ્ય, તિર્યંચ, નરક

૨૮) ચાર ગતિમાંથી છૂટીને ક્યાં જવાનું ? મોક્ષમાં.

૨૯) મીઠાઈ મૂકીને કઈ પૂજા કરાય? નૈવેધપૂજા

૩૦) નૈવેધ ક્યાં મૂકવાનું ? સ્વસ્તિક ઉપર

૩૧) સફરજન, બદામ, સંતરા મૂકીને કઈ પૂજા કરાય? ફળ પૂજા

૩૨) ફળ ક્યાં મૂકવાનું? સિધ્ધશિલા ઉપર

૩૩) અષ્ટપ્રકારી પૂજા શા માટે? આઠે કર્મનો નાશ કરવા.

૩૪) ચૈત્યવંદનના ક્રમસર ક્યા ક્યા સૂત્રો આવે ? ત્રણ ખમાસમણ, અશોકચક્ર, ચૈત્યવંદન, જંકિંચિ, નમોત્થુણં, જાવંતિ ચેઈઆઈ, જાવંત કેવિસાહુ, નવકાર, સ્તવન, ઉવસગ્ગહરં, જયવીયરાય, સવ્વલોએ અરિહંત ચેઈઆણં, અન્નત્થ, થોય, જે અઈઆ તિત્થયરા.

## ૧૪ સ્વપ્નનાં નામ

| | |
|---|---|
| ૧. હાથી | ૨. વૃષભ (બળદ) |
| ૩. સિંહ | ૪. લક્ષ્મીદેવી |
| ૫. ફૂલની માળા | ૬. ચંદ્ર |
| ૭. સૂર્ય | ૮. ધજા. |
| ૯ કળશ. | ૧૦. પદ્મસરોવર |
| ૧૧. સમુદ્ર | ૧૨. દેવવિમાન |
| ૧૩. રત્નનો ઢગલો | ૧૪. ધૂમાડા વગરનો અગ્નિ |

## સામાન્યજ્ઞાન

### ૬ પ્રકારના જીવોનાં નામ

| | |
|---|---|
| ૧. પૃથ્વીકાય-માટી વગેરે | ૨. અપકાય-પાણી |
| ૩. તેઉકાય-અગ્નિ | ૪. વાઉકાય-હવા, પવન વગેરે |
| ૫. વનસ્પતિકાય-બધી જાતની વનસ્પતિ | ૬. ત્રસકાય-હાલતા ચાલતા જીવો. |

### આઠ કર્મનાં નામ અને સામાન્ય સમજણ

**૧. જ્ઞાનાવરણીય કર્મ**

આ કર્મના ઉદયથી જીવ અજ્ઞાની બને છે. ઘણી મહેનત કરવા છતાં જ્ઞાન ચડતું નથી. જ્ઞાનીનો અવિનય કરવાથી, જ્ઞાનની આશાતના કરવાથી, એંઠા મુખે બોલવાથી કે બીજાની મશ્કરી કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

**૨. દર્શનાવરણીય કર્મ**

આ કર્મના ઉદયથી ઊંઘ આવે છે. જીવ, અંધ, બહેરો, બોબડો વગેરે ખામીવાળો બને છે. કોઈના આંખ, નાક, કાન, વગેરેનો છેદ કરવાથી દર્શનાવરણીય કર્મ બંધાય છે.

**૩. વેદનીયકર્મ**

શાતાવેદનીય કર્મના ઉદયથી શરીરનું આરોગ્ય અને સુખશાતા મળે છે. અશાતાવેદનીય કર્મના ઉદયથી રોગ અને પીડા મળે છે. જીવદયા પાળવાથી શાતા વેદનીય કહેવાય છે.જીવોને પીડા આપવાથી અશાતા વેદનીય કર્મ બંધાય છે.

**૪. મોહનીય કર્મ**

મોહનીય કર્મ ઉદયથી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અરુચિ પેદા થાય છે. તથા ક્રોધ, માન, માયા, લોભ વગેરે ખરાબ ભાવો પેદા થાય છે. બીજાને ધર્મમાં અંતરાય કરવાથી, નિંદા કરવાથી તથા ક્રોધ અભિમાન વગેરે કરવાથી મોહનીય કર્મ બંધાય છે.

**૫. આયુષ્ય કર્મ**

હિંસા, માંસાહાર, અભક્ષ્યભોજન વગેરેથી નરકનું આયુષ્ય બંધાય છે. જૂઠું બોલવાથી, માયા કરવાથી પશુનું આયુષ્ય બંધાય છે. જિનપૂજા, દાન વગેરે ધર્મ કરવાથી મનુષ્યનું આયુષ્ય બંધાય છે. ઊંચું શ્રાવક જીવન, સાધુજીવન વગેરે પાળવાથી દેવનું આયુષ્ય બંધાય છે.

**૬. નામકર્મ**

શુભનામ કર્મના ઉદયથી સારું શરીર, સારું રૂપ, સારો સ્વર વગેરે મળે. અશુભ નામકર્મના ઉદયથી ખરાબ શરીર, ખરાબ રૂપ, ખરાબ સ્વર વગેરે મળે. પરોપકાર, અનુમોદના વગેરેથી શુભ નામકર્મ બંધાય છે. બીજાને હેરાનગતિ, મશ્કરી વગેરે કરવાથી અશુભ નામકર્મ બંધાય છે.

**૭. ગોત્રકર્મ**

ઉચ્ચ ગોત્રકર્મના ઉદયથી ઊંચા જન્મ મળે છે. નીચ ગોત્ર કર્મના ઉદયથી હલકા કુળમાં જન્મ મળે છે. ગુણપ્રશંસા, સ્નેહભાવ, સહાયકભાવ વગેરેથી ઉચ્ચગોત્રકર્મનો બંધ થાય છે. પોતાની પ્રશંસા, બીજાની નિંદા વગેરેથી નીચ ગોત્રકર્મ બંધાય છે.

**૮. અંતરાયકર્મ**

અંતરાય કર્મના ઉદયથી મહેનત કરવા છતાં ધન વગેરેની પ્રાપ્તિ થતી નથી. બીજાને તેમના કાર્યમાં અંતરાય કરવાથી અંતરાય કર્મ બંધાય છે.

## સામાયિક વિધિ અને સૂત્રો

ઉપાશ્રયમાં આવી ગુરૂ મહારાજને વંદન કરીને સામાયિક કરાય અથવા ઘરે પણ સામાયિક થઈ શકે. સામાયિક માટે ભાઈઓએ સ્વચ્છ અખંડ ધોતિયું અને ખેસ તથા બહેનોએ સ્વચ્છ મર્યાદાવાળા કપડાં પહેરવા. જયણાપૂર્વક કટાસણું પાથરી ગુરૂમહારાજની હાજરી હોય તો તેમના સ્થાપનાચાર્ય સામે નહીં તો બાજોઠ ઉપર સાપડો રાખી જ્ઞાનના પુસ્તકને સ્થાપનાજી તરીકે સ્થાપવા. કટાસણા ઉપર ઉભા રહી જમણા હાથની હથેળી સ્થાપનાજી સામે રાખી ૧ નવકાર બોલી પંચિદિંય સૂત્ર બોલવું.

### ગુરૂ સ્થાપના (પંચિંદિય) સૂત્ર



પંચિંદિયસંવરણો, તહ નવવિહ બંભચેરગુત્તિધરો;
ચઉવિહકસાયમુક્કો, ઈઅ અટ્ઠારસગુણેહિંસંજુત્તો.

પંચમહવ્વયજુત્તો, પંચવિહાયારપાલણસમત્થો;

પંચસમિઓ તિગુત્તો, છત્તીસગુણેહિં ગુરુ મજ્ઝ.

ભાવાર્થ : આ સૂત્રમાં આચાર્ય ભગવંતના ૩૬ ગુણો બતાવ્યા છે.

વિધિ : પછી બે ખમાસમણ દઈ ઈચ્છકાર સુહરાઈનો પાઠ કહી એક ખમાસમણ દઇ અબ્ભુટ્ઠિઓ કહી એક ખમાસમણ આપી ઉભા થઈ બંને હાથ જોડીને 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! ઇરિયાવહિયં પડિક્કમામિ ?' એમ કહી 'ઇચ્છં ' બોલી 'ઈરિયાવહિ' 'તસ્સઉત્તરી' અને 'અન્નત્થ' સૂત્ર બોલવા.

### શ્રી ઈરિયાવહિયં સૂત્ર

ઈચ્છામિ પડિક્કમિઉં. ઇરિયાવહિયાએ વિરાહણાએ, ગમણાગમણે. પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા, ઉત્તિંગ, પણગ, દગ મટ્ટી, મક્કડાસંતાણા સંકમણે,

જેમે જીવા વિરાહિયા એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છા મિ દુક્કડં.

ભાવાર્થ : આ સૂત્રથી જતાં આવતાં જીવ વિરાધના થઈ હોય તેનું મિચ્છામિ દુક્કડં માંગવામાં આવે છે.

### તસ્સ ઉત્તરી સૂત્ર

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

ભાવાર્થ : આ સૂત્ર દ્વારા પાપની વિશેષ શુધ્ધિ થાય છે.

### અન્નત્થ (કાયોત્સર્ગ) સૂત્ર

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિએ, પિત્તમુચ્છાએ. સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં, એવમાઈ એહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મેં કાઉસ્સગ્ગો. જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

ભાવાર્થ : આ સૂત્રથી કુદરતી શ્વાસોચ્છવાસ આદિ ક્રિયાઓથી કાઉસ્સગ્ગ અભંગ અને વિરાધિત થાય નહીં તે માટે આગારોપૂર્વક કાઉસગ્ગ કરાય છે. ઇરિયાવહિયં વિશે અઈમુત્તા મુનિનું દૃષ્ટાંત કથા વિભાગમાં છે.

વિધિ : પછી એક લોગસ્સનો કાઉસગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી કરવો. પછી 'નમો અરિહંતાણં' કહી કાઉસગ્ગ પારી સંપૂર્ણ 'લોગસ્સ સૂત્ર' બોલવું.

### લોગસ્સ (ચતુર્વિશંતિ જિન નામસ્તવ) સૂત્ર



લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવ્વીસંપિ કેવલી. ઉસભમજિયં ચ વંદે,
સંભવમભિણંદણં ચ સુમઈં ચ;

પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે.

સુવિહિં ચ પુપ્ફદંતં, સીયલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા; ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરુગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા; સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.

ભાવાર્થ : આ સૂત્રથી અરિહંતોને, કેવલી ભગવંતોને, સિદ્ધોને અને વર્તમાન ચોવીશીને વંદન કરાય છે તથા આરોગ્ય, બોધિલાભ, સમાધિમરણ અને સિધ્ધિ માંગવામાં આવે છે.

વિધિ : પછી ઉભા ઉભા જ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! ગમણાગમણે આલોવુંજી ?' કહી 'ઈચ્છં' બોલી ગમણાગમણે સૂત્ર બોલવું.

## ગમણાગમણે સૂત્ર

મારગને વિષે જાતા-આવતાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાય, નીલફૂલ, માટી, પાણી કણ, કપાસીયા, સ્ત્રી, આદિક તણો સંઘટ્ટ હુઓ હોય, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, એ આઠ પ્રવચનમાતા શ્રાવકતણે ધર્મે રૂડીપરે પાળી નહિ, ખંડન વિરાધના થઈ હોય, તે સવિ હું મને, વચને કાયાએ કરી, મિચ્છા મિ દુક્કડં.

ભાવાર્થ : આ સૂત્રથી છકાય જીવની, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિની વિરાધનાનું મિચ્છામિ દુક્કડં માંગવામાં આવે છે.

વિધિ : પછી ઉભા રહીને 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! સામાયિક સંદિસાહું?' બોલી 'ઈચ્છં' કહી ૧ ખમાસમણ આપવું. પછી ઉભા થઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! સામાયિક ઠાવા ત્રણ નવકાર ગણુંજી?' બોલી 'ઈચ્છં' કહી ઉભડક બેસી જમણો હાથ જમીન ઉપર સ્થાપી ત્રણ નવકાર ગણવા. પછી ઉભા થઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! જીવરાશિ ખમાવું જી ?' બોલી 'ઈચ્છં' કહી જીવરાશિ સૂત્ર બોલવું.

## જીવરાશિ સૂત્ર

સાતલાખ પૃથ્વીકાય, સાતલાખ અપ્કાય, સાતલાખ તેઉકાય, સાતલાખ વાઉકાય, દશલાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદલાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બે ઇંદ્રીય, બે લાખ તેઈંદ્રીય, બેલાખ ચઉરિંદ્રીય, ચારલાખ દેવતા, ચારલાખ નારકી, ચારલાખ તિર્યંચપંચેદ્રીય, ચૌદલાખ મનુષ્યના ભેદ, એવંકારે ચૌદરાજ, ચોરાસીલક્ષ જીવાયોનિમાંહે, મારે જીવે જિકો કોઈ જીવ દુહવ્યો હોય, દુહવાવ્યો હોય, દુહવતાં પ્રત્યે અનુમોદ્યું હોય, તે સવિ હું મને, વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

ભાવાર્થ : આ સૂત્રથી ચોર્યાશી લાખ જીવયોનિમાંથી કોઈપણ જીવને ત્રિવિધે દુભાવ્યો હોય તો તેનું મિચ્છામિ દુક્કડં માંગવામાં આવે છે.

વિધિ : પછી ઉભા રહીને 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! અઢાર પાપસ્થાનક આલોવુંજી?' બોલી 'ઈચ્છં' કહી અઢાર પાપસ્થાનક સૂત્ર બોલવું.

### અઢાર પાપસ્થાનક સૂત્ર

પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન, ચોથે મૈથુન, પાંચમે પરીગ્રહ, છઠ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ, દશમે રાગ, અગિયારમે દ્વેષ, બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન, ચૌદમે ચાડી, પંદરમે રતિઅરતિ, સોળમે પરપરિવાદ, સત્તરમે માયામૃષાવાદ, અઢારમે મિથ્યાત્વશલ્ય. એ અઢારે પાપસ્થાનકમાંહે જિકો કોઈ પાપસ્થાનક મારે જીવે સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોધ્યું હોય, તે સવિ હું મને, વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

ભાવાર્થ : આ સૂત્રથી અઢાર પાપોમાંથી કોઈ પણ પાપ મારા જીવો ત્રિવિધે સેવ્યા હોય તો તેનું મિચ્છામિ દુક્કડં માંગવામાં આવે છે.

વિધિ : પછી એક ખમાસમણ દઈ ઉભડક બેસી 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન! દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ ધારુંજી?' બોલી 'ઈચ્છં' કહી દ્રવ્ય, ક્ષેત્રનું સૂત્ર બોલવું.

### દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ

દ્રવ્યથકી લુગડાં-લતાં, ઘરેણાં-ગાંઠા, પાથરણું, નવકારવાળી ધાર્યા પ્રમાણે મોકળાં છે. ક્ષેત્રથકી ઉપાસરાના (આ જગ્યાના) બારણાની માંહેલી કોરે કારણે જયણા છે. કાલથકી સામાયિક નીપજે તિહાં સુધી, ભાવથકી યથાશક્તિયે રાગદ્વેષે રહિત, વ્રતી સંઘાતે તથા ગુર્વાદિક સંઘાતે બોલવાનો આગાર છે. અવ્રતી સંઘાતે બોલવાનું પચ્ચક્ખાણ છે. (અથવા જયણા છે). એ રીતે છ કોટીએ કરી સામાયિક કરું. સામાયિકવ્રત ઉચ્ચાર કરવા ઊભા થઈને એક નવકાર ગણુંજી.

ભાવાર્થ : આ સૂત્રથી દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ ધારવામાં આવે છે.

વિધિ : પછી ઉભા થઈ હાથ જોડી મનમાં એક નવકાર ગણી, અડધું અંગ નમાવી 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન! પસાઓ કરી સામાયિક વ્રત ઉચ્ચરાવોજી!' બોલી 'ઈચ્છં' કહી ગુરૂ મહારાજ નહીં તો વડીલના મોઢે "કરેમિ ભંતેનું પચ્ચક્ખાણ" લેવું.

### કરેમિ ભંતે સૂત્ર

કરેમિ ભંતે ! સામાઈયં, સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણં. મણેણં, વાયાએ, કાએણં ન કરેમિ ન કારવેમિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

ભાવાર્થ : આ સૂત્રથી સામાયિક કરવાની પ્રતિજ્ઞા લેવાય છે.

વિધિ : પછી એક ખમાસમણ આપી ઉભા થઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! બેસણે સંદિસાહું' બોલી 'ઈચ્છં' કહી એક ખમાસમણ દેવું. પછી ઉભા થઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! બેસણે ઠાઉં' બોલી 'ઈચ્છં' કહી એક ખમાસમણ દેવું. પછી ઉભા થઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! સજ્ઝાય સંદિસાહું' બોલી 'ઈચ્છં' કહી

એક ખમાસમણ દેવું. પછી 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન સજ્ઝાય કરું' બોલી 'ઈચ્છં' કહી આસને બેસી ત્રણ નવકાર ગણવા. પછી ૪૮ મિનિટ સુધી, નવકાર જાપ, સ્વાધ્યાય, વ્યાખ્યાન શ્રવણ કે ધાર્મિક વાંચન કરી શકાય.

## સામાયિક પારવાનો વિધિ અને ગાથા

સામાયિક લીધાને ૪૮ મિનિટ થઈ ગયા પછી એક ખમાસમણ આપી 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! સચિત્તને સંઘટ્ટે ઈરિયાવહિયં પડિક્કમામિ?' બોલી 'ઈચ્છં' કહી ઇરિયાવહી, તસ્સ ઉત્તરી, અન્નત્થ, સૂત્ર બોલી એક લોગ્ગસનો કાઉસગ્ગ કરી, પ્રગટ લોગસ્સ બોલવો. પછી એક ખમાસમણ દઈ ઉભા થઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! સામાયિક પારું?' બોલી 'યથાશક્તિ' કહેવું. પછી એક ખમાસમણ દઈ ઉભા થઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! સામાયિક પાર્યું?' બોલી 'તહત્તિ'બોલવું. પછી એક ખમાસમણ દઈ ઉભા દઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! સામાયિક પારવા ત્રણ નવકાર ગણુંજી' બોલી 'ઈચ્છં' કહી ઉભડક બેઠા બેઠા જ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! સામાયિક પારવા ગાથા ભણુંજી!' બોલી 'ઈચ્છં' કહી સામાયિક પારવાની ગાથા બોલવી.

## સામયિક પારવાની ગાથા

જં જં મણેણ બદ્ધં, જં જં વાયાએ ભાસિયં પાવં; કાએણવિ દુક્કયં, મિચ્છા મિ દુક્કડં તસ્સ. સવ્વે જીવા કમ્મવસ, ચઉદહરજ્જ ભમંત; તે મે સવ્વ ખમાવિયા, મુજ્જવિ તેહ ખમંત. ખમી ખમાવી મે ખમી, છવ્વિહ જીવ નિકાય; શુદ્ધ મને આલોવતાં, મુજ મન વેર ન થાય. દિવસે દિવસે લક્ખં, દેઈ સુવન્નસ્સ ખંડિઅં એગો; એગો પુણ સામાઈયં, કરેઈ ન પહુપ્પએ તસ્સ. કુણે પમાએ બોલિઉં, હુઈ વિરુઈ બુદ્ધિ; જિણસાસણમેં બોલિઉં, મિચ્છા મિ દુક્કડં શુદ્ધિ. સામાઈયવયજુત્તો, જાવ મણે હોઈ નિયમસંજુત્તો; છિન્નઈ અસુહં કમ્મં, સામાઈય જત્તિઆવારા. સામાઈઅમ્મિ ઉ કએ, સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા; એએણ કારણેણં, બહુસો સામાઈઅં કુજ્જા.

સામાયિકવ્રત ફાસિઅં, પાલિયં, પૂરિયં, તીરિયં, કિત્તિઅં, આરાહિઅં, વિધિએ લીધું, વિધિએ કીધું, વિધિએ પાળ્યું, વિધિએ કરતાં કિસી અવિધિ, આશાતના હુઈ હોય, તે સવિ હું મને,વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. ૧) પાટી, પોથી, કવલી, ઠવણી, નવકારવાળી, કાગળે પગ લગાડ્યો હોય, ગુરુને આસને, બેસણે, ઉપકરણે પગ લગાડ્યો હોય, જ્ઞાન/દ્રવ્ય તણી આશાતના થઈ હોય, તે સવિ હું મને, વચને કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. ૨) અઢી દ્વીપને વિષે સાધુ/સાધ્વી, શ્રાવક/ શ્રાવિકા, જે કોઈ પ્રભુ શ્રી વિતરાગ દેવની આજ્ઞા પાળે, પળાવે, ભણે, ભણાવે, અનુમોદે તેને મારી ત્રિકાળ વંદના હોજો. સીમંધર પ્રમુખ વીશ વિહરમાન જિનને મારી ત્રિકાળ વંદના હોજો. ૩) અતીત ચોવીશી, અનાગત ચોવીશી, વર્તમાન ચોવીશીને મારી ત્રિકાળ વંદના હોજો. ૪) ઋષભાનન, ચંદ્રાનન, વર્ધમાન, વારિષેણ- ચાર શાશ્વતા જિનને મારી ત્રિકાળ વંદના હોજો. ૫) દશ મનના, દશ વચનના, બાર કાયાના, એ બત્રીશ દોષ માંહેલો સામાયિકવ્રત માંહે જિકો કોઈ દોષ લાગ્યો હોય, તે સવિ હું

મને, વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

તમેવ સચ્ચં નિસ્સંકં જં જં જિણેહિં પવેઈયં, તં તં ધમ્મસવ્વફલં મમ હોઈ, સાચાની સદ્દહણા, જૂઠાનું મિચ્છા મિ દુકકડં, સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણં; પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.

ભાવાર્થ : આ સૂત્રથી સામાયિકથી થતાં લાભો બતાવ્યા છે. સામાયિક કરતાં અવિધિ અશાતના થઈ હોય તેનું મિચ્છામિ દુક્કડં માંગવામાં આવે છે અને દેવ-ગુરૂઓને વંદન કરવામાં આવે છે.



વિધિ : પછી ઉભડક બેઠાં જ મનમાં ત્રણ નવકાર ગણી ઉભા થઈ બે ખમાસમણ આપી ઉભા થવું. પછી સ્થાપનાચાર્ય સ્થાપ્યા હોય તો જમણા હાથની હથેળી આપણી સામે રાખી એક નવકાર ગણી સ્થાપનાજી ઉથાપવા.

## *આહાર-ભોજનમાં જયણા*

❊ ભુપેન્દ્રભાઈ.એમ.શાહ ❊

જીભને ચટકો મળ્યો કે જીવ ભાન ભૂલીને ખાય છે. પેટમાં ગયા પછી આરોગ્યનું શું થશે ? તે ભૂલી જાય છે. આજે ઘર-ઘરમાં અભક્ષ્ય ખાન-પાન પેસી ગયા છે. જીવલેણ રોગો જીવન ટુંકાવી રહ્યા છે. માટે સાવચેત બનો.

૧. રાત્રિભોજન કરવું નહિ, તે હિંસાનું કારણ મહાપાપ નરકનું દ્વાર છે. રાત્રિભોજનથી અનેક રોગો થાય છે.

૨. અભક્ષ્ય વસ્તુ, કંદમૂળ, બટાકા, કાંદા, લસણ, પાંવ, સેન્ડવીચ, બરફ, આઈસક્રીમ, બહુબીજ, મધ, માખણ, ચીઝ, ચલિત રસ; બોળ અથાણું, ફણગાવેલ કઠોળ, કુંવારપાઠા, વાસી ભોજન, પીઝા, કસ્ટર્ડ પાઉડર ઇંડાના મિશ્રણથી બનેલ હોવાથી વાપરવા નહિં.

૩. બે રાત પછીનું દહીં છાશ ન ખપે.

૪. દ્વિદળથી બચવા દૂધ-દહી-છાશ આંગળી દાઝે તેવા સરખા ગરમ કરીને જ વાપરવા. કાચા દૂધ-દહી-છાશ સાથે કઠોળ ચણા, મગ, મઠ, અડદ, તુવેર, વાલ, ચોળા, વટાણા, લાંગ, મેથી, લીલવા, મસુર, ગુવાર તથા એના પાંદડા વગેરે આખા, તેના શાક તથા કઠોળનાં લોટ - આટાની બનેલી વસ્તુ ભેગી થવાથી અથવા ખાવાથી બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ થઈ જીવહિંસા થાય છે. શ્રીખંડ, ખીચડી, દહીવડા, ચટણી, કઢીના ઉપયોગ વખતે દ્વિદલ ન થાય તેની કાળજી લેવી.

૫. દળાવેલો લોટ, મીઠાઈ, ફરસાણ, ખાખરા નીચેનાં સમયમાં વાપરી લેવા. તેના કાળ પછી તેમાં જીવોત્પત્તિ થાય છે. કારતક સુદ-૧૫ થી ફાગણ સુદ-૧૪ શિયાળામાં કાળ (સમય) ૩૦ દિવસ. ફાગણ સુદ-૧૫ થી અષાઢ સુદ-૧૪ ઉનાળામાં

કાળ (સમય) ૨૦ દિવસ. અષાઢ સુદ-૧૫ થી કારતક સુદ-૧૪, વર્ષાઋતુમાં કાળ (સમય) ૧૫ દિવસ.

૬. સૂકો મેવો, કોથમીર, ભાજી, તલ, કોબી, સરગવાની શીંગ, ફાગણ સુદ-૧૪થી કા. સુદ-૧૪ વાપરવા નહિ.

૭. દરેક માસની પર્વ તિથિઓમાં, પર્યુષણ તથા ચૈત્ર-આસોની શાશ્વતી ઓળીમાં લીલોતરી ન વાપરવી.

૮. કેરી આદ્રા નક્ષત્ર પછી ન વાપરવી. ટીન પેક રસ ન વાપરવી. અજાણ્યા ફળ, ચણીબોર, પીલું ગુંદી, જાંબુ ન વાપરવા.

૯. જૈન જલેબી સૂર્યોદય પછી આથો તૈયાર કરાવવો. તેમાં જલદી આથો લાવવા ફ્રૂટ સોડા કે લીંબુનો વપરાશ કરવો.

૧૦. દૂધીનો હલવો જે દિવસે બનાવ્યો. તે જ દિવસે વપરાય. બીજા દિવસે ન વપરાય.

૧૧. દૂધનો માવો બનાવેલા દિવસે જ વપરાય પરંતુ તેને બરાબર ઘી માં તળીને લાલ કરેલો પાકો માવો બીજા દિવસે ખપે.



જીવનનું ભાતું

◆ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસુરીશ્વજી મ.સા.◆

ધર્મજાગરિકામાં આરાધનાને આવકાર આપીએ.

✤ નિત્ય જિનપૂજા-ત્રિકાલ પૂજા કરવી. ✤ નિત્ય ગુરુવંદન કરવું. ✤ માતા-પિતા વડીલોને પગે લાગવું, પ્રણામ કરવા. ✤ ઉપવાસ આદિ તપશ્ચર્યામાં સત્વ

ફોરવવું. ❖ છેવટે નિત્ય ઓછામાં ઓછું બિયાસણું તો જરૂર કરવું. ❖ રાત્રિભોજન ત્યાગ કરવો. ❖ તપ શક્ય ન બને તો પાણી ઉકાળેલું જ વાપરવું. ❖ નિત્ય ચોવિહાર અને નવકારશી કરવા. ❖ એક રોટલી કોરી ખાવાનો નિયમ કરવો. ❖ સવાર/સાંજ પ્રતિક્રમણ અવશ્ય કરવું. ❖ નિત્ય એક સામાયિક કરવું. ❖ પર્વ તિથિએ પૌષધની આરાધના કરવી.❖ વિશેષ સામાયિક દેશાવગાસિક કરવું.❖ ૧૫ મિનીટ પણ સૂત્ર કંઠસ્થ કરવાનો ઉધમ કરવો.❖ ચાર માસ બ્રહ્મચર્યનું પાલન કરવું. તે શક્ય ન બને તો યથાશક્ય નિયમ રાખવો.❖ ૧૨ તિથિ અવશ્ય બ્રહ્મચર્યનું પાલન કરવું.❖ સાધર્મિકોની ભક્તિ કરવી. કદર કરવી.❖ પરિમિત દ્રવ્ય અને પરિમિત ટંકનો તથા વિગઇ–ત્યાગનો નિયમ રાખવો.❖ ૧૪ નિયમ ધારણા કરવી. ❖ શક્ય બને તો જિન પૂજા સ્વદ્રવ્યથી કરવી.❖ પૂજામાં દ્રવ્યો શ્રેષ્ઠ અને શુદ્ધ વાપરવાં.❖ તમામ કાર્યોમાં ખૂબ જયણા સાચવવી.❖ જીવદયા અને અનુકંપામાં વિશેષ ભાવના વધારવી. સહાય કરવી/ કરાવવી.❖ સંથારા ઉપર સૂવાનો અભ્યાસ કરવો.❖ દેરાસર આદિ ધર્મસ્થાનોએ ખુલ્લા પગે ચાલીને જ જવું.❖ એઠું મૂકવું નહીં. થાળી ધોઇને પીવી.❖ ખાદ્યપદાર્થોના વાસણો ઢાંકેલા જ રાખવા.❖ ચૂલો, ગેસ પ્રાયમસ પેટાવતા પહેલા પૂંજણીથી પૂંજી લેવો.❖ પાણીયારું, રસોડું, સ્નાન–ગૃહ આદિ સ્થાનોમાં છતમાં ચંદરવો બાંધવો.❖ સાધુ–સાધ્વીજી ભગવંતની વૈયાવચ્ચનો લાભ લેવો. તેમને ઔષધ, વૈદ્ય–અનુપાન આદિની આવશ્યકતા હોય તે સેવાનો લાભ લેવો.❖ ગુરૂ ભગવંત કે ધાર્મિક અધ્યાપકો પાસે જીવવિચાર આદિ ગ્રંથોનું અધ્યયન કરવું.❖ બાળકોને સમૂહ સામાયિક, શિબિર, પાઠશાળા આદિમાં અવશ્ય મોકલવા.❖ સૂતા–ઊઠતા અવશ્ય ૧૨ નવકાર ગણવા. ❖ પાણીના ટીપે ટીપે અસંખ્ય જીવ છે. જેથી ઓછામાં ઓછું પાણી વાપરવું અને ગાળેલું જ વાપરવું.❖ હું કોણ છું? હું ક્યાથી આવ્યો છું? મને કેવી રીતે સામગ્રી મળી છે? કરવા જેવું શું કરું છું? નથી કરવા જેવું શું કરું છું? હમણાં જ મારૂં મૃત્યુ થાય તો કઇ ગતિ થાય? આમ રોજ ચિંતવવું ધર્મનો પ્રમાદ નીકળી જશે.

## ચાતુર્માસના દિવસોમાં વિરાધનાઓથી વિરામ પામીએ

❖ બને ત્યાં સુધી ચોમાસામાં બહારગામ ન જવું.❖ ઘરના વાહનોને તો ચોમાસામાં બિલકુલ મૂકી રાખવા. ટ્રેન આદિ અન્ય વાહનોનો પણ અનિવાર્યતા સિવાય ઉપયોગ ન કરવો.❖ કંદમૂળ તથા બરફ આઈસ્કીમ આદિ ૨૨ અભક્ષ્યનો સંપૂર્ણ ત્યાગ કરવો.❖ હોટલના આહાર, ફેરીયાના ખાણા, ફાસ્ટફૂડ, કોલ્ડ ડ્રિન્કસ, બ્રેડસ, પીઝા, ચીઝ, ટીનફૂડ, બજારુ અથાણા, રવો, મેંદો, બહારના પાપડ, ખાખરા આદિ ચીજોનો ત્યાગ કરવો.❖ બર્થ–ડે પાર્ટી, લગ્ન સમારંભ, રિસેપ્શન, ચાંદલા વિધિ, ડિસ્કો ડાન્સ, પિકનિક પ્રવાસ, ફટાકડા ફોડવા આદિ આરંભ સમારંભનો ત્યાગ કરવો. વનસ્પતિ ઉપર યા લોનમાં હરવું–ફરવું નહિ.❖ રેફ્રિઝરેટર, એરકન્ડિશન્ડ, મિક્સર, ઓવન, વોશિંગ મશીન, ઈલેક્ટ્રીક ઘંટી, વોટર હીટર, ડીશ વોશર, વેક્યુમ ક્લિનર વગેરે હિંસક સાધનોનો ઉપયોગ બંધ કરવો. ઘટાડવો.❖ શાવર બાથથી

નહાવું નહિ. સ્વીમિંગ પુલમાં જવું નહિ. ❖ હિંસક ચામડાનાં બુટ-ચંપલ, પર્સ, બેલ્ટ આદિનો ત્યાગ કરવો.❖ હિંસાજન્ય ચરબીવાળા સાબુ, ટુથપેસ્ટ આદિ વસ્તુઓનો ઉપયોગ ન કરવો.❖ શેમ્પુ, પફ પાવડર, ફાઉન્ડેશન લિપસ્ટિક, બોડી સ્પ્રે, ક્રીમ, અત્તર વગેરે ચીજો વાપરવી નહિ.❖ ભાજીપાલો, કોબી-ફ્લાવર, સૂકો મેવો, વાસી ભોજન, પાઉ, - બટર, સેન્ડવીચ વગેરેનો ત્યાગ કરવો.❖ દયાનો નાશ કરનારા ડી.ડી.ટી. જંતુનાશક દવાઓ ટીક-૨૦, બેગોન સ્પ્રે, એસિડ, પેસ્ટ કન્ટ્રોલ વગેરેનો ઉપયોગ ન કરવો.❖ મહા અનર્થ દંડરૂપ સિનેમા, ટેલિવીઝન, કેબલ ટી.વી. સેટેલાઇટ ચેનલો, વિડીયો, નાટકો વગેરે જોવા નહીં. નવરાત્રીના ગરબા, દિવાળીમાં ફટાકડા, જુગાર, દારુ, ગુટકા, તમાકુ વગેરેથી દૂર રહેવું.❖ પ્રદુષણકારી પ્લાસ્ટિકના તમામ સાધનોનો ઉપયોગ બંધ કરવો. ઘરમાં પ્લાસ્ટિકની થેલીને બદલે કપડાની શણની થેલીનો જ ઉપયોગ કરવો. પેપર-નેપકિન અને ડિશનો ઉપયોગ ન કરવો.❖ જ્ઞાનની આશાતનાનું નિવારણ કરવું.❖ પુસ્તકો પૂંજવા-પ્રર્માજવા. ઘોડાવજ, ડામરગોળી મૂકવી. કાગજ, પડીકામાં ખાદ્યપદાર્થો, ટોઈલેટ પેપર, લખાણ ધરાવતા વસ્ત્રો કે ખાદ્યપદાર્થો વગેરે ન વાપરવા. ❖ એઠાં મોઢે બોલવું નહિ. ટોઈલેટમાં છાપું ન વાંચવું. જ્ઞાનાવરણીય કર્મ બંધથી બચવું.❖ દુર્ધ્યાન-દુષ્ચિંતન, કષાય અને કલેશથી છૂટવા માટે મારૂં કંઈ નથી, મારૂં કોઈ નથી, હું કોઈનો નથી. સંસાર મારો નહિ, અને હું સંસારનો નહિ, આ ભાવના રોજ કરવી.❖ મનુષ્યજન્મ પાપ માટે નથી. આવા સુંદર ભવનો ઉપયોગ પાપ પાછળ કરવા જેવો નથી. અન્યથા મનુષ્યભવ મળશે નહિ.❖ એક લાખ નવકારમંત્ર ગણવા.

## ચાતુર્માસમાં આટલી જયણા અચૂક પાળો.

### જે આચરે જીવરક્ષા, તેની સ્વયં થાય ભવોભવ રક્ષા

❖ મકાનના કમ્પાઉન્ડમાં, લીલ-ફૂગ ન થાય તે માટે ચોમાસું શરૂ થાય તે પહેલાથી જ યોગ્ય વ્યવસ્થા કરાવી લો. લીલ-ફૂગ એ અનંતકાય જીવ છે. તેના પર ચાલવાથી ખૂબ વિરાધના થાય છે. અનંત જીવો નાશ પામે છે. ❖ લોટ, ખાખરા, મિઠાઈ વગેરેનો કાળ ચોમાસામાં ૧૫ દિવસનો છે. તે પહેલાં પણ ક્યારેક ભેજ વગેરેને કારણે તેના પર લીલફૂગ કે સ્વાદ-ફેરથી અભક્ષ્ય બને છે. ❖ ચોમાસામાં મગ સિવાય આખા કઠોળમાં જીવોત્પત્તિની સંભાવના છે. તેથી શક્ય બને તો ત્યાગ કરવો. લીલોતરીનો ત્યાગ કરવો અથવા નામથી પાંચ સિવાયની લીલોતરીનો ત્યાગ કરવો.❖ લીલોતરીનો ત્યાગ ન થઈ શકે તો સમારતાં પહેલા બરાબર જોઈ લેવું કારણકે ઈયળ વગેરે જીવાત હોવાની સંભાવના છે. ❖ ચોમાસામાં ભેજને કારણે કેસરમાં તે જ વર્ણની જીવાત થઈ જતી હોય છે. તેથી ધ્યાનપૂર્વક કેસરને હીરા જોવાના ગ્લાસથી જોઈને જ ઉપયોગ કરવો. કેસરની ડબીમાં કાળા મરી મૂકી રાખવાથી જીવાત થતી નથી.❖ સાફસૂફી બરાબર ન રહે તો ચોમાસામાં પુસ્તક, કપડા, લાકડાનું ફર્નીચર વગેરે ચીજો ઉપર પણ લીલ-ફૂગ થઈ જાય છે.

બારીક કંથવા થાય છે. તેથી ઉપયોગ જયણા રાખવી. તેને અડકવું કે સાફ કરવું નહીં.❖ દરેક લોટ તે જ દિવસે ચાળીને વાપરવો.❖ ભોજનમાં સચિત્તનો સંપૂર્ણ ત્યાગ કરવો.❖ અથાણાંનો સંપૂર્ણ ત્યાગ કરવો.❖ અનાજ ચાળી-વીણીને જ દળાવવા આપવું.❖ પાણીનું માટલું રાત્રે અવશ્ય ઊંધું કરી દેવું. દરેક પાણીના નળે ગરણું રાખવું પાણી માટે માટલા વધુ રાખવા ભીના ભેજવાળું માટલુ બીજા દિવસે ચાલે નહીં.❖ ભેજવાળા માટલા બરાબર તડકે સૂકાયા પછી ઊકાળેલું પાણી ભરવું. ❖ પાંચ તિથિ કપડાં ન ધોવા ન ધોવરાવવા.❖ દિવાળીમાં સાધર્મિકને નવાં કપડા, શુદ્ધ મિઠાઈ આદિ પહોંચાડવી. ધાર્મિક ઉપકરણ આપવા.❖ દિવાળીમાં બહારની અભક્ષ્ય મીઠાઈ ન ખાવી.❖ ચોમાસામાં પાપડ-ખીચીયા પર ફૂગ થઈ જવાની ઘણી શક્યતા છે માટે તેનો ત્યાગ કરવો.❖ છાપા-પસ્તી-પુસ્તકોમાં બારીક કંથવાથી મોરપિંછીથી પૂજીને જયણા કરવી.❖ એક બાજુ કોરા કાગજ સારી સ્થિતિમાં કવર, કે કાગળની વાપરેલ સારી થેલીઓનો ખપ રાખવો.❖ અબોલ જીવો-પશુઓ-પંખીઓ પ્રત્યે દયાળુ બનવું. અનુકંપા પાત્ર માનવો, તથા નબળા સાધર્મિકો પ્રત્યે વધુ સહાયક બનવું.❖ નિંદા, ચુગલી, અવર્ણવાદ, અસત્ય, માયા, છળકપટ, ખોટા લખાણો વિ. નો પૂર્ણ ત્યાગ કરવો.❖ બજારૂ મીઠાઈ, ફરસાણ, ફાસ્ટફૂડનો ત્યાગ કરવો.

## જૈન શાસ્ત્રોની દષ્ટિએ જૈન ટ્રસ્ટીઓ (વહીવટકારો) અને ધર્માદા દ્રવ્યની વ્યવસ્થા

કર્મના યોગે મંડાયેલા અનાદિ કાલના આ સંસારમાં જીવાત્માઓ અનેક પ્રકારનાં પાપ સેવીને ધન મેળવે છે. પાપો સેવીને મેળવેલું ધન પણ મોટે ભાગે સંસારના ભોગવિલાસ અને મિજબાનીઓ ઉડાવવામાં જ વપરાય છે.

જેમ ઉખર ભૂમિમાં પડેલું બીજ ક્યારેય ફળ તો આપતું જ નથી બલ્કે બીજ પણ નિષ્ફળ જાય છે. તેમ ભોગવિલાસમાં વાપરેલું ધન પુણ્યકર્મનો બંધ વગેરે કશા જ ફળને આપતું નથી. એટલું જ નહીં પણ આત્માને ભારે નુકશાન પમાડે છે.

માટે સમજુ અને ડાહ્યા શ્રાવકોએ પોતાના ધનનો પ્રવાહ ભોગવિલાસની કીચડ રૂપ ખાળમાં વહી જતો અટકાવીને સાત શ્રેત્રના સુગંધી, ઉપકારી ક્ષીરોદધિ તરફ વાળવો જોઈએ અને મહાન પુણ્ય ઉપાર્જન કરીને અક્ષય આત્મ-લક્ષ્મીને આપનારા મોક્ષને મેળવવો જોઈએ.

હવે આપણે મહાન ક્ષેત્રનાં સાતેય ક્ષેત્રના વહીવટના અધિકારીમાં કેવા ગુણો હોવા જોઈએ તે અને સાતેય ક્ષેત્રમાં દ્રવ્યની આવક-જાવકના હિસાબો કેવી રીતે કરવા? તે દ્રવ્યસપ્તતિકા આદિ પ્રાચીન ગ્રંથોના આધારે જોઈશું.

### શાસ્ત્ર દષ્ટીએ ટ્રસ્ટી બનવાને લાયક કોણ ?

સાત ક્ષેત્રનો વહીવટ કરનાર ટ્રસ્ટીઓમાં નીચે મુજબના ગુણો હોવા આવશ્યક છે. (૧) જેનો કુટુંબ પરિવાર ધર્મના રંગે રંગાયેલો હોય. (૨) જે ન્યાય નીતિ પૂર્વક ધનને મેળવનારો હોય. (આજના જાલીમ ટેક્ષ વગેરેમાં પણ યથાશક્ય

દોષથી બચવાના પ્રયત્નવાળો હોય.) (૩) લોકોમાં સહુ માટે આદરપાત્ર હોય. (૪) જેની કુળપરંપરા ઉજ્જવળ હોય. (૫) જે ધર્મક્ષેત્રોમાં શક્તિ મુજબ દાન કરવામાં ઉદાર દિલ હોય. (૬) જે ધર્મક્ષેત્રની રક્ષા કરવામાં વીર હોય. (૭) જે ધર્મદ્રવ્યની વ્યવસ્થા કરવામાં બુદ્ધિમાન હોય. (૮) જેનું હૈયું ધર્મના અવિહડ રાગે રંગાયેલું હોય. (૯) જે સુગુરૂની સેવામાં સદા તત્પર હોય. (૧૦) જે શુશ્રુષાદિ બુદ્ધિના આઠ ગુણોવાળો હોય. (૧૧) જે શાસ્ત્રના નિયમોને અને સુગુરૂદેવોની આજ્ઞાને સદા વફાદાર હોય. (૧૨) જે જીવનમાં યથાશક્ય શ્રાવક જીવનના આચારોને પાળનારો હોય.

❖ આવા અનેક પ્રકારના ગુણોવાળો આત્મા જિનશાસનની સંઘની પેઢીનો વહીવટ કરતાં કરતાં તીર્થંકર નામ કર્મને પેદા કરે છે. અને અલ્પ સંસારી બને છે.

❖ આવા ગુણોથી રહિત–આવા ગુણોને પામવાની કામનાથી પણ રહિત અને ગુર્વાજ્ઞા–શાસ્ત્રાજ્ઞાને અભરાઈએ મૂકીને મન ફાવે તેમ સ્વછંદપણે બેફામ રીતે વહીવટ કરનારા ટ્રસ્ટી દુર્ગતિગામી અને અનંત સંસારી બને છે. શાસ્ત્રોએ ઉચ્ચારેલી આ ગંભીર ચેતવણીની સહુએ નોંધ લેવી જરૂરી છે.

## દેવ (સુપન) દ્રવ્ય ની ટૂંક સમજ

દેવદ્રવ્ય ખૂબજ પવિત્ર દ્રવ્ય છે. અનેક કલ્યાણક જૈન તીર્થો, પ્રભાવક પ્રાચીન જૈન તીર્થો, પ્રાચીન જિનાલયોના જીર્ણોદ્ધાર, નૂતન જિનાલયોના નિર્માણ, જિનબિંબો કે જિનાલયોની રક્ષા વિ. માટે ઉપયોગમાં સદ્વ્યય પામતાં દેવદ્રવ્યની ચૌદ સુપનોની ઉછામણીઓ દ્વારા અભિવૃદ્ધિ થાય છે. સેંકડો વર્ષોથી ગીતાર્થ, સુવિહીત પૂર્વાચાર્યોએ પ્રવર્તાવેલી અને સંઘોએ માન્ય કરેલી આ મહાન વ્યવસ્થા છે. આવા પવિત્ર દ્રવ્યનો શાસ્ત્રાનુસારી વહીવટ કરવાથી શુભનામ કર્મ યાવત્ જિનનામ કર્મનું ઉપાર્જન થાય છે. ગેર વહીવટથી અશુભ નામકર્મ તથા નરક તિર્યંચાદિ દુર્ગતિઓનું ઉપાર્જન થાય છે. આ સુપન દ્રવ્યને પૂર્ણરૂપે કે અમુક ભાગ રૂપે સાધારણ દ્રવ્ય કરી શકાય નહીં. સુપનોના નકરા બાંધી ડ્રો પદ્ધતિથી પણ ઉતારી શકાય નહીં. આનાથી દેવદ્રવ્યની વૃદ્ધિને ભારે હાની થાય છે. દેવદ્રવ્ય–સુપન દ્રવ્યની આવક ઉપર સાધારણ ખાતે સરચાર્જ લગાડી શકાય નહીં. સાધારણ ખાતાની આવકના અનેક ઉપાયો છે. આ દરેક શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘોની અને અચલગચ્છની પણ સુવિહીત શાસ્ત્રીય પરંપરા છે. દેવદ્રવ્યનું ભક્ષણ, ઉપેક્ષા યા ગેરવહીવટ કરવાથી અનંત સંસારીપણું પ્રાપ્ત થાય છે. સાવધાન, આજની બેંકો લગભગ ઘોર હિંસક યોજનાઓ જેવા કે કતલખાના, મરઘા ઉછેર, ઇંડા પ્રચાર, માછીમારી, રાસાયણિક ઝેરી ખાતરો વિ, જેવી ઘોર હિંસક યોજનાઓમાં નાણાં રોકે છે. જેથી ધર્માદા પૈસા બેંકોમાં રાખવાથી ખૂબ જ દોષ લાગે છે. જેથી શક્ય કરી જે તે હેતુઓમાં ધર્માદા પૈસા ખર્ચી નાખવા જોઈએ. જરૂરત હોય તો લોન તરીકે જે તે જ હેતુઓમાં ધાર્મિક વૃદ્ધિમાં આપવા. જરૂરત કરતાં આવક વધારે હોય તો તે જ ખાતાના હેતુઓમાં જરૂરી સ્થળોને–સંઘોને દાન રૂપે આપી દેવા જોઈએ. જેથી અન્ય સંઘોમાં જિનાલયોના જીર્ણોદ્ધાર–

નવ નિર્માણ વિ. કાર્યોને વેગ આવે. સમજ ન પડે તો શાસ્ત્રોનાં અને જિનશાસનનાં મર્મજ્ઞ સુવિહીત, સંવિજ્ઞ, ગીતાર્થ પદસ્થોનું માર્ગદર્શન લેવું જોઇએ. જેથી વહીવટકર્તાઓ પાપના ભાગી ન બને.

## સંઘ સંચાલકનો ગુણ વૈભવ અને કર્તવ્ય

### ◆ પ.પૂ.આ.શ્રીમદ વિજય કીતિયશસૂરીશ્વરજી મ.સા. ◆

વીતરાગ પરમાત્માની પૂજા મહિમાવંતી છે,તેમાં કોઇ બેમત જ નથી, છતાં કલિકાળસર્વજ્ઞ પ્રભુ પરમાત્માને ઉદ્દેશીને કહે છે કે, 'તમારી પૂજા કરતાંય તમારી આજ્ઞાનું પાલન વધુ મહત્ત્વનું છે. તમારી પૂજાથી મુક્તિ મળે એ વાત સાચી; પણ મુક્તિ મળે એવો એકાંત નથી. મળેય ખરી અને ન પણ મળે. પરંતુ તમારી આજ્ઞાના પાલનથી તો અવશ્ય મુક્તિ મળે જ; કારણ કે, તમારી આજ્ઞાપાલનમાં મુક્તિ આપવાની સંપૂર્ણ શકિત છે.

શ્રી જિનાજ્ઞાનું બંધન જે સ્વીકારે તેને કર્મસત્તા કે જગત બાંધી ન શકે. જે જિનાજ્ઞાનું બંધન ન સ્વીકારે તેને કર્મસત્તા તો બાંધે જ પણ જગતમાં કોણ કોણ એને ન બાંધે એ સવાલ છે. આજ્ઞા ઓછી-વત્તી પાળી શકાય એવું બને, પણ આજ્ઞાના આદરમાં ઓછાવત્તાપણું ન જ ચાલે.

શ્રાવકમાં પણ અલગ અલગ કક્ષા હોય. કોઈ બાર વ્રતધારી, કોઈ એકાદ વ્રતધારી તો કોઈ સમ્યકત્વધારી. એ દરેકની ભૂમિકા મુજબ આજ્ઞાપાલનમાં ફરક, પરંતુ આજ્ઞાના આદરમાં કોઈ ફરક નહીં. આ નિર્ણય પહેલા કરવો પડશે. આજ્ઞાના આદર વિના શ્રાવક બની જ ન શકાય તો સંઘના વહીવટધાર શી રીતે બની શકાય? અમે પણ આજ્ઞા બાજુમાં મૂકી દઈએ તો સાધુરૂપે ન જ રહી શકીએ તો આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ, ગણીરૂપે કઈ રીતે રહી શકીએ?

શ્રી જૈનશાસનના કોઈ પણ અંગને લગતું કોઈપણ કાર્ય કરવાનો અધિકાર તેને જ મળે જે શ્રી જિનાજ્ઞા પ્રત્યે નતમસ્તક હોય.

શ્રી જિનાજ્ઞાના પ્રત્યેના સમર્પણ વિના શ્રી જૈનશાસનના કોઈપણ અંગને લગતા કોઈપણ કાર્યને કરવાનો અધિકાર મળતો નથી અને અધિકાર વિના કાર્ય કરનાર પોતાની-પરની અને પ્રભુશાસનની વિડંબણા કર્યા વિના પણ રહેતો નથી.

તમારે જો શ્રી જૈનશાસનની સેવા કરીને તમારૂં આત્મકલ્યાણ સાધવું હોય તો તમારે પણ તે માટે જરૂરી ગુણો કેળવવા જ પડશે. માત્ર ચૂંટણી લડીને ટ્રસ્ટી બની જવું, રૂપિયા કે મોભાના જોરે ટ્રસ્ટી બની જવું. લાગવગ કે કોણીના જોરે વહીવટ હાથમાં લઈ લેવો એ શ્રી જૈનશાસનની મર્યાદાનું પાલન નહીં પણ ઉલ્લંઘન છે. એ શ્રી જૈનશાસનની સેવા નહીં પણ આશાતના-અપરાધ છે.

### ◆ પ. પૂ. શ્રી અજિતશેખરવિજયજી મ.સા.◆

## જિનાજ્ઞા પ્રત્યે પ્રતિબદ્ધતા

ધર્મનો પ્રાણ દયા છે, ધન લોભીઓનો પ્રાણ છે, જ્યારે જિનાજ્ઞાપાલન જીવનનો પ્રાણ છે. પ્રાણ ગયા પછી જેમ શરીર, કપડા, ઘરેણા વગેરેની કોઈ કીંમત રહેતી નથી. બસ એજ રીતે જિનાજ્ઞા ભંગ કર્યા પછી સાધના, ત્યાગ, તપ વગેરેની કોઈ કીંમત રહેતી નથી.

એક શેઠ બે દિવસ પછી પ્લેનમાં મુંબઈથી લંડન જવાના હતા. ત્યારે સવારના પહોરમાં બંગલાનાં ચોકીદારે આવી શેઠને વિનંતી કરતા કહ્યું – મને એવું સ્વપ્ન આવ્યું છે, કે આપ જે પ્લેનમાં જવાના છો; એ પ્લેન આકાશમાં જ સળગી ગયું છે, અને એમાં રહેલા બધા યાત્રિકો મૃત્યુ પામ્યા છે. આથી મારી આપને વિનંતી છે કે આપ પ્લેનની ટીકીટ કેન્સલ કરાવી નાંખો. શેઠને લંડન જવું અતિ જરૂરી હતું. ધંધામાં સારો ફાયદો થવાની શક્યતા હતી. આથી શેઠને પોતાના કાર્યક્રમમાં ચોકીદારની આ દખલગીરી પસંદ ન આવી. તેમણે ચોકીદારને "તું તારૂં કામ કર" કહીને બહાર જવા કહ્યું.

ચોકીદારને લાગ્યું કે શેઠ મારી વાત માનશે નહીં. જો હું શેઠાણીને વાત કરીશ, તો કદાચ કામ થઈ જાય. એણે શેઠાણીને સ્વપ્નની વાત કરી. શેઠાણી વાત સાંભળીને ડરી ગઈ. શેઠને કહી દીધું તમારે ગમે તેમ કરીને ટીકીટ કેન્સલ કરાવવી જ પડશે. પત્નીનો અત્યંત આગ્રહ જોઈ શેઠે અનિચ્છાએ પણ ટીકીટ કેન્સલ કરાવી.

અને ખરેખર એ પ્લેન ક્રેશ થઈ ગયું. બધા પ્રવાસી મૃત્યુ પામ્યા. શેઠ બચી જવાથી શેઠાણી ખુબ જ ખુશ થઈ. એણે ચોકીદારનો આભાર માન્યો અને પતિને અભિનંદન આપ્યા. પછી શેઠને કહ્યું– ચોકીદારે તમારી જિંદગી બચાવી છે. એને સારૂં ઈનામ આપવું જોઈએ. શેઠે ચોકીદારને એક સારી રકમ ઈનામમાં આપીને કહ્યું – મારા પ્રાણ બચાવવાના ઉપકારના બદલામાં આ ઈનામ છે. અને તને કાલથી નોકરી પરથી કાઢી મુકવામાં આવે છે. આ સાંભળી બધા સ્તબ્ધ થઈ ગયા. કારણ પૂછયું. શેઠે કહ્યું – ચોકીદારને સપનું આવ્યું. એનો અર્થ એ થયો કે એ સુઈ ગયો હતો. મેં એની જાગતા રહીને બંગલાની ચોકી કરવા માટે નિમણુક કરી હતી. નહીં કે સુઈ જઈને સપનુ જોવા માટે, એને મારો જીવ બચાવવા માટે ઈનામ અને આજ્ઞાનો ભંગ કરવા માટે ડીસમીસ.

વાત આમ છે. તમે તપ–ત્યાગ કંઈ પણ કરો, એનાથી તમને પુણ્યનું ઈનામ જરૂર મળશે. પરંતુ જો એમાં જિનાજ્ઞાનો ભંગ થયો હશે, તો જૈન શાસનમાંથી સંઘમાંથી ડીસમીસ થઈ જાવ છો.

◆ પ.પૂ.શ્રી ચંન્દ્રશેખરવિજયજી મ.સા ◆

## જાણ્યું છતાં અજાણ્યું

## મૌન ને ગૌણ ન ગણો...

✤ મૌન એ એક મહાન ધર્મ– આરાધના છે. આપણે જેટલું બોલીએ છીએ, એટલી આપણી શારીરિક ને વૈચારિક શકિતઓ ક્ષીણ બનતી જાય છે. મૌનના મહાસાગરમાં શકિતઓનો સંગ્રહ થાય છે. અને એ શકિતના પ્રભાવથી આત્મચેતના જાગૃત બને છે. યોગી પુરુષો મોટેભાગે મૌનના મહાસાગરમાં ડૂબેલા રહે છે. માટે જ એમના જીવનમાં યોગશકિતઓ સ્વાભાવિક રીતે જાગૃત થાય છે. તમે એક અઠવાડીયું બિનજરૂરી બોલવાનું બંધ કરો. બને તેટલુ મૌન રાખો. અને જુઓ તમારા મનને અપાર શાંતિ મળશે. અનેક દોષોમાંથી બચી જશો.

✤ ભારતીય સંસ્કૃતિ મા–બાપને રોજ સવાર–સાંજ પગે લાગવાનું કહે છે. સ્વાર્થી સંતાનો પોતાના જન્મ દિવસે, લગ્ન કર્યા પછી અને માત્ર બેસતા વર્ષે મા–બાપને પગે લાગે છે બાકીના દિવસોમાં મા–બાપે સંતાનોને હાથ જોડવા પડે છે.

✤ જે મા–બાપ નિસ્વાર્થ વાત્સલ્યભાવે પોતાના ચાર–ચાર સંતાનોને પાળી પોષી

ઉછેરે, મોટા કરે તે ચાર ચાર સંતાનોથી એક મા-બાપ સચવાતા નથી.

❖ સામાયિક લઇને વ્યાખ્યાનાદિમાં બેઠા હો અને વ્યાખ્યાનાદિ ચાલતું હોય ત્યારે તેની વચ્ચે ૪૮ મિનિટ પૂર્ણ થઇ જતા પારવાની ક્રિયા કરવી પડે તો વ્યાખ્યાનની ધારા તૂટે છે. આ રીતે વ્યાખ્યાનની ધારા તોડવી યોગ્ય નથી. એટલા માટે વ્યાખ્યાન વખતે સામાયિક લો ત્યારે સામાયિક ઉચરતી વખતે જયાં સુધી વ્યાખ્યાન ચાલે ત્યાં સુધીની સામાયિક ધારવી. જેને શ્રુત સામાયિક કહેવાય. વ્યાખ્યાન પુરુ થયાં પછી (૪૮ મિનિટ થઇ ગઇ હોય તો) પાળવી. ગમે તેટલો ટાઇમ વ્યાખ્યાન ચાલે પણ તેને એક જ સામયિક ગણી શકાય. આ શ્રુત સામાયિકમાં વિશેષ લાભ છે. વ્યાખ્યાનમાં વચ્ચેથી આવનાર ગુરુભગવંતને વંદન ન થાય કારણ વ્યાખ્યાનમાં ખલેલ પડે.

❖ વર્તમાન સાગર સમુદાયના વિશિષ્ટ તપસ્વી રત્ના સાધ્વીજી મ.સા. ના જીવન તરફ નજર કરતા જ નતમસ્તક થઇ જવાય છે. ૫૧ ઉપવાસ - ૪૫ ઉપવાસ - ૩૦ ઉપવાસ - ૧૬ ઉપવાસ - ૧૧ ઉપવાસ - ૧૦ ઉપવાસ - ૯ ઉપવાસ - ૧૪ અઠ્ઠાઇ-શ્રેણીતપ - સિધ્ધિતપ- વર્ષીતપ- ભદ્રતપ- શત્રુંજયતપ- સિંહાસનતપ -સમવસરણ તપ -વીશસ્થાનકતપ-પોષદસમીતપ-મૌન એકાદશીતપ-જ્ઞાન પંચમીતપ- સિધ્ધાચલની નવ્વાણું યાત્રા ૪ વાર-સિધ્ધિગિરિની ચોવિહાર અઠ્ઠાઈ કરી ૨૧ યાત્રા-૧૩ વાર છઠ્ઠ કરી ૭ યાત્રા-તેમજ વર્ધમાન તપની ૯૬ ઓળી અને તેની ઉપર વગર અત્તરવાયણે ૬૮ ઉપવાસની અનુપમ તપસ્યા..!

**ધન્ય તપ! ધન્ય તપસ્વી! ધન્ય જીવન.**

**ધન્ય છે રત્નગર્ભા શાસનમાતા તને ! મારા તને અનંત વંદન...**

## ચક્રવર્તીની ઋધ્ધિ

❖ ચક્રવર્તી એટલે અતુલ પરાક્રમી કહેવાય. દેવતાઓ પણ એમની સેવામાં હાજર હોય છે. છ ખંડનું આધિપત્ય-૧૪ રત્નોના માલિક -નવનિધાન-૧૬૦૦ યક્ષો સેવામાં હાજર હોય-૩૨૦૦૦ મુગટબધ્ધ રાજાઓના સ્વામિ હોય - ૬૪૦૦૦ રાણીઓ હોય- તેમના સૈન્યમાં ૮૪ લાખ હાથી- ૮૪ લાખ રથ - ૮૪ લાખ ઘોડા-૧૮ કરોડ મોટા અશ્વો -૯૬ કરોડનું પાયદળ - ૩૨૦૦૦ નાટકો-૩૨૦૦૦ દેશ- ૯૬ કરોડ ગામ - ૮૦ હજાર પંડિતો - ૧૪૦૦૦ બુધ્ધિનિધાન મંત્રીશ્વરો -૧ કરોડ ગોકુલ (એક ગોકુલમાં ૧૦૦૦૦ ગાયો સમજવી) - ૩૬૦ મુખ્ય રસોઇયા તેના રસોડામાં કામ કરે અને દરરોજનું ૪ કરોડમણ અનાજ રંધાય, તેમાં ૧૦ લાખમણ મીઠું વપરાય. વિચારજો ૧૦ લાખ મણ મીઠું રોજ વપરાય તો કેટલી રસોઇ બનતી હશે ? છેવટે આ ચક્રવર્તીની શું દશા. અંત સમયે નજીક આવે ત્યારે કોઇ એને બચાવી શકે તેમ નથી. ચક્રવર્તી જો ચારિત્ર લીધા વિના મરણ પામે તો સાતમી નરકે જ જાય તેવો નિયમ છે.

❖ સારામાં સારી અપેક્ષા ભલે રાખો, પણ ખરાબમાં ખરાબ પરિસ્થિતિને વધાવવાની તૈયારી સાથે. એટલે કે આશા ભલે ઉંચી રાખો. પણ ખરાબ પરિસ્થિતિ માટે સદા તૈયાર રહો. જેણે જીવનમાં સમાધિ જોઇતી હોય, મનને પ્રસન્ન રાખવું હોય, જીવન જીવવા જેવું બનાવવું હોય તેણે " TRY FOR THE BEST, BE READY FOR THE WORST " આ વાકય કાયમ માટે જીવનમાં વણી લેવું જોઇએ. વારંવાર મનન-ચિંતન કરીને જેણે આ વાકયને પોતાના જીવનમાં આત્મસાત્ કર્યુ હશે તે વ્યકિતના મુખ ઉપર કદી પણ ગ્લાનિપ્રાય : પેદા નહિ થાય. સામાન્યતઃ દરેક જીવો મહત્વાકાંક્ષી હોય છે. આ ઈચ્છાઓ જ સર્વ દુઃખોનું મૂળ છે. જેને ઈચ્છા જ થતી નથી તે ભગવાન છે. માટે તો કહ્યું છે. કે ઈચ્છાઓ કરવી હોય તો એક જ કરો કે, "હું સદા માટે ઈચ્છા વિનાનો થઇ જાઉં." "DESIRE TO BE DESIRELESS"

◆ દીવાદાંડી : - ફટાકડા ફોડવાથી કયા કયા પાપો લાગે ? ◆

(૧) કાગળ બળવાથી-જ્ઞાનની આશાતનાથી જ્ઞાનાંતરાય કર્મ બંધાય.
(૨) કીડી મકોડાં વગેરે જીવ મરી જાય.
(૩) કબુતર વગેરે પક્ષીઓ ભયથી ધ્રુજે—રાત્રે ઉડવા જતાં ગમે ત્યાં પડે- બિલાડી વગેરે તેઓને મારી નાંખે.
(૪) દાઝી જવાય, કયારેક આગ લાગે.
(૫) પૈસાનો ધૂમાડો થાય.
(૬) અહિંસાના પૂજારી એવા જિનેશ્વર ભગવાનની ક્રુર મશ્કરી કહેવાય.
(૭) નાગા અને ભૂખ્યા ગરીબોની ક્રુર મશ્કરી કહેવાય.
(૮) ધૂમાડાથી પ્રદૂષણ વધે.
(૯) નાના બાળકો ભયભીત થાય. તેઓનું હૃદય નબળુ થાય.

❖ તમે જાણો છો ?

તમે ભૂતકાળમાં કોઈ ભવમાં ઝાડરૂપે ( એકેન્દ્રીય જીવ) હતાં. કોઈ વ્યકિતએ ઝાડની ડાળી લઈ ઝાડમાંથી બાણ બનાવ્યું.હવે તેના દ્વારા તે જે હિંસા કરશે તેનું પણ પાપ તમને લાગશે.તે ઝાડરૂપે પૂર્વે જે તમારૂ શરીર હતું તે તમે વોસિરાવ્યું ન હતું. માટે વર્તમાનમાં તેનું પાપ તમને લાગે. માટે ભવોભવમાં મૂકીને આવેલા પુદ્ગલોને આપણે આ ભવમાં વોસિરાવવાનાં છે. તે માટે સાધુ મહાત્માનો સંપર્ક કરો.પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા યાને અતીતના બંધનોની મુકિત.જો આ પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા જયાં સુધી નહી કરો ત્યાં સુધી બીજા દ્વારા તેના ઉપયોગથી થતાં પાપ તમને લાગે છે. તેના કર્મબંધ ચાલું છે. અને જયાં સુધી કર્મબંધ ચાલું છે. ત્યાં સુધી મુકિત નથી.

❖ શ્રી જૈનશાસન અને જૈન :- ચતુર્વિધ શ્રી સંઘ એટલે મોક્ષમાર્ગની શ્રધ્ધાવાળો

અને મોક્ષમાર્ગ શકયતા મુજબ આચરણ કરનારો શ્રીસંઘ ! જૈનનો અર્થ એ જ છેકે "પોતાના આત્માને જડવા અનાદિકાલીન યોગથી મુકત બનાવવાને માટે, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા ઉપર શ્રદ્ધા કેળવીને,આજ્ઞાધીનપણે વર્તવાને ઈચ્છતો આત્મા" જૈનકુળમાં જન્મેલા જ જૈન હોઈ શકે એવો નિયમ નથી. જે કોઈ આ પ્રકારની અભિલાષા અને શ્રધ્ધા કેળવીને શ્રી જિનાજ્ઞા મુજબ પોતાના આત્માને જડના અનાદિકાલીન સંસર્ગથી છોડાવવાને માટે તત્પર બને, તે દરેક જૈન જ છે.આટલું હોય,તો એ જૈન કુળમાં જન્મેલ હોય કે ઈતર કુળમાં જન્મેલ હોય, પણ તે ખરેખરો જૈન જ છે.

❖ ધર્મમાં પ્રેરણાને સહાય કરનારા સાધર્મિકો જ છે. સાધર્મિકો વિના પર્વ દિવસોની યાદ કોણ કરાવે ? પર્વ દિવસે,પૌષધ,પ્રતિક્રમણ,જિનવાણી શ્રવણ અને તપ કરવા આદિની પ્રેરણા સાધર્મિકો બંધુઓની સાથે જ વસવું જોઈએ. સાધર્મિકોની સાથે વસવાથી જ ધર્મ પમાય છે ને ધર્મનું રક્ષણ થાય છે, શ્રાવકના આચાર-વિચારનું ભાન થાય છે, તે પળાતા પણ રહે છે. અને બાળકોમાં પણ એ સંસ્કાર ઉતરે છે. જેઓ સાધર્મિકના સહવાસમાં રહેતા નથી. દૂર દૂર સોસાયટીઓમાં જઈને છૂટાછવાયા વસે છે. એમને દેવ-ગુરુના દર્શન-વંદનનો જિનવાણીના શ્રવણનો તથા સુપાત્રદાન આદિનો લાભ મળી શકતો નથી. સાધિર્મકો સાથે વસવાથી શરમા-શરમીએ પણ ધર્મ થઈ જાય છે. ને અધર્મથી બચી જવાય છે.

## જયણાનાં ઉપકરણો

૧) ગળણું : પાણી ગાળવા માટેનું સુયોગ્ય કપડું.

૨) સાવરણી : ઘરનો કચરો કાઢવા માટે મુલાયમ સ્પર્શવાળી સાવરણી.

૩) પૂંજણી : ખાસ પ્રકારના સુકોમળ ઘાસમાંથી બનાવેલી મુલાયમ સ્પર્શવાળી નાની પીંછી.

૪) ચરવળો : સામાયિક-પ્રતિક્રમણમાં ઉઠતા-બેસતા પૂંજવા-પ્રમાજવા માટે જરૂરી ઉપકરણ.

૫) ચરવળી : લાકડાની નાની દાંડી પર ચરવળા જેવી ઊનની દસીઓ લગાવેલું આ ઉપકરણ છે. કબાટ વગેરે સાફ કરવા માટે જયણાનું સુંદર સાધન છે.

૬) મોરપીંછી : મોરનાં પીંછાને બાંધીને બનાવેલું ઉપકરણ, પુસ્તકો, ફોટા વગેરે પૂંજવાનું ઉત્તમ સાધન છે.

૭) ચારણા : અનાજ, લોટ, મસાલા વગેરે ચાળવાના અલગ અલગ ચારણા.

૮) ચંદરવો : રંધાતી રસોઈમાં ઉપરથી જંતુ ન પડે તે માટે રસોડામાં ઉપર બાંધવામાં આવતું કપડું.

## Prevention is better than cure

## ઉપચાર કરતાં ઉપયોગ (કાળજી) સારો

જીવોત્પત્તિ થયા પછી તે જીવોની રક્ષા ખૂબ મુશ્કેલ બને છે. તેથી ઘરમાં જીવાતો ઉત્પન્ન

જ ન થાય તેની કાળજી રાખવી ઉત્તમ છે.

આટલી કાળજી અવશ્ય રાખો.

- આખું ઘર સંપૂર્ણ સ્વચ્છ રાખો. ગંદકીથી જીવોત્પત્તિ વિશેષ થાય છે.
- પાણી ઓછામાં ઓછું ઢોળો. ભીનાશથી પુષ્કળ જીવો પેદા થાય છે.
- ખાદ્યપદાર્થ બહાર ન ઢોળો. ખોરાકના વેરાયેલા કણથી આકર્ષાઈને જીવો દોડી આવે છે.
- એઠું ન મૂકો. એંઠવાડમાં મોરીમાં ઢોળવાથી અને ખાળમાં જવાથી વાંદા વગેરે પુષ્કળ જીવો ઉત્પન્ન થાય છે.
- હવા-ઉજાસનો અવરોધ ન કરો. બારી-બારણાં બંધ રાખી કુદરતી હવા અને સૂર્ય પ્રકાશનો અવરોધ કરવાથી જીવોત્પત્તિની શક્યતા વધે છે.
- ખાદ્યપદાર્થના વાસણો ચુસ્ત બંધ રાખો. અથાણાંની બરણી વગેરે બરાબર બંધ ન થયા હોય તો સુગંધથી જીવો આકર્ષાય છે.
- ખાદ્યપદાર્થો વાસી ન રાખો. તે તે ખાદ્ય પદાર્થોની તે તે કાળમર્યાદાનું ઉલ્લંઘન થવાથી જીવોત્પત્તિની સંભાવના વધે છે.

## જયણાની જડીબુટ્ટીઓ

૧) **મોરનાં પીછાં :** મોરના પીંછા મૂકી રાખવાથી કે હલાવવાથી સાપ અને ગરોળી દૂર ભાગી જાય છે.

૨) **કાળા મરી :** કેસરની ડબ્બીમાં કાળા મરીના દાણાં મૂકી રાખવાથી ભેજને કારણે થતી જીવોત્પત્તિ અટકે છે.

૩) **ડામરની ગોળી :** કપડા કે પુસ્તકોના બેગ-કબાટ વિગેરેમાં ડામરની ગોળીઓ મૂકી રાખવાથી જીવોત્પત્તિ થતી નથી.

૪) **પારો :** અનાજમાં પારાની થેપલી મૂકવાથી અનાજ સડતું નથી-જીવાત પડતી નથી.

૫) **દીવેલ :** ચોખા - ઘઉં - મસાલા વગેરે દીવેલથી મોવાથી જીવાત પડતી નથી. દીવેલની ગંધથી કીડીઓ દૂર ભાગે છે.

૬) **ઘોડાવજ :** પુસ્તકોનાં કબાટમાં ઘોડાવજ મૂકી રાખવાથી જીવાત થતી નથી.

૭) **તમાકુ :** કપડાનાં કે પુસ્તકોનાં કબાટમાં તમાકુનાં પાન મૂકી રાખવાથી જીવાત થતી નથી.

૮) **ચૂનો :** ઉકાળેલા પાણીમાં ચૂનો નાંખવાથી ૭૨ કલાક સુધી તે અચિત રહે છે. ચૂનાથી ધોળેલી દિવાલો પર જીવજંતુ જલ્દી આવતા નથી. લાકડાના ફર્નીચરમાં કોરો ફોડેલો ચૂનો ઘસવાથી ફર્નીચરમાં જીવાત થતી નથી.

૯) **ડામર :** ડામર ઉપર નિગોદ થતી નથી. ડામર ઉધઈની ઉત્પત્તિ પણ અટકાવે છે.

૧૦) **કેરોસીન :** ચામડી ઉપર કેરોસીન ઘસી નાખવાથી મચ્છર કરડતા નથી. જમીન પર કેરોસીનવાળા પાણીનું પોતું ફેરવવાથી કીડીઓ આવતી નથી.

૧૧) **રાખ :** કીડીની લાઈનને આજુબાજુ રાખ ભભરાવવાથી કીડીઓ ચાલી જાય છે. અનાજ રાખમાં રગદોળીને ડબ્બામાં ભરવાથી સડતું નથી.

૧૨) **કપૂર :** કપૂર ગોટીની ગંધથી ઉંદરો દૂર ભાગે છે. ઘરમાં ઉંદર ખૂબ દોડતા હોય

ત્યારે કપૂરની ગોટી મૂકી રાખવાથી તેની અવરજવર ઓછી થઈ જાય છે. કપૂરનો પાવડર આજુબાજુ ભભરાવવાથી કીડીઓ પણ ચાલી જાય છે.

૧૩) ગંધારોવજ : લાકડાના કબાટમાં ગંધારોવજ રાખવાથી વાંદા થતા નથી.

૧૪) કંકુ : કંકુ ભભરાવવાથી કીડીઓ ચાલી જાય છે.

૧૫) હળદર : હળદર ભભરાવવાથી કીડીઓ ચાલી જાય છે.

૧૬) ગેરુ : ગેરુથી દિવાલ ધોવાથી ઉધઈ થતી નથી.

૧૭) રંગ-વાર્નિશ-પોલિશ : લાકડા પર નિગોદ અને જીવોત્પત્તિ અટકાવવા માટે.

## નિગોદને ઓળખો

ચોમાસાની ઋતુમાં મકાનનાં કમ્પાઉન્ડમાં, જુની દિવાલો ઉપર કે મકાનની અગાસીમાં લીલા, કાળા, ભૂખરા વગેરે રંગની સેવાળ બાઝી જાય છે. તેનું નામ નિગોદ, બટાટા વગેરે કંદમૂળની જેમ નિગોદ પણ અનંતકાય છે. તેના એક સૂક્ષ્મ કણમાં પણ અનંત જીવો હોય છે.

તેના ઉપર પગ મૂકીને ચાલવાથી, તેની ઉપર ટેકો દઈને બેસવાથી, તેની ઉપર વાહન ચલાવવાથી, તેની ઉપર કોઈ ચીજવસ્તુ મૂકવાથી કે તેની ઉપર પાણી ઢોળવાથી નિગોદના અનંત જીવોની હિંસા થાય છે.

બટાટા અનંતકાય છે તેથી તેને બે જડબા વચ્ચે ન કચડી શકાય તો અનંતકાય એવી નિગોદને પગ નીચે કેવી રીતે કચડી શકાય?

## નિગોદની રક્ષા કરો

૧) જે જગ્યા વધુ સમય ભીની રહે ત્યાં નિગોદ ઉત્પન્ન થાય છે. બાથરૂમ પણ આખો દિવસ ભીનું રહે તો તેમાં નિગોદ થઈ જાય છે. ઘરનાં વિવિધ સ્થાનો વધુ વખત ભીનાં ન રહે તેની કાળજી રાખો.

૨) નીચે જોઈને ચાલો, રસ્તામાં ક્યાંય નિગોદ છવાયેલી દેખાય તો ખસીને બાજુની ચોકખી જગ્યા પર ચાલો.

૩) મકાનના કમ્પાઉન્ડમાં ચાલવાના રસ્તા ઉપર નિગોદ ન થઈ જાય તે માટે વરસાદની ઋતુ શરૂ થાય તે પહેલાં તે રસ્તા ઉપર નિગોદ ઉત્પન્ન જ ન થાય તેવા ઉપાય કરો. જેવાકે.

- નિગોદ ન થાય તેવી માટી પાથરી દેવી.
- નિગોદ ન થાય તેવું ફ્લોરીંગ કરી દેવું.
- ડામરનો પટ્ટો લગાવી દેવો.
- રંગનો પટ્ટો લગાવી દેવો.

૪) એક વાર-નિગોદ થઈ ગયા પછી તેને ઉખેડાય નહિ, સાફ કરાય નહિ, તેની ઉપર માટી કે લાદી કાંઈ નંખાય નહિ, કલર કે ડામરનો પટ્ટો પણ કરાય નહિ. કુદરતી રીતે સૂકાય નહિ ત્યાં સુધી કાંઈ કરાય નહિ.

૫) લાકડા ઉપર રંગ, વાર્નિશ કે પોલીશ કરવાથી તેના પર નિગોદ થતી નથી.

### કેટલાક જયણાસૂત્રો

૧) ખાદ્યપદાર્થના વાસણો ખુલ્લા ન રાખો.

૨) ગેસ-પ્રાયમસ વગેરે પેટાવતા પહેલાં પૂંજણીથી બરાબર પૂંજી લો.

૩) સૂર્યોદય પહેલા ચૂલો પેટાવવો નહિ.

૪) સૂર્યાસ્ત પછી ચૂલો પેટાવવો નહિ.

૫) લાઇટ-પંખા વગેરેનો ઓછામાં ઓછો ઉપયોગ કરો. બિનજરૂરી લાઇટ-પંખા ચાલુ ન રાખો.

૬) વેક્યુમ-ક્લીનર (ઈલેક્ટ્રીક સાવરણી) નો ઉપયોગ કરવો નહિ.

૭) કોઈપણ જગ્યા વાપરતા પહેલા જયણાપૂર્વક ઝાડુ ફેરવી લો.

૮) એંઠું મૂકો નહિ. થાળી ધોઈને પીઓ.

૯) જંતુનાશક દવા વાપરવી નહિ, તેનો વેપાર કરવો નહિ.

૧૦) ગરમ પાણીમાં ઠંડુ પાણી ભેળવો નહિ.

૧૧) સાબુનુ પાણી જીવો માટે શસ્ત્ર છે. તેથી નહાતી વખતે રોજ શક્ય ન બને તો અઠવાડીયે ૩-૪ દિવસ સાબુનો ઉપયોગ ટાળો.

૧૨) પ્રાણીજ દ્રવ્યોમાંથી બનેલા સાબુ-ટુથપેસ્ટ ખાદ્યપદાર્થો-દવાઓ વાપરવા નહિ.

૧૩) ફટાકડા ક્યારેય ફોડવા નહિ.

૧૪) ઘાસ ઉપર ચાલવું નહિ-ફરવું નહિ.

૧૫) વનસ્પતિનાં પાંદડા તોડવા નહિ.

૧૬) ગર્ભપાત કરાવવો નહિ, કોઈને તેની સલાહ આપવી નહિ, એવા દવાખાના ચલાવવા નહિ.

૧૭) કાચા દૂધ-દહીં- છાશ કે તેની વાનગી સાથે કઠોળનો અંશ પણ આવતો હોય તેવી વાનગી ખાવી નહિ.

૧૮) પર્વતિથિઓમાં તથા પર્યુષણ-ઓળી વગેરે પર્વોમાં લીલોતરી વાપરવી નહિ.

૧૯) રસોઈ બનાવતા પહેલાં લોટ-ધાન્ય ચાળી લો, બરાબર જોઈ લો.

૨૦) પર્વતિથિ અને ૬ અટ્ઠાઈઓમાં અનાજ દળાવવું નહિ.

૨૧) ખાલી વાસણો ઊંધા કે આડા મૂકી રાખો, જેથી જીવાત તેમાં પડીને ગુંગળાઈ ન જાય.

૨૨) ઠારેલા પાણી પર જાળીઓ ઢાંકો.

૨૩) ટેબલ, પલંગ વગેરે કોઈ પણ સામાન જમીનથી ઘસીને ન ખેંચો, ઉંચકીને ફેરવો.

૨૪) કબાટ, બેગ, ડબ્બા, ડબ્બી વગેરે ચુસ્ત બંધ કરીને રાખો. અધખુલ્લા ન રાખો.

૨૫) ખાદ્યપદાર્થ નીચે ઢોળાય કે વેરાય નહિ તેની કાળજી રાખો. ઢોળાય તો તરત સાફ કરો. વારંવાર પોતું કરવાનો ઉપયોગ રાખો.

૨૬) ઘરના ઓરડાની દિવાલો, છત વગેરે પણ ૨-૩ દિવસે જયણાપૂર્વક સાફ કરો.

૨૭) કીડીઓ ઉભરાય તે સ્થાને કીડીઓની આજુબાજુ ચૂનો કે રાખ ભભરાવી દો. કીડીઓ જતી રહેશે અને હાલતા-ચાલતા પણ કીડીના ઉપદ્રવનો તરત ખ્યાલ આવી જશે જેથી પગ તેની ઉપર પડી ન જાય.

૨૮) ખાંડને દૂધ-ચા વગેરેમાં નાંખતા પહેલા રકાબીમાં પહોળી કરીને બરાબર જોઈ લો તેમાં કીડી કે અન્ય જંતુ તો નથી ને !

૨૯) ખાંડને બરાબર સાફ કરીને ચુસ્ત ડબ્બામાં રાખો. તેને ભેજ લાગતા ઝીણી ઈયળ

થવાની સંભાવના છે.

૩૦) લાલ બોર મરચામાં તે વર્ણની પુષ્કળ જીવાતો સંભવિત છે. ખૂબ યાતનાપૂર્વક મરચાં બરાબર જોઈ લેવા.

૩૧) રાઈ, મરચા, ધાણાજીરૂ તથા અન્ય મસાલામાં તે જ વર્ણની ઝીણી જીવાત થવાની સંભાવના છે. સાફ કરીને બરણીમાં ભરો. અને, ઉપયોગ કરતાં પહેલાં પણ ખૂબ બારીકાઈથી જોઈ લો. આ ચીજોને ભેજ ન લાગે તેનું ધ્યાન રાખો.

૩૨) રસોડાના ચૂલા ઉપર લાઈટ ન રાખો. લાઈટની આસપાસ ઉડતી જીવાત ચૂલા પર કે તપેલીમાં પડે તો મરી જાય.

૩૩) ચોમાસામાં ભેજને કારણે કેસરના તાંતણાઓમાં તે જ વર્ણની ઝીણી જીવાત થવાની સંભાવના છે. આઈગ્લાસ વડે ખૂબ બારીકાઈથી જોવાથી નજરે ચડે છે. કેસર આઈગ્લાસથી વારંવાર તપાસતા રહો. જીવાતવાળા કેસરને સંપૂર્ણ જીવાતમુક્ત કર્યા વિના તેનો ઉપયોગ ન કરાય. કેસરની ડબ્બીમાં કાળામરીનાં દાણાં મૂકી રાખવાથી જીવાત થતી નથી.

૩૪) લાઈટથી જીવાત ઘણી થાય છે. તેથી શક્ય તેટલો લાઈટનો ઉપયોગ ટાળો. સાંજે લાઈટ કરતા પૂર્વે બારી-બારણાં બંધ કરો.

૩૫) પાણી વાપર્યા પછી ગ્લાસ લૂછીને જ મૂકો.

૩૬) ચોમાસામાં મુસાફરી શક્ય હોય ત્યાં સુધી ટાળો.

૩૭) વાસી ભોજન રાખો નહિ, વાસી ભોજન જમો નહિ.

૩૮) મિઠાઈ, ખાખરા, ફરસાણ, લોટ વગેરેનો કાળ વીતી ન જાય તેની કાળજી રાખવી.

૩૯) બહારના મિઠાઈ-ફરસાણ, તૈયાર લોટ વગેરે વાપરવા નહિ.

૪૦) હોટલની વાનગીઓ અભક્ષ્ય અને જયણારહિત બનાવેલી હોય છે. હોટલમાં જવું નહિ.

૪૧) બહારની તૈયાર વાનગીઓ ઇન્સ્ટન્ટ ફૂડ-આઈસ્ક્રીમ-ઠંડા પીણાં વગેરેનો ત્યાગ કરો.

૪૨) બે રાત ઉલ્લંઘી ગયેલા દહીં- છાશ વાપરવા નહિ.

૪૩) લગ્નાદિ પ્રસંગોમાં કે ધાર્મિક પ્રસંગોના જમણવારો રસોડા કેટરર્સને સોંપાય છે. તેમાં બિલકુલ જયણા તથા ભક્ષ્યાભક્ષ્યનો વિવેક સચવાતો નથી. આવા જમણવારો કેટરર્સને ન સોંપો. જાતે દેખરેખ રાખી પૂરેપૂરી જયણા સાચવો. તેમાં રાત્રીભોજન ન થાય તેની ખાસ તકેદારી રાખો.

૪૪) આદ્રા નક્ષત્ર પછી તો કેરી ન જ વપરાય. તે પહેલાં પણ વરસાદ થઈ ગયા પછી કેરીમાં જીવાત પડવાની સંભાવના છે. વરસાદ થયા પછી શક્ય હોય તો કેરીનો ત્યાગ કરો. તૈયાર પેકીંગમાં મળતો કેરીનો રસ ન વાપરો.

૪૫) વાસી માવાની વસ્તુ ન વપરાય. તાજો માવો પણ પાકો કરેલો ન હોયતો બીજા દિવસે તે વાસી બને છે.

૪૬) બહારના તૈયાર રવા-મૈંદામાં પુષ્કળ જીવાત હોવાની સંભાવના છે. તે વાપરવા નહિં.

૪૭) સાબુદાણાની ઉત્પતિમાં પુષ્કળ જીવોની હિંસા છે. સાબુદાણા ન વપરાય.

૪૮) મધ-માખણ (બટર) અભક્ષ્ય છે. તેના ભક્ષણમાં પુષ્કળ વિકલેન્દ્રિય જીવોનું

ભક્ષણ છે. માટે તેનો ત્યાગ કરો.

૪૯) પ્લાસ્ટિકની કોથળીઓ વગેરે જ્યાં ત્યાં ફેંકવી નહીં. તે ફેંકેલી કોથળીઓ કોઈ ગાય વગેરેના પેટમાં જાય તો પશુમરણની ઘટનાઓ બને છે. બને ત્યાં સુધી પ્લાસ્ટિકનો વપરાશ ટાળવો.

૫૦) કેળાની છાલ જેવી વસ્તુઓ રસ્તા પર છુટ્ટી ફેકવી નહીં.

૫૧) મગ વગેરે કઠોળ રાંધતા પહેલા લાંબો સમય પલાળી રાખવાથી તેમાં ફણગા ફૂટવાથી સંભાવના છે. તેથી, લાંબો સમય પલાળી ન રાખો.

૫૨) ઢોકળા, ઈડલી, જલેબી વગેરેનો આથો રાત્રે ન પલાળવો.

૫૩) શરીરના ખુલ્લા ભાગ ઉપર ક્યાંય પણ ખંજવાળ આવે તો ખંજવાળતા પહેલા બારીકાઈથી જોઈ લો કે કોઈ સૂક્ષ્મ જંતુ તો નથી બેઠું ને ! અને, પીઠ વગેરે ભાગમાં દષ્ટિ ન પહોંચે તો ખંજવાળતા પહેલા પોચા હાથે હાથરૂમાલ સહેજ ફેરવી દેવો.

૫૪) કપડા ધોવા નાંખતા પહેલાં આગળ-પાછળ કરીને, ઊંધા-ચત્તા કરીને તથા ખીસ્સા બહાર કાઢીને બરાબર જોઈ લો.

૫૫) કોઈ પણ નાના કે મોટા વાસણમાં પાણી, ખાદ્યપદાર્થ, અનાજ કે કોઈ પણ ચીજ ભરતા પહેલાં બરાબર જોઈ લો કે તેમાં ખૂણે-ખાંચરે પણ કોઈ સૂક્ષ્મ જંતુ તો નથી ને!

૫૬) બારી-બારણાં ખોલતા-બંધ કરતા પહેલા સહેજ ખખડાવો જેથી ખાંચામાં ક્યાંય ગરોળી ભરાયેલી હોય તો અવાજ સાંભળીને ખસી જાય. બારી-બારણાં ખોલ-બંધ કરતાં પૂર્વે દષ્ટિથી બરાબર જોઈ લો.

૫૭) કોઈ પણ ચીજ-વસ્તુ મૂકતા પહેલાં જમીન ઉપર દષ્ટિ બરાબર ફેરવી લો.

૫૮) આખા ગંઠોડામાં પુષ્કળ જીવાતની સંભાવના છે. તેવી તૈયાર ગંઠોડાનો (પીંપરામૂળનો) પાવડર વાપરવો નહિ. તેમાં ગંઠોડાની સાથે પુષ્કળ જીવાતો કૂટાયેલી હોય તે સંભવિત છે. આખા ગંઠોડા લાવી, ખૂબ જયણાપૂર્વક જોઈને ઘર કૂટવાથી મોટી જીવ-વિરાધનાથી બચી જવાય છે.

૫૯) ચાની ભૂકી ચાળીને વાપરવી. ચોમાસામાં કે ભેજવાળા વાતાવરણમાં તેમાં ઝીણી જીવાત થવાની સંભાવના ઘણી છે.

૬૦) સૂકવેલી ગવાર, મેથી, વાલોર વગેરેમાં ઘણી જીવાત થઈ જાય છે. તેથી, ચોમાસામાં સૂકવણીના શાક બિલકુલ ન વાપરવા, અન્ય ઋતુમાં પણ બરાબર તપાસ્યા પહેલા અને ચાળ્યા વગર તેનો ઉપયોગ ન કરવો.

૬૧) પર્વતિથીના દિવસે કે ઉપધાન વગેરેમાં આંબોળિયાનું શાક ખાસ વાપરવામાં આવે છે. તેના પોલાણમાં જીવાત થઈ જાય છે. તેથી ઝીણા ટુકડા કરીને બારીકાઈથી બરાબર જોઈ લીધા પહેલા આંબોળિયાનો ઉપયોગ ન કરવો.

૬૨) છત પરના જાળા સાફ કરવા માટે લાકડી સાથે બાંધેલી મુલાયમ સાવરણીનો ઉપયોગ કરવો.

૬૩) વાંદા વગેરે જીવાત માટે 'લક્ષ્મણરેખા' નામનો ચોક બજારમાં મળે છે, તેનાથી વાંદા વગેરે જંતુઓ મરી જાય છે. આવા જંતુનાશક દ્રવ્યનો ઉપયોગ બિલકુલ ન કરવો.

૬૪) ટ્યુબલાઇટ ઉપર ખાસ કરીને ચોમાસામાં નાના પતંગીયા જેવા કુદા પુષ્કળ પ્રમાણમાં ઉત્પન્ન થઈ જાય છે. સવારે કચરામાં તે કુદાના કલવેરો ભેગા થાય છે. ટ્યુબલાઇટની લાકડી સાથે લીમડાના પાંદડાની નાની ડાળખી બાંધી દેવાથી આવા કુદા થતા નથી.

૬૫) શહેરોમાં કેરીનો રસ ઘરે કાઢવાની પ્રથા ઓછી થતી જાય છે અને બહારથી તૈયાર રસ લાવીને વાપરવામાં આવે છે. આવો રસ વાપરવો ઉચિત નથી કારણ કે તે રાત્રે કે આગલા દિવસે પણ કાઢેલો હોઈ શકે છે. વળી, આ બહારના રસમાં કાચું દૂધ ભેળવવામાં આવે છે. તેથી તેવા દૂધ સાથે મગની દાળ કે કઠોળની અન્ય કોઈ પણ ચીજ ખાવાથી દ્વિદળ થવાની સંભાવના છે. કેરીના રસમાં કાચુ દૂધ ભેળવવું નહિ.

૬૬) ઘણાં ચાની ભૂકી ઉકાળીને કાવો બનાવે છે અને તેમાં જરૂર પુરતું દૂધ નાંખીને ચા પીવે છે. આ ઉપરથી નાંખેલું દૂધ જો કાચું હોય તો તેવી ચા સાથે સેવ-ગાંઠીયા-ફાફડા વગેરે કઠોળના લોટમાંથી બનાવેલી કોઈ પણ વાનગી ખાઈ શકાય નહિ.

૬૭) સાંજે રસોડું આટોપાઈ જાય એટલે ગેસના બર્નર ઉપર કપડું બાંધી દેવું જોઈએ, જેથી બર્નરના કાણામાં કોઈ જીવાત પેસી ન જાય. સવારે પૂજણીથી પૂંજવાથી ઉપર ફરતી જીવાતોની જયણા થાય પણ કાણામાં ઘુસી ગયેલી જીવાતનું શું? તેથી કપડું બાંધવું એ જયણાની ઉત્તમ પ્રક્રિયા છે.

૬૮) બીસલેરી વગેરેના પાણી પીવા નહિ-પીવડાવવા નહિ. તેમાં અળગણ પાણીની વિરાધના છે.

૬૯) પૌંઆમાં પુષ્કળ જીવાત થઈ જવાની સંભાવના છે તેથી, પૌંઆ રાંધતા પહેલાં ચાળણીથી બરાબર ચાળી લેવા અને બારીકાઈથી તપાસી લેવા.

૭૦) લોટનો ઉપયોગ કરતા પહેલાં લોટ અવશ્ય ચાળી લેવો.

૭૧) સાંજે સૂર્યાસ્ત પછી કપડા સૂકવવાની દોરી થોડી હલાવો જેથી માખીઓ તેના પર રાતવાસો ન કરે. રાતના સમયે દોરી ઉપર આવીને કોઈ ગરોળી માખીઓનું ભક્ષણ ન કરી જાય..તે માટે આમ કરવું જરૂરી છે.

૭૨) દિવસે વાપરેલા પાણી કે રસોઈના વાસણો મંજાઈ કે ધોવાઈ ગયા પછી કોરા કપડાથી લૂછી યોગ્ય ઠેકાણે ઊંધા મૂકી દેવા જોઈએ. તે વાસણ ભીનાં રહેવા ન જોઈએ.

૭૩) આગલા દિવસનું ગાળેલું પાણી પણ બીજા દિવસે ગાળીને જ વપરાય.

૭૪) લીંબુના ફૂલની બનાવટ મહાહિંસક છે. તેનો ઉપયોગ ટાળો.

૭૫) મિઠાઈ ઉપર શોભા માટે કેસરનું પાણી છાટેલું હોય તો તે મિઠાઈ બીજા દિવસે વાસી-અભક્ષ્ય બને છે.

૭૬) મેથી વગેરે ભાજીમાં નીચેના બે-ત્રણ પાંદડા અનંતકાય ગણાય છે. માટે તે છોડી દેવા.

૭૭) પૌંઆ-મમરા-સીંગદાણા-કિસમીસ વગેરે ચાળીને અને વીણીને જ વાપરવા જોઈએ.

૭૮) કાજુના બે ફાડીયા વચ્ચેના પોલાણમાં ઈયળ હોવાની સંભાવના છે. તેથી, ફાડીયા કર્યા વિનાના આખા કાજુ વાપરવા નહિ.

૭૯) ચોમાસામાં તે દિવસે ફોડેલી બદામ જ વાપરી શકાય. આગલા દિવસે ફોડેલી બદામ મિઠાઈ ઉપર ભભરાવાય નહિ. ચોમાસામાં આજની ફોડેલી બદામ મિઠાઇ પર

ભભરાવી હોય તે મિઠાઈ બીજા દિવસે અભક્ષ્ય બને. પરંતુ, બદામ ઘીમાં શેકેલી હોય અથવા મિઠાઈમાં શેકાઈ હોય તો બાધ નથી.

૮૦) નળવાળા માટલામાં નળનો ભાગ સતત ભીનો રહેવાથી તેમાં નિગોદ-લીલ થવાની સંભાવના છે. નળવાળા માટલાને સાંજે ખાલી કરીને નળમાંથી કપડું આરપાર નાંખી નળનો અંદરનો ભાગ સાફ કરવો જોઈએ. નળવાળા માટલાને બદલે નળ વગરના માટલા અને પાણી લેવા માટેના ડોચાની વ્યવસ્થા સર્વોત્તમ છે.

૮૧) વધારાના ઘડા-માટલા ઘરમાં રાખેલા હોય તેને કપડાના ટુકડા બાંધીને મૂકવા જોઈએ, અન્યથા તેમાં કરોળીયાના જાળા થઈ જવાની શક્યતા છે.

૮૨) એકના એક માટલામાં રોજ પાણી ભરવાથી તેમાં લીલ થઈ જવાની શક્યતા છે. તેથી પાણીના માટલા ૩-૪ દિવસે બદલી આગળના માટલાને ત્યાં સુધી સંપૂર્ણ સૂકાવા દેવા જોઈએ.

૮૩) ગ્લાસથી પાણી પીધા પછી તે ગ્લાસ કપડાથી લૂછી નાંખવો જોઈએ. લૂછયાં વગરનો એઠો ગ્લાસ પાણીના માટલામાં નાંખવાથી માટલાનાં બધા પાણીમાં સમૂર્ચ્છિમ જીવો થવાની સંભાવના છે. માટલામાંથી પાણી લેવા માટે ડોયો રાખવાથી આ ભૂલ થાય નહિ.

૮૪) બળતણ માટેના લાકડા-કોલસા પૂંજીને જમીન પર ઠપકારીને પછી જ વાપરવા જોઈએ. કોલસાને વાપરતા પહેલા ચાળણીથી ચાળી લેવા જોઈએ. લાકડા સૂકા જ વપરાય.

૮૫) સ્મશાનમાં ચિતા બાળવા માટેના એક-એક લાકડાને વ્યવસ્થિત પૂંજી લેવા જોઈએ અને જમીન પર ઠપકારીને પછી જ વાપરવા જોઈએ. જમીન પર ઠપકારવાથી અંદર પોલાણમાં ભરાયેલી જીવાત બહાર નીકળી જાય છે.

૮૬) છુંદા-મુરબ્બા પાકી ચાસણીમાં કરેલા હોવા જોઈએ.

૮૭) અનાજ-લોટ વગેરે ચાળવા માટે અલગ અલગ ચારણા-ચારણી ઘરમાં હોવા જોઈએ અને તેનો નીચે પ્રમાણે ઉપયોગ કરી શકાય : ૧) ઘઉંનો ચારણો : ઘઉં, પૌંઆ, મમરા, દાળીયા, શીંગ, આખી સૂંઠ, ગંઠોડા, મોટા કઠોળ વગેરે ચાળવા માટે ૨) ચોખાનો ચારણો : મગ, ચોખા, જીરૂં, મેથી વગેરે નાના દાણાં માટે ૩) લોટની ચારણી : મસાલાના પાવડર તથા લોટ ચાળી શકાય. ૪) મેંદાની ચારણી : આમચુર વગેરે બારીક મસાલા તથા મેંદો વગેરે ચાળવા માટે. (અલગ અલગ ચારણા રાખવાની કડાકૂટમાંથી બચાવવા અલગ અલગ જાળીવાળો ચારણો પણ બજારમાં મળે છે.)

૮૮) ચણાનો લોટ ચાળવા માટેની ચારણી રાખવી. તે જ ચારણીથી જો ઘઉંનો લોટ ચાળવામાં આવે તો તે ઘઉંના લોટની રોટલી-પુરી, દહીં-છાશ-શ્રીખંડ સાથે ખાવાથી દ્વિદળ થાય.

૮૯) આજનો ચાળેલો લોટ આજે જ ઉપયોગમાં લેવાય, બીજા દિવસે લોટ ફરીથી ચાળવો પડે.

૯૦) છુંદા-મુરબ્બાની બરણીના મોંઢા ઉપર એરંડીયુ લગાવવાથી કીડીઓ થતી નથી.

૯૧) સચિત મીઠુ કોઈ પણ ખાદ્યપદાર્થમાં ઉપરથી નાંખીને વાપરવું નહિ.

૯૨) બહારના પાઉં, બિસ્કીટ વગેરે અભક્ષ્ય હોય છે, વાપરવા નહિ.

૯૩) આઈસ્ક્રીમ, ચોકલેટ, કેડબરી વગેરેમાં પ્રાણીજ દ્રવ્યો હોવાની સંભાવના છે,

અભક્ષ્ય છે માટે વાપરવા નહિ.

૯૪) દૂધમાં નાંખીને વાપરવાના જાત-જાતના પાવડરો બજારમાં મળે છે, તેમાં તે જ વર્ણની ઝીણી ઈયળો થઈ જવાની સંભાવના છે. બીજી રીતે પણ આ પાવડરો અભક્ષ્ય હોવાની શક્યતા છે. અભક્ષ્ય ન હોય તેવા ખાત્રીવાળા પાવડર પણ વાપરતા પહેલા ઈયળ ન હોય તેની બરાબર તપાસ કરવી.

## હું જૈન બનું

(૧) રોજ ૧૦૦-૧૦૦ વર્ષના નારકીનાં આયુષ્ય તોડી નાખતું નવકારશીનું પચ્ચક્ખાણ કરીશ.

(૨) અગણિત જીવોનો કચ્ચરઘાણ બોલાવતા ભગવાન જિનેશ્વરોની આજ્ઞાને ઠુકરાવતા રાત્રિભોજનના પાપને હવે હું નહિ સેવું. સૂર્ય આથમ્યા બાદ પાણી વિના કોઈ પણ વસ્તુ મોમાં નહિં નાંખું.

(૩) મારા અનંત ઉપકારી મારા અનન્ય શરણ વિશ્વવત્સલ, ત્રિલોકગુરુ તીર્થંકર પરમાત્માની પૂજા ભારે મસ્તીથી હું અવશ્ય કરીશ. ગમે તે રીતે સમય કાઢીને પણ મારા નાથનું પૂજન કરીશ જ. એ વિના હવે મને જંપ નહિ વળે.

(૪) ભગવાન જિનેશ્વરોની માર્મિક વાણીને મારા અંતરમાં ઉતારી દેનારા સર્વસંગનાં ત્યાગી ષડ્જીવનિકાયની રક્ષા કરનારા, સંવિગ્ન ગીતાર્થ ગુરુભગવંતને હું રોજ વંદના કરીશ. તેઓશ્રીની ગેરહાજરીમાં ફોટાને વંદન પણ કરીશ.

(૫) અનંતાનંત જીવોથી ખદબદતા બટાટા (આલુ), આદુ, લીલ હળદર, શક્કરિયાં, ગાજર વગેરે કંદમૂળ ગણાતી વનસ્પતિઓનું હું સેવન નહિ કરું. મારી રસનાના આનંદ ખાતર અનંત જીવોની કબર ખોદી નાખવાનું પાપ મારાથી કેમ થાય?

(૬) રોજ મંત્રાધિરાજ શ્રીનવકારનો ૧૦૮ વખત જપ કરીશ.

## હું શ્રાવક બનું.

(૧) મારી શક્તિ મુજબ હું સમ્યક્ત્વમૂલક અણુવ્રતો ટૂંકસમયમાં ધારણ કરીશ.

(૨) મુનિજીવનના સ્વાદ સ્વરૂપ સામાયિક રોજ કરીશ.

(૩) પાપોના પ્રાયશ્ચિતરૂપે બે ટંક પ્રતિક્રમણ કરીશ.

(૪) રોજ એક ગાથા ગોખવાનો ઉદ્યમ કરીશ, અથવા અડધો કલાક સ્વાધ્યાય કરીશ.

(૫) પૂજ્ય ગુરુદેવશ્રીની ગામમાં હાજરી હોય ત્યારે જિનવાણીનું શ્રવણ કરીશ.

(૬) રોજ ચૌદ નિયમ ધારીશ.

(૭) પાંચ પર્વતિથિ એકાસણું કરીશ.

(૮) રોજ એક સાધર્મિક બંધુની યથાશક્તિ ભક્તિ કરીશ. જે દિવસે એ લાભ મને નહિ મળે તે દિવસે અમુક રકમ સાધર્મિક ભક્તિ ખાતે જુદી મુકી દઈશ.

(૯) મારા ઉપકારી ગુરુદેવશ્રી પાસે પ્રત્યેક વર્ષના અંતે સર્વ પાપોનું પ્રાયશ્ચિત કરી લઈશ.

(૧૦) મારા ગામના સંઘની પેઢીના સાધારણ ખાતે દર વર્ષે મારી આવકનો એક ટકો જમા કરાવીશ.

(૧૧) પ્રતિ વર્ષ એક તીર્થયાત્રા કરીશ.

(૧૨) કોઈને દીક્ષા લેવામાં અંતરાય નહિ કરું, પરંતુ પ્રોત્સાહિત કરીશ.

(૧૩) પ્રાચીન શાસ્ત્રગ્રંથોની રક્ષા કરવા માટે વર્ષમાં એક હજાર શ્લોકનું લહિયા પાસે લેખન કરાવીશ અથવા તેવા કાર્યમાં પ્રતિવર્ષ પચાસ રૂપિયા નોંધાવીશ.

## હું માણસ બનું

(૧) દારૂ, માંસ, જુગાર અને પરસ્ત્રીગમનનાં મહાપાપોનો હું પડછાયો પણ નહિ લઉં.

(૨) મનની પવિત્રતાને જલાવી દઈને સાફ કરી નાંખતા સિનેમા જોવાના ઘોર પાપને હું નહિ સેવું.

(૩) મારા અને મને જોનારના અંતરમાં વિકારો ઉત્પન્ન કરતાં તંગ અને ચુસ્ત કપડાં હું નહિ પહેરું.

(૪) તનનાં અને મનનાં સત્ત્વોનું નિકંદન કાઢી નાંખતી પ્રણયકથાઓ, ડિટેક્ટીવ વાર્તાઓ હું નહિ વાંચું.

(૫) જેની રક્ષાકાજે લાખો ભારતીય સ્ત્રી-પુરુષોએ પોતાનાં જીવનનાં બલિદાન આપ્યાં છે, તે ભારતીય સંતોની સંસ્કૃતિને છિન્નભિન્ન કરી દેવા અને અનેક દુરાચારો ફેલાવતાં નિરોધનાં સાધનો, નસબંધી ઓપરેશનો, છૂટાછેડા અને ગર્ભપાતનાં પાપિષ્ઠ તત્ત્વોનો ભોગ હું નહિ બનું.

(૬) કોઈ પણ પ્રકારનાં જાતીય પાપોની બદીમાં હું ફસાઈશ નહિ. આ પાપોએ તો અનેકનાં જીવનને ધમરોળી નાંખ્યું છે. મારા જીવનની કાળજી માટે તો હું હવે ખૂબ જ સાવધાન રહીશ.

## હું આર્ય બનું

(૧) ચિત્તને દુષિત કરી દેતા હોટેલ, ક્લબ કે જીમખાનાના પગથિયે હું પગ નહિં મૂકું.

(૨) જીવન જીવવા માટે તદ્દન નકામા ગણાતાં અને બધી બરબાદીને નોતરું દેતાં, પાન, બીડી, સિગારેટ, તમાકુ, ઠંડાં પીણાં અને પાઉં, ભેળ વગેરે વસ્તુઓનું હું સેવન નહિ કરું.

(૩) લીપસ્ટીક અને પાઉડરના ખોટા આડંબર નહિ કરું.

(૪) ભારતીય સંસ્કૃતિ ઉપર ધિક્કાર પેદા કરતાં ભાષણો નહિ સાંભળું.

(૫) મને પજવતા સૌથી મોટા દુર્ગુણનું (ક્રોધાદિ) જે પળે સેવન થશે તે પળ થી છ કલાક સુધી અન્ન અને પાણીનો ત્યાગ કરીશ.

(૬) મારાં આશ્રિત બનેલાં ધર્મપત્ની, બાળકો વગેરે કુટુંબીજનોની સાથે રોજ અડધો કલાક ધર્મચર્ચા કરીશ.

(૭) મારા ઉપકારી માતાપિતા વગેરે વડીલજનોનું બહુમાન સાચવીશ.

(૮) દયાપાત્ર જીવોને રોજ રૂા. ૧ નું દાન કરીશ.

## નિયમ :

- ઉપકારી સુગુરુ મહારાજને પ્રતિવર્ષ વંદન કરવા જવું..
- મધ્યરાત્રિએ અથવા વહેલી સવારે ઊઠીને શ્રી પંચપરમેષ્ઠીનું ધ્યાન કરવું. પશ્ચાત 'હું

કોણ છું? ક્યાંથી આવ્યો છું ? શું કરું છું ? શું કરવું જોઈએ? શક્તિ છતાં શું નથી કરતો? મરીને ક્યાં જઈશ? મારું કુળ-શીલ શુ?' એ પ્રશ્નોનો વિચાર કરવો.

❖ સૂતાં પહેલા કુટુંબને એકઠું કરી ધર્મકથા કરવી.

❖ સૂતી વખતે શ્રી અરિહંતાદિ ચારનાં શરણ સ્વીકારવાં અને સર્વ જીવો સાથે ખમતખામણાં કરવાં, સર્વ જીવોનું કલ્યાણ ઈચ્છવું, ઊંઘમાંય વેરભાવને વધારનારી પ્રવૃત્તિ કરવી નહિ.

❖ સૂતી વખતે 'દેહને કદાચ અવસાન થાય, તો મારે સર્વ આહારાદિ પરિગ્રહો 'વોસિરે-વોસિરે-વોસિરે'છે; અઢારે પાપસ્થાનકોને પણ એ રીતિ હું વોસિરાવું છું. હું દુષ્કૃતની નિંદા-ગર્હા-પશ્ચાતાપ કરું છું અને સુકૃતની અનુમોદના કરું છું. અમુક વ્રત વગેરે મારે છે, તેના અતિચારોને હું ટાળું છું, બાકી હોય તે વ્રત-નિયમ હું ગ્રહણ કરું છું, ભવાન્તરમાં પણ મને શ્રીવીતરાગ પરમાત્માના ધર્મની આરાધના મળો '-ઇત્યાદિ ચિંતવવાનું ચૂકવું નહિ.

## સબુર ! તમે જાણો છો કે...

પાપ ન કરો તો પણ પ્રતિજ્ઞા ન કરવાથી તે પાપ ચાલુ જ રહે છે ?

❖જેમ ભાડા ચિઠ્ઠી રદ ન કરાવો તો બંધ કરીને છોડી દીધેલ વપરાશ વિનાના ભાડાના ઘરનું ભાડું ભરવું જ પડે છે.

❖તમે બટાટા વગેરે ન ખાઓ તો ય પ્રતિજ્ઞા ન લો ત્યાં સુધી ખાવાનું જ પાપ લાગ્યા કરે છે.

❖જેને પાપની પ્રતિજ્ઞા નથી તેને તે પાપ કરવાનો ચાન્સ ઊભો જ રહે છે. આ ચાન્સ એ જ પાપ છે.

❖વીર પ્રભુ આજીવન સામાયિક હાથ જોડીને પ્રતિજ્ઞા લે, અને તમે આ નાનકડી પ્રતિજ્ઞા લેવામાં આનાકાની કરશો ?

## કલ્યાણક આરાધના વિધિ

**તપ** : જયારે એક કલ્યાણક હોય ત્યારે એકાસણું કરવું, બે કલ્યાણક હોય ત્યારે આયંબિલ કરવું , ત્રણ કલ્યાણક હોય ત્યારે આયંબિલ અને એકાસણું કરવું, ચાર કલ્યાણક હોય ત્યારે ઉપવાસ કરવો, પાંચ કલ્યાણક હોય ત્યારે ઉપવાસ અને એકાસણું કરવું.

**મતાંતરે** : એક કલ્યાણકે એકાસણું , બે હોય તો નિવી, ત્રણ હોય તો પુરિમઢઆયંબિલ, ચાર હોય તો ઉપવાસ અને પાંચ કલ્યાણક હોય તો પુરિમઢઉપવાસ કરવો.

**જાપ** : ૨૦ નવકારવાળી નીચે પ્રમાણે ગણવી, જે પ્રભુનુ કલ્યાણક હોય તે નામ જાપના પદમાં જોડવું.

| | |
|---|---|
| ૧. ચ્યવન કલ્યાણકે | ૐ હ્રીં શ્રી............... પરમેષ્ઠિને નમ: |
| ૨. જન્મ કલ્યાણકે | ૐ હ્રીં શ્રી............. અર્હતેનમ: |
| ૩. દીક્ષા કલ્યાણકે | ૐ હ્રીં શ્રી............ નાથાય નમ: |
| ૪. કેવલજ્ઞાન કલ્યાણકે | ૐ હ્રીં શ્રી............ સર્વજ્ઞાય નમ: |
| ૫. મોક્ષ કલ્યાણકે | ૐ હ્રીં શ્રી........... પારંગતાય નમ: |

**વિધિ** : ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ,૧૨ સાથિયા અને તેની ઉપર ૧૨ ફળ, ૧૨ નૈવેદ્ય, ૧૨ ખમાસમણા દેવા.

**ખમાસમણાનો દુહો :**

પરમ પંચપરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન,ચાર નિક્ષેપે દયાઈએ,નમોનમો શ્રી જિનભાણ.

## ૨૪ તીર્થંકર ભગવંતોના / શ્રીસીમંધર સ્વામીજી આદિ
## શ્રી વીશવિહરમાન જિનેશ્વર દેવોના પંચ કલ્યાણકો

જેઓના કલ્યાણકોના પર્વ દિવસોમાં નરકના જીવો પણ આનંદ પામે છે.
તે તીર્થંકર પરમાત્માઓના પવિત્ર ચરિત્રનું વર્ણન કરવાને માટે કોણ સમર્થ છે.

| | | |
|---|---|---|
| | કારતકમાં-૬ | |
| સુદિ-૩ | શ્રી સુવિધિનાથ | કેવલ |
| સુદિ-૧૨ | શ્રી અરનાથ | કેવલ |
| વદિ-૫ | શ્રી સુવિધિનાથ | જન્મ |
| વદિ-૬ | શ્રી સુવિધિનાથ | દીક્ષા |
| વદિ-૧૦ | શ્રી મહાવીરસ્વામી | દીક્ષા |
| વદિ-૧૧ | શ્રી પદ્મપ્રભસ્વામી | મોક્ષ |
| | માગસરમાં-૧૪ | |
| સુદિ-૧૦ | શ્રી અરનાથ | જન્મ |
| સુદિ-૧૦ | શ્રી અરનાથ | મોક્ષ |
| સુદિ-૧૧ | શ્રી અરનાથ | દીક્ષા |
| સુદિ-૧૧ | શ્રી મલ્લિનાથ | જન્મ |
| સુદિ-૧૧ | શ્રી મલ્લિનાથ | દીક્ષા |
| સુદિ-૧૧ | શ્રી મલ્લિનાથ | કેવલ |
| સુદિ-૧૧ | શ્રી નમિનાથ | કેવલ |
| સુદિ-૧૪ | શ્રી સંભવનાથ | જન્મ |
| સુદિ-૧૫ | શ્રી સંભવનાથ | દીક્ષા |
| વદિ-૧૦ | શ્રી પાર્શ્વનાથ | જન્મ |
| વદિ-૧૧ | શ્રી પાર્શ્વનાથ | દીક્ષા |
| વદિ-૧૨ | શ્રી ચંદ્રપ્રભસ્વામી | જન્મ |
| વદિ-૧૩ | શ્રી ચંદ્રપ્રભસ્વામી | દીક્ષા |
| વદિ-૧૪ | શ્રી શીતલનાથ | કેવલ |
| | પોષમાં-૧૦ | |
| સુદિ-૬ | શ્રી વિમલનાથ | કેવલ |
| સુદિ-૯ | શ્રી શાંતિનાથ | કેવલ |
| સુદિ-૧૧ | શ્રી અજિતનાથ | કેવલ |
| સુદિ-૧૪ | શ્રી અભિનંદન | કેવલ |
| સુદિ-૧૫ | શ્રી ધર્મનાથ | કેવલ |
| વદિ-૬ | શ્રી પદ્મપ્રભસ્વામી | ચ્યવન |
| વદિ-૧૨ | શ્રી શીતલનાથ | જન્મ |
| વદિ-૧૨ | શ્રી શીતલનાથ | દીક્ષા |
| વદિ-૧૩ | શ્રી આદિનાથ | મોક્ષ |
| વદિ-૩૦ | શ્રી શ્રેયાંશનાથ | કેવલ |
| | મહામાં-૧૯ | |
| સુદિ-૨ | શ્રી અભિનંદન | જન્મ |
| સુદિ-૨ | શ્રી વાસુપૂજ્યસ્વામી | કેવલ |
| સુદિ-૩ | શ્રી ધર્મનાથ | જન્મ |
| સુદિ-૩ | શ્રી વિમલનાથ | જન્મ |
| સુદિ-૪ | શ્રી વિમલનાથ | દીક્ષા |
| સુદિ-૮ | શ્રી અજિતનાથ | જન્મ |
| સુદિ-૯ | શ્રી અજિતનાથ | દીક્ષા |
| સુદિ-૧૨ | શ્રી અભિનંદન | દીક્ષા |
| સુદિ-૧૩ | શ્રી ધર્મનાથ | દીક્ષા |
| વદિ-૬ | શ્રી સુપાર્શ્વનાથ | કેવલ |
| વદિ-૭ | શ્રી સુપાર્શ્વનાથ | મોક્ષ |
| વદિ-૭ | શ્રી ચંદ્રપ્રભસ્વામી | કેવલ |
| વદિ-૯ | શ્રી સુવિધિનાથ | ચ્યવન |
| વદિ-૧૧ | શ્રી આદિનાથ | કેવલ |
| વદિ-૧૨ | શ્રી શ્રેયાંશનાથ | જન્મ |
| વદિ-૧૨ | શ્રી મુનિસુવ્રતસ્વામી | કેવલ |
| વદિ-૧૩ | શ્રી શ્રેયાંસનાથ | દીક્ષા |
| વદિ-૧૪ | શ્રી વાસુપૂજ્ય | જન્મ |
| વદિ-૩૦ | શ્રી વાસુપૂજ્ય | દીક્ષા |
| | ફાગણમાં-૧૧ | |
| સુદિ-૨ | શ્રી અરનાથ સ્વામી | ચ્યવન |
| સુદિ-૩ | શ્રીસીમંધરસ્વામી | દીક્ષા |
| | વીસવિહરમાન | |
| સુદિ-૪ | શ્રી મલ્લિનાથ | ચ્યવન |
| સુદિ-૮ | શ્રી સંભવનાથ | ચ્યવન |
| સુદિ-૧૨ | શ્રી મલ્લિનાથ | મોક્ષ |
| સુદિ-૧૨ | શ્રી મુનિસુવ્રતસ્વામી | દીક્ષા |
| વદિ-૪ | શ્રી પાર્શ્વનાથ | ચ્યવન |
| વદિ-૪ | શ્રી પાર્શ્વનાથ | કેવલ |
| વદિ-૫ | શ્રી ચંદ્રપ્રભસ્વામી | ચ્યવન |
| વદિ-૮ | શ્રી આદિનાથ | જન્મ |
| વદિ-૮ | શ્રી આદિનાથ | દીક્ષા |
| | ચૈત્રમાં-૧૯ | |
| સુદિ-૩ | શ્રી કુંથુંનાથ | કેવલ |
| સુદિ-૫ | શ્રી અજિતનાથ | મોક્ષ |
| સુદિ-૫ | શ્રી સંભવનાથ | મોક્ષ |
| સુદિ-૫ | શ્રી અનંતનાથ | મોક્ષ |
| સુદિ-૯ | શ્રી સુમતિનાથ | મોક્ષ |
| સુદિ-૧૧ | શ્રી સુમતિનાથ | કેવલ |
| સુદિ-૧૩ | શ્રી મહાવીરસ્વામી | જન્મ |
| સુદિ-૧૩ | શ્રી સીમંધરસ્વામી | કેવલ |
| | વીશવિહરમાન | |
| સુદિ-૧૫ | શ્રી પદ્મપ્રભસ્વામી | કેવલ |
| વદિ-૧ | શ્રી કુંથુનાથ | મોક્ષ |
| વદિ-૨ | શ્રી શીતલનાથ | મોક્ષ |
| વદિ-૫ | શ્રી કુંથુનાથ | દીક્ષા |
| વદિ-૬ | શ્રી શીતલનાથ | ચ્યવન |
| વદિ-૧૦ | શ્રી નમિનાથ | મોક્ષ |
| વદિ-૧૦ | શ્રી સીમંધરસ્વામી | જન્મ |
| | વીશ વિહરમાન | |
| વદિ-૧૩ | શ્રી અનંતનાથ | જન્મ |
| વદિ-૧૪ | શ્રી અનંતનાથ | દીક્ષા |
| વદિ-૧૪ | શ્રી અનંતનાથ | કેવલ |
| વદિ-૧૪ | શ્રી કુંથુનાથ | જન્મ |
| | વૈશાખમાં-૧૪ | |
| સુદિ-૪ | શ્રી અભિનંદન | ચ્યવન |
| સુદિ-૭ | શ્રીધર્મનાથ | ચ્યવન |
| સુદિ-૮ | શ્રી અભિનંદન | મોક્ષ |
| સુદિ-૮ | શ્રી સુમતિનાથ | જન્મ |
| સુદિ-૯ | શ્રી સુમતિનાથ | દીક્ષા |

| | | |
|---|---|---|
| સુદિ-૧૦ | શ્રી મહાવીર | કેવલ |
| સુદિ-૧૨ | શ્રી વિમલનાથ | ચ્યવન |
| સુદિ-૧૩ | શ્રી અજિતનાથ | ચ્યવન |
| વદિ-૬ | શ્રી શ્રેયાંશનાથ | ચ્યવન |
| વદિ-૮ | શ્રી મુનિસુવ્રત | જન્મ |
| વદિ-૯ | શ્રી મુનિસુવ્રત | મોક્ષ |
| વદિ-૧૩ | શ્રી શાંતિનાથ | જન્મ |
| વદિ-૧૩ | શ્રી શાંતિનાથ | મોક્ષ |
| વદિ-૧૪ | શ્રી શાંતિનાથ | દીક્ષા |
| | જેઠમાં-૭ | |
| સુદિ-૫ | શ્રી ધર્મનાથ | મોક્ષ |
| સુદિ-૯ | શ્રી વાસુપૂજય | ચ્યવન |
| સુદિ-૧૨ | શ્રી સુપાર્શ્વનાથ | જન્મ |
| સુદિ-૧૩ | શ્રી સુપાર્શ્વનાથ | દીક્ષા |
| વદિ-૪ | શ્રી આદિનાથ | ચ્યવન |
| વદિ-૭ | શ્રી વિમલનાથ | મોક્ષ |
| વદિ-૯ | શ્રી નેમિનાથ | દીક્ષા |
| | અષાઢમાં-૮ | |
| સુદિ-૬ | શ્રી મહાવીર | ચ્યવન |
| સુદિ-૮ | શ્રી નેમિનાથ | મોક્ષ |
| સુદિ-૧૪ | શ્રી વાસુપૂજય | મોક્ષ |
| વદિ-૧ | શ્રી સીમંધરસ્વામી વીશ.વિહરમાન | ચ્યવન |
| વદિ-૩ | શ્રી શ્રેયાંસનાથ | મોક્ષ |
| વદિ-૭ | શ્રી અનંતનાથ | ચ્યવન |
| વદિ-૮ | શ્રી નમિનાથ | જન્મ |
| વદિ-૯ | શ્રી કુંથુનાથ | ચ્યવન |
| | શ્રાવણમાં-૯ | |
| સુદિ-૨ | શ્રી સુમતિનાથ | ચ્યવન |
| સુદિ-૩ | શ્રી સીમંધરસ્વામી વીશ.વિહરમાન | કેવલ |
| સુદિ-૫ | શ્રી નેમિનાથ | જન્મ |
| સુદિ-૬ | શ્રી નેમિનાથ | દીક્ષા |
| સુદિ-૮ | શ્રી પાર્શ્વનાથ | મોક્ષ |
| સુદિ-૧૫ | શ્રી મુનિસુવ્રત | ચ્યવન |
| વદિ-૭ | શ્રી ચંદ્રપ્રભ | મોક્ષ |
| વદિ-૭ | શ્રી શાંતિનાથ | ચ્યવન |
| વદિ-૮ | શ્રી સુપાર્શ્વનાથ | ચ્યવન |
| | ભાદરવામાં-૨ | |
| સુદિ-૯ | શ્રી સુવિધિનાથ | મોક્ષ |
| વદિ-૩૦ | શ્રી નેમિનાથ | કેવલ |
| | આસોમાં—૬ | |
| સુદિ-૧૫ | શ્રી નમિનાથ | ચ્યવન |
| વદિ-૫ | શ્રી સંભવનાથ | કેવલ |
| વદિ-૧૨ | શ્રી પદ્મપ્રભ | જન્મ |
| વદિ-૧૨ | શ્રી નેમિનાથ | ચ્યવન |
| વદિ-૧૩ | શ્રી પદ્મપ્રભ | દીક્ષા |
| વદિ-૩૦ | શ્રી મહાવીર | મોક્ષ |

## નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત અપાર. ૧
સુખમાં સમરો, દુ:ખમાં સમરો, સમરો દિવસ ને રાત;
જીવતાં સમરો, મરતાં સમરો, સમરો સૌ સંગાથ. ૨
જોગી સમરે, ભોગી સમરે, સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે, સમરે સૌ નિ:શંક ૩
અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો, અડસિદ્ધિ દાતાર. ૪
નવ પદ એના નવનિધિ આપે, ભવોભવનાં દુ:ખ કાપે;
'વીર' વચનથી હૃદયે વ્યાપે, પરમાતમ પદ આપે. ૫

## અનાનુપૂર્વી ગણવાની રીત

૧. એકડો છે ત્યાં 'નમો અરિહંતાણં'બોલવું.
૨. બગડો છે ત્યાં 'નમો સિદ્ધાણં' બોલવું.
૩. ત્રગડો છે ત્યાં 'નમો આયરિયાણં' બોલવું.
૪. ચોગડો છે ત્યાં 'નમો ઉવજ્ઝાયાણં' બોલવું.
૫. પાંચડો છે ત્યાં 'નમો લોએ સવ્વસાહૂણં'બોલવું.

## દુહા

અનાનુપૂર્વી ગુણજ્યો જોય, છમાસિ તપનું ફલ હોય;
સંદેહ નવ આણો લગાર, નિર્મલ મને જયો નવકાર ॥૧॥
શુદ્ધ વસ્ત્રે ધરી વિવેક, દિન દિન પ્રત્યે ગણવી એક;
એમ અનાનુપૂર્વ્વી જે ગણે, તે પાંચસે સાગરના પાપને હણે ॥૨॥
અશુભ કર્મ કે હરણકું, મંત્ર બડો નવકાર;
વાણી દ્વાદશ અંગ મેં, દેખ લીયો તત્ત્વસાર. ॥૩॥

# અનાનુપૂર્વી

૧

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૧ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૫ |
| ૩ | ૧ | ૨ | ૪ | ૫ |
| ૨ | ૩ | ૧ | ૪ | ૫ |
| ૩ | ૨ | ૧ | ૪ | ૫ |

૨

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૩ | ૫ |
| ૨ | ૧ | ૪ | ૩ | ૫ |
| ૧ | ૪ | ૨ | ૩ | ૫ |
| ૪ | ૧ | ૨ | ૩ | ૫ |
| ૨ | ૪ | ૧ | ૩ | ૫ |
| ૪ | ૨ | ૧ | ૩ | ૫ |

૩

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪ | ૨ | ૫ |
| ૩ | ૧ | ૪ | ૨ | ૫ |
| ૧ | ૪ | ૩ | ૨ | ૫ |
| ૪ | ૧ | ૩ | ૨ | ૫ |
| ૩ | ૪ | ૧ | ૨ | ૫ |
| ૪ | ૩ | ૧ | ૨ | ૫ |

૪

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૧ | ૫ |
| ૩ | ૨ | ૪ | ૧ | ૫ |
| ૨ | ૪ | ૩ | ૧ | ૫ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૫ |
| ૩ | ૪ | ૨ | ૧ | ૫ |
| ૪ | ૩ | ૨ | ૧ | ૫ |

૫

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૫ | ૪ |
| ૨ | ૧ | ૩ | ૫ | ૪ |
| ૧ | ૩ | ૨ | ૫ | ૪ |
| ૩ | ૧ | ૨ | ૫ | ૪ |
| ૨ | ૩ | ૧ | ૫ | ૪ |
| ૩ | ૨ | ૧ | ૫ | ૪ |

૬

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૩ | ૪ |
| ૨ | ૧ | ૫ | ૩ | ૪ |
| ૧ | ૫ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૫ | ૧ | ૩ | ૪ |
| ૫ | ૨ | ૧ | ૩ | ૪ |

૭

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૨ | ૪ |
| ૩ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૧ | ૫ | ૩ | ૨ | ૪ |
| ૫ | ૧ | ૩ | ૨ | ૪ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૪ |
| ૫ | ૩ | ૧ | ૨ | ૪ |

૮

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૧ | ૪ |
| ૩ | ૨ | ૫ | ૧ | ૪ |
| ૨ | ૫ | ૩ | ૧ | ૪ |
| ૫ | ૨ | ૩ | ૧ | ૪ |
| ૩ | ૫ | ૨ | ૧ | ૪ |
| ૫ | ૩ | ૨ | ૧ | ૪ |

૯

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૫ | ૩ |
| ૨ | ૧ | ૪ | ૫ | ૩ |
| ૧ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૪ | ૧ | ૨ | ૫ | ૩ |
| ૨ | ૪ | ૧ | ૫ | ૩ |
| ૪ | ૨ | ૧ | ૫ | ૩ |

૧૦

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૪ | ૩ |
| ૨ | ૧ | ૫ | ૪ | ૩ |
| ૧ | ૫ | ૨ | ૪ | ૩ |
| ૫ | ૧ | ૨ | ૪ | ૩ |
| ૨ | ૫ | ૧ | ૪ | ૩ |
| ૫ | ૨ | ૧ | ૪ | ૩ |

૧૧

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૫ | ૨ | ૩ |
| ૪ | ૧ | ૫ | ૨ | ૩ |
| ૧ | ૫ | ૪ | ૨ | ૩ |
| ૫ | ૧ | ૪ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૫ | ૪ | ૧ | ૨ | ૩ |

૧૨

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૧ | ૩ |
| ૪ | ૨ | ૫ | ૧ | ૩ |
| ૨ | ૫ | ૪ | ૧ | ૩ |
| ૫ | ૨ | ૪ | ૧ | ૩ |
| ૪ | ૫ | ૨ | ૧ | ૩ |
| ૫ | ૪ | ૨ | ૧ | ૩ |

૧૩

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૪ | ૫ | ૨ |
| ૩ | ૧ | ૪ | ૫ | ૨ |
| ૧ | ૪ | ૩ | ૫ | ૨ |
| ૪ | ૧ | ૩ | ૫ | ૨ |
| ૩ | ૪ | ૧ | ૫ | ૨ |
| ૪ | ૩ | ૧ | ૫ | ૨ |

૧૪

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૪ | ૨ |
| ૩ | ૧ | ૫ | ૪ | ૨ |
| ૧ | ૫ | ૩ | ૪ | ૨ |
| ૫ | ૧ | ૩ | ૪ | ૨ |
| ૩ | ૫ | ૧ | ૪ | ૨ |
| ૫ | ૩ | ૧ | ૪ | ૨ |

૧૫

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૫ | ૩ | ૨ |
| ૪ | ૧ | ૫ | ૩ | ૨ |
| ૧ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૫ | ૧ | ૪ | ૩ | ૨ |
| ૪ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૫ | ૪ | ૧ | ૩ | ૨ |

૧૬

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૧ | ૨ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૨ |
| ૩ | ૫ | ૪ | ૧ | ૨ |
| ૫ | ૩ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૫ | ૩ | ૧ | ૨ |
| ૫ | ૪ | ૩ | ૧ | ૨ |

૧૭

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૩ | ૨ | ૪ | ૫ | ૧ |
| ૨ | ૪ | ૩ | ૫ | ૧ |
| ૪ | ૨ | ૩ | ૫ | ૧ |
| ૩ | ૪ | ૨ | ૫ | ૧ |
| ૪ | ૩ | ૨ | ૫ | ૧ |

૧૮

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૪ | ૧ |
| ૩ | ૨ | ૫ | ૪ | ૧ |
| ૨ | ૫ | ૩ | ૪ | ૧ |
| ૫ | ૨ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૫ | ૨ | ૪ | ૧ |
| ૫ | ૩ | ૨ | ૪ | ૧ |

૧૯

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૪ | ૨ | ૫ | ૩ | ૧ |
| ૨ | ૫ | ૪ | ૩ | ૧ |
| ૫ | ૨ | ૪ | ૩ | ૧ |
| ૪ | ૫ | ૨ | ૩ | ૧ |
| ૫ | ૪ | ૨ | ૩ | ૧ |

૨૦

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૨ | ૧ |
| ૪ | ૩ | ૫ | ૨ | ૧ |
| ૩ | ૫ | ૪ | ૨ | ૧ |
| ૫ | ૩ | ૪ | ૨ | ૧ |
| ૪ | ૫ | ૩ | ૨ | ૧ |
| ૫ | ૪ | ૩ | ૨ | ૧ |

✤ પ.પૂ. આ. શ્રીમદ્ ભુવનભાનુ સૂરીશ્વર મ. સા. ✤

## બાર વ્રતની મારી પ્રતિજ્ઞાઓ

### નિયમ શા માટે ?

"જાવ મણે હોઈ નિયમ સંજુત્તો છિજ્જઈ અસુહં કમ્મં !" મન જ્યાં સુધી નિયમની સાંકળથી બંધાયેલું છે ત્યાં સુધી અશુભ કર્મો તૂટે છે અને જ્યાં સુધી પાપની અપેક્ષા ન છોડે ત્યાં સુધી જીવને અવિરતિનું પાપ લાગે (અને પાપ આચરે ત્યારે વધારામાં કુયોગનું પણ પાપ લાગે છે.) નિયમ કરવાથી પાપની અપેક્ષા છૂટે છે. તેથી આત્મા પાપથી બચે છે, જીવોને અભયદાન મળે છે, ગુણસ્થાનકોની કક્ષા વધે છે. ધર્મરૂપી તિજોરીને સુરક્ષિત રાખવા પ્રતિજ્ઞારૂપી લોખંડી તાળુ જરુરી છે. બહુ સામાન્ય ચાર પ્રતિજ્ઞાના પાલનથી વંકચૂલ સુધરી ગયાનું અને રાજા કુમારપાળ જેવા પણ વિરતિધર્મ બજાવવા જાગૃત હતા એ શાસ્ત્રપ્રસિદ્ધ છે. પૃથ્વીકાય અપ્કાય આદિ જીવો પ્રગટપણે એક પણ પાપ ન કરતા જાણતા હોવા છતાં અસંખ્ય ઉત્સર્પિણી સુધી ત્યાને ત્યાં જ ઉત્પન્ન થવાનું મુખ્ય કારણ અવિરતિનું પાપ છે. શક્ય નિયમો લઈ તેનું સુંદર રીતે પાલન કરી મુમુક્ષુ જીવો મોક્ષમાર્ગ તરફ આગળ વધો એ જ શુભ ભાવના !

**સમકિત**

૧. સુદેવ, સુગુરુ, સુધર્મને જ દેવ, ગુરુ, ધર્મ તરીકે માનીશ.
૨. કુદેવ, કુગુરુ, કુધર્મની, માન્યતાનો ત્યાગ કરીશ.
૩. દરરોજ જિનેશ્વર દર્શન .........વખત કરીશ.
૪. દરરોજ જિનેશ્વર પૂજન......... વખત કરીશ.
૫. સુગુરુનો યોગ હોય તો ગુરુવંદન દરરોજ....... વખત કરીશ.
૬. પ્રવચન શ્રવણ....... કરીશ.

**પહેલુ અણુવ્રત સ્થૂલ હિંસા ત્યાગ –**

૧. હાલતા ચાલતા નિરપરાધી જીવને જાણી જોઈને, નિરપેક્ષ રીતે, મારવાની બુદ્ધિએ મારું નહિં.

**બીજુ અણુવ્રત સ્થૂલ જૂઠ ત્યાગ**

**પાંચ મોટા જૂઠ બોલું નહિ.**

૧. કન્યા (બે પગવાળા સંબંધી )
૨. ઢોર (ચાર પગવાળા સંબંધી)
૩. ભૂમિ (મકાન આદિ સંબંધી)
૪. થાપણ ઓળવીશ નહી
૫. ખોટી સાક્ષી આપીશ નહી.

**૩જું સ્થૂળ અદત્તાદાન વિરમણ વ્રત –**

રાજા (સરકાર) નો દંડ થાય તેવી મોટી ચોરી, લુટફાટ આદિ કરુ નહિ.

**ચોથું અણુવ્રત – સ્થૂલ મૈથુન ત્યાગ**

૧. પરસ્ત્રી–વેશ્યા–વિધવા– કુમારિકાનો ભોગ કરુ નહીં.
૨. સ્વદારા /સ્વપુરુષમાં પણ માસમાં રાત્રિએ અબ્રહ્મનો ત્યાગ.......દિવસ.

**પાંચમું અણુવ્રત – પરિગ્રહ પરિમાણ વ્રત –**

ધન, ધાન્ય, જમીન, મકાન, સોનું, રૂપુ આદિ ........તોલા સોનાની કિંમતથી વધુ ન રાખું.

**છઠ્ઠું દિક્ પરિણામ વ્રત -**

ચાર દિશામાં, તીર્છું........માઈલની બહાર નહિ જાઉં.

ઉપર માઈલ...... ની બહાર નહિ જાઉં.

નીચે માઈલ.........ની બહાર નહિ જાઉં.

ભારતની બહાર ન જાઉં.

**સાતમું ભોગોપભોગ પરિમાણ વ્રત**

એક વર્ષમાં કોઈ એક દિવસે - રાત્રિએ

સચિત્ત ત્યાગ અથવા કિલો......... થી વધુ નહિ વાપરું.

દ્રવ્ય સંખ્યા......... થી વધુ નહિ વાપરું.

વિગઈ દરરોજ કાચી......... પાકી....... ત્યાગ.

વાહણ-બુટ ચંપલ આદિ સંખ્યા........ થી વધુ નહિ

તંબોલ તોલા..........થી વધારે નહિ વાપરું.

વસ્ત્ર જોડી...... થી વધારે નહિ વાપરું.

કુસુમ (પુષ્પ) ......થી વધારે નહિ વાપરું.

વાહન જલ માર્ગના ............થી વધારે નહિ વાપરું.

શયન-પલંગ, ખુરશી, પથારી, સોફા આદિ .......થી વધારે નહિ વાપરું.

વિલેપન, તેલ, અત્તર વગેરે............. વધારે નહિ વાપરું.

બ્રહ્મચર્ય મહિનામાં દિવસે ..........રાત્રે .......પાળુ

સ્નાન...........થી વધારે ન કરું.

ભોજન કીલો.........થી વધારે ન કરું.

પૃથ્વીકાય - માટી આદિ........... વધારે ન વાપરું.

અપ્કાય પાણી.......... થી વધારે ન વાપરું.

તેઉકાય,ચુલા-લાઈટ વગેરે....થી વધારે નહી વાપરું.

વાયુકાય, પંખા........... થી વધારે નહિ વાપરું.

વનસ્પતિ કીલો..........થી વધારે નહિ વાપરું.

ત્રસકાયનો ઉપયોગ નહિ કરું.

અસિ-સુડો, ચપ્પુ, છરી, કાતરાદિ.......થી વધારે નો ત્યાગ.

મસી-પેન, પેન્સીલ, બોલપેન..........થી વધુ ન વાપરું.

કૃષિ-કોશ-કોદાળા-પાવડા..... થી વધુ ન વાપરું.

**બાવીસ અભક્ષ્ય ખાવા નહિ -**

૧ રાત્રિભોજન ૨. માંસ-ઈંડા-કોડલિવર - ઓઈલ વગેરે ૩. મદિરા ૪. મધ
૫. માખણ ૬. વડ પીપળો ૭. પારસ પીપળો ૮. ગલર ૯. પ્લક્ષ
૧૦. કાલુંબરના ટેટા આદિ ૧૧. બરફ ૧૨. કરા. ૧૩. અફીણ-ભાંગ

૧૪. બહુ બીજ–રીંગણા, ખસખસ, અંજીર, રાજગરો પટોલાદિ

૧૫. સર્વ પ્રકારની માટી ૧૬. બેંગણ.

૧૭. તુચ્છફળ–બોર, જાંબુ, ગુંદા, મહુડા, કોમલસિંગ. ૧૮. અજાણ્યા ફળ.

૧૯. સંધાન–બોલ અથાણું ૨૦. ચલિત રસ (વાસી વસ્તુ આદિ)

૨૧. દ્વિદલ (કાચા દુધ, દહિ, છાશ સાથે કઠોળ)

૨૨. અનંત કાય – સેવાલ, આદુ, મૂલા, ગાજર, બટાટા, લસણ, ડૂંગળી, શકરિયા, રતાળુ, કુણી આંબલી વગેરે.

**કર્માદાનના ૧૫ વ્યાપાર કરવા નહિ.**

**૫ કુકર્મ વગેરે કરું નહિ**

૧. ઇંગાલ કર્મ–લુહાર, સોનાર, કુંભાર, ભાડભુંજા, હોટલ વગેરેના ધંધા.

૨. વનકર્મ – વન કપાવવા, વાડી બગીચા વગેરે લગાવવા.

૩. શકટ કર્મ–ગાડા, ગાડી, મોટર તૈયાર કરવા.

૪. ભાટક કર્મ–ગાડા, મોટર ટ્રાન્સપોર્ટ ભાડાના વ્યાપાર.

૫. સ્ફોટક કર્મ–જમીન, ખાણ વગેરે ફોડવાના વ્યાપાર.

**૫. કુવાણિજ્ય કરુ નહિ.**

૧. દંત વાણિજ્ય–હાથી દાંત, પીછા કેશાદિનો વ્યાપાર

૨. લખ વાણિજ્ય–લાખ, રાળ, દારુખાનું, કોલસા બળતણ.

૩. રસ વાણિજ્ય–મધ, તેલ, ઘી વગેરેનો વ્યાપાર.

૪. કેશ વાણિજ્ય–મનુષ્ય, પશુ વગેરેનો વ્યાપાર.

૫. વિષ વાણિજ્ય – સોમલ, વચ્છનાગ, તેજાબ વગેરે નો વ્યાચાર.

**૫. સામાન્ય કર્મનો ત્યાગ કરું.**

૧. યંત્ર પીલન કર્મ–ખાંડવા, પીસવા, દળવા આદિના વ્યાપાર.

૨. નિર્લાછન કર્મ–જીવના ગોત્ર કાપવા છેદવા વગેરે

૩. દવદાન–જંગલો બાળવા વગેરે.

૪. તળાવ–સુકાવવા વગેરે

૫. અસતી પોષણ–દાસ, દાસી, પશુ પંખી વેચી અથવા તેના દુરાચાર પર કમાણી.

**આઠમું અનર્થ દંડ વિરમણ વ્રત**

સીનેમાનો ત્યાગ અથવા વર્ષમાં........ થી વધુ નહિ જોવા.

કોઈ એક દિવસે..........થી વધુ કલાક ટી.વી. નહિ જોઉં.

ટી.વી. ત્યાગ અથવા..... થી વધુ એક વર્ષમાં નહિ જોઉં.

નાટકનો ત્યાગ અથવા વર્ષમાં ..... થી વધુ નહિ જોવા.

સરર્કસનો ત્યાગ અથવા વર્ષમાં....... થી વધુ નહિ જોવા.

જાદુગરના ખેલ જોવાનો ત્યાગ.

### નવમું સામાયિક વ્રત

દર વર્ષે.......સામાયિક કરીશ.

### દશમું દેશાવકાશિક વ્રત

ઓછામાં ઓછુ, એકાસણાનુંતપ કરી દિવસમાં બે પ્રતિક્રમણ તથા આઠ સામાયિક વર્ષમાં કરીશ.

### અગિયારમું પૌષધ વ્રત

આખો પૌષધ અહોરાત્રના ......... વર્ષમાં કરીશ.

અડધો પૌષધ રાત્રિ-દિવસનાં ......... વર્ષમાં કરીશ.

### બારમું અતિથિ સંવિભાગ વ્રત -

ચોવિહાર અથવા તિવિહાર ઉપવાસ કરી અહોરાત્રનો પૌષધ કરી પારણામાં એકાસણું કરી મુનિને વહોરાવ્યા પછી વાપરવાનું વર્ષમાં..... વાર કરીશ.

## સામાન્ય નિયમો :

દરવર્ષે સાત ક્ષેત્રમાં રૂપિયા ......... દાન કરીશ.

દર વર્ષે અનુકંપામાં રૂપિયા........ નું દાન કરીશ.

જુગાર, શિકાર, લોટરી, સટ્ટા, વાયદા, શેરબજાર ખેલું નહિ.

### દર વર્ષે ઓછામાં ઓછું કરવાનું.

સંઘપૂજા વર્ષમાં...... વાર કરીશ અથવા રૂપિયા ...........વાપરીશ.

સાધર્મિક ભક્તિ વર્ષમાં.......કરીશ અથવા રૂપિયા........વાપરીશ.

### યાત્રાત્રિક

અષ્ટાહ્નિકા વર્ષમાં........ કરીશ અથવા રૂપિયા.......વાપરીશ.

રથયાત્રા વર્ષમાં.........કરીશ અથવા રૂપિયા ........વાપરીશ.

તીર્થયાત્રા વર્ષમાં .........કરીશ અથવા રૂપિયા .......વાપરીશ.

સ્નાત્ર મહોત્સવ વર્ષમાં... કરીશ અથવા રૂપિયા...... વાપરીશ.

દેવદ્રવ્યમાં...... રૂપિયા વાપરીશ.

મહાપૂજા વર્ષમાં.... કરીશ અથવા રૂપિયા ............વાપરીશ.

રાત્રિ જાગરણ વર્ષમાં... કરીશ અથવા રૂપિયા .............વાપરીશ.

શ્રૂતપૂજામાં વર્ષમાં............કરીશ અથવા રૂપિયા ......... વાપરીશ.

ઉદ્યાપન વર્ષમાં...... કરીશ અથવા રૂપિયા ........વાપરીશ.

તીર્થ પ્રભાવના વર્ષમાં.........કરીશ અથવા રૂપિયા.......... વાપરીશ.

દર વર્ષે સુવિહિત આચાર્ય પાસે આલોચના લઇશ.

દરરોજ નવકારશી કરીશ.

દરરોજ....... નવકાર મંત્ર જાપ કરીશ.

હોટલ રેસ્ટોરેંટમાં જાઉં નહિ અથવા વર્ષમાં .....થી અધિક દિવસ ન જાઉં.

ગુરુનિશ્રામાં પ્રતિક્રમણ પ્રતિદિન અથવા માસમાં....... દિન કરીશ.

માસમાં...........ઉકાળેલું પાણી પીશ.

એક દિવસમાં............. થી વધુ વખત ભોજન નહિ કરું

(ચાખવાની તથા દવાની છૂટ)

મા બાપને દરરોજ............... વખત પ્રણામ કરીશ. તેમની ગેરહાજરીમાં માનસિક આકૃતિને પ્રણામ કરીશ.

સ્નાન માટે એક ડોલથી.............. વધુ પાણી નહિ વાપરું.

બીજાને વિકાર કરે તેવા ચૂસ્ત પારદર્શક કપડાં ............નહિ પહેરું.

## પ.પૂ. આ. ભ. શ્રી હેમચંદ્રસૂરિ મ. સા.
## શૂળીની સજા સોયથી અર્થાત્ ભવઆલોચના

હે ભવ્યાત્મા, સર્વજીવો એકમાત્ર સુખને ઈચ્છે છે, સુખ પણ હોય ક્વોલીટીનું, જરાય ખામી વિનાનું, દુઃખની ભેળસેળ વિનાનું, કદાપી નાશ ન પામે તેવું જોઈએ છે.

પણ બિચારાને નડે છે કર્મોની પરવશતા.

સુખ મેળવવાના અને દુઃખ ટાળવાના સત્ય, સચોટ ઉપાયોનું અજ્ઞાન, પોતેજ બાંધેલા અવળા લાભાંતરાય વગેરે કર્મોથી ઈષ્ટની પ્રાપ્તિ કરી શકતી નથી. મોહરાજા મુંઝવી નાંખે છે અને જીવ પાપ માર્ગમાં ઢસડાય છે. ક્યારેક કર્મો ફેવરેબલ હોય છે તો મોહથી પ્રેરીત અનાદિકાળના કુસંસ્કારો, પાપ વાસનાઓ અતિ જોર કરીને અત્યંત વધુ ૧૮ પાપ સ્થાનકોમાં ગળાડુબ ડુબે છે.

એક અંતરાય કર્મોનો ક્ષયોપશમ.

બીજું અનાદિના કુસંસ્કારોનો હુમલો-મહાવરો (અભ્યાસ)

ત્રીજું સમ્યગ્જ્ઞાનના અભાવે અજ્ઞાનનો અંધકાર, ત્રણે ભેગા થયા પછી પાંચે ઈન્દ્રિયોને લીલા લહેર.

**સ્પર્શેન્દ્રિય** માટે કુમારિકા, બાળા, વિધવા, સધવા, વેશ્યા, રખાત, કાણી-કુબડી, ચંડાલણી કોઈમાં તફાવત ન જુએ, અનાચારમાં રાત દિવસ મશગુલ રહે.

**રસનેન્દ્રિયને** પોષવા ભક્ષ્ય, અભક્ષ્ય, માંસ, દારૂ, કંદમૂળ, વાસી, અરે જીવતે જીવતા સીંહ-વાઘના લોહી અને માંસ પણ પીવા-ખાવા તૈયાર. જીવતે જીવતાં બકરીના હૃદય-કલેજા ચણા મમરાની જેમ ખાય.

**ઘ્રાણેન્દ્રિયને** પોષવા લાખો ફૂલોને, સાથે તેમાં રહેલા ત્રસજીવો ભમરા આદિને કચડીને બનેલા અત્તર યાવત્ હરણીયાની કસ્તુરી કાઢતાં વાર નહીં.

**ચક્ષુરેન્દ્રિયમાં** પાગલ નિત્ય નવા કૂતુહલ જોવા સિનેમા, નાટક, સર્કસ, બાગ બગીચા, સિન-સિનેરીયો જોવા દેશ પરદેશ ભમે. રૂપ સુંદરીઓના નૃત્ય. પોર્નોગ્રાફી, મીસ વર્લ્ડ ના નામે ગીધડાની જેમ રૂપે મઢેલી પુતળીઓના (પરસ્ત્રીઓના ) અંગોપાંગ દષ્ટિથી ચુંથ્યા કરે.

**શ્રોતેન્દ્રિયમાં** પાગલ ગીત સંગીત અશ્લીલ જોકસમાં ગળાડુબ ડુબે.

પાંચે ઈન્દ્રિયને પોષવા પરિગ્રહ પાછળ દોટ મુકે તે માટે અનિતિ, બ્લેક માર્કેટીંગ ભેળસેળ, ચોરી, મનનો માની લીધેલો હરિફ વેપારીને પણ સોપારી આપી ખાત્મો બોલાવે

મોહથી મુંઝાયેલ બિચારો પ્રભુમુખ દર્શન જ ન પામે. તો ગુરૂ દર્શન, જિનવાણી વગેરે ક્યાંથી પામે.અનાયાસે જિનવાણીનું શ્રવણ મળી જાયતો હિતકારી વચનો પણ કાનમાં તપાવેલા

શીશા રેડ્યા બરોબર લાગે અને ગુરૂથી સો યોજન દૂર ભાગે, રસ્તે મળી જાય તો મુખ ફેરવી લે.

ગુરૂને ઢોંગી, માયાવી, છેતરપીંડી કરનારા, મફતનું ખાનારા વગેરે ગણી હાંસી ઠેકડી ઉડાવે.

આર્ત-રૌદ્રધ્યાનમાં જીવન પસાર કરી, આર્ત રૌદ્રધ્યાનમાંજ મરી દુર્લભ મનુષ્યપણાંરૂપી રત્ન, કાચના ટુકડા માં વેડફી નાંખીને પરલોકમાં અનંતની સફરે... બાંધેલ પાપકર્મો ભોગવવા મૂઢ જીવ રવાના થઈ જાય.

અસહાય, અશરણ, દીન, પરાધીનપણે દુઃખોમાં સબડે જ્યારે કોઈક પુણ્યશાળીને જિનવાણી મળે, ગમે, રૂચે પાપોથી પાછો ફરે, ફરવા કોશીષ કરે પણ થયેલા કર્મોથી તેના વિપાકો ગુરૂમુખે સાંભળી ગભરાય, મુંઝાય... શું થશે તેનો ભય ઉભો થાય..

પસ્તાય, ઘણા પાપોને પશ્ચાતાપના અગ્નિમાં બાળી નાંખે પણ પાપના બીજ પડ્યા રહે, મૂળથી નાશ ન પામે બીજ-ઘાસ મૂળમાંથી ઉખેડી નાંખ્યા પછી ફરી ન ઉગે, ઘાસ ઉપરથી કાપ્યું હોય તો ફરીથી ઉગે.. પાપોનું પણ તેવુંજ... ગોસાળાની જેમ, મંખલીપૂત્ર ગોશાળો પ્રભુનું નામ લઈને જીવતા માણસો સહીત પાડાના પાડા (શેરીઓ) બાળી નાખનાર ગોશાળો.

પોતાને અષ્ટાંગ નિમિત્તના બળ ઉપર સર્વજ્ઞ તરીકે ઓળખાવનાર ગોશાળો.

પ્રભુ પાસેથી મળેલી તેજોલેશ્યાથી પ્રભુના જ સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ નામના બે મહામુનિવરોના જીવતા જ અગ્નિ-સંસકાર કરનારો ગોશાળો, અરે પ્રભુ વીરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તેજોલેશ્યાથી બાળવાનો પ્રયત્ન કરનાર. જેનાથી પ્રભુને પણ ૬-૬ મહીના સુધી સતત લોહીના ઝાડા થઈ ગયા. પ્રભુના હાથપગ કુકડાના પગ સમાન દોરી જેવા થઈ ગયા.

સામાન્ય હરણીયા આદિનો નાશ કરનાર પણ નરકમાં જાય તો મનુષ્ય તિર્થંકરનો નાશ કરનાર ક્યાં જાય!

છતાં ગોશાળો દેવલોકમાં ગયો. પશ્ચાતાપના પ્રભાવે, આયુષ્યના છેલ્લા દિવસ બાકી રહ્યા અને પશ્ચાતાપ થયો. પોતાના ભક્તોને પોતાની ભુલો જણાવી પ્રભુવીર જ સર્વજ્ઞ છે હું છદ્મસ્થ છું.

પ્રભુનો ધર્મ જ સાચો છે. એટલું જ નહીં પરંતુ હું મરી જાઉં ત્યારે સડી ગયેલી કૂતરીને જેમ ભંગી વગેરે કચરાના ટોપલામાં પણ ન નાંખે, પણ પગમાં દોરી બાંધીને ઢસડીને લઈ જાય. તેના કરતાં પણ બુરી રીતે ડાબા પગમાં દોરી બાંધજો અને કૂતરાની જેમ આખી શ્રાવસ્તી નગરીમાં ઘસડતાં ઘસડતાં ફરજો, પાલખી નહીં અને ઢંઢેરો પીટાવજો કે આ નાલાયક છે. આ મંખલી પુત્ર ગોશાળો છે. પ્રભુવીર જ સર્વજ્ઞ છે અને હું (ગોશાળો) છદ્મસ્થ છું. પ્રભુએ બતાવેલો ધર્મ જ સાચો છે. હું મહાપાપી પ્રભુ ઉપર પણ તેજોલેશ્યા છોડનાર, અનેકોને બાળી નાખનાર મહાપાપી... અધમાધમ છું.

તેણે પ્રભુનો દ્રોહ કર્યો છે વગેરે કહીને મારા મડદા ઉપર થૂંકજો આવા પશ્ચાતાપ વગેરે કરીને નરકને બદલે ૧૨ માં દેવલોકમાં પહોંચી ગયો.

પરંતુ આજ પાપોની ભવ આલોચના કરી હોત તો તો ઈતિહાસ જુદો જ હોત.

કદાચ દઢપ્રહારીની જેમ એજ ભવમાં કેવળજ્ઞાન પામી જાત. દઢપ્રહારી.. કેટલીયે નારીઓને યુવાવયમાં જ વિધવા બનાવી દેનાર.અનેકોની ઘડપણની લાકડી છીનવીલેનાર.. દઢપ્રહારી.

સેંકડો બાળકોને બાળપણમાં જ અનાથ બનાવી દેનાર દઢપ્રહારી બ્રહ્મ (બ્રાહ્મણ)ની હત્યા, (ગો) ગાયની હત્યા, સ્ત્રી હત્યા, ભ્રુણ હત્યા (ગર્ભના બાળકની ) કરી દેનાર, પણ તરફડતાં બાળકને જોઈને પથ્થર હૃદય પણ પીગળ્યું. .. ખુબજ પસ્તાયો. .. અરે.. રે.. મેં ચાર મહાહત્યાઓ કરી... મને તો નરકમાં પણ સ્થાન નહીં મળે, હવે શું કરું.. ક્યાં જાઉં... ખુબ પસ્તાય છે. આટલે સુધી.

ગોશાળો અને દઢપ્રહારી બંનેની સ્થિતી સરખી છે. પણ દઢપ્રહારી પશ્ચાતાપથી આગળ વધ્યા. ગીતાર્થ ભવભીરુ ગુરુ પાસે પહોંચ્યા. પોતાના પાપ કથની રડતા હૃદયે કોઈ પણ જાતનું પાપ છુપાવ્યા વિના, કોઈ પણ માયા વિના, જેવાં અધ્યવસાય (મનમાં પરિણામ) તીવ્ર-ક્રૂર વગેરે હોય તેજ રીતે પ્રગટ કરે છે. નાનુ બાળક જેમ માતા-પિતા પાસે પોતાના શુભ અશુભ કૃત્યો ભય કે સંકોચ વિના, કશું પણ છુપાવ્યા વિના પ્રગટ કરે છે. તે જે રીતે દઢપ્રહારી એ પણ પ્રગટ કર્યું... હવે કૃપા કરીને માર્ગ બતાવો.. આપને શરણે આવ્યો છું.

અને ગુરુ ભગવંતે પણ પાપની શુદ્ધિ અર્થે આલોચના આપી.. સુંદર એવા વચનોથી ફરી આવા પાપ ન કરવાના સંકલ્પમાં મજબુત કર્યો. અમૃત સમાન દેશનાથી થયેલા આ ભવના પાપો અને ભવોભવના પાપોનો નાશ કરવા માટે સંયમમાર્ગ બતાવ્યો.

દઢપ્રહારી પણ વૈરાગ્ય રસમાં ઝીલે છે. ક્યારે સર્વ કર્મથી મુક્ત થાઉંની ભાવનામાં રમે છે. સંયમ તો લીધું સાથે જ કર્મોના ઝડપી નિકાલ માટે અભિગ્રહ પણ કર્યો કે જ્યાં સુધી મારા પાપો યાદ આવે ત્યાં સુધી આ જ નગરીના દરવાજા પાસે, જેમાં કાળો કેર વર્તાવ્યો છે. ત્યાં ચોવીહાર ઉપવાસ કરીને કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા રહેવું. "કમ્મે શૂરા સો ધમ્મે શૂરા" કર્મોના ભૂકેભૂકા નીકળવા લાગ્યાં.

નગરોના લોકો દઢપ્રહારી મુનિને જોતાં જ કોઇક આણે મારા પિતાને હણ્યાં છે. આણે મારી માતાને, પુત્રને, પતિને એમ યાદ કરી-કરી તિરસ્કાર કરે છે. લાકડીનાં માર મારે છે. પથરાઓ મારે છે. પથ્થરાઓનો ઢગલો થતાં થતાં કંઠ સુધી આવે છે. શ્વાસ લેવો પણ મુશ્કેલ થઈ જાય છે. છતાં મુનિ સમતા રસમાં ઝીલે છે, પોતાની જ પાપલીલાઓનું આ ફળ છે. નગરીના લોકોનો કોઈ વાંક નથી. એમ વિચારી સર્વેને મનોમન ખમાવે છે. કોઈ પ્રત્યે લેશમાત્ર પણ વૈરભાવ ઉત્પન્ન થવા દેતા નથી. શ્વાસ લેતાં મુશ્કેલી થતાં કાઉસગ્ગ પારી નગરીના બીજા દરવાજા પાસે ફરી ચોવીચાર ઉપવાસ સહિત કાઉસગ્ગ એમ કહી મહિનાનો ઉત્કટ તપ સંયમના પ્રભાવે શુભધ્યાનમાં વધતા વધતાં ક્ષપક શ્રેણી માંડી ઘાતી કર્મોનો નાશ કર્યો ઉજ્જવળ એવા કેવળજ્ઞાનને પ્રગટ થયું... ગોશાળો પસ્તાયો... પણ ભવ આલોચના ન કરી, પશ્ચાતાપના પ્રભાવે ભલે ૧ વાર દેવલોકમાં ગયો... પણ પછીથી દરેક નારકીઓમાં ૨-૨ વાર જવાનું તેમજ અન્ય પણ દુર્ગતિઓની પરંપરાનું નિવારણ ન થયું કારણ પાપકર્મના બીજ અકબંધ છે.

પશ્ચાતાપ એ ઉપર ઉપરથી ઘાસ, છોડ લણવા જેવું છે. ભવ આલોચના એ જડમૂળમાંથી જમીનમાંથી જ પાપરૂપી બીજ નાશ કરનાર છે.

દઢપ્રહારી જેવા અતિક્રુર તરી ગયા... ! ભવઆલોચનાને પ્રભાવે, તો હું કેમ ન તરું ? મારૂં પાપ ક્યાં દઢપ્રહારીની કક્ષાના છે.

**નિશિથ સૂત્રમાં ભવઆલોચનાનું વર્ણન કરતા લખે છે કે અનંતા આત્માઓ ગુરુ પાસે ભવઆલોચના કરવાની ભાવના ભાવતાં જ કેવળજ્ઞાન પામ્યા છે,** અનંતા આત્માઓ ભવ આલોચના લેવા ઉભા થતાં કેવલજ્ઞાન પામ્યા છે. અનંતા આત્માઓ ભવ આલોચના લેવા જતાં રસ્તામાં કેવળજ્ઞાન પામ્યા છે અનંતા આત્માઓ ભવ આલોચના ગુરુ પાસે કરતા કરતાં કેવળજ્ઞાન પામ્યા છે.

## ભવઆલોચના લેવાની રીત

તો શીઘ્ર એક નોટ લો. લાગેલા દોષોને યાદ કરી કરી નોટમાં લખતાં જાવ, ૮-૧૦ દિવસ સુધી સતત આ પ્રમાણે પાપોને યાદ કરી કરી લખી નાંખો. લેશ પણ ભય સંકોચ રાખશો નહીં કે આ આલોચના વાંચી પ. પૂ. ગુરુદેવ મારા માટે શું વિચારશે, સમાજમાં શું કહેશે, કારણ પ.પૂ. ગુરુદેવ કર્મોના ઉદયની વિચિત્રતા, અનાદિના કુસંસ્કારોનું જોર,ઊંડા અવસર્પિણી કાળનો પ્રભાવ વગેરે સારી રીતે જાણે છે.

અનાદિના પાપ સંસ્કારને કારણે પાપ થવા સહજ છે. તે જાણે જ છે પણ પાપ કર્યા પછી પાપનો પાપ તરીકે સ્વીકાર, થયેલા પાપનો પશ્ચાતાપ અતિ, દુર્લભ અને તે પણ ગુરુ પાસે પાપોનો એકરાર અતિ-અતિ દુષ્કર જાણે છે. કોઈ હલકો અભિપ્રાય નહીં બાંધે ઉલટાનો બહુમાન ભાવ ઉત્પન્ન થશે. સાથે જ નારકીમાં, તિર્યંચમાં અકાળે કપાઈ-કપાઈ ને જીવતે જીવતાં બળી મરીને જે પાપો ભોગવવાના હતાં, જે પાપો શૂળી પર ચઢીને ભોગવવા પડે તેમ હતાં તે માત્ર ઉપવાસ, આયંબીલ, એકાસણાં વગેરે પ્રાયશ્ચિતથી “સોય” માત્રમાં પતી જશે. હૃદય હળવું-ફૂલ અનુભવાશે. જાણે મોટો બોજ ઉતરી ગયો તેવો અનુભવ થશે. જીવન જીવવાની નવી દિશા પ્રાપ્ત થશે. પાપો પ્રાયઃ નાશ પામશે. શુદ્ધિના પ્રભાવે નવા પ્રચંડ પુણ્યો પ્રાપ્ત થશે, વળી સમુદ્ર જેવા ગંભીર સ્વભાવના પ.પૂ. ગુરુદેવ પોતાના વિશ્વાસુ શિષ્યને પણ આલોચના સંબંધી એક અક્ષર પણ નથી કહેવાના, તો સમાજમાં શું કહેશે એ વિચારણા જ નકામી છે.

પ્રશ્ન : પાપો ભલે થયા, પણ આપણે ૧-૨ છ'રી પાળીત સંઘ કાઢીશું, શિખરબંધી જિનાલય બાંધી દઈશું એટલે પાપો ખલાસ થઈ જશે. આલોચનાની શું જરૂરત ?

ઉત્તર : જુઓ પર્યુષણ પર્વ અષ્ટાન્હિકામાં તપગચ્છાધિરાજ આચાર્યશ્રી વિજય લક્ષ્મીસૂરીશ્વરજી મ.સા. ફરમાવે છે.

જંબુદ્વીપમાં જે જે પર્વતો છે, તે સોનાના બની જાય. તે સર્વે સાત ક્ષેત્રમાં વાપરવામાં આવે તો પણ ૧ દિવસમાં લાગતા પાપનું પ્રાયશ્ચિત થાય નહીં.

વળી જંબુદ્વીપમાં જેટલી રેતી છે, (ગંગા-સીંધુ વગેરે દરેકની) તે બધી રત્નોની બની જાય, અને તે સર્વેનું સાતક્ષેત્રમાં દાન આપીએ તો પણ એક દિવસમાં થયેલા પાપોનું પ્રાયશ્ચિત થતું નથી.

પણ વિશુદ્ધ ભાવથી આલોચના દ્વારા સઘળા પાપો નાશ પામે છે,.

દાનથી બંધાયેલા પુણ્યના શુભ ફળો અવશ્ય મળશે પણ કરેલા પાપકર્મોના અશુભ ફળો પણ અવશ્ય ભોગવવા પડશે.. જો ભવઆલોચના ન કરી તો.

વિશુદ્ધિ વિના-અશુદ્ધ આલોચના વિના કરાયેલ દુષ્કર એવો પણ તપ નિરર્થક નકામો

જાય છે. જેમ શલ્યથી સહિત ચક્રવર્તીના અશ્વરત્નને આપવામાં આવેલા સાત્વિક પૌષ્ટિક પણ ભોજન શરીરના બળકાંતિ વગેરેની વૃદ્ધિ કરનારા ન થયા તેમ. કોઈક ચક્રવર્તીના દુશ્મનો ચક્રવર્તીનો પ્રભાવ અને પ્રતાપ તેના 'અશ્વરત્ન' ને આધારે છે. તેથી અશ્વરત્નને ખલાસ કરીએ તો પછી ચક્રવર્તીને પણ પરાજીત કરી શકાય. પણ અશ્વરત્નને ખલાસ કરવાનું આસાન નહોતું. તેથી કોઈપણ ઉપાયથી અશ્વરત્નના શરીરમાં બાવળીયાનું શૂળ અંદર ઉતારી દીધું કોઈને ખબર ન પડી, બહારથી અશ્વરત્નના શરીરમા ંકોઈ તકલીફ દેખાતી નથી છતાં અશ્વરત્ન રોજ રોજ સૂકાય છે. સેવક-રક્ષકો મધૂર-પૌષ્ટીક ભોજન કરાવે છે. છતાં અશ્વ રત્ન સૂકાતો જ જાય છે. તેથી સેવક-રક્ષકોએ સઘળી હકીકત ચક્રવર્તીને જણાવી, મંત્રીની સૂચનાથી અશ્વચિકિત્સકો કોઈ પણ રોગ નથી એમ નિદાન કર્યું. તો કોઈક શલ્ય જરુર હોવું જોઈએ તે શલ્ય ગોતવા કાળી માટી-ભીની કરી તેનો લેપ કર્યો. થોડીવારમાંજ જે ઠેકાણે બાવળીયાનો કાંટો હતો ત્યાં માટી સુકાઈ ગઈ, ચિકિત્સકોએ તે ભાગ ઝીણવટથી તપાસ કરી શલ્યનો ઉદ્ધાર કર્યો. હવે સાદા પણ પૌષ્ટિક ભોજનથી થોડાંજ દિવસોમાં અશ્વરત્ન બળ-કાંતિથી યુક્ત મૂળ શરીરવાળો થયો.

ફોટો બહારથી સુંદર પણ આવે તેથી શરીરના આરોગ્યની ગેરેન્ટી નહીં પણ એક્સરે ક્લીન હોય તો નિરોગીપણાનું નિદાન થાય.

દાન વગેરેથી બાહ્ય દુનિયામાં માન-કીર્તી મળી જાય (ફોટો સુંદર), પણ પાપશલ્યોના ઉદ્ધાર વિના સદ્‌ગતિ અને પરંપરાએ મોક્ષ નિશ્ચિત નહીં.

એક્સરે લેતાં પહેલાં પણ મળશુદ્ધિ કરવી પડે તો ધર્મારાધના કરતાં પહેલાં પાપશુદ્ધિ નહીં કરવાની?

પાપશુદ્ધિ ભવઆલોચના કરવામાં લક્ષ્મણા સાધ્વીજી શલ્ય રાખ્યું-ચકલા-ચકલીની ક્રિડા જોઈ વેદનો ઉદય થયો. પ્રભુએ આની રજા કેમ ન આપી? પ્રભુ તે "અવેદી" તેને શું ખબર પડે, તુરંત પસ્તાયા, શુદ્ધિ કરવા તત્પર થયા. પગ ઉપાડ્યો, કાંટો વાગ્યો.. અપશુકન માન્યું... અને કોઈકને આવા વિચાર આવે તો શું પ્રાયશ્ચિત? એમ બીજાના નામથી વાત કરી.. પછી પ્રાયશ્ચિત કરતાં પણ ઘણો વધારે ૫૦ વર્ષ સુધી અતિ ઉગ્ર તપ કર્યો. ૧૦ વરસ છઠ્ઠ-અઠ્ઠમ-ચાર—પાંચ ઉપવાસ, ૨ વર્ષ એકાંતરા ઉપવાસ, ૨૦ વર્ષ માસખમણ, ૧૬ વર્ષ આયંબિલ, ૨ વર્ષ તપ વિના છૂટા (પારણાં ના દિવસો) એમ કુલ ૫૦ વર્ષ ઘોર તપ કર્યો છતાં શલ્ય ઉદ્ધર્યું નહિ શુદ્ધિ થઈ નહીં મરીને ૮૦ ચોવીસી-૮૦૦ કોડાકોડી સાગરોપમ સંસારમાં ભમી. આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર પદ્મનાભ સ્વામીના શાસનમાં મોક્ષે જશે.

તેથી હે ભવ્યાત્મા, સરળતાથી કાંઈ પણ છુપાવ્યા વિના, તીવ્ર-મધ્યમ મંદભાવથી પાપો થતાં હોય તેવી રીતે લખી દોને ! રૂબરૂ જણાવી દઈ શૂળીની સજા સોયથી પતાવી દો.

ક્રમે શીઘ્રાતીશીઘ્ર પંચમ મોક્ષગતિને પામો એજ અભ્યર્થના.

પુસ્તીકામાં વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે નિવિધે મિચ્છામિ દુક્કડ્‌મ.

## ભવ આલોચનાનું પ્રાયશ્ચિત

પ.પૂ. ગુરુદેશશ્રી.................................ને વંદના. ..

મારું નામ.........................................................

ઉંમર.......................

પૂરેપૂરું સરનામું ............................................

.....................................................................

.....................................................................

**નીચેની વિગત ગુરુદેવશ્રીએ ભરવાની છે.**

(૧) ઉપવાસ (૫) બાંધી નવકારવાળી

(૨) આયંબિલ (૬) સ્વાધ્યાય

(૩) એકાસણા (૭) સામાયિક

(૪) બિયાસણા (૮) જીવ છોડાવવો.

પહેલાં ભવ આલોચના લીધેલી છે હા કે ના?

ઉપરોક્ત પ્રાયશ્ચિત.................. વર્ષમાં વહન કરવાનું છે.

તિથિ સહી

તારીખ .................................

◆ વિનંતિ-અઠ્ઠમ/ ઉપવાસ / આયંબિલ અથવા અન્ય..........તપ શારીરિક કારણે થઈ શકતો નથી.

## ૧૯) વાર્તાવિભાગ "સત્યઘટનાઓ"

### ✤ જીરાવલા સંસ્કાર કુંજ ✤

### અમરકુમાર

રાજગુહી નગરીના રાજા શ્રેણિક હતા. તેમણે પોતાના નગરમાં એક ચિત્રશાળા બંધાવી હતી. ચિત્રશાળાનો મુખ્ય દરવાજો જેટલી વાર બનાવે તેટલી વાર તૂટી જતો હતો. રાજ જયોતિષની સલાહ લીધી. રાજ જયોતિષે કહ્યું કે, "બત્રીશ લક્ષણવાળા બાળકની આહુતિ આપશો તો દરવાજો તૂટશે નહીં." તે માટે રાજાએ સૈનિકો દ્વારા નગરમાં ઢંઢેરો પીટાવ્યો. રાજાએ ઢંઢેરામાં એલાન કર્યુ કે "ચિત્રશાળાના દરવાજા માટે જે કોઈ પોતાના બાળકનું બલીદાન આપશે તેને બાળકના વજન જેટલી સોનામહોર રાજા દ્વારા આપવામાં આવશે." કયા માતાપિતાને પોતાના બાળકો વ્હાલા ન હોય ? કોઈપણ માતાપિતા બાળકના બલિદાન માટે તૈયાર ન થાય. પણ નગરમાં એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. તેને ૭ સંતાન હતા. તેમાં સૌથી નાના પુત્રનું નામ અમરકુમાર હતું. બ્રાહ્મણ રોજ ઘરે ભીક્ષા માંગતો અને પોતાના પરિવારનું ભરણ પોષણ કરતો હતો. એ પરિવાર એટલો ગરીબ હતો કે કયારેક બ્રાહ્મણને ભીક્ષા ન મળે તો બાળકોને ભૂખ્યા સૂઈ જવું પડતું હતું. આ ઢંઢેરો બ્રાહ્મણની પત્ની એટલે અમરકુમારની માતાએ સાંભળ્યો. ખૂબજ ગરીબીને કારણે સોનામહોર

માટે માતાને લાલચ જાગી. રાત્રે તેણે પોતાના પતિને વાત કરી કે, ગરીબીને કારણે બાળકો રાત્રે ભૂખ્યા સૂઈ જાય છે તમારી પાસે આવકનું બીજું કોઈ સાધન પણ નથી, તો આપણા સંતાનોમાંથી નાના અમરકુમારનું બલિદાન આપી દઈએ તો આપણે બાકીના બધા આખી જીંદગી સુખેથી રહી શકશું  અમરકુમાર ઉપર પ્રેમ હોવાથી તેના પિતાએ ના પાડી. પત્નીએ ખુબ સમજાવ્યા પછી અમરકુમારના બલિદાનથી પોતાનું અને પરિવારનું ભવિષ્ય સુધરી જશે એમ વિચારી બ્રાહ્મણે બલિદાન માટે હા પાડી. બીજા દિવસે બ્રાહ્મણે રાજસભામાં જઈને રાજા પાસે અમરકુમારના બલિદાન માટે સંમતિ માગી. રાજા ખુશ થઈ ગયો. અમરકુમારના બલિદાન માટે જયોતિષે સારું મુહૂર્ત કાઢી આપ્યું. નગરના પ્રજાજનોને આ વાતની ખબર પડતાં બધા દંગ રહી ગયા. અમરકુમારને પણ આ વાતની ખબર પડતાં બહુ દુ:ખી થઈ ગયો. “મને મરવું નથી” એમ કહી માતા પાસે ખૂબ રડવા લાગ્યો. સોનામહોરની લાલચમાં માતાએ અમરકુમારને ધુત્કારી કાઢયો. પછી અમરકુમાર પોતાના પિતા પાસે જઈને રડવા લાગ્યો. પુત્રના હીબકા સાંભળીને પિતા પણ રડવા લાગ્યા પણ માતાની જીદ પાસે તે પણ લાચાર હતા. એટલે પોતાના મોટા ભાઈ-બહેન પાસે જઈને અમરકુમારે માતાને સમજાવવા કહ્યું. માતાએ તેમની વાત પણ ન સાંભળી.બલિદાનનો દિવસ આવતા રાજાના સૈનિકો સવારના બ્રાહ્મણના ઘેર અમરકુમારને તેડવા આવ્યા. રડતાં રડતાં અમરકુમાર સૈનિકો સાથે ઘરમાંથી નીકળ્યો. ચિત્રશાળાના રસ્તે અમરકુમારને જોવા માટે લોકોના ટોળા જમા થઈ ગયા. રડતાં રડતાં અમરકુમાર પોતાને બચાવવા માટે લોકોને વિનંતિ કરવા લાગ્યો. સગા મા -બાપ બલિદાન માટે તૈયાર થઈ ગયા ત્યારે બીજા લોકો શું કરી શકે ? ચિત્રશાળામાં બ્રાણમણો અમરકુમારની બલિદાન માટે યજ્ઞની તૈયારી કરતા હતા. અમરકુમારને નવડાવી સારાં કપડાં પહેરાવી સૈનિકો ત્યાં લઈ આવ્યા. હવે પોતાને કોઈ બચાવે તેમ નથી એમ વિચારી અમરકુમાર ખૂબ દુ:ખી થઈ ગયો. અચાનક તેના  મનમાં વિચાર આવ્યો. એક વખત પોતાના મિત્રો સાથે અમરકુમાર ઉપાશ્રયમાં જૈન સાધુ મહારાજને વંદન કરવા ગયો હતો.ત્યારે એ સાધુ મહારાજે તેને નવકાર મંત્ર શીખવાડયો હતો. નવકાર મંત્રનું સ્મરણ કરતાં ગમે તેવી આપતિઓ, દુ:ખો દુર થઈ જાય તેવું મહારાજ સાહેબે કહેલ તે વાત તેને યાદ આવી. હવે પોતાને નવકાર જ બચાવી શકશે એમ વિચારી અમરકુમાર આંખો બંધ કરી એક ચિતે નવકાર ગણવા લાગ્યો. સાચા દિલથી નવકાર ગણતાં ગણતાં દેવલોકમાં ઈન્દ્રનું સિંહાસન કંપવા લાગ્યું, તે માટેનું કારણ જાણવા ઇન્દ્ર મહારાજે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકતાં તેમને અમરકુમારની વાત જાણવા મળી. ઈન્દ્રે અમરકુમારને બચાવવા માટે દેવોને હુકમ કર્યો. ઈન્દ્રનો હુકમ થતાં દેવોએ ધરતી

ઉપર જઈ ચમત્કાર કર્યો. ચિત્રશાળામાં અમરકુમારના બલિદાન માટે જયાં તૈયારી થતી હતી ત્યાં અચાનક મોટો અવાજ થયો. અમરકુમારને જયાં બલિદાન દેવાનું હતું તે જગ્યાએ રત્નજડિત સિંહાસન તૈયાર થઈ ગયું.અને તે સિંહાસન ઉપર અમરકુમારને બેસાડી દીધા.અમરકુમારના બલિદાન માટે જે બ્રાહ્મણો તૈયારી કરતા હતા. તેમને આખા શરીરમાં ભયંકર બળતરા થવા લાગી. બળતરાના દાહથી તેઓ રાડારાડ કરવાં લાગ્યાં. આવો ચમત્કાર જોઈને રાજા હેબતાઈ જ ગયો. અમરકુમાર કોઈક ચમત્કારી બાળક છે એમ સમજીને આ બ્રાહ્મણોની સાથે મારું પણ આવી બન્યું એમ લાગતા ખૂબ ડરી ગયો. અમરકુમારને હાથ જોડી પોતાને અને બ્રાહ્મણોને બચાવવા વિનંતિ કરી. નવકાર મંત્રના પ્રભાવથી આ ચમત્કાર થતાં અમરકુમાર ખૂબ ખુશ થઈ ગયો. નવકાર મંત્રિત પાણી અમરકુમારે તે બ્રાહ્મણો ઉપર છાંટતાં તેમની બળતરા પણ શાંત થઈ ગઈ. રાજાએ અમરકુમારને રાજગાદી લેવા માટે વિનંતિ કરી. અમરકુમાર વિચારે છે કે સોનામહોરની લાલચમાં મારા સગા મા-બાપ મને મારવા તૈયાર થઈ ગયા ત્યારે નવકારમંત્રએ મને બચાવ્યો. એટલે હવે એ નવકારમંત્ર શીખવાડનાર ગુરુ મહારાજ પાસે જ મારે જવું જોઈએ. રાજાને વિનયપૂર્વક રાજગાદીની ના પાડી ગુરુ મહારાજ પાસે ગયો. તેમની પાસે દીક્ષા લઈ સરસ મજાનું ચારિત્ર પાળી પોતાનું આત્મકલ્યાણ કર્યું.

પ્યારા બાળકો, ચાલો આપણે નકકી કરીએ કે આજથી સવારના ઉઠતાં, ખાતા, પીતા, ભણતા, રાત્રે સૂતી વખતે જયારે પણ ગણીએ ત્યારે સાચા દિલથી નવકાર મંત્રનું સ્મરણ કરશું.

### કૃષ્ણ મહારાજા

આ ચોવીસીના ૨૨મા નેમનાથ ભગવાન પોતાના ૧૮૦૦૦ સાધુ ભગવંતોના પરિવાર સાથે વિચરતાં વિચરતાં પોતાના સંસારી ભાઈ કૃષ્ણ મહારાજની નગરી દ્વારીકામાં પધાર્યા. પ્રભુ જે ઉદ્યાનમાં પધાર્યા તેના પાલકે જઈને ભગવાન પધાર્યાની ખુશખબર કૃષ્ણ મહારાજને આપી. કૃષ્ણ મહારાજા ભગવાનના દર્શન કરવા ઉદ્યાનમાં આવ્યા. ત્યાં તેમણે દરેક સાધુ ભગવંતોને એટલે અઢારે હજાર સાધુ ભગવંતોને વિધિપૂર્વક વંદન કર્યા. વંદન કરીને કૃષ્ણ મહારાજા ભગવાન પાસે આવ્યા અને ભગવાનને પ્રશ્ન કર્યો, “પ્રભુ આવતા ભવમાં મારી ગતિ કઇ હશે ?” પ્રભુ એ જવાબ આપ્યો, કૃષ્ણ તું જયારે ઉદ્યાનમાં આવ્યો. ત્યારે તારી આવતા ભવની ગતિ ૭ મી નરક હતી પણ તે અહીં આવીને ૧૮૦૦૦ સાધુઓને ભાવપૂર્વક વંદન કરતાં તે કેટલા કર્મોની નિર્જરા કરી છે કે તારી ગતિ હવે ૩ જી નરક હશે. કૃષ્ણ મહારાજે સામે પ્રભુને પુછયું, પ્રભુ તો હવે વળી પાછા બધા ભગવંતોને વંદન કરું તો મારી નરક ગતિજ ટળી જાય ને? ત્યારે પ્રભુએ જવાબ આપ્યો. વંદન કરતી વખતે તારી ઉચ્ચ

ભાવોને કારણે તારી ૪ નરક ટળી ગઇ પણ હવે તે ભાવ આવવા શક્ય નથી.

બાળમિત્રો, સાધુભગવંતોને ભાવપૂર્વક વંદન કરવાનો કૃષ્ણ મહારાજાને કેટલો લાભ થયો? ચાલો, નક્કી કરો કે આજથી ઉપાશ્રયમાં બિરાજમાન સાધુ-સાધ્વીજી ભગવંતોને દિવસમાં એક વખત તો વંદન કરવા જરૂર જઇશું.

## અઇમુત્તા મુનિ

ભગવાન મહાવીરના શિષ્ય ગણધર ગૌતમસ્વામી એક વખત ગામમાં કોઇ શ્રાવકના ઘરે ગોચરી વહોરવા ગયા. ગૌચરી વહોરાવીને ત્યાંથી બહાર નીકળતા તે શ્રાવકનો ૮ વર્ષનો પુત્ર અઇમુત્તા ગોતમ સ્વામીને ઉપાશ્રયે મૂકવા આવ્યો. રસ્તામાં અઇમુત્તા ગૌતમસ્વામીને જિજ્ઞાસાપૂર્વક ધર્મ વિશે, ચરિત્ર વિશે પ્રશ્ન પૂછવા લાગ્યો. જવાબ સાંભળતા અઇમુત્તાને ચારિત્ર પ્રત્યે અહોભાવ જાગ્યો. તેણે ગોતમસ્વામીને પોતાને દીક્ષા આપવા કહ્યું. તુ હજી નાનો છે, તને આ રીતે દીક્ષા ન અપાય, તારા માતા પિતા પાસે દીક્ષાની રજા લઇ આવ એમ કહી ગૌતમસ્વામીએ ત્યારે દીક્ષા માટે ના કહી. અઇમુત્તા ઉપાશ્રયથી પાછો ઘરે આવી પોતાના માતા પિતા પાસે દીક્ષા માટે રજા માંગી. અઇમુત્તાની નાની ઉંમર અને રાગ દશાને કારણે માતા પિતાએ દીક્ષાની ના પાડી. અઇમુત્તાએ દીક્ષા માટે જીદ પકડી અને પોતે કોઇપણ ભોગે દીક્ષા લેશે જ એમ માતાપિતાને જણાવતાં, તેમણે અનિચ્છાએ દીક્ષા માટે રજા આપી. ગૌતમ સ્વામીએ તેમને દીક્ષા આપી બાળમુનિ અઇમુત્તા બનાવ્યા. એ બાળમુનિ સુંદર અભ્યાસ સાથે સરસ રીતે ચારિત્ર પાલન કરવા લાગ્યા.

એક દિવસ અઇમુત્તા મુનિ વડીલ સાધુ ભેગા સ્થંડીલ ભૂમિ એ ગયા. પોતાનું કાર્ય પતાવી બાલમુનિ અઇમુત્તા મુનિ વડીલ સાધુની રાહ જોવા લાગ્યા. ત્યાં વહી રહેલા ઝરણાંના પાણીમાં નાના બાળકો પાંદડાની હોડી બનાવી તરાવા લાગ્યા. બાળમુનિ અઇમુત્તાને પણ તેમાં મજા પડી. તેમણે પોતાની પાસે રહેલું પાત્ર પાણીમાં તરતું મૂકી રમવા લાગ્યા અને તાળીઓ પાડવા લાગ્યા. વડીલ મૂનિ પોતાનું કાર્ય પતાવી બહાર આવ્યા અને તેમણે બાલમુનિને પાણીમાં પાત્ર તરાવી રમતાં જોયા. "આપણે સાધુથી કાચા પાણીનો સ્પર્શ ન કરાય તો આ રીતે ઝરણામાં આપણાથી કેમ રમાય" એમ કહી વડીલ સાધુ તેમને સમજાવવા લાગ્યા. અઇમુત્તા મુનિને પોતાના આ કાર્ય ઉપર ખૂબ પસ્તાવો થયો. ઉપાશ્રયે પાછા આવીને તેમણે પોતાના આ કાર્ય માટે ગુરૂ મહારાજ પાસે માફી માંગી. પાયશ્ચિત્તરૂપે તે ઇરિયાવહીનો કાઉસગ્ગ કરવા લાગ્યા. અને પોતાના આ કાર્ય માટે ખૂબ પસ્તાવો કરવા લાગ્યા. ઘોર પશ્ચાત્તાપ અને પોતાના હળવા કર્મોના પરિણામે તેમને ત્યાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

ઉપાશ્રયેથી તે સાધુભગવંતો ભગવાન મહાવીર બિરાજમાન હતા ત્યાં

સમવસરણમાં તેમની દેશના સાંભળવા આવ્યા. ત્યાં અલગ અલગ પર્ષદામાં બધા પોત પોતાની જગ્યાએ બેઠાં હતા. બાલ અઇમુત્તા મુનિ કેવળજ્ઞાની ભગવંતોની પર્ષદામાં જઇને બેસવા લાગ્યા. ગૌતમસ્વામીએ બાલમુનિને કહ્યું આ કેવળજ્ઞાનીઓની પર્ષદા છે. આપણા મુનિઓની જગ્યા અહીં નથી આપ ત્યાં ચાલો ત્યારે ભગવાન મહાવીરે કહ્યું, "હે ગૌતમ ! ઇરીયાવહીના કાઉસગ્ગ વખતે પશ્ચાત્તાપ કરતાં કરતાં તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે. તેઓ યોગ્ય જગ્યાએ બેઠા છે." ભગવાન મહાવીરનો જવાબ સાંભળી ગૌતમ સ્વામીએ અઇમુત્તા કેવળજ્ઞાની ભગવંતને વંદન કરી પોતાના અવિનય માટે માફી માંગી.

જોયું, બાળમિત્રો બાળ સહજ સ્વભાવને કારણે અઇમુત્તા મુનિથી ભૂલ તો થઇ પણ ખરા દિલથી તેમમે પશ્ચાત્તાપ કર્યો તો કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ચાલો, આપણે નક્કી કરીએ આજથી આપણાથી કોઇપણ ભૂલ થશે તો વડીલો કે ગુરુ ભગવંતો પાસે ખરા દિલથી માફી માંગી લેશું અને ફરીથી એ ભૂલ નહીં કરીએ.

❖ પ.પૂ.મુનિરાજ શ્રી દેવરત્નસાગરજી મ.સા ❖

## તીર્થરક્ષાર્થે બારોટોનાં બલિદાન અપાયા છે !

એક હતો મુસ્લિમ બાદશાહ મહમદ. મૂર્તિઓનો એ ભંજક હતો, મંદિરોનો એ કાળ હતો. ભારતમાં અનેક મંદિરોનો નાશ કરતો તે પાલિતાણા આવ્યો. શત્રુંજયતીર્થના જૈનોનાં બેનમૂન મંદિરોને ધરાશાયી કરવાં તેના જીવનની મહત્વકાંક્ષા હતી.

પાલિતાણાનો સમસ્ત જૈન સંઘ ભેગો થયો. પણ વાણિયા કાયર નીકળ્યા. તે વખતે ત્યાં ઉપસ્થિત રહેલા બારોટ લોકોએ તીર્થરક્ષાની જવાબદારી ઉપાડી લીધી. જૈનસંઘે તેમને જણાવ્યું કે જેમનાં બલિદાન અપાશે તે તમામ બારોટોનાં કુટુંબોને વંશવારસાગત રીતે જૈન સંઘ બધી રીતે સંભાળી લેશે.

આ બાજુ ગુપ્ત રીતે બારોટોએ એવી બાતમી મેળવી કે જો બાદશાહીના સામે બળતું મડદું આવી જાય તો બાદશાહ કામેથી પાછો ફરી જાય છે.

પહેલે દિવસે બે બારોટો જીવતા બળી મયાં. જે સમયે બાદશાહ તીર્થ દર્શન કરવા માટે શત્રુંજયની તળેટી પાસે આવ્યો ત્યાં જ તેણે ચિતામાં બે મડદાં સળગતા જોયા. તરત "યા ખુદા..." કરતો તે પાછો ફર્યો. સતત ચાલીસ દિવસ સુધી આ ક્રમ ચાલ્યો. એંસી બારોટોએ પોતાના પ્રાણોની આહુતિ આપી દીધી. હજી તો કેટલાક બારોટો આ રીતે બળી મરવાનો લાભ લેવા માટે પડાપડી કરી રહ્યા હતા. મહમદ પણ આવાં બલિદાનોની પાછળ રહેલો તીર્થરક્ષાનો હેતુ સમજી ગયો જ હતો. તે મનોમન ત્રાસી તો ગયો જ હતો. ત્યાં વળતા પ્રભાતે બે બારોટોએ મહમદની સામે જ પેટમાં ખંજર મારીને પોતાનાં આંતરડાં બહાર કાઢી નાખ્યાં. એ કરપીણ દૃશ્ય બાદશાહ જોઇ ન શકયો. અને... હંમેશ માટે તે પાલિતાણા છોડીને ચાલી ગયો. શ્રી સંઘે બારોટ કોમનું ઉત્કૃષ્ટરીતે બહુમાન કર્યુ

## ધન્ય મોતીશા શેઠને !

"લાવે લાવે મોતીશા શેઠ નવણજલ લાવે રે" આ કાવ્ય પંકિતમાં જેમનું નામ આજે પણ પરમાત્માના અભિષેક વેળાએ ગવાય છે. એવા મોતીચંદ અમીચંદ શેઠનો મુંબઇમાં વહાણવટાનો ધંધો ચાલતો હતો.

ઇંગ્લેડ, ચીન, જાપાન જેવા દેશો સુધી શેઠનો ધંધો વિસ્તરેલો હતો લાખો રૂપીયાનો ક્રય-વિક્રય થતો હતો. શેઠનો ધંધો જેવો ધમધોકાર ચાલતો હતો, એવો જ ધર્મ પણ ધમધોકાર ચાલતો હતો. ભાયખલા, અગાસી જેવા સ્થળો પર ઊભેલા વિરાટ મંદિરો શેઠની ધર્મભાવનાની અને ઉદારતાની શાખ પૂરે છે.

એક વાર શેઠનું વહાણ માલ ભરીને ચાયના તરફ જતું હતું. સરકારી કારભારીઓને વહેમ પડયો કે આ વહાણમાં ગેરકાયદેસર અફીણ જઇ રહ્યું છે. તેથી તે વહાણને પકડવા માટે પાછળ એક મોટી સ્ટીમર છોડવામાં આવી. શેઠને ખબર પડતાં શેઠે સંકલ્પ કર્યો કે જો આ વહાણનો માલ સહી સલામત ઉતરશે તો તેમાંથી મળનારૂં ધન મારે સિદ્ધાચલજી તીર્થ પર વાપરી નાખવું.

વહાણ તો હેમખેમ છુટી ગયું અને સોદો થતાં રૂપીયા બાર-તેર લાખ આવ્યા. શેઠે તરત જ સિદ્ધગિરિરાજ તરફ પ્રયાણ કર્યું અને મંદિર નિર્માણ માટે જગ્યા શોધવા લાગ્યા.

પૂર્વે અનેક ટુંકોના નિર્માણ થઇ ચૂકયા હોવાથી કોઇ સરખી સમથળ જગ્યા નજરમાં ન આવી. એટલે છેવટે કુંતાસરની વિરાટ ખાઇ પૂરીને તેની ઉપર મંદિર બાંધવાનો નિર્ણય કર્યો. આ ખાઇને પુરવાનું કામ ભારે કપરૂં હતું. પણ શેઠની ભારે ઉદારતાથી તે કાર્ય ખૂબ સારી રીતે પાર પાડી શકાયું. ખીણ પૂરવામાં માલ -સામાન અને મજુરી કેટલી લાગી હશે એ વાતને બાજુ પર રાખીએ અને માત્ર પાલક બાંધવા માટે જે દોરડા વપરાયા તેનો ખર્ચ જાણીએ તો તે સમયના રૂા. એંશી હજારનો આંક સાંભળવા મળે છે.

અનેક મહેતાઓ, કાર્યકર્તાઓએ જાત દેખરેખ નીચે મંદિરનું કાર્ય ધમધોકાર ચાલવા લાગ્યું. શેઠ પ્રતિષ્ઠા મહોત્સવની ચાતક ડોળે રાહ જોઇ રહ્યા હતા. પણ કુદરતને મંજૂર નહિ હોય. વિ. સં. ૧૮૯૨ ના ભા.સુ. ૧૧ના શેઠ એકાએક સ્વર્ગવાસ પામ્યા અને પ્રતિષ્ઠા કાર્ય અધૂરું રહ્યું.

શેઠના ચીરંજીવી શ્રી ખીમચંદ શેઠે પિતાજીની અંતિમ ક્રિયા પતાવીને પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ આરંભી ગામોગામ આમંત્રણો મોકલાવ્યા અને વિ.સં. ૧૯૮૩ પો. વ. ૧ના દિવસે પ્રતિષ્ઠા મહોત્સવ નક્કી કર્યો. મોતીશા શેઠના ખાસ મિત્ર ગણાતા અમરચંદ દામાણી અને ફુલચંદ કસ્તુરચંદના માથે પ્રતિષ્ઠા મહોત્સવની બધી જવાબદારીઓ સોંપવામાં આવી ૧૮ દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો. પરમાત્મા ભકિત, સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ, સાધર્મિક

વાત્સલ્ય, અનુકંપાદાન, કુતરાંને લાડુનું ભોજન, ઇત્યાદિ વિવિધ કાર્યો કરવા સાથે ભગવાનને ગાદીનશીન કર્યા. દેશ દેશાવરથી તે પ્રસંગે એક લાખ માણસ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત થયું હતું.

પ્રતિષ્ઠા મહોત્સવ સુધી ગામના શ્મશાને પણ રજા પાળી હતી. મુંબઇ ભાયખલાનું જિનાલય અને અગાશી તીર્થે ભવ્ય મુનિસુવ્રતસ્વામી જિનાલયના નામે પણ શેઠનું સુકૃત ગવાય છે.

**વીર વિક્રમશી ભાવસારની જવાંમર્દીને ધન્ય છે !**

એક સમય હતો. જયારે ગરવા ગિરિરાજ પર ઘનઘોર આડબીડ જંગલો હતા. હરાભરા આ ગિરિવરની કંદારાઓમાં રાની પશુઓ નિવાસ કરતા. એકવાર એક સિંહે કંદારાઓને ત્યજી દઇને દાદાની ટુંકના બારણે અડ્ડો જમાવ્યો. વનરાજને જોતાં જે ભલભલાના છક્કા છૂટી જતાં. સહુ કોઇ દૂરથી જ વનરાજને સલામ મારીને ભાગી જતા. ડરના માર્યા યાત્રિકોએ પણ ઉપર યાત્રાએ જવાનું લગભગ બંધ કરી દીધું હતું. તળેટીએ દિનરાત આ વનરાજની વાતો ચર્ચાતી હતી. સહુ કોઇ યાત્રા કયારે શરૂ થાય તેની રાહ જોતા હતા.

વિક્રમશી નામનો એક કાચો કુંવારો ભાવસાર યુવાન પોતાના ભાઇ-ભાભી સાથે પાલીતાણા વસતો હતો. શરીરે હુષ્ટ પુષ્ટ હતો ભારે મિજાજનો પણ માલિક હતો.

એકવાર ગામમાં રખડીને બપોરે જમવાના સમયે ઘરે પહોચ્યો. રસોડામાં શોધ-ખોળ કરવા છતાં કોઇ ચીજ હાથ લાગી નહિ. એટલામાં તો કૂવે કપડાં ધોવા ગયેલાં ભાભી આવી ચડયા.

ભૂખથી તેનો મીજાજ આસમાનને આંબી ગયો છે, એ વિક્રમશી ભાભી ઉપર તાડૂકી ઊઠયો. રે! બાર વાગ્યા તોય રસોઇના કોઇ ઠેકાણા નથી! ખબર નથી અહિં પેટમાં કેવી આગ લાગી છે. ભાભી! તમને શું કહેવું ? તમે સાવ નકામા છો!

દીયરનો આક્રોશ જોઇને ભાભીથી રહેવાયું નહિ. તેમણે પણ સામે સીધો જોરદાર જવાબ આપ્યો કમાઇ ને ઘરમાં એક પાઇ આપવી નહિ. આખો દિ રખડયા કરવું અને જમવાના ટાઇમે હાજર થઇ જવું! આ કયા ઘરનો ન્યાય? મહેનત મજુરી તમારા મોટાભાઇ કરે અને તાગડધિન્ના તમારે કરવાના! અને વધારામાં પાછું અમારી ઉપર આવો રોફ ઠોકવાનો! બાવડામાં બહુ જોર કૂદતું હોય તો જાવ ને ગિરિરાજ પર! પેલો સિંહડો અડ્ડો જમાવીને બેઠો છે એને પાંસરો કરી આવોને! નાહક ઘરમાં શું ઠાલું શૂરાતન બતાવી રહ્યા છો!

ભાભીની જબાનેથી વછૂટેલા બંદુકની ગોળી જેવા શબ્દોને વિક્રમશીને વીંધી નાખ્યો. એક પળનો ય વિલંબ કર્યા વિના ઘરમાંથી નાઠો અને સીધો તળેટીએ પહોચ્યો. પોતાના મિત્રોને જણાવ્યું કે વનરાજનો વિજય કરવા જાઉ છું.

જો ઉપર ઘંટ વાગે તો સમજજો કે સિંહ મર્યો અને યાત્રા ખૂલી થઇ છે. જો ઘંટ ન વાગે તો સમજ્જો કે વિક્મશી મરી ગયો છે.

આટલા સમાચાર આપીને વિક્મશીએ વીરને શોભે એવી અદાથી ગિરિરાજ પર આરોહણ કર્યું. દાદાના દરબાર પાસે સૂતેલા સિંહને જોયો. અને વિચાર કર્યો કે જો ઉંઘતા સિંહને મારૂં તો અન્યાય કર્યો ગણાય. માટે પહેલા તેને જગાડું અને પછી જંગ જમાવું.

વીર વિક્મશીએ ધોકાનો છેડો અડાડીને સૂતેલા વનરાજને જગાડ્યો. ઘણા દિવસે એકાએક નરમાંસની ગંધ આવતા, લાકડીનો છેડો ટચ થતાં સિંહ કેશવાળી ખંજવાળીને સફાળો ઊઠયો. પળનોય વિલંબ કર્યા વિના એ વીર વિક્મશી સામે ધસ્યો. વિક્મશીએ પણ સામે સીધો ઘા કર્યો અને એક ઝાટકે સિંહને મહાત કર્યો ભારે આઘાતથી તરફડીને સિંહ ઢળી પડયો. વીર વિક્મશી ઘંટ વગાડવા મંદિર તરફ દોડયો પણ એટલામાં તો ઘવાયેલા સિંહે વળતો હૂમલો કર્યો અને વિક્મશીને લોહી લુહાણ કરી નાખ્યો. વિક્મશીને ઘાયલ કરીને સિંહ પાછો વળવા જતો હતો એટલામાં જ એના પ્રાણ નીકળી ગયા. ઘાયલ વિક્મશી મન કાઠું કરીને ઊઠયો. માંડ માંડ મંદિર સુધી પહોંચ્યો અને ઘંટનાદ કર્યો ટન...ન...ન...ન.....ટન....! ટન...ન...ન...ન.....ટન....! ઘંટનાદ થતાં દૂર ઉભેલા મિત્રો દોડી આવ્યા અને જોયું તો એક બાજુ સિંહ મરેલો પડેલો અને બીજી બાજુ વિક્મશી પડયો હતો. મિત્રોએ તેને ખૂબ ખૂબ ઢંઢોળ્યો પણ ઉઠ્યો નહિં. મિત્રોએ વિચાર્યું કે સિંહને માર્યા પછી વિક્મશી પણ ઘંટ વગાડીને ઘાયલ સ્થિતિમાં મરણ પામ્યો છે.

વીર વિક્મશી ગયો પણ યાત્રા ખુલ્લી કરતો ગયો. હજારો નર-નારીઓ નિરંતર ગિરિરાજ પર યાત્રાર્થે જવા લાગ્યા. વીર વિક્મશીની પરાક્મ ગાથાની સ્મૃતિરૂપે હાથી પોળના આગળના ચોકમાં લીંબડાની ડાળ નીચે વીર વિક્મશીનો પાળીયો આજે ય ઉભો છે. જે વીર વિક્મશીની યાદ તાજી કરાવી રહેલ છે. એની જવામર્દીને લાખ લાખ નમસ્કાર છે. વિક્મશી ભાવસાર તારા જેવા જવાનોના બલિદાનોએ આ શત્રુંજયની ગૌરવગાથા ગૂંજતી અને ગાજતી કરી છે.

### આઠ ઉપવાસે પ્રભુ દર્શન !

નેમનાથ પ્રભુ ગૃહસ્થ અવસ્થામાં કૃષ્ણ સાથે અહીં યાત્રાર્થે આવેલા, ત્યારે શ્રી નેમનાથ પ્રભુએ કૃષ્ણને આ ગિરિરાજનું મહત્વ બતાવ્યું કે આ સુવર્ણ ગુફામાં ત્રણ પ્રતિમાજી છે. એમનું જે દર્શન પૂજન કરે તે સમ્યકત્વ પામી ટુંક સમયમાં (ત્રીજા ભવમાં) મોક્ષે જાય છે. "નેમનાથ પ્રભુની આ વાત સાંભળી શ્રી કૃષ્ણે ભગવાનને પૂછયું કે એમના દર્શન શકય બને ? નેમકુમાર કહે હા, તમારી ઉત્તમ ભાવનાને અઠ્ઠમ કરીને ફળીભૂત કરો." કૃષ્ણને મોક્ષની ઇચ્છા

જેટલી વધારે હતી તેના કરતાં ચારિત્ર મોહનીય કર્મના બળે કુતૂહલવૃત્તિ વધારે હતી, કે કેવી હશે એ પ્રતિમા? કેવા હશે એ ભગવાન? વગેરે ભાવ હતો. નેમનાથ પ્રભુના કહેવાથી ઉપવાસ કરે છે ત્રણ-ચાર-પાંચ દિવસ પુરા થયા સત્વ અને ક્ષત્રીયપણું હતું તેથી આગળ વધ્યા એમ કરતાં આઠ ઉપવાસ થયા એટલે કવડયક્ષ પ્રગટ થયા કહે "શુ કામ છે?" કૃષ્ણ કહે " મારે રત્ન પ્રતિમાજીના દર્શન કરવા છે".

"તમારી સામે જ જુઓ " તેમ કહી તે દેવે હાથ લાંબો કર્યો ને સર્ચલાઇટ-તેજરેખા પર્વતમાં ઊંડે ઊંડે ગઇ; ત્યાં વેદીકા ઉપર ત્રણ સુવર્ણમય પ્રતિમાજી બેઠા છે આ કૃષ્ણએ દર્શન કર્યા. કવડયક્ષે કહ્યું, "પહેલાં દેવલોકના સૌધમેન્દ્રે કાળની વિષમતાથી-પડતો કાળ જાણી અહીં. પધરાવ્યા છે તેઓ પોતે રોજ પૂજા કરવા આવે છે."

## ભીમા કુંડલીયાની અમર કહાની

આ શત્રુંજયની પૂર્વ દિશામાં ભીમાણા ગામમાં "ભીમો કુંડલીયો રહેતો હતો", તે ઘીનો વેપારી હતો. ઘી વેચી માંડ માંડ ગુજરાન ચલાવે; એણે પણ સાંભળેલું કે બાહડ વિગેરે જીર્ણોદ્ધાર કરાવે છે; તેથી એ વિચારે ધન્ય છે ધન્ય છે. આ ભાગ્યશાલીને આ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે, કેવો પુણ્યનો યોગ! પૈસા મલ્યા તે સારા કામમાં વાપરે છે. તેને થયું કે હું પુણ્યશાલી નથી. મારી પાસે પૈસા નથી પણઃ એ સંઘના દર્શન કરવા તો હું જાઊં!

એના ઘરે નારી "કર્કશા નારી " હતી; જેમ તેમ અપમાન કરે. પોતાના પતિને રોજ જેમ તેમ સંભળાવે છે પણ "આજે તો સ્ત્રીને કહ્યા વિના જઇ આવું આવા પ્રભાવશાળી તીર્થના સંઘાના દર્શન કયારે થશે" એમ વિચારી "ઘી વેચવા જાઊંછું" એમ પત્નીને કહીને ભીમો નીકળ્યો. ઘી વેચીને બાજુમાં પડોશી દુકાનદારને ત્યાં ઘીના ઘડા મૂકીને જાય છે.

ચાલતાં ચાલતાં એ ગિરિરાજની તલાટીમાં આવી ચડે છે. ત્યાં ભાવ વધ્યો આથી દાદાની પૂજા કરવા ગિરિરાજની ઉપર જાય છે. ત્યાં દાદાની પૂજાની શરૂઆત થયેલી હોવાથી ન્હાઇને પૂજા કરવાની તૈયારી કરે છે. "મફતના ચંદનથી પરમાત્માની પૂજા કેમ કરાય?" એમ વિચારી ઘી વેચતાં ૧રૂા. અને ૩ ઢબ્બું વધેલાં, તેમાંથી આઠઆનાના ફુલ લીધાં અને દાદાની પૂજા-ભકિત કરી. બચેલા પૈસામાંથી ૮ આના ભંડારામાં નાખ્યા અને શુભ ભાવના ભાવી નીચે ઉતર્યો. જોયું તો નીચે ભરચક માણસો હતા. લાખો અબજોપતિમાં એ ભીખારી જેવા મેલાં - ઘેલાં કપડાવાળાને પેસવાય કોણ દે? ચોકીદાર કહે હટ...હટ... અહીં તારૂં કામ નથી, બધા તિરસ્કાર કરે.... એવામાં ચાંદલા પરથી બાહડમંત્રીએ એને ઓળખ્યો; કહે "છે તો જૈનશ્રાવક!" મંત્રીરાજ જુવે છે "કે મારો સાધર્મિક એને કોઇ અંદર આવવા દેતું નથી," મંત્રીએ માણસ મોકલી ચોકીદારને કહેવરાવ્યું કે એને આવવા દો

બાહડનો માણસ ભીમાને લઇને અંદર આવ્યો.

બાહડ પોતાના સિંહાસન પરથી ખસીને પોતાની બાજુમાં બેસાડે છે. અને વિચારે છે કે મારા ધાર્મિકનું જેટલું અપમાન ચોકીદારે કર્યું છે. એ અપમાન મેં કર્યું કહેવાય કેમ કે ચોકીદાર મારો છે, મારે એનું ધ્યાન રાખવું જોઇતું હતું. છતાં ચોકીદારે અપમાન કર્યું છે તેટલું જ મારે સન્માન કરવું જોઇએ. તેથી બાજુમાં બેસાડીને મંત્રીરાજ પૂછે છે કે "કેમ ભાઇ! કયાંના રહેવાસી છો! શા કારણે આવવાનું થયું? પુણ્યવાન તમારૂં નામ શું?" આવી મીઠી વાણી સાંભળી ભીમો તો થીજી જ ગયો. એણે કહ્યું "સાહેબ ! ભીમાણામાંથી આવ્યો છું આપના તથા પુણ્યવાન સંઘોના દર્શનની ભાવનાથી આવ્યો છું."

તીર્થના જીણોદ્ધારમાં સંઘના શ્રેષ્ઠીઓ લાખોની રકમ લખાવે છે, આ જોઇ ભીમાને પણ ભાવના થઇ, તેથી ભીમો વારંવાર ખીસ્સામાં હાથ નાંખે અને બહાર કાઢે છે, ચતુર બાહડમંત્રી સમજી ગયા, તેમણે પુછયું "ભાઇ ! તારે શું આપવાનું છે કાંઇ ?" ભીમો કહે દાદાની પૂજામાં ૧ રૂા. ખર્ચ્યો, હવે ૩ ઢબ્બુ રહ્યા છે, એ આપવા છે. આવા તરણ-તારણહાર તીર્થના ઉદ્ધારમાં બીજું તો મારી પાસે કાંઇ નથી... ખીસ્સામાંથી ૩ ઢબ્બું કાઢી કહે છે કે "લઇ લ્યો આ ..."

ત્રણ ઢબ્બુ પણ બાહડે પ્રેમથી લીધા.. અને પેલો કાગળ મંગાવ્યો કે કાગળ અહીં લાવો ! લોકો જાત જાતના તર્ક કરે છે કે, આ ભિખારી જેવો દેખાતો માણસ, એણે વળી શું આપ્યું હશે? હા, છે તો ભિખારી પણ કદાચ રત્નો આપ્યા હશે! આમ જાત જાતની વાતો થાય.

કાગળમાં સૌથી પહેલું નામ બાહડનું હતું, એમની બે ક્રોડની રકમ હતી, એનીયે ઉપર નામ લખ્યું "શેઠ ભીમો કુંડલીયો" લોકો તો નવાઇ પામી ગયા કે આ શું? ચતુર બાહડમંત્રી આવું કરે ? ભારે રત્નો મળ્યા એટલે નામ પહેલું આવ્યું??? બાહડમંત્રી આ સભાના વ્યંગાત્મક ગણગણાટને સમજી ગયા અને કહ્યું કે "ભાઇ ! મેં બે ક્રોડ લખાવ્યા છે પણ મારા ખજાનામાં હજુ કેટલા છે એની ખબર છે? ૧ા ક્રોડવાલાએ ૨૫ લાખ આપ્યા. ૮૦ લાખ વાળાએ ૧૦ લાખ આપ્યા.!!"

વળી મંત્રી કહે છે કે આ પુણ્યવાન શેઠ પોતાનું બધું જ આપી દે છે. ઘેર જઇને શું ખાવું તેનોય વિચાર છે, ૧રૂા. માં પૂજા કરી, માત્ર ત્રણ ઢબ્બુ બચ્યા, એનું યે દાન કર્યું છે, પૈસા આપવાનો કેટલો ઉલ્લાસ છે ? કે પોતાનું બધું જ અપાઇ ગયુ. ખરેખર દાન તો તેનું જ નામ કહેવાય જેણે પોતાની સર્વસ્વ મિલ્કત આપી દીધી. બાહડને પણ થયું કે આનું નામ ધર્મ પરિણમ્યો કહેવાય.

બાહડ મંત્રીએ પોતાના માણસોને ઇશારો કર્યો તેના બહુમાન માટે હીરા મોતીથી ભરચક સોનાનો થાળ એની સામે ધરે છે આ બનેલી સત્ય ઘટના છે. કોઇ કલ્પિત વાતો નથી. બાહડમંત્રી સમજતો હતો કે...મારા સાધર્મિકનું જેટલું અપમાન

થયું છે એટલી ભકિત થવી જોઇએ" બાહડ બહુમાનપૂર્વક થાળ સ્વીકાર કરવા વિનંતી કરે છે. પરંતુ સત્ત્વશાલી ભીમો સાફ ના કહે છે. "મેં કોઇ લેવા માટે દાન કર્યું નથી" ભીખ માગવી તે ધર્મઆરાધના કરનાર માટે શરમજનક છે. આપ ભકિત કરો છો તે આપનો ધર્મ છે, મારા કાંડામાં ઘણું જોર છે એમ કહી પગે લાગીને નીકળી ગયો. બાહડે એની અનુમોદના કરી.

માત્ર છ જ પૈસા આપ્યા પણ આનો પ્રભાવ કેવો?

ઘર નજીક પહોંચતા ભીમાના પગ ઢીલા પડયા, મનમાં વિચાર શરૂ થયા કે ... હમણાં જ કર્કશાનારી મેણા-ટોણા મારશે, આજે તો બરાબર સરસ્વતી સંભળાશે. હવે શું થશે ? "એ તો કહેશે કે અહીંથી જાવ, તમે ધર્મ કરો અમે ભૂખે મરી જઇશું, તમને શું પડી છે? શરમ નથી આવતી? જઇને બધું આપી દીધું ?"

પણ ભીમો કહે કાંઇ નહીં, જો એ સંભળાવશે તો ધીમે રહીને વાત કરીશ. નહીં સાંભળે તો કાંઇ નહીં, ફરી આવો લાભ મને કયારે મળશે? એમ વિચારતો પડોશીના ઘરમાંથી ગાડવા લઈને ઘેર ગયો. મનમાં ભય હતો. છતાં આનંદ પણ હતો !

વિચારમાં ને વિચારમાં ભીમો ઘેર પહોચ્યોં ત્યાં તો સામે જુદું જ દશ્ય જોયું, નવા વસ્ત્ર પહેરી, હાથમાં કળશો લઇ પોતાની સ્ત્રી ઊભી હતી. બારણે તોરણ બાંધ્યા હતા. અપશબ્દ અને સરસ્વતી વિના જે બોલે નહીં એવી સ્ત્રી આજે સુંદર શબ્દોમાં સત્કાર કરે છે. પધારો ! સ્વામિનાથ !

ગરમ સુગંધી પાણી તૈયાર રાખેલા, તેનાથી પતિદેવને સ્નાન કરાવ્યું, જાતે જ ઘસી-ઘસીને નવડાવ્યા, ભીમાને આશ્ચર્ય લાગે છે. "આજે આ શું ?" સ્ત્રી પણ નવરાવ્યા પછી પ્રેમ આદરપૂર્વક જમવા બેસાડીને વાત કરવા લાગી, સ્ત્રી સ્વભાવથી વાત પેટમાં ટકાવી શકે નહી પતિદેવની હાજરીમાં બનેલો પ્રસંગ કહે છે.

સ્વામિનાથ ! આપણી ગોરી ગાય છે ને ? એ કુદતી હતી, ખીલો ખોદી નાખવા ધમપછાડા કરતી હતી, એને બાંધવા માટે મેં ખીલો ઠોકયો...ત્યાં તો .. ખણખણ ...કરતો અવાજ આવ્યો. તો ત્યાં મેં ખોધુ, તો અંદરથી નિધાન નીકળ્યું સોના-હીરાથી ભરેલો તાંબાનો ચરૂ મળ્યો એના પરિણામે આપણે સુખીથઇગયા! તમારા પગલે લક્ષ્મી દેવી પધાર્યા છે.ભીમો સમજી ગયો કે

"ગિરિરાજની યાત્રા કરી જીર્ણોદ્ધારનું દાન આપ્યું અને સંઘના દર્શન કર્યા એના પ્રભાવે જ ચરૂ નીકળ્યા. નહીંતર આજે જ કેમ ગોરી ગાય કુદે? અને આજે જ કેમ ચરૂ નીકળે? આ પ્રભાવ; સંઘની ભકિતનો , દાનનો અને યાત્રાનો છે, આ પુણ્ય મારું નથી." ધીમે રહીને તેણે પત્નીને વાત કરી કે "હું અહીંથી નીકળ્યો અને મને થયું કે લાવને આજે તો યાત્રા કરી લઉં. યાત્રાની ભાવના ખુબ વધી ગઇ, એથી યાત્રા કરી. આઠ આનાનાં ફૂલ લીધાં આઠ આના ભંડારામાં નાખ્યાં."

સ્ત્રી કહે "ઓહો સ્વામીનાથ! બહુ સારૂ કર્યુ તમે તો સુંદર ભકિત કરી" ભીંમો કહે - પછી ત્રણ ઢબ્બુ હતાને? એ તીર્થની ભકિતમાં આપ્યા. બહુમાનમાં બાહડમંત્રીએ મને રત્ન અને સોનાનો થાળ ભરીને આપ્યો, પણ મે ન લીધો.

"સ્ત્રી કહે અરે ! સ્વામીનાથ ! લેવાતું હશે ! આપણે શા માટે લેવું પડે?" અહીં ભીમાનો થોડો ભય હતો; હવે એને શાંતિ થઇ ગઇ કે "હાશ ! મારી પરમાત્માની ભકિતના કારણે મારી સ્ત્રીનો સ્વભાવ તો સુધરી જ ગયો છે." ભીમો વિચારે છે કે જે મને ગાળો દેતી હતી, તે આજે મને પ્રેમ આપે છે કેવો પ્રભાવ દાદાની યાત્રાનો? ભીમાએ જમી લીધું અને પછી હૈયાની વાત કરી, ઘરવાળીને કહે કે "આજે જે ધન નીકળ્યું તે તીર્થના પ્રભાવથી નીકળ્યું છે તેને આપણે રખાય?"

એની સ્ત્રી કહે ના ના ન રખાય! ભીમો કહે તો ચાલો આપણે જઇએ એના માલિક આપણે નથી ! આખો ચરૂ લઇને બન્ને હરખભેર તલેટી ગયા. તંબુ અને સાલિયાણામાં બાહડાદિ બેઠા હતા. આ બંને આવ્યા અને નમસ્કાર કર્યા.બાહડે પૂછયું કેમ ભાઇ ! શુ કામ આવવું થયું ? ભીમાએ બધી વાત કરી; આ મારી સ્ત્રી છે, મેં આ તીર્થમાં દાન આપ્યું કે દાનના પ્રભાવથી ઘરે અમારી ગોરી ગાયને ચરવાનો ખીલો હતો એમાંથી ચરૂ નીકળ્યા છે. એ આપના જ પુણ્યથી નીકળ્યું છે. માટે લો એમ કહી બાહડમંત્રીને હીરા-સોનું ભરેલો ચરૂ સોંપવા લાગ્યા

બાહડે કહ્યું કે "ભલા માણસ ! તારા ઘરમાંથી નીકળ્યું, એમાં મારું પુણ્ય શાનું કહેવાય? એ તો તમારા પુણ્યનું છે. લઇ જાઓ" ભીમો આપવા મથે બાહડજ ના ના કહે છે એમ ખૂબ રકઝક થઇ ત્યારે નિર્ણય કર્યો કે "જિર્ણોદ્ધારમાં એ ચરૂ નાખવા" એમ કરી બધી લક્ષ્મી તીર્થના ઉધ્ધારમાં આપી.

તીર્થના પ્રભાવથી મનુષ્યના મનની ધારા કેવી ફરે છે ?
ભીમાએ પોતાની સ્ત્રીની વાત વિચારી કે કદી ગાળો અને અપમાન સિવાય મને બોલાવે નહીં એને બદલે આજે પ્રેમથી બોલાવે છે !

તીર્થયાત્રાનો દાનનો પ્રભાવ કેવો અદ્ભુત કે ....

માનવના મન પણ ફરી જાય... કઠીન કર્મ પણ તુટી જાય...ભીમા કાવડીયાનું નિબીડ અંતરાય કર્મ જિર્ણોદ્ધાર માટે ભેગા થયેલા સંઘના દર્શન માત્રથી દૂર થઇ ગયું. તે આ તીર્થની યાત્રાએ જતા સંઘના ઘોડા-રથ -ઉંટ યાત્રાળુઓથી ઊડતી ધૂળ લાગી જાય તો પણ ભવ્ય જનોના પાપ નાશ પામે છે.

* વરજીવનદાસ વાડીલાલ શાહ *

## દ્રાવિડ - વારિખિલ્લ

ભગવાન ઋષભદેવે દીક્ષા લેતાં અગાઉ સૌ પુત્રની જેમ પૌત્ર દ્રાવિડ અને વારિખિલ્લને પણ રાજયભાગ આપ્યો હતો. દ્રાવિડને મિથિલાનું રાજય તથા વારિખિલ્લને લાખ ગામો આપ્યા હતાં.

આમ છતાંય બન્ને એકબીજાની સંપત્તિની ઈર્ષ્યા કરવા લાગ્યા અને એક - મેકનું રાજય પડાવી લેવા જુદા જુદા પેંતરા રચવા માંડયા.

એક વખત વારિખિલ્લ દ્રાવિડના નગરમાં આવી રહ્યો હતો. આ સમાચાર મળતાં દ્રાવિડે તેને પોતાના નગરમાં આવતો અટકાવ્યો. મોટાભાઇના આ વર્તાવથી વારિખિલ્લ રોષે ભરાયો અને તેણે સૈન્ય સાથે દ્રાવિડના નગર પર આક્રમણ કર્યું. બન્ને વચ્ચે સાત વરસ સુધી ભીષણ યુધ્ધ ચાલ્યું. આ યુધ્ધમાં બંને પક્ષે પાંચ પાંચ કરોડ સુભટ માર્યા ગયા. અનેક હાથી, ઘોડા આદિ હણાઇ ગયા તોયે બન્નેમાંથી કોઇએ મચક આપી નહીં.

યુદ્ધના નિયમોના હિસાબે તે વખતે ચોમાસામાં યુદ્ધ બંધ રહેતું. આવા એક ભીના દિવસે દ્રાવિડ પોતાના પરિવાર સહિત વનનું સૌંદર્ય જોવા નીકળ્યો. ફરતાં ફરતાં તે કોઇ તાપસના આશ્રમમાં પહોંચ્યો. ત્યાંના કુલપતિ સુવલ્ગુ સ્વામી પાસે નમન કરીને બેઠો. સ્વામીજી તે વખતે ધ્યાનમાં બેઠા હતા. ધ્યાન પૂર્ણ થતાં દ્રાવિડે ફરીથી પ્રણામ કર્યા. સુવલ્ગુએ દ્રાવિડને આશીર્વાદ આપ્યા અને ઉપદેશ આપતા કહ્યું કે -

હે રાજન ! તમે આમ બન્ને સગા ભાઇઓ રાજય માટે હિંસક યુદ્ધ લડો છો તે તમોને જરાય શોભાયમાન નથી. ભરત અને બાહુબલી પણ પોતાની ભૂલ સમજયા હતા અને યુદ્ધ બંધ કરીને બાહુબલી મોટાભાઇ ભરતને વિનયથી પ્રણામ કર્યા અને તારણહારા દાદા ઋષભદેવના સંયમ પંથે વળ્યા હતા. આમ બન્ને ભાઇઓ યુદ્ધ બંધ કરી .વેર-ઝેરને ભૂલી જઇ અને એમના જીવનનું કલ્યાણ કર્યું.

કુલપતિ સુવલ્ગુસ્વામીની પ્રેમાળ વાણીથી દ્રાવિડનું હૈયું પીગળી ગયું અને તેને પોતાની ભૂલ સમજાઇ. પછી તરત જ બધાં શસ્ત્રો છોડી દઇને તે ઉઘાડા પગે નાનાભાઇ વારિખિલ્લને ખમાવવા માટે દોડયો. મોટાભાઇના હૃદયપરિવર્તનની વાત જાણીને નાનો ભાઇ પણ સામે દોડયો. બન્ને એકમેકને પ્રેમથી ભેટયા.

એકબીજાની ક્ષમા માગી અને બન્ને ભાઇઓએ બચેલા પાંચ પાંચ કરોડ સૈનિકો સાથે તાપસી દીક્ષા લીધી અને વનમાં તપસ્યા સાથે ધર્મધ્યાનમાં લીન રહેવા લાગ્યા.

એક દિવસે નમિ-વિનમી નામના વિદ્યાધર રાજર્ષિના બે પ્રિશાષ્યો આકાશ માર્ગે એ વનમાં આવી પહોંચ્યા. તાપસો તેમને વંદના કરીને પૂછયું આપ હવે અહીંથી કઇ તરફ જવાના છો? મુનિઓએ કહ્યું : અમો અહીંથી શ્રીસિદ્ધાચલ ગિરિરાજની યાત્રાએ જઇએ છીએ.

તાપસોએ ગિરિરાજનો મહિમા પૂછયો. મુનિઓએ કહ્યું : શ્રી સિદ્ધાચલ ઉપર તીર્થના પ્રભાવથી શુદ્ધ ચારિત્રવાન અનંત જીવો મુકિતએ ગયા છે અને હજી પણ અનંત જીવો મોક્ષે જશે. આ તીર્થનો મહિમા અચિંત્ય છે, અપાર છે. લાખ

વરસ સુધી તેનું મહિમા-ગાન કરીએ તો પણ પાર આવે એમ નથી. આ તીર્થમાં નમિ-વિનમી નામના મુનીન્દ્રો બે કરોડ મુનિઓ સાથે શ્રી પુંડરીક ગણધરની જેમ ફાગણ સુદ દશમે મોક્ષે ગયા છે. ભગવાન શ્રી રૂષભદેવના ગણધરો અને કેવળી ભગવંતો પાસેથી અમોએ એ સાંભળ્યું છે કે આગામી કાળમાં આ તીર્થમાં ઘણા ઉત્તમ પુરુષો સિદ્ધિપદને પામશે. શ્રીરામચંદ્ર રાજિર્ષ, નારદજી, શાંબ અને પ્રધુમ્ન પાંચે પાંડવો, થાવચ્ચા પુત્ર તથા શુક્રાચાર્ય વગેરે અનેક મહાનુભાવો બીજા અસંખ્યા સાધુઓ સાથે આ શ્રીસિદ્ધાચલ ઉપર મુક્તિ પામશે.

શ્રીસિદ્ધાચલ ગિરિનો આવો અપરંપાર મહિમા સાંભળીને બધા જ તાપસો તેની યાત્રા કરવા તૈયાર થયા. મુનિઓએ તે સૌને ભાગવતી જૈન દીક્ષા આપી. પછી સૌ શ્રીસિદ્ધાચલ ગિરિ ઉપર આવ્યા. ત્યાં ભગવાન શ્રી ઋષભદેવસ્વામીની પ્રતિમાજીનાં દર્શન કર્યા . ત્યાર પછી માસખમણના પારણે વિધાધર મુનિએ તાપસ મુનિઓને કહ્યું, હે મુનિઓ! તમારા અનંત કાળનાં સંચિત પાપકર્મો આ તીર્થની સેવા કરવાથી જ ક્ષય પામશે; માટે તમારે સૌએ અત્રે જ સ્થિરતા કરીને તપ-સંયમમાં અપ્રમત રહેવું. ગુરઆજ્ઞા શિરોમાન્ય કરીને દ્રાવિડ અને વારિખિલ્લ આદિ દસ કરોડ મુનિઓ શ્રીસિદ્ધાચલ તિર્થમાં રહીને ધ્યાનમાં સ્થિર થયા અને અનુક્રમે એક માસના ઉપવાસ કરીને કાંર્તિક પૂર્ણિમાના દિવસે તે સર્વે કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા.

આ તીર્થનો મહિમા આજે પણ એવો જ પાવન છે. ભવ્ય જીવોએ આ તીર્થની યાત્રા દર વર્ષે પગે ચાલીને કરવી જોઇએ. ત્યાં જઇને તપ સહિત યાત્રા કરવી એવી યાત્રા કરવાથી યાત્રિકનાં પાપકર્મ નાશ પામે છે. અને ચિત્ત નિર્મળ અને શુદ્ધ બને છે.

## સુવ્રત શેઠ

ઘાતકી ખંડમાં વિજયપત્તન શહેરમાં સુર નામના એક અતિ ધનાઢ્ય શેઠ હતા. તેમની પત્નીનું નામ સુરમતી હતું. એક પરોઢિયે જાગી જવાથી તે એકદમ અંતર્મુખ બન્યા. તેમણે વિચાર્યું : આ ભવે મને અઢળક ધન મળ્યું છે. સુશીલ પત્ની મળી છે. ભરપુર યશ પ્રતિષ્ઠા મળ્યાં છે. પણ આ બધું તો મને પૂર્વભાવના કોઈ પુણ્યથી મળ્યું છે. હવે જો હું પરલોક માટે આ ભવે હિત ન સાધુ તો મારું આ જીવન બધું એળે જાય. વિચારમાં ને વિચારમાં સૂર્યોદય થયો. સુરશેઠ નિત્યકર્મ પતાવી નહાઈધોઈને ગુરુમહારાજ પાસે ગયા. ગુરુમહારાજે ઉપદેશ આપ્યો :

"આળસ, મોહ, અવજ્ઞા, ઘમંડ, ક્રોધ, કંજુસાઈ, ભય, શોક, અજ્ઞાન , કુતુહલ, રતિ, પ્રમાદ અને વિકથા આ તેર કાઠિયાનો (કાઠિયા એટલે ધર્મ કરતાં અંતરાય નાખે તે) અવશ્ય ત્યાગ કરવો જોઈએ; નહિ તો જીવ નરક ગતિના ભયંકર દુઃખોને પામે છે. સાતમી નરકના અપ્રતિષ્ઠાનના અંતિમ વખતના જીવને પાંચ

કરોડ અડસઠ લાખ નવ્વાણુ હજાર પાંચસો ચોર્યાસી (૫,૬૮,૯૯,૫૮૪) પ્રકારના રોગ થાય છે. આથી હે સુરશેઠ ! નરકાદિનાં દુઃખોના નિવારણ માટે ધર્મ આરાધના કરવી જરૂરી છે. ધર્મનો મહિમા અચિન્ત્ય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, આ ભરતભૂમિમાં કેટલાક જીવો મિથ્યાદષ્ટિ હોવા છતાંય એવા ભદ્રપરિણામી હોય છે કે તેઓ અહીંનું આયુષ્ય પૂર્ણ કરીને આગામી નવમા ભવે તો મહાવિદેહ ક્ષેત્રમાં કેવળી થાય છે. માટે હે સુરશેઠ ! સુલભ બોધિ જીવને કશું જ દુર્લભ નથી."

ત્યારે શેઠે વિનયથી હાથ જોડી કહ્યું: "હે ભગવંત! સંસારિક જંજાળના કારણે નિત્યધર્મની આરાધના મારાથી થઈ શકે એમ નથી, તો હે કૃપાળુ! કોઈ એવો દિવસ આપ બતાવો કે જે દિવસનું આરાધન કરવાથી મને વર્ષભરની આરાધના જેટલું ફળ મળે."

ગુરુમહારાજે કહ્યું : "તો હે શેઠ! તમે માગસર માસની અજવાળી અગિયારસની આરાધના કરો. આ દિવસે અહોરાત (આખા દિવસ) નો પૌષધ કરવો. તે દિવસે ઉપવાસ કરવો અને મન-વચન અને કાયાથી તમામ પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરીને આખો દિવસ મૌન રાખવું. આ વિધી પ્રમાણે ઓછામાં ઓછાં અગિયાર વરસ સુધી આ એકાદશીની આરાધના કરવી, અને એ તપ પૂર્ણ થાય ત્યારે ઉલ્લાસ અને ઉદારતાથી મહોત્સવપૂર્વક તેનું (ઉદ્યાપન) ઉજમણું કરવું.

સુરશેઠને આ મૌન એકાદશીનું વ્રત ગમી ગયું. વિધિપૂર્વક અને આત્માનાઉલ્લાસથી તે વ્રતનું ઉત્કૃષ્ઠ આરાધન કર્યું. તપ પૂર્ણ થયે તેનું ભવ્ય ઉજમણું કર્યું. આયુષ્યકર્મ પુંરૂ થયું. સુરશેઠ મરીને આરણ નામના દેવલોકમાં દેવ થયા. દેવલોકનું એકવીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરીને તેમનો જીવ ભરત ક્ષેત્રના સૌરીપુર નગરમાં રહેતા સમૃદ્ધિદત્ત શેઠની ગુણિયલ પત્ની પ્રીતિમતીની કુક્ષિમાં અવતર્યો.ગર્ભના પ્રભાવથી પ્રીતિમતીને તીવ્ર ઇચ્છા (દોહદ) થઈ : "હું શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કરું." મહાવ્રતધારી મુનિ ભગવંતોની વિવિધ પ્રકારે ભક્તિ કરું. સર્વ સંસારીઓને વ્રતનો મહિમા સમજાવી તે સૌને વ્રતધારી બનાવું. સંગીતકારો વ્રતધારીઓનો મહિમા ગાય. નર્તકો નૃત્ય કરે અને એ મહિમાનાં ગાન અને નૃત્ય બસ જોયા જ કરું." સમૃદ્ધિદત્તે પત્નીના આ દોહદને પૂર્ણ કર્યો. યોગ્ય સમયે તેણે પુત્રને જન્મ આપ્યો. ગર્ભાધાન સમયે માતાને વ્રત લેવાની ઇચ્છા થઇ હતી તેથી પુત્રનું નામ "સુવ્રત" રાખ્યું.

સુવ્રત મોટો થયો. ભણીગણીને વિદ્વાન પણ થયો. યુવાન વયે પિતાએ અગિયાર કન્યાઓ પરણાવી. કાળક્રમે તેનાં માતાપિતા મૃત્યુ પામ્યાં. હવે તે અગિયાર કરોડ સોનામહોર આદિનો માલિક બન્યો.

એક સમયે સૌરીપુરમાં વિશુદ્ધ ચારિત્ર્યધારી આચાર્ય ભગવંત શ્રી ધર્મઘોષસૂરિજી વિશાળ શિષ્યસમુદાય સાથે પધાર્યા. આ સાંભળતાં સુવ્રત શેઠ

સપરિવાર તેમની ધર્મદેશના સાંભળવા ગયા. દેશના સાંભળતાં સાંભળતાં તેમને જાતિ-સ્મરણ જ્ઞાન થયું. દેશનાં પૂરી થયે સુવ્રત શેઠે ગુરુ ભગવંતને વિનયથી પુછ્યું "હે ભગવંત ! પૂર્વભવમાં મેં મૌન એકાદશી પર્વની આરાધના કરી, તેથી મને દેવલોકમાં પ્રથમ સુખ મળ્યાં અને આજે આ મહાસમૃદ્ધિ પામ્યો છું."

૧૦ કોડાકોડી પુણ્યોપમનું એક સાગરોપમ થાય છે.તો હે ભગવંત ! હું હવે શેની આરાધના કરું. જેથી મને આથીય વિશેષ અસાધારણ ફળની પ્રાપ્તિ થાય ?

આચાર્ય ભગવંત બોલ્યાઃ હે મહાનુભાવ ! જે પર્વની આરાધનાથી તમને આવો અચિંત્ય લાભ થયો છે તે જ પર્વની આરાધના આ ભવે પણ તમે રૂડી રીતે કરો. કારણ કે જે ઔષધથી વ્યાધિ જાય તે જ ઔષધ બીજી વાર પણ એ જ વ્યાધિ માટે લેવું જોઈએ. શાસ્ત્રમાં કહ્યું છે કે - માગસર માસની સુદ અગિયારસનું જે અગિયાર વરસ સુધી વિધિપૂર્વક આરાધન કરે છે તે શીઘ્ર મુક્તિને પામે છે. આ માગસર સુદ અગિયારસને મૌન એકાદશી કહેવાય છે.

સુવ્રત શેઠે ત્યાર પછી ઘણા ઉલ્લાસથી મૌન એકાદશી પર્વનું આરાધન શરૂ કર્યું. આવા એક દિવસની વાત છે. સુવ્રત શેઠે સપરિવાર ઉપવાસ અને મૌનપૂર્વક મૌન એકાદશીએ પૌષધ કર્યો. બધા પૌષધશાળામાં હતા. તેમનું ઘર આથી સૂનું હતું. ચોરોએ આ તકનો લાભ લીધો. ઘરમાં ઘૂસી જઈને જેટલું બંધાય તેટલું બાંધવા માંડ્યું. પોટલાં બાંધી માથે મૂકીને ઘરબહાર નીકળવા લાગ્યા. પરંતુ આશ્ચર્ય ! કોઈ ચોરથી એક ડગલું આગળ વધી શકાયું નહીં. બધા જ ચોર સ્તંભિત બની ગયા. ન હાથ હલાવી શકાય, ન પગ છુટો કરી શકાય. આ વેદનાથી તેઓ ચીસો પાડી ઊઠ્યા. ચીસો સાંભળી પાડોશીઓ દોડી આવ્યા. જોયું તો બધા ચોરો. તેમણે તરત રાજાને ખબર આપી. રાજાએ કોટવાળને દોડાવ્યા. કોટવાળ અને બીજા સીપાઈઓએ બધાને બાંધી લીધા અને કારાવાસમાં લઈ જવા ખેંચ્યા. દોરડું ખેંચાતાં જ બધા ચોરો આપોઆપ ચાલવા લાગ્યા.

સુવ્રત શેઠ સપરિવાર સવારે ઘરે આવ્યા. રાતની બધી વિગતની તેમને જાણ થઈ. આ માટે તેમને વ્રતની અનુમોદના કરી. આ મૌન એકાદશી વ્રતનો જ પ્રભાવ કે ચોરો એક તણખલું પણ ન લઈ જઈ શક્યા ! વળી સુવ્રત શેઠને વિચાર આવ્યો : ચોર બધા રંગે હાથ પકડાઈ ગયા છે. આથી રાજા જરૂર તેમનો વધ કરશે. નહિ! નહિ! તેમને બધાને મારે બચાવી લેવા જ જાઈએ અને સુવ્રત શેઠ વિના વિલંબે રાજા પાસે પહોંચ્યા. તેઓ મારા નિમિત્તે જ પકડાયા છે. એટલા માટે તેમને બચાવવા જોઈએ. તેમણે રાજાને ભેટણું ધર્યું અને ચોરોને હેમખેમ છોડી મૂકવા માટે આગ્રહભરી વિનંતી કરી; અને તેઓને સહીસલામત છોડાવી ઘરે આવી પછી જ તેમણે ઉપવાસનું પારણું કર્યું.

બીજા વરસે મૌન એકાદશીએ સુવ્રત શેઠ પૌષધ લઈ પૌષધશાળામાં બેઠા

હતાં ત્યારે તે લત્તામાં પ્રચંડ આગ લાગી. જીવ બચાવવા લોકોએ નાસભાગ કરી મૂકી. મકાનો બધાં ભડભડ બળવા લાગ્યાં. આગ કાબૂમાં આવવાને બદલે વધતી લઈ. વધતી વધતી તે પૌષધશાળામાં આવી. તે પણ બળવા લાગી. લોકોએ બૂમાબૂમ કરી મૂકી. "સુવ્રત શેઠ ! સુવ્રત શેઠ, ભાગો, જલદી જાગો. આગ લાગી છે, આગ લાગી છે, પૌષધશાળા ભડકે બળી રહી છે. જલદી છોડો, જીવ બચાવો."

પણ સુવ્રત શેઠ પૌષધમાં અને મૌનમાં સ્થિર રહ્યા. તેમણે કશી જ હાયવોય ન કરી. કાયોત્સર્ગમાં સ્થિર ઊભા રહ્યા અને આત્મધ્યાનમાં લયલીન જ રહ્યા.

સવાર સુધીમાં તો આખી પૌષધશાળા બળીને ખાખ થઈ ગઈ. પરંતુ આ આગમાં સુવ્રત શેઠ અને તેમના પરિવારને જરાય આંચ ન આવી. એટલું જ નહીં, આ પ્રચંડ આગમાં તેમની હવેલી, દુકાન, વખારો બધું અકબંધ રહ્યું. આ જોઈ જાણીને નગરજનોએ સુવ્રત શેઠનો તથા જૈન ધર્મનો ભારે જયજયકાર કર્યો.

સુવ્રત શેઠ બરાબર સમજી ગયા હતા કે મૌન એકાદશીની આરાધનાના પ્રતાપે પોતે અગિયારમા દેવલોકમાં ગયા હતા; અને અહીં આ જન્મે અગિયાર પત્નિઓ મળી અને પોતે અગિયાર કરોડ રૂપિયાના માલિક બન્યા.

તેઓ જીવનમાં બાર ભાવનાઓનું સતત ચિંતન કરતા રહ્યા. તેમને દૈવી શક્તિનું રક્ષણ પ્રાપ્ત થયું હતું કારણ કે તેમનું ઉત્કૃષ્ટ પુણ્ય હતું અને તેઓ ઉત્તમ રીતે ધર્મ પાળતા હતા.

તેઓ હવે વિચારવા લાગ્યા : ચોરીનો બનાવ નજર સામે આવ્યો. આગમાં સંપૂર્ણ રીતે બચી ગયા. ભલે બધી સંપત્તિ બચી ગઈ, પણ શું આ ઘટનાઓ પોતાને જાગ્રત કરવા માટે પૂરતી નથી ? હવે ગૃહવાસ ત્યાગ કરવો જોઈએ અને ચારિત્ર્યધર્મનો સ્વીકાર કરી કર્મક્ષયનો પુરુષાર્થ હાથ ધરવા જોઈએ. હું સંયમ ધર્મનો સ્વીકાર કરીશ તો મારી અગિયારે પત્ની પણ સંયમ લેશે. તેઓ પણ કર્મક્ષય કરી મુક્તિ પામી જશે. તેમના સુખનો, આનંદનો પાર નહીં રહે. તો હવે વિલંબ શા માટે કરવો જોઈએ ? તેમણે નિરાંતે પત્નીઓને પોતાનો વિચાર જણાવ્યો અને પૂરા ઉલ્લાસથી દીક્ષા લેવા પત્નીઓ પણ સંમત થઈ.

નગરમાં ચાર જ્ઞાનના ધારક આચાર્ય ભગવંત શ્રી વિજયશેખરસૂરિજી પધાર્યા હતા. તેમની દેશના સાંભળી સુવ્રત શેઠે અગિયારેય પત્નીઓ સાથે દીક્ષા લીધી. ઉત્તમ ભાવે તપસ્યાઓ કરી દ્વાદશાંગી (બાર આગમો) નું જ્ઞાન પ્રાપ્ત કરી શ્રુતકેવળી (ચૌદ પૂર્વનું જ્ઞાન ધરાવનાર) બન્યા. તેમની અગિયાર સંસારીપણાની પત્નીઓ જે હવે સાધ્વી બની હતી તેઓએ અનશન કર્યું અને એક માસના અનશન બાદ બધી કાળધર્મ પામી મોક્ષે સિધાવી.

વળી પાછો મૌન એકાદશીનો દિવસ આવ્યો. સુવ્રત અણગાર એક વૃદ્ધ બીમાર સાધુની વૈયાવચ્ચ કરતા હતા. આ સમયે એક દેવતા સુવ્રત મુનિના મૌનની

પરીક્ષા કરવા આવ્યા અને એ વૃદ્ધ સાધુના શરીરમાં પ્રવેશ કર્યો. એણે સાધુને અસહ્ય વેદના ઉપજાવી. તેમના શરીરમાં રહેલા દેવે કહ્યું : હે સુવ્રત મુનિ ! મારાથી આ વેદના સહન થતી નથી. તમે અત્યારે જ શ્રાવકના ઘરે જઈને મારી સારવાર માટે કોઈ કુશળ વૈદ્યને બોલાવી લાવો.

સુવ્રત મુનિ વિચારમાં પડી ગયા. રાતનો સમય છે, મુનિથી રાતના ક્યાંય ઉપાશ્રય બહાર જવાય નહીં. વળી, " મારે આજે મૌન છે. શું કરું ? " ત્યાં જ બિમાર સાધુ ગુસ્સાથી બોલ્યા : સાધુ થયા છો અને અવસરની ગંભીરતા સમજો છો કે નહીં ? જાવ, જલદી વૈદરાજને બોલાવી લાવો.

સાધુ મહાત્મા તો આવું બોલે નહીં, જરૂર કંઈ ભેદભરમ લાગે છે એમ સમજીને સુવ્રતમુની ત્યાંથી ખસ્યા નહીં, કંઇ બોલ્યા પણ નહી આથી બિમાર સાધુ તેમને ઓઘાથી મારવા લાગ્યા. તેઓ શાંતિથી માર સહન કરતા રહ્યા અને પોતાને નિંદતા રહ્યા, આ મુનિ તો નિર્દોષ છે. અપરાધ મારો છે કે તેમના કહેવા પ્રમાણે હું તેમની સારવાર કરી શકતો નથી. સાધુના શરીરમાં રહેલ દેવ મારતા જ રહ્યા. પણ સુવ્રત મુનિ ઉત્કૃષ્ટ શુભ ભાવમાં ચડી ગયા, સમતાયોગી બની ગયા. વ્યંતરદેવ થાકી ગયો અને તે મુનિનું શરીર છોડીને પોતાના સ્થાને ચાલ્યો ગયો. સુવ્રત મુનિએ ચારે ઘાતીકર્મોનો (આત્માના ગુણોનો ઘાત કરનાર:) ક્ષય કરી નાખ્યો અને કેવળજ્ઞાની બની ગયા.

આ મૌન એકાદશી સાથે શ્રી મલ્લીનાથ ભગવાનનું નામ પણ જોડાયેલું છે. તેમના ત્રણ કલ્યાણક મૌન એકાદશીના દિવસે છે.

## " મા " ની મમતાનું મૂલ્ય કેટલું ???

### પં. ચન્દ્રશેખર વિજયજી

ભોળાનાથ શંકરે પોતાની પાસે રહેલ રામાયણનાં ૧૦,૦૦૦ શ્લોકોની વહેંચણી કરવાનું નક્કી કર્યું. દેવ,દાનવ અને માનવના અધિપતિઓને બોલાવી ત્રણ સરખા ભાગ કરીને ૩૩૩૩શ્લોકો ત્રણે અધિપતિઓને અપાઇ ગયા. હજુ ૧ શ્લોકનાં ૩૨ અક્ષરો પોતાની પાસે હતા. પરંતુ ઉદાર બનીને તેના પણ સરખા ત્રણ ભાગ કરી ૧૦-૧૦ અક્ષર ત્રણે અધિપતિઓને આપ્યા બાદ હવે ભોળાનાથ શંકરે બે મૂલ્યવાન અક્ષરો પોતાનીપાસે સુરક્ષિત રાખી મૂકયા. અને રોજ તે બે અક્ષરોનું ધ્યાન ધરીને આનંદ માણતા રહ્યા.

**ભોળાનાથને આંનદ આપનારા તે બે અક્ષરો હતા** 'રામ'..પરંતુ એક કાલ્પનિક શૈલીથી વિચારીએ તો બે રામ જેટલું મૂલ્ય જેમનું છે તેવી આ જગતમાં એક વિભૂતિ છે.તેનું નામ 'માતા' છે.

**રામ + રામ = માતા. શી રીતે ?**
**સવા બે + સવા બે = સાડા ચાર (મા) અને**
**સવા ચાર + સવા ચાર = સાડા આઠ (તા)**

માતા-પિતા એ આપણા ઘરના જીવતા જાગતા ભગવાન છે. તેવું આજે તપોવન જેવી

કેટલી શાળાઓમાં ભણાવાતું હશે તે લાખ રૂપિયાનો સવાલ છે. આજે મારે તમને એક નાનકડા પ્રસંગ દ્વારા માતાની મમતાનું મૂલ્ય કેટલું હોઇ શકે તેની જાણકારી આપવી છે.

**ડૉ.કુમારપાળ દેસાઇના શબ્દોમાં જ આ વાર્તાનો ઉલ્લેખ કરું છું-**

ત્રણ સંતાનની માતાને એક પુત્રએ કહ્યું : 'મા ! અમે ભાઇઓએ તને જાળવી રાખવાનું વિચાર્યું છે. અઠવાડિયાના છ દિવસની ગોઠવણ થઇ ગઇ છે. દરેકને ભાગે બે દિવસ આવશે, પણ રવિવારનો સવાલ ઊભો છે.!'

**મા**એ અફસોસ વ્યકત કરતાં કહ્યું, 'એક મા એના નાના ઘરમાં ત્રણ સંતાનોને જાળવી શકે છે, પણ ત્રણ સંતાનો એમના વિશાળ બંગલામાં એક માને રાખી શકતા નથી. ખરું ને !'

**મા**ના આ શબ્દોએ આ પ્રશ્નનો 'સ્ટ્રેસ' અનુભવતા દીકરાને ગુસ્સે કરી મૂકયો. એણે કહ્યું, 'તેં અમને મોટો કરીને ઘણો મોટા ઉપકાર કર્યો છે તેમ માને છે ને ? આઇ વીલ પે યૂ બેક. બોલ,મારી પાછળ તેં જેટલો ખર્ચો કર્યો હશે, એની પાઇએ પાઇ વ્યાજ સાથે ચૂકતે કરી દઈશ.કહે મારા શિક્ષણ પાછળ કેટલો ખર્ચ કર્યો ? મારા ભોજનના કેટલાં થયા? કેટલા હેલ્થ પાછળ વાપર્યા ?' બોલ'

'બેટા! માની મમતાનું ગણિત ન હોય. એની લાગણીના સરવાળા-બાદબાકી ન થાય, છતાં તું કહે તો લખાવું. કહે, કયાંથી લખાવું?'

'કયાંથી એટલે? મારા જન્મથી માંડી અત્યાર સુધીનું બધું લખાવી દે ! એટલે વાત પૂરી થાય.'

'બેટા! તારા જન્મ પૂર્વે હું પ્રેગનન્ટ હતી,ત્યારે હું ખૂબ જાળવીને જીવતી.હરવા-ફરવામાં ડગલે ને પગલે ધ્યાન રાખતી. ખાવાનું સાવ સાદું, કહે એ 'હેલ્થકેર' ના કેટલા લખાવું ?'

'હજી સાંભળ! તને પહેલા દિવસે છાતીને વળગાડીને દૂધ પાયું. તને ખોળામાં લઈ હર્ષનાં આંસુ વહાવ્યા હતા. બોલ, એ દૂધની 'પ્રાઇસ' શું લખીશું? એ હરખના આંસુએ મારો દેહ પ્રફુલ્લિત થયો. એ આંસુની ધારાને કેલ્કયુલેટર પર ગણી શકીશ? માના એ એક આંસુની કિંમત કેટલી ગણીશ,બેટા!'

'તને એકવાર ટાઈફોડ થયો! રાતોની રાતો તારી પાસે જાગતી બેસી રહી.આ હાથથી પોતાં મૂકતી અને હૃદયથી પ્રભુને પ્રાર્થના કરતી કે હે ઇશ્વર ! મારા દીકરાને જલ્દી સાજો કરજે ! કહે, એ ઉજાગરા અને આજીજીની કેટલી કિંમત ગણીશ તું!'

દીકરો રહી ન શક્યો. કહ્યું, 'મા, બસ, રહેવા દે !'

'બેટા ! તારી લાત ખાધી, તોય હસતી રહી. તેં ગુસ્સો કર્યો, તોય શાંત રહી. તારી પળેપળ સુખી થાય, તે માટે જિંદગી અર્પી દીધી. તારા આનંદને માટે દુઃખોના ડુંગરા વિસારે પાડ્યા. તારી ફરિયાદ સામે સજા કરવા ઊભા થયેલા તારા પિતાનો ક્રોધ સહન કરીને તને નિર્દોષ ઠેરવ્યો. બેટા ! મેં જમી લીધું છે, એમ કહી હું ભૂખી રહી અને તને ભરપેટ જમાડી આનંદ પામી. કહે, એ ભૂખ્યા રહેવાની કિંમત તારા કમ્પ્યુટર પર કેટલી આંકીશ ?'

પુત્રનો રોષ ઓગળી ગયો. માતાના ખભે માથું નાખી દીધું અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. બોલ્યો, 'મા, મને માફ કર. મારાથી ગુસ્સામાં બોલાઈ ગયું. મા, મને મારી ભૂલ બદલ તમાચો માર !'માનો વહાલસોયો હાથ દીકરાના ગાલ અને માથા પર ફરી રહ્યો !

## શ્રીમતી

પોતનપુરમાં સુવ્રત શ્રેષ્ઠીને શ્રીમતી નામની સદ્‌ગુણી પુત્રી હતી. ધર્મશાસ્ત્રના અભ્યાસથી તે તત્ત્વના મર્મને પણ જાણતી હતી. તેમ જ તેનો આચાર પણ શુદ્ધ હતો. જેમ શ્રીમતી ધર્મમાં પ્રવીણ હતી તેમ ગૃહકાર્યમાં પણ પ્રવીણ હતી. તેનામાં રૂપ તેમ જ ગુણનો સુમેળ હતો. તે જ નગરમાં એક મિથ્યાદષ્ટિ શ્રેષ્ઠી પુત્ર હતો. તેણે શ્રીમતીના હસ્તની માગણી કરી. સુવ્રત શ્રેષ્ઠીએ પ્રથમ તો ઇન્કાર કર્યો; પરંતુ તે શ્રેષ્ઠી પુત્રે પોતે અતિશય ધર્મી હોવાનો અને જૈનધર્મ પર પ્રીતિ હોવાનો આડંબર કરવા માંડ્યો. છેવટે બહુ સમજાવવાથી સુવ્રત શ્રેષ્ઠીએ શ્રીમતીને તેની સાથે ધામધૂમપૂર્વક પરણાવી.

પરણીને સાસરે આવ્યા બાદ શ્રીમતીનો ગૃહ-વ્યવહાર થોડો વખત તો શાન્તિપૂર્વક ચાલ્યો પરંતુ ત્યાર બાદ શ્રીમતી ચુસ્ત જૈનધર્મ પાળતી હોવાના કારણે તેની નણંદ વગેરે કોઇ ને કોઇ કારણ બતાવી તેના ઉપર ગુસ્સો દર્શાવવા લાગ્યાં. શ્રીમતી તેનું કારણ સમજી ગઈ છતાં નિશ્ચળ ચિત્તથી ધર્મનું પાલન કરતી. ધીમે ધીમે તેનો પતિ તેનાથી વિમુખ થવા લાગ્યો. તેનાં સાસુ-સસરા પણ તેના પ્રત્યે ઓછો આદર બતાવવા લાગ્યાં, છતાં, શ્રીમતી તો નિશ્ચળ મને ધર્મનું આરાધન કરતી, સાથે સાથે ગૃહકાર્યોમાં જરા પણ ખામી આવવા દેતી નહીં.

તેનાં સાસુ-સસરાએ પોતાના પુત્રને બીજી સ્ત્રી પરણાવવાના ઘાટ ઘડવા માંડ્યા, પણ શ્રીમતીની હાજરીમાં તેમ કેમ બની શકે ? એકદા ઘરના સર્વ માણસોએ એકાંતમાં મળી એક પ્રપંચ રચ્યો. ઘરની અંધારી કોટડીમાં એક ઘડામાં મોટો ભયંકર સર્પ મૂકીને તે ઘડાનું ઢાંકણું ઢાંકી દીધું. પછી સમય જોઈને તેના પતિએ શ્રીમતીને આદેશ કર્યો કે પેલી ઓરડીમાં પડેલા ઘડામાંથી તું પુષ્પની માળા લઈ આવ, પૂજા માટે તેનો ઉપયોગ કરવાનો છે.

શ્રીમતીને આ કાવતરાની ગંધ પણ નહોતી. તે પ્રતિદિન નવકારમંત્રનું સ્મરણ કરતી. આજે પણ નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં તે અંધારી કોટડીમાં ગઈ, ઘડાનું ઢાંકણું ખસેડી ઘડામાં હાથ નાખી તે પુષ્પની માળા લઈને પતિ પાસે આવી.નવકાર મંત્રના પ્રભાવથી શાસનદેવીએ ઘડામાંથી સાપને ખસેડી પુષ્પની માળા ગોઠવી દીધી હતી. આ દશ્ય જોતાં જ ચકિત્ત બનેલા તેના પતિએ બધા માણસોને એકત્ર કરીને બનેલો બનાવ કહી સંભળાવ્યો. આ પ્રભાવથી ઘરના બધા માણસો શ્રીમતીના ચરણમાં પડ્યા અને પોતાના દુષ્ટાચરણની માફી માગી.

શ્રીમતીએ જણાવ્યું કે આપ સર્વે તો મારા પૂજ્ય છો. મારું કહેવું એટલું જ છે કે તમો સન્માર્ગે વળો; શુદ્ધ જૈનધર્મનું આચરણ કરો અને પ્રતિદિન નવકાર મંત્રનું સ્મરણ કરો. દુષ્ટ બનેલાં સાસુ-સસરાએ મોટો મહોત્સવ કર્યો અને પોતાનું દ્રવ્ય ધર્મકાર્યોમાં વાપરવા માંડ્યું.

શ્રી વિનયવિજય મહારાજે પુન્યપ્રકાશના સ્તવનમાં જણાવ્યું છે કે :

**શ્રીમતીને એ વળી મંત્ર ફળ્યો તત્કાળ**

**ફણીધર ફીટીને પ્રગટ થઈ ફુલમાળ....**

**ધર્મ માનવની શોભા**

દાંત વિનાનો હાથી, વેગ વિનાનો ઘોડો,ચંદ્ર વિનાની રાત્રિ, મીઠા વિનાનું ભોજન, ગુણ વિનાનો પુત્ર, ચારિત્ર વિનાનો યતિ, સુગંધ વિનાનું પુષ્પ, પાણી વિનાનું સરોવર,છાયા વિનાનું વૃક્ષ અને દેવ વિનાનું મંદિર,જેમ શોભાને પામતાં નથી તેમ ધર્મ વિનાનો મનુષ્ય પણ શોભાને પામતો નથી.



**શ્રીમતી**

તે પ્રતિદિન નવકાર મંત્રનુ સ્મરણ કરતી, આજે પણ નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં અંધારી કોટડીમાં ગઇ. ઘડાનું ઢાંકણું ખસેડી ઘડામાં હાથ નાખી તે પુષ્પની માળા લઇને પતિ પાસે આવી.

## તપસ્વીરત્ના અ. સૌ. દર્શનાબેનની જીવન ઝાંખી
"(કલ્યાણ)"

સંસ્કૃતનું એક સુભાષિક તપની તાકાત વર્ણવતા કહે છે કે, જે સિદ્ધિ દૂરાતિદૂર રહેલી જણાતી હોય, જે સિદ્ધિ દુઃસાધ્ય ગણાતી હોય, આવી પણ સિદ્ધિ તપ દ્વારા સુસાધ્ય બની જતી હોય છે અને સામે પગલે તપસ્વીને ભેટવા દોડતી આવતી હોય છે. આમ તપ દ્વારા બધું જ સાધ્ય બનતું હોય છે. પણ મહત્વનો મુદ્દો એ છે કે, જે દુઃસાધ્ય કોઈ તત્ત્વ હોય, તો તે તપ છે. તપની આવી તાકાતનો જે પૂર્ણ શ્રદ્ધા પૂર્વક સ્વીકાર કરે છે, એના જીવનમાં તપ અજબગાજબનો કેવો ચમત્કાર આ કલિયુગમાં પણ સર્જી જાય છે. એનો સાક્ષાત્કાર પામવા આજે પણ આપણે સૌભાગ્યશાલી છીએ. કેમકે "સમેત શિખર મહાતીર્થ" ના ચરણે પૂર્ણપણે સમર્પિત શ્રી દર્શનાબેનનાં દર્શન કરવાનું આપણું ભાગ્ય જાગતું છે.

આજથી લગભગ અગિયાર વર્ષ પહેલાનું એ સ્થળ ધન્ય હશે અને એ પળ પણ ધન્ય હશે, ધન્ય ઘડી તરીકેની જેટલી છડીઓ પોકારાય, એટલી ઓછી જ ગણાય, એવી બડભાગી એ ઘડી હશે, જ્યારે દર્શનાબેને શ્રી સમેતશિખર મહાતીર્થ ની સુરક્ષા કાજેનો સાદ ઝીલી લઈને પ્રથમ અઠ્ઠમ તપનું પચ્ચક્ખાણ લેવા દ્વારા "તપોયજ્ઞ" ની એક ચિનગારી પેટાવી હતી. ત્યારે તો કોઈ કલ્પી પણ નહિ શક્યું હોય કે, આ ચિનગારી મહાનલ બનવાના માર્ગે આગળ ધપતી ધપતી એક દહાડો સળંગ ૧૦૦૮ અઠ્ઠમનો સરવાળો ઓળંગી જઈને પણ આગેકૂચ જારી રાખશે.



"શ્રી સમેતશિખર તીર્થ" અંગેનો ચુકાદો સત્યનું સમર્થન કરનારો એટલે કે શ્રી શ્વેતાંબર સંઘની તરફેણ કરનારો ન આવે, ત્યાં સુધી અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરવાની દર્શનાબેનની ભીષ્મ પ્રતિજ્ઞા આજ સુધી અખંડિત રહી છે, અને હજી પણ એ તપોયાત્રાને મુદ્રાલેખની મંઝિલ સિદ્ધ ન થાય, ત્યાં સુધી આગળ વધારવા દર્શનાબેન સંકલ્પ-બદ્ધ છે. કાયદા અને ચુકાદા સામે સિંહનાદ કરનાર દર્શનાબેન આજે અમદાવાદ તેમજ પાલનપુર માટે જ આદરણીય ન રહેતા, ભારતભરના નાના મોટા અનેકાનેક શ્રી સંઘો માટે પરમાદરણીય બની ચૂકેલ છે.

**દર્શનાબેનનો જન્મ ૯-૧૨-૪૯ ના મોસાળ રાધનપુર-બંબાવાળી શેરીમાં** પિતા ભોગીભાઈ અને માતા મુક્તાબેનના ઘરમાં થયો હતો. એમનાં લગ્ન સાગરોસણા ગામ-પાલનપુરમાં થયા હતાં. સસરા નરોત્તમભાઈ અને સાસુ ચંદનબેનના સંસ્કારોને વધુ અજવાળતાં દર્શનાબેન પતિ તરીકે નયનભાઈના જીવનને પણ ઠીકઠીક ધર્મ સમૃદ્ધ બનાવ્યું. આજે શ્રી નયનભાઈ પણ દર્શનાબેનની ધર્મભાવનાને સંપૂર્ણ પીઠબળ આપી રહ્યા છે. એ બદલ નયનભાઈની પણ જેટલી અનુમોદના થાય, એટલી સાવ ઓછી જ ગણાય. ભીષ્મ તપોયાત્રાના આ રાહમાંથી દર્શનાબેનના મનોબળને વિચલિત બનાવવા અનેક વિઘ્નો આવ્યા, શારીરિક અસ્વસ્થતાઓ આડે આવી, કાયા કરમાઈ, હાડ-માંસ સૂકાયા, પરંતુ દર્શનાબેન લેશમાત્ર ઝૂક્યા તો નહિ, પણ સવાયા સિંહસત્વ સાથે ઝઝૂમતા આગેકૂચ કરતાં જ રહ્યા અને આજેય કરી જ રહ્યા છે.

શ્રી સમેતશિખરજીને સરકારના સકંજામાં સોંપી દેતો હુકમ હાઈકોર્ટે ઠોકી બેસાડ્યો, ત્યારે ૯૩૬ માં અઠ્ઠમથી ચતુર્વિધ સંઘ સમક્ષ એમણે અઠ્ઠમના પારણે આયંબિલની ભીષ્મ પ્રતિજ્ઞાનો સ્વીકાર કર્યો. ૨૨ વર્ષની વયથી મહિનામાં ૨૬ દિવસ બ્રહ્મચર્યવ્રતનું પાલન, ૩૮ વર્ષની વયે આજીવન બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર, સવા બે વર્ષમાં વીશસ્થાનક તપ અને સવાચાર વર્ષમાં સહસ્રકૂટ તપ પૂર્ણ કરનારા તેઓ દરેક અઠ્ઠમમાં ૧૨૫૦૦ તીર્થરક્ષા કાજે જાપ અને ગૃહમંદિરે ત્રિકાળ પૂજા, આવશ્યક ક્રિયાનું આરાધન અણિશુદ્ધ કરે છે. આવું વિરલ આરાધક-વ્યક્તિત્વ ધરાવતા દર્શનાબેનનો મુદ્રાલેખ છે : **સમેતશિખર તીર્થ આપણું જ છે, આપણે તેને આપણું સાબિત કરીને જ જંપીશું !** આવી ઝંખના-ભાવના આપણા સંઘના શિરે વિજયની વરમાળા આરોપીને જ રહેશે, એવા વિશ્વાસ સાથે આપણે પણ આ અભિયાનને આગે બઢાવવા હાથનો સાથ આપવાનું કર્તવ્ય જરૂર અદા કરીએ.

તીર્થ સમર્પણનો ભાવ, અનુપમ તીર્થરક્ષાનો અપૂર્વ પરિણામ, ઐતિહાસિક તપ સાધના, બ્રહ્મચર્યવ્રતની નિર્મળ આરાધના, અતૂટ-મનોબળ, અડગ પ્રણિધાન, વિરલ પ્રભુભક્તિ, ગૌરવપ્રદ ગુરુભક્તિ, ક્રિયામાં અપ્રમત્તા, જિનાજ્ઞા પાલનની ચુસ્તતા વગેરે વિશેષતાઓ જીવનબાગમાં કમળ-ફૂલોની જેમ મઘમઘી રહી છે. આવા ગુણપુષ્પોની સુવાસ ભારતભરના જૈન સંઘોમાં દિન પ્રતિદિન વધુ ને વધુ વિસ્તરતી

જાય છે. અનુમોદના કરીએ આવા ભીષ્મ-તપસ્વીની ! પુરુષાર્થ કરીએ એમના અભિયાનને આગે ધપાવવાનો !

### મુંબઈના કરોડપતિ કુટુંબે સંસારનો ત્યાગ કરેલ છે.
### (અશોકભાઈ દોશી)

મુંબઈના અત્યાધુનિક અને ધનાઢ્ય વિસ્તાર ગણાતા કફપરેડમાં ફાઈવસ્ટાર હોટેલ પ્રેસિડેન્ટની સામે જ આવેલા ગગનચૂંબી જોલી મેકર એપાર્ટમેન્ટ નંબર ૩ ના દસમાં માળે ૬૮ વર્ષના માણેકબા તમામ ભૌતિક સુખોની વચ્ચે પણ જમીન ઉપર સૂવે છે. દિવસ આથમતાં પહેલાં વાળુ પતાવીને ચૌવિહાર કરે છે, છેલ્લાં ૧૮ વર્ષથી માત્ર બે ટંક જ ખાય છે. સવાર-સાંજ પ્રતિક્રમણ કરે છે, પાંચ બાંધી નવકારવાળી (નવકાર મંત્રનો ૫૪૦ વાર જાપ) કર્યા વગર અને ભગવાનની પૂજા કર્યા વગર મોમાં અન્નનો દાણો નાખતા નથી. એમની પુત્રી પ્રીતિબેન લાધાણી બે વર્ષ પહેલાં મેલેરિયા તાવથી બ્રેઇન હેમરેજને કારણે પતિના અણધાર્યા મૃત્યુ પછી લગભગ આવો જ ક્રમ અનુસરે છે. પ્રીતિબેનની ત્રણેય પુત્રીઓ ઝંખના (૧૧ વર્ષ) દર્શના (૧૫ વર્ષ) અને અર્ચના (૨૦ વર્ષ) પણ મમ્મી અને દાદીના ધાર્મિક સંસ્કારોનું અનુસરણ કરે છે, પરીક્ષાના દિવસે પણ ભગવાનની પૂજા સૌથી પહેલાં અને એ પછી જ અન્નનો દાણો મોંમાં નાખવાનો.

દોમદોમ સાહ્યબી અને આજના તમામ ભૌતિક સુખોની જેમને કોઇ જ કમી નથી એવા મુંબઈના કરોડપતિ ફેમિલીની આ પાંચેય વ્યક્તિઓ અમદાવાદથી ૧૯૦ કિ. મી. ના અંતરે આવેલા રૂણીતીર્થમાં સંસારનો ત્યાગ કરી જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી છે એ સમાચારે લોકોને આશ્ચર્ય સાથે આંચકો આપ્યો છે.

દોઢ વર્ષ પહેલાં, સૌ પ્રથમવાર દીક્ષાર્થી પ્રીતિબેનના ભાઈ અરવિંદ શેઠે આ સમાચાર સ્વીટ્ઝર્લેન્ડમાં જાણ્યા ત્યારે એમને પણ ભારે આંચકો લાગેલો અને દીક્ષાનો એમણે સખ્ત વિરોધ કરેલો. ખાસ કરીને કુમળી વયની એમની ત્રણ ભાણીઓ જ્યારે તમામ સાંસારિક સુખો ઉપલબ્ધ છે. ત્યારે દીક્ષા લઇને કઠોર જીવન અપનાવે એ એમને જરાય પસંદ નહોતું.

સતત દોઢ વર્ષ સુધી એમણે સંસારની તમામ મોજ-મજા કરાવી ભાણીઓને સંસાર ન છોડવાની લાલચ આપી પરંતુ એમ છતાંય જ્યારે લાગ્યું કે સંસારના કોઈ સુખ-ભોગોથી આ પાંચેય વ્યક્તિઓ લલચાય એમ નથી અને દીક્ષા અંગિકાર કરવા દૃઢ મનોબળ ધરાવે છે ત્યારે એમણે સંસાર ત્યાગની રજા આપી એટલું જ નહીં પરંતુ કોઇપણ ભવ્ય લગ્ન સમારંભને પણ આંટી દે એવા ભવ્યાતિભવ્ય દીક્ષા મહોત્સવની તડામાર તૈયારીમાં તન, મન, ધન નીચોવી રહ્યા છે. "જ્યારે મારી ત્રણ-ત્રણ ભાણીઓ આટલો મોટો ત્યાગ કરે ત્યારે હું કેમ પાછળ રહી જાઉ !" લાગણીશીલ બનીને તેઓ કહે છે - "ત્રણેયના લગ્ન માટે અમારે ખર્ચ કરવો પડ્યો

હોત ત્યારે આ તો એના કરતા પણ મહાન પ્રસંગ છે."

આ મહાન પ્રસંગે મુંબઈથી એક ખાસ ચાર્ટર્ડ વિમાન દીક્ષાર્થીઓને શનિવારે ૪ ડિસેમ્બરના રોજ અમદાવાદ લાવેલ. અમદાવાદમાં રવિવારે સવારે ૯ વાગ્યાથી વરસીદાનનો ભવ્ય વરઘોડો શહેરભરમાં ફરેલ. બુધવાર, ૭ ડિસેમ્બરના રોજ બનાસકાંઠા જિલ્લાના રૂણી તીર્થ ૯૧ વર્ષીય પૂ. આચાર્ય શ્રી વિનયચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય આચાર્યદેવ શ્રી વિજય કલ્પજયસૂરીશ્વરજી મહારાજ સાહેબે પાંચેય વ્યક્તિઓને દીક્ષા આપી છે.

પાંચેય દીક્ષાર્થીઓ લોંચ કરી એમના વાળ ઉતારી નાખશે. એરકન્ડીશન્ડની શીતળતામાં રહેનાર પાંચેય વ્યક્તિઓ ધોમધકતા તાપમાં પણ પંખા વગરના ઉપાશ્રયમાં રહેશે અને મારૂતી-૧૦૦૦ કારને બદલે ફોલ્લાં પાડતા ડામરના રસ્તે ઉઘાડે પગે ચાલશે. અબજોની સંપત્તિનો ત્યાગ કરી પૈસાને તેઓ સ્પર્શ સુધ્ધાં નહીં કરે. અને ઘરે ઘરે ફરી ગોચરી (ભિક્ષા)માં મળેલું ભોજન એક જ પાત્રમાં એકઠું કરી વાપરશે. સૂક્ષ્મમાં સુક્ષ્મ જંતુને પણ મન, વચન,કર્મથી સ્હેજ પણ દુઃખ ન પહોંચે એવી જીવન પ્રણાલી અપનાવશે.

"અંદરનો આનંદ એટલો છે કે તેનું વર્ણન થઇ શકે તેમ નથી. જેમ સંસારમાં બધું ભોગવ્યું તેમ તે ત્યાગ કરીને સુંદર રીતે દીક્ષા પાળી બતાવશું." મુંબઇની નંબર વન કોમર્સ કોલેજ ગણાતી સિડનહામમાંથી ફર્સ્ટ ક્લાસ સાથે બી.કોમ. થયેલ અર્ચનાબહેને અમને જણાવતા કહ્યું- કેબલ પર ફિલ્મ આવતી હોય તો તેના પર નજર નાખીએ પણ મન એમાં નહીં. હજુ ગઇકાલે જ એ રીતે "અલબેલા" જોયું. તેની લગ્ન કરવાની જરાય ઇચ્છા નથી. "મારા પપ્પા હૈયાતીમાં જ મેં કહી દીધેલું કે મારે લગ્ન કરવા નથી. માટે આ વિષય ઉઘાડતા જ નહીં. અમને મમ્મી-પપ્પા તરફથી એટલો પ્રેમ મળ્યો છે કે મારે દીકરો બનીને તે પાછો વાળવો હતો. લગ્ન કરીને બીજે ચાલી જાઉં તો એમની સેવા કોણ કરે?" અર્ચનાએ ખૂબ લાગણીશીલ બની જતા કહ્યું.

સૌથી નાની, ૧૧ વર્ષીય ઝંખના અંગ્રેજી માધ્યમની નામાંકિત ફેલોશીપ સ્કૂલમાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરે છે અને ૮૦ ટકાથી વધુ માર્કસ સાથે પાસ થતી રહી છે. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ તરફથી યોજાતી હિન્દીની પરીક્ષામાં તે મહારાષ્ટ્રભરમાં પ્રથમ આવી છે. સ્કૂલની ભાગ્યે જ કોઇ પ્રવૃત્તિ હશે કે જેમાં તે ભાગ ન લેતી હોય. આટલી કોમળ વયે તે શા માટે દીક્ષા લેવા તૈયાર થઇ ? ઝંખનાએ એમને કાલાઘેલી બાળ ભાષામાં કહ્યું - મમ્મીને અમારા માટે ખૂબ પ્રેમ છે અને અમારૂ સારું થવાનું છે.

૧૫ વર્ષની દર્શનાએ ૮૪ ટકા માર્કસ સાથે એસ.એસ.સી પાસ કરી છે. એ પણ બીમારીની વેદના ભોગવતા ભોગવતા ત્રણેય દીકરીઓ સંસારનો ત્યાગ કરી

દીક્ષા લીધી છે એ માટે ગૌરવ અનુભવતા. એમના મમ્મી પ્રીતિબેન કહે છે "હું બહુ ખુશ છું કે મે આવા રત્નોને જન્મ આપ્યો. ત્રણેય એમની ઇચ્છાથી દીક્ષા લે છે. મોટીને લગ્ન કરવા હોય તો પણ સંપૂર્ણ છૂટ છે પરંતુ અમે કંઇ કહીએ એ પહેલાં જ તેણે પોતાની ઇચ્છા જણાવી દીધી."

દીક્ષા લઇને ત્રણેય દીકરીઓ પાસેથી શું અપેક્ષા રાખે છે ? એ માટે પ્રીતીબેન કહે છે. "આત્માનું કલ્યાણ કરીને સંસારના દરેક આત્મા ને જ્ઞાન આપે. આત્માનું જ્ઞાન એ જ સાચું જ્ઞાન છે. એ પ્રાપ્ત કરે અને બીજાને આપે ભગવાને ચીંધેલાં માર્ગ પ્રમાણે ચાલે."

૬૮ વર્ષની પાકટવયે દીક્ષા લેવાનું મન કેમ થયું ? એ માટે શારીરિક અને માનસિક રીતે ખૂબ સજ્જ માણેકબા કહે છે – "જીવનમાં ખૂબ થપ્પડો ખાધી છે, આર્થિક નહીં પરંતુ સ્વજનોના અણધાર્યા મૃત્યું. ૩૫ વર્ષ પહેલાં ૧૨ વર્ષનો પુત્ર ઓમપ્રકાશ કોલેરાને કારણે મૃત્યુ પામ્યો એ પછી ૧૦ વર્ષ પહેંલા, ૧૯૮૩માં મારો બીજો પુત્ર કિરણ ઘરની બાલ્કની એકાએક તૂટી પડતાં મૃત્યુ પામ્યો. બે વર્ષ પહેંલા, બેસતા વર્ષના દિવસે જ મારા જમાઇ દિલીપભાઇ લાધાણી મેલેરીયા તાવથી મૃત્યુ પામ્યા. ત્યારે ત્રણ–ત્રણ જણાં મૃત્યુ શૈયા પર હતા. દીકરીને ૧૦૮ મેલેરિયા તાવ હતો. ડોક્ટરોએ તમામ આશા છોડી દીધેલી. જીવદયા અને ધર્માદો પણ થઇ ગયેલો પરંતુ એ બચી ગઇ અને જમાઇ ચાલ્યા ગયા...."

પતિના એકાએક મૃત્યુથી પ્રીતીબેનને એટલો આઘાત લાગેલો કે શૂન્ય મનસ્ક બનીને બેસી રહેતા કોઇ ઓળખીતા બોલાવે તો પણ જવાબ ન આપે. હવે તે કહે છે – "સાચો પ્રેમ ત્યાગવામાં છે."

મને "એમના" માટે પ્રેમ છે તેથી બધું જ ત્યાગી દઉં છું ત્યાગવાથી બધું જ મળે છે, આ માર્ગે જવા માટે મારા આનંદને કોઇ સીમા નથી. એમના ભાઇને પણ હવે એટલો જ આનંદ છે, ને બહેનને ત્યાગને માર્ગે વિદાય આપતા પહેલાં ફાઈવ સ્ટાર હોટેલ ઓબેરોયમાં એમણે જાણીતા તમામ લોકોને ખૂબ આગ્રહપૂર્વક આમંત્રીને ૩૨ જાતના ભોજન ખવડાવ્યા અને પ્રથમ વખત જ ફાઈવ સ્ટાર હોટેલમાં જિન પ્રભુની ખૂબ ઉત્સાહપૂર્વક પૂજા કરવામાં આવી.

અમે કફ પરેડના એમના આલીશાન નિવાસસ્થાનની મુલાકાત લીધી ત્યારે સંખ્યાબંધ કોલેજ કન્યાઓ એમની સખીઓને વિદાય આપવા આવેલી. અમે આવી એક કોલેજ કન્યાને તેના પ્રત્યાઘાત પૂછ્યા ત્યારે તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

બીજી કોલેજ કન્યાએ સલાહ આપતા કહું – "હજુ ઉંમર ખૂબ નાની છે અને પાંચ વર્ષ રાહ જોઈને દીક્ષા લેવાનું નક્કી કર્યું હોત તો સારૂં થાત." માણેકબાએ તરત તેને સમજાવતા કહ્યું – "બેટા, મને કોઈ લખી આપશે કે પાંચ વર્ષ તે જીવશે જ.... જીવનનો કોઈ ભરોસો નથી. જે આજે થઈ ગયું તે થઈ ગયું...."

એમ જણાવતા એમના ગુરૂની પસંદગી માટે માણેકબા કહે છે. ગુરુ વિશે સૌથી ગમતી બાબત એ છે કે તેઓ એકદમ નિર્મળ અને નિસ્વાર્થી છે, સંયમી છે અને શુદ્ધ ચારિત્રનું પાલન કરે છે. પ્રસિદ્ધથી દૂર રહે છે, તસ્વીરો પણ પડાવતા નથી. દીક્ષા આપવા માટે પણ એમનો આગ્રહ ન હતો. સંસારી કર્તવ્ય પુરું કરાવાનું એમનું સૂચન હતું. દીક્ષા લેવા માટે મે ૨૦ વર્ષ સુધી રાહ જોઈ છે. અને એ પ્રસંગ વહેલો આવે એ માટે મેં વ્રત રાખેલ. ધર્મ પાલનથી શું પ્રાપ્ત થાય એમ તમે પૂછો તો હું કહીશ કે ભગવાનના માર્ગે ચાલવાની પ્રબળ ઇચ્છા થાય એથી મોટી ઉપલબ્ધિ કઈ હોઈ શકે ?

### પ્રભુ ! આ દુઃખથી છોડાવો
### (એક સત્ય પ્રસંગ)
### પ. પૂ. ગણિવર્ય ગુણસુંદરવિજયજી મ.સા

પૂર્વે હું કોલ્હાપુરમાં પાંચ વર્ષ રહેલો. સવારે ૪ થી રાત્રે ૧ વાગ્યા સુધી કામ કરવા છતાં. ઘરનું ભાડું માસિક રૂા. ૨૨૫ અને ધર્મપત્નીનો નિર્વાહ કરવાનો હોવા છતાં મુશ્કેલીથી રૂા. ૫૦૦/- પાંચસો કમાઈ શકતો. એક વાર ત્યાંના શાહુપુરીના જિનાલયના મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનને મેં રડતાં હૃદયે પ્રાર્થના કરી, "પ્રભુ ! આ દુઃખથી છોડાવો" પછી દેરાસરજીની સીડી ઊતરી નીચે આવ્યો તો એક શ્રેષ્ઠી મળ્યા જેમણે એક મરાઠી સદ્‌ગૃહસ્થની ઓળખાણ કરાવી. તેમના માર્ગદર્શન મુજબ મુંબઈ આવ્યો, સુખી થયો, હાલ રૂા. ૩૫૦૦ નો માસિક પગાર અને બીજા ફાયદાઓ કંપનીમાંથી મળે છે.

આ પ્રસંગ પછી મુંબઈ આવી સુખી થયા પછી ઝંખના રહેતી કે ક્યારે કોલ્હાપુર જાઉ ને ઉપકારી શ્રી શાંતિનાથ ભગવાનની પૂજા કરૂં ! "કાલે સવારે વહેલો પહોંચીને પૂજા કરીશ" એમ, સતત વિચારતો આખી રાત ટ્રેઈનમાં બેસી કોલ્હાપુર પહોંચ્યોં. ઘેરથી પૂજા કરવા નીકળ્યો. કમનસીબે પૈસાનું પાકીટ ઘેર ભૂલી ગયો. અફસોસ થયો કે પૈસા વગર પુષ્પપૂજા નહી થાય. કેસરની વાટકી સહ થાળી ભંડાર પર મૂકી ભગવાનને ખમાસમણાં દીધાં. ઊભો થઈને જોયું તો આખી થાળી તાજા પુષ્પોથી ભરાઈ ગયેલી. આજુબાજુ જોયું તો કોઈ વ્યક્તિ નજરે ન આવી.પુષ્પપુજા કરતાં થાળી ખાલી થઈ તો વિચાર આવ્યો "હજી બીજા ઘણા ભગવાન બાકી છે, હજી થોડા વધુ પુષ્પ હોત તો ! એ બધાની પુષ્પપૂજા થઈ શકત." બરાબર એ જ વખતે બાજુમાં ઊભેલા એક ભાઈ એ મારી થાળીમાં પુષ્પો નાખ્યાં. એ પુષ્પોથી બધા જ ભગવાનની પુષ્પપૂજા થઈ શકી, ન એક પુષ્પ ઘટ્યું, ન એક વધ્યું.

ત્રીજો પ્રસંગ તે વખતે પૂર્વે મારે કદાપિ શ્રી શત્રુંજયની યાત્રા થઈ ન હોતી. શત્રુંજયના દાદાના ફોટા સામે જોઈ હદય રડતું કે દાદા ક્યારે તમારાં દર્શન થાય? અને સામેથી સગવડતા મળી આવી અને તરત મોટી ભવ્ય યાત્રા મારે થઈ.

## જેણે પ્રભુનું છત્ર સ્વીકાર્યું છે એ વ્યક્તિ દરેક અવસ્થામાં સલામત રહી શકે છે !!

## ❖ પૂ.સા.શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા ❖

જૈનોના પરમ પવિત્ર મહાતીર્થ શત્રુંજયગિરિરાજની છાયામાં વસેલું પાલીતાણા શહેર દાયકાઓ પૂર્વે ત્યાં તીર્થાધિનાયક શ્રી આદિશ્વરદાદાનો એક પરમ ભક્ત વસતો હતો. એ હતો તો જૈનેતર પરંતુ શ્રદ્ધાથી પ્રભુને છત્ર બનાવીને જીવવામાં એ પાક્કા જૈન સાથે બરાબરી કરે એવો હતો. એનું નામ કરસન ચોપદાર. રોજ દાદાના ડુંગરે ચડીને એ દાદા આદિશ્વર પ્રભુ સમક્ષ છડી પોકારે એ એવી અનોખી શૈલીથી છડી પોકારે કે એ સાંભળવા આસપાસના હજારો-સેંકડો ભક્તજનો પલભર પ્રતિમા સામે સ્તબ્ધ થઈ જાય.

એક વાર એવું બન્યું કે દશેરાના તહેવારદિને પાલિતાણાના રાજા માનસિંહની સવારી-શોભાયાત્રા યોજાઈ. સવારી શહેરમાંથી આગળ વધતી વધતી તળેટી તરફ જતી હતો. માર્ગની એક તરફ વિશાલ ખીજડાના વૃક્ષ નીચે કરસન ચોપદાર અને એનાં કેટલાક મિત્રો બેઠા હતા. રાજા માનસિંહની નજર કરસન તરફ ગઈ અને એનાં મનમાં તરંગ ઊછળી આવ્યો કે "અત્યારે આ સવારીમાં હજારોની મેદની છે અને વૈભવી ઠાઠમાઠ છે. આની વચ્ચે જો આ કરસન મારા નામની છડી પોકારે તો મારો વટ પડી જાય." રાજા અભિમાનનું પુતળું હતું. એથી પોતાના અહંને પોષવા એણે જાહેરમાં કરસનને બોલાવીને લલચામણો પ્રસ્તાવ મુક્યો કે "કરસન ! તું જો અત્યારે મારી છડી પોકારે તો હું તને ઇનામરૂપે આખું ઘેટીગામ ભેટ ધરી દઉં, પોકાર તું મારી છડી."

સવારીમાં સામેલ પ્રજાજનોનાં કાન સરવા થઈ ગયા કે કરસન શો પ્રતિસાદ આપે છે. કરસન માત્ર દાદાની જ છડી પોકારવાની ટેક ધરાવતો હતો. પણ એના જેવા સામાન્ય ગરીબ આદમી માટે રાજાએ જે લાલચ ધરી હતી એથી સહુ માનવા માંડ્યા કે કરસન છડી પોકારવા તેયાર થઈ જશે.

પણ... સૌના આશ્ચર્ય વચ્ચે કરસને પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાથી ઝગમગતા ને ખુમારીથી ધગધગતો ઉત્તર આપ્યો કે, "દરબાર ! છડી તો મારે માત્ર આદિશ્વરદાદાની જ પોકારવાની ટેક છે તમે ઘેટી તો શું, તમારું સમગ્ર રાજ આપી દો તો હું તમારી છડી કદી ન પોકારું."

દરબારના અરમાન ઉતરી ગયા આ પ્રભુનાં છત્રને જ માથે રાખનાર ટેકીલા આદમીના ઉત્તરથી...

આજ કરસનનાં જીવનમાં એક વાર કટોકટીભરી પરિસ્થિતિ પણ સર્જાઈ ને ત્યારે ય એણે પ્રભુનાં છત્રને જ માથે ધરી રાખ્યું. બન્યું હતું એવું કે સાવ સામાન્ય

સ્થિતિ ધરાવતો કરસન રોજ સ્નાન કરીને પૂજાના વસ્ત્રોમાં દાદાની પ્રથમ છડી પોકારે, એ પછી ગર્ભગ્રહમાં પ્રવેશી દાદાને પગે લાગે, ને એમના ખોળામાં રહેલાં પુષ્પોનાં ઢગલામાં હાથ નાખતાં જ એને ચાંદીનો સવા રૂપિયો મળે. આવું રોજ જ બનતું ! એનાથી એ સંતોષી જીવનો જીવનનિર્વાહ ચાલ્યા કરતો.

પણ... આ વાતની બારોટ લોકોને ખબર પડતાં એમણે વાંધો ઉઠાવ્યો કે આ રૂપિયા પર તો અમારો જ હક્ક હોય. શાંતિપ્રિય કરસને કહ્યું "ભલે બાપ ! તમને દાદા આપતા હોય તો તમે લો." બીજે દિવસે દેરાસર ખુલતાના સમયે બારોટો આવી પહોંચ્યા.

પૂરો ખોળો ખૂંદી વળવા છતાંય એમને કાંઈ ન જડ્યું એ વીલે મુખે બહાર આવ્યા. તે પછી ભક્તિભરેલો કરસન અંદર ગયો. દાદાને નમીને જ્યાં એણે ખોળાનાં ફુલોમાં હાથ નાખ્યો ત્યાં જ એના હાથમાં ચાંદીનો રૂપિયો અને ચાર આની આવી ગઈ !! વિસ્મયભરી નજરે નિહાળી રહેલા લોકો બોલી ઊઠ્યા કે : "કરસને દાદાને મન દઈ દીધુ એટલે દાદા એને મન દઈને દે છે."

બારોટોએ પણ સ્વીકારી લીધું કે દાદાનો એ સાચો ભક્ત હોવાથી દાદાની આ મહેર માત્ર એની ઉપર જ છે, પછી કોઈએ કદી આ ઘટનામાં દાવો કરવાનો વિચાર પણ ન કર્યો...

છેલ્લે એક વાત : પ્રભુનાં છત્રને જ કાયમ શિરે ટકાવવા આપણે પ્રભુ પાસે એ જ માંગીએ કે ક્યાંય કોઈ દુન્યવી વ્યક્તિ /હસ્તી પાસે માંગવાનું મન ન થાય.

એક પંક્તિ પણ એજ કહે છે કે :"હું ક્યાં કોઈ સ્થાન કે સન્માન માંગુ છું, માત્ર મારાં અસ્તિત્વની પહેંચાન માંગુ છું. રહે જીવન સદા ઉન્નત એ જ શાન માંગુ છું "

## એ સંજોગોમાં ગુરુને લાગ્યું કે ધર્મની બધી વાતો મન મનાવવા માટેની છે

### ❖ ચંદ્રહાસ ત્રિવેદી ❖

જૈન મુનિ અષાઢાચાર્ય ધર્મને સુપેરે જાણતા હતા. પોતાના શિષ્યોને ધર્મ સમજાવતા હતા અને ધર્મમાં સ્થિર કરતા હતા. તેમનો અનુયાયી વર્ગ પણ ઘણો મોટો હતો.

ધર્મના જાણકાર તરીકે તેમની કીર્તિ હતી પરંતુ તેમના મનમાં ક્યારેક શંકા કુશંકા થયા કરતી હતી કે શાસ્ત્રોમાં – આગમોમાં ધર્મ વિશે જે વાતો કરવામાં આવી છે તે સત્ય જ હશે કે પછી કોઈનો કલ્પના વિહાર હશે ? પરંતુ આ વાત તેમનાથી કોઈને કહેવાય તેમ ન હતી અને કહેતો પણ તેથી કંઇ અર્થ સરે તેમ ન હતો. યોગાનુયોગ તેમને આ વાત ચકાસવાની એક તક મળી ગઇ. તેમનો એક શિષ્ય મરણ પથારીએ પડ્યો હતો. ખાસ સમય કાઢી શકે તેમ ન હતો. આચાર્ય તેને ધર્મ સંભળાવતા હતા અને શરીર છોડતા પહેલાં તેના મમત્વનો ત્યાગ કરીને

આત્મસ્થ થવા બોધ કરતા હતા. શિષ્યને પણ પિતાતુલ્ય આચાર્ય ઉપર પૂર્ણ શ્રદ્ધા હતી. તે ગુરુના એકેક વાક્યને શ્રદ્ધાપૂર્વક સ્વીકારી પોતાના ચિત્તને આત્મસ્થ કરી રહ્યો હતો.

તેવા સમયે ગુરુને વિચાર આવ્યો કે આ શિષ્ય ધર્મમય છે. તેની લેશ્યા શુભ છે માટે તે આગમોમાં જણાવ્યા પ્રમાણે અવશ્ય દેવલોકમાં જવાનો, તેમણે શિષ્યને પુછ્યું, "તું મારી એક ઇચ્છા પૂર્ણ કરીશ ?" શિષ્યે માથું નમાવીને "હા" કહી. આચાર્યશ્રીએ તેને કહ્યું, "તું તારા જપ-તપ અને પુણ્યના બળે અવશ્ય દેવલોકમાં જવાનો. તું ત્યાં ગયા પછી અહીં પૃથ્વી ઉપર પાછો આવીને મને કહી જજે કે આપણે ત્યાં ધર્મમાં જે કંઈ કહેવાય છે તે પ્રમાણે દેવલોક ઇત્યાદિ છે ?" શિષ્યે ગુરુને વચન આપ્યું.

અને બન્યું પણ એવું કે શિષ્ય મરીને દેવલોકમાં ગયો. તેણે જોયું કે ગુરુએ ધર્મમાં જે સમજાવ્યું હતું તે પ્રમાણે જ બધું અહીં પ્રવર્તે છે. આગમોમાં લખેલી વાતો સાચી છે. તેને ગુરૂને આપેલું વચન યાદ આવ્યું અને વિચાર આવ્યો કે તેમને કહી આવું. એટલામાં તો તે દેવલોકના વ્યવહારમાં અને રંગ-રાગમાં એવો પડી ગયો કે તે ગુરુને મળવા માટે પૃથ્વી ઉપર પાછો આવ્યો જ નહિ. શિષ્ય પાછો ન ફર્યો એટલે ગુરૂને થયું કે કાંતો દેવલોકમાં તે ગયો નહિ હોય કે પછી આગમોમાં જે વર્ણનો છે તે પ્રમાણેના દેવલોક વગેરે હશે જ નહિ અને આત્માનું અસ્તિત્વ કે તેની મરણોત્તર ગતિ તે પ્રમાણે નહિ હોય.

ગુરૂએ બાળપણથી દીક્ષા લીધી હતી અને યૌવનમાં જ તેમણે આગમગ્રંથોનો અભ્યાસ કરેલો તેથી તેમના શિષ્યોમાં કેટલાક શિષ્યે વયમાં તેમના કરતાં મોટા હતા તેથી તેમને ઘણીવાર શિષ્યો ને વિદાય કરવા પડતા હતા. આ રીતે તેમણે એક પછી એક એમ તેમણે ચાર મરણાસન શિષ્યોને વિદાય આપી અને નિર્યામણાં કરાવવાં પડ્યાં દરેક સમયે ગુરૂએ શિષ્ય પાસેથી વચન લીધું કે અહીંથી ગયા પછી તે પાછા આવીને ગુરૂને મરણોત્તર જગતની વાત કરી જાય. પણ કોઈ શિષ્ય એ રીતે પાછો આવ્યો નહિ અને પરોક્ષ રીતે પણ ગુરૂને ઇશારો કર્યો નહિ.

આ કારણે ગુરૂની ધર્મ ઉપરની શ્રદ્ધા ડગમગી ગઈ. પહેલેથી જ તેઓ મનોમન સંદેહયુક્ત હતા અને પાછળથી તેમના ધાર્યા પ્રમાણે કંઇ પ્રતીતિ થઈ નહિ તેથી તેમને લાગ્યું કે ધર્મની બધી વાતો મન મનાવવા માટેની લાગે છે. બાકી મરણ પછી કંઈ બાકી રહેતું હોય એમ લાગતું નથી. આમ નિત ચિંતન કરતાં કરતાં તેઓ દીક્ષા છોડીને પુનઃ સંસારમાં પ્રવેશવાનો વિચાર કરી રહ્યા હતા. ત્યં દેવલોકમાં ગયેલા તેમના એક શિષ્યે અવધિજ્ઞાનથી આ વાત જાણી ગુરૂનો તેના ઉપરનો ઉપકાર યાદ કરીને તે પૃથ્વી ઉપર પાછો આવ્યો અને ગુરૂને પોતાનો સંદેશો આપવા તેણે માયાજાળ રચી અને ગુરૂના માર્ગમાં તેનો ખેલ પાડ્યો.

આ ખેલમાં જંગલમાં છ દિવ્ય બાળકો કિંમતી દાગીના અને આભૂષણોથી સજ્જ થઈને જઈ રહ્યાં છે. તેમને એક જૈન સાધુ મારીને તેમના દાગીના પોતાનાં પાત્રોમાં ભરીને ઝોળીમાં છૂપાવી દે છે. આગળ જતા સાધુ એક સાધ્વી સાથે પોતાનો આચાર છોડીને રંગ-રાગની વાતો કરતો જોવા મળ્યો. એવામાં ત્યાંથી રાજા-રાણીનો પરિવાર નીકળ્યો. તેમણે સાધુને વંદન કરી કંઈ વહોરાવવાની તત્પરતા બતાવી. ગુરુ ના ના કરતા જાય અને પાછા ખસતા જાય એટલે રાજાએ તેમની ઝોળી ખેંચી તો તેમાંથી પાત્રાં પડી ગયાં અને તેમાંથી પેલા ખોવાયેલાં છ બાળકોના આભૂષણો અને દાગીના પડ્યા. પછી તો ગુરૂ થર-થર કંપવા લાગ્યા અને રડવા લાગ્યા અને બચાવવા માટે કરગરવા લાગ્યા.

તે સમયે પેલા દેવશિષ્યે પ્રગટ થઈને ગુરૂને કહ્યું કે આ બધી તો તેની માયાજાળ હતી. શાસ્ત્રો અને આગમોમાં કહેલી બધી વાતો સાચી છે તેમ જણાવ્યું. જેને કારણે ગુરુનો સંશય દૂર થયો અને તેઓ ધર્મમાં સ્થિર થયા. ધર્મની બધી વાતોને આપણાં ધોરણોથી માપી શકાતી નથી. પરલોકની અને આપણી મર્યાદિત બુદ્ધિથી ધર્મની બધી વાતો સમજી શકાય તેમ નથી. બુદ્ધિથી સીમા આવી ગયા પછી શ્રદ્ધાનો પ્રદેશ શરૂ થાય છે. આગળની યાત્રા તો શ્રદ્ધાના સહારે જ કરવી પડે છે.

## ઉપોદ્‌ઘાત

આ ભવમાં જેમ હવા-પાણી અને આહાર વિના ચાલે એમ નથી એ જ રીતે આ લોક અને પરલોકનું હિત સાધવા માટે શ્રી જિનમૂર્તિસ્વરૂપે શ્રી જિનેશ્વર પરમાત્માની ઉપાસના વિના પણ ચાલે એમ નથી જ. ઘણા બધા શહેરોમાં એક કાયદો છે કે મંદિર વગેરે ધાર્મિક સ્થળોની આસપાસમાં ૧૦૦ મીટર સુધી કોઈને પણ શરાબની દુકાન અથવા માંસ-મચ્છીની દુકાન અથવા હોટલ-સિનેમા બનાવવા માટે પરમીશન અપાતી નથી. કાશ ! જો આ શહેરો માં ૧૦૦-૧૦૦ મીટરે એક એક જિનમંદિર હોત તો એ શહેરોમાં માંસમચ્છી-શરાબની હોટલોને અવકાશ જ ન રહેત અને એ રીતે આ કલિકાળના ખતરનાક મહાદૂષણો આપોઆપ દૂર થઈ જાત.

વર્તમાનકાળમાં લોકમાનસ એવું છે કે હોટેલ-સિનેમા દૂર હોય તો ય લોકો પહોંચી જાય છે પણ દેરાસર-ઉપાશ્રય જો થોડા દૂર હોય તો લોકોને જવામાં આળસ આવે છે. એ સ્થિતિમાં ગલીએ ગલીએ અને પોળે પોળે શ્રી જિનમંદિર હોય તે તો અત્યંત ઇચ્છનીય છે.

સૌ જાણે છે કે જ્યાં એક હોટલ હોય છે ત્યાં જ આજુબાજુમાં બીજી બે-ચાર હોટલો ઉભી થઈ જાય છે. જ્યાં એક સિનેમા થિયેટર હોય છે ત્યાંજ આજુબાજુમાં (બહુ દૂર નહીં એ રીતે) સિનેમા થિયેટરો ઉભા થઈ જાય છે. જ્યાં એક જુગાર કલબ હોય ત્યાં આસપાસમાં બીજી જુગાર કલબો ઉભી થઈ જાય છે. જ્યાં એક પાનનો ગલ્લો ખુલે ત્યાં બીજા પાંચ-દસ આજુબાજુ નજીકનજીકમાં જ ખુલી જાય

છે. જ્યાં એક ડોક્ટર દવાખાનું ખોલે છે ત્યાં આજુબાજુ નજીકમાં બીજા પાંચ-દશ દવાખાના ખુલી જાય છે. ત્યાં કોઈ એવી બુમરાણ મચાવતુ નથી કે આ એક હોટલ-સિનેમા-ક્લબ-દવાખાનુ વગેરે છે ત્યાં વળી બીજાની શી જરૂર છે ? કોઈ એમ કહેતુ નથી કે આ એક દવાખાનામાં તો પૂરા ખાટલા ભરાતા નથી ત્યાં વળી બીજા દવાખાનાની શી જરૂર છે ? "તો પછી જ્યાં એક દેરાસર છે ત્યાં બીજા દેરાસરો ઊભા કરવાની શી જરૂર છે ? જ્યાં એક દેરાસરમાં ય બરાબર બધું સંભાળાતું નથી ત્યાં બીજા ચાર ઉભા કરવાની શી જરૂર છે ? આવું બધું અરણ્યરુદન કરવાની કશી જ જરૂર નથી. કોઈ એમ કહેતું નથી કે દરેક વર્ષે આટલી મોટી સંખ્યામાં નવા નવા ડોક્ટરો-ઇજનેરો-ગ્રેજ્યુએટો બહાર પડે છે પણ હજુ જુના બહાર પડેલા ય પૂરા સેટ નથી થયા (ઘણા બેકાર છે) ત્યાં આ નવો ફાલ ઉતારવાની શી જરૂર છે ? અને ડોક્ટરો આટલી બધી મોટી સંખ્યામાં બહાર પડશે પણ એટલા દર્દીઓ ક્યાંથી લાવશું એવી પંચાત કોઈ કરતું નથી તો દેરાસરો આટલા બધા બંધાય છે પણ એટલા પૂજનારા ક્યાંથી લાવશું એવી પંચાત કરવાની જરૂર શી પડે? એવી નકામી ઢંગધડા વિનાની પંચાત કરનારાને એ ખબર નથી કે આ વીતરાગશાસનમાં કોઈ એવો કાયદો કે જડવ્યવસ્થા હયાત નથી કે પૂજનારા હોય તો જ શ્રી જિનમંદિર કે જિનમૂર્તિનું નિર્માણ કરાય અને પૂજનારા ન હોય તો એ ન કરાય. કોઈ દુકાનદાર પહેલા ઘરાકોનું લીસ્ટ બનાવીને પછી જ દુકાનનું ઉદ્‌ઘાટન કરતો નથી. દુકાન ખૂલે પછી ઘરાક તો આપોઆપ આવવા માંડે છે. કુદરત જંગલ વગેરેમાં હજારો નહીં કરોડો પુષ્પો વિકસાવે છે તે કંઈ ભમરા હોય તો જ વિકસાવે એવું નથી, ભમરા ન હોય તોય કૂદરત તો ત્યાં પુષ્પ વિકસાવે જ છે અને એ રીતે જંગલ વગેરેની શોભા ઘટતી નથી ઉલ્ટી વધે છે.

તેમ પૂજનારા હોય તો જ મંદિર- મૂર્તિ બનાવવા એવું નથી - એ ન હોય તોય મંદિર-મૂર્તિ બનાવવાથી જૈનશાસનની શોભા વધે છે અને ધર્મ પ્રચાર-પ્રસાર પણ વધે છે. અલબત્ત ન્યાયોપાર્જિત ધન વિનિયોગ વગેરે વિધિવિધાનના પાલનપૂર્વક બનાવવા જોઈએ. શ્રી સમ્પ્રતિ મહારાજાએ સવાકરોડ જિન બિમ્બ અને સવા લાખ જિનમંદિર નવા બનાવ્યા તે શું બધાય જરૂરના હતા એટલા માટે જ બનાવેલા ? જો એ ન બનાવ્યા હોત તો આજે ભારતભરમાં જૈન શાસનની જે જાહોજલાલી છે તે હોત ખરી ? માટે પૂજનારા હોય તો જ મંદિર-મૂર્તિ બનાવવા એ જૈન શાસનનો સિદ્ધાન્ત નથી.

જેને પોતાનું આત્મ-કલ્યાણ સાધવું હોય તે ગૃહસ્થ જિનમંદિર કે જિનમૂર્તિનું નિર્માણ જરૂર કરાવે એ જૈનશાસનનો સિદ્ધાન્ત છે. છેલ્લા કેટલાય વર્ષોથી ખોદકામ વગેરે દરમ્યાન જમીનમાંથી હજારો જિનમૂર્તિઓ પ્રાપ્ત થાય છે. જેટલા વર્ષો દરમ્યાન એ જમીનમાં જ રહી ત્યાં શું કોઈ પૂજનારા હતા ? કોઈ પૂજનાર હોય કે ન હોય,

પૂજા રોજ થતી હોય કે ન થતી હોય, પરંતુ જૈનમંદિર -મૂર્તિનું નિર્માણ કરાવવામાં કોઈ નુકસાન નથી. આજે હજારોની સંખ્યામાં જમીનમાંથી જિનમૂર્તિઓ નિકળે છે તો એનાર્થી પ્રાચીનકાળમાં જૈનશાસનની જાહોજલાલી કેવી હતી તેનો ભવ્ય અંદાજ નિકળે છે અને એ રીતે શાસનનું આજે પણ ગૌરવ વધે છે ઘટતુ નથી.

તેથી આપણે સૌએ ઇચ્છવું જોઈએ કે આ સમગ્ર ધરતીતલ શ્રી જિનમંદિર થી વિભૂષિત થઈ જાય અને ઘરે ઘરે ઘરદેરાસરો પણ સ્થપાય.

## શરમ આવે છે જૈનધર્મથી અજ્ઞાત હોવાની

હમણાં એક ભાઈ પરદેશ જઈ આવ્યા. આવીને મને કહે, મને લાગે છે કે "હવે હું જૈન કહેવડાવવાનું છોડી દઉં." કેમ ભાઈ, તમોને જૈન હોવાની શરમ આવે છે ? મેં પૂછ્યું. તેમણે ખુલાસો કર્યો. "ના" શરમ આવે છે જૈનધર્મથી અજ્ઞાત હોવાની. પરદેશીઓ આપણા ધર્મનું ભણે છે, તેના પર ચિંતન કરે છે. અને મને અહિંયા મારા વડિલો કે મીત્રોએ એ વિષય પર ભાર મૂકવાનું શીખવ્યું જ નથી.

આજે આ ભાઈના નામ પાછળ દશેક ડિગ્રીના શબ્દો છે; પણ આપણા ધર્મવિષે "નવકાર" સિવાય કશુ ય જાણતા નથી.

આ સ્થિતિ તેમની એકની નથી. મોટાભાગના જૈન કુટુંબોમાં આ સ્થિતિ પ્રવર્તે છે. મા-બાપ પણ કહે છે, કે બાળકો પર ભણતરનો બોજો વધુ છે, તેમાં તે પાઠશાળામાં ક્યાંથી જઈ શકે ?

ખરે જ હૃદયમાં શૂળ ઊંઠે એવા પ્રશ્ન છે, આ પ્રશ્ન તેમનો એકનો જ નથી. સમસ્ત જૈન સમાજે આ પાયાના પ્રશ્નનો વિચાર કરી તેનો ઉકેલ લાવવો પડશે..

**❖ પ.પૂ.પં શ્રી ભદ્રેશ્વર વિજયજી મ.સા ❖**

## શ્રી નવકારથી કેન્સર નાશ !

ગુલાબચંદભાઈ જામનગરના હતા, ગળે કેન્સરની ગાંઠ વધતાં ખાવાનું બંધ થયું. રોગ વધતાં પાણી પણ પીવાનું બંધ થયું. મુંબઈમાં ડૉ. કે. પી. મોદીને બતાવ્યું તેમણે કહ્યું કે કેન્સર ખૂબ વધી ગયું છે. કોઈ ઈલાજ નથી. ૨/૪ દિવસથી વધુ જીવશે નહીં. પૂર્વે વ્યાખ્યાનમાં સાંભળેલ મહામંત્ર નવકારના મહિમાની વાત ગુલાબભાઈને યાદ આવી. બધાને ખમાવી સદ્‌ગતિ પામવા નવકાર ગણવા માંડ્યા. ૪ કલાકે ગાંઠનું ઝેર ઉલટીથી નીકળી ગયું ! તબીયત સુધરતી ગઈ. દૂધ, પાણી વગેરે પીતા થઈ ગયા. પછી તો ખાવા માંડ્યું. જાણે કે નવું જીવન પામ્યા ! ડૉક્ટરને બતાવ્યું. ચેક કરી સારું છે એવી ખાત્રી કરી ડૉક્ટર ખૂબ નવાઈ પામ્યા. પછી તો જીવન ધર્મમય બનાવી દીધું. પછી ૩૯ વર્ષ જીવ્યા ! આ વાત બહુ લાંબી છે. આની ચોપડી પણ છપાઈ ગઈ છે. જીંદગીમાં પૂર્વે કદી વિશેષ ધર્મ કર્યો નથી, એવા ગુલાબચંદભાઈએ દુર્ગતિ ન થાય માટે મરતાં નવકારનું શરણ લીધું તો અસાધ્ય કેન્સર મટ્યું ! હે ભવ્યો ! તમે પણ જીવતાં ને મરતાં નવકારમંત્રજાપ,

વ્યાખ્યાનશ્રવણ, ધર્મવાંચન, પૂજા વગેરે ધર્મ કરી સર્વત્ર સુખ પામો એ જ શુભાભિલાષા.

## અજૈનની અનુમોદનીય આરાધના

વનમાળીદાસ અમદાવાદમાં હઠીસીંગની વાડીના ઉપાશ્રયમાં રહે છે. વૈષ્ણવ છતાં ૧૨ વ્રત લીધા છે ! ૧૪ નિયમ રોજ ધારે છે !! લાઇટ ન કરવાની યાવજ્જીવની પ્રતિજ્ઞા છે !!! રોજ પૂજા, ૪ સામાયિક, ૨૫૦ લોગસ્સનો કાઉસગ્ગ, ૨ પ્રતિક્રમણ, ૩૦ વર્ષથી કાયમ એકાસણા, ઉપાશ્રયમાં જ સંથારે શયન, ૪૦ વર્ષથી કેરી ત્યાગ, અત્યાર સુધીમાં ૫૫ લાખ રૂ. થી વધુનું દાન વગેરે ઘણી બધી આરાધના કરી છે! વિશાળ વિનીત પરિવાર હોવા છતાં દિવસે પણ ઉપાશ્રયમાં જ રહે છે !!! આચાર્ય છે કે શ્રાવકોના પરિચયથી ધર્મ પામ્યા ! રોજ તમે પ્રભુને પ્રાર્થો કે આમની જેમ તમે પણ આ બધી આરાધનાથી માનવભવ સફળ કરો.

## પ્રથમ પૂજાથી ચરૂ મળ્યો

જયવંતા શ્રી જિનશાસનમાં આજે પણ કેવા ઉત્તમ શ્રાવકરત્નો મળે છે. શ્રી સિદ્ધાચલજીથી થોડે દુર ટીમાણા નામનું ગામ છે. ત્યાં એક યુવાન દંપતી રહેતા હતા. કારતકી પૂનમે પાલીતાણા યાત્રા કરવા ગયા. ધર્મપત્નીને દાદાની પહેલી પૂજા કરવાનો શુભ ભાવ થયો. પતિને વાત કરી. ૫૦૦ મણ સુધી પતિ ચડાવો બોલ્યો. પણ પાલીતાણામાં તો ભારતભરમાંથી હજારો યાત્રાળુ આવે. લાભ ન મળ્યો. પત્નીએ નક્કી કર્યું કે રોજ યાત્રાએ આવવું. ક્યારેક તો લાભ મળશે. પણ આ શાશ્વત તીર્થમાં રોજ કોઈને કોઈ ભાવિક આવતા. અને વધુ ચડાવો બોલીને પૂજાનો લાભ લેતા. એમ પોષ વદ ૫ સુધી ૫૦૦ મણ બોલવા છતાં લાભ મળતો નથી. બેન રોજ રડે છે કે કેવાં પાપ કર્યાં હશે કે આટલા બધા દિવસ થવા છતાં મારી ભાવના સફળ થતી નથી. પતિને તે કહે છે કે કોઈ પણ હિસાબે કાલે તો પૂજા કરવી જ છે. યુવાને પણ મૂડી વગેરે ભેગી કરીને નક્કી કર્યું કે ૧૫૦૦ મણ સુધી બોલીને પણ શ્રાવિકાની શુભ ભાવના પૂરી કરવી. છઠના દિવસે ઉપર પહોંચ્યા. ચડાવો બોલાવા માંડ્યો. તે દિવસે પણ એક સંઘ આવેલો. સંઘપતિએ પણ પહેલી પૂજા કરવાનું નક્કી કરેલું. ક્રમશઃ તે ૧૫૫૧ મણ બોલ્યા. ચડાવો તેમને મળ્યો. પત્ની પતિને પ્રાર્થના કરે છે કે આ શેઠને વિનંતી કરો કે મને પહેલી પૂજા કરાવે. યુવાન કહે છે કે ઘી એમનું છે. આપણે કેવી રીતે કહેવાય ? પણ પત્ની માનતી નથી. અતિ આગ્રહને કારણે યુવાને સંઘપતિને પ્રાર્થના કરી કે કૃપા કરી મારી પત્નીની ઘણા દિવસોની ઇચ્છા પૂર્ણ કરાવો... બધી વાત કરી. એટલામાં પત્ની ત્યાં દોડતા આવી સંઘપતિને હાથ જોડી કહે છે કે શેઠજી ! આપ કહો તે કરીશ પણ આજે પહેલી પૂજા મને કરવા દો...

શેઠે કહ્યું કે એક શરતે હા પાડુ. યુવાન કહે કે અમે સામાન્ય માણસો છીએ.

અમારી શક્તિ હશે તો શરત પૂર્ણ કરીશું. શેઠે કહ્યું જીવનભર બ્રહ્મચર્ય વ્રત લો તો લાભ તમને આપું. યુવાન વિચારમાં પડી ગયો. પણ પત્નીને પૂજાનો જોરદાર ભાવ. પતિને વિનવણી કરી કે તમે હા પાડી દો. ભાગ્યશાળીઓ ! જૂવો કે કેવી શ્રાવિકા કે પૂજાનો લાભ લેવા ભરયુવાનીમાં ચોથું વ્રત લેવા તૈયાર થઈ ગઈ ! અને પતિને પણ ખૂબ આગ્રહ કરે છે. પત્નીની અતિ આજીજીને કારણે પતિ સંમત થયો ! દાદા પાસે દંપતિએ અભિગ્રહ લીધો.

હવે શેઠ કહે છે કે હવે તમે પૂજા કરો પણ મારી તમને એક પ્રાર્થના છે. યુવાન કહે છે કે આટલું કઠિન વ્રત સ્વીકાર્યું, હવે પાછું શું બાકી રહ્યું છે ? ત્યારે શેઠે કહ્યું કે પહેલી પૂજાની મારી ઇચ્છા હતી. તેથી સોનાની વાડકી અને થાળી બનાવરાવી સાથે લાવ્યો છું. તેનાથી પૂજા કરો. પત્ની કહે કે મારી શરત સ્વીકારો તો તમારી થાળી વાડકીથી પૂજા કરું. શેઠ ચિંતામાં પડ્યા. પણ થાળી વાડકીથી પૂજાનો લાભ લેવો હતો. તેથી તે બહેનની ઇચ્છા પૂછી. બહેને કહ્યું કે સંઘ સાથે મારા ઘરે પગલાં કરો, તો તમારી વાડકીથી પૂજા કરું ! લાભ લેવા શેઠે હા પાડી. બહેને ખૂબ ભાવથી શ્રી આદિનાથજીની પૂજા કરી !

સંઘ પધારવાનો છે તેથી બંને ઘરે ગયા. આંગણાંમાં ગાય કૂદવા માંડી. પત્નીના કહેવાથી પતિ ત્યાં ગયો. ખીલો ઊખડી ગયો છે. ને ત્યાં કોઈ વસ્તુ ચમકે છે. તપાસ કરતાં જમીનમાંથી ચરુ નીકળ્યો ! યુવાનને થયું કે ઘરમાં વર્ષોથી રહીએ છીએ. આ ચરુ ક્યાંથી આવ્યો ? ખૂબ ઉદાર ભાવે સંઘના પગલાં કરાવ્યાં. પછી આણંદજી કલ્યાણજી પેઢીમાં જઈને કહે છે કે પૂજાના ચડાવાના પૈસા લો. મુનીમે કહ્યું કે પૈસા ભરાઈ ગયા છે. દંપતીએ કહ્યું કે પૂજા અમે કરી છે. તમારે પૈસા લેવા પડશે. મુનીમે કહ્યું કે સંઘપતિ શેઠ ચૂકવી ગયા છે. હવે નહીં લેવાય. બહેન કહે છે કે પૈસા નહીં લો ત્યાં સુધી અહીંથી ઉઠીશું નહિ અને ખાવું પીવું બંધ. મુનીમે આગેવાનોને બોલાવ્યા. બેનનો અતિ આગ્રહ જોઈ પૈસા લીધા. પેઢીના ઇતિહાસમાં એક જ ચડાવાના ડબલ પૈસા આ એક જ પ્રસંગે લેવાયા છે. લગભગ ૭૫ વર્ષ પહેલાની આ સત્ય ઘટના છે. બહેનના ઉછળતા શુભ ભાવથી પુણ્ય વધી ગયું, ચરુ મળ્યો અને અનંતા કર્મો ખપાવી દીધા હશે. ભાગ્યશાળીઓ ! તમે પણ પૂજા વગેરે ધર્મ ખૂબ ભાવથી વિધિપૂર્વક કરી ખૂબ આત્મહિત સાધો. જીવનભર બ્રહ્મચર્ય પાલન વગેરે કઠિન કામ તમે કદાચ ન કરી શકો તો પણ આવી રીતે શુભ મનોરથ કરો અને તમારી શક્તિ પ્રમાણે લાભ લો એ શુભેચ્છા.

## ડાયરી ઓફ સુશ્રાવક :
## "શ્રાવક શિરોમણી" દલીચંદભાઇનો વિશ્વવિક્રમ

આ શ્રાદ્ધરત્નને મેળવી ગામના યુવાનો સહીત ઘણા જૈનો ખુશખુશાલ છે ! ઘણા સાધુ પણ એમની ધર્મચર્યા જાણી તેમની શતમૂખે પ્રશંસા કર્યા વિના રહી

શકતા નથી ! એમની અનેકવિધ આરાધના જાણવી છે ? ૪૦ વર્ષથી ધંધાનો ત્યાગ,ચંપલ ત્યાગ. ૪૫વર્ષ પૂર્વે ૧૨ વ્રત લીધા . રોજ રાત્રે ૧૧ વાગ્યાથી સળંગ ૮ સામાયિક (કેટલા ?–આઠ ) કરી પદ્માસનમાં ભગવાનનું દયાન કરે છે રોજના ૧૫ સામાયિક ( વાંચો છો ? ) કરવાનો નિયમ છે કુલ સામાયિક ૨ લાખ ઉપર અત્યાર સુધી કર્યા છે (તમે એટલી નવકારવાળી પણ ગણી છે? ) પર્યુષણમાં અને દર ચૌદશે અવશ્ય પૌષધ કરે છે. ૨ હજાર ઉપર પૌષધ થઇ ગયા ! દેરાસર અને જ્ઞાનભંડાર ઘરે રાખ્યા છે. ૭ લાખથી વધુ રૂપિયા ધર્મમાં વાપર્યા છે. ૫૦ વર્ષથી દેરાસરનું દયાન રાખે છે ! ૧૦ અઠ્ઠાઇ ,૨૫ વર્ષીતપ , સ્વસ્તિક તપ આદિ થઇ કુલ ૬૦૦૦ જેટલા ઉપવાસ, હજારો આયંબિલ, એકાસણાં કર્યા છે ! રોજ ૫૦ બાંધી નવકારવાળી ગણે છે ! પાંચ ક્રોડથી વધુ નવકારથી નશ્વર દેહને પવિત્ર કર્યા છે . શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન આદિના બીજા ઘણા જાપ કર્યા છે. ઉપધાન, છરી પાલિત સંઘ, ૧૪ નિયમ ધારવા આદિ ઘણી બધી આરાધના કરનારા આ વિશિષ્ટ આરાધકને શ્રી સંઘે તા.૮-૧૦-૯૪ એ "શ્રાવક શિરોમણી" નું બિરૂદ ઉલ્લાસથી અર્પણ કર્યું છે! ટી.વી., સિનેમા, હોટલના પાપનો સંપૂર્ણ ત્યાગ છે. દેશ- વિદેશના લાખોના માનનીય ૮૫ વર્ષના આ ધર્મસપૂતને અત્યારે વાંચતાં વાચતાં જ અંજલિબધ્ધ પ્રણામ કરીએ. હે ધર્મપ્રિય વાચકો ! તમે બધા પણ અત્યારે જ યથાશિકત આવી થોડી-ઘણી આરાધના આજથી જ કરવાનો સંકલ્પ કરી સાચી અનુમોદના દ્વારા એમણે્ આરાધનાથી ઉપાર્જેલા પુણ્યના સ્વામી બનો એ અંતરની અભિલાષા. આ અને આવા પ્રેરક પ્રસંગો વાંચી તમે કેટલી આરાધના વધારી તે મને જણાવી મારો આ પ્રયાસ સફળ થયો એની ખાત્રી કરાવશો? ઉપરાંત તમારી આરાધનાની અનુમોદના કરવાની મને તક મળે. આવી પ્રેરક આરાધનાના આધારભૂત પ્રસંગો વિગતવાર લખી જણાવશો. જેથી અવસરે બીજા ઘણા પણ એમની અનુમોદના કરી નિર્જરા, સદ્ગતિ ને શિવગતિ પામે.

## ધર્મપ્રેમી આજના સુશ્રાવકો

રતિભાઈનો એક સુંદર પ્રસંગ. એમની સુપુત્રીના લગ્ન હતા જાન ઘરે આવવાની હતી. અણધારી આફતથી રસ્તામાં સમય બગડવાથી ઘરે જાન આવી ત્યારે સૂર્યાસ્તની થોડીક જ વાર હતી. રતિભાઈએ વેવાઈ પક્ષને કહ્યું." તમે જાણો છો કે રાત્રે હું ખાતો નથી અને કોઈને ખવરાવતો નથી. ચા તૈયાર કરાવી દીધી છે. બધા ચા-નાસ્તો જલ્દી કરી લો. રાત્રિભોજનનું પાપ કોઈને પણ હું કરવા નહીં દઉ." સગાસ્નેહી સમજાવવા માંડયા કે "રતિભાઈ ! દીકરીના લગ્નનો પ્રસંગ છે. આટલી કડકાઈ ન ચાલે..." પણ રતિભાઈએ મક્કમતાથી સૂર્યાસ્ત પછી કોઈને જમાડયા નહી ! ધર્મનો કેવો દૃઢ પ્રેમ !

આ રતિભાઇ ઇદોરના હુકમીચંદજીનો માલ લાવી વેપાર કરે. હુકમીચંદજી

કરોડપતિ. તેમને વઢવાણમાં એક પ્રસંગે આવવાનું હતું. રતિભાઇએ પોતાને ત્યાં જ ઊતરવાની વિનંતી કરી. સાથે કહ્યું કે " શેઠજી ! સુર્યાસ્ત પછી હું કોઇને પાણી પણ પીવરાવતો નથી." વિમાન લેટ થવાથી વઢવાણમાં. સૂર્યાસ્ત પછી એ આવ્યા. રતિભાઇએ જમાડવાની ના પાડી. ભાઇઓ વગેરેએ ખૂબ દબાણ કર્યું કે "શેઠ ગુસ્સે થશે. માલ નહી આપે. માટે આ એકવાર આમને જમાડો'. ન માન્યા. કહે "ભલે ધંધો બંધ કરવો પડે. પણ હું રાત્રિભોજન નહી કરાવું," હુંકમીચંદજી કહે કે "રતિભાઇ ! લવિંગ તો આપો." (તેમને લવિંગની આદત હતી) રતિભાઇ કહે કે "શેઠજી ! માફ કરો, રાત્રે કશું પણ મારાથી નહી અપાય. આમાં મારો આત્મા ના પાડે છે..." રાત્રે જાહેર સભામાં રતિભાઇ વગેરે બધા ખૂબ ડરતા હતા કે શેઠ જરૂર ખૂબ નિંદા કરશે.. પણ હુંકમીચંદજીએ તો રતિભાઇને જાહેર સભામાં પાસે બોલાવી ખૂબ ધન્યવાદ આપ્યા !

આવા પ્રસંગોં જાણીને તમારે રાત્રિભોજન વગેરે ભયંકર પાપોને તિલાંજલિ આપવાનો દૃઢ નિશ્ચય કરવો જોઈએ. કેટલાકને લાગે કે આ તો વેવલાપણું કહેવાય. નિષ્પક્ષપાત બુધ્ધિથી વિચાર કરનાર સમજી શકે કે પૈસા,પત્ની વગેરેના રાગી તે મેળવવા અને ભોગવવા કેવા કેવા સાહસો કરે છે. એમ સત્વશાળી ધર્મપ્રેમી જીવો પાપ કરી જ ન શકે, ભલે ને દુઃખોના પહાડ તૂટી પડે. આપણે પણ આવા વિરલ દૃઢ ધર્મીઓની હૃદયથી અનુમોદના કરવાનો મહાન લાભ લેવો, પણ નિંદા તો કદી ન કરવી.

### ધર્મપ્રેમી એ નરબંકા ને અભિનંદન

રાજનગર અમદાવાદના એ લાખોપતિ જેસિંગભાઇના જેટલા ગુણગાન કરીએ તેટલા ઓછા છે. લગભગ ૭૫ વર્ષ પહેલા અમદાવાદમાં લાખોપતિ ગણ્યાગાંઠયા હતા. આ જેસિંગભાઇ માત્ર લાખોપતિ ન હતાં. પણ તેમના ઘરની ખાનદાનીના ચારેબાજુ ગુણવાન ગવાતા ! એમની હીરાચંદ રતનચંદ નામની ખુબ પ્રસિધ્ધ પેઢી ચાલતી હતી. તે કાળમાં તેમનો રાજાશાહી વૈભવ હતો. છતાં સાધુ-સાધ્વીની ભકિત કરે. વ્યાખ્યાનો પણ સાંભળે, બાળકોને પણ ધર્મના સંસ્કાર આપે. તેમના મોટા સુપુત્ર સારાભાઇના લગ્ન હતા. તે કાળે શેઠિયાઓ લગ્ન ખૂબ ધામધુમથી કરે. પણ આ પાપભીરુ જેસિંગભાઇએ લગ્ન દિવસે વિદ્યાશાળામાં દિવસનો પૌષધ કર્યો ! લગ્ન તો રાત્રે છે માટે લાવ મારો દિવસના વખતનો સદુપયોગ કરી લઉ એમ વિચારી દિવસે પોતે પૌષધમાં બેસી ગયા.

પ.પૂ. આચાર્ય ભ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી (ત્યારે મુનિપ્રેમવિજયજી ) મહારાજે કેટલાક શ્રાવકો ને દીક્ષા લેવા પ્રેરણા કરી. તેઓએ છટકવા કહ્યુ કે, "આ જેસિંગભાઇ લે તો અમારે લેવી" પૌષધમાં રહેલા જેસિંગભાઇને બોલાવી પૂ.શ્રીએ પ્રતિબોધ કરી કહ્યું કે , "તમે હિંમત કરો તો સાથે આ શ્રાવકોને પણ આવો સર્વોત્કૃષ્ટ ધર્મ કરાવવાનું પુણ્ય પણ તમને મળશે." જો કે એ શ્રાવકોને તો

મનમાં એમ હતું કે જૈસિંગભાઇ આવી સાહ્યબીમાં દીક્ષા લેશે જ નહી. અને તેથી આપણે લેવાની વાત પણ ઉડી જશે. જેસિંગભાઇને પણ આવો કોઇ પરિમાણ ન હતો. પણ એ ધર્મના પ્રેમી હતો. બીજા ઘણાનું કલ્યાણ પણ થશે એમ વિચારી તાત્કાલિક નિર્ણય કરી પૂ.શ્રીને કહે કે, સાહેબજી ! જોડાવો બધાને હાથ. આપો દીક્ષાનો અભિગ્રહ ! નિયમ એવો આપો કે આ વર્ષમાં (સાલમાં) અષાઢ સુદિ ચૌદશ સુધીમાં દીક્ષા ન લેવાય તો પછીથી ના લેવાય ત્યાં સુધી ચઉવિહાર ઉપવાસ કરવા. અણધાર્યું બની ગયું . તેથી કેટલાક ખસી ગયા . છતાં ત્રણ શ્રાવકે સાથે અભિગ્રહ લીધો ! એ કેવા શ્રાધ્ધરત્ન કે આવો કઠીન નિયમ એકાએક લઇ લીધો ! પછી તો ૩૮ વર્ષની યુવાન વયે ખરેખર દીક્ષા લીધી ! એમની દીક્ષા થઇ ત્યારે ભારતભરમાં શાસનનો જયજયકાર થઇ ગયો. પૂ.આ. શ્રી વલ્લભસૂરીજી મ. વગેરે ઘણા બોલી ઉઠયા કે આ કાળના શાલિભદ્રે દીક્ષા લીધી ! હે ભવ્યો ! તમે પણ યથાશકિત સાધુપણું કે શ્રાવકપણું આરાધી આત્મશ્રેય કરો એ જ શુભિલાષા.

## સત્ય ઘટના

આ પણ કોઈમ્બતુરના એક કાંન્તીલાલ જૈનના કુટુંબની સત્ય કથા છે. તેઓ થોડા સમય પહેલા કચ્છ-થી અત્રે આવ્યા છે. ગુર્જર પરીવાર છે. એમનો એક પુત્ર અને એક પુત્રી ૧૦ થી ૧૨ વર્ષનાં છે. એમના ઘરમાં પણ જૈનધર્મનાં સંસ્કારો નો ખજાનો છે.

બાળકો અને પોતે કંદમુળ વાપરતા નથી... અને બંને બાળકો કહે છે અમને ઘરમાં ટી. વી. ન જોઈએ. વિચારવા જેવી વાત છે.... આપણે વિચારીશું બધા વગર ચાલે બધા નિયમો પળાય પણ ટી. વી. ન છોડાય. આવા બાળકો આપણા માટે પ્રેરણારૂપ છે. ધન્ય છે આવા જૈનશાસનનાં ભૂલકાઓને.....

## प्रवचन से पुनित पंथपर

मुंबई भिवंडीमें महात्मा प्रवचन दे रहे थे । वहाँ से जाते हुए एक श्रावकको व्याख्यान सुनने की ईच्छा हुई । एक ही प्रवचन सुनकर अपने पापी पूर्वजीवन प्रत्ये पारावार पश्चाताप हुआ । सात व्यसनोंमें आकंठ डूबे उस श्रावकने सातों व्यसनोंका त्याग किया प्रभुपूजा शुरु की । जिनवाणी सुनकर भाव वृद्धि हुई । 4 लाख रु. खर्च करके अष्टप्रकारी पूजा की सकल सामग्री सुवर्ण की तैयार की । श्रेणिक-कुमारपाल आदिकी अद्वितीय प्रभुभक्ति सुनकर मंदिर में स्वयं रोज एक चाँदीकी गिनि रखने लगे । इसके लिए वार्षिक रु. 36000 वापरते हैं । सुंदर साथिया रचाने के लिए सोने के चावल के बीच हीरा रखाया । ये सब 11 लाख रु. में तैयार कराया रोज दो वकत प्रतिक्रमण और सामायिक करने लगे । तपका भाव होने पर सहपत्नी वर्षीतप करने लगे । वर्षीतप के साथ ब्रह्मचर्य जैसा कठिन व्रत शुरु किया । ऐसी अनेकविध आराधनाओंका यज्ञ करते करते वे

विमल बुद्धि सुश्रावक महाराजश्रीको विनंती करता है कि तिजोरीकी चाबी आपको सुप्रत कर दूँ। मेरे हितके लिए आप कहे उन स्थानों में कहे उतना लाभ लेने तैयार हुँ। अब मैं अपने कर्तव्य में भूल करूँ तो दोष आपको। दीक्षा की भावनावाले अज्ञानवश पाप करनेवाले इस पुण्यशालीका पूर्ण परिवर्तन करनेवाली महाप्रभावक जिनवाणीने तो अनंत पापियों का भी उद्धार किया है। श्रावकका महत्त्व का कर्तव्यभूत यह प्रवचन श्रवण तुम भी अवश्य करके आत्महित साधना यही मंगल कामना। ऐसे भयंकर कलिकाल में भी अनेकों को अनेकविध प्रेरणा करनेवाले इस व्याख्यान श्रवण का धर्म तुम नियमित या शक्यतानुसार करके ज्यादा से ज्यादा आत्महित साधो यही शुभाशिष।

## पुत्रवधू या पुत्रियाँ ?

हम पू. मातापिता की सेवा सुंदर करते थे। लेकिन माता पिताजी मुंबई की धमाल-हवामानकी प्रतिकूलता आदि वजह से सदा के लिए वतन गये हैं। हम दोनों भाई लगभग 20 सालों से मुंबई में रहते हैं। धंधा-परिवार-बाल-बच्चों की पढाई आदि वजह से मुंबई छोडना अशक्य है। उसी प्रकार कर्तव्यभूत माँ बापकी सेवासे कैसे वंचित रह सकते हैं ? मैं तो बडी मुश्किल में फँसा हूँ। बोलो! क्या करना ? सौराष्ट्र की पत्नी को दिल का दर्द बताया। सुंसस्कारी पत्नीने कहा, चिंता मत करो। भाभी और मैं सोचकर रास्ता निकालेंगे। देराणी-जेठाणीने सोचकर बारी बारीसे छ छ मास देश में सेवा करने का निर्णय लिया। मुंबई में रहनेवाली दोनों परिवार को सँभाले -यह भी निर्णय किया। अलग रहनेवाले दोनों भाईयों के पूरे परिवार को छ मास खिलाना आदि सभी जिम्मेदारी लेनेवाली और सास-ससुरकी सेवा के लिए छ मास पतिवियोग का दुःख सहर्ष स्वीकारनेवाली ये दो शेरनियों ने कितना कर्म खपाया होगा ये तो ज्ञानी ही जाने। हे सुख चाहने वालो। माता पिता को सुख दोगे तो सुख जरुर तुम्हारे कदम चूमेगा। शास्त्रकार कहते हैं कि मातापिताकी सेवा करनेवालोंको प्रायः सुगुरू और परम गुरुकी प्राप्ति तथा अन्य अनेक फल मिलते हैं।

## नहीं, रात को पानी नहीं पीते।

क्यों चिनु ! अभी आधी रातको ही उठे हो ? क्या नींद नहीं आती ? सो जा।साहब ! पानी की बहुत प्यास लगी है, रहा नहीं जाता। कंठ सुख गया है! नींद नहीं आती। कबसे बिछाने में तडप रहा हूँ। पाँच सालकी छोटी उम्र के चिनुका उपाध्याय महाराज श्री प्रेमविजयजी गणिवर को जवाब मिला। उस ज्ञानपांचम के दिन चिनुने एकासणा किया था। पू. उपाध्याय महाराज आदिका चातुर्मास वढवाण शहरमें हुआ। चिनु पूज्यों के साथ उपाश्रय में ही रहता था। नित्य नवकारशी-रात्रिभोजन त्याग जिनमंदिर में भगवंत के दर्शन के बाद ही

नवकारशी पारनेका आदि संस्कार उसे धर्मी माँ बापसे ही मिले थे ।

अप्रमत्त आराधक तरीके सुविख्यात पु. उपाध्याय महाराज बालक चिनु के बिछाने के पास गये । प्यार भरे दिल से उन्होंने चिनुको समझाया प्यास लगी है तो उस तपेले से चुनेका पानी पी ले । चिनु की परीक्षा करने के लिए उपाध्याय महाराजश्री ने कहा । साहेब ! अब तो रात का समय है । मुझे एकासणा है । रातको पानी नहीं पिया जाता । उपाध्याय महाराज के अनेक बारके वचनोंका बालक चिनु के पास यही एक जवाब था । व्रतदृढता-सत्त्व की परीक्षा में चिनु अच्छी तरह उत्तीर्ण हुआ । मेहसाणा जिले के माणेकपूर गामका ये चिनु हिराभाई सात साल साढे चार मास की उम्र में ही बालमुनि नररत्न विजयजी बने । प. पू. श्री रामविजयजी गणिवर्यके शिष्य बने । सरलता-नम्रता-विनय-वैयावच्च (शुश्रुषाभाव) अष्ट प्रवचन माता के पालन की दृढता-औचित्य पापभय आदि गुणों को स्वामी ये मुनिवर अनुक्रमे आचार्य श्री विजय नररत्नसूरिश्वरजी म. बने । 62 सालके निर्मल चारित्र्य पालन द्वारा वे अपना जीवन सफल बना गये ।

पाँच सालका बालक ऐसी भयंकर प्यास लगनेपर और गुरु म. ही पानी पीने को देते हुए भी एकासणा दृढता से पूर्ण करता है । इस वर्तमान सत्य कथा से तुमने क्या संकल्प किया ? शक्ति मुजब नियम लेना और अड़गता से पालना ये जरूरी है । इसका लाभ बहुत हैं ।

फिर पर्युषण पर्व में बच्चेभाव जागने से उपवास आदि करते हैं तो कितने माँ बाप उन्हें एकासणा आदि कराते हैं । इसमें दोनों को कितना पापबंधन होता है । पच्चक्खाण लेने के बाद इनका उल्लास बढाना-प्यार से अच्छी तरह से तप पूरा कराना । फिर भी अगर तप पूरा न होता है- उसे असमाधि होती हो तो गुरुदेवको पूछकर प्रायश्चित करा दिया जाएँ तो उसे या तुम्हें पाप बाँध नहीं सकता और खूब लाभ होता है । बाद में उसे प्यार से समझाना कि बेटा ! अब मन-इच्छा हो तब एकासणा आदि करना । बाद में शक्ति आयेगी तब उपवास किया तो नियम भंग का पाप नहीं लगता ।

साथ में आज भी बहुत से धर्मी भी बारह मास तिविहार ही करते हैं । उन्हे मन दृढ करना चाहिए कि ऐसे बालक जन्म से और छोटी उम्र में भी चोविहार करते हैं तो मुझसे क्यों नहीं होगा ? और असह्य गरमी में कदाच तिविहार करे तो भी जोड़े में और बरसात के मौसम में चोविहार क्यों न करें ? खास करके ऐसे सत्य प्रसंग जानकर बिना जरूरत के रात्रि भोजन आदि पाप करते हो तो तुम्हें तुम्हारे आत्माको समझाना चाहिए कि ऐसे एकदम छोटे बच्चे भी चोविहार करते है तो मुझे जरा भी मुश्किल नहीं हैं । इस तरह मन पक्का - दृढ करके रात्रि भोजन-कंदमूल आदि शक्य पापोंसे बचना चाहिए । आजसे ही

प्रयत्न करो और सफलता प्राप्त करके आत्महित साधना यहीं अंतरकी आभिलाषा।

## धंधे में भी धर्मवृद्धि

शेफाली के प्रवीणभाई आजीविका के लिए केटरिंग का धंधा करने पर भी कुछ सिद्धान्तों का पालन करते है। रसोईका लाखोंका ऑर्डर मिले तो भी कंदमूल के उपयोग का निषेध है। अपने गुरुदेव को वंदन करने सालों से अचूक जाते है। घरमें गुरुदेव के पगला कराने के लिए चौथे व्रतका यावज्जीवका नियम लिया।

## ख्वाब में भी दादा का दर्शन

पालिताणा के सेठ परिवारके इस धर्मरागी भाग्यशाली को स्वप्न में भी शाश्वत तीर्थाधिपति आदिनाथजी और भमतीका कभी कभी दर्शन होता है। उन्होंने हृदय में दादा को स्थापित करके अंतर को कैसा उज्ज्वल बना दिया कि दिन में आदिनाथमय बने इस श्राद्ध रत्न के पावन दिल में रातको भी दादा प्रगट होते है। कितनों को ख्वाब भूत और भयके आते हैं, क्यों कि दिन में ये स्वयं भूत बनकर भूत जैसे काम करने से उपर उठते ही नहीं। इन्हें आदिनाथका सपना आता है। इसका कारण जानना चाहते हो ? बार बार ये पढ़ो।

इस श्राद्धरत्नने श्री शत्रुंजय गिरिराजकी 99 यात्रा 46 बार कि है। (तुमने हर साल कमसे कम एक तो की है न ?) चोमासा में श्री तलेटी की 99 यात्रा 44 बार की है। भारत के अनेक तीर्थों की यात्रा भी उन्होंने की है।

उनकी पैदल यात्राएँ : महुवासे अंजार (वाया उना-दीव-देलवाडा), पालिताणा से तलाजा, पालिताणा से गिरनार, बंबई से शत्रुंजया उनका पवित्र नाम है : रतिलाल जीवराज सेठ। उ. व. 71 पालिताणा नगर के सेठ परिवार के इस श्राद्धरत्न को उनके स्नेही स्वजनोंने प्रेरणा करके 99 यात्रा करायी है। नवपदजीकी ओली लगातार 20 सालों से कर रहे है। दो बार उपधान किया है। भगवान के वरधोडे में विशिष्ट वस्त्र परिधान करके लाल-हरी ध्वजा के साथ संकेत करने अवश्य हाजिर रहते है। गाँव में लोग उन्हे राजा के नाम से पहचानते है।

## चोविहारने मरते बचाया

ॲक्सीडेंट हुआ। एक मर गया। दूसरा सीरियस था। परिक्षण करके डॉक्टरने कहा यह बचे ऐसी स्थिति में नहीं है। संबंधित दूसरे डॉक्टरने इस सर्जन को कोशिश करने को कहा। सर्जनने कहा, ॲक्सिडेंट से पहले 3/4 घंटे में कुछ खाया नहीं होगा तो शायद बचेगा। नहीं तो मुँहका लहू पेट में जाएगा और वह खून जहरीला होने से बचेगा ही नहीं। ऑपरेशन किया। बच गया। चोविहार था इसलिए उसने ॲक्सिडेंट से पहले 3/4 घंटे में कुछ खाया नहीं था। चोविहारने इस दुर्लभ मानवभवकी रक्षा की। तुम भी सर्वत्र हितकर चोविहार आदि आराधना जीवन में खूब बढ़ाओ यही हितशिक्षा।

## आयंबिल से मृत्यु (मौत) पर विजय

राजस्थानकवासी एक बहन को पेट में सूजन हुआी। पेट खूब बड़ा हुआ। डॉक्टरने परीक्षा करके कहा कि इसका कोई इलाज नहीं। ये बचेगी नहीं। किसीने आयंबिल का महिमा समझाया। अनुभव न होने पर भी मौत से बचने के लिए आदमी सब कुछ करने के लिए तैयार होता है इसी न्याय से उसने आयंबिल शुरु किए। पहले दिन थोडासा मूँगका पानी ही ले सकी। दूसरा कुछ नहीं। फिर भी आयंबिल चालू ही रखे। थोडे ही मासमें सभी सूजन उतर गयी। चमत्कारी आयंबिल के प्रभाव से आज भी ऐसे अनेक चमत्कार देखने-सुनने में आते है। कर्मनाशकारक इस महामंगलकारी आयंबिल यथाशक्ति खूब करो यहि शुभेच्छा

## बच्चों में धर्म की भावना

यह कोयम्बतुर की सत्य कथा है।यहा श्री मीठालालजी जैन नाम के श्रावक है। उनका काफी बड़ा परिवार है। खुद C. A. है उनका एक बेटा भी C. A. है। ग्रेज्युएट परिवार है फिर भी उनके जीवन बाग में जैनधर्म के संस्कार रुपी फूल खीले हुए है। उनके दो पौत्र भावेश 10 साल, भावीक 7 साल दोनो बच्चे स्कुल जाते है। फिर भी सुबह 5.30 बजे मंदिर में हाजीर रहते है। आते ही भगवान की अंगरचना उतारना वासक्षेप पक्षाल पुजा करके 7.30 से 8 बजे घर जाते है फिर नवकारशी नास्ता वगैरह करके स्कुल जाते है। उनके घर के सारे सद्सय खुद मींढालालजी बेटे बहुए हररोज दर्शन पूजा, स्नात्र पूजा, अष्टप्रकारी पूजा वगैरह करते है। दोनो बच्चे शनीवार और रवीवार को दूसरे कपडे साथ में ले आते है। पूजा वगैरह करके कपडे बदल के सामायिक ले लेते है। अगर गुरु भगवंत हो तो व्याख्यान में बैठते है। चार्तुमास मे प. पू. तत्त्वयशाश्रीजी म. सा. और परागयशा श्री जी म. सा. की प्रेरणा से पर्वतीर्थ में पौषध लेके उपवास व्रत किये थे...

धन्य है ऐसे बच्चो को ... उनके आगे अपना मस्तक झूक जाता है और धन्य है उनके माता पिता और बुजुर्ग. जिन्होंने बच्चों में ऐसे धर्म के संस्कार सिंचन किये।

## ૨૦) ગુરૂ ભગવંતોનો પરિચય

# છોડવા જેવો સંસાર,
# લેવા જેવું સાધુત્વ અને મેળવવા જેવો મોક્ષ

### *જૈન ધર્મમાં દીક્ષા એટલે શું ?*
### *દીક્ષા પછીનું સાધુ જીવન એટલે શું ?*

### સામે ચાલીને કષ્ટોને બોલાવવા એનું નામ જ દીક્ષા

પગમાં પગરખાં પહેર્યા વિના અને વાહન વિના પગભર ચાલીને ગામેગામ વિહરવાનું, માથું કે મોં પરનો વાળેવાળ હાથથી ખેંચીને જ દૂર કરવાનો, ઘરે ઘરે ફરીને જરૂર હોય એ કરતાં ઓછી ભિક્ષા લેવાની, વીજળીનો ઉપયોગ નહીં કરવાનો,ઉકાળેલું પાણી જ પીવાનું, ભીનાં વસ્ત્રથી શરીર સાફ કરવાનું, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય જેવાં વ્રતોનું પાલન કરવાનું, વગેરે સેંકડો નિયમો પાળવાના હોવા છતાં દર વર્ષે આઠ જ મહિનામાં ૪૦૦ જેટલા જૈનો દીક્ષા લે છે. એ ભારતમાં જ નહી પણ દુનિયામાં અદ્વિતીય અને અભૂતપૂર્વ છે.

### *દીક્ષા એટલે પાપોથી પૂર્ણવિરામ*
### *અને આકાંક્ષાઓનું અલ્પવિરામ*

**આજના વિલાસમય વાતાવરણમાં અને મુંબઇ જેવા શહેરમાં પણ સેંકડો યુવાન, યુવતી અને વૃદ્ધો પણ ધાર્મિક જીવન જીવનારા છે.**

જૈનોની એ જ વિશેષતા છે કે મુનિજીવનમાં જે મૂળ આચારો જે ભગવાન મહાવીર પરમાત્માનાં સમયમાં હતા એ જ આચારો આજે ૨૫૦૦ વર્ષ પછી પણ જીવંત રહ્યાં છે. ભગવાન મહાવીર પરમાત્માના સમયમાં પણ મુનિઓ એ જ વસ્ત્ર, એ જ પાત્ર, એ જ આચારોની પરિશુદ્ધતા વર્તમાનકાળમાં પણ જીવંત રહી છે.

વિ.સ. ૧૯૮૫-૮૬ની સાલથી શરૂ થયેલો એ દીક્ષાયુગ... કે જેમાં વર્તમાનના ૭૫ વર્ષ કરતાં પણ વધુ સાધુજીવન પાળનારા સૂર્યોદયસાગરસૂરી મહારાજ, નમસ્કાર મહામંત્રના આરાધક ભદ્રંકર વિજયજી મ.,ખગોળવિદ્યા પારંગત અભયસાગરજી મ. આ ત્રણેય એક જ માતાના સંતોનો છે. ગૌરવવંતા મલયચદ્રસૂરીજી મ., મુક્તિચંદ્રસૂરિજી મ., રવિચંદ્રસૂરિજી મ., સમર્પણ ગુણના અજોડ સ્વામિ મહોદયસૂરિજી મ., શિબિરો દ્વારા જનમાનસનું પરિવર્તન કરનાર ભુવનભાનુસૂરિજી મ., આગમશાસ્ત્ર મર્મજ્ઞ માનતુંગસૂરિજી મ. જેવા ધુરંધર મહાપુરૂષોએ ધર્મ અને સેવા દ્વારા જગત ઉપર જબરજસ્ત ઉપકાર કરેલ છે. બાળ કે યુવા વયે તો શું પણ વૃદ્ધ વયે દીક્ષા ગ્રહણ કરવી પણ કઠિન જણાતી હતી ત્યાં હવે તો પિતા-પુત્રો, માતા-બહેનો, સગા ભાઇઓ, પત્નીઓ વગેરે દીક્ષાઓ હસતા હસતા લેવા લાગ્યા છે. આવી દીક્ષાઓની શ્રેણીમાં દિવંગત જૈનાચાર્યો – ચન્દ્રોદયસૂરિજી મ. અશોકચંન્દ્રસૂરીજી મ. તેમ જ વ્યાકરણાચાર્ય હેમ્મચંદ્રસૂરિજી મ., પ્રદ્યુમ્નોનસૂરિજી મ., જયઘોષસૂરિજી મ., ગુણરત્નસૂરિજી મ., પ્રખર પ્રવચનકાર ચન્દ્રશેખર વિજયજી મ. ૯૩ વર્ષની વૃદ્ધ વયે પણ કલકત્તા જેવા પૂર્વના પ્રદેશમાં અપૂર્વ શાસન પ્રભાવના કરતા જયકુંજરસૂરિજી મ., મુકિતપ્રભસૂરિજી મ., મહાબલસૂરિજી મ., પુણ્યપાલસૂરિજી મ., ચન્દ્રગુપ્તસુરિજી વર્તમાનમાં સૌથી વિશાલ સમુદાયનું નેતૃત્વ કરનારા હેમભૂષણસૂરિજી મ., આ બધા મહાપુરુષો એ પોતાના પિતાની સાથે અથવા બંધુની સાથે સાધુત્વ લઇ ધર્મ અને સમાજની સુંદર સેવા કરી રહ્યાં છે.

ત્યાર પછી તો પિતા-પુત્રો અને ભાઇઓની પરંપરાને આગળ વધારતા સમગ્ર પરિવારનો સંસારત્યાગ.. અનેક આત્માઓના પત્થર હદયોને પીગળાવી દે છે.

આ જ અમદાવાદના હઠીભાઇની વાડીમાં થયેલ કલકતાવાળા ધનજીભાઇ સપરિવારની દીક્ષામાં તે સમયે એક લાખ થી પણ ઉમટેલ માનવ મહેરામણે ધર્મભાવનાની અપૂર્વ પ્રભાવના સર્જેલ. (શ્રી. ક.દ. ઓ. જૈન જ્ઞાતિના છે.)

ધનજીભાઇમાંથી થયો ભદ્રશીલવિજયજી મ. તથા તેમના સુપુત્રો શાસનપ્રભાવક ગુણશીલસૂરિજી મ., કુલશીલવિજયજી મ. જેવા તેમજ તાજેતરમાં જેમની પાસે વખારિયા પરિવારે સાધુત્વનો સ્વીકાર કરેલ તે વર્ધમાનતપોનિધિ ગુણયશસૂરિજી મ., પ્રવચન પ્રભાવક કીર્તિયશસૂરિજી મ., બાલવયે દીક્ષા સ્વીકારનાર નયવર્ધનસૂરિજી મ. સંયમજીવનની સુંદર સાધનાની સાથે જગતના જીવો ઉપર અનુપમ ઉપકાર કરી રહ્યાં છે.

આ દીક્ષા પ્રાપ્ત કરવા માટે મુમુક્ષુઓ કેટલા ઉલ્લાસિત હોય છે ! ચાતુર્માસમાં ચાર મહિના દીક્ષાગ્રહણનો નિષેધ હોય છે પણ મુમુક્ષુ આત્માઓ છેક શ્રાવણ મહિનાની

આગામી સાલમાં દીક્ષા અંગીકાર કરવા માટે મુહૂર્ત નિશ્ચિત કરી લેતા હોય છે.

ગાંધીજીની સ્વતંત્રતા આંદોલનના ચળવળે રંગાયેલ મિલમાલિક પ્રાણલાલભાઇ સુંદરજીમાંથી પરિવર્તન પામેલા પુણ્યદર્શન વિજયજી મ., તેમ જ કરોડપતિ વ્યાપારી તરીકે પ્રસિદ્ધિ પામેલ હીરાબજારના નબીરા અતુલ શાહમાંથી હિતરૂચિવિજયજી.. તો છેક આફ્રિકાના દેશ કેન્યા અને ત્યાંથી લંડનમાં વસવાટ કરતા જામનગર નિવાસી જયેન્દ્રભાઇ, હરીયાણામાંથી જયધર્મવિજયજી મ. તો જાપાનમાં મોતીના વ્યવસાયમાંથી નિવૃતિ લેનાર ગર્ભશ્રીમત પરિવારના સુરતના મહેન્દ્રભાઇ ઝવેરીમાંથી મલયચદ્રસાગરજી બનનાર.. આવા તો અનેક પુણ્યાત્મા સંયમજીવનનો સ્વીકાર કરી સાધનાનો આરંભ કરી પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય આ છએ નિકાયના જીવોને અભયદાન આપી સંયમજીવનનું સુંદર પાલન કરી રહ્યાં છે.

તાજેતરમાં જ મુંબઇના શ્રીપાલનગરમાં સૂરિરામ સમુદાયના ગરછાધિપતિ પુ.આ.ભ.શ્રી વિ. હેમભૂષણસૂરીજી મહારાજના સંસારી માતુશ્રી મણિબેન ૮૩ વર્ષની વૃદ્ર વયે સંયમજીવનના કષ્ટોને હસતે મુખે સ્વીકાર કરવા કટિબધ્ધ બન્યા છે. અગાઉ અમદાવાદના કાપડના જાણીતા મોટા વેપારીએ પણ ૬૦-૭૦ વર્ષની ઉમરે દીક્ષા લીધેલી,દર વર્ષે ૩૫૦થી ૪૦૦ મુમુક્ષુ આત્માઓ જૈનનું સાધુત્વ સ્વીકારતા હોયછે. જેમાં ડોકટરો,ચાર્ટડ એકાઉન્ટ, એન્જિન્યર જેવા બુદ્રિજીવીઓ અને તર્ક ઉપર જીવનારા જીવો કષ્ટોનો આ માર્ગ હસતા મુખે ગ્રહણ કરી રહ્યાં છે. આઠ જ મહિનામાં આવી દીક્ષાઓ ભારતભરમાં થઇને ૪૦૦ જેટલી થાય છે. એ ભારતમાં જ નહી પણ દુનિયામાં અભૂતપૂર્વ છે.

આયુષ્યનો સૂરજ જયારે પશ્ચિમાકાશને આંબવા મથી રહ્યો હતો ત્યારે પેલા ૮૩ વર્ષની ઉમરે દીક્ષા લેનારા મણિબાને વિ.સં. ૨૦૪૭માં હાર્ટની બીમારી આવી એ પછી ગયા વર્ષ ચાતુમાર્સ દરમિયાન વિજય શ્રેયાંસપ્રભુસૂરીજી મહારાજના શ્રીમુખેથી વ્યાખ્યાન સાંભળતા સાંભળતા ત્રણ ત્રણવાર મણિબાનું હૃદય ધબકારા ચૂકી ગયું હતું. નાડીનું સ્પંદન અને આંખનું હલનચલણ જાણે પળભર અટકી ગયું.મણિબાનો આત્મા સાધુપણું ગ્રહણ કરવા માટે તીવ્ર તલસાટ અનુભવી રહ્યો મુનિ થયેલા બન્ને પુત્રો માતાને શ્રમણી સ્વરૂપે જોવા ઝંખતા હતા...

ગુણવંત છો.શાહ

# અચલગચ્છનો ઇતિહાસ

## આચાર્ય ભગવંતોનો પરિચય (૧૧૪૬ –૨૦૬૩)

| ક્ર. | પરમપૂજ્ય આચાર્ય ભગવંત | જન્મ | દીક્ષા | દીક્ષાપર્યાય | કાળધર્મ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી. આર્યરક્ષિત સૂરીશ્વરજી | ૧૧૩૬ | ૧૧૪૬ | ૯૦ | ૧૨૩૬ |
| ૨ | શ્રી. જયસિંહ સૂરીશ્વરજી | ૧૧૭૬ | ૧૧૯૩ | ૬૬ | ૧૨૫૯ |
| ૩ | શ્રી. મહેન્દ્ર સૂરીશ્વરજી | ૧૨૨૮ | ૧૨૩૭ | ૭૨ | ૧૩૦૯ |
| ૪ | શ્રી. અજિત સિંહ સૂરીશ્વરજી | ૧૨૮૩ | ૧૨૯૧ | – | – |
| ૫ | શ્રી. દેવેન્દ્ર સિંહ સૂરીશ્વરજી | ૧૨૯૯ | ૧૩૦૬ | – | – |
| ૬ | શ્રી. ધર્મપ્રભ સૂરીશ્વરજી | ૧૩૩૧ | ૧૩૪૧ | – | – |
| ૭ | શ્રી. સિંહ તિલક સૂરીશ્વરજી | ૧૩૪૫ | ૧૩૫૨ | – | – |
| ૮ | શ્રી. મહેન્દ્રપ્રભ સૂરીશ્વરજી | ૧૩૬૭ | ૧૩૭૫ | – | – |
| ૯ | શ્રી. જયશેખર સૂરીશ્વરજી | ૧૪૦૦ | ૧૪૧૦ | ૬૦ | ૧૪૭૦ |
| ૧૦ | શ્રી. મેરુતુંગ સૂરીશ્વરજી | ૧૪૦૩ | ૧૪૧૦ | ૬૧ | ૧૪૭૧ |
| ૧૧ | શ્રી. જયકીર્તિ સૂરીશ્વરજી | ૧૪૩૩ | ૧૪૪૪ | – | – |
| ૧૨ | શ્રી. જયકેશર સૂરીશ્વરજી | ૧૪૬૧ | ૧૪૭૫ | – | – |
| ૧૩ | શ્રી. સિદ્ધાંત સાગર સૂરીશ્વરજી | ૧૫૦૬ | ૧૫૧૨ | – | – |
| ૧૪ | શ્રી. ભાવસાગર સૂરીશ્વરજી | ૧૫૧૦ | ૧૫૨૦ | – | – |
| ૧૫ | ગુણનિધાન સૂરીશ્વરજી | ૧૫૪૮ | ૧૫૫૨ | – | – |
| ૧૬ | શ્રી. ધર્મ મૂર્તિ સૂરીશ્વરજી | ૧૫૮૫ | ૧૫૯૯ | ૭૧ | ૧૬૭૦ |
| ● | શ્રી. મહોપાધ્યાય રત્નસાગરજી | ૧૬૨૬ | ૧૬૪૧ | – | – |
| ૧૭ | શ્રી. કલ્યાણસાગર સૂરીશ્વરજી | ૧૬૩૩ | ૧૬૪૨ | ૭૬ | ૧૭૧૮ |
| ૧૮ | શ્રી. જિનસાગર સૂરિશ્વરજી | ૧૬૫૨ | ૧૬૬૧ | – | – |
| ૧૯ | શ્રી. અમરસાગર સૂરિશ્વરજી | ૧૬૯૪ | ૧૭૦૫ | – | – |
| ● | શ્રી. વિધાસાગર સૂરિશ્વરજી | ૧૭૪૭ | ૧૭૫૬ | ૪૧ | ૧૭૯૭ |
| ૨૧ | શ્રી. ઉદય સૂરિશ્વરજી | ૧૭૫૩ | ૧૭૭૭ | – | – |
| ૨૨ | શ્રી. કીર્તિસાગર સૂરિશ્વરજી | ૧૭૯૫ | ૧૮૦૯ | – | – |
| ૨૩ | શ્રી. મૂક્તિસાગર સૂરિશ્વરજી | ૧૮૫૭ | ૧૮૬૭ | – | – |
| ૨૪ | શ્રી. રત્નસાગર સૂરિશ્વરજી | ૧૮૯૨ | ૧૯૦૫ | – | – |
| ૨૫ | શ્રી. વિવેકસાગર સૂરિશ્વરજી | ૧૮૭૫ | – | – | – |
| ● | શ્રી. જીનેન્દ્રસાગર સૂરિશ્વરજી | ૧૮૭૫ | – | – | – |
| ૨૭ | શ્રી. ગૌતમ સાગર સૂરિશ્વરજી | ૧૯૨૦ | ૧૯૪૬ | ૬૦ | ૨૦૦૬ |
| ૨૮ | શ્રી. નીતિ સાગર સૂરિશ્વરજી | ૧૯૪૧ | ૧૯૬૫ | ૨૮ | ૧૯૯૩ |
| ૨૯ | શ્રી. દાન સાગર સૂરિશ્વરજી | ૧૯૪૪ | ૧૯૬૬ | ૪૪ | ૨૦૧૦ |
| ૩૦ | શ્રી. નેમ સાગર સૂરિશ્વરજી | ૧૯૬૧ | ૧૯૮૪ | ૩૮ | ૨૦૨૦ |
| ૩૧ | શ્રી. ગુણ સાગર સૂરિશ્વરજી | ૧૯૬૯ | ૧૯૯૩ | ૫૧ | ૨૦૪૪ |

## અચલગચ્છ (વિધિ પક્ષ) ના પ.પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોનો સમુદાય

## શ્રમણ સમુદાય - ૨૦૬૩, તા.૩૦.૪.૨૦૦૭

૧(૩૨)તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોંદયસાગરસૂરીશ્વરજી મ.સા.

૨(૩૩)સાહિત્યદિવાકર , રાજ, દિપક, પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

૩. પ.પૂ ગણિવર્ય શ્રી કવીન્દ્રસાગર મ.સા.

૪ પ.પૂ.ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા.

૫. પ.પૂ ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.

૬● મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા.

૭. પ.પૂ.મુનિરાજ શ્રી મહારત્નસાગરજી મ.સા.

૮● મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.

૯. પ.પૂ.મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.

૧૦ મુનિરાજ શ્રી અનંતરત્ન સાગરજી મ.સા.

૧૧. પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિસાગરજી મ.સા.

૧૨ મુનિરાજ શ્રી ભદ્રંકર સાગરજી મ.સા.

૧૩. પ.પૂ.મુનિરાજ શ્રી આર્યરત્ન સાગરજી મ.સા.

૧૪ મુનિરાજ શ્રી હેમચંદ્ર સાગરજી મ.સા.

૧૫. પ.પૂ.મુનિરાજ શ્રી શંશાક સાગરજી મ.સા.

૧૬ મુનિરાજ શ્રી ધર્મરત્ન સાગરજી મ.સા.

૧૭. પ.પૂ.મુનિરાજ શ્રી અભ્યુદય સાગરજી મ.સા.

૧૮ મુનિરાજ શ્રી મહાભદ્ર સાગરજી મ.સા.

૧૯. પ.પૂ.મુનિરાજ શ્રી પૂર્ણભદ્ર સાગરજી મ.સા.

૨૦ મુનિરાજ શ્રી પૂણ્યોદય સાગરજી મ.સા.

૨૧. પ.પૂ.મુનિરાજ શ્રી સર્વોદય સાગરજી મ.સા.

૨૨ મુનિરાજ શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા.

૨૩. પ.પૂ.મુનિરાજ શ્રી ચારિત્રરત્ન સાગરજી મ.સા.

૨૪ મુનિરાજ શ્રી જગવલ્લભ સાગરજી મ.સા.

૨૫. ● પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મપ્રભ સાગરજી મ.સા.

૨૬ મુનિરાજ શ્રી રાજશેખર સાગરજી મ.સા.

૨૭. પ.પૂ.મુનિરાજ શ્રી નયપ્રભ સાગરજી મ.સા.

૨૮ મુનિરાજ શ્રી દેવરત્ન સાગરજી મ.સા.

૨૯. પ.પૂ.મુનિરાજ શ્રી તીર્થરત્ન સાગરજી મ.સા.

૩૦ મુનિરાજ શ્રી હિતવર્ધન સાગરજી મ.સા.

૩૧. પ.પૂ.મુનિરાજ શ્રી દેવરક્ષીત સાગરજી મ.સા.

૩૨ મુનિરાજ શ્રી મલય સાગરજી મ.સા.

૩૩. પ.પૂ.મુનિરાજ શ્રી રત્નાકર સાગરજી મ.સા.

૩૪ મુનિરાજ શ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.

૩૫. પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગર મ.સા.

૩૬ મુનિરાજ શ્રી પરમાનંદ સાગરજી મ.સા.

### શ્રમણી સમુદાય

### પ. પૂ. સાધ્વીજી ભગવંતોના નામ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૭. | શ્રી નિરંજનાશ્રીજી મ.સા. | ૪૮ | શ્રી તારક ગુણાશ્રીજી મ.સા. | ૫૯ | શ્રી ધન્ય ગુણાશ્રીજી મ.સા. |
| ૩૮. | શ્રી વિપુલ ગુણાશ્રીજી મ.સા. | ૪૯ | શ્રી જિણાંદ ગુણાશ્રીજી મ.સા. | ૬૦ | શ્રી હર્ષ ગુણાશ્રીજી મ.સા. |
| ૩૯. | શ્રી હીંકાર ગુણાશ્રીજી મ.સા. | ૫૦ | શ્રી અભય ગુણાશ્રીજી મ.સા. | ૬૧ | શ્રી ચારિત્ર ગુણાશ્રીજી મ.સા. |
| ૪૦. | શ્રી જિનેન્દ્ર ગુણાશ્રીજીમ.સા. | ૫૧ | શ્રી શીલ ગુણાશ્રીજી મ.સા. | ૬૨ | શ્રી જ્ઞાન ગુણાશ્રીજી મ.સા. |
| ૪૧ | શ્રી તપોગુણાશ્રીજી મ.સા. | ૫૨ | શ્રી કલ્પ ગુણાશ્રીજી મ.સા. | ૬૩ | શ્રી નવકાર ગુણાશ્રીજી મ.સા. |
| ૪૨ | શ્રી ધર્મ ગુણાશ્રીજી મ.સા. | ૫૩ | શ્રી જૈનમ ગુણાશ્રીજી મ.સા. | ૬૪ | શ્રી જય ગુણાશ્રીજી મ.સા. |
| ૪૩ | શ્રી હર્ષિત ગુણાશ્રીજીમ.સા. | ૫૪ | શ્રી શાશ્વત ગુણાશ્રીજીમ.સા. | ૬૫ | શ્રી તીર્થ ગુણાશ્રીજી મ.સા. |
| ૪૪ | ● શ્રી સંયમ ગુણાશ્રીજીમ.સા. | ૫૫ | શ્રી રમ્ય ગુણાશ્રીજી મ.સા. | ૬૬ | શ્રી કિર્તન ગુણાશ્રીજી મ.સા. |
| ૪૫ | શ્રી ખંતિ ગુણાશ્રીજીમ.સા. | ૫૬ | શ્રી અંનત ગુણાશ્રીજી મ.સા. | ૬૭ | શ્રી ભાવિન ગુણાશ્રીજીમ.સા. |
| ૪૬ | શ્રી સદ ગુણાશ્રીજીમ.સા. | ૫૭ | શ્રી તત્વ ગુણાશ્રીજી મ.સા. | ૬૮ | શ્રી દિવ્ય ગુણાશ્રીજી મ.સા. |
| ૪૭ | શ્રી શુશીલ ગુણાશ્રીજીમ.સા. | ૫૮ | શ્રી જગત ગુણાશ્રીજી મ.સા. | ૬૯ | શ્રી કોટિ ગુણીશ્રીજી મ.સા. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭૦ | શ્રી સૌમ્ય ગુણાશ્રીજી મ.સા. | ૧૦૫ | શ્રી હિત ગુણાશ્રીજી મ.સા. | ૧૪૦ | શ્રી કલ્પરસા શ્રીજી મ.સા. |
| ૭૧ | શ્રી ભવ્ય ગુણાશ્રીજી મ.સા. . | ૧૦૬ | શ્રી પાવન ગુણાશ્રીજી મ.સા. | ૧૪૧ | શ્રી હિતદર્શા શ્રીજી મ.સા. |
| ૭૨ | શ્રી જિનેશ્વર ગુણાશ્રીજી મ.સા. | ૧૦૭ | શ્રી નિર્મિત ગુણાશ્રીજી મ.સા. | ૧૪૨ | શ્રી વિશ્વોદય શ્રીજી મ.સા. |
| ૭૩ | શ્રી તીર્થેશ ગુણાશ્રીજી મ.સા. | ૧૦૮ | શ્રી નમ્ર ગુણાશ્રીજી મ.સા. | ૧૪૩ | શ્રી કૈવલ્યગુણા શ્રીજી મ.સા. |
| ૭૪ | શ્રી ભદ્ર ગુણાશ્રીજી મ.સા. | ૧૦૯ | શ્રી ૐકાર ગુણાશ્રીજી મ.સા. | ૧૪૪ | શ્રી જીત ગુણાશ્રીજી મ.સા. |
| ૭૫ | શ્રી દર્શન ગુણાશ્રીજી મ.સા. | ૧૧૦ | શ્રી સમય ગુણાશ્રીજી મ.સા. | ૧૪૫ | શ્રી જિનેશ ગુણાશ્રીજી મ.સા. |
| ૭૬ | શ્રી કીર્તિ ગુણાશ્રીજી મ.સા. | ૧૧૧ | શ્રી શ્રુત ગુણાશ્રીજી મ.સા. | ૧૪૬ | શ્રી ચિંતનપ્રભા ગુણાશ્રીજી મ.સા. |
| ૭૭ | શ્રી દેવ ગુણાશ્રીજી મ.સા. | ૧૧૨ | શ્રી કનક ગુણાશ્રીજી મ.સા. | ૧૪૭ | શ્રી આનંદપ્રભા શ્રીજી મ.સા. |
| ૭૮ | શ્રી ભક્તિ ગુણાશ્રીજી મ.સા. | ૧૧૩ | શ્રી રક્ષિત ગુણાશ્રીજી મ.સા. | ૧૪૮ | શ્રી આત્મગુણા શ્રીજી મ.સા. |
| ૭૯ | શ્રી રાજુલ ગુણાશ્રીજી મ.સા. | ૧૧૪ | ● શ્રીચંદ્રોદય શ્રીજી મ.સા. | ૧૪૯ | શ્રી હિતવર્ષા શ્રીજી મ.સા. |
| ૮૦ | શ્રી ખ્યાતિ ગુણાશ્રીજી મ.સા. | ૧૧૫ | ● શ્રીજિનગુણા ગુણાશ્રીજી મ.સા. | ૧૫૦ | શ્રી પૂર્ણાનંદ શ્રીજી મ.સા. |
| ૮૧ | શ્રી વીર ગુણાશ્રીજી મ.સા. | ૧૧૬ | શ્રી સુલક્ષણા શ્રીજી મ.સા. | ૧૫૧ | શ્રી રત્ન ગુણાશ્રીજી મ.સા. |
| ૮૨ | શ્રી ગૌતમ ગુણાશ્રીજી મ.સા. | ૧૧૭ | ● શ્રીરત્નપ્રભા શ્રીજી મ.સા. | ૧૫૨ | ● શ્રી મૌન ગુણાશ્રીજી મ.સા. |
| ૮૩ | શ્રી અર્હદ ગુણાશ્રીજી મ.સા. | ૧૧૮ | શ્રી રત્નરેખા શ્રીજી મ.સા. | ૧૫૩ | શ્રી વિરતિ ગુણાશ્રીજી મ.સા. |
| ૮૪ | શ્રી હર્ષદ ગુણાશ્રીજી મ.સા. | ૧૧૯ | શ્રી ધર્મકીર્તિ શ્રીજી મ.સા. | ૧૫૪ | શ્રી પદ્મ ગુણાશ્રીજી મ.સા. |
| ૮૫ | શ્રી અમીત ગુણાશ્રીજી મ.સા. | ૧૨૦ | શ્રી જયકીર્તિ શ્રીજી મ.સા. | ૧૫૫ | શ્રી સમકિત ગુણાશ્રીજી મ.સા. |
| ૮૬ | શ્રી મહાપદ્મ ગુણાશ્રીજી મ.સા. | ૧૨૧ | શ્રી હર્ષાવલી શ્રીજી મ.સા. | ૧૫૬ | ● શ્રી વંદન ગુણાશ્રીજી મ.સા. |
| ૮૭ | શ્રી મૈત્રી ગુણાશ્રીજી મ.સા. | ૧૨૨ | શ્રી અક્ષયકીર્તિ શ્રીજી મ.સા. | ૧૫૭ | શ્રી મનોરમા શ્રીજી મ.સા. |
| ૮૮ | શ્રી મોક્ષ ગુણાશ્રીજી મ.સા. | ૧૨૩ | શ્રી અમીધારા શ્રીજી મ.સા. | ૧૫૮ | ● શ્રી હંસાવલી શ્રીજી મ.સા. |
| ૮૯ | શ્રી ધ્યાન ગુણાશ્રીજી મ.સા. | ૧૨૪ | શ્રી ચારૂલત્તા શ્રીજી મ.સા. | ૧૫૯ | શ્રી હર્ષશીલા શ્રીજી મ.સા. |
| ૯૦ | શ્રી કલ્પિત ગુણાશ્રીજી મ.સા. | ૧૨૫ | શ્રી મોક્ષદર્શના શ્રીજી મ.સા. | ૧૬૦ | ● શ્રી ચંદ્રશીલા શ્રીજી મ.સા. |
| ૯૧ | શ્રી સંવેગ ગુણાશ્રીજી મ.સા. | ૧૨૬ | શ્રી નયદર્શના શ્રીજી મ.સા. | ૧૬૧ | ● શ્રી જયદર્શીતા શ્રીજી મ.સા. |
| ૯૨ | શ્રી ભાવ ગુણાશ્રીજી મ.સા. | ૧૨૭ | શ્રી નયપ્રજ્ઞા શ્રીજી મ.સા. | ૧૬૨ | શ્રી હિમાંશુ શ્રીજી મ.સા. |
| ૯૩ | શ્રી નય ગુણાશ્રીજી મ.સા. | ૧૨૮ | શ્રી પ્રીતિસુધા શ્રીજી મ.સા. | ૧૬૩ | શ્રી મહોદય શ્રીજી મ.સા. |
| ૯૪ | શ્રી રક્ષ ગુણાશ્રીજી મ.સા. | ૧૨૯ | શ્રી હેમલેખા શ્રીજી મ.સા. | ૧૬૪ | ● શ્રી વિનયપ્રભા શ્રીજી મ.સા. |
| ૯૫ | શ્રી ચારૂ ગુણાશ્રીજી મ.સા. | ૧૩૦ | શ્રી વસંતપ્રભા શ્રીજી મ.સા. | ૧૬૫ | શ્રી દિવ્યપ્રભા શ્રીજી મ.સા. |
| ૯૬ | શ્રી કાવ્ય ગુણાશ્રીજી મ.સા. | ૧૩૧ | શ્રી જિનપ્રભા શ્રીજી મ.સા. | ૧૬૬ | ● શ્રી યશોદયા શ્રીજી મ.સા. |
| ૯૭ | શ્રી પૂર્ણ ગુણાશ્રીજી મ.સા. | ૧૩૨ | શ્રી અરૂણોદય શ્રીજી મ.સા. | ૧૬૭ | શ્રી વિરાગરત્ના શ્રીજી મ.સા. |
| ૯૮ | શ્રી જ્ઞાનેશ ગુણાશ્રીજી મ.સા. | ૧૩૩ | શ્રી હિરણ્યગુણિ શ્રીજી મ.સા. | ૧૬૮ | ● શ્રી મુક્તિરત્ના શ્રીજી મ.સા. |
| ૯૯ | શ્રી પ્રશાંત ગુણાશ્રીજી મ.સા. | ૧૩૪ | શ્રી યસોગુણા શ્રીજી મ.સા. | ૧૬૯ | ● શ્રી હર્ષનિધિ શ્રીજી મ.સા. |
| ૧૦૦ | શ્રી પુનીતગુણાશ્રીજી મ.સા. | ૧૩૫ | શ્રી જિનવરગુણા શ્રીજી મ.સા. | ૧૭૦ | ● શ્રી ગુણલક્ષ્મી શ્રીજી મ.સા. |
| ૧૦૧ | શ્રી લક્ષ ગુણાશ્રીજી મ.સા. | ૧૩૬ | શ્રી વાત્સલ્ય ગુણાશ્રીજી મ.સા. | ૧૭૧ | શ્રીજયરેખા શ્રીજી મ.સા. |
| ૧૦૨ | શ્રી અર્ચિત ગુણાશ્રીજી મ.સા. | ૧૩૭ | શ્રી રત્નેશ શ્રીજી મ.સા. | ૧૭૨ | શ્રી હર્ષપૂર્ણા શ્રીજી મ.સા. |
| ૧૦૩ | શ્રી વિરાગ ગુણાશ્રીજી મ.સા. | ૧૩૮ | શ્રી કનકપ્રભા શ્રીજી મ.સા. | ૧૭૩ | શ્રી રિદ્ધિપૂર્ણા શ્રીજી મ.સા. |
| ૧૦૪ | શ્રી ઋજુ ગુણાશ્રીજી મ.સા. | ૧૩૯ | શ્રી અરૂણાપ્રભા શ્રીજી મ.સા. | ૧૭૪ | શ્રી જ્યોતિપ્રભા શ્રીજી મ.સા. |

| | |
|---|---|
| ૧૭૫ | શ્રી વારિષેણા શ્રીજી મ.સા. |
| ૧૭૬ | શ્રી જ્યોતિકળા શ્રીજી મ.સા. |
| ૧૭૭ | શ્રી પ્રસન્નચંદ્રા શ્રીજી મ.સા. |
| ૧૭૮ | શ્રી વિરતિકળા શ્રીજી મ.સા. |
| ૧૭૯ | શ્રી વિચક્ષણા શ્રીજી મ.સા. |
| ૧૮૦ | શ્રી ભાવપૂર્ણા શ્રીજી મ.સા. |
| ૧૮૧ | શ્રી ભક્તિપૂર્ણા શ્રીજી મ.સા. |
| ૧૮૨ | શ્રી કીર્તિલતા શ્રીજી મ.સા. |
| ૧૮૩ | ● શ્રી સૌમ્યલતા શ્રીજી મ.સા. |
| ૧૮૪ | શ્રી વિશ્વલતા શ્રીજી મ.સા. |
| ૧૮૫ | શ્રી વિશ્વકિર્તિ શ્રીજી મ.સા. |
| ૧૮૬ | શ્રી અનંતકીર્તિ શ્રીજી મ.સા. |
| ૧૮૭ | ● શ્રી કલ્પપ્રિયા શ્રીજી મ.સા. |
| ૧૮૮ | ● શ્રી ધૈર્યપ્રભા શ્રીજી મ.સા. |
| ૧૮૯ | ● શ્રી યશપ્રભા શ્રીજી મ.સા. |
| ૧૯૦ | શ્રી તત્વપ્રજ્ઞા શ્રીજી મ.સા. |
| ૧૯૧ | ● શ્રી જયપ્રજ્ઞા શ્રીજી મ.સા. |
| ૧૯૨ | શ્રી ચારૂપ્રજ્ઞા શ્રીજી મ.સા. |
| ૧૯૩ | શ્રી અમીતપ્રજ્ઞા શ્રીજી મ.સા. |
| ૧૯૪ | ● શ્રી અનંતયશા શ્રીજી મ.સા. |
| ૧૯૫ | શ્રી પિયુષપ્રજ્ઞા શ્રીજી મ.સા. |
| ૧૯૬ | ● શ્રી મહાપ્રજ્ઞા શ્રીજી મ.સા. |
| ૧૯૭ | ● શ્રી ભવ્યદર્શના શ્રીજી મ.સા. |
| ૧૯૮ | ● શ્રી દિવ્યદર્શના શ્રીજી મ.સા. |
| ૧૯૯ | ● શ્રી હર્ષવંદના શ્રીજી મ.સા. |
| ૨૦૦ | શ્રી કીર્તિષેણા શ્રીજી મ.સા. |
| ૨૦૧ | શ્રી નયપૂર્ણા શ્રીજી મ.સા. |
| ૨૦૨ | શ્રી નંદિવર્ધના શ્રીજી મ.સા. |
| ૨૦૩ | શ્રી પ્રશમરસા શ્રીજી મ.સા. |
| ૨૦૪ | શ્રી રાજનંદિની શ્રીજી મ.સા. |
| ૨૦૫ | શ્રી પુણ્યવંતા શ્રીજી મ.સા. |
| ૨૦૬ | શ્રી ઇન્દુકલા શ્રીજી મ.સા. |
| ૨૦૭ | શ્રી હંસમાલા શ્રીજી મ.સા. |
| ૨૦૮ | શ્રી વિજયપૂર્ણા શ્રીજી મ.સા. |
| ૨૦૯ | શ્રી વિરાગપૂર્ણા શ્રીજી મ.સા. |
| ૨૧૦ | શ્રી ચંદ્રસૂર્યા શ્રીજી મ.સા. |
| ૨૧૧ | શ્રી રત્નયશા શ્રીજી મ.સા. |
| ૨૧૨ | શ્રી તત્વપૂર્ણા શ્રીજી મ.સા. |
| ૨૧૩ | શ્રી અમીવર્ષા શ્રીજી મ.સા. |
| ૨૧૪ | શ્રી મુક્તિવર્ષા શ્રીજી મ.સા. |
| ૨૧૫ | શ્રી જીતયશા શ્રીજી મ.સા. |
| ૨૧૬ | શ્રી નંદિષેણા શ્રીજી મ.સા. |
| ૨૧૭ | શ્રી ચંદ્રકલા શ્રીજી મ.સા. |
| ૨૧૮ | શ્રી શાસનપ્રભા શ્રીજી મ.સા. |
| ૨૧૯ | શ્રી સુનયના શ્રીજી મ.સા. |
| ૨૨૦ | શ્રી વજ્રપ્રભા શ્રીજી મ.સા. |
| ૨૨૧ | શ્રી કોમલગિરા શ્રીજી મ.સા. |
| ૨૨૨ | ● શ્રી મહાયશા શ્રીજી મ.સા. |
| ૨૨૩ | શ્રી જયપદ્મ ગુણાશ્રીજી મ.સા. |
| ૨૨૪ | શ્રી અનંતરત્ના શ્રીજી મ.સા. |
| ૨૨૫ | શ્રી નિપુણરત્ના શ્રીજી મ.સા. |
| ૨૨૬ | શ્રી ભાવિરત્ના શ્રીજી મ.સા. |
| ૨૨૭ | શ્રી ચારૂધર્મા શ્રીજી મ.સા. |
| ૨૨૮ | શ્રી રત્નત્રયા શ્રીજી મ.સા. |
| ૨૨૯ | શ્રી જગતત્રયા શ્રીજી મ.સા. |
| ૨૩૦ | શ્રી આર્યરક્ષિતા શ્રીજી મ.સા. |
| ૨૩૧ | શ્રી દેવ રક્ષિતા શ્રીજી મ.સા. |
| ૨૩૨ | ● શ્રી ચૈતન્ય રક્ષિતા શ્રીજી મ.સા. |
| ૨૩૩ | શ્રી વ્રત રક્ષિતા શ્રીજી મ.સા. |
| ૨૩૪ | શ્રી જયધર્મા શ્રીજી મ.સા. |
| ૨૩૫ | શ્રી ગુણદર્શના શ્રીજી મ.સા. |
| ૨૩૬ | શ્રી અક્ષયગુણા શ્રીજી મ.સા. |
| ૨૩૭ | શ્રી વિનિતગુણા શ્રીજી મ.સા. |
| ૨૩૮ | શ્રી ચારૂદર્શના શ્રીજી મ.સા. |
| ૨૩૯ | શ્રી કૈવલ્યદર્શના શ્રીજી મ.સા. |
| ૨૪૦ | શ્રી કલ્પપૂર્ણાશ્રી શ્રીજી મ.સા. |
| ૨૪૧ | શ્રી અક્ષયપૂર્ણા શ્રીજી મ.સા. |
| ૨૪૨ | ● શ્રી ગુણમાલા શ્રીજી મ.સા. |
| ૨૪૩ | ● શ્રી હિતપ્રજ્ઞા શ્રીજી મ.સા. |
| ૨૪૪ | શ્રી ઋજુપ્રજ્ઞા શ્રીજી મ.સા. |
| ૨૪૫ | શ્રી રાજપ્રજ્ઞા શ્રીજી મ.સા. |
| ૨૪૬ | શ્રી પૂર્ણયશા શ્રીજી મ.સા. |
| ૨૪૭ | શ્રી અર્હતકીરણા શ્રીજી મ.સા. |
| ૨૪૮ | શ્રી અનંતકીરણા શ્રીજી મ.સા. |
| ૨૪૯ | ● શ્રી વિમલકીરણા શ્રીજી મ.સા. |
| ૨૫૦ | ● શ્રી આનંદકીરણા શ્રીજી મ.સા. |
| ૨૫૧ | શ્રી રમ્યકીરણા શ્રીજી મ.સા. |
| ૨૫૨ | શ્રી કલ્પકીરણા શ્રીજી મ.સા. |
| ૨૫૩ | શ્રી વિરલકીરણા શ્રીજી મ.સા. |
| ૨૫૪ | શ્રી કુમુદકીરણા શ્રીજી મ.સા. |
| ૨૫૫ | શ્રી દિવ્યકીરણા શ્રીજી મ.સા. |
| ૨૫૬ | શ્રી હર્ષકીરણા શ્રીજી મ.સા. |
| ૨૫૭ | શ્રી પાર્શ્વકીરણા શ્રીજી મ.સા. |
| ૨૫૮ | શ્રી આત્મકીરણા શ્રીજી મ.સા. |
| ૨૫૯ | ● શ્રી સમ્યગદર્શના શ્રીજી મ.સા. |
| ૨૬૦ | ● શ્રી મુક્તિરસા શ્રીજી મ.સા. |
| ૨૬૧ | શ્રી સિધ્ધિવર્ષા શ્રીજી મ.સા. |
| ૨૬૨ | શ્રી ભાગ્યવર્ષા શ્રીજી મ.સા. |
| ૨૬૩ | શ્રી તીર્થપ્રભા શ્રીજી મ.સા. |
| ૨૬૪ | શ્રી ભાવલીના શ્રીજી મ.સા. |
| ૨૬૫ | શ્રી અનંતપૂર્ણા શ્રીજી મ.સા. |
| ૨૬૬ | શ્રી દિવ્યપૂર્ણા શ્રીજી મ.સા. |
| ૨૬૭ | શ્રી ચારૂશીલા શ્રીજી મ.સા. |
| ૨૬૮ | શ્રી જયશીલા શ્રીજી મ.સા. |
| ૨૬૯ | શ્રી અર્હંશીલા શ્રીજી મ.સા. |
| ૨૭૦ | શ્રી કેવલ્યકીરણા શ્રીજી મ.સા. |
| ૨૭૧ | શ્રી મુક્તિકીરણા શ્રીજી મ.સા. |
| ૨૭૨ | શ્રી આગમકીરણા શ્રીજી મ.સા. |
| ૨૭૩ | શ્રી પરહિતપૂર્ણા શ્રીજી મ.સા. |
| ૨૭૪ | શ્રી ધર્મપ્રિયા શ્રીજી મ.સા. |
| ૨૭૫ | શ્રી કૈવલ્યપ્રિયા શ્રીજી મ.સા. |
| ૨૭૬ | શ્રી જિનપ્રિયા શ્રીજી મ.સા. |
| ૨૭૭ | શ્રી વાસંયમા શ્રીજી મ.સા. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭૮ | શ્રી અમીતયશા શ્રીજી મ.સા. | ૨૮૩ | શ્રી જિનાજ્ઞગુણા શ્રીજી મ.સા. | ૨૮૮ | શ્રી યથાર્થગુણા શ્રીજી મ.સા. |
| ૨૭૯ | શ્રી દેવપૂર્ણા શ્રીજી મ.સા. | ૨૮૪ | શ્રી જૈનમકલા શ્રીજી મ.સા. | ૨૮૯ | શ્રી તત્વાર્થગુણા શ્રીજી મ.સા. |
| ૨૮૦ | શ્રી તત્વયશા શ્રીજી મ.સા. | ૨૮૫ | ● શ્રી સંસ્કારનિધિ શ્રીજી મ.સા. | ૨૯૦ | શ્રી કૃતાર્થગુણા શ્રીજી મ.સા. |
| ૨૮૧ | શ્રી લક્ષ્યગુણા શ્રીજી મ.સા. | ૨૮૬ | શ્રી જૈનમવર્ષા શ્રીજી મ.સા. | ૨૯૧ | શ્રી જ્ઞાનજયોતગુણા શ્રીજી મ.સા. |
| ૨૮૨ | શ્રી જયસ્મીતા શ્રીજી મ.સા. | ૨૮૭ | શ્રી પરાર્થગુણા શ્રીજી મ.સા. | ૨૯૨ | શ્રી હિતકીરણ શ્રીજી મ.સા. |

● શ્રી ક. દ. ઓ જૈન જ્ઞાતિના અચલગચ્છ તેમજ અન્ય ગચ્છના દીક્ષાર્થીઓ.
તપગચ્છ શ્રમણ સમુદાય (સંકલન : શ્રી કુંવરજી (રમેશ) મેઘજી મોભ–મુલુંડ (૨૦૫૮)

- પ.પૂ.આ.ભં. શ્રી શ્રેયાસવિજયસૂરીશ્વરજી મ.સા.
- પ.પૂ.આ.ભં. શ્રી વિજયગુણશીલસૂરીશ્વરજી મ.સા.
- પ.પૂ.આ.ભં. શ્રી યુગભુષણવિજયસૂરીશ્વરજી મ.સા. (પંડિત મ.સા.)
- પ.પૂ. મુનીરાજ શ્રી કુળશીલવિજયજી મ.સા.
- પ.પૂ. મુનીરાજ શ્રી ક્ષમાશીલ વિજયજી મ.સા.
- પ.પૂ. મુનીરાજ શ્રી રાજપાલ વિજયજી મ.સા.
- પ.પૂ. મુનીરાજ શ્રી નેત્રાનંદ વિજયજી મ.સા.
- પ.પૂ. મુનીરાજ શ્રી સમ્યકરત્ન વિજયજી મ.સા.
- પ.પૂ. મુનીરાજ શ્રી વિજયવર્ધન વિજયજી મ.સા.
- પ.પૂ. મુનીરાજ શ્રી કલ્પજીત વિજયજી મ.સા.
- પ.પૂ. મુનીરાજ શ્રી યશકલા વિજયજી મ.સા.
- પ.પૂ. મુનીરાજ શ્રી જયભાનુ શેખર વિજયજી મ.સા.
- પ.પૂ. મુનીરાજ શ્રી હેમંતવિજયજી મ.સા.

**ખડતરગચ્છ**

- પ.પૂ. મુનીરાજ શ્રી ધર્મરત્નવિજયજી મ.સા.

**તપગચ્છ (શ્રમણી સમુદાય)**

- પ.પૂ. સા. શ્રી નિર્મણાશ્રીજી મ.સા.
- પ.પૂ. સા. શ્રી ચારૂનંદીતાશ્રીજી મ.સા.
- પ.પૂ. સા. શ્રી નિર્વેદકલાશ્રીજી મ.સા
- પ.પૂ. સા. શ્રી ઇન્દુરેખાશ્રીજી મ.સા.
- પ.પૂ. સા. શ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા.
- પ.પૂ. સા. શ્રી લક્ષયશાશ્રીજી મ.સા.

**અન્ય શ્રમણ સમુદાય**

પ.પૂ.મુનીરાજ શ્રી કમલપ્રભસાગરજી મ.સા.
પ.પૂ.મુનીરાજ શ્રી વિનયરત્નસાગરજી મ.સા.
પ.પૂ.મુનીરાજ શ્રી દર્શનરત્નસાગરજી મ.સા.
પ.પૂ.મુનીરાજ શ્રી નંદિવર્ધનસાગરજી મ.સા.
પ.પૂ.મુનીરાજ શ્રી હ્રીંકાર સાગરજી મ.સા.
પ.પૂ.મુનીરાજ શ્રી સદાનંદ સાગરજી મ.સા.

**શ્રમણી સમુદાય**

પ.પૂ.સા. શ્રી નીતીગુણાશ્રીજી મ.સા.
પ.પૂ.સા. શ્રી વિનયગુણાશ્રીજી મ.સા.
પ.પૂ.સા. શ્રી હેતગુણાશ્રીજી મ.સા.

***અતીત, વર્તમાન, અનાગત, આચાર્ય ભગવંતો, સાધુ ભગવંતો તથા સાધ્વીજી ભગવંતોને કોટી કોટી વંદના...***

## જયન્ત જ્યોતિ ધારા (M.P.) - ૨૦૦૬

| જૈન સંયમ માર્ગી | આચાર્ય ભગવંત | સાધુ ભગવંત | સાધ્વીજી ભગવંત | કુલ |
|---|---|---|---|---|
| શ્વેતામ્બર મૂર્તિપૂજક | ૧૭૪ | ૧૫૯૨ | ૬૫૩૦ | ૮૨૯૬ |
| સ્થાનકવાસી | ૧૨ | ૫૬૨ | ૨૯૬૬ | ૩૫૪૦ |
| તેરાપંથી | ૧ | ૧૫૪ | ૫૩૨ | ૬૮૭ |
| દીગમ્બર | ૫૭ | ૪૯૧ | ૫૨૭ | ૧૦૭૫ |
| ટોટલ | ૨૪૪ | ૨૭૯૯ | ૧૦૫૫૫ | ૧૩૫૯૭ |

**જૈનોની વસતિ સર્વ વિશ્વમાં ૭૦ થી ૯૦ લાખ નો અંદાજ છે.**

## ૨૧) માદરે વતન કચ્છ-લાલાનું ગૌરવ

આજે આપણે લાલા ગામમાં મુળનાયક શ્રી ચંદ્રપ્રભુ જીનાલયનો શતાબ્દિ સમારોહ ઉજવી રહ્યા છીએ. ત્યારે ગામમાં મહાજનવાડી સહિત આ સુંદર જીનાલયનું નિર્માણ કરનાર શ્રી ખીંયરાજ લધાભાઈ દંડ પરિવારને કેમ ભુલી શકીએ? સંપૂર્ણ લાલા ગામ એમના આ સત્કાર્ય માટે આજેય એમનું ઋણી છે. ઉપરાંત એ પરિવારમાં, એમના મોટા પૌત્ર શ્રી સુર્યકાંતભાઈ હીરજી દંડ અને તેમના ધર્મપત્ની લતાબેન આજીવન બ્રહ્મચારી છે. લગ્નબંધનમાં જોડાવા છતાં જીંદગીભર બ્રહ્મચર્યનું શુધ્ધ પાલન કરનાર આ દંપતિને પણ હૃદયપૂર્વક પ્રણામ. શ્રી ખીયરાજ ભાઈના નાના પૌત્રએ દીક્ષા લઈ, મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. તરીકે સુંદર સાધુજીવન જીવી રહ્યા છે. વૈયાવચ્ચ તેમજ તપશ્ચર્યામાં શૂરા એવા મુનિશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ને પણ કોટિ કોટિ વંદન. બે ભાઈઓને યાદ કરીએ તો એમના ભગિનીને કેમ ભૂલી શકાય? નાની મોટી તપશ્ચર્યાઓ, માસક્ષમણ, ૫૧ ઉપવાસ, ૬૮ ઉપવાસ અને છેવટે ૧૦૮ ઉપવાસ બાદ પોતાનું આયુષ્ય પૂર્ણ કરનાર ધનલક્ષ્મીબેન (બાંચાબાઈ) ને પણ ખૂબ ભાવપૂર્વક અંજલિ આવા ત્રણ પુત્રો-પુત્રીને જન્મ આપનાર રત્નકુક્ષિ એવા (મણીબાઈ) શેઠાણીમાને પણ આપણે યાદ કરીએ.

એ ઉપરાંત આપણા ગામના જન્મને સંયમ પંથે પ્રયાણ કરનારાઓમાં ચાર સાધ્વીજી ભગવંતોનો પણ સમાવેશ થાય છે. જે પૈકી પ.પૂ.સા. શ્રી રતનશ્રી મ.સા. તથા પ.પૂ.સા. શ્રી જયનંદાશ્રી મ.સા. કાળધર્મ પામ્યા છે. પ.પૂ.સા.શ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા. શ્રી સંયમગુણાશ્રી મ.સા. આજે પણ સુંદર ચારિત્ર જીવનનો નિર્વાહ કરી રહ્યા છે. એ સર્વેને પણ કોટીકોટી વંદના.

✤ આપણું લાલા ગામ આવા ગૌરવવંતા મહાનુભાવો થકી ઉજળું છે.

## ૨૨) સાધર્મિક ભક્તિ જો કરે સુખી, કોઇ સાધર્મિક ન રહે દુઃખી

**પ.પૂ.સા. શ્રી તત્વયશાશ્રી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી પરાગયશાશ્રી મ.સા.**

આપણે સાધર્મિક ભક્તિનું નામ સાંભળતા હે ! કોઇક સાધર્મિક ભાઇ-બહેનને જમાડવા વગેરે... પણ પહેલી સાધર્મિક ભક્તિ આપણા ઘરથી જ શરૂ થાય છે. આપણા ઘરમાં કામ કરતી બાઇ, નોકર, ચાકર, ડ્રાઇવર વોચમેન વગેરે...

આપણે ભલે એમને પગાર આપીએ છતાં ખાવાનું થોડું જરૂરથી આપવું. જેથી આપણને જ અન્નદાનનો લાભ થાય છે.

ત્યારબાદ આપણાં ભાઇ-બહેનો આપણા નજીકનાં સગા-સંબંધીઓ જે કોઇ નબળા હોય તો એમને ઉંચે લાવવાની કોશીશ કરવી.

આપણા વતનનાં (ગામ) સભ્યો જ્યાં પણ રહેતા હોય એમાં જે કુટુંબો નબળા હોય તેમની તપાસ કરવી જોઇએ. દરેક ગામમાં ૫ થી ૧૫ શ્રીમંત કુટુંબો હોય છે. તો તેઓ સહુએ ભેગા મળી એવી યોજના બનાવવી જોઇએ. આપણા ગામમાં કોઇપણ સાધર્મિક નબળો ન રહે. એમને કામધંધે લગાડી આર્થિક સહાય થઇ શકે. શૈક્ષણીક સહાય રહેઠાણની સગવડ કરી આપવી. આમ જો આપણે સહુ મળી આવી યોજનાઓ બનાવીએ તો આપણા જૈન સમાજમાં બધા જ સુખી થઇ જાય.

## અસ્વાધ્યાયનો સમય (અકાળનો સમય)

સૂર્યોદય પહેલાની ૪૮ મીનીટ સુર્યાસ્ત પછીની ૪૮ મિનીટ,

બપોરે અને રાત્રે ૧૨ વાગ્યા થી ૨૪ મીનીટ આગળ/પાછળ

કાંઇ પણ તકલીફ હોય કે માંદગી હોય તો આ સમયમાં નવકાર મંત્ર નો જાપ કરવાથી ખૂબ જ રાહત મળે છે. પોતે ન કરી શકે તો એમના વતી સંબંધી જાપ કરે તો પણ રાહત મળે છે.

# ૨૩) તીર્થંકર ભગવાનનો પરિચય

## અતીત ચોવીશી તથા અનાગત ચોવીશીના તીર્થંકરોનો સંક્ષિપ્ત પરિચય

| અતીત ચોવીશી | | અનાગત ચોવીશીના તીર્થંકરો (ગિરનાર ઉપર મોક્ષે જશે.) | | | |
|---|---|---|---|---|---|
| અનુ. | નામ | નામ | કોનો જીવ | ઉંચાઈમાં | આયુષ્ય |
| ૧ | કેવલજ્ઞાની | પદ્મનાભ | શ્રેણિક રાજા | ૭ હાથ | ૭૨ વર્ષ |
| ૨ | નિવાણી | સુરદેવ | સુપાર્શ્વ શ્રાવક | ૯ હાથ | ૧૦૦ વર્ષ |
| ૩ | સાગર | સુપાર્શ્વ | કોણીકપુત્રઉદાપિ | ૧૦ ધનુષ્ય | ૧૦૦ વર્ષ |
| ૪ | મહાયશ | સ્વયંપ્રભ | પોટ્ટિલ શ્રાવક | ૧૫ ધનુષ્ય | ૧૦૦૦૦ વર્ષ |
| ૫ | વિમલ | સર્વાનુભૂતિ | દ્રઢાયુ | ૨૦ ધનુષ્ય | ૩૦૦૦૦ વર્ષ |
| ૬ | સર્વાનુભૂતિ | દેવશ્રુત | કાર્તિક શેઠ | ૨૫ ધનુષ્ય | ૫૫૦૦૦ વર્ષ |
| ૭ | શ્રીધર | ઉદયપ્રભ | શંખશ્રાવક | ૩૦ ધનુષ્ય | ૮૪૦૦૦ વર્ષ |
| ૮ | શ્રીદત્ત | પેઢાલ | આનંદમુનિ | ૩૫ ધનુષ્ય | ૯૫૦૦૦ વર્ષ |
| ૯ | દામોદર | પોટ્ટિલ | સુનંદ | ૪૦ ધનુષ્ય | ૧ લાખ વર્ષ |
| ૧૦ | સુતેજ | શતકિર્તી | શતક શ્રાવક | ૪૫ ધનુષ્ય | ૧૦ લાખ વર્ષ |
| ૧૧ | સ્વામીનાથ | સુવ્રત | દેવકી (કૃષ્ણ માતા) | ૫૦ ધનુષ્ય | ૩૦ લાખ વર્ષ |
| ૧૨ | મુનિસુવ્રત | અમમ | શ્રીકૃષ્ણવાસુદેવ | ૬૦ ધનુષ્ય | ૬૦ લાખ વર્ષ |
| ૧૩ | સુમતિ | નિષ્કષાય | સત્યકી મહાદેવ | ૭૦ ધનુષ્ય | ૭૨ લાખ વર્ષ |
| ૧૪ | શિવગતિ | નિષ્પુલાક | બળભદ્ર(કૃષ્ણબંધુ) | ૮૦ ધનુષ્ય | ૮૪ લાખ વર્ષ |
| ૧૫ | અસ્ત્યાગ | નિર્મમ | સુલસાશ્રાવિકા | ૯૦ ધનુષ્ય | ૧ લાખ પૂર્વ |
| ૧૬ | નમીશ્વર | ચિત્રગુપ્તિ | રોહિણી (બળભદ્રમાતા) | ૧૦૦ ધનુષ્ય | ૨ લાખ પૂર્વ |
| ૧૭ | અનિલ | સમાધિ | રેવતી શ્રાવિકા | ૧૫૦ ધનુષ્ય | ૧૦ લાખ પૂર્વ |
| ૧૮ | યશોધર | સુસંવર | સતાલી | ૨૦૦ ધનુષ્ય | ૨૦ લાખ પૂર્વ |
| ૧૯ | કૃતાર્થ | યશોધર | દ્વૈપાયન ઋષિ | ૨૫૦ ધનુષ્ય | ૩૦ લાખ પૂર્વ |
| ૨૦ | ધમ્મીસર | વિજય | કર્ણ | ૩૦૦ ધનુષ્ય | ૪૦ લાખ પૂર્વ |
| ૨૧ | શુધ્ધમતિ | મલ્લ | આઠમા નારદ | ૩૫૦ ધનુષ્ય | ૫૦ લાખ પૂર્વ |
| ૨૨ | શિવંકર | દેવજિન | અખંડ પરિવાજક | ૪૦૦ ધનુષ્ય | ૬૦ લાખ પૂર્વ |
| ૨૩ | સ્યન્દન | અનંતવીર્ય | અમરકુમાર | ૪૫૦ ધનુષ્ય | ૭૨ લાખ પૂર્વ |
| ૨૪ | સંપ્રતિ | ભદ્રકૃત | સ્વાતિબુધ્ધ | ૫૦૦ ધનુષ્ય | ૮૪ લાખ પૂર્વ |

| વર્તમાન ચોવીશીના તીર્થંકરો | | | | | |
|---|---|---|---|---|---|
| ક્ર. | નામ | પુત્ર – પુત્રીનો પરિવાર | લાંછન | ઉંચાઈ | આયુષ્ય |
| ૧ | આદિનાથ | ૧૦૦ + ૨ | વૃષભ | ૫૦૦ ધનુષ્ય | ૮૪ લાખ પૂર્વ |
| ૨ | અજિતનાથ | – | હાથી | ૪૫૦ ધનુષ્ય | ૭૨ લાખ પૂર્વ |
| ૩ | સંભવનાથ | ૩ પુત્ર | ઘોડો | ૪૦૦ ધનુષ્ય | ૬૦ લાખ પૂર્વ |
| ૪ | અભિનંદન | ૩ પુત્ર | વાંદરો | ૩૫૦ ધનુષ્ય | ૫૦ લાખ પૂર્વ |
| ૫ | સુમતિનાથ | ૩ પુત્ર | ક્રૌંચપક્ષી | ૩૦૦ ધનુષ્ય | ૪૦ લાખ પૂર્વ |
| ૬ | પદ્મપ્રભસ્વામિ | ૧૩ પુત્ર | કમળ | ૨૫૦ ધનુષ્ય | ૩૦ લાખ પૂર્વ |
| ૭ | સુપાર્શ્વનાથ | ૧૭ પુત્ર | સાથીયો | ૨૦૦ ધનુષ્ય | ૨૦ લાખ પૂર્વ |
| ૮ | ચંદ્રપ્રભસ્વામિ | ૧૮ પુત્ર | ચંદ્ર | ૧૫૦ ધનુષ્ય | ૧૦ લાખ પૂર્વ |
| ૯ | સુવિધિનાથ | ૧૯ પુત્ર | મગર | ૧૦૦ ધનુષ્ય | ૨ લાખ પૂર્વ |
| ૧૦ | શીતલનાથ | ૧૨ પુત્ર | શ્રીવત્સ | ૯૦ ધનુષ્ય | ૧ લાખ પૂર્વ |
| ૧૧ | શ્રેયાંસનાથ | ૯૯ પુત્ર | ગેંડો | ૮૦ ધનુષ્ય | ૮૪ લાખ વર્ષ |
| ૧૨ | વાસુપૂજ્ય | ૨ પુત્ર | મહિષા | ૭૦ ધનુષ્ય | ૭૨ લાખ વર્ષ |
| ૧૩ | વિમલનાથ | – | વરાહ | ૬૦ ધનુષ્ય | ૬૦ લાખ વર્ષ |
| ૧૪ | અનંતનાથ | ૮૮ પુત્ર | સિંચાણો | ૫૦ ધનુષ્ય | ૩૦ લાખ વર્ષ |
| ૧૫ | ધર્મનાથ | ૧૯ પુત્ર | વ્રજ | ૪૫ ધનુષ્ય | ૧૦ લાખ વર્ષ |
| ૧૬ | શાંતિનાથ | દોઢ કરોડ પુત્ર | મૃગ | ૪૦ ધનુષ્ય | ૧ લાખ વર્ષ |
| ૧૭ | કુંથુનાથ | દોઢ કરોડ પુત્ર | બોકડો | ૩૫ ધનુષ્ય | ૯૫૦૦૦ વર્ષ |
| ૧૮ | અરનાથ | સવા કરોડ પુત્ર | નંદાવર્ત | ૩૦ ધનુષ્ય | ૮૪૦૦૦ વર્ષ |
| ૧૯ | મલ્લિનાથ | – | કુંભ | ૨૫ ધનુષ્ય | ૫૫૦૦૦ વર્ષ |
| ૨૦ | મુનિસુવ્રત | ૧૧ પુત્ર | કાચબો | ૨૦ ધનુષ્ય | ૩૦૦૦૦ વર્ષ |
| ૨૧ | નમિનાથ | – | નીલકમળ | ૧૫ ધનુષ્ય | ૧૦૦૦૦ વર્ષ |
| ૨૨ | નેમનાથ | – | શંખ | ૧૦ ધનુષ્ય | ૧૦૦૦ વર્ષ |
| ૨૩ | પાર્શ્વનાથ | – | સર્પ | ૯ હાથ | ૧૦૦ વર્ષ |
| ૨૪ | મહાવીરસ્વામી | ૧ પુત્રી | સિંહ | ૭ હાથ | ૭૨ વર્ષ |

● *શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ તીર્થંકર થયા. એ જ ભવમાં ચક્રવર્તી હતા ચક્રવર્તી રાજાને ૧ લાખ ૯૨ હજાર રાણીઓ હોય. કુલ – સવાચાર કરોડ અને ૪૦૭ પુત્ર અને ૩ પુત્રીની સંખ્યા થઇ. બધા જ સંયમ આદરીને મોક્ષ પામ્યા હતા.*

# વીસ વિહરમાન ભગવંતોનો સંક્ષિપ્ત પરિચય

| અનુ. | નામ | પિતા | માતા | દ્વીપ ક્ષેત્રનું નામ | લાંછન |
|---|---|---|---|---|---|
| ૧ | સીમંધરસ્વામિ | શ્રેયાંસરાજા | સત્યકી | જબુદ્વીપ પૂ.મ.વિ. | વૃષભ |
| ૨ | યુગમંદરસ્વામિ | સુદૃઢરાજા | સુતારા | જબુદ્વીપ પૂ.મ.વિ. | ગજરાજ |
| ૩ | બાહુસ્વામિ | સુગ્રિવરાજા | વિજયા | જબુદ્વીપ પૂ.મ.વિ. | હરણ |
| ૪ | સુબાહુસ્વામિ | નિષધરાજા | સૂનન્દા | જબુદ્વીપ પૂ.મ.વિ. | વાનર |
| ૫ | સુજાતસ્વામિ | દેવસેન | દેવસેના | ધાતકીખંડ પૂ.મ.વિ. | સૂરજ |
| ૬ | સ્વયંપ્રભસ્વામિ | મિત્રભુવન | સુમંગલા | ધાતકીખંડ પૂ.મ.વિ. | ચંદ્ર |
| ૭ | ઋષભાનનસ્વામિ | કિર્તીરાજા | વીરસેના | ધાતકીખંડ પૂ.મ.વિ. | સિંહ |
| ૮ | અનંતવીર્યસ્વામી | મેઘરાજા | મંગલા | ધાતકીખંડ પૂ.મ.વિ. | ગજરાજ |
| ૯ | સુરપ્રભસ્વામિ | વિજયસેન | વિજયા | ધાતકીખંડ પૂ.મ.વિ. | ચંદ્ર |
| ૧૦ | વિશાલપ્રભસ્વામિ | શ્રીનાથ | ભદ્રા | ધાતકીખંડ પૂ.મ.વિ. | સૂર્ય |
| ૧૧ | વજ્રધરસ્વામિ | પદ્મરથ | સરસ્વતી | ધાતકીખંડ પૂ.મ.વિ. | વૃષભશંખ |
| ૧૨ | ચંદ્રાનનસ્વામિ | વાલ્મીક | પદમા | ધાતકીખંડ પૂ.મ.વિ. | વૃષભ |
| ૧૩ | ચંદ્રબાહુસ્વામિ | દેવનંદ | રેણુકા | અર્ધપુષ્કરવરપૂ.મ.વિ. | પદમકમળ |
| ૧૪ | ભુજંગદેવસ્વામિ | મહાબલ | મહિમા | અર્ધપુષ્કરવરપૂ.મ.વિ. | પદમકમળ |
| ૧૫ | ઈશ્વરસ્વામિ | ગજસેન | યશોજ્જવલા | અર્ધપુષ્કરવરપૂ.મ.વિ. | ચંદ્ર |
| ૧૬ | નેમિપ્રભુસ્વામિ | વીરસેન | સેનાદેવી | અર્ધપુષ્કરવરપૂ.મ.વિ. | સૂર્ય |
| ૧૭ | વીરસેનસ્વામિ | ભૂમિપાલ | ભાનુ | અર્ધપુષ્કરવરપૂ.મ.વિ. | વૃષભ |
| ૧૮ | મહાભદ્રસ્વામિ | દેવરાજા | ઉમા | અર્ધપુષ્કરવરપૂ.મ.વિ. | ગજરાજ |
| ૧૯ | દેવસેનસ્વામિ | સર્વભૂતિ | ગંગા | અર્ધપુષ્કરવરપૂ.મ.વિ. | ચંદ્ર |
| ૨૦ | અજિતવીર્યસ્વામિ | રાજપાલ | કનિકા | અર્ધપુષ્કરવરપૂ.મ.વિ. | સ્વસ્તિક |

મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વામી આદી ૨૦ તીર્થંકર વિચરે છે.

દરેક તીર્થંકર ભગવાનની સાથે

૧૦ લાખ કેવળી સાધુ ભગવંત

૧૦ લાખ કેવળી સાધ્વી ભગવંત

૧૦૦ કરોડ સાધુભગવંત

૧૦૦ કરોડ સાધ્વી ભગવંત તેમજ

૯૦૦ કરોડ વ્રતધારી શ્રાવક

૯૦૦ કરોડ વ્રતધારી શ્રાવિકા સમુદાય છે.

તેમજ વગર વ્રતધારી શ્રાવક-શ્રાવિકાનો સમુદાય તો અસંખ્યાતા છે.

**અતીત ચોવીશી, વર્તમાન ચોવીશી, અનાગત ચોવીશી, વીસ વિહરમાન સર્વે ભગવંતોને કોટી કોટી વંદના .....**

# ૨૪) તીર્થ પરિચય
# પ્રાચીન મંદિરો અને મૂર્તિઓ
# માટેના કેટલાક શાસ્ત્રીય ઉલ્લેખો

૧) શ્રી આવશ્યક મૂળ પાઠમાં વગ્ગુર શ્રાવકે શ્રી મલ્લિનાથ સ્વામીનું મંદિર પુરિમાતલનગરીમાં બંધાવ્યાનો ઉલ્લેખ છે.

૨) ભરત ચક્રવર્તીએ શ્રી અષ્ટાપદ પર્વત ઉપર ચોવીશ તીર્થંકર પરમાત્મોઓની પ્રતિમાઓ તેમના વર્ણ, લંછન તથા શરીરના કદ પ્રમાણે સ્થાપના કર્યાનું શ્રી આવશ્યક મૂળ પાઠમાં કહ્યું છે.

૩) દક્ષીણમાં આવેલા હૈદ્રાબાદ શહેર પાસેના કુલપાક ગામમાં ભરત ચક્રવર્તી ના સમયમાં ભરાવેલી શ્રી ઋષભદેવ સ્વામીની મૂર્તિ છે. જે કાળવશે કરી દહેરાસર સહિત જમીનમાં દટાઇ ગયેલ, તે હાલ થોડા વખત પહેલાં પ્રગટ થયેલ છે લોકો આ પ્રતિમાજીને માણિક્યસ્વામીની પ્રતિમા પણ કહે છે અને તે દેવાધિષ્ઠિત છે.

૪) શ્રી શંખેશ્વર ગામમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મૂર્તિ ગઇ ચોવીશીમાં થઇ ગયેલા શ્રી દામોદર નામના ૯માં તીર્થંકર પરમાત્માના વખતમાં બનેલી દેવરતિ વિદ્યમાન છે. આ પ્રતિમા અનેક અબજો વર્ષો થી અધિક પ્રાચીન છે. અને દેવલોક તથા પાતાળલોકમાં પૂજાયા પછી બાવીશમાં તીર્થંકરદેવ શ્રી નેમિનાથ સ્વામીના સમયથી માનવલોકમાં પૂજાય છે.

૫) મુંબઇના અગાશી ગામમાં આવેલ શ્રી જિનમંદિરમાં બિરાજમાન શ્રી મુનિસુવ્રતસ્વામીની તેમના વખતની બનેલી છે.

૬) શ્રીપાળરાજા તથા ૭૦૦ કેદીઓનો કોઢ જે શ્રી ઋષભનાથ સ્વામીની મૂર્તિના પ્રક્ષાળ-જલથી દૂર થયો હતો. તે મૂર્તિ આજે પણ શ્રી ધૂલેવા ગામમાં શ્રી કેસરીયાનાથજી ના નામે ઓળખાય છે. તેમ જ પૂજાય છે. જેને લાખો વર્ષ થઇ ગયા.

૭) રાવણ રાજાના વખતમાં બનેલ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથજી ની મૂર્તિ, મહારાષ્ટ્રામાં આવેલા આકોલા પાસે શિરપુર ગામમાં છે.

૮) આ ચૌવીશીના શ્રી નેમિનાથ ભગવાનના શાસન પછી ૨૨૨૨ વર્ષે અષાઢી નામના શ્રાવકે ત્રણ પ્રતિમાઓ ભરાવી હતી. તેમાંની એક ખંભાતમાં શ્રી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુજીની છે. બીજી પાટણ શહેરમાં છે તથા ત્રીજી પાટણ પાસે ચારૂપ ગામમાં હાલ વિદ્યામાન છે તેના પર નીચે મુજબ લેખો છે.
આ લેખના હિસાબે તે ત્રણેય પ્રતિમાઓ ૫૮૬૭૪૪ વર્ષ લગભગ પ્રાચીન છે.

૯) રાજસ્થાનમાં આવેલા શ્રી નાંદિયા ગામમાં ભગવાન શ્રી મહાવીરસ્વામીજી વિધમાન હતા ત્યારે તેમની મૂર્તિ સ્થાપન થયેલી જેને જીવિતસ્વામી કહે છે તે આજે વિધમાન છે.

૧૦ સૌરાષ્ટ્રમાં આવેલ શ્રી મહુવા શહેરમાં પણ ભગવાન શ્રી મહાવીરસ્વામીજી વિચરતા હતા તે વખતની ભરાવેલી તેમની પ્રતિમા છે.

૧૧ જોધપુર પાસે ઓસિઆ ગામમાં શ્રી વીરનિર્વાણ પછી ૭૦ વર્ષે સ્થાપન કરેલ શ્રી મહાવીરસ્વામી પ્રભુજીની મૂર્તિ શ્રી રત્નપ્રભુસૂરિના હાથે પ્રતિષ્ઠિત થયેલી છે.

૧૨ ભરૂચમાં શ્રી મુનિસુવ્રતસ્વામીના વખતની તેઓશ્રીની મૂર્તિ હતી... જેને લાખો વર્ષ થઇ ગયા.

૧૩ કચ્છમાં શ્રી ભદ્રેશ્વર તીર્થનું જે ભવ્ય અને અતિ પ્રાચીન જિનાલય છે. તેના જીર્ણોધ્ધાર વખતે ખોદકામ થતાં જમીનમાંથી એક ત્રાંબાપત્ર મળ્યું છે. જેના પર પ્રાચીન સમયનો લેખ છે તેમાં લખ્યું છે કે તે દહેરુ વીરસંવત ૨૩માં બંધાવવામાં આવ્યું છે જેને આજ લગભગ અઢી હજાર વર્ષ થઇ ગયા.

૧૪ બીકાનેરમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીના મંદિરમાં ૨૪૦૦ કે તેથી વધારે વર્ષની સેંકડો પ્રતિમાઓ છે.

૧૫ સરકનીંગહામના પોતાના આર્કિઓલોજીકલ રીપોર્ટમાં મથુરામાં પ્રાપ્ત થયેલ કેટલીક મૂર્તિઓના લેખ પ્રગટ થયા છે. જેની નકલો શ્રી તત્ત્વ-નિર્ણય-પ્રાસાદ નામના ગ્રંથમાં છપાયેલી છે. તો ત્યાં જોઇ શકાય છે.

૧૬ સમ્રાટ સમ્પતિએ વીરસંવત ૨૯૦ પછી સવા લાખ મંદિર બંધાવ્યા, ૩૬ હજાર મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો, સવા કરોડ આરસની અને ૯૫ હજાર પીતળની મૂર્તિઓ ભરાવી તે પૈકી ઘણી પ્રતિમાઓ હાલમાં રાજસ્થાન, ગુજરાત આદિ રાજ્યોમાં વિધમાન છે.

આ ઉપરાંત નીચેના સ્થળોએ પણ અનેક પ્રાચીન પ્રતિમાઓ વિદયમાન છે.

૧૭ શ્રી ઘોઘામાં શ્રી નવખંડા પાર્શ્વનાથ

૧૮ ફલોધીમાં શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથ

૧૯ શ્રી ભોયણીમાં શ્રી મલ્લિનાથ ભગવાન

૨૦ શ્રી આબુના મંદિરમાં અનેક પ્રાચીન મૂર્તિઓ છે.

૨૧ શ્રી કુમારપાળ રાજાએ બંધાવેલ શ્રી તારંગા તીર્થમાં અજીતનાથસ્વામીની વિશાળકાય મૂર્તિ

૨૨ શ્રી વરકાણામાં શ્રી વરકાણા પાર્શ્વનાથ

૨૩ શ્રી સિદ્ધાચલ તીર્થ ઉપર સેંકડો મંદિરો અને હજારો પ્રતિમાઓ

૨૪ શ્રી ગિરનારજી ઉપરના મંદિરો તથા સેંકડો પ્રતિમાઓ

૨૫ શ્રી સમ્મેતશિખરજી ઉપરના અનેક જિનપ્રાસાદો

વળી બીજા પણ અનેક શ્રી જિનમંદિરો અને મૂર્તિઓ સ્થળે સ્થળે શ્રી જિનપૂજાની પ્રાચીનતા અને શાસ્ત્રીયતાનો સચોટ ખ્યાલ આપે છે જો મૂર્તિપૂજાનો નિષેધ હોત તો ઉપર પ્રમાણે જિનમંદિર આદિના નિર્માણ પાછળ કરોડો રૂપિયા કેમ ખર્ચાત ? કોણ ખર્ચત ? સૂત્રોમાં કોઇ જગ્યાએ પણ શ્રી જિનપૂજાનો નિષેધ નથી અને શ્રી જિનપૂજાની આજ્ઞા ઠેર ઠેર છે.

### શત્રુંજય અલબેલો છે

### કરી તીર્થનો ઉદ્ધાર, પાયા આતમનો ઉદ્ધાર

### ગિરિરાજ શ્રી શત્રુંજય ઉપર

- કુલ ૩૫૦૭ નાના-મોટા જિનાલયો છે
- કુલ ૨૭,૦૦૭ જિનબિંબો બિરાજે છે
- કુલ ૧૫૦૦ ચરણ પાદુકાની જોડ છે
- કુલ ૩૩૬૪ પગથિયા છે.
- ગિરિરાજની ઉચાઇ કુલ ૨૦૦૦ ફુટ છે.
- ગિરિરાજનો ઘેરાવો કુલ ૭॥ માઇલ છે
- ગિરિરાજનો યાત્રા માર્ગ કુલ ૨ માઇલ અને ૨ ફલાંગ છે

પ્રાયઃ એ ગિરિ શાશ્વતો....

શ્રી શત્રુંજયગિરિનું પ્રમાણ અવસર્પિણીના પહેલા આર ૮૦ યોજન, અવસર્પિણીના બીજા આરે ૭૦ યોજન, અવસર્પિણીના ત્રીજા આરે ૬૦ યોજન, અવસર્પિણીના ચોથા આરે ૫૦ યોજન, અવસર્પિણીના પાંચમા આરે ૧૨ યોજન, અવસર્પિણીના છઠ્ઠા આરે ૭ હાથ, ઉત્સર્પિણીમાં ધીરે ધીરે પ્રમાણ વધે છે.

### શ્રી શત્રુંજયના સોળ ઉદ્ધાર -

૧. ભરત ચક્રવર્તી, ૨. દંડવીર્ય રાજા, ૩. બીજા દેવલોકના ઇન્દ્ર ઇશાનેન્દ્ર
૪. ચોથા દેવલોકના ઇન્દ્ર માહેન્દ્ર,૫. પાંચમાં દેવલોકના બ્રહ્મેન્દ્ર
૬. ભવનપતિના ઇન્દ્ર ચરમેન્દ્ર, ૭. સગર ચક્રવર્તી, ૮. વ્યંતરેન્દ્ર, ૯. ચંદ્રયસા રાજા, ૧૦. ચક્રયુધ રાજા,૧૧. શ્રી રામચંદ્રજી, ૧૨. પાંચ પાંડવ, ૧૩. જાવડશા, ૧૪. બાહડ મંત્રી, ૧૫. સમરાસા ઓશાવાલ, ૧૬. કરમશા, ૧૭. મો ઉદ્ધાર શ્રી દુપ્પસહસૂરિના ઉપદેશથી

## સિદ્ધાચલ સિદ્ધિ વર્યા

## ગૃહીમુનિ લિંગે અનંત

### કોની મુક્તિ ? કેટલાની સાથે ? કયે દિવસે ?

શ્રી પુંડરિક ગણધર ૫ ક્રોડ ચૈત્રી પૂનમ દ્રવિડ અને વારિખિલ્લજી ૧૦ ક્રોડ કાર્તિકી પૂનમ, શાંબ અને પ્રદ્યુમ્ન ૮॥ ક્રોડ ફાગણ સુદ ૧૩,

પાંચ પાંડવ ૨૦ ક્રોડ આસો સુદ – ૧૫

નમિ અને વિનમિ ૨ ક્રોડ ફાગણ સુદ – ૧૦

નારદજી ૯૧ લાખ, ભરત ૧ હજાર, વસુદેવની પત્ની ૩૫ હજાર, ભરત મુનિ ૫ ક્રોડ, ચૈત્ર પૂનમે અજિતનાથ પ્રભુના ૧૦ હજાર સાધુઓ, વૈદર્ભી ૪૪૦૦, બાહુબલીના પુત્રો ૧૦૦૮, થાવચ્ચા પુત્ર ૧ હજાર થાવચ્ચા ગણધર ૧૦૦૦, કદમ્બ ગણધર ૧ કરોડ, સેલકાચાર્ય ૫૦૦, રામ અને ભરત ૩ ક્રોડ, સોમયશા ૧૩ ક્રોડ, સાગરમુનિ ૧ ક્રોડ, અજિતસેન ૧૭ ક્રોડ, શ્રી સાર મુનિ ૧ ક્રોડ, આદિત્યયશા ૧ લાખ, દમિતારિ ૧૪ હજાર, શુક પરિવ્રાજક ૧ હજાર, કાલિક ૧ હજાર, સુભદ્ર મુનિ ૭૦૦.

તદ્દુપરાંત – ભરતચક્રીની પાટે અસંખ્ય રાજાઓ, શ્રી શાંતિનાથ પ્રભુના ચોમાસામાં ૧,૫૨,૫૫,૭૭૭ સાધુઓ, શ્રી શાંતિનાથ પ્રભુના પરિવારના ૧૦ હજાર સાધુઓ, ભરતના પુત્ર બ્રહ્મર્ષિ, શાંતનું રાજા ૪ પુત્ર સાથે ચંદ્રશેખર રાજા, ઋષભસેન જિન, દેવકીના છ પુત્રો, વસુદેવના પુત્ર જાલિ-મયાલિ-ઉરયાલિ, સુવ્રત શેઠ, મંડક મુનિ, આનંદ ઋષી, સાતનારદ.... વગેરે અનંતા આત્માઓ સિદ્ધાચલથી સીધા સિધ્ધશિલા પર પહોંચ્યા હતા.

### તીરથની આશાતના નવિ કરીએ...

પાપીઓને પણ પાવન કરવાની, મારાઓને પણ મુક્તિ અપવવાની, લૂંટારાઓને પણ લોકાગ્રે પહોંચાડવાની ગિરિરાજ જવાબદારી લે છે. પણ આ પરમપવિત્ર ગિરિરાજની આશાતનાનું પાપ જે કરે તેનો ઉદ્ધાર કરવા કોણ તૈયાર થશે ? ઘોર નરકાવાસો સિવાય તેવા પાપીઓને આશ્રય કોણ આપશે ? સાંભળ્યું છે ને ?તો પછી ગિરિરાજની આશાતનાથી બચવા આટલો સંકલ્પ કરી જ લ્યો. ગિરિરાજની છત્રછાયામાં સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરીશ. ગિરિરાજની છત્રછાયામાં રાત્રિભોજન ક્યારેય નહિ કરું.

ગિરિરાજની છત્રછાયામાં કંદમૂળ, આઈસ્ક્રીમ આદિ કોઈ અભક્ષ્યનું ભક્ષણ કે ઠંડા પીણા આદિ કોઈ પણ અપેયનું પાન હું નહીં કરૂં. પગરખાં પહેરીને ગિરિરાજ નહિ ચડું. ગિરિરાજ ઉપર લઘુનીતિની શંકા ન થાય તે રીતે જ યાત્રાનું આયોજન કરીશ. ઉપર બાથરૂમમાં પણ લઘુનીતિ ન થાય તેની કાળજી રાખીશ. હિંસા, ચોરી, જૂઠ, પરસ્ત્રીદર્શન, જુગાર પાનાગજીફા, પર નિંદા, કલેસ-કંકાશ આદિ પાપોથી ગિરિરાજને અભડાવીશ નહિ.

ગિરિરાજ પર પીપરમીંટ, ચોકલેટ, દહીં, નાસ્તો આદિ કોઈ પણ ચીજ ખાઈશ નહિં.

# શા. ખેમચંદજી ગુમાલમલજી ચૌહાન પરિવાર

## ગુજરાત





ગુજરાત
भोरोल
थराद
बाडमेर राजस्थान की ओर
ढीमा
वाव
डीसा
देलवाडा
आबुरोड
शिरोही रोड फालना राणकपुर की ओर
अंबाजी
पोसीना
मामर
भीलडीयाजी
पालनपुर
कुंभारियाजी
इडर
दांता
खेडब्रह्मा
मेत्राणा
तारंगा
वडाली
पाटण
सिध्धपुर पाटण
खेरालु
इडर
राधनपुर
कच्छ की ओर
चाणस्मा
ऊंझा
वालम
वडनगर
विसनगर
आगलोड
सभी
हारिज
कंबोई
महेसाणा
विजापुर
हिंमतनगर
शामळाजी केशरीयाजी की ओर
शंखेश्वर
महुडी
प्रांतिज
पंचासर
मांडल
दसाडा
पुरुषी
विरमगाम
सांणद
सरखेज
अमदावाद
पाटडी
नयरंग पुरा
उपरीयाळाजी
पालीताणा की ओर
वडोदरा की ओर



अमदावाद की ओर
धोळका (कलीकुंड)
शियाणी
लींबडी
चोटीला
राजकोट
जामनगर
लालपुर
कालावाड
धोराजी
निकोवा
गोंडल
जेतपुर
आटकोट
बावरा
वायड
जूनागढ
गिरनार
वंथली
के शोद
वेरावल
चंद्रप्रभास पाटण
सोमनाथ
कोडीनार
उना
देलवाडी
अजाहरा
महुवा
दांठा
कदमगीरी
तळाजा
हस्तगीरी
पालीताणा
श्री शेत्रुंजय
कीर्तीधाम
सणोसरा
सोनगढ
शिहोर
भावनगर
घोघा
वल्लभीपुर
वाया तारापुर बडोदरा की ओर

# ગુજરાત - કચ્છ



# રાજસ્થાન



अमरसागर
जेसलमेर
देवीकोट
पोकरण
रणु (रामदेवपीर)
फलोदी
बीकानेर की ओर
जयपुर की ओर
नागोर
मेडता रोड
ओसीयां
जोधपुर
कापरडाजी
पाली
बारमेर
नाकोडाजी
बालोत्रा
जेसोल
जालोर
उमेदपुर
सांडेराव
वरकाणा
नाडोल
नाडलाइ
अजमेर की ओर
आहोर
कोरटा
ऐरणपुरा
शीवगंज
राणकपुर
मुछाला महावीर
राजनगर
राजसमंद
कांकरोली
देवकुलपाटक
एकलींगजी
हलदीघाटी
दीपुर
हम्थुली
भीनमाल
कोलरगढ
सीरोही
नाणा
बेडा
जुना देलवाडा
नागहद
गोगुन्दा
चितोडगढ
चित्रकुट
निंबाहेडा
लोटाणा
पीन्डवाडा
सीरोही रोड
उदेपुर
जयसमंद
सांचोर
दीयाणा
केसरीयाजी
धुलेवा-ऋषभदेव
वीरवाडा
देलवाडा
आबु
आबुरोड
डुंगरपुर
मंदसौर
जावरा
रतलाम
बांसवाडा
इंदोर
जीरावाला पार्श्वनाथ
पालनपुर
अंबाजी
शामलाजी
धनेरा की ओर
मंडार
थराद, राधनपुर से कच्छ की ओर
हिंमतनगर से महेसाणा-अमदावाद
मोडासा से नडीयाद-वडोदरा

# મધ્ય પ્રદેશ



दिल्ली की ओर
ग्वालियर
सोनागिरि
शिवपुरी
झांसी
पपौरा
टीकमगढ़
अहार
छतरपुर
खजुराहो
पन्ना
सतना
चंदेरी
ललितपुर
थूबौन
द्रोणगिरि
हीरापुर
बीना
रेशन्दीगिरि
सागर
दामोह
कुंडलपुर
जबलपुर
नरसीहपुर
होशंगाबाद
भोपाल
विदीशा
सांची
बूंदी
कोटा
झालावार
राजगढ़
ब्यावरा
मक्षी
चितोडगढ़
नीमुच
मन्दसौर
पारासली
रतलाम
बदनावर
जांबुवा
राजगढ़
धार
देवास
इंदौर
मऊ
सिद्धवरकूट
ओंकारेश्वर
खंडवा
खरगोन
जुलवानीया
उन्हेल
मंडलेश्वर
बडवानी



बड़ोदारा की ओर
भरूच
अंकलेश्वर
सुरत
नवसारी
वलसाड
अगासी
वसई
मुर्गी
बावनगजाजी
जुलवानीया
खरगोन
खंडवा
व्यारा
मांगी-तुंगी
ताहराबाद
मालेगांव
गजपंथा
त्रंबक
नासीक
देवलाली
वजेश्वरी
थाणा
माथेरान
पनवेल
लोनावला
धुलै
जलगांव
अजन्टा
इलोरा
औरंगाबाद
दौलताबाद
शीरडी
अहमदनगर
अमरावती
तलेगांव
आकोला
अमदापुर
यवतमाल
वर्धा
मालेगांव अंतरीक्ष पार्श्वनाथ
शीरपुर
वाशीम
परभणी
जबलपुर की ओर
रामटेक
भंडारा
नागपुर
रायपुर की ओर
भद्रावती
चंद्रपुर
नीजामाबाद
बोधन
दहीगांव
सतारा
पंढरपुर
सोलापुर
कुंभोजगीरी
सांगली
मीरज
बाहुबली
कोल्हापुर
बीजापुर
महाबलेश्वर
रत्नागीरी
आम्बोली
बेलगाम
गोवा की ओर
बेंगलोर की ओर
चित्रदुर्गा वा बेंगलोर की ओर
गुलबर्गा
हैदराबाद
विजयवाडा की ओर
१३०
१०१
१३५
११०
१८०
५०
१००
६७
७७
७१
६२
११४
११८
२७०
२४२
३०३
२०१
१२५
४१


महाराष्ट्र

# आन्ध्रप्रदेश, कर्णाटक, तामिलनाडु :




मुजफ्फरपुर
वैशालि
हाजीपुर
छापरा
मानेर
अरा
पटना
बख्तीयारपुर
बीहारशेरीफ
कुंडलपुर
राजगृही
जहानाबाद
पावापुरी
नवादा
सीकंदरा
काकंदी
क्षत्रीयकुंड
कीयुल
जमुइ
खडगपुर
मुंगेर
भागलपुर
चंपापुरी
पीरपेइन्टी
पुरना
बांका
गोडा
देवगढ
जसीदीह
चीकाइ
जमुया
गीरडी
मधुपुर
दुमका
जीयागंज की ओर
सुरी
कलकत्ता की ओर
पतेर
असानामोह
चितरंजन
जामताडा
मैठनडेम
बाराकर
सीतारामपुर
मधुबन
श्री समेतशीखर
डुमरी
बगोदर
नीमीयाघाट
धनबाद
दुंडी
शेरघाटी
डोभी
बोधगया
बुद्धगया
हीसुआ
कोडरमा
बारही
चौपरन
हजारीबाग
रामगढ
रांची
चांडिल
जमशेदपुर
टाटानगर
आसनसोल
पुरुलीया
मध्यप्रदेश-ओरिस्सा की ओर
बीकमगंज
दील्ली की ओर
कलकत्ता की ओर नेशनल हाइवे नं.२

બિહાર

# ઉત્તરપ્રદેશ


पारसनाथ का किल्ला
हस्तिनापुर
मेरठ
बडागांव
दील्ही
मोरादाबाद
बरेली
अहिछत्र
अलीगढ
मथुरा
आग्रा
कम्पिलाजी
फतेहगढ
बाहुराइक
श्रावस्ति
रत्नपुरी
लखनो
फेझीआबाद
अयोध्या
गोरखपुर
शौरीपुर
इटावा
कानपुर
भीमनीपुर
ग्वालियर
सोनगिरि
दांतीया
झांसी
शिवपुरी
मुंबइ वाया इन्दोर
ललितपुर
देवगढ
नरसींहपुर
बहुत प्राचिन जैन तीर्थस्थानो
अल्हाबाद
सिंहपुरी
चन्द्रपुरी
गाझीपुर
वाराणसी
पुरिमताल
कौशाम्बि
पभोशा
कलकता
१४६
२०
५६
१५०
८१
६१
५४
१२१
१११
११४
९४
१२
१०३
९५
१३५
७९
६६
१५६
१५३
८०
६१
१८७
१२५
१२८
१४५
२५४
९२
३०

# બંગાળ




**ઓરીસા**

શ્રી ખંડગીરી-ઉદયગીરી તીર્થ
ભુવનેશ્વરથી ૬ કિ.મી

**હિમાચલ પ્રદેશ**

શ્રી કાંગડા તીર્થ (કાંગડા ગામ)
રાવી અને સતલજ નદી વચ્ચે

# भारतभरके जैन तीर्थो के STD कोड के साथ नये फोन नंबर

## महाराष्ट्र राज्य के जैन तीर्थ

| | | |
|---|---|---|
| श्री कोंकण शत्रुंजय तीर्थ | श्री मुनीसुव्रतस्वामी भगवान | 022-25472389 |
| श्री अगासी तीर्थ | श्री मुनीसुव्रतस्वामी भगवान | 0252-2587183 |
| श्री पियुषपाणी तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 0251-28457415, 28454811 |
| श्री भुवनभानु मंदिरम तीर्थ | श्री आदिनाथ भगवान | 02527-272398, 270371 |
| श्री शंखेश्वर धाम तीर्थ | श्री शंखेश्वर पार्श्वनाथ भगवान | 0250-2210277, 2210447 |
| श्री तलासरी जैन विहारधाम तीर्थ | श्री मल्लीनाथ भगवान | 02521-220383 |
| श्री सुयश शांती धामतीर्थ | श्री सिमंधर स्वामी भगवान | 02528-222616 |
| श्री कोसबाड जैन तीर्थ | श्री मल्लीनाथ भगवान | 02528-241004 |
| श्री पार्श्वपदमालय तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 02114-224177 |
| श्री शत्रुंजय भक्तामर तीर्थ | श्री आदिनाथ भगवान | |
| श्री कात्रज तीर्थ | श्री महावीर स्वामी भगवान | 0212-24370944 |
| श्री बलसाणा तीर्थ | श्री विमलनाथ भगवान | 02568-278214,02562-238091 |
| श्री नेर तीर्थ | श्री मनोवांछीत पार्श्वनाथ भगवान | |
| श्री धुलिया तीर्थ | श्री शांतिनाथ भगवान | 02561-238091, 230280 |
| श्री शीरडी तीर्थ | श्री आदिनाथ भगवान | |
| श्री अमलनेर तीर्थ | श्री गिरूआ पार्श्वनाथ भगवान | |
| श्री धर्मचक्रप्रभाव तीर्थ | श्री मंत्राधिराज पार्श्वनाथ महाराज | 0253-2336041, 2336176 |
| श्री भद्रावती तीर्थ | श्री केसरीयाजी पार्श्वनाथ भगवान | 07175-266030 |
| श्री कुंभोजगीरी तीर्थ | श्री जगवल्लभ पार्श्वनाथ भगवान | 0230-2584456 |
| श्री पार्श्वप्रज्ञालय तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 02114-224177, 228044 |
| श्री अंतरीक्ष तीर्थ | श्री अंतरिक्ष पार्श्वनाथ भगवान | 07254-234005 |
| श्री आकोलाजी तीर्थ | श्री आदिनाथ भगवान | 0724-2433059 |
| श्री कराड तीर्थ | श्री संभवनाथ भगवान | 02164-223348 |
| श्री तालनपुर तीर्थ | श्री आदिनाथ भगवान | 07297-233306 |
| श्री मांडवगढ तीर्थ | श्री सुपार्श्वनाथ भगवान | 07292-263229 |

## राजस्थान राज्य के जैन तीर्थ

| | | |
|---|---|---|
| श्री आबु देलवाडा तीर्थ | श्री आदिनाथ भगवान | 02974-238424,237324 |
| श्री अचलगढ तीर्थ | श्री आदिनाथ भगवान | 02974-224122 |
| श्री पावापुरी तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02972-286866 |
| श्री रावला तीर्थ | श्री रावला पार्श्वनाथ भगवान | 02975-224438 |
| श्री दांतराई तीर्थ | श्री मुनिसुव्रत स्वामी भगवान | |
| श्री मंडार तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02975-236131 |

| | | |
|---|---|---|
| श्री मेरुतारकधाम तीर्थ | श्री सहस्त्रफणा पार्श्वनाथ भगवान | 02975-244165,244183 |
| श्री निंबज तीर्थ | श्री मुनिसुव्रत स्वामी भगवान | 02975-227721 |
| श्री वरमाण तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02975-264032 |
| श्री वीरवाडा तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02971-237138 |
| श्री बामणवाडाजी तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02971-2372370 |
| श्री नांदिया तीर्थ | श्री जीवित महावीर स्वामी भगवान | 02971-233416 |
| श्री लोटाणा तीर्थ | श्री आदिनाथ भगवान | 02971-220115 |
| श्री पिंडवाडा तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02971-220028 |
| श्री अरी तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02971-220028 |
| श्री ओर तीर्थ | श्री आदिनाथ भगवान | |
| श्री मुंडस्थळ तीर्थ | श्री महावीर स्वामी भगवान | |
| श्री मीरपुर तीर्थ | श्री भीडभंजन पार्श्वनाथ भगवान | 02972-286737 |
| श्री दियाणा तीर्थ | श्री जीवीत महावीर स्वामी भगवान | 02971-242574 |
| श्री झाडोली तीर्थ | श्री आदिनाथ भगवान | 02971-220170 |
| श्री शिरोही तीर्थ | श्री आदिनाथ भगवान | 02972-230631 |
| श्री लुणावा तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 02938-252228 |
| श्री रातामहावीर तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02933-240539 |
| श्री राणकपुर तीर्थ | श्री आदिनाथ भगवान | 02934-285019,285021 |
| श्री सादडी तीर्थ | श्री आदिनाथ भगवान | 02934-285017 |
| श्री नाडलाडू तीर्थ | श्री नेमीनाथ भगवान | 02934-282424 |
| श्री मुछाळा महावीर तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02934-284056 |
| श्री घाणेराव तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 02934-284022 |
| श्री वरकाणा तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 02934-222257 |
| श्री नाडोल तीर्थ | श्री पद्मप्रभ स्वामी भगवान | 02934-240044 |
| श्री खुडाला तीर्थ | श्री धर्मनाथ भगवान | 02938-233300,233109 |
| श्री सांडेराव तीर्थ | श्री शांतिनाथ भगवान | 02937-244156 |
| श्री खीमेल तीर्थ | श्री शांतिनाथ भगवान | 02934-222052 |
| श्री जालोर तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02973-233886,232386 |
| श्री मांडवला तीर्थ | श्री शांतिनाथ भगवान | 02973-256107,256284 |
| श्री सेवाडी तीर्थ | श्री शांतिनाथ भगवान | 02938-248122 |
| श्री आहोर तीर्थ | श्री गोडी पार्श्वनाथ भगवान | 02978-220409,222411 |
| श्री सांचोर तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02979-222028 |
| श्री भीनमाल तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 02969-221190 |
| श्री नाकोडाजी तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 02988-240762,240005 |
| श्री जेसलमेर तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 02992-252404 |
| श्री बाडमेर तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 02982-221872,220413 |
| श्री बमसर तीर्थ | श्री जगवल्लभ पार्श्वनाथ भगवान | 02992-252404 |

| | | |
|---|---|---|
| श्री अमरसागर तीर्थ | श्री आदिनाथ भगवान | 02992-252405 |
| श्री लोद्रवा तीर्थ | श्री सहस्त्रफणा चिंतामणी पार्श्वनाथ भगवान | 02992-250165 |
| श्री पोकरण तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 02992-252404 |
| श्री जोधपुर तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 02931-2730086,2430386 |
| श्री ओशियाजी तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02992-274232 |
| श्री गंगाणी तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 02926-228104 |
| श्री कापरडाजी तीर्थ | श्री स्वयंभू पार्श्वनाथ भगवान | 02930-263909, 263947 |
| श्री फलौधी तीर्थ | श्री गोडीजी पार्श्वनाथ भगवान | 02925-223334 |
| श्री उमेदपुर तीर्थ | श्री भिडभंजन पार्श्वनाथ भगवान | 02978-230230 |
| श्री बीकानेर तीर्थ | श्री चिंतामणी आदिश्वर भगवान | |
| श्री नाणा तीर्थ | श्री जीवीत महावीर स्वामी भगवान | 02993-245499 |
| श्री डुंगरपुर तीर्थ | श्री आदिनाथ भगवान | 02964-233186,233259 |
| श्री उदयपुर तीर्थ | श्री पद्मनाभ स्वामी भगवान | 0294-2420462 |
| श्री आयड तीर्थ | श्री आदिनाथ भगवान | 0294-2421637 |
| श्री देलवाडा-उदयपुर तीर्थ | श्री आदिनाथ नेमनाथ भगवान | 0294-2289340,2420462 |
| श्री पाली तीर्थ | श्री नवलखा पार्श्वनाथ भगवान | 02932-221929,221747 |
| श्री चितोडगढ तीर्थ | श्री आदिनाथ भगवान | 01472-241971,242162 |
| श्री नागहद तीर्थ | श्री शांतिनाथ भगवान | 0294-2772281 |
| श्री करेडा तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 01476-284233 |
| श्री राजनगर-कांकरोली तीर्थ | श्री आदिनाथ भगवान | 02952-220149,220846 |
| श्री नागौर तीर्थ | श्री आदिनाथ भगवान | 01582-241318, 242281 |
| श्री मेडता तीर्थ | श्री फलवृद्धि पार्श्वनाथ भगवान | 01591-252426,276226 |
| श्री केशरीयाजी तीर्थ | श्री आदिनाथ भगवान | 02907-230023,230025 |
| श्री नागेश्वरजी तीर्थ | श्री नागेश्वर पार्श्वनाथ भगवान | 07410-240711,240715 |

## मध्यप्रदेश राज्य के जैन तीर्थ

| | | |
|---|---|---|
| श्री मोहनखेडा तीर्थ | श्री आदिनाथ भगवान | 07296-232225, 234369 |
| श्री भोंपावर तीर्थ | श्री शांतिनाथ भगवान | 07296-266861,266830 |
| श्री अमीझरा तीर्थ | श्री अमीझरा पार्श्वनाथ भगवान | 07292-261444,232401 |
| श्री बदनावर तीर्थ | श्री आदिनाथ भगवान | 07295-233814, 233736 |
| श्री राजगढ तीर्थ | श्री शितलनाथ भगवान | 07296-233145,235148 |
| श्री बीम्बदोड तीर्थ | श्री आदिनाथ भगवान | 07412-236277, 222400 |
| श्री सेमालीया तीर्थ | श्री शांतिनाथ भगवान | 07412-281210 |
| रतलाम शहेर | श्री अतनाथ भगवान | 07412-230828,07412-232355 |
| श्री करमदी तीर्थ | श्री आदिनाथ भगवान | 07412-283379 |
| श्री सागोदीया तीर्थ | श्री ऋषभदेव भगवान | 07412-239007 |
| श्री अलोकीक पार्श्वनाथ तीर्थ | श्री अलौकीक पार्श्वनाथ भगवान | 0734-2610205,2610246 |
| श्री उन्हेल तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 07366-220258,220237 |

| | | |
|---|---|---|
| श्री उज्जैन तीर्थ | श्री अवंति पार्श्वनाथ भगवान | 0734-555553 |
| श्री परासली तीर्थ | श्री आदिनाथ भगवान | 07425-232855 |
| इंदोर शहेर | श्री आदिनाथ भगवान | 0731-2542253 |
| श्री लक्ष्मणी तीर्थ | श्री पद्मप्रभ स्वामी भगवान | 07384-2338874,233545 |
| श्री अलीराजपुर तीर्थ | श्री आदिनाथ भगवान | 07394-233261 |
| श्री धारानगरी तीर्थ | श्री आदिनाथ भगवान | 07292-232245,232563 |
| श्री वही तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 07424-241430 |
| श्री कुर्कुटेश्वर तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 07421-231421,231343 |
| श्री इंगलपथ तीर्थ | श्री नेमनाथ भगवान | 07414-264234,264320 |
| श्री मक्षी तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 07363-232037 |
| श्री देवास तीर्थ | श्री शंखेश्वर पार्श्वनाथ भगवान | 07272-252677 |
| श्री उवसग्गहर तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 0788-2710102 |
| श्री भलवाडा तीर्थ | श्री भलवाडा पार्श्वनाथ भगवान | 02427-236317,236251 |
| नवी दिल्ली (इन्द्रप्रस्थ तीर्थ) | श्री सुमतीनाथ भगवान | 011-23270489 |
| नवी दिल्ली (विजयवल्लभ स्मारक) | श्री वासुपुज्य स्वामी भगवान | 011-27202225 |

## पंजाब राज्य के जैन तीर्थ

| | | |
|---|---|---|
| श्री अमृतसर तीर्थ | श्री अमरनाथ भगवान | |
| श्री लुधियाना तीर्थ | श्री कलिकुंड पार्श्वनाथ भगवान | |
| श्री जलंधर तीर्थ | श्री गोडी पार्श्वनाथ भगवान | 0181-2405674 |
| श्री होंशियार पुर तीर्थ | श्री वासुपुज्य स्वामी भगवान | 01882-223325 |
| श्री सरहिन्द तीर्थ | श्री आदिनाथ भगवान | 01763-232246 |
| श्री कांगडाजी तीर्थ | श्री आदिनाथ भगवान | 01892-265187 |

## बिहार राज्य के जैन तीर्थ

| | | |
|---|---|---|
| श्री राजगृही तीर्थ | श्री मुनीसुव्रत स्वामी भगवान | 06112-255220 |
| श्री कुंजलपुर तीर्थ | श्री ऋषभदेव भगवान | 0612-281624 |
| श्री क्षत्रियकुंड तीर्थ | श्री महावीर स्वामी भगवान | 06345-222361 |
| श्री पाटलीपुत्र तीर्थ | श्री विमलनाथ भगवान | 0612-645777 |
| श्री गुणीयाजी तीर्थ | श्री महावीर स्वामी भगवान | 06324-224045 |
| श्री काकंदी तीर्थ | श्री सुविधिनाथ भगवान | |
| श्री चंपापुरी तीर्थ | श्री वासुपुज्य स्वामी भगवान | 0641-2500205 |
| श्री ऋजुबालुका तीर्थ | श्री महावीर स्वामी भगवान | 06736-224351 |
| श्री समेतशीखरजी तीर्थ | श्री शामळीया पार्श्वनाथ भगवान | 06532-232226,232260 |
| श्री पावापुरी तीर्थ | श्री महावीर स्वामी भगवान | 06112-274736 |

## पश्चिम बंगाल राज्य के जैन तीर्थ

| | | |
|---|---|---|
| श्री कलकत्ता तीर्थ | श्री शितलनाथ भगवान | 033-25554187 |
| श्री जीयागंज तीर्थ | श्री संभवनाथ भगवान | 03483-255715 |
| श्री अजीमगंज तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 03483-253312 |

| | | |
|---|---|---|
| श्री कठगोला तीर्थ | श्री आदिनाथ भगवान | 03483-255715 |

## कर्नाटक राज्य के जैन तीर्थ

| | | |
|---|---|---|
| श्री बेंग्लोर (चीकपेट) तीर्थ | श्री आदिनाथ भगवान | 080-28373678 |
| श्री बेंग्लोर (गांधीनगर) तीर्थ | श्री शंखेश्वर पार्श्वनाथ भगवान | 080-2200036 |
| श्री मैसुर तीर्थ | श्री सुमतीनाथ भगवान | 0821-2431242 |
| श्री सिध्धाचल तीर्थ | श्री आदिनाथ भगवान | 08119-282886 |
| श्री देवहल्ली तीर्थ | श्री अवन्ती पार्श्वनाथ भगवान | 08119-282336 |

## तामीलनाडु राज्य के जैन तीर्थ

| | | |
|---|---|---|
| श्री चेन्नाई तीर्थ | श्री चन्द्रप्रभस्वामी भगवान | 044-2582328 |
| श्री पुडल तीर्थ | श्री आदिनाथ भगवान | 044-6418577,6418292 |
| श्री कलिकुंड तीर्थ (केरळ) | श्री कलिकुंड पार्श्वनाथ भगवान | 0495-704293 |

## आंध्रप्रदेश राज्य के जैन तीर्थ

| | | |
|---|---|---|
| श्री कुलपाकजी तीर्थ | श्री आदिनाथ भगवान | 08685-2281696 |
| श्री ह्रींकार तीर्थ | श्री कल्पतरु चिंतामणी पार्श्वनाथ भगवान | 0863-2293213 |
| श्री पेदमीरम तीर्थ | श्री विमलनाथ भगवान | 08816-223632 |
| श्री गुडीवाडा तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 08674-244291,244266 |
| श्री अमरावती तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 0863-2214834 |
| श्री काकटुर तीर्थ | श्री मयुरस्वामी भगवान | 0861-238341 |
| श्री गुम्मिलेर तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 0885-234037 |

## उत्तरप्रदेश राज्य के जैन तीर्थ

| | | |
|---|---|---|
| श्री हस्तिनापुर तीर्थ | श्री शांतिनाथ भगवान | 01233-280140 |
| श्री कम्पिलाजी तीर्थ | श्री विमलनाथ भगवान | 05690-271289 |
| श्री श्रावस्ति तीर्थ | श्री संभवनाथ भगवान | 05252-265215 |
| श्री आग्रा तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 0562-254559 |
| श्री सौरीपुर तीर्थ | श्री नेमीनाथ भगवान | 05614-234717 |
| श्री हरिद्वार तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 0133-2425263 |
| श्री अहिरछत्रा तीर्थ | श्री पार्श्वनाथ भगवान | |
| श्री रत्नपुरी तीर्थ | श्री धर्मनाथ भगवान | |
| श्री कौसम्बि तीर्थ | श्री पद्मप्रभस्वामी भगवान | |
| श्री अयोध्या तीर्थ | श्री अजीतनाथ भगवान | 05278-232113 |
| श्री परिमताल तीर्थ | श्री आदिनाथ भगवान | 0532-2400263 |
| श्री भेलुपुर तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 00542-275407,221010 |
| श्री भदैनी तीर्थ | श्री सुपार्श्वनाथ भगवान | 0542-275407 |
| श्री सिंहपुरी तीर्थ | श्री श्रेयांसनाथ भगवान | 0542-2585017 |
| श्री चंद्रपुरी तीर्थ | श्री चंद्रप्रभस्वामी भगवान | 0542-2615316 |

**श्री शंखेश्वर तीर्थधामकी जैनधर्मशालाओंके फोन नंबर-एस.टी.डी कोड (02733)**

जीवनदास गोडीदासकी पेढी 273114, 273324 नवकार धर्मशाल 273357

| | | | |
|---|---|---|---|
| श्री जैन भोजनशाला | 273331 | यात्रिक भवन धर्मशाला | 273344 |
| 108 भक्तिविहार | 273325 | पद्मावती मंदिर | 273299 |
| के. पी. ट्रस्ट धर्मशाला | 273201 | राधनपुरवाली धर्मशाला | 273315 |
| कच्छी भुवन | 273363,273515 | राजेन्द्रसुरी (दादावाडी) | 273426 |
| आगम मंदिर | 273323,273335 | जीवनकुशल (दादावाडी) | 273505 |
| हालारी धर्मशाळा | 273310 | पुरबाइ बागडवाली धर्मशाला | 273391,273844 |
| समरी विहार | 273329 | पार्श्वचन्द्रसुरी दादावाडी | 273395 |
| पालनपुरवाली धर्मशाला | 273342 | | |

## गुजरात के जैन तीर्थों की जिल्ला मुताबीक फोन नंबर की माहिती

| तीर्थ | मूळनायक प्रभु | फोन नं. |
|---|---|---|
| श्री शंखेश्वर तीर्थ (अणस्तु) | श्री शंखेश्वर पार्श्वनाथ भगवान | 02666-232225,234049 |
| श्री सुमेए नवकार तीर्थ | श्री वासुपुज्य स्वामी | 02666-231010 |
| श्री वरणामा तीर्थ | श्री निलकमल पार्श्वनाथ भगवान | 0265-2830951 |
| श्री वणछरा तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 02662-242511 |
| श्री वडोदरा | श्री अचलगच्छ जैन भवन | 0265-2432858, 2423709 |
| श्री ओमकार तीर्थ | श्री आदिनाथ भगवान | 0265-2242799 |
| श्री डभोई तीर्थ | श्री लोढणपार्श्वनाथ भगवान | 02663-258150 |
| श्री बोडेली तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02665-222067 |
| श्री भायली तीर्थ | श्री धर्ममंगल पार्श्वनाथ भगवान | 0265-2680034,2487787 |

## पंचमहाल जिल्ला

| | | |
|---|---|---|
| श्री पावागढ तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 02676-245606 |
| श्री पारोली तीर्थ | श्री नेमीनाथ भगवान | 02676-234539,234510 |
| श्री नवग्रह आराधना तीर्थ (गोधरा) | श्री वासुपुज्य स्वामी भगवान | 02672-244563, 265035 |

## भरुच जिल्ला

| | | |
|---|---|---|
| श्री भरुच तीर्थ | श्री मुनिसुव्रत स्वामी भगवान | 02642-262586,221750 |
| श्री झगडीयाजी तीर्थ | श्री आदिश्वर भगवान | 02645-220883 |
| श्री गंधार तीर्थ | श्री अमीझरा पार्श्वनाथ भगवान | 02641-232345 |
| श्री कावी तीर्थ | श्री आदिश्वर तथा धर्मनाथ भगवान | 02644-230229 |

## सुरत जिल्ला

| | | |
|---|---|---|
| श्री सूर्यपुर (सुरत) तीर्थ | श्री सुरत जैन यात्रिक भवन | 0261-2418287 |
| श्री नवसारी तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ प्रभु | 02637-258882 |
| श्री तपोवन संस्कारधाम | श्री शांतीनाथ प्रभु | 0237-258959,258924 |

## वलसाड जिल्ला

| | | |
|---|---|---|
| श्री अलीपोर तीर्थ | श्री गोडीपार्श्वनाथ भगवान | 02634-232973 |
| श्री बगवाडा तीर्थ | श्री अजीतनाथ भगवान | 0260-2342313 |

| | | |
|---|---|---|
| श्री नंदीग्राम तीर्थ | श्री सीमंधरस्वामी भगवान | 0260-2786189 |

## आणंद जिल्ला

| | | |
|---|---|---|
| श्री वालवोड तीर्थ | श्री चंद्रप्रभ स्वामी प्रभु | 02696-288158 |
| श्री खंभात तीर्थ | श्री स्तंभन पार्श्वनाथ भगवान | 02698-223696 |

## खेडा जिल्ला

| | | |
|---|---|---|
| श्री मातर तीर्थ | श्री साचादेवश्री सुमतिनाथ भगवान | 02694-285530 |

## अमदावाद जिल्ला

| | | |
|---|---|---|
| श्री कलिकुंड तीर्थ | श्री कलिकुंड पार्श्वनाथ | 02714-225739,225218 |
| श्री भोयणी तीर्थ | श्री मल्लिनाथ भगवान | 02715-250204 |
| श्री सावस्थी तीर्थ-बावळा | श्री संभवनाथ भगवान | 02714-232612, 232081 |

## गांधीनगर जिल्ला

| | | |
|---|---|---|
| श्री मेरुधाम तीर्थ | श्री नागेश्वर पार्श्वनाथ भगवान (श्यामवर्ण) | 079-3276077 |
| श्री कोबा तीर्थ | श्री महावीरस्वामी भगवान | 079-3276204 |
| श्री चंद्रप्रभलब्धिधाम तीर्थ | श्री चंद्रप्रभस्वामी | 079-3272009 |
| श्री बोरीज तीर्थ | श्री महावीरस्वामी भगवान | 079-3226380,3243180 |
| श्री पामज तीर्थ | श्री आदीनाथ भगवान | -------------- |
| श्री महुडी तीर्थ | श्री पद्मप्रभु स्वामी | 2763-284626, 284627 |
| श्री शेरीसा तीर्थ | श्री पार्श्वनाथ भगवान (श्यामवर्ण) | 02764-250126 |
| श्री पानसर तीर्थ | श्री महावीरस्वामी भगवान (श्वेतवर्ण) | 2764-288240,288402 |

## महेसाणा जिल्ला

| | | |
|---|---|---|
| श्री महेसाणा तीर्थ | श्री सीमंधरस्वामी भगवान | 02762-251674,251087 |
| श्री नंदासण तीर्थ | श्री मनमोहन पार्श्वनाथ | 02764-273265,267205 |
| श्री रांतेज तीर्थ | श्री नेमनाथ भगवान | 02734-267320 |
| श्री वीजापुर तीर्थ | श्री स्फूलिंग पार्श्वनाथ | 02763-220209 |
| श्री आगलोड तीर्थ | श्री वासुपुज्य स्वामी | 02763-283615, 283734 |
| श्री आनंदपुर तीर्थ | श्री आदिनाथ भगवान | 02734-281315 |
| श्री शंखलपुर तीर्थ | श्री पद्मप्रभु स्वामी | 02734-286408 |
| श्री मोढेरा तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 02734-284390 |
| श्री वालम तीर्थ | श्री नेमिनाथ भगवान | 02765-285043 |
| श्री तारंगा तीर्थ | श्री अजीतनाथ भगवान | 02761-253411 |
| श्री गांभु तीर्थ | श्री गंभीरा पार्श्वनाथ | 02734-282325 |
| श्री कंबोड तीर्थ | श्री मनमोहन पार्श्वनाथ भगवान | 02734-281315 |

## सुरेन्द्रनगर जिल्ला

| | | |
|---|---|---|
| श्री शियाणी तीर्थ | श्री शांतिनाथ भगवान | 02753-251550 |
| श्री उपरीयाजी तीर्थ | श्री आदिश्वर भगवान | 02757-226826 |

## पाटण जिल्ला

| | | |
|---|---|---|
| श्री पाटण तीर्थ | श्री पंचासरा पार्श्वनाथ भगवान | 02766-222278/220259 |
| श्री चारुप तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 02866-277562 |
| श्री चाणसमा तीर्थ | श्री भटेवा पार्श्वनाथ भगवान | 02734-223296 |
| श्री मेत्राणा तीर्त | श्री आदिनाथ भगवान | 02767-281242 |
| श्री शंखेश्वर तीर्थ | श्री शंखेश्वर पार्श्वनाथ भगवान | 02733-273514,273324 |
| श्री जमणपुर तीर्थ | श्री चंद्रप्रभस्वामी | ------------- |
| श्री मुजपुर तीर्थ | श्री शांतिनाथ भगवान | 02733-281343,281344 |

## बनासकांठा जिल्ला

| | | |
|---|---|---|
| श्री कुंभारीयाजी तीर्थ | श्री भगवान | 02749-262178 |
| श्री पालनपुर तीर्थ | श्री पल्लवीया पार्श्वनाथ प्रभु | 02742-253731 |
| श्री थराद तीर्थ | श्री आदिश्वर भगवान | 02737-222036 |
| श्री भीलडीयाजी तीर्थ | श्री पार्श्वनाथ प्रभु | 02744-233130 |
| श्री मोरोल तीर्थ | श्री नेमिनाथ भगवान | 02737-226321 |
| श्री डुआ तीर्थ | श्री अमीझरा पार्श्वनाथ भगवान | 02637-247507 |

## कच्छ जिल्ला

| | | |
|---|---|---|
| श्री भद्रेश्वर तीर्थ | श्री महावीरस्वामी भगवान | 02838-282361,282362 |
| श्री कटारीया तीर्थ | श्री महावीरस्वामी भगवान | 02837-273341 |
| श्री वांकी तीर्थ | श्री महावीरस्वामी भगवान | 02838-278240 |
| श्री बोंतेर जिनालय तीर्थ | श्री आदिश्वर भगवान | 02834-244159,275451, 220426 |
| श्री कोठारा तीर्थ | श्री शांतिनाथ भगवान | 02831-282235 |
| श्री सुथरी तीर्थ | श्री घृतकलोल पार्श्वनाथ प्रभु | 02831-284223, (भोजनशाला) 284255 |
| श्री तेरा तीर्थ | श्री जीरावाला पार्श्वनाथ भगवान | 02831-289223, 289224 |
| श्री नलिया तीर्थ | श्री चंद्रप्रभु स्वामी | 02831-222327 |
| श्री मांडवी तीर्थ | श्री शांतिनाथ भगवान | 02834-220880, 220046 |
| श्री जखौ तीर्थ | श्री महावीरस्वामी भगवान | 02831-287224 |

## सांबरकांठा जिल्ला

| | | |
|---|---|---|
| श्री इडर तीर्थ | श्री शांतिनाथ भगवान | 02778-250080 पहाडपर - 250442 |
| श्री वडाली तीर्थ | श्री अमीझरा पार्श्वनाथ भगवान | 02778-220319, 220419 |
| श्री मोटा पोसीना तीर्थ | श्री विघ्नहरा भगवान | 02775-283471, 283330 |
| श्री नाना पोसीना तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 02778-266367 |

## भावनगर जिल्ला

| | | |
|---|---|---|
| श्री शेत्रुंजय (पालीताणा) तीर्थ | श्री आदिनाथ भगवान | 02848-252148,252312 |

| | | |
|---|---|---|
| श्री हस्तगिरी तीर्थ | श्री आदिश्वर भगवान | 02848-284101 |
| श्री घेटीनीपाग | श्री आदिश्वर प्रभु | 02848-252316 |
| श्री शेत्रुंजय डेम तीर्थ | श्री शेत्रुंजय पार्श्वनाथ भगवान | 02848-252215 |
| श्री तळाजा तीर्थ | श्री सुमतिनाथ भगवान | 02842-222030 |
| | | पहाडपर - 222259 |
| श्री दाठा तीर्थ | श्री शांतिनाथ भगवान | 02842-283324 |
| श्री महुवा तीर्थ | श्री महावीर स्वामी भगवान | 02844-222571 |
| श्री घोघा तीर्थ | श्री नवखंडा पार्श्वनाथ भगवान | 0278-2882335 |
| श्री कदंम्बगिरि तीर्थ | श्री आदिनाथ भगवान | 02848-282101 |
| श्री वल्लभीपुर तीर्थ | श्री आदिश्वर भगवान | 02841-222433,222074 |
| श्री अयोध्यापुरम तीर्थ | श्री आदिश्वर भगवान | 02841-281388 फैक्स 281516 |
| श्री भावनगर तीर्थ | श्री आदिश्वर भगवान | 0278-2427384 |

## जूनागढ जिल्ला

| | | |
|---|---|---|
| श्री गिरनारजी तीर्थ | श्री नेमिनाथ भगवान | 02852-650179 (पेढी) |
| | | 2620059 (तळेटी) 2220059 |
| श्री चोरवाड तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 02734-267320 |
| श्री वंथली तीर्थ | श्री शीतलनाथ भगवान | 02872-222264 |
| श्री अजाहरा तीर्थ | श्री पार्श्वनाथ भगवान | 02875-222233 |
| श्री उना तीर्थ | श्री आदिनाथ भगवान | 0285-222233 |
| श्री देलवाडा तीर्थ | श्री चिंतामणी पार्श्वनाथ भगवान | 02875-222233 |
| श्री प्रभासपाटण तीर्थ | श्री चंद्रप्रभस्वामी भगवान | 02876-231638 |
| श्री वेरावळ तीर्थ | श्री सुमतिनाथ भगवान | 0287-221381 |
| श्री दीव तीर्थ | श्री चंद्रप्रभस्वामी भगवान | 02875-222233 |

## जामनगर जिल्ला

| | | |
|---|---|---|
| श्री जामनगर तीर्थ | श्री आदिश्वर भगवान | 0288-2678923 (पेढी) |
| श्री हालारघाम तीर्थ | श्री महावीरस्वामी भगवान | 02833-254063,254156/ |
| | | 254157/254158 |

# पालिताणा-तळेटी से शहेर तक की जैन धर्मशालाओंके टेलीफोन नंबर

पालिताणा एस. टी. डी. कोड (02848)

| | |
|---|---|
| आणंदजी कल्याणजीकी पेढी.... | 252148 |
| पांचबंगला (आ. क. पेढी)... | 252476 |
| 108 जैन तीर्थ दर्शन | 252492 |
| | 242797 |
| हरिविहार जैन धर्मशाला | 252653 |
| आगममंदिर | 252195 |
| सौधर्म निवास जैन धर्मशाला | 252333 |
| अंकीबाई चेरीटेबल ट्रस्ट | 252603 |
| सोना-रुपा जैन धर्मशाळा | 252376 |
| अमृततीर्थ आराधना भवन | 242407 |
| सूर्यकमल जैन धर्मशाला | 242349 |
| आनंदभुवन जैन धर्मशाला | 252565 |
| सुराणी भुवन जैन धर्मशाला | 252631 |
| आयंबील भुवन जैन धर्मशाला | 252830 |
| सिमंधर स्वामी जैन देरासर | 243018 |
| ओसवल यात्रीक भुवन | 252240 |
| | 251001 |
| सिद्धाचल जैन श्राविकाश्रम | 252196 |
| ओमशांति ट्रस्ट | 242921 |
| साबरमती जैन यात्रिक भुवन | 252709 |
| आत्मवल्लभ सादडी भुवन | 252368 |
| | 242259 |
| सिद्धक्षेत्र जैन श्राविकाश्रम | 252196 |
| मंडार भुवन (गिरि. सोसा.) | 252135 |
| शत्रुंजय विहार जैन धर्मशाला | 242129 |
| राजेन्द्र जैन भुवन | 252206 |
| | 252746 |
| नवल संदेश | 243068 |
| घंटाकर्ण महावीर जैन ट्रस्ट | 252234 |
| | 252413 |
| गिरिविहार | 252258 |
| गिरिराज ज्ञान मंदिर ट्रस्ट | 252330 |
| धनसुख विहार जैन धर्मशाला | 252261 |
| पुरबाई जैन धर्मशाला | 252145 |
| पंजाबी जैन धर्मशाला | 252141 |
| मुक्तिनिलय धर्मशाला | 252165 |
| दादावाडी राजेन्द्र विहार | 252248 |
| दींगबर जैन धर्मशाला | 252247 |
| दिपावली जैन दर्शन ट्रस्ट | 242341 |
| लुक्कड मंगल भुवन ट्रस्ट | 252316 |
| के. एन. शाह चेरीटेबल ट्रस्ट | 243089 |
| नरशी नाथा जैन धर्मशाला | 252186 |
| नंदा भुवन | 252356 |
| | 252385 |
| जैतावाडा धर्मशाला | 243067 |
| विद्या विहार बाली भुवन | 252498 |
| धानेरा भवन | 242174 |
| पींडवाडा भवन (प्रेम विहार) | 252930 |
| तखतगढमंगल भुवन | 252167 |
| डीसावाळी जैन धर्मशाला | 252569 |
| मगन मुलचंद | 252276 |
| वाव पथक | 253253 |
| लावण्य विहार | 252578 |
| चांद भुवन | 242137 |
| ब्रह्मचारी आश्रम | 242248 |
| वर्धमान जैन मंदिर ट्रस्ट | 252275 |
| यशोविजय जैन आराधना ट्रस्ट | 242433 |
| नित्यचंद्र दर्शन | 252181 |
| शत्रुंजय दर्शन | 252512 |
| यतिन्द्र भुवन | 252237 |
| वर्धमान महावीर जैन रीलीजीयस | 242275 |
| जंबुद्वीप | 242022, |
| | 252307 |
| मंडार भवन (108) जैन आराधना | 252561 |
| मेरु विहार | 242984, |
| | 252784 |
| खुशाल भुवन जैन धर्मशाला | 252873 |
| खीमइबाई चेरीटेबल ट्रस्ट | 253237, |
| | 242573 |
| खिवान्द्री भुवन धर्मशाला | 252810 |

| | |
|---|---|
| उमाजी भवन धर्मशाला | 252625 |
| कंकुभाई जैन धर्मशाला (धर्मशांती) | 252662 |
| केशरीयाजी जैन धर्मशाला (धर्मशांती) | 252213 |
| कोटवाळी जैन धर्मशाला | 252213 |
| केशवजी नायक चेरीटी ट्रस्ट | 242578, 252647, 252166 |
| कनकबेनका रसोईघर | 253339 242578 |
| कच्छी विशा ओसवाल भवन | 252137 |
| बनासकांठा जैन धर्मशाला | 252395 |
| एस. पी. शाह जैन धर्मशाला | 242190 |
| प्रभवहेम गौशाला | 251003 |
| प्रभागीरी भवन | 251213, 243020 |
| हाडेचा भवन | 242591 |
| परमार भवन | 252899 |
| कनक रतन विहार | 251046, 252869 |
| पालनपुर यात्रिक भवन | 242666 |
| हाडेचानगर जैन धर्मशाला | 242591, 242590 |
| हिंमतनगर जैन धर्मशाळा | 252549 |
| हिराशांता जैन यात्रिक गृह | 253256 |
| सांडेराव जैन धर्मशाला | 252344 |
| खीम्मत यात्रिक भवन | 242957, 242108 |
| खेतलावीर जैन धर्मशाला | 252884 |
| के. पी. संघवी जैन धर्मशाला | 252493 |
| पादरली भवन | 252486 |
| भक्ति विहार | 252515 |
| विशाल जैन म्युझीयम | 252832 |
| यतिन्द्रभुवन | 252237 |
| वीसा नीमा | 252279 |
| महाराष्ट्र भवन | 252193 |
| बेंग्लोर भुवन | 252389 |
| पन्ना रुपा | 252391 |
| चंद्रदिपक जैन धर्मशाला | 252235 |

| | |
|---|---|
| मोक्षधाम सिद्ध शीला | 243027, 243214 |
| बाबुसाहेब जैन देरासर | 242973 |
| जीवन निवास | 252197 |
| रणशी देवराज | 252211 |
| सादडी भवन | 253268, 242259 |
| बाबु पन्नालाल | 252512, 252977 |
| प्रकाश भुवन | 252348 |
| धनापुरा धर्मशाला | 252209 |
| राकोटवाळी धर्मशाला | 253178 |
| सांचोरी भुवन | 242376 |
| ढढा भुवन | 252453 |
| वापीवाला काशी केशर | 252293 |
| आनंद भुवन (अन्नक्षेत्र) | 242964 |
| देवगीरी आराधना | 243083 |
| विमल भुवन | 243058 |
| 108 मंत्रेश्वर पार्श्वधाम | 243367 |
| मुतीसुखीया धर्मशाला | 252177 |
| कैलासस्मृति धर्मशाला | 252799 |
| 27 एकडा जैन यात्रिक भवन | 253388, 253399 |

## ૨૫) સમાધિની સીડી

### પૂજ્યપાદ પં. શ્રી ચન્દ્રશેખર વિ.મ. સા. શિષ્યરત્ન
### પૂજ્ય પં. મેઘદર્શન વિ.મ. સાહેબ

**સમાધિની સમજ :** જીવના બાંધેલા અશુભ કર્મો અબાધાકાળ પૂરો થતાં ઉદય માં આવે છે. ત્યારે જીવને અણધારી આફતો તકલીફો ઊભી થાય છે. આર્થિક પરિસ્થિતિ નબળી બને, કૌટુંબિક મોટી તકલીફ આવે,શરીરમાં અસાધ્ય રોગ થાય ,નાની વયની વ્યકિતનું મુત્યું થાય... વિગેરે અનેક મુંઝવણો-આપતિઓ ઊભી થાય, દુઃખોના વાદળો વરસે ત્યારે મનનું કોઇને કોઇ સમાધાન કરી લઇને પરમ શાંતિથી તે પાપ કર્મને ભોગવી લેવું એજ સાચુ ડહાપણ છે. તે વખતે રડારોળ, ચીસાચીસ કે આવેશ-રોષ પેદા થાય તો ફરી નવું અશુભ કર્મ બંધાય. ફરી તેના ઉદયે વિશેષ દુઃખવાળી સ્થિતિ થવાની.

❖ આપણે ભારતીય પ્રજાજનો. અતિથિ સત્કારમાં ખૂબ માનનારા.હવે દુઃખ નામનો અતિથિ ઘેર આવે તો "સુસ્વાગતમ્" જ કહેવાનું હોય. સુખ નામનો અતિથિ વિદાય થાય ત્યારે તેને "પધારજો" કહીને કમ્પાઉન્ડના દરવાજા સુધી સપ્રેમ વિદાય આપવી જ રહી. એ વખતે મુખનો ભાવ દિવેલ પીધા જેવો કરાય નહી. Salute the life that Comes, Salute the life that goes.

❖ નાની નાની આપતિ આવે ત્યારે let go કરવું , અને મોટી આફતો આવે let God કરવું એમાં જ મનની સમાધિ છે.

❖ વળી આપતિઓ- દુઃખો એ કોઈ શાશ્ર્વત નથી .આવે છે. ને જાય છે. ઉલ્ટુ પ્રતિકુળતામાં આત્માની શકિત બહાર આવે છે. જે શકિતને નિર્જરાનું સાધન બનાવી દેતા કર્મક્ષય અને દુઃખક્ષય થઈજશે. આત્મા પરમપદને પામી જશે.

### માંદગીમાં તાજગીની ચાવી

હે ચેતન ! ધર્મલાભ ! પ્રાજ્ઞના હાથે લખાયેલો તારો પત્ર મળ્યો. તું સખત બીમારીમાં પટકાયો છે. બીમારીના કારણે શારીરિક સ્વસ્થતાની સાથે માનસિકસમતુલા પણ ગુમાવાતી હોય તેવો તને ભાસ થાય છે, તે જાણ્યું. તેં મને તારી મુંઝવણ રૂપે નીચેના ચાર પ્રશ્નો પૂછ્યા છે.

૧) આહારના નિયમોનું ચુસ્ત પાલન કરવાં છતાં મને આવી માંદગી કેમ આવી ?

૨) પથારીમાં પડ્યા પડ્યા મનમાં ઘણા સંકલ્પો-વિકલ્પો ઉઠે છે, પીડાની બાબતમાં આર્તધ્યાન થઇ જાય છે, તો તે રોકવા શું કરવું ?

૩) એક બાજુ ઘરના બધાની સેવા લેવી પડે છે તે ગમતું નથી, તો બીજી બાજુ એ બધાની સેવામાં થોડી કચાસ આવે, ગફલત થઇ જાય, મોડું થાય, તો જાણે

મારી ઉપેક્ષા સેવાઇ રહી હોય તેમ લાગે છે જેથી ગુસ્સો આવે છે.

૪) માંદગીમાં જિનપૂજા વગેરે રોજિંદી ધર્મક્રિયા થતી નથી તેનું દુઃખ થયા કરે છે, તો કરવું શું?

આ ચાર પ્રશ્નોના જવાબરૂપે એક પત્ર મોકલી રહ્યો છું. મારા ક્ષયોપશમ મુજબ વિચારી લખાયેલા આ પત્રથી તને તારા પ્રશ્નોનું સમાધાન મળશે અને વારંવાર વાંચનથી તને સાચો માર્ગ મળશે એવી આશા રાખું છું.

હે જીવ ! પથ્ય ભોજનમાં રાખેલી કાળજી વગેરેથી સામાન્યથી રોગથી પીડા આવતી નથી. પણ પૂર્વભવે શક્તિનો દુરૂપયોગ કર્યો હોય, હિંસાના કાર્યો કર્યા હોય, બીજાને ત્રાસ આપ્યા હોય, બીમારોની કાળજી લીધી ન હોય આવા આવા કારણોથી અવશ્ય ભોગવવાની લખાયેલી હોય, તો કાળજી લેવા છતાં, ને પથ્યનું પાલન કરવા છતાં રોગ આવે છે. પણ એ આ રીતે અશાતા વેદનીય કર્મનો હિસાબ પૂરો કરે છે. જેથી આ ભવમાં કરેલી જીવદયા, પાળેલા પથ્ય ભોજનના નિયમો, રોગીઓની કરેલી વૈયાવચ્ચ વગેરેના ફળથી આવતાં ભવમાં નિરોગી કાયા મળે છે... તેથી મને પથ્ય પાળવા છતાં રોગ કેમ આવ્યો ? આવા વિચારો કરી મનને નબળું પાડીશ નહીં.

હે ચેતન ! જો ભગવાન મહાવીરસ્વામીને પણ કીધા કર્મોએ છોડયા નહીં.તો હું કોણમાત્ર? વળી, હું ભગવાન મહાવીરસ્વામીનો અનુયાયી. મારે તો ભગવાને ચીંધેલા માર્ગે જ જવાનું હોય. ભગવાને કર્મોના ઉદયને સમભાવે સહી લેવાનું કહ્યું છે અને ભગવાને સ્વયં ઉપસર્ગો સહન કર્યા છે. તો મારે પણ સહન કરી જ લેવાનું. જરાય હતાશ, દુઃખી થવાનું નહીં.

હે હંસ ! એ ખ્યાલમાં રાખ કે કેટલીક નિર્મિત થયેલી ભવિતવ્યતાને ટાળવાની તાકાત ઇન્દ્ર, નરેન્દ્રદિ સમર્થ ગણાતી વ્યક્તિમાં પણ નથી. ગોશાળાને તેજોલેશ્યા પ્રાપ્તિની વિધિ શિખવાડવી એ ભગવાન મહાવીર સ્વામી માટે નિર્મિત થયેલી ભવિતવ્યતાનો એક ભાગ હતો.. કેમ કે ગોશાળાએ એ જ તેજોલેશ્યા ભગવાન પર ફેંકી ભગવાને છ મહીના સુધી લોહીના ઝાડાની પીડા ઉભી કરાવી હતી. આ નિર્મીત થયેલી ભવિતવ્યતા મુજબ જ થાય છે. everthing is in order આ વિચાર કરવાથી રોગની પીડામાં પણ શાંતિ રહેશે.

હે આતમ! ભગવાને કહ્યું છે કે જે ખરાબ કર્મોના ઉદયને સમભાવે સહે છેતે જ કર્મોની નિર્જરા કરી શકે છે. કર્મથી છૂટે છે.જે એ ઉદય વખતે હાય..શોક..દુઃખ આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરે છે, તેના બેય બગડે છે. વર્તમાનમાં પીડા..અને દુર્વિચારથી નવા કર્મબંધ થવાથી ભવિષ્યમાં પણ કષ્ટ...

હે પ્રાજ્ઞ! આ તો મારા આત્મઘરમાંથી ખરાબકર્મરૂપ કચરો કાઢી સમાધિપ્રાપ્ત શુભકર્મરૂપ ઝવેરાત વસાવવા જેવો આનંદનો વિષય છે.માટે મનોમન દુઃખી થવાને બદલે પ્રસન્ન જ રહે...

હે આત્મહંસ! તેં નરક નિગોદમાં સહન કર્યું છે... પશુના ભવોમાં જે ત્રાસ વેઠ્યો છે... અપંગ માનવના ભવોમાં જે પીડા ભોગવી છે, તેની અપેક્ષાએ આ તો અંશમાત્ર જ છે..માટે આટલા કષ્ટથી અકળાઈ જવાની જરા પણ જરૂર નથી. વર્તમાનમાં પણ તું ચારે તરફ નજર નાખ! અકસ્માતમાં કચડાઈને અપંગ થતાં એ માનવબંધુઓની પીડાતરફ જો.. જિંદગીભર દૂધ આપી કે ભાર ઉઠાવી સેવા કરવાના બદલામાં "નકામાં થઇ ગયા" ના નામે કતલખનામાં જીવતે જીવ કપાઇ મરતાં એ પશુઓના આર્તનાદ સભાંળ! ગર્ભપાત વખતે માતાના જ પેટની નાનકડી જગ્યામાં બચવા માટે વલવલતા અને ટુકડે થઇ મોત ભેટતી વખતે તડફડતાં એ કોમલ ભુલકાંઓની કરુણહાલત નજરમાં લાવ.કોમવાદ આદિની આવેશભરી આગમાં ભુંજાઇ-શેકાઇને ભડથું થઇ જતાં એ બાંધવોની આંખમાં થીજી ગયેલો ભય..વરાળ થયેલા આંસુઓના રહી ગયેલા ધાબામાં ધરબાઇ ગયેલી આહ, આંખ સામે લાવ.આવી તો કંઇ કેટલીય પીડાઓની ઘાણીમાં સતત પિસાઇ રહેલી વનસ્પતિથી માંડી માનવ સુધીની જીવસષ્ટિ ધ્યાનમાં આવશે,તો આ પીડા અકળાવનારી નહીં લાગે.

હે આતમરામ! પીડા આવી જ છે, તો ભોગવવી જ પડશે ..તેમાં દુઃખ, કુવિકલ્પો, ખરાબ વિચારો કરી મરીમસાલા નાખ નહીં. કડવાશમાં વધુ કડવાશ ઉમેરવા જેવું થશે.. જો મન સાબુત-દઢ હશે તો મને આ કષ્ટ જરાય ભારી નહીં પડે..પણ જો મન નબળું પડશે,તો પીડા હોવા કરતાં કંઇક ગણી વધી જશે.. તેથી બિમાર છું એ વિચાર જ દૂર કર..ખ્યાલ રાખ! દુઃખની દવા છે દુઃખનો વિચાર જ ન કરવો તે.

હે સુજ્ઞ ! એમ કદાપી ન માનીશ કે મારાથી સહન થાય તેથી વધુ પીડા છે...કષ્ટ છે.આપત્તિ છે. કેમ કે કર્મ કે કર્મસત્તા કષ્ટ કે દુઃખ દરેકને પોતપોતની શકિત મુજબ જ આપે છે...અને કદાચ મને વધુ લાગતું હશે તો પણ વાંધો નથી. હું વધુ મજબુત બનીશ..કેમ કે અનિષ્ટ પ્રસંગો જ જીવને મજબૂત બનાવે છે.

હે વિજ્ઞ ! ભગવાને જન્મની પીડા સાડા ત્રણ કરોડ રોમમાં એક સાથે સોય તપાવેલી ભોંકવાથી થતી પીડાથી આઠગણી વધુ બતાવી છે અને મરણની પીડા તો તેથી પણ કંઇક ગણી બતાવી છે. મેં જન્મની પીડા સહન કરી જ છે. તો તેની સામે આ કંઇ નથી અને મરણની અનંત પીડા જ્યારે આવશે ત્યારે ભોગવવી જ પડશે. તે વખતે મનને સમાધિમાં રાખવું હોય, તો તે પીડાની અપેક્ષાએ ઘણી નાની ગણાતી આ પીડામાં મારે તેવી ટેવ કેળવવી જ પડશે.

હે ભવ્યાત્મા ! એમ ના વિચારીશ કે હું પરાધીન બની ગયો ! કેમ કે જ્યાં સુધી સંસારમાં છીએ ત્યાં સુધી આપણે કર્મસત્તાને પરાધીના છીએ, બીજી બધી પરાધીનતા પણ કર્મે જ ઊભી કરેલી છે. તેથી જો કોઇપણ પ્રકારની પરાધીનતા પસંદ ન હોય તો મારે હવે આ આપત્તિને સહી લઇ કર્મસત્તાની પરાધીનતા તોડવી છે.

હે વિજ્ઞ! ભગવાને કહ્યું છે કે જે કષ્ટ, પરિષહ, ઉપસર્ગ કે રોગ સમભાવે સહન કરે છે, તે પ્રતિપળ અખુટ કર્મોની નિર્જરા કરે છે. તેનો સંસારવાસ ટૂંકો થાય છે. મોક્ષ નજદીક આવે છે અને પ્રકૃષ્ટપુણ્ય પેદા થવાથી પરભવમાં પણ સદ્‌ગતિ પામે છે. તેથી જ સનતકુમાર ચક્રવર્તીએ પણ ૭૦૦ વર્ષ ૧૬-૧૬ રોગ મિત્ર માનીને સહન કર્યા તો હું પણ રોગ-પીડાને મિત્રભાવે જ સહન કરીશ, રોગ એ કાયર માટે દીનતાનો પ્રસંગ છે. બહાદુર માટે વીરતાનો પ્રસંગ છે અને જિનના પુત્રો-જૈનો કદી કાયર નથી. બહાદુર છે. ક્ષત્રીય છે. ક્ષત્રીય રણના ઘાને ઇલ્કાબ સમજે, જૈન રોગ-દુઃખના ઘાને કર્મ નિર્જરા-આત્મશક્તિની પરીક્ષાનો પ્રસંગ સમજી.. પોતાની પ્રતિષ્ઠા સમજી આનંદનો, ઇલ્કાબનો, મંગલ મહોત્સવનો પ્રસંગ સમજે !

હે જીવ ! હું મારા કુટુંબને પતિ, પુત્ર કે પુત્રવધુ વગેરેને કેટલું બધુ કષ્ટ આપું છું... અથવા આ બધા મારી કેમ બરાબર દરકાર કરતાં નથી.. દવા વગેરે બરાબર આપતાં નથી.. મોં બગાડીને કામ કરે છે... એવા કોઇ વિચાર કરીશ નહિ. ભવિતવ્યતના ખાતે આપણી આપણા કુટુંબ આદિ સાથે જેટલી લેણા-દેણી લખાઇ હોય, એટલું જ થવાનું છે.. તેમાં આપણું કે બીજાનું કંઇ ચાલતું નથી.. તેથી એવા વિચારો કરી દીન બનવામાં કે બીજા પ્રત્યે દ્રેષઆદિ રાખવામાં નથી મારો રોગ દૂર થવાનો (બલ્કે પીડા વધશે)! નથી મારું મન દઢ થવાનું (બલ્કે નબળું પડશે) નથી મારો પરલોક સુધરવાનો (બલ્કે દ્રેષ આદિથી બગડશે)નથી. તેઓનો મારા પર સદ્‌ભાવ વધવાનો (બલ્કે ઓર ઘટશે) તેથી મારે તેવા વિચારોથી દૂર રહેવું.

તથા પરિવારના સભ્યો ઉપેક્ષા કરે તેવી લાગણી ઉઠવા દેવી નહી, કેમ કે તેઓ કેવી પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યાં હોય છે. તેનો ખ્યાલ માંદગીના બિછાને બેઠેલા આપણને હોતો નથી. પરિવારના સભ્યોને પોતાના રોજિંદા કાર્યો સાથે આપણા કાર્યો પણ કરવાના હોય છે. ઉપરાંતમાં આપણી કાળજી લેવાની, આપણી સેવાના કાર્યો અને મળવા આવેલાની સરભરાના કાર્યોનો એક વધુ માટો બીજો ઉઠાવવાનો હોય છે. તેથી એ બધા કાર્યોને પહોંચી વળવામાં તન તોડી નાંખતા તેઓને થાક, વધુ પડતાં શ્રમથી અને રાત આદિ વખતે લીધેલી ઓછી ઉંઘના કારણે ઓછી સ્ફુર્તિના કારણે કદાચ વિલંબ થાય, એટલા માત્રથી તમે મારું ધ્યાન નથી રાખતા, ઉપેક્ષા કરો છો.. હું ભારે પડી રહ્યોં છું. એવા કટુવચનો કહી તેઓનો મન ને તોડવાની ભૂલ કદી કરીશ નહીં.

હે સુજ્ઞ ! જો તારે તારી જાતને હોંશીયાર સિદ્ધ કરવી હોય, તો આ ખરાબ લાગતી અવસ્થાને પણ સારી અવસ્થારૂપે ફેરવી નાખ ! કુશળ વેપારી ખોટ ના પ્રસંગે નફાના પ્રસંગમાં ફેરવી દે તેમ. આમ જ્યાં સુધી સાજા સારા હતા. ત્યાં સુધી તો ઘર-કુટુંબ-સમાજ આદિ માટે દોડધામ કરી સમય એમ જ જવા દીધો... પરભવનું ભાથું બંધાય એવું ખાસ કર્યું નહી.. હવે રોગના નામે શરીરને આરામ

છે. મન નવરું છે. તો નવા નવા સ્તવન સાંભળું, યાદ રહેલા સ્તવન-સજ્ઝાય, સૂત્રોનું વારંવાર રટણ કરું.

એક એક સુત્રક્ષર પરમમંત્રીભૂત છે. મનને પ્રસન્ન કરે છે. આત્માને પવિત્ર બનાવે છે. અને ભવક્રોડના કર્મોને તોડે છે. માટે હવે એમાં જ મંડી પડું. બીજું કાંઇ સૂઝે નહીં તો બસ નવકાર ગણ્યા કરું. ચૌદપૂર્વનો સાર છે. એક એક નવકાર ૫૦૦ સાગરોપમનાં નરકના દુઃખ યોગ્ય પાપને તોડે છે. અને આ નવકારની મૂડી જ પરલોકમાં પણ કામ આવશે. બાકીના સંબંધો, સંપત્તિ, પરિવાર કોઇ ક્યારેય સાથે આવવાનું નથી.. મન નવરું ભૂત બની ગમે તેવા વિચારોમાં લઇ જઇ મને દુઃખી અને પાપી બનાવે, તેના કરતાં હું જ મનને નવકારમાં લઇ જાઉં. બાકી કષ્ટનાં સમયે નવરું પડેલુ મન સારા પ્રસંગોને યાદ કરતું નથી કે જોઇ શકતું નથી એ ખરાબ પ્રસંગોને યાદ કરશે કે ખરાબ જ જોશે. અને મને નરકની જેમ વધુ દુઃખી કરશે.. તેથી મનને નવકાર સોંપી દઉં....

હે આત્મા ! ભલે બહારથી મારે આ બધા સાથે હજી સંબંધ ચાલુ છે.. પણ અંદરથી મારે એ બધાથી અલિપ્ત બની જવું છું. કોઇ મારૂ નથી.. હું કોઇનો નથી, મારે બહાર શું બની રહ્યું છે તેની સાથે કોઇ લેવા-દેવા નથી.. હું ભલો ને મારો નવકાર ભલો ! આ જીવનમાં સુખી થવા સંપત્તિ-સાધનો ઘણા ભેગા કર્યા છતાં પણ શાંતિ મળી નહિ. હવે પરભવ સુધારવા આ બધું છોડી નવકાર વધારવાનો જ પ્રયત્ન કરું. અવશ્ય પરલોક સુધરી જશે. અને મન સ્વસ્થ થવાથી માંદગીમાં પણ પ્રફુલ્લ રહેવાશે. પરિવાર વગેરેને પણ રોગીની પ્રસન્નતા જોઇ આનંદ થશે. કામનો થાક ઉતરી જશે. પરિવારના એક એક સભ્યની આપણા પ્રતિ લાગણી જાણવાનો મોકો મળશે. ભૂતકાળના કડવા પ્રસંગોથી એમના પ્રતિ મનમાં ઉભું થયેલું ઝેર નીકળી જશે. તેઓને વધુ સારી રીતે મૂલવવાનો અવસર આ જ છે. પરસ્પર નીકટ આવવાથી પરિવાર સાથે સાજા થયા બાદ વધુ આનંદથી રહેવાનો મળતો લાભ કંઇ જેવો તેવો નથી.

હે ભાગ્યાશાલી ! હવે, પૂજા પ્રતિક્રમણ, સામાયિક કશું થતું નથી એવી વિચારણાથી પણ દુઃખી ના થઇશ.. સવારના મનથી જ હું હવે મને યાદ આવતા એક એક દેરાસર, મૂળનાયક ભગવાનને યાદ કરી ચૈત્યપરિપાટી કરીશ.. મનકલ્પનાથી શ્રેષ્ઠ ચંદન-કેસર-ફુલથી પૂજા કરીશ... નવા નવા ચૈત્યવંદન, સ્તવનો મનસમક્ષ આવેલા ભગવાન સામે બોલીશ... મારો આ રોજ નો ક્રમ રહેશે.. આમ કરવાથી રોજિંદી પૂજા કરતાં વધુ આનંદ આવશે.. મન વધુ પ્રફુલ્લિત બનશે. અને કંઇક ગણો વધારે લાભ થશે. મનોમન કલ્પના કરીશ કે ચૈત્રીપૂનમ જેવા ભીડના દિવસોમાં હું શત્રુંજયની જાત્રાએ ગયો છું.. દાદાની પૂજા માટે ભીડ લાગી છે. ચઢાવા થઇ રહ્યાં છે. સૌથી વધુ બોલી બોલી મેં પ્રથમ પૂજાનો લાભ લીધો છે. અને

હકડેઠઠ ભીડની વચ્ચેથી જઇ ગભારામાં પહોંચતા જ આંખ હર્ષાશ્રુઓથી ભરાઇ ગઇ. રોમ રોમમાં આનંદ ટપકવા માંડ્યો.. હૃદયમાં ભક્તિસાગર ઉમટવા માંડયો હાથ થનગને છે. પ્રભુને સ્પર્શવા.. માથુ ઝૂકી રહ્યું છે નાથને ચરણે આળોટવા ! પગ દોડી રહ્યાં છે પરમાત્માને ભેટવા.. ભક્તિ બહુમાનના ઉછળતા ભાવે ભગવાનની પ્રથમ પૂજા કરી.. એવી જ રીતે પોષ દશમીએ શંખેશ્વરદાદાની જાત્રા કરી. એવી બધી સુંદર કલ્પનાઓથી મનને ભરતાં કોણ રોકી શકે ?

રોજ યાદ આવતાં ગુરૂદેવ-સાધુ-સાધ્વીઓને નજર સમક્ષ મનોમન લાવી તેમને માનસિકવંદન કરીશ.. માનસિક રીતે જ ગોચરી વહોરાવવા જઇશ. સેવા વૈયાવચ્ચ કરી ખૂબ લાભ કમાઇશ. મારો આ જ રોજનો ક્રમ રહેશે.. મનોમન જ હું મારા ભૂત-વર્તમાનકાળના પાપોને યાદ કરી ભગવાન આગળ મનોમન વ્યકત કરીશ. આ મારો રોજનો ક્રમ રહેશે.. મનોમન હું મારી જાતને સામાયિક કરતી જોઇશ. બહાર પણ ગમતા/અણગમતાં પ્રસંગે વ્યકિતને જોઇ હું સમભાવમાં જ રહીશ. ઓછું વતું થાય તો પણ સમભાવને ગુમાવીશ નહીં. ઘરની તમામ વ્યકિતઓ, આસપાસ પડોશ-સ્વજનવર્ગ વગેરે સાથે સ્નેહસંબંધ તોડી મૈત્રીસંબંધ ઊભો રાખીશ. તેઓ સાથે બનેલા કડવા-તૂરા-સંબંધો બની રહેલા સારા-નરસા પ્રસંગોને બને ત્યાં સુધી નજરમાં જ ન લઇશ.. નજરે પડે તો પણ પ્રબળ પ્રેમ-મૈત્રીભાવથી ભૂલી જઇશ. આ મારો રોજનો ક્રમ રહેશે.. અને નવકાર તો સતત ચાલુ જ છે. જો આટલું થશે તો પૂજા-પ્રતિક્રમણ સામાયિક, ગુરૂવંદન બધાનો લાભ પથારીમાં સૂતાં સૂતાં પણ મળી શકશે. અને મારે એ જ જોઇએ છે એક કવિએ કહ્યું છે કે મારે તો સુષમાથી દુષમા અવસર પુણ્યનિધાન જી. તેમ મારે પણ સુષમા (સુખ) માંથી દુષમા (દુઃખ) અવસર શુભવિચારોથી પુણ્યનિધાનભૂત જ છે.

## રાત્રે સુતા પહેલા વાંચવું

❖ અરિહંત પરમાત્માનું મને શરણ હો, સિધ્ધ ભગવંતોનું મને શરણ હો, સાધુ ભગવંતોનું મને શરણ હો, તારણહાર જૈન ધર્મનું મને શરણ હો,

❖ રાગ,દ્વેષ અને અજ્ઞાનથી સર્વથા મુકત એવા,વીતરાગ પરમાત્મા મારા દેવ છે. કંચન અને કામિનીના ત્યાગી પંચમહાવ્રતધારી સાધુ ભગવંતો મારા ગુરુ છે. સર્વજ્ઞ પરમાત્માએ પ્રરૂપેલો,અંનતકલ્યાણકર જૈન ધર્મ એ જ મારો ધર્મ છે.

❖ અરિહંત પરમાત્માનું પ્રત્યેક વચન સો ટચના સોના જેવું છે. એને હું આદરપૂર્વક માથે ચડાવું છું.

❖ અજ્ઞાન અને આવેશને કારણે, ઘણાં જીવોનો મેં સહાર કર્યો. ઘણાં જીવોને મેં અશાતા આપી. ઘણાં જીવોનાં મેં દિલ દૂભવ્યા. તે સર્વ જીવોની અંતરનાં ઊંડાણથી હું માફી માંગું છું.

❖ ભવચક્રમાં ભમતાં ભમતાં જૂઠ, માયા અને પ્રપંચ કરીને મેં ઘણાં જીવોને ઠગ્યા છે. તે સર્વ જીવોની હું ક્ષમા યાચું છું.

❖ અઢારેય પાપ-સ્થાપકોનું સેવન કરીને મેં ચીકણાં કર્મો બાધ્યા છે. તે મારા પાપકર્માને હું ખૂબ નિંદું છું મારા બધા પાપો મિથ્યા થાઓ.

❖ સંસારમાં ભમતાં ભમતાં મેં અંનતા શરીર ધારણ કર્યા. દરેક ભવમાં પુદ્‌ગલોને છોડીને હું અહી આવ્યો છું. હવે મારે તે બધા પુદ્‌ગલો સાથે કોઇ સંબંધ નથી. તે સધળા પુદ્‌ગલોને વોસીરાવું છું.

❖ અજ્ઞાન કે દ્રેષને વશ થઇને મહાન તારક એવા દેવ-ગુરુ-ધર્મના અવિનય કે આશાતના થયા હોય તેનું રડતા હદયે મિચ્છા મિ દુક્કડં

❖ તારક તીર્થોમાં જઇને પણ મેં રાત્રી ભોજન, અભક્ષ્ય ભોજન કે મૈથુનસેવન જેવા અનાચારો સેવીને તીર્થોની આશાતના કરી હોય તેનું મિચ્છા મિ દુક્કડં

❖ પર્વના દિવસોમાં વિશેષ આરાધના કરવાને બદલે વિરાધનાઓ કરી હોય તેનું અંતઃકરણપૂર્વક મિચ્છા મિ દુક્કડં

❖ જગતના જીવોને દુઃખમય સંસારથી છૂટવાનો માર્ગ બતાવીને અરિહંત પરમાત્માએ કેવો મહાન ઉપકાર કર્યો છે.! અરિહંત પરમાત્માના અંનત ગુણોની ભાવથી અનુમોદના કરું છું.

❖ સર્વ કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા અનંત આત્મગુણોના માલિક બનેલા સિદ્ધ ભગવંતોના સિદ્ધસ્વરૂપની ભાવથી અનુમોદના કરું છું.

❖ પંચાચારનું નિર્મળ પાલન કરનારા અને જૈન શાસનનો જયજયકાર ફેલાવનારા આચાર્ય ભગવંતાની ભાવથી અનુમોદના કરું છું.

❖ પંચ પરમેષ્ઠીમાં ચોથા સ્થાને બિરાજમાન ઉપાધ્યાયજી ભગવંતોના મહાન ગુણોની ભાવથી અનુમોદના કરું છું.

❖ પુજય સાધુ—સાધ્વીજી ભગવંતો પાંચ મહાવ્રતોનું પાલન કરે છે. અષ્ટ પ્રવચન માતાને પાળે છે. બાવીસ પરિષહોને જીતે છે. દસ યતિધર્મનું પાલન કરે છે. તેમની આ મહાન સંયમ સાધાનાની ભાવથી અનુમોદના કરું છું.

❖ અનેક શ્રાવક અને શ્રાવિકા બાર વ્રતોનું નિર્મળ પાલન કરે છે. શ્રાવક ધર્મનું સુંદર આચરણ કરે છે. દાન, શીલ, તપ અને ભાવની સુંદર આરાધના કરે છે. તે સર્વની હું ભાવથી અનુમોદના કરું છું.

❖ અનેક ઉદાર મહાનુભાવો સાત-ક્ષેત્રમાં ઉદાર હાથે લક્ષ્મી વેરીને દાન ધર્મની આરાધના કરે છે. તેની ભાવથી અનુમોદના કરું છું.

❖ સંસારવાસમાં રહીને પણ જે નર અને નારીઓ મન-વચન-કાયાથી નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરે છે. તે સહુની ભાવથી અનુમોદના કરું છું.

❖ ચતુર્વિધ સંઘમાં અનેક ભાગ્યશાળી આતમાઓ વર્ધમાન તપની ઓળીઓ કરીને

જીભને જીતે છે. તે સર્વ તપસ્વીઓની હું ભાવભીની અનુમોદના કરું છું.
❖ શ્રી ઋષભદેવ પરમાત્માના તપનાં આલંબનથી ભારતમાં દર વર્ષે હજારે ભાગ્યશાળીઓ વરસીતપની આરાધના કરે છે. તે સર્વની હું ભાવથી અનુમોદના કરું છું.
❖ બાર પ્રકારના તપને આરાધીને ભાગ્યવાન આત્માઓ કર્મનો ક્ષય કરે છે. તે સહુના તપધર્મની હું ભાવથી અનુમોદના કરું છું.
❖ મૈત્રી આદિ શુભ ભાવો દ્વારા જે મહાનુભાવો ચિત્તને ભાવિત કરે છે. તે સહુના ભાવધર્મની ભાવભીની અનુમોદના કરું છું.
❖ ભાગ્યવાન આત્માઓ હજારો..લાખો...કરોડો નવકાર મંત્રનો જાપ કરીને નમસ્કાર મહામંત્રની અદ્ભુત આરાધના કરે છે તેની ભાવથી અનુમોદના કરું છું
❖ તમામ જીવોના દયા–દાન–પરોપકાર–પ્રભુભકિત વગેરે સારા કાર્યની ખૂબ ખૂબ અનુમોદના કરું છું.
❖ જેમનામાં ક્ષમા,નમ્રતા,સરળતા વગેરે સદ્ગુણો શોભી રહ્યા છે. તે સર્વ ગુણીજનોના સદ્ગુણોની ભાવથી અનુમોદના કરું છું.
❖ જે ઊગે છે તે આથમે છે. જે ખીલે છે તે કરમાય છે. જે જન્મે છે તે મુત્યુ પામે છે. આ આખું જગત વિનાશી છે. સર્વ સંયોગો ક્ષણિક છે. તેથી કોઇ વ્યકિત કે વસ્તુનો મોહ કરવા જેવો નથી.
❖ આધિ... વ્યાધિ... ઉપાધિ અને મોત આવે ત્યારે જીવને કોઇ બચાવી શકતું નથી. દેવ,ગુરૂ અને ધર્મ સિવાય આ જગતમાં કોઇ શરણભૂત નથી.
❖ આ સંસાર દુઃખમય છે,ડગલે ને પગલે પાપ કરાવનારો છે. અનેક વિચિત્રતાઓથી ભરેલો છે, સંસારમાં સહુ સ્વાર્થના સગાં છે,
❖ આ જગતમાં હું એકલો આવ્યો છું. અહીંથી એકલો જવાનો છું. હું કોઇનો નથી.
❖ આ શરીર, મકાન,પૈસો અને પરિવાર.. બધું જ પારકું છું. જ્ઞાન વગેરે આત્માના ગુણો એ જ મારા છે.
❖ આ શરીર લોહી, માંસ,પરુ, હાડકાં,મળ,મૂત્ર, શ્લેશ્મ વગેરે ગંદકીનો ભરેલો ગાડવો છે. આવા ગંદા શરીર પર બિલકુલ મોહ કરવા જેવો નથી
❖ મન–વચન–કાયાની અશુભ પ્રવૃતિથી પાપ બંધાય છે માટે તે આશ્રવ છે. તે સર્વ આશ્રવોનો હું કયારે ત્યાગ કરીશ ?
❖ મન–વચન–કાયાની શુભ પ્રવુતિઓથી અશુભ કર્મોનો બંધ અટકે છે માટે હંમેશા શુભ પ્રવૃતિમાં જ મગ્ન રહેવા જેવું છે.
❖ બાર પ્રકારના તપની આરાધનાથી આત્માને વળગેલા કર્મો નાશ પામે છે માટે તપમાં ખૂબ ઉધમ કરવો જોઇએ.અંનત પુણ્યના ઉદયથી જૈનશાસનથી પ્રાપ્તિ થઇ. આવા દુર્લભ ધર્મની પ્રાપ્તિ થયા પછી ક્ષણનો પણ પ્રમાદ કરવા જેવો નથી .

❖ ધર્મ મહાસત્તાનો અજબ-ગજબનો પ્રભાવ વર્તી રહ્યો છે માટે જ દરિયો માઝા મૂકતો નથી, સૂર્ય અગ્નિ ઓકતો નથી, અને વિશ્વ ટકી રહ્યું છે.

❖ જીવ અને જડથી બનેલા આ આખા વિશ્વનું કેવું આબેહૂબ સ્વરૂપ સર્વજ્ઞ ભગવંતે બતાવ્યું છે.! ધન્ય છે સર્વજ્ઞનાં શાસનને.

❖ આ જગતનાં સર્વ જીવો મારા મિત્ર છે. સહુંનું કલ્યાણ થાઓ.

❖ ગુણવાન આત્માઓના સદ્ગુણો નીરખીને મારું હૈયું નાચી ઉઠે છે. ગુણીજનો પ્રત્યેના પ્રમોદ ભાવથી ગુણોનો પ્રવાહ આપણામાં આવે છે.

❖ આધિ,વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલા દુઃખી જીવોનાં દુઃખ જોઉને મારું હૈયું રડી ઊઠે છે. સહુનાં દુઃખ દૂર થાઓ.

❖ સર્વ જીવો કર્મવશ છે. કર્મને આધીન કોઇ જીવ ઉન્માર્ગ છોડીને સન્માર્ગે ચડે નહી તો તે જીવ ઉપેક્ષા પાત્ર છે. તેનો પણ તિરસ્કાર ન જ કરાય તેને પણ સદ્બુધ્ધિ પ્રાપ્ત થાઓ.

❖ દીક્ષા એ જ માનવજીવનનું કર્તવ્ય છે છતાં હજુ હું સંસારમાં બેઠો છું. સંયમરત્નની પ્રાપ્તિ કયારે થશે? ભવાંતરમાં આઠ વર્ષની ઉંમરે જ મને ચારિત્ર પ્રાપ્ત થાઓ.

❖ આ શરીર એ ધર્મસાધના માટેનું સાધન છે. શરીરની મમતામાં પડીને તપધર્મની આરાધના કરી નહિ. માસક્ષમણ વગેરે મોટી તપશ્ચર્યા હું કયારે કરીશ ?

❖ પંચ પરમેષ્ઠિ ભગવંતો જૈન શાસન,ઉપકારી માતા-પિતા આદિ સહુનો મારા પર અનંત ઉપકાર છે. તે બધાના ઋણમાંથી હું કયારે મુકત થઇશ ?

❖ મારી તન-મન-ધનની તમામ શકિત જૈન શાસનની સેવામાં વપરાઓ.

❖ જ્ઞાનાચાર..દર્શનાચાર ચારિત્રાચાર... તપાચાર અને વીર્યાચાર એ પાંચ પ્રકારના આચારોથી મારું જીવન મધમધતું બનો.

❖ મારા હદયનાં સિંહાસન પરથી મોહરાજા પદભ્રષ્ટ થાઓ.

❖ ક્રોધ... માન..માયા...લોભ એ ચાર ચોરટાના હાથે મારો ચેતન લૂંટાઇ રહ્યો છે. તે કષાયોના પાશમાંથી મારો છૂટકારો કયારે થશે ?

❖ પાંચે ય ઇન્દ્રિયોના વિષયોની વાસના હજુ ક્ષીણ થતી નથી, મારી ભોગસુખોની આસકિત કયારે છૂટશે ?

❖ આહાર...ભય...મૈથુન અને પરિગ્રહ, એ ચાર સંજ્ઞાઓ મને અનાદિકાળથી વળગી છે. તે વળગણથી હું કયારે મુકત બનીશ ?

❖ પાણીના રેલાની જેમ સમય વહી રહ્યો છે. હે જીવ ! ક્ષણનો પણ પ્રમાદ ન કર.

❖ મને ભવોભવ જૈન શાસનની પ્રાપ્તિ થાઓ.

❖ જયારે મૃત્યુ આવે ત્યારે પ્રભુનાં ચરણોમાં મન લીન રહે. વિષય-કષાયથી મન મુકત રહે. સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવ રહે. મનમાં સમાધિ અને પ્રસન્નતા રહે

❖ ધર્મતીર્થની સ્થાપના કરનારા ચોવીસ તીર્થંકર ભગવંતોને હું ભાવથી વંદના

કરું છું
✤ વર્તમાન કાળે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહેલા વીસ તીર્થંકર ભગવંતોને ભાવથી વંદના કરું છું
✤ અષ્ટાપદ તીર્થ ઉપર બિરાજમાન ચોવીસ ભગવંતોને હું ભાવથી વંદના કરું છું
✤ પાપીને પણ પાવન કરનારા પૃથ્વીતલના ભૂષણ સમા તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થને હું ભાવથી વંદના કરું છું
✤ ત્રણે લોકમાં રહેલા શાશ્વત અને અશાશ્વત જિનાલયોમાં બિરાજમાન જિનેશ્વર ભગવંતોને હું ભાવથી વંદના કરું છું
✤ અઢી દ્વીપમાં રહેલા તમામ સાધુ ભગવંતોને હું ભાવથી વંદના કરું છું.
✤ ચોવીસ તીર્થંકર પ્રભુના શાસનમાં થયેલા ભરત ચક્રવર્તી વગેરે અનેક મહાપરુષોને હું ભાવથી પ્રણામ કરું છું.
✤ ચૌદ પૂર્વના સાર સમાન નમસ્કાર મહામંત્ર તો સર્વ મંત્રોમાં શિરોમણિ છે તેવા નવકાર ને નમસ્કાર.
✤ અનંત લબ્ધિના નિધાન, અનંત ગુણોના ભંડાર શ્રી ગૌતમ સ્વામી ભગવંતને હું ભાવથી વંદન કરું છું.
✤ મહામંગલકારી શ્રી સિદ્ધચક્ર ભગવંતને હું ભાવથી વંદન કરું છું.
✤ સિદ્ધચક્રની મંગલમય આરાધનાનો પ્રભાવ પામી આલોક અને પરલોકને ઉજમાળ બનાવનારા શ્રીપાલરાજા અને મયણાસુંદરીને હું ભાવથી વંદન કરું છું.
✤ ૧૨ ગુણોથી યુકત અરિહંતદેવ, ૮ ગુણોથી યુકત સિદ્ધભગવંત ૩૬ ગુણોથી યુકત આચાર્ય ભગવંત, ૨૫ ગુણોથી યુકત ઉપાધ્યાય ભગવંત ૨૭ ગુણોથી યુકત સાધુ ભગવંત, કુલ ૧૦૮ ગુણોથી યુકત પંચ પરમેષ્ઠી ભગવંતોને, હું ભાવથી વંદના કરું છું
✤ જે વીસસ્થાનકની આરાધના કરીને સુયોગ્ય આત્માઓ તીર્થંકર નામકર્મ ઉપાર્જે છે, તે વીસસ્થાનક પદોને હું ભાવથી વંદના કરું છું.
✤ હે જીવ ! નરકમાં તેં જેં જાલિમ વેદનાઓ સહન કરી છે. તેની આગળ આ ઘડપણ અને માંદગીનાં દુ :ખો કોઇ જ વિસાતમાં નથી આ દુ :ખોને પ્રસન્નતાથી ભોગવી લે.
✤ હે જીવ ! અત્યારે વ્યાધિ અને વૃદ્ધત્વની જે વેદના છે તે તો કર્મ ખપાવવાની ઉજાણી છે માટે આ વેદનામાં વિહ્વલ ન બનીશ.
✤ હે જીવ ! ખંધકસૂરિના પાંચસો શિષ્યો ઘાણીમાં પીલાયા. છતાં સમતાં રાખી તો કેવલજ્ઞાન પામીને મોક્ષે સિધાવી ગયા તેમને નજર સામે રાખીને તું પણ સમતા ધર.
✤ હે જીવ ! ગજસુકુમાલ મહામુનિને માથા પર અગ્નિ મૂકાયો છતાં સમતામાં સ્થિર રહ્યા. તેમના દુઃખની સામે તારું દુ :ખ તો કાંઇ નથી. તું પણ સમતાં ધારણ

કર.

❖ હે જીવ ! સીતાજી ઉપર કેવા ભયંકર કષ્ટો આવ્યાં... છતાં સીતાજીએ કેવી અદ્ભુત સમાધિ રાખી ! ગમે તેટલા કષ્ટોની વચ્ચે સમાધિ ટકાવવાનો તું પણ અભ્યાસ રાખ.

❖ હે જીવ ! જે દુઃખો આવે છે તે આપણાં જ પોતાનાં કર્મનાં ઉદ્દયથી આવે છે. માટે આપણાં આમંત્રિત મહેમાન છે. મહેમાનોનું તો સ્વાગત કરવાનું હોય.... મહેમાન આવે ત્યારે મોં ન બગાડાય.

❖ હે જીવ ! સનત ચક્રવર્તી જેવાની કંચનવર્ણી કાયા પણ રોગોથી ઘેરાઇ ગઇ તો તારી કાયાનું તો કેટલું ગજું ! રોગ એ તો શરીરનો સ્વભાવ છે. રોગમાં તું અસ્વસ્થ ન બન.

❖ હે જીવ ! મોટા રાજા–મહારાજા અને ચક્રવર્તીઓએ મોટા સામ્રાજ્યો છોડીને સંયમનો સ્વીકાર કર્યો છે... તું તારી સુખ–સાહ્યબીમાં આસક્ત ન બન.

❖ ધન્ના–શાલિભદ્રની જેમ સંસારની મોહમાયા ઉતારીને સંયમના કલ્યાણપંથે હું ક્યારે સંચરીશ ?

❖ ધન્ના અણગારની જેમ આહારસંજ્ઞાને મારીને તપ આરાધનામાં ઉજમાળ હું ક્યારે બનીશ ?

❖ વસ્તુપાલ–તેજપાલની જેમ મારી લક્ષ્મીનો સદ્વ્યય કરીને જૈન શાસનની સેવા હું ક્યારે કરીશ ?

❖ સંયમધર્મનો સ્વીકાર કરીને ગુરુચરણે બેસી પીસ્તાલીસ આગમો હું ક્યારે ભણીશ ?

❖ પાંત્રીસ ગુણોથી શોભતી જિનેશ્વરદેવની અમૃતઝરણી વાણીનું અમૃતપાન હું ક્યારે કરીશ ?

❖ તીર્થંકર પરમાત્માએ આપેલી ત્રિપદીના આધારે ગણધર ભગવંતોએ રચેલી દ્વાદશાંગીને વંદના.

❖ શત્રુંજયનાં ઋષભદેવને વંદના, શંખેશ્વરના પાર્શ્વપ્રભુને વંદનાં. ભદ્રેશ્વરના વીર પ્રભુને વંદનાં, અંતરીક્ષજીના પાર્શ્વપ્રભુને વંદના, ગીરનારજીના નેમનાથને વંદના, જીરાવાલાના પાર્શ્વનાથને વંદના, તારંગાના અજીતનાથને વંદના, મહેસાણાના સીમંધરસ્વામીને વંદના, તળાજાના સુમતિનાથને વંદના

❖ ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં, ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપન્નત્તો ધમ્મો લોગુતમા, ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ, કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ.

❖ ખામેમિ સવ્વ જીવે સવ્વે જીવા ખમંતુ મે મિત્તી મે સવ્વભૂએસુ વેરં મજઝ ન કેણઇ.

❖ શિવમસ્તુ સર્વ જગતઃ પરિહિતનિરતા ભવન્તુ ભૂતતણા : । દોષાઃ પ્રયાન્તુ નાશમ્, સર્વત્ર સુખી ભવતુ લોક : ॥

❖ અનંત કલ્યાણને કરનારી જિનેશ્વરદેવની આજ્ઞાને કોટિ કોટિ વંદનાં.

❖ હે જીવ ! જીર્ણ થયેલું આ શરીર અહીં જ છોડીને જવાનું છે માટે તેની ચિંતા થોડી દે. ધર્મ પરલોકમાં સાથે આવશે માટે મનને ધર્મમાં જોડી દે.

### (દૂહા)

મરણ સમય જે જીવને, રાગ દ્વેષ ન હોય; શાંતિ હોયે ચિત્તમાં, દુઃખપરિણામ ન હોય.
નિયમથી તે જીવડો, તિરિનરકે નવિ જાય, સ્વર્ગલોકમાં ઇન્દ્ર હોય, અથવા મહર્દ્ધિક થાય.
હે ઉત્તમ મહાપુરૂષ! તું, જાણી સમય સાવધાન; સમાધિમરણ શરણ લઇ, જા તું સુંદર સ્થાન.
જો તું મરણના સમયમાં, ભયભીત બની જનાર; પરિગ્રહમાં મમતા ઘરી, તો કુગતિ નિરધાર
માટે અવસર ચૂક ના, ફરી ન મળે વારવાર; મરણ તો છોડવાનું નથી, ધૈર્યતા દિલમાં ધાર.

### શ્રાવક-શ્રાવિકા માટે અંતિમ સાધના વિધિ

શ્રાવક-શ્રાવિકાને લાંબા સમયની બિમારી હોય કે અન્ય કોઇ કારણોસર અતિ ગ્લાન થઇ ગયા હોય ત્યારે અંતિમ સાધના કરાવવાની વિધિ પણ સમાચારીમાં જણાવી છે તે આ છે. :-

(૧) પૂજ્ય ગુરુ મહારાજની ઘેર પધરામણી કરાવી – યોગ્ય આસને બિરાજમાન કરાવે.

(૨) શક્તિ અનુસાર જ્ઞાન પૂજન, ગુરુ પૂજન કરે – વંદન કરે.

(૩) ગુરુ ભગવંતને આ પ્રમાણે વિનંતી કરે

"હે ભગવન્ ! મારે આ અવસરે શું કરવા યોગ્ય છે ! કૃપા કરીને ફરમાવો."

એકાંતે ઉપકારની ભાવનાથી ભરેલા સંત પુરુષો અંત : સમયની આરાધના કરવાનું ફરમાવે છે :-

❖ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યના જે કાંઇ અતિચાર લાગ્યા હોય તેનું મિચ્છામિ દુક્કડમ્ દેવડાવે.

❖ સર્વ જીવરાશિ અને સકલ શ્રીસંઘ સાથે ક્ષમાપના કરાવે.

❖ તેણે સેવેલા ૧૮ પાપ સ્થાનકોનું ભાવપૂર્વક પ્રતિક્રમણ કરાવે-મિચ્છામિ દુક્કડમ્ અપાવે.

❖ ચાર શરણા અંગીકાર કરાવે.

❖ શાસન, ચારિત્ર, મોક્ષ વગેરે માટે શુભ ભાવના કરાવે.

❖ બને તેટલા નવા નવા પચ્ચકખાણો કરાવે. વ્રત નિયમ કરાવે. જેથી છેલ્લી વખતે વિરતિવાળું જીવન થઇ જાય.

❖ વધારે યોગ્ય અને પરિણત શ્રાવક હોય તો ફરીથી સમકિત ઉચ્ચરાવી શક્તિ મુજબ શ્રાવકના ૧ થી ૧૨ વ્રત લેવડાવે.

❖ જમીન, મકાન,-પરિગ્રહ, કુટુબ સંબંધ આદિ વોસિરાવે.

❖ છેલ્લે ચૌદ પૂર્વના સાર રૂપ એવા નમસ્કાર મહામંત્ર નું વારંવાર સ્મરણ અને શ્રવણ કરાવે. જેથી આરાધના યુકત પંડિત મરણ ને પામી શકે.

આ અવસરે શ્રાવક શ્રાવિકાની સમાધિ ટકી રહે તે રીતે અવસરોચિત્ત ઉપદેશ આપે અને સમાધિ વધારનાર સ્તવન સજઝાય સુંદર રાગથી સંભળાવે.

## જૈનેતર માટે અંતિમ સાધના વિધિ

જો કોઈ અન્યધર્મી ગૃહસ્થને છેલ્લી અવસ્થામાં આરાધના કરાવવા જવાનો પ્રસંગ બને તો તે ગૃહસ્થની સ્થિતિ અને આસપાસનું વાતાવરણ જોઈ વિવેકપૂર્વક આ રીતે આરાધના કરાવી શકાય.

(૧) સર્વ પ્રથમ એક નવકાર મંત્ર ધીમે ધીમે સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક બોલવો.

(૨) જેમને આરાધના કરાવતા હોઈએ તે ગૃહસ્થને તેમના ઈષ્ટદેવ પરમાત્માનું સ્મરણ કરવા જણાવવું.

(૩) નીચે મુજબના શબ્દો ગોઠવી ક્ષમાપના કરાવવી:

જગતના જે કોઈ જીવને મેં મનથી વચનથી કાયાથી કંઈ દુઃખ પહોંચાડયું હોય, મારી કોઈ કરણી કે વાણીથી,બીજા કોઈ જીવે કંઈ દુઃખ અનુભવ્યું હોય તો તે બધા જીવોની હું માફી માંગુ છું.તે જીવો પણ મને માફ કરે .

બીજા કોઈ જીવે મારૂં કંઈ અહિત કર્યું હોય, અહિત વિચાર્યું હોય તો તે બધાં જીવોને પણ હું માફી આપું છું.

હવે પછીના ભવોમાં આ કોઈ જીવો જોડે મારે વૈરની પરંપરા ન વધે અને મિત્ર ભાવ રહે તેવી હું પરમાત્માને પ્રાર્થના કરું છું.

(૪) માનવભવ પામીને....

◆ મેં જે કોઈ જીવની હિંસા કરી હોય તે પાપની હું માફી માંગુ છું.

◆ હું જે કાંઈ જુઠું બોલ્યો હોઉં તે પાપની હું માફી માંગુ છું.

◆ મેં જે કાંઈ ચોરી કરી હોય તેના પાપની હું માફી માંગુ છું.

◆ મેં જે કાંઈ પરસ્ત્રી (પુરુષ) સેવ્યા હોય તે પાપની હું માફી માંગુ છું.

◆ મેં માલ-મિલકત ચીજ વસ્તુ પરિવાર સંબધો આદિમાં જે કાંઈ મમતા મૂર્છા કરી તે મારા પાપની હું માફી માંગુ છું.

◆ ક્રોધ કરવાથી મેં મારા જીવને કે બીજા જીવને કંઈ ત્રાસ પહોંચાડ્યો હોય તે પાપની હું માફી માંગું છું.

◆ અભિમાન ઘમંડ કરવાથી મેં મારા જીવને કે બીજા જીવને કંઈ દુઃખ પહોચાડ્યું હોય તે પાપની હું માફી માંગુ છું.

◆ કપટ છેતરપીંડી કરીને મેં મારા કે બીજાના જીવને જે સંતાપ ઉપજાવ્યો હોય તે પાપની હું માફી માંગું છું.

◆ લોભ કરવા વડે મેં મારા કે બીજા જીવને જે કંઈ વિડંબણા પમાડી હોય તે પાપની હું માફી માંગુ છું.

◆ રાગ-દ્વેષ ઉત્પન્ન થવાથી, કરવાથી જે કંઈ પાપ બાંધ્યું તેની માફી માંગુ છું.

◆ ઝધડા કંકાસ-કજીયા કરી જે પાપ બાંધ્યું તેની હું માફી માંગુ છું.
◆ કોઈ ઉપર ખોટા આળ ચઢાવીને, નીંદા-ટીકા,ચાડી-ચુગલી કરીને મેં જે પાપ બાંધ્યું હોય તેની હું માફી માંગુ છું.
◆ સંસારના સુખ દુ:ખમાં હર્ષ શોક અનુભવી મેં જે પાપ બાંધ્યું તેની માફી માંગુ છું.

આ પ્રકારે જે કોઈ પાપ કર્યા કે કરાવ્યા હોય તે સર્વની પરમાત્મા સાક્ષીએ માફી માંગુ છું.

(૫) જન્મ મરણ છોડાવીને મોક્ષ પ્રાપ્ત કરાવે તેવા દેવ-ગુરુ-ધર્મનું મને શરણું પ્રાપ્ત થાઓ.

(૬) મન-વચન-કાયાથી મેં જે કાંઈ પાપ આચરણ, અપરાધ, ખોટા કામ-દુષ્ટ કૂત્યો વગેરે કર્યા હોય તે મારા સર્વ દુષ્કૂત્યોની હું માફી માંગુ છું.

(૭) મને મળેલ વાણી શરીર મન-ધન વગેરે સામગ્રીથી મેં જે કંઇ બીજાનું ભલું કર્યું હોય કે કોઈ સારા કાર્યો કર્યા હોય તો મારા તે કાર્યોની હું પ્રશંસા કરું છું. મારાથી આવાને આવા સારા કાર્યો થતા રહે તેવી પરમાત્માને પ્રાર્થના કરૂં છું.

(૮) છેલ્લે સ્પષ્ટ ઉચ્ચારણપૂર્વક ધીમે ધીમે એક નવકાર કહેવો.

### પશુ-પંખીને માટે અંતિમ સાધના વિધિ

મુખ્યતયા તો નવકાર મંત્ર સંભળાવવો એજ વર્તમાનકાળે કરાવી શકાય તેવી આરાધના છે.

છતાં તે જીવને છેલ્લી વેદનામાં શાતા શાંતિ ઉપજાવી શકાય તેમ હોય તો દ્રવ્ય અનુકંપા માટે ગૃહસ્થને પ્રેરણા કરાવી અને જાતે નવકાર મંત્ર બોલવા.

ગૃહસ્થો તો તે તિર્યચને માથે-શરીરે વહાલથી હાથ ફેરવીને સાંત્વન આપી શકે. હાથ કે મુખના હાવભાવ વડે તેને શાતા વળે, આનંદ થાય તેવા અભિનય કરી શકે. આંખોમાં કરુણા વહાવીને સહાનુભૂતિ બતાડી શકે.પરમાત્માના ફોટાના દર્શન કરાવી શકે. સતત નવકાર મંત્ર પણ સંભળાવવા.

## (૨૬) મહારોગી બન્યા મહાયોગી

### પ.પૂ.ગરછાધિપતિ આચાર્ય વિ. અરિહંતસિધ્ધ સૂરીશ્વરજી મ.સા.

પ્રથમ તીર્થપતિ યુગાદિ દેવનાં ચરણારવિંદની પુનિતરજ થી પરમ પાવન થયેલું અનંતાનંત જીવોને ઈચ્છિત સિધ્ધિ અર્પિત કરતું શાશ્વત તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થ જયાં આવેલું છે તે જ આ ગરવી ગુજરાત.

મહાપુરુષોની ચરણરજ થી પાવન થયેલું આંતર-બાહ્ય લક્ષ્મીના ભંડાર રૂપ શ્રી શત્રુંજય ની ટુંક સમાન રૈવતાચલગિરિ રાજ પોતાનાં પાંચ પાંચ ઉતુંગશિખરો વડે આકાશ ને ટેકો આપવા જાણે ઉભું ન હોય એવું શોભી રહ્યુ છે.

કાલિદાસ કલ્પતરૂ પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન જયાં બીરાજમાન છે. અને એવા તો સેંકડો તીર્થસ્થલો જે ભુમિ ઉપર આવેલા છે એવી ભારતવર્ષની ગરવી ગુજરાતની ગૌરવવન્તી ભુમિ, અને તેમાં પણ ગુજરાતની કીર્તિ ને ચાર ચાંદ લગાવતી અને ઉભરાઈ જતા પશુ-ધન થી સમૃધ્ધ બની રહેલી કચ્છની ધરા કચ્છની ભૂમી માત્ર પશુપાલકો અને તેમના પશુધન થી જ ભરપુર ન હતી પણ ભૌગોલિક દૃષ્ટિ એ પણ અન્ય પ્રદેશોથી વિભિન્ન જણાતી હોવાથી પ્રગતિમાન જગતની એકાદ બે સદી કદાચ પાછળ ચાલતી હોય તો તેમાં નવાઈ નહિં પરંતુ તેથી જગત્નાં ઐતિહાસિક પટ પરથી તેની મહત્તા લેશમાત્ર પણ ન્યૂન થાય તેમ નથી.

શ્રી મહાભારત, ભાગવત્ અને પુરાણોમાં પણ કચ્છની ધરાનું મહત્ત્વ કંઈ ઓછું નથી. મહાન જગડુશાહ જેવા જગતોધ્ધારક દાનવીરો થી દીપી ઉઠેલી એ દાન-ભુમિ આજ પર્યંત અનેક આસ્માની સુલ્તાની ચક્રોમાંથી પસાર થઈ ચુકેલી એ કચ્છ ની ધન્યધરા..

કેવલી ભગવાન દ્વારા પ્રતિષ્ઠિત એવા મહાવીર સ્વામી પ્રભુની પ્રતિમા જયાં બીરાજીત છે તેવું વિશ્વવિખ્યાત ભદ્રેશ્વર તીર્થ જયાં આવેલ છે સુથરી, કોઠારા, તેરા આદિ અનેક પાવનકારી પ્રાચીન તીર્થો કચ્છધર રૂપનવયૌવનાના અલંકાર રૂપે શોભી રહ્યા છે.

ધરતી ને રત્નગર્ભા ની ઉપાધી એમ ને એમ નથી અપાણી પણ તેનું કામ પણ રત્નગર્ભા જેવું જ છે. કચ્છની પાવન ધરા પર ત્રણ-ત્રણ વર્ષ સુધી કારમા દુકાળમાં પીડાતા એવા આખાયે ગુજરાત ને ઉગારનાર જગડુશાહ. આજીવન બ્રહ્મચર્યધારી વિજયશેઠ અને વિજયાશેઠાણી જેવા નરરત્નો તથા નારી રત્નો પાક્યા છે જે આજે પણ લોક મુખે ગૌરવથી ગવાઈ રહ્યા છે.

તે પાવનકારી ભુમિ માં રળીયામણો એવો વાગડ પ્રદેશ...

વાગડમાં શીરમોર સમાન આધોઈ નામનું ગામ, તેનું રક્ષણ કરવા કાજે ચારેય બાજુ જાણે કુદરતે કિલ્લો ન બાંધ્યો હોય તેવા ડુંગરોની હારમાળાથી તે શોભી રહ્યું છે. તે જ ડુંગરોની ગોદમાં રમતી-ઝુમતી અંતે તેઓના ચરણોને પક્ષાલન કરતી

કલકલ નાદથી વાતાવરણ ને ગુંજીત કરતી ત્રિવેણી ગુપ્તગંગા નામની નદી વહી રહી છે. આ ગામની મધ્યમાં આજે ત્રણ રત્ન સરખા ત્રણ ત્રણ જિનાલયો આવેલા છે તેમાય વળી ભક્તનાં હૃદયને ડોલાવી દે એવા વાસુપૂજ્યદાદા આઘોઇ ગામ પર અનંતાનત કૃપા વરસાવી રહયા છે.દાદાનું દેરૂ ગામની મધ્યમાં નાભી સમાન શોભી રહ્યું છે એનુ શીખર સુરગિરિને પણ શરમાવે એવું ઉતુંગ છે.

માં... માં.. ઓલા મીણાબેન છે ને એમને છોકરો આયો. હેં.. શું કહે છે? તેં જોયો ? કેવો છે?

ઓહો.. માં.. શું કહું તને એ.. એ.. એતો લાલગુલાબનાં ગોટા જેવા તો એના ગાલ છે અને આઠમનાં ચાંદ જેવુ તો એનું ભાલ છે અને અને મુખડુંતો તો.. તો.. સાક્ષાત્ શરદનો ચંદ્ર અને એની બે અણીયાળી આંખો તો આપણે જોતાજ રહી જઈએ. હાલ ને માં !.. મીણા બેન ને ઘરે એને રમાડવા ચાલ.. ચાલ.. જલદી હું પણ મીણાની તબીયતની સંભાળ લહી આવું.

મીણા!... ઓ મીણા.. ! કેમ છે બેન તબીયત સારી છે ને.. હા.. બેન..

દિકરાનું મોઢું તો બતાવ કેવો છે જોઉં તો ખરી જો.. આ રહ્યો... જ્યાં તેણે નવજાત શીશુ ને જોયુ ત્યાંજ મીણાબેનનાં કાનમાં આ પંક્તિઓ સંભળાઈ.

'મારા બાગમાં ઉગેલ ફૂલ નાનું ખેલંત છાનુંછાનું કે આજમારે હૈયે આનંદ ન માય..' ત્યાંજ મીણાબેને કહ્યું ''અલી એય ! શું ગાય છે બીજી વાર ગા તો મને બહુ ગમે છે. પેલી એ આગળ વધાર્યું- જાણે પડતા સવાર શુક્તારો આકાશથી ઉતર્યો કે આજ મારે હૈયે આનંદ ન માય. એની આંગળીયો ધીમેધીમે ઉઘડે હો.. સ્મિત ભર્યા મુખડે કે, આજ મારે હૈયે આનંદ ન માય. એની સૌરભથી વાત કુંજે કુંજે ભમરા ભમંત ગુંજે કે આજ મારે હૈયે આનંદ ન માય. એની નાની એ આંખનાં ઈશારે પતંગીયા પધારે કે આજ મારે હૈયે આનંદ ન માય. એના હૈયાની હેત ભરી પ્યાલી. થતી ન કહી ખાલી કે આજ મારે હૈયે આનંદ ન માય. ગર્જન કરતા વાદળાઓનાં ગળગળાટ ચમકતી વિજળી નાં ચમચમાટ. અને વાતાં પવનનાં સુસવાટ થી શબ્દમય બનેલ સં. ૧૯૮૦ અને શ્રાવણ સુદ ૫ નો એ શુભ દિવસ ગિરિઓનાં શિખરે શિખરે વૃક્ષોનાં પત્રે પત્રે નદી નાં તરંગે તરંગે પવન થી લહેરે લહેરે પ્રાણીઓનાં અંગે અંગે વાદળોનાં ટુકડે ટુકડે જાણે લક્ષ્મીનું રૂપ કરીને ઉતરી પડી ન હોય એમ ચંચળતા થી વર્ષા વરસી રહી હતી.

આ વરસાદી વાતાવરણમાં ઉપર નું ગીત ગુંજી રહ્યું હતું. સર્વત્ર વૃષ્ટિનું સમ્રાજ્ય વ્યાપી ગયું હતું. આખો ય પરિવાર ઉત્સવનાં રંગમાં રંગાઈ ગયો હતો સર્વત્ર બસ.. ખુશાલી જ ખુશાલી...

નામ પાળવામાં આવ્યુ ગુણશી. જાણે ગુણોમાં સિંહ સમાન વિનય ગુણ જ સાક્ષાત દેહ ધરીને આ અવની પર ઉતર્યો. તેમના માતાજીનું નામ હતું મીણાબેન

અને પીતાજી નું નામ હતુ મુળજીભાઈ.

નાનકડો એ ગણસી ગુણોથી અને શરીર (ઉમ્ર) થી વધવા લાગ્યો જેમ જેમ મોટો થતો જાય તેમ તેમ ગાંભીર્યાદિ ગુણો વિકસતા જાય છે. જાણે કોઈક વિભુતી ગણસીનું રૂપકરી જીનશાસન રૂપી ગગનમાં સુર્યરૂપે ચમકવા ઉદય પામી રહી હતી. તે ગણશી ભાઈ બહેનોની સાથે લાડપ્યારમાં ઉછરવા લાગ્યો. દિવસો ને જતા કઈ વાર લાગે જેમ પર્વના દિવસો સાંકળા હોય છે તેમજ સુખના દિવસો સાંકળા હોય છે.ગણસી પાંચેક વર્ષનો થતા તેને નિશાળે પણ ભણવા મોકલવામાં આવ્યો.

હવે એક દિવસની વાત છે. ગામે ગામ વિચરણ કરતા ચરણકમલની રજથી કચ્છની ભુમિને પાવન કરતા મુનિશ્રી દિપવિજયજી એ (પછી થી આ. વિ. દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા.) આધોઈ ગામની ભુમિ નાં આંગણા ને પાવન કર્યું.

જેવી રીતે બાલસુર્ય ના કુમકુમ વણ્યા પગલા પૂર્વાકાસમાં પડતા જ સમગ્ર સૃષ્ટી આનંદ વિભોર થઈ જાય. તેમજ આધોઈ ગામનાં લોકોના હૈયા પણ આનંદ ના અમીથી છલકી ગયા ગ્રામ્યજન રુપી ઉધાનમાં હૈયા રુપી ક્યારા માં રહેલા કુમળાયેલા ધર્મરૂપ ફૂલ ને જોઈ તેને ખીલવવા માટે મુનિશ્રી એ ત્યાંજ સ્થીરતા કરી.

એક માળી જેમ પૂર્ણ કુશળતાથી ફૂલના છોડવાનું જતન કરી ઉછેરે છે. તેમજ.. મુનિરૂપી માળી બગીચાનાં એ ધર્મરૂપી ફૂલ ને તથા બગીચાને પણ નવપલ્લવીત કરવા યત્ન કરવા લાગ્યા. આધોઈ ગામ માં તો ચોમેરે ધર્મનું વાતાવરણ વ્યાપી ગયુ ચારે દિશાઓ ધર્મ રૂપી ફૂલની સુગંધથી મઘમઘાયમાન થઈ ગઈ.

લક્ષ્મી ચાંદલો કરવા આવે અને મોઢુ ધોવા જાય તે વાણીઓ ન જ હોય. તેમજ જો ઘરે બેઠા જિનવાણી રૂપી ગંગા જળનું પાન કરાવનારા મુનિને જોઈને ક્યો માણસ અન્ય સ્થાને જાય? ગ્રામ્ય જનોતો ધર્મના ખરા રંગથી રંગાયા. મુનિરાજશ્રી નું વ્યાખ્યાન દરરોજ બન્ને વખત ચાલુજ હતું. એમાય એક દિવસ મુનિશ્રી એ વ્યાખ્યાન માં ફરમાવ્યું કે હે ભાગ્યશાળીઓ! ધર્મ એજ સર્વ મંગલોમાં મંગલ છે જે દુર્ગતિ અર્થાત નરક અને તિર્યંચગતિ થી બચાવે. દુર્ગતિમાં જતા રોકી રાખે દેવ-મનુષ્યની સદ્ગતિ અને અનુક્રમે અજર અમર પદ અપાવે તે દયામય ધર્મ પ્રકૃષ્ઠ પુણ્યનાં યોગે મળે છે.

ધર્મની વ્યાખ્યા થતા કહ્યું છે કે :-દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારી રાખે અર્થાત દુર્ગતિમાં જવા ન દે અને શુભ સ્થાનમાં રાખે તેને ધર્મ કહેવાય છે. આ ધર્મ પ્રમાદને છોડી ને આરાધવા યોગ્ય છે વહી ગયેલો સમય પાછો આવતો નથી. કોઈપણ પાપનું કામ ન કરવું. પ્રભૂપૂજાદિ ધર્મકાર્ય અવશ્ય કરવા મન -વચન- કાયાને કાબુમાં રાખી વ્યવહાર કરવો તે ધર્મનું લક્ષણ છે.

હે ભવ્યો ! જે રાત્રિ અને દિવસો ધર્મ સાધનામાં પસાર થયા તે જ સફળ જાણવા

અને તે સિવાયનો સમગ્રકાળ નદીના પૂરની જેમ ફોગટ વહી ગયો એમ જાણવો. જેમ યોગ્ય વરસાદ ધાન્ય વિગેરેની ઉત્પત્તિમાં કારણ હોવાથી તે સફળ છે. તેમજ ધર્મ કાર્યમાં ગયેલ દિવસો પુણ્ય બંધ અને કર્મ નિર્જરાદિના હેતુ હોવાથી સફળ છે. તથા જેમ નદીનું પુર ધાન્ય વિગેરેની ઉત્પત્તિ કરવાને બદલે ધાન્યાદિકનો વિનાશ કરતું હોવાથી નિષ્ફળ અને નુકસાનકારક ગણાય છે તેમ ધર્મારાધના રહિત ગયેલા દિવસો પણ નિષ્ફલ અને આત્માને નુકસાનકારક જાણવા, હે ભવ્યજનો ! ધર્મ આ સંસાર રૂપી સમુદ્રમાં ડુબતા પ્રાણીઓને નૌકા સમાન છે. એજ ધર્મ આપણને સહું ને મોક્ષ સુખને આપે એજ શુભ કામના આ રીતે મુનિશ્રીની ધર્મવાણી સાંભળી કેટલાય ભવ્યજનો ધર્મનાં રંગથી રંગાયા કહેવાય છે કે શ્રોતા ત્રણ પ્રકારનાં હોય છે

૧. પત્થરની ઢીંગલી જેવા કે જેમાં વાણીનું પાણી અંદર ઉતરેજ નહીં.

૨ વસ્ત્રની ઢીંગલી જેવા કે તેમાં વાણીનું પાણી થોડુક જ ઉતરે અને પછી સુકાઈજાય

૩. સાકરની ઢીંગલી જેવા કે તેમાં વાણી નું પાણી એક રસ થઈ જાય છે.

ખરેખરો રંગ તો આપણાં બાળ ગુણસી ને લાગ્યો. તે મુનિશ્રીનાં સંપર્કમાં આવવા લાગ્યો. આ વખતે ગુણશી હજી તો બાલ્યાવાસ્થામાંજ હતો તેમાંજ મુક્તિનાં મારગનો ભોમિયો મળી ગયો.

રાત્રિનાં અંધાર પટ ને ચીરી ને બાલ સુર્ય પોતાના કોમળ કિરણ કુસુમો વડે મનુષ્ય લોકને સુગંધીત કરતો પૂર્વાકાશની અટારીયે ચમક્યો.

વૃક્ષોની ઘનઘોર ઘટામાં પોઢેલા પક્ષીઓ બાલસુર્યને વધાવવા માટે જાણે ઉઠ્યા ન હોય એવી રીતે કલરવ કરવા લાગ્યા. મેના, પોપટ, મોરલા વિગેરે પંખીડા પોતાના મીઠા ટહુકા થી સુર્યદેવને વધાવવા લાગ્યા. આ બાજુ બાળ-ગોપાળો ગોવાળીયોને લઇને વન તરફ ચાલ્યા.

આ બાજુ ગુણશી પણ પોતાના મન મયુરને નચાવતો તે મુનિરાજશ્રી ને વંદન કરવા ઉપાશ્રય તરફ ચાલ્યો. અને ઉપાશ્રય જઈને 'મત્થેણ વંદામિ' , 'ધર્મલાભ' 'સાહેબ ! સાતામા' છો 'દેવગુરુ પસાય. ક્યાંથી આવ્યા?

'સાહેબ ! અહીં જ રહું છું 'તારૂ નામ શું ? ગુણશી

'ક્યા વાસમાં રહે છ' 'બોરડીવાલા વાસમાં' 'સાહેબ ! મારાઘરે ગોચરી પધારજો' 'વર્તમાન જોગ' એમ દિન પ્રતિદિન ગુરૂજી સાથે ગુણસીનો સંપર્ક વધતો ગયો. મુનિશ્રી એ ગુણશીનું હૈયુ જાણી લીધુ.

એક દિવસ મુનિએ ગુણસીને કહ્યુ. 'ગુણશી! તું ધર્મના સૂત્રો ભણ ને' જી સાહેબ ! આપ કહો તેમ કરુ. હું કાલથી તને નવકારથી સૂત્રો શીખવાળીશ. 'જીહા' 'મત્થેણં વંદામિ' કહીને ગુણસી વસતી બહાર નીકળ્યો. બીજે દિવસે... 'મત્થેણ વંદામિ' ધર્મલાભ સાહેબ ! શાતામાં છો? 'દેવગુરૂ પસાય. કેમ.. ગુણસી ! તું આવ્યો કે જા પેલી ચોપડી લઇ આવ અને અહી બેસ.

ગુણસી તો ગુરૂ મ.સા. ની સામે ગોઠવાઇ ગયો. 'બોલ નમો અરિહંતાણં 'નમો અરિહંતાણં' ગુણશી ગુરુ મ.સા. બોલે તેમ બોલવા લાગ્યો. એમ કરતા ગુરૂજીએ નવકારનાં નવપદ ગુણસીને કંઠસ્થ કરાવ્યા અને મહામંત્રનું મહાત્મ્ય બતાવતા મુનિ શ્રીએ કહ્યું કે –

'ભાગ્યશાળી ! જે મનુષ્યનાં અંતરમાં નવકાર નું સ્મરણ હોય. જેણે ભાવથી તેનું ધ્યાન ધર્યું હોય. તેને આ સંસારનાં દુઃખો લેશમાત્ર પણ સ્પર્શ કરી શકતા નથી. નવકાર રૂપી જહાજમાં બેસી ભવ્ય જીવો ભવસાગર તરી જાય છે. નવકાર રૂપી સિંહ જેના હૃદયમાં રમે છે તેને ઉપદ્રવ રૂપી હાથી શું કરી શકે? કાંઇ જ કરી શકતા નથી.'

'હે ભાગ્યવાન ! ચારગતિનાં દુઃખો નવપદથી દુર દુર ભાગે છે. શ્રી નમસ્કાર મહામંત્ર ચૌદ પૂર્વોનો સાર છે. ચૌદ પૂર્વધર મુનિઓ પણ (અંતિમ સમયે) જીવનની સંધ્યાએ નવકારનું ધ્યાન ધરે છે. પુણ્યવાન ! આપણે શ્રાવક કુળમાં જનમ્યા છીએ જન્મથી જ નવપદનું શરણું મળીગયેલ છે.મુલ્યવાનવસ્તુ મુલ્ય વગરજ મળી ગઇછે.

ગુણશી ગુરૂ મ.સા. નાં મુખ થી ઝરતા અવિરત વાણીના પ્રવાહને ઝીલતો હતો જેમ સ્વાતિનું બીંદુ માછલાનાં મુખમાં પડે અને તે મોતી રૂપે પરીણમે છે.તેમજ.. આ મુનિ ની વાણીનાં શબ્દ રૂપી સ્વાતિ બીંદુ એક મોતી રૂપે થશે એ કોણ જાણી શકે?

ભાગ્યનાં પટલ માં શું છુપાયુ છે એતો દેવો પણ જાણી નથી શકતા તો બીચારા મનુષ્યતો શું વિશાતમાં. મુનિશ્રીએ આગળ ચલાવ્યું. 'શ્રી નમસ્કાર મહામંત્ર મંત્રાધિરાજ છે સર્વ શાસ્ત્રોમાં તેને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયુ છે. રાગ–દ્વેષ રૂપી શત્રુઓ સામે લડવા માટે અમોઘ શસ્ત્ર છે. અન્ય મંત્રોની ઉત્પત્તિ આ નવકારમાંથી જ થઇ છે આ નમસ્કાર મહામંત્રમાં પરમેષ્ઠિઓ ને નમસ્કાર થાય છે પંચ પરમેષ્ઠિઓ અનુક્રમે આ પ્રમાણે છે. અરિહંત–સિધ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સાધુ આ પાંચે પરમેષ્ઠિઓ પરમ મંગલ છે'.

રાગ – દ્વેષ રૂપી અભ્યંતર શત્રુઓને જેણે હણી નાખ્યા છે તે અરિહંત
આઠ કર્મોથી જે સમ્પૂર્ણ મુક્ત છે તે સિધ્ધ
જે ગચ્છનું સુવિહિત પણે પાલન કરે છે તે આચાર્થ
જે સાધુ સમુદાયને પઠન–પાઠન કરાવે તે ઉપાધ્યાય
જે પંચ મહાવ્રતને ધારણ કરનારા છે સાધનાને સાધી રહ્યા છે તે સાધુ
ક્ષણક્ષણ સમરો શ્રી નવકાર, પલ પલ સમરો શ્રી નવકાર
ઘડી ઘડી સમરો શ્રી નવકાર, અહોનિશ સમરો શ્રી નવકાર

આ રીતે ગુરૂ મ.સા. એ ગુણસીને નમસ્કાર મહામંત્રનું મહાત્મ્ય સમજાવ્યું. હવે તો રોજ ગુરૂમુખેથી નવકારનું મહાત્મ્ય સાંભળતો ગુણશી પોતાને ધન્ય માનવા લાગ્યો.

ગુણશી નો ધાર્મીક અભ્યાસ બીજના ચન્દ્રની કલાની માફક દિન પ્રતિદિન વૃદ્ધિને પામવા લાગ્યો. ધર્મપ્રત્યે પણ શ્રદ્ધા દઢ થવા લાગી. જિનેશ્વરદેવ પ્રત્યે અહોભાવ વધવા લાગ્યો.

જીનશાસનનું મુળ વિનય અને વિવેક, તે તો ગુણશીમાં ઠાંસી ઠાંસીને ભર્યા હતા અને તેને વિકસ્વર કરવા માટે ગુરૂજી મળ્યા. એક તો પોતે સોનું અને તેમાં સુગંધભળી 'દેવગુરૂ પ્રત્યે શ્રદ્ધા અવિહડ થવા લાગી જાણે સાક્ષાત્ પૂણ્યની સરવાણી ફુટી જેવી રીતે–

ભ્રમરને પુષ્પ વિના ન ગમે, જ્ઞાની ને જ્ઞાન વિના ન ગમે.

વાદિને વાદ વિના ન ગમે, વિદ્યાર્થીને વિદ્યા વિના ન ગમે

સમુદ્ર ને ભરતી વિના ન ગમે, ચિતારા ને ચિત્ર વિના ન ગમે.

ભક્ત ને ભગવાન વિના ન ગમે તેમજ, ગુણશી ને ગુરૂ વિના ન ગમે.

એતો આખોય દિવસ ગુરૂજી પાસે ઉપાશ્રયમાં રહે અને ભણે

એમ કરતા ગુણશી સાથે વણવીરભાઈ (ગુણશી નાં ભાઈ) તથા – પોપટભાઈ પણ આવી ગયા (ઉ.પ્રીતી વિ. ગણિ) ત્રણે સાથે ભણે છે. ગુરૂજી ની સેવા કરે છે ગુરૂજી ગોચરી લેવા જાય તો સાથે જાય છે. સ્થંડીલ ભુમિએ જાય તો પણ સાથે જ. પૂજ્યશ્રી ની પાછળ પડછાયાની જેમ તે ત્રણે રહે છે એટલા સુધી કે રાત્રે સુવા માટે પણ ઘરે ન જતા ઉપાશ્રયમાં જ લંબાવી દે છે. ઘરે તો ભોજન સમયે જ જાય, મુનિશ્રીને પણ ગુણશી ઉપર ખુબ હેત હતું ગુરૂની કૃપા વરસવાથી ગુણશી જૈન ધર્મનાં મર્મ ને જાણી શક્યો.

ચાતુર્માસ વિત્યા પછી ગુણશીને વ્યવહારીક અભ્યાસ માટે જામનગર મોકલવામાં આવ્યો ત્યાં પાંચ ધોરણ ભણ્યો પણ... નીલ ગગનમાં વિહરતા પક્ષી ને પાંજરામાં કેમ ગમે. માનસરોવરનાં હંસને ખાબોચીયામાં કેમ ગમે. તેમજ ગુણશી ભાઈ તો ત્યાં અકળાઈ ગયાં એ તો જૈન શાસ્ત્ર ગ્રંથોના રસીયા. સમ્યગ્ જ્ઞાનનાં પિપાસુ અમુત મળ્યા પછી ઝેરની સામે કોણ જુએ. ચિતામણી મળ્યા પછી કંચનને કોણ પુછે?કામધેનુ મળ્યા પછી ગધેડા સામે કોણ દ્દષ્ટિ કરે? જૈનાગમો હાથમાં આવ્યા પછી ભવસાગરમાં ભમાડનારૂ તુચ્છ જ્ઞાન તો આપણા ગુણશીને ગમેજ કેમ? અર્થાત ન જ ગમે.

તે અરસામાં તેમના પિતાશ્રી મુળજીભાઈએ વર્ષીતપ કર્યો હતો. તેનુ પારણુ કરાવવા માટે ગુણશી જામનગરથી પાલીતાણા આવ્યો.

જાણે જોઈતું તું ને વૈદ્યે બતાવ્યુ ગુણશી માટે તો એવો ઘાટ થયો... સમ્યજ્ઞ જ્ઞાનરૂપી અમૃતની પરબસમાન શ્રી ઉપાધ્યાય યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં ગુણશી પોતાની જ્ઞાનપીપાસા છીપાવવા અધ્યયન કરવા લાગ્યો.

એક યુવાન દૃઢ પગલે પંથ કાપી રહ્યો છે. હૃદય કુંજમાં માઁ ને મળવાની આશારૂપી કોયલ ટહુકતી હતી. એ હતો ગુણશી મહેસાણા પાઠશાળામાં વેકેશન પડયુ હતુ.

રજાઓ ગાળવા ઘરે જઈ રહ્યો હતો. અને તે એકાએક આશ્ચર્ય સહિત ભયભીત થયો કારણ કે તેની પાછળ ચારપાંચ માણસો આવતા હતા. પહેલા તો લાગ્યુ કે કોઈ મુસાફર હશે. પણ પછી તેમની હીલ-ચાલ-વાત-ચીત ઉપરથી લાગ્યુકે નક્કી આ કોઈ ઠગ છે તેથી તે થોડો ભયભીત થઈ ગયો.

તેના પાસે એક ચાંદીનો કંદોરો હતો જો ઠગો જોઈ જાય તો લઇ લે. તેના ભયથી ગુણશી થોડો ઉતાવળો ચાલવા લાગ્યો. ગુણશી જેમ જેમ વધારે ઉતાવળ કરતો તેમ તેમ પેલા ચાર માણસો પણ તેની પાછળ ઉતાવળથી ચાલવા લાગ્યા. તેને તો લાગ્યુ બસ હવે તો આ કંદોરો ગયો. પણ જો કાંઈક ઉપાય કરુ તો બચી જાય.

ગુણશીનાં મગજમાં એકદમ ચમકારો થયો અને ઉપાય સુઝી આવ્યો તેણે તો દોડીને એક ખેતરમાં જઈને. પેલા ઠગો ન જુએ તેમ થોડો ખાડો ખોદીને અંદર કંદોરો મુકી દીધો. ઉપર ધુળ વાળી, નિશાન માટે ઉપર એક લાકડી ખોસી. બસ નિશ્ચિત ગુણશી થોડો આગળ વધ્યો પાછુ વળીને જુએ તો પેલા ઠગ જેવા માણસો ક્યાંય દેખાતા ન હતા તેણે તો પાછા વળીને કંદોરો લાવવાનો વિચાર કર્યો પણ પાછુ મનમાં થયું. પેલા ઠગો આટલામાંજ ક્યાંય છુપાઈ ગયા હશે તો. જો મને પાછો લેવા જતા જોઈ જશે તો? આ ભયથી તે તો પાછો આગળ વધ્યો અને ઘરે પહોચ્યો. માઁ... ઓ... હો.. હો.. બેટા ! આવ્યો. હા. માઁ.. કહીને ગુણશી માઁના પગમાં પડયો. માઁએ દીકરાનાં ઓવારણા લીધા. અને અંતરથી આશીર્વાદ આપ્યા. ગુણીયલ દીકરાને ઘણા મહીનાઓ પછી આવેલ જોઈને કઈ માઁ ખુશ ન થાય કહેવાય છે કે, જનની ની જોડ જગમાં નહીં જડે રે લોલ..

આડોશી-પાડીશીને ખબર મળતાજ મળવા આવ્યા. લાડ-પ્યાર કરવા લાગ્યા અને ગુણશી તો સૌનો પ્રીય થઈ પડ્યો. એક પછી એક દિવસો પસાર થતાહોયછે.

પારિવારિક જનોથી લાડ પ્યાર કરાતો ગુણશી મનમાં હર્ષને બદલે કાંઈક ગ્લાનીને અનુભવતો હતો આ વાતની તો કોઈને ખબર ન પડી.

પણ એક દિવસે.. ''ગુણશી''? માઁ એ ગુણશી ને બોલાવ્યો. ''હા માઁ !'' ''તું આવ્યો ત્યારથી ગમગીન કેમ દેખાય છે?'' અણધાર્યો સવાલ સાંભળીને જ ગુણશી ચકિત થઈ ગયો કાંઈ જવાબ ન આપ્યો. ''દિકરા ! શુ વાત છે કહે તો ખરો'' ગુણશી ને હવે વાત કહ્યા વિના છુટકો જ નહતો. તેણે પોતે મહેસાણાથી આઘોઈ આવતો હતો તે પછી ઠગો મળ્યા કંદોરો સંતાડવા વિગેરે વાત સંક્ષેપમાં જ માઁ ને કહી. અને ઉમેર્યું કે બીજા દિવસે મેં તો ખેતરમાં તપાસ કરવા ગયો હતો પણ મને તો જગ્યા મળી નહીં કારણ કે મેં જ્યારે કંદોરો ધુળમાં છુપાવ્યો હતો

ત્યારે તેના ઉપર નિશાની માટે સળી રાખી હતી પણ તે તો પવન નાં ઝાપટા થી ઉડી ગઈ અને હું શોધી ન શક્યો.

જ્યારે મેં કંદોરો દાટ્યો હતો ત્યારે હું એટલો ગભરાયેલો હતો કે હું ત્યારે ક્યાં હતો તેનીજ ખબર ન પડી. કંદોરો ન મળવાથી હું તે દિવસ થી ચિંતામાં છું એજ મારૂ ગમગીન રહેવાનું કારણ છે હવે શું કરૂ?

વાંધો નથી. આપણે ફરીથી તપાસ કરાવીએ એમ કહીં મીણાબેન ઉઠ્યા અને મુળજી ભાઈ ને વાત કરી.

ગુણશી ! મુળજી ભાઈએ દીકરાને બોલાવ્યો. હા..જી કહીને ગુણશી પીતાજી પાસે આવ્યો. બેટા ! તે કંદોરો દાટ્યો હતો એ ખેતર મને બતાવીશ. હા ચાલો.

બન્ને બાપ-દિકરો તૈયાર થઈ ગયા અને ઉપડ્યા ખેતરે. બન્ને અભ્યાસ સંબંધી-ઠગ સંબંધી -કંદોરા સંબંધી વાતો કરતા આગળ વધવા લાગ્યા. ત્યાંજ ગુણશી એ પીતાજીને દુર થી ખેતર બતાવ્યુ. બાપા ! ઓ.. પેલુ ખેતર...

હા.. ચાલ ત્યાં જઈએ. બન્ને પહોંચ્યા ખેતરમાં.

રસ્તાની પાસે પાસે ખેતરમાં તપાસ કરી. આગળ જઈને પણ તપાસ કરી પણ બધુ વ્યર્થ અંતે થાકીને એક ઝાડની શીતલ છાયડીમાં બેસતા મુળજી ભાઈ બોલ્યા. કંદોરો મળ્યો નહી. ઘણી શોધ કરી. થાકી ગયા. ખેતર તો આ જ છે ને કે બીજુ કોઈ? ના.. બાપા ! છે તો આ જ ખેતર. બન્ને વિચાર કરવા લાગ્યા. થોડી પળો વીતી અને ત્યાંજ મુળજીભાઈ બોલી ઉઠ્યા. ''બેટા ! રસ્તો મળી ગયો '? ગુણશી ચકિત થઈને જોવા લાગ્યો. ''ચાલ ઘરે'' કહીને મુળજી ભાઈ ઉઠ્યા. ''ચાલો'' કહીને ગુણશી પણ તેમની પાછળ ચાલવા લાગ્યો. રસ્તામાં ચાલતા મુળજી ભાઈ એ ગુણશી ને કહ્યું કે- ''બેટા ! આપણા ગામમાં પેલો જસો પગી રહે છે ને એને મળીએ અને ભગવાનની દયા થાય તો એ શોધી દે'' બન્ને પહોચ્યા ઘરે, જઈને ભોજન કર્યું. આહાર ને ન્યાય આપ્યા પછી મુળજીભાઈ જસાપગીને ઘરે ગયા અને કંદોરાની આદિ થી માંડીને અંત સુધી વાત કહી.

''કાલે આપણે એ ખેતરમાં જઈશું''પગી સઘળી વાત સાંભળી ને કહ્યું. ''ગુણશીને પણ સાથે લઈ જઈશું તો અનુકુળતા વધારે રહેશે ''કહેતા મુળજીભાઈ ઉઠ્યા. વાત પાકી કરીને ઘર તરફ ચાલ્યા. બીજા દિવસે સવારે સીરામણ કરી ને જસોપગી તો મુળજીભાઈ ને ઘરે આવ્યો અને ત્રણે જણા વગડાની વાટે નીકળ્યા. રસ્તામાં ચાલતા ગુણશીને એકાએક વિચાર આવ્યો કે''જો આ કંદોરો મળી જાય તો દાદા વાસુપૂજ્ય પ્રભુનું છત્ર બનાવવું'' આ વાત તેણે સાથે ચાલતા પિતાજી ને પણ કહી. પિતાજીએ તો પોતાના લાડકવાયાની વાતમાં સહર્ષ સમ્મતિ આપી જસો પગીતો આ વાત સાંભળતા જ આભો જ બની ગયો. તેની આંખો પહોળી થઈ ગઈ. મોંમાં આંગળી ઘાલી દીધી અંતે વિચાર કર્યો કે આટલો નાનો બાળક અને દિલ તો

દરિયા જેટલું. પોતાના આરાધ્ય દેવ ઉપર કેટલી શ્રદ્ધા. આ નાના ટબુડામાં કેવો શ્રેષ્ઠ ગુણ છે. હમણાથી જ આટલો ગુણવાન છે તો મોટો થઈને શું યે થશે....જસો પગી આગળ વિચારી જ ન શક્યો કારણ કે જે ખેતરમાં જવાનું હતું તે ખેતરતો આવી પહોચ્યું હતું.

દીકરા ! આજ ખેતરને ? જસાપગીએ પુછ્યુ. હા... ગુણશીએ ટુંકમાં પતાવ્યું. "તમે અહીં બેસો હું આવું છું."કહીને પગીતો આગળ ચાલ્યો. થોડા આગળ જઈને તેણે ગુણશી નું પગેરુ મેળવ્યુ આ બાજુ ગુણસી પ્રભુને વિનંતી કરતો હતો કે.. "હે પ્રભો ! જો આ કંદોરો મળી જાય તો આપનું છત્ર બનાવું"અને ત્યાંજ સામેથી જસો પગી ઉતાવળે પગલે ચાલતો લગભગ દોડતો જ આવ્યો અને કંદોરો મુળજીભાઈનાં હાથમાં આપ્યો.

જોઈને સમર્પણપૂર્વક આવેલી પ્રભુ ભક્તિની કરામત. અશક્યને પણ શક્ય બનાવી દે. અસાધ્યને સાધ્ય બનાવે. પ્રભુ ભક્તિના પ્રભાવે જ આ જન્મમાં શાંતિ અને સમાધિ રહે અને પરલોકમાં સદ્‌ગતિની પ્રાપ્તિ થાય અને એનાથી આગળ વધીને તેજ પ્રભુ ભક્તિ આત્માને મુક્તિની મંઝીલને સર કરાવે.એટલે જ કહ્યુ છે

કે... "ભક્તિ મુક્તિ ની દૂતી"

અંતે તે કંદોરામાંથી મુળનાયકશ્રી વાસુપૂજય સ્વામીનું છત્ર બનાવવામાં આવ્યું. જે આજે પણ આ પ્રસંગની સાક્ષીરૂપે પ્રભુનાં શીર ઉપર શોભી રહ્યુ છે. ત્યારે મુળજી ભાઈએ પણ દાદાની આંગી બનાવડાવી. આજે પણ ભગવાનને તે આંગી ચઢાવવામાં આવે છે. ગુણશી સુકૃતની અનુમોદના કરતો કાળ વિતાવવા લાગ્યો.

ગુણશીનો કાળ આનંદ કલ્લોલમાં પ્રભુભક્તિમાં માતાપિતાની સેવામાં સુખ પૂર્વક પસાર થઈ રહેલ છે. અને કાળનું ચક્ર કુવાનાં રેંટની જેમ નીરંતર ફર્યા કરે છે કાળ એક ક્ષણમાત્ર પણ ઉભો નથી રહેતો. વહ્યેજ જાય છે અવિરત...

ત્યાંજ એક દિવસ કાળનું ચક્ર ફર્યું અને ગુણશીની વાત્સલ્યભરી માઁ પરલોકનાં પંથે સિધાવ્યા... હે કાળ ! તને ખરેખર ધિક્કાર છે. એક નાના બાલુડાની માડી ને તે તેનાથી વિખુટી કરી નાખી. માંની શીળી છાયાને ઝૂંટવી લીધી. એટલે જ પૂર્વના ઋષિ-મહર્ષિઓ એ તને ધિક્કાર્યો છે. તેં તારૂ નામ સાર્થક કર્યું... માટે હજી તું સુધરી જા. પણ તને સુધરવાની ફૂરસદ જ ક્યાં છે. તને કોઈ સુધારવા જાય તો કોલસાને દુધથી ધોવા જેવું જ થાય. બીચારા દુધને જ કાળુ કરી મુકે. તને કોણ સુધારે...

ખેર ! વિધિની વિચિત્રતા. પોતાનું શીર છત્ર ગુમાયેલું જાણીને ગુણશીને ખુબ દુઃખ થયું. હા.. દુઃખ કોને ન થાય. માં તે માં બીજા બધા વગડાનાં વા. માં જેવી માં. જે નાનપણથી જ ધર્મના સંસ્કાર સીંચનાર. એ જ વહાલી માં નો ચિર વિયોગ. માં ના વિયોગમાં તો ભલભલા ભડવીરોનાં પણ હાંજા ગગડી જાય તો બીચારા આ

માસુમ બાળકનું તો શું ગજુ. માં ની ઉતર ક્રિયા કરીને સૌ ઘરે આવ્યા પણ ગુણશી નું મન તો માં માં જ. માં વિનાનો સંસાર ગુણસી માટે વેરાન વન જેવો થઈ ગયો. પોતાના હર્યા ભર્યા સંસાર ઉપવનમાં જાણે આગ લાગી ગઈ. હૈયુ શુન્ય બની ગયું. એમ કેટલાક દિવસ પસાર થતા ગુણશીનો શોક કાંઈક ઓછો થયો – પણ માં ની ગેર હાજરી તો હૈયા માં વધારે ને વધારે શાલવા લાગી. ત્યાર પછી ગુણસી ધર્મધ્યાનમાં વધારે રહેવા લાગ્યો.

હે એલી ! ઉપધાન કરવો અય " કતે ? " "પાલીતાણે મેં " "કઈ ધર્મશાળા મેં " "ચંપા નિવાસ " "કયા મારા ' જ અય " "મોહન સુરિજી " "તું વનેંઈ " "ડાડે યો હુકમ થીએ તો વનું"

ગામમાં આવી વાતો સાંભળી ને ગુણશી ને થયુ હું ઉપધાન કરી લઉં. શ્રાવકનું પ્રથમ કર્તવ્ય છે. આ સિવાય તો શ્રાવક પણુ અધુરૂ છે. આ રીતે વિચાર કરીને તો ઉપધાન તપની તૈયારી કરવા લાગ્યો અને પહોંચ્યો પાલીતાણા. ચંપાનિવાસ જૈન ધર્મશાળામાં. ત્યાં બીરાજતા આ.વિ. મોહન સૂરીશ્વરજી મ.સા. ને વંદન કરીને ઉપધાન કરવાની ભાવના દર્શાવી દાદા આદિનાથ ની કૃપાથી અને ગુરૂ ભગવંતોના આશીર્વાદથી વિ.સં. ૧૯૯૪ માં મહામંગલકારી શ્રાવકના કર્તવ્ય સમાન પ્રથમ ઉપધાન ની આરાધના કરીને મોક્ષમાળા પહેરી. આ ઉપધાન તપની આરાધના દરમ્યાન ઉજમ ફઈની જૈન ધર્મશાળામાં બિરાજીત મુનિ તત્વજ્ઞ વિજયજી, મુનિ વિજ્ઞાન વિજયજી, મુનિ શ્રી મંગલ વિજયજી મ.સા. આદિની પાસે ગુણસી સમ્યગ્ જ્ઞાનનો અભ્યાસ કરતો હતો. તે વખતે ધાર્મિક અભ્યાસ સારો થયો.

વિક્રમ સંવત ૧૯૯૫માં પાલીતાણામાં મોતી સુખીયા જૈન ધર્મશાળામાં બીજુ ઉપધાન પ.પૂ. પન્યાસ કંચન વિજયગણિની નિશ્રામાં કર્યું.

અનૈ ત્રીજા ઉપધાન તપની આરાધના રાધનપુરમાં વિક્રમ સંવત ૧૯૯૭ માં પ.પૂ. પંન્યાસ મુક્તિ વિજયગણિ તથા પંન્યાસ કેવલ્ય વિજય ગણિ ની નિશ્રામાં કરી.

ગુણશી હવે દિન–પ્રતિદિન ધર્મારાધનામાં આગળ વધતો જતો હતો. સમ્યગજ્ઞાન મેળવવા માટે મહેસાણા પણ ગયો હતો.

કાળ પોતાના નિયમ મુજબ અવિરત ગતિથી વહ્યે જતો હતો અને ત્યાંજ એક દિવસ. મુળજીબાઈ ની તબીયત બગડી એક બાજુથી તેમને જરાવસ્થાયે જકડી લીધા હતા અને બીજી બાજુથી બીમારીએ ઘેરી લીધા. મુળજીભાઈ ખાટલામાં પડયા. દવાઓ ઘુટાવા લાગી. અનેક ઉપાયો અજમાવવામાં આવ્યા. પણ બીમારી કહે મારૂ કામ તો દિવસે ને દિવસે વધવાનું. દવાથી તો કાંઈ જ ફરક પડ્યો નહી અને એક દિવસ ગુણસી તથા તેમના બીજા ભાઈ ને બોલાવ્યા અને કહ્યું. જો દિકરાઓ ! હવે હું આ પથારીમાંથી ઉઠું એવી કોઈ જ શક્યતા નથી માટે હે દિકરાઓ મારી છેલ્લી શિખામણ છે કે જૈન ધર્મ મળ્યો છે તેની નિષ્ઠાપૂર્વક આરાધના કરજો અને ધન–

માલ-મિલ્કત વિગેરે મારા પછી ગુણસીનાં નામે કરૂ છું. જેમ કરવુ હોય તેમ કરે બાકી વધારે શું... ક.. હે...વું.. અને મુળજી ભાઈનું શરીર પંખી વગરના માળા જેવું થઈ ગયું. પંખી ઉડી ગયુ અનંતની યાત્રાએ, માળો અહીંયાંજ મુકી ગયું અને ગુણશીનું રહ્યુ સહ્યુ એક આસ્વાસન માટેનું છત્ર પણ કાળ ચંડાળે ઝૂંટવી લીધુ.

ખરેખર હે કાળ ! તું ધિક્કાર ને પાત્ર જ એમાં કાંઈ અતિશયોક્તિ નથી.

(આ વાત મહેસાણા પાઠશાળામાં ભણતા હતા ત્યારની છે. તે વખતે લગભગ ૧૫-૧૬ વર્ષ ની ઉમર હશે)

આજે ગુણશી આમ કેમ સુતો છે? ખબર નથી. ચાલો જોઈએ તો ખરા..

ચાલો. ગુણશી એ ઓઢેલી ચાદર એણે દુર કરી. આ ચાદર આટલી ગરમ કેમ? કાંઈક ગડબડ છે. આને તો તાવ આવેલ છે. હેં? શરીર તપી ગયુ છે ચાલ સાહેબ ને કહીએ. તું જા સાહેબને કહી આવ હું અહીં બેઠો છુ. (આ વાતો સાંભળતા જ ગુણશી એ આંખ ઉઘાડી.) ગુણશી ! તને તો તાવ આવે છે.સાહેબ ને બોલાવ્યા છે. ત્યાંજ પેલો મિત્ર અધ્યાપકશ્રી ને લઈ આવ્યો. તેમણે ગુણશી નો હાથ તપાસ્યો અને ડોકટરને બોલાવ્યા. શું થયું છે ડોકટરે આવી ને પૂછ્યું. 'આને તાવ આવે છે' 'ક્યારથી આવે છે.'' 'આજ સવાર થીજ 'ડોક્ટરે તપાસ કરી ગોળી લખી આપી ઈંજેક્શન આપ્યુ અને ડોકટર સાહેબ તો ગયા આ બાજુ ગુણશીની તબીયત વધારે બગડવા લાગી. થોડા દિવસ દવાનો કોર્સ કર્યો પણ કાંઈ ફરક ન પડ્યો. ગુણશીને તેના ગામ આઘોઈ મોકલવામાં આવ્યો.

સાહેબ ! આને તો તાવ આવે છે. કેટલા દિવસથી. આજે અઠવાડીયું થયું. ડોકટરે નાડી પરીક્ષા કરી દવા આપી. આ દવાથી પણ ફરક ન પડ્યો અંતે ડોકટરે કહ્યું આને અંજાર હોસ્પીટલમાં લઈ જાવ ત્યાં તેનો ઈલાજ થઈ શકશે. ગુણશીને આઘોઈથી અંજાર લઈ ગયા ત્યાં પણ નિરાશા જ સાંપડી. મોરબી-ગાંધીધામ-જામનગર આદિ મોટા શહેરમાં દવાઓ કરાવી પણ બધેજ ઠેકાણે નિરાશા જ લમણે ઝીંકાણી. અંતે ભૂજનાં ડોકટરે કહ્યુ કે આને તો ક્ષય રોગ થયો છે. આ સાંભળતાં જ બધા સંબંધીઓ અવાક થઈ ગયા. એ જમાનામાં ક્ષય રોગ એટલે રાજરોગ એની કોઈ દવા નથી તેનો ઈલાજ જ ન થઈ શકે એનુ પરિણામ એક માત્ર મૃત્યુ જ. જેમ તેમ કરીને દિવસો વિતવા લાગ્યા. ગુણશી અનાજ તો વાપરી જ નથી શકતો. બસ દૂધ-ફ્રૂટ પર જ જીવવા લાગ્યો. એના શરીરમાં ન લોહી મળે કે ન માંસ, એકલા હાડકા, ગણવાની ઈચ્છા હોય તો આરામથી એક એક હાડકુ ગણી શકો. ડોક્ટરે ખાટલામાંથી ઉઠવાની સખત મનાઈ કરી પછી તો બહાર ફરવાની વાત જ ક્યાંથી ? હવે ક્ષય રોગ ચરમ સીમાએ પહોંચ્યો હતો એક દિવસ ડોકટર સાહેબે અન્ય સંબંધીઓને કહ્યું..

''જુઓ ભાઈ ! તમારે આને હોસ્પીટલમાં રાખવો હોય તો કાંઈ વાંધો નથી પણ

હવે આ ખાટલામાંથી ઉભો થાય એવી કોઈ શક્યતા મને નથી દેખાતી'' આ વાત ગુણશીનાં કાનમાં પડી અને એકાએક અંતરનાં ઉંડાણમાં આંચકો લાગ્યો 'શું મારૂ મોત આવું જ 'મુખમાંથી શબ્દો સરી પડ્યા. અશ્રુના બે બુંદ આંખો ને બાઝી ગયા. કેમ? કારણ કે એમની એક માત્ર આશા આજે તુટી જવાની હતી. આશાનો મીનારો આજે કક્કડભૂસ અર્થાત્ જમીનદોસ્ત થવાનો હતો.

એ આશા કઈ ? આશાઓ તો માનવીનાં જીવનમાં અનંત હોય છે. અને એ આશાઓના કારણે માણસ આકાશ પાતાળ એક કરતો હોય છે. પોતાનો દુર્લભ એવો મનુષ્ય ભવને વેડફી નાખતો હોય છે. પણ ગુણશીના મનમાં આવી કોઈજ આશા ન હતી કે જેથી આત્માને ઉની આંચ આવે.

એકમાત્ર આશા હતી સંયમ ગ્રહણની. છેલ્લી ઘડી સંયમમાં જ જાય ! જીવનની સંધ્યામાં પ્રભુવીરના ચીંધ્યા પથ ઉપર પથિક થવાની. પણ કર્મ રાજા એ સંસારી જીવ ની કઈ આશા પૂરી કરવા દીધી છે? અને કદાચ એક આશા પુરી કરે તો એના સામે બીજી ચાર આશાઓ જન્માવી દે. બસ હવે તો ઘડીઓ ગણાવા લાગી.

પાલીતાણા આવવું છે.

હેં?

અમે દાદાની જાત્રા કરવા પાલીતાણા જઈએ છીએ.

કોણ કોણ. અમે ૧૦-૧૫ જણ છીએ.

મારી ભાવના તો થાય છે !!: અહીંથી ક્યારે નિકળવાનાં છો. બસ ! કાલે જ.

હું કાલે આવી જઈશ કેટલા વાગે ભેગા થવાનું છે? બપોરે.

આ વાતો બાજુમાં કોઈક કરતું હતું તે ગુણસી એ ખાટલામાં સુતાં સુતાં સાંભળી એને એકાએક વિચાર આવ્યો કે મારૂ મૃત્યુ જો સિધ્ધ ગિરિરાજ ઉપર થાય તો?

આ જન્મારો સુધરી જાય, આ જીવન સુધરી જાય, આ જીંદગી સુધરી જાય. આ ભવ સુધરી જાય. પરભવ સુધરી જાય. ભવોભવ સુધરી જાય. અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તી સુલભ બની જાય. પણ... પણ... પણ... આવી અવસ્થામાં કોઈ લઈ જાય છતાં દાદાના દર્શનની ભાવના દાદાની કૃપા, સાચા હૈયાની ભક્તિ, ફળ આપીને જ રહે છે. ભક્તની ઈચ્છા ભગવાન પૂરી કરેજ છે. હા.. ભક્તમાં સાચી ભક્તિ હોવી જોઈએ. પોતાના દેવાધિદેવ પ્રત્યે અપાર શ્રદ્ધા હોવી જોઈએ. આ વાતનું સાક્ષાત ઉદાહરણ એટલે ગુણશી. તેમણે તો નિશ્ચય કરી લીધો મરવું તો..સિધ્ધાચલમાં જ. કેવી ઉચ્ચતમ ભાવના મરવા પડેલો જીવ સિધ્ધાચલ ઉપર મૃત્યુની ભાવના ભાવે કેવલ અશક્ય... ક્યાં કચ્છ અને ક્યાં પાલીતાણા. અનેક મહાયોગીઓ શ્રી સિધ્ધાચલ ગિરિરાજની છત્ર છાયામાં મૃત્યુને ઝંખે તથાપિ તેમની ઈચ્છા મહદંશે અધુરી રહે. તો પછી આ સામાન્ય જીવની તો વાત જ શી કરવી. મૃત્યુની એ મહામંગલ ઘડીતો કોઈ વિરલ વ્યક્તિને જ સાંપડે. ગુણશી ને પાલીતાણા લઈ જવાનું નક્કી થઈ ગયુ.

આ બાજુ ગુણશી એ વિચાર્યુંકે-હવેતો બસ ઘડી દો ઘડીના મહેમાન છીએ જો દાદા યાત્રા કરાવેતો મારા જેવો ભાગ્યશાળી કોણ? અરે ગિરિરાજના દર્શન થાય તો પણ મારા જીવને હું ધન્ય માનુ. ગુણશીએ પોતાની બધીજ રકમ-માલ-મિલ્કત વિગેરે દાદા આદિનાથના ચરણે ધરી દીધી બસ પોતે જીવે ત્યાં સુધી ખાય. તેટલુંજ પોતાનું , બાકીનું દાદાને સપ્રેમ...

બીજે દિવસે બધા સિધ્ધગિરિની યાત્રા કરવા નીકળ્યા. તે વિક્રમ સં. ૧૯૯૮ ની શાલ અને કારતક સુદ ૧૧ નો શુભ દિવસ બધાય કારતક સુદ ૧૫ ની યાત્રા કરવા નીકળ્યા છે. ઝંગીથી રણમાં થઈ હળવદથી આગગાડીમાં બેઠા અને પહોંચ્યા પાલીતાણા. જીવન નિવાસમાં ઉતારો કર્યો. કાર્તકી પુનમનાં દિવસે બધાયની યાત્રા થઈ ગઈ. પણ ગુણશીની યાત્રા ન થઈ. મનની ભાવના મનમાંજ રહી ગઈ હા.. એટલો તો આનંદ જરૂર થયો કે સિધ્ધગિરિના પાવન દર્શન થયા. બીજે દિવસે બધા ઘરે આવવા નીકળ્યા નવલખી બંદરથી દરીયાઈ માર્ગે કંડલા આવવાનું હતુ અને કંડલા પણ પહોંચ્યા. ગુણશીનાં હૈયામાં તો એક માત્ર ભાવના હતી દાદાના દર્શનની. કંડલાબંદરથી રેલમાર્ગે આધોઈ પહોંચવાનું હતુ. તે માટે ગુણશી તો આગગાડીની ટીકીટ લેવા ગયો તે માટે કચ્છનું નાણું આપવું પડે. તેમણે પહેલા એક ટીકીટ લાવીને સાથે આવેલી બેન ને આપી અને ''હું બીજી ટીકીટ લાવું છું'' એમ કહીને ગુણશીભાઈ તો નવલખી જવાની ટીકીટ લઈને સ્ટીમ્બરમાં બેઠા. આબાજુ ઘણીવાર થઈ તો પણ ભાઈ ન આવ્યો એટલે બેને તપાસ કરી. તેમને જાણવા મળ્યુકે એ તો નવલખીની સ્ટીમ્બરમાં બેસી ને પાલીતાણા પાછો ગયો છે. અને બેન ગાડીમાં બેસીને આધોઈ તરફ આવ્યા.

પાલીતાણામાં...

સુર્યોદય થવાની હજી થોડી વાર છે. બસ સ્ટેશન ઉપર બસોની અવર-જવર ચાલુ છે. લોકોની ભીડ કાંઈક ઓછી છે. અને એકાએક કોઈક જીવતુ હાડપીંજર બસમાંથી ઉતર્યું અને જેવું ઉતર્યું તેવુજ સામેના બાકડા ઉપર બેસી ગયુ. થોડી વાર પછી તે સ્ટેશન બહાર આવ્યુ બીજુ કોઈ નહી પણ તે હાડપીંજર એ ગુણશીભાઈ જ હતા, ત્યાંજ તળેટી... તળેટી... આવવું છે. તળેટી.. નાં અવાજો આવવા લાગ્યા, અને તે ગુણસીએ ટાંગાવાળાને ઉભો રાખીને કહ્યું ''ભા..ઈ.. ! ગામમાં..જવુંછે.''

''કોને તમારે ના ભઈ ના. હું તો નથી આવતો બીજાને શોધો.''

બીજા બેત્રણ ઘોડાગાડીવાળા ને પુછ્યુ ત્યારે એક જણાએ 'હા' પાડી અને તેણે તેમને એક ધર્મશાળા બહાર ઉતારી દીધા.

ગુણશીએ પેઢીના મુનિમજીને પુછ્યુ ''ભાઈ ! અહીં ઉતરવાની સગવડતા છે?'' મુનિમ કહે ''મહાનુભાવ ! એકલા માણસ ને અમે ઉતારતા નથી બીજે ચાલ્યા જાવ.''તે તો કોઈક બીજી ધર્મશાળામાં ચાલ્યો ત્યાં જઈને પુછ્યુ. ત્યાં પણ એક જ

જવાબ એમાં પાછુ ઉમેરાયુ કે ''તમારા જેવા રોગીષ્ઠ માણસને તો ક્યારેય અહિં જગ્યા નથી તમે મરી જાવતો અમારે ટ્રસ્ટીઓને જવાબ શું દેવો.''બીજી કોઈ ધર્મશાળામાં જાવ.અંતે કોઈ ધર્મશાળાનાં ઓટલા ઉપર બેઠા, સાથે સામાન તો કાંઈ હતો નહી એટલે એની ચિંતા ન હતી. એક માત્ર અહિં રહેવાની ચિંતા હતી અને આશા હતી એક માત્ર દાદાના દર્શનની.

કેમ ભાઈ! ક્યા ગામના?કચ્છ..ના.અહીં યાત્રા કરવા આવ્યા છો કે? હા. જાત્રા તો કરવી છે. ક્યાં ઉતર્યા છો?ક્યાંય નહીં, જુઓને આ રોગને કારણે ક્યાંય ઉતરવા નથી દેતા. તમને શું.થયું છે.શાનો રોગ છે.'ક્ષયરોગ' ડોક્ટરો કહે છે. ઈલાજ કરાવ્યો. ઈલાજ તો ઘણાય કરાવી નાખ્યા પણ કાંઈ ફરક નથી પડ્યો.

રાજસ્થાનમાં એક ટી.બીના સારા ડોક્ટર છે. તેને બતાવી જુઓ. કદાચ તેનો ઈલાજ કામ કરી જાય. રોગ નાબુદ થઈ જાય. એમ કહીને તેણે ડોક્ટરનું નામ સરનામુ આપ્યુ.

હવે તો હું ડોક્ટરોથી કંટાળી ગયો છું. મારે તો નથી જાવું.

તમારે આવવું હોયતો હું સાથે ચાલુ. મારે ત્યાં જવાનું જ છે. થોડી આડી-અવળી વાતો પછી મારવાડ જવાનું નક્કી થયુ. અને ગુણશીભાઈ તે મારવાડી ભાઈની સાથે રેલ્વે સ્ટે. પહોચ્યા. ગાડીમાં ૧-૨ કલાક થયા ત્યાંજ ગુણશી ભાઈ ને ઉંઘ આવવા લાગી તેથી એતો સુઈ ગયા. જાણે અસલ મડદુ તેમની બાજુમા બેઠેલા મારવાડીની નજર એકાએક ગુણશી ઉપર ગઈ અને તે તો અવાચક થઈ ગયો. ''આને તો ઉંઘ આવી ગઈ લાગે છે''તેણે વિચાર્યું આ મોકો સારો છે એમ જાણીને ગુણશીનાં ખીસ્સામાં રુપિયા હશે. તે લઈને તે તો રફૂચક્કર થઈ ગયો... થોડી વાર થઈ ત્યાં ગુણશી ઉઠ્યો પેલા ભાઈની શોધ-ખોળ કરી. પણ ક્યાંય તે મળ્યા નહી તેથી ગાડી બદલીને ગુણશી પાછો પાલીતાણા આવ્યો. અને પાલીતાણા સ્ટે. ના બાકડા ઉપર જઈને બેઠા થોડી વારમાં ઉંઘ આવવા લાગી તેણે તો ત્યાંજ લંબાવ્યુ. બાંકડા ઉપર સુતેલો માણસ મરી ગયો છે એમ જાણીને કોઈક પરોપકારી? માણસે સ્ટેશન માસ્ટરને જાણ કરી. સ્ટેશન માસ્ટર આવ્યો. તો તેને પણ લાગ્યુકે નક્કી આ માણસ સ્વધામ પહોંચી ગયો છે. તેણે તરત જ આણંદજી કલ્યાણજી પેઢીમાં જાણ કરી. ત્યાંની પેઢીનાં માણસો આવ્યા. અને જોતજોતામાં પંચનામુ પણ થઈ ગયું. ઘણા માણસો અહીં ભેગા થઈ ગયા. તમાસા ને કાંઈ તેડુ હોય લોકોને તો એક પ્રકારનો તમાસો થયો માણસોનો કોલાહાલ સાંભળીને ગુણશીની ઉંઘ ઉડી ગઈ અને તે તો આંખો ખોલીને ચારેબાજુ જોવા લાગ્યો.

બધાને આશ્ચર્ય થયું કે આ શું? આ ક્યાં મરી ગયો છે. આ તો જીવતો છે. પછી હકીકત પુછવાથી ગુણશી એ પેલા મારવાડીની વાત કહી એમ કરતા કરતા બધા

વિખરાઈ ગયા.

ગુણશી ખુશાલ ભુવન ધર્મશાળામાં પહોંચ્યો ત્યાં સાધુ ભગવંતો બીરાજમાન હતા. ગુણશી ને લાગ્યુ, મહાત્મા ને વિનંતી કરૂ જો સંયમ આપે તો મારા આત્માને કાંઈક શાંતિ વળે એ તો પ્હોંચ્યો સીધો મહાત્મા પાસે જઈને.. મત્થ.. એ.. ણ.. વંદામિ... ધર્મ લાભ. ઇચ્છામિ. ગુણશી એ મ.સા. ને વંદન કર્યું. મહાત્મા ! મારે દીક્ષા લેવી છે. મને દીક્ષા આપો. (બાજુમાં બે ભાઈઓ) ખી..ખી.. ખી.. ખી..

કેમ હસે છે? બીજાએ કહ્યું. હસવું જ આવે ને આની વાત સાંભળી ને.કઈ વાત?

આનાં હાલહવાલ તો જુઓ. આને દીક્ષા લેવી છે.

મહારાજ શ્રીઃ કેમ ભાઈ ! દીક્ષા લેવાની ભાવનાં છે? એતો ઘણી સારી વાત કહેવાય પણ આવી સ્થિતીમાં અમે દીક્ષા ન આપીએ. અને તમારે આ સ્થિતીમાં દીક્ષા ન લેવાય. તમારામાં કાંઈ છે તો નહીં. ન ચાલી શકો કે ન આવશ્યકક્રિયા કરી શકો માટે મહાનુભાવ નવકાર ગણો અને આદેશ્વર દાદાનુ ધ્યાન ધરો દીક્ષા બીક્ષાની વાત છોડી દો.

'વાત તો સાચી છે.'ગુણશી એ વિચાર્યું કે કાંઈ નહી દીક્ષા નહીં તો મીની દીક્ષા પૌષધ તો કરૂ. એમ વિચારી ને ગુણશી એ તો સામાયિકનાં કપડા ઉપાશ્રયમાંથી લઈને પૌષધ લેવાની શરૂઆત કરી. પછી આદેશ માંગ્યો.

''ઈચ્છકારી ભગવાન પસાય કરી પૌષધ દંડક ઉચ્ચરાવોજી''?...

(સામેથી કાંઈ જવાબ ન આવ્યો.)

બીજીવાર પાછુ ઈચ્છકારી..

પણ વ્યર્થ. કોઈએ પૌસહ ન ઉચ્ચરાવ્યો. કારણ કે મહાત્મા એ સમજતા હતા કે અમે પોસહ ઉચ્ચરાવીયે અને પોસહમાં કઈ થઈ જાયતો જવાબદારી કોની. કોઈ પુછે તો અમારે જવાબ શું આપવો.

ગુણશીએ ઘણી વિનંતી કરી. છતાં પણ મુનિ ભગવંતે પોષહ ન જ ઉચ્ચરાવ્યો અંતે ગુણશી એ જાતેજ 'કરેમીભંતે' બોલી પોષહ ઉચ્ચર્યો અને બાકીની ક્રિયા કરી. અનાનુ પૂર્વી ગણી (આ અનાનુપુર્વી જ્યારે ગુણશી મહેસાણામાં ભણતો હતો ત્યારથી લગાવી જ્યારે તે પૂણ્યાત્મા ગચ્છાધિપતિ આ. અરિહંત સિધ્ધસૂરીશ્વરજી થયા ત્યાં સુધી ગણી અને આજે પણ દરરોજ અનાનુપૂર્વી દિવસમાં ઓછામાં ઓછી એક વખત તો ગણવાની જ) અને શ્રી શંત્રુજય લઘુકલ્પ ગણવાનું શરૂ કર્યુ (કહેવાય છે કે આ કલ્પ જેટલી વાર ગણે તેટલી યાત્રાનું ફળ મળે છે.) ગણતા ગણતા જ્યા ૧૧મી ગાથા આવી...

ચૌવિહાર છઠ્ઠ કરી શત્રુંજયની જે કોઈ મનપૂર્વક સાત યાત્રા કરે. તે નિશ્ચે ત્રીજે ભવે મુક્તિ ને પામે છે. ત્યાંજ... અચાનક યાદ આવી ગયુ કે મહેસાણામાં ભણતા હતા ત્યારે ભાવના થઈ હતી કે ' એવો ધન્ય દિવસ ક્યારે ઉગે કે હું છઠ્ઠ

કરી શ્રી સિધ્ધાચલ ગિરિરાજની સાત યાત્રા કરુ' પણ હવે તો ભાવના ભાવતા જ રહેવું પડે. શરીરમાંતો શક્તિ નામની કોઈ ચીજ જ નથી. ગુણશી ભાઈએ સંકલ્પ કર્યો કે '' કઈ વાંધો નહીં ''આ ભવમાં નહીં તો આવતા ભવમાં છઠ્ઠ કરી દાદાની જાત્રા થશે ભાવના તો ભાવીએ. નાગકેતુની જેમ બીજા ભવમાં ઉદયમાં આવશે. આ ભવમાં ચોવિહાર છઠ્ઠ કરી સાતયાત્રા કરવી એતો કેવલ અશક્ય જ છે. છતાં પ્રયત્ન ન છોડવો એમ ભાવના ભાવતા નિશ્ચય કર્યો કે ચોવિહાર ઉપવાસ કરી તળેટીની યાત્રા કરવા જઈએ. હવે તો બસ મરવાનું જ છે. તળેટીથી પાછા આવશું કે નહીં એક પ્રશ્ન છે અને જો કાંઈક વધારે શક્તિ હશે તો બાબુના દહેરે આદિનાથ દાદાને જુહારી આવશું.

''આ ઉપાશ્રયમાં રાત્રે સંથારો નહીં કરતા હો''કોઈક પોસાર્થી એ કહ્યું. ગુણશી એકદમ વિચાર તંત્રામાંથી જાગી ગયો. તેણે પુછ્યું કેમ?

''રાતનાં કાંઈ થઈ જાય તો''

''કાંઈ નહીં બહાર ગેલેરીમાં સુઈ જાઈશ''૧૭ વર્ષનાં તરુણનો કેવો વિનય ગુણ વધારે કાંઈ બોલવાનું જ નહીં.

સાંજે પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયા ઉજમબાઈની ધર્મશાળામાં બીરાજમાન પ.પૂ. મંગલ વિજયજી તેમજ મુ. ભરત વિ..., મુનિ., તિલક વિ. ની નિશ્રા માં કર્યા.

બીજે દિવસે સવારે આવશ્યક ક્રિયા કરીએ.. 'મત્થયેણ વંદામિ' ધર્મલાભ' સાહેબ ! તળેટી એ દર્શન કરી આવું.' 'જહા સુક્ખમ્'

ગુણશી તો મનમાં શ્રી સિધ્ધાચલ મહાતીર્થ તથા નમસ્કાર મહામંત્રનું ધ્યાન ધરતા ચાલ્યો તળેટીએ. જાણે જોઈલો કોઈક જીવતુ જાગતુ હાડપીંજર લડથડ કરતું ચાલ્યુ. અને તે તો પહોંચ્યો તળેટીએ અને ત્યાંજ ભાવવિભોર થઈને ગુણશીએ ચૈત્યવંદન કર્યું અને ઉપવાસનું પચ્ચક્ખાણ કરીને આગળ વધવાની ભાવના થવાથી બાબુના દહેરે પહોચ્યો. છાતીમાંતો શ્વાસ માતો નથી તેથી થોડીવાર ઓટલા ઉપર બેઠો થોડી વાર બેસીને આદિનાથ દાદાને જુહાર્યા. અને ચૈત્યવંદન કર્યું.

મનમાં તો ઘણું થતું હતું કે ડુંગરવાળા દાદાનાં દર્શન કરવા જઉં. પણ તનની પરિસ્થિતી એવી હતી ક્યાં. છતાં પણ બાબુના દેરાસરથી નીકળ્યો અને એક એક ડગલુ ભરતા ધીરે ધીરે ચાલતા પહેલે હડે પહોચ્યો.

મનતો કહેતું હતું 'બસ હવેતો થાકી ગયા હવે આગળ નહી ચલાય'

પણ આત્માને આ વાત ક્યાં મંજુર હતી એતો કહેતો હતો 'કરેંગે યા મરેંગે' બસ બીજી વાત જ નહીં દાદાના દર્શન કરવા જ નહીં તો અહીંજ ઢળી પડવું. કેટલી ખુમારી, હૈયામાં દઢમક્કમતા હતી અને હોઠે આદિનાથનું નામ હતું.

આત્માની વાત માનીને આદિનાથનું સ્મરણ કરતો આગળ ચાલવા લાગ્યો અને અચાનક શું થયું કે શરીરમાં સ્ફુરતી આવવા લાગી પગ જલ્દી ઉપડવા લાગ્યા અને

હીંગળાજ માતાનો હડોય પાછળ રહી ગયો. જાણે શરીરમાં કોઈ દૈવી શક્તિનો સંચાર થયો. તેનાથી આગળ ચાલવાવાળા યાત્રિકો પણ તેને જોઈને મોમાં આંગળા ઘાલી ગયા આ હાડપીંજરમાં આટલી શક્તિ? માનવામાં ન આવે એવી વાત.

જોત જોતામાં તો રામપોળ આવી સગાળ પોળ પણ ગઈ અને વાઘણ પોળમાં પ્રવેશ્યો ત્યાં થોડીવાર બેઠો શ્વાસ હેઠો બેઠો. ત્યાર પછી..

હાથીપોળ, રતનપોળ, વટાવીને પહોંચ્યો દાદા આદિનાથના દરબારમાં.

તમે પુછશો કે પહેલા આદિનાથ દાદાના દેરાસર કેમ ગયા? તેના પહેલા તો શાંતિનાથ આદિના દેરાસરમાં ચૈત્યવંદન કરી છેલ્લે આદિનાથનાં દેરાસર જવાનું હોય. તો ગુણશી એ આમ કેમ કર્યું?

તેનો જવાબમાં આગળજ આવી ગયુ છે કે ગુણશીની તબીયત એટલી ખરાબ છે કે એક જ પળમાં શું થઈ જાય તે કાંઈ કહેવાય નહી શાંતિનાથ આદિ દેરાસરોમાં ચૈત્યવંદન કરતા આયુષ્ય પુર્ણ થઈ જાય તો દાદા આદિનાથ ભગવાનના દર્શન ન થાય માટે પહેલા દાદાનાં દેરાસરે ગયો.

જેવા દાદાના દર્શન કર્યા કે.. અહા... હા.. હા..

શું ... દાદાની નયન રમ્ય મુર્તિ. જોતાજ ભુખ્યાની ભુખ ભાંગે અને તરસ્યાની તરસ છીપે. થાક્યાનો થાક દુર થાય ને દુઃખીયાના દુઃખ દુર થાય. ગુણશી તો આદિનાથ દાદાની સૌમ્યમુખમુદ્રા જોઈને ભાવવિભોર થઈ ગયો.

દેશાંતર ગયેલો દિકરો જયારે ઘણાવર્ષે પાછો આવે ત્યારે માં ને કેટલો હર્ષ થાય આ હર્ષતો કાંઈ વિસાતમાં નથી. કોની સામે?

એક ભક્તને જયારે સાક્ષાત ભગવાન મળે ત્યારે જે હર્ષ આનંદ ઉત્પન્ન થાય તેની સીમા નથી. કોઈ જ હદ નથી...

ગુણશીનું સમણુ તો જાણે સાકાર થયું. શું સ્વપ્ના સાક્ષાત થતા હશે?

હા એક માત્ર ભગવાનના સાચા ભક્તનાં

કેવીરીતે થાય?

એતો તમે ભગવાનનાં સાચા ભક્તને પુછી જો... જો...

દાદાની મુખમુદ્રાને જોતાજ જાણે બધા દુઃખ દરદ ક્યાંક નાસ્યા સુર્ય ઉગતાજ અંધકાર રહેતો હશે? ન જ રહે, તેનુ તો નામ નિશાન મટી જાય. મૃત્યુનું તો જાણે મૃત્યુ જ થઈ ગયુ.

કાળ ! કાળ તો બીચારો સાવ રાંકડો જ થઈ ગયો. ગુણશીને લેવા આવેલા દુતને ધર્મરાજાએ એવી લપડાક લગાવી કે બીચારા દુતે યમરાજ ને શું કહ્યું હશે એતો હવે એને જ ખબર..

આ બાજુ ગુણશી પ્રભુજીની સ્તુતિ કરી, અને વિનંતી કરવા લાગ્યો...

હે પ્રભુ ! તું અંધકારમાં દીવો છે. તું ગરીબનું ધન છે. તું ભુખ્યાનું અન્ન છે. તું

તરસ્યાનું જલ છે. તું આંધળાની લાકડી છે. તું. દુઃખમાં ધીરજ છે. તું વિરહમાં મિલન છે. તુંજ જગતમાં સર્વસ્વ છે.

અને... અને.. અને.. મારે માટે તો હે પ્રભુ ! પ્રભુ ! તું.. તું.. તું.. તું.. જીવન છે. પ્રાણ છે. હે પ્રભુ... પ્રભુ.. હું.. હું.. તો તારો જનમ જનમનો સેવક, દાસ, કિંકર, તારા ચરણની રજ માત્ર.

હે ત્રિલોકનાથ ! દેવાધિદેવ ! આપના શરણે હું આવ્યો છું. મને સમાધિ આપજે. આવતા જન્મમાં પણ આપના દર્શનની પ્રાપ્તિ હોજો. ખરેખર... શ્રી સિધ્ધાચલ ગિરિરાજનો અચિન્ત્ય મહિમા છે. હે ગિરિરાજ ! તને ધન્ય છે.

તારા જ પસાયે અમારા જીવો રમણીને વર્યા છે.

અને તારા જ પસાયે અન્ય ભવ્ય જીવો મુક્તિ ને પામશે. અને અનંતા જીવોના અનંત જન્મોથી અનાદિ કાળથી લાગેલા આત્મા ઉપરના પાતક દૂર થશે હે ગિરિરાજ! ધન્ય છે તને... દાદાનાં દર્શન કરીને ગુણશી તો પહોંચ્યો ઘેટી પાગે.

કેમ? ગિરિરાજની બીજી યાત્રા કરવા..

કારણકે હવે તો દાદાએ નવુ જીવન આપ્યું હતું. જાણે નવો જન્મ આપ્યો. શરીરમાં દૈવિક શક્તિ આવી ગઈ બસ હવે તો છઠ્ઠ કરીને સાત યાત્રા કર્યેજ છુટકો હવે તો મનમાં નક્કી કરીજ લીધુ કે આ પાર કે પહેલે પાર.

એમ કરતા એ દિવસે ચોવિહાર ઉપવાસમાં ૩ યાત્રા સુખ રૂપે થઈ અને તળેટી પાછા આવ્યા. જે માણસને એક ડગલુ ચાલવાની તાકાત નથી. હમણા મરશે એવી હાલતમાં શત્રુંજય ગિરિરાજની ચૌવિહાર ઉપવાસમાં ત્રણ-ત્રણ યાત્રા તે માણસ કરે તે કેવો મોટો ચમત્કાર,

પુજ્યશ્રી એ આજ દિવસ સુધી (ગિરિરાજ ની સાતયાત્રા સહિત ) કેટલા ચોવિહાર છઠ્ઠ કર્યો તે કોઇ ને ખબર નથી. જે પુછવા જાય તેમને એકજ જવાબ મળે. મહાપુરષોનાં જીવન ચરિત્ર ને યાદ કરો. આપણે વાહ! વાહ! શું કરવી વાહ! વાહ ! કરતા હવા હવા થઇ જાય આંબાની ગોટલી વાવી હોયતો કેટલી ઉગી તે જોવા માટે જમીનમાંથી રોજ રોજ કઢાય નહીં

એતો જમીનમાં રાખવી જોઇએ જો તે રોજ રોજ કાઢતા રહીએ તો તેનુ ફળ તો ન મળે ગોટલી હોય તે પણ જાય.માટે પોતે કરેલી તપશ્ચર્યા કોઈને પણ કહેવી નહી. પુજ્યશ્રીએ કેટલા છઠ્ઠ કર્યા તેનાં આંકડા લોકમુખે સાંભળવા મળે છે પણ તેમાં નિશ્ચિત આંકડો ક્યો તે હજી કોઈ શોધી શક્યુ નથી આંકડા કંઈક આ પ્રમાણે છે. ૨૮૧ છઠ્ઠ / ૨૬૩ છઠ્ઠ / ૩૫૩ છઠ્ઠ / છઠ્ઠ કરીને ૯ નવ્વાણુ / વિગેરે વિગેરે.

ખરેખર આતો આદિનાથ દાદાની કૃપા વરસે તોજ થાય. અન્યથા, સામાન્ય માનવીની શક્તિ બહારની વાત છે. બીજે દિવસે ડુંગરવાળા દાદાનું નામ જપતા. નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા. ચોવિહાર ઉપવાસમાં ૪ યાત્રા સુખશાતા પૂર્વક

થઈ, એમ કરી ચોવીહાર છઠ્ઠમાં. ૭–૭ યાત્રા થઈ.

છેને દાદાની અચિંત્ય શક્તિ.

બે દિવસ સુધી નહિ ખાવું કે નહીં પીવું. અને તેમાય સિધ્ધગિરિરાજ ઉપર ૭ વાર ચઢવુ અને ૭ વાર ઉતરવું એવી છઠ્ઠ કરી ને સાત યાત્રા મરણ પથારીએ પડેલા માણસે કેવી રીતે કરી કેવલ અસંભવ છે. પણ... દાદાની કૃપાથી તે સંભવ થઈ ગઈ. ધન્ય દાદા આદેશ્વર તારી આણ જગમાં પ્રવર્તિત રહો !!!

હવે ગુણશીભાઈને પ્રવજ્યા અંગીકાર કરવાની ઈચ્છા પ્રબળ થઈ. બધા કુટુંબીજનોને પાલીતાણા બોલાવ્યા અને દીક્ષા લેવાની અનુમતી માંગી.

પણ સ્વજનો એમ થોડા દીક્ષા લેવા દે. ઘણાય માણસોએ ગુણશીને દીક્ષા ન લેવા સમજાવ્યા. પણ બધુ વ્યર્થ અંતે ગુણશીની જીત થઈ અને પાલીતાણા ગામમાં આવેલી ઉજમબાઈની ધર્મશાળાથી ગુણશીનો વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો ત્યારે ગુણશીની ઉમર માત્ર ૧૭ વર્ષની હતી અને સંવત ૧૯૯૯ ની સાલના ફાગણ સુદ ૧૧ ના ધન્યદિવસે જય તળેટીની જમણી બાજુ પર રહેલી દેરીમાં તેમની દીક્ષા થઈ.

તેમના ગુરૂ મ.સા. નું નામ આ.વિ. નીતિ સૂરી મ.સા. ના પ્રશિષ્ય મુનિ મંગલ વિ. અને તેમનુ નામ પાડવામાં આવ્યુ મુનિ ગુણજ્ઞ વિજય મ.સા. નવા જન્મદાતા દાદા આદિનાથનું ઋણ અદા કરવા પૃથ્વી ઉપર ધર્મ પ્રભાવના કરવા લાગ્યા. મુનિરાજશ્રી નાં મનમાં પેલી કળીયો ગુંજવા લાગી.

'શ્વેતશિખરના શિરે હો મન ચઢવુ ધીરે ધીરે'.

આ સમથળ વહેતા ઝરણા તરણાના મૃદુ પાથરણા છોડીને દુર્ગમ નગ કેરી લેવાની પગથી રે... પથના કંકર કંટક ને સહેવા સહુ દુઃખ સંકટને, વીંધાવું અણુ અણુ, હીમગિરિના શરસા શીત સમીરે શ્વેતશિખરની ટોંચે, હો ચઢવું ઉંચે ઉંચે અવગાહી એકલંકી થાવું નિર્મલ માનસ નીરે

આ કવિતાનો ભાવાર્થ નુતનમુનિ ગુણજ્ઞ વિજયજીના રોમેરોમમાં પ્રસરેલો હતો નસેનસમાં વ્યાપેલો હતો, પૂજ્યશ્રી મનને સમજાવવામાં કેટલા ચતુર હતા કેટલા તત્પર હતા તે આનાં ઉપરથી સમજી શકાય છે. દીક્ષા લઈને પ્રથમ ચાતુર્માસ લુહારની પોળ અમદાવાદમાં કર્યું.

ગુણશીભાઈ એજ દીક્ષા બાદ મુનિ ગુણજ્ઞ વિજય મ.સા. (પ. પૂ. આ.ભ.શ્રી નેમિસૂરી સમુદાયના) અને એ જ હાલના પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય અરિહંતસિદ્ધ સૂરીશ્વરજી મ.સા. જેઓ હાલમાં પાલીતાણા તીર્થે "મંગલ લુણાવા ભવન"માં બીરાજમાન છે. અત્યારે આ અઢીદ્વીપ સહ ૧૭૦ જીનમંદિરનું નિર્માણ કરાવી રહ્યા છે.




**તીર્થ સ્થલ : શ્રી મંગલ અરિહંત સિદ્ધાચલ ધામજૈન ટ્રસ્ટ અજિતનાથ નગર, પાલીતાણા–અમદાવાદ હાઇવે, માલપૂરા ગામપાસે, પાલીતાણા (સૌ.) ફોન : ૨૫૨૩૧૬**

**અભિનવતીર્થની આછેરી ઝલક**

● ૪૫૦ X ૪૫૦ ફૂટમાં અઢીદ્વીપની ભવ્યરચના સાથે ૧૭૦ જિનાલયની રચના. ●એક સાથે ૧૭૦ જિનાલયનાં અલૌકિક દર્શન. ●જૈન શાસ્ત્રનુસારે મનુષ્યક્ષેત્રનું વાસ્તવિક ચિત્ર (રચના). ●સોના–ચાંદી રત્નોના આકર્ષક પર્વતોની રચના. ●વિવિધ નદી –કુંડ– સરોવર–વન–સમુદ્ર–વૃક્ષ–મંદિર –જિનાલય–દેવ–દેવીઓની અનુપમ રચના. ●નદિઓની અધિષ્ઠાયિકા દેવીઓની અનુપમ મૂર્તિઓના દર્શન. ● બીજા પણ અનેક આકર્ષણો.

**તીર્થસ્થળ અંતર : પાલીતાણાથી ૫ કિ.મી. મોખડકાથી ૨.૫ કિ.મી. ગુરૂકુલથી ૩ કિ.મી., તળેટીથી ૬ કિ.મી.**

**શું તમને ખબર છે ?**

આ પૃથ્વી પર શુદ્ધ સોનાના, ચાંદીના રત્નોનાં પહાડોની હારમાળા કયાં આવેલી છે ? ● લક્ષ્મી અને સરસ્વતી દેવીના નિવાસસ્થાનો કયાં છે ? ● આ પૃથ્વી પર સેંકડો સૂર્ય ચંદ્ર છે. તે કયાં છે? ● સમુદ્ર ખારા કેમ હોય છે ? ● આ ધરતી પર આજે પણ કલ્પવૃક્ષો છે. તે કયાં છે ? ● નવ નિધાનો કયાં છે ? ● મહાકાય વૃક્ષો ઉપર પણ જિનાલયો હોય ? ● દેવતાઇ નગરો કયાં આવેલા છે ? ● મહાકાય મનુષ્યોની વસ્તી કયાં આવેલી છે.? આવા તો ઘણા ઘણા પ્રશ્નોના જવાબો આ તીર્થ આપશે. તો ચાલો.... આ અભિનવ તીર્થની મુલાકાતે ...!!!

**સંપર્ક સ્થળ :** શ્રી લુણાવા મંગલ ભવન જૈન ધર્મશાળા, તળેટી રોડ, પાલીતાણા( સૌ.)
પીન – ૩૬૪૨૭૦. ફોન : (૦૨૮૪૮) ૨૫૨૩૧૬, ૨૫૩૫૭૫

# (૨૭) પચ્ચખ્ખાણ

## પ્રથમ નમુક્કારસહિઅં નું પચ્ચખ્ખાણ

સૂરે ઉગ્ગએ નમુક્કારસહિઅં, પચ્ચખ્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં વોસિરઈ.

## બીજું પોરિસિ સાઢ્ઢપોરિસિનું પચ્ચખ્ખાણ

સૂરે ઉગ્ગએ, પોરિસિં, સાઢ્ઢપોરિસિ. પચ્ચખ્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, સવ્વસમાહિયવત્તિયાગારેણં, વોસિરઈ.

## ત્રીજું પુરિમઢ્ઢનું પચ્ચખ્ખાણ

સૂરે ઉગ્ગએ, પુરિમઢ્ઢં પચ્ચખ્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

## ચોથું એકાસણાનું પચ્ચખ્ખાણ

સૂરે ઉગ્ગએ, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, પુરિમઢ્ઢં, પચ્ચખ્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્ન કાલેણં, દીસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં, એકાસણં, પચ્ચખ્ખાઈ, તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં. અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિઆગારેણં, આઉંટણપસારેણં, ગુરૂઅપ્ભુટ્ઠાણેણં; પારિટ્ઠાવણિઆગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા,સસિત્થેણ વા, અસિત્થેણવા વોસિરઈ.

## પાંચમું એકલઠાણાનું પચ્ચખ્ખાણ

સૂરે ઉગ્ગએ, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, પુરિમઢ્ઢં, પચ્ચખ્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં; દિસામોહેણં, સાહુવયણેણં; મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, એકલઠાણં પચ્ચખ્ખાઈ તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણ, સહસાગારેણં, સાગારિઆગારેણં, ગુરુઅપ્ભુટ્ઠણેણં, પારિટ્ઠાવણિઆગારેણં,

મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણસ્સ લેવેણ વા, અવેલેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઇ.

### છઠ્ઠું વિગઈનિવિગઈનું પચ્ચખ્ખાણ

વિગઈઓ નિવિગઈઅ પચ્ચખ્ખાઈ, અન્નત્થાણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉખ્ખિત્તવિવેગેણં, પડુચ્ચમખ્ખિએણં, પારિટ્ઠાવણિઆગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, (ઉષ્ણ પાણી પીનારાએ પાણસ્સ લેવેણ વા૦ આગારો કહેવા) વોસિરઈ.

### છઠ્ઠું નિવિગઈનું એકાસણાના આગાર સહિત પચ્ચખ્ખાણ

સૂરે ઉગ્ગએ, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, પુરિમઢ્ઢં પચ્ચખ્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવચણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, નિવિગઈ, એકાસણં, પચ્ચખ્ખાઈ, તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉખ્ખિત્તવિવેગણં, પડુચ્ચમખ્ખિએણં સાગારિઆગારેણં, આઉંટણ પસારેણ ગુરુઅભ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિઆગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ

### સાતમું આયંબિલનું એકાસણાના આગાર સહિત પચ્ચખ્ખાણ

સૂરે ઉગ્ગએ, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, પુરિમઢ્ઢં પચ્ચખ્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવચણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં,આયંબિલં એકાસણં પચ્ચખ્ખાઈ, તિવિહંપિઆહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉખ્ખિત્તવિવેગેણં, સાગારિઆગારેણં, આઉંટણપસારેણં ગુરુઅભ્ભુટ્ઠાણેણં પારિટ્ઠાવણિઆગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ.

### આઠમું ચઉવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ

સૂરે ઉગ્ગએ, અભત્તટ્ઠં પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિઠાવણિઆગારેણ, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, વોસિરઈ.

## (એજ) આઠમું તિવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ

સૂરે ઉગ્ગએ, અભત્તટ્ઠું પચ્ચક્ખાઇ, તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણ, પારિટ્ઠાવણિઆગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણહાર, નમુક્કારસહિઅં, પોરિસિં, સાડ્ઢપોરિસિં, પુરિમુટ્ઠં, પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવચણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણવા, વોસિરઈ.

## (એજ) આઠમું ચઉત્થ છટ્ઠ ભત્તાદિકનું પચ્ચખ્ખાણ

સૂરે ઉગ્ગએ, ચઉત્થભત્તં અભત્તટ્ઠં પચ્ચક્ખાઇ૦ સૂરે ઉગ્ગએ છટ્ઠભત્તં અભતટ્ઠં પચ્ચક્ખાઇ૦ સૂરે ઉગ્ગએ અટ્ઠમભત્તં અભત્તટ્ઠં પચ્ચક્ખાઈ૦ સૂરે ઉગ્ગએ દશમ ભત્તં અભત્તટ્ઠં પચ્ચક્ખાઈ૦ સૂરે ઉગ્ગએ બારસભત્તં અભત્તટ્ઠં પચ્ચક્ખાઈ૦ ઈત્યાદિ પ્રકારે આગાર સહિત કહેવું.

## નવમું રાત્રે ચઉવિહારનું પચ્ચખ્ખાણ

દિવસચરિમં પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

## દશમું ગંઠસહિયાદિ અભિગ્રહોનું પચ્ચખ્ખાણ

સૂરે ઉગ્ગએ ગંઠસહિઅં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

## દિવસ દરમ્યાન ચઉવિહાર પચ્ચખ્ખાણ (કલાકના ૧-૨-૩-)

દેવ-ગુરુની સાખે ધાર્યા પ્રમાણે અભિગ્રહ પચ્ચકખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ વત્તિયાગારેણં, વોસિરઈ.

# કોઇમ્બતુર

| મહીનો | તારીખ | સૂર્યોદય | નવકારશી | પોરસી | સાઢ-પોરસી | પુરિમડ્ઢ | સૂર્યાસ્ત |
|---|---|---|---|---|---|---|---|
| JAN. | 1.15 | 6.45 | 7.33 | 9.38 | 11.04 | 12.31 | 6.11 |
| | 16.31 | 6.46 | 7.34 | 9.41 | 11.09 | 12.36 | 6.18 |
| FEB. | 1.14 | 6.46 | 7.34 | 9.41 | 11.09 | 12.36 | 6.26 |
| | 15.29 | 6.43 | 7.31 | 9.40 | 11.08 | 12.36 | 6.29 |
| MAR. | 1.15 | 6.38 | 7.26 | 9.35 | 11.04 | 12.34 | 6.32 |
| | 16.31 | 6.30 | 7.18 | 9.31 | 11.01 | 12.32 | 6.33 |
| APR. | 1.15 | 6.20 | 7.08 | 9.24 | 10.56 | 12.27 | 6.33 |
| | 16.30 | 6.11 | 6.59 | 9.17 | 10.50 | 12.23 | 6.34 |
| MAY | 1.15 | 6.04 | 6.52 | 9.12 | 10.46 | 12.20 | 6.35 |
| | 16.31 | 6.00 | 6.48 | 9.10 | 10.44 | 12.19 | 6.38 |
| JUNE | 1.15 | 6.00 | 6.48 | 9.10 | 10.44 | 12.19 | 6.42 |
| | 16.30 | 6.03 | 6.51 | 9.15 | 10.50 | 12.26 | 6.45 |
| JULY | 1.15 | 6.07 | 6.55 | 9.18 | 10.53 | 12.28 | 6.48 |
| | 16.31 | 6.10 | 6.58 | 9.20 | 10.54 | 12.29 | 6.47 |
| AUG. | 1.15 | 6.12 | 7.00 | 9.20 | 10.54 | 12.28 | 6.41 |
| | 16.31 | 6.12 | 7.00 | 9.19 | 10.52 | 12.25 | 6.32 |
| SEP. | 1.15 | 6.12 | 7.00 | 9.17 | 10.50 | 12.22 | 6.23 |
| | 16.30 | 6.12 | 7.00 | 9.15 | 10.47 | 12.18 | 6.14 |
| OCT. | 1.15 | 6.12 | 7.00 | 9.10 | 10.40 | 12.10 | 6.03 |
| | 16.31 | 6.14 | 7.02 | 9.10 | 10.40 | 12.10 | 5.58 |
| NOV. | 1.15 | 6.18 | 7.06 | 9.13 | 10.41 | 12.08 | 5.55 |
| | 16.30 | 6.25 | 7.13 | 9.18 | 10.44 | 12.11 | 5.55 |
| DEC. | 1.15 | 6.33 | 7.21 | 9.25 | 10.58 | 12.17 | 5.57 |
| | 16.31 | 6.40 | 7.28 | 9.33 | 11.00 | 12.26 | 6.02 |

## દિવસના ચોઘડીયા

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ |
| કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત |
| ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |

# મુંબઇ

| મહીનો | તારીખ | સૂર્યોદય | નવકારશી | પોરસી | સાઢ-પોરસી | પુરિમડ્ઢ | સૂર્યાસ્ત |
|---|---|---|---|---|---|---|---|
| JAN. | 1.15 | 7.18 | 8.06 | 9.59 | 11.21 | 12.43 | 6.10 |
| | 16.31 | 7.16 | 8.04 | 10.03 | 11.26 | 12.49 | 6.20 |
| FEB. | 1.14 | 7.13 | 8.01 | 10.04 | 11.29 | 12.53 | 6.31 |
| | 15.29 | 7.10 | 7.58 | 10.01 | 11.27 | 12.52 | 6.38 |
| MAR. | 1.15 | 7.00 | 7.48 | 9.56 | 11.24 | 12.46 | 6.43 |
| | 16.31 | 6.50 | 7.38 | 9.50 | 11.20 | 12.43 | 6.48 |
| APR. | 1.15 | 6.35 | 7.23 | 9.39 | 11.11 | 12.43 | 6.51 |
| | 16.30 | 6.24 | 7.12 | 9.31 | 11.05 | 12.39 | 6.55 |
| MAY | 1.15 | 6.13 | 7.01 | 9.25 | 11.01 | 12.36 | 6.59 |
| | 16.31 | 6.07 | 6.55 | 9.22 | 11.00 | 12.36 | 7.05 |
| JUNE | 1.15 | 6.03 | 6.51 | 9.20 | 10.58 | 12.36 | 7.11 |
| | 16.30 | 6.05 | 6.53 | 9.24 | 11.03 | 12.42 | 7.16 |
| JULY | 1.15 | 6.11 | 6.59 | 9.28 | 11.06 | 12.44 | 7.18 |
| | 16.31 | 6.16 | 7.04 | 9.31 | 11.08 | 12.46 | 7.12 |
| AUG. | 1.15 | 6.21 | 7.09 | 9.33 | 11.09 | 12.45 | 7.05 |
| | 16.31 | 6.24 | 7.12 | 9.33 | 11.09 | 12.45 | 6.52 |
| SEP. | 1.15 | 6.28 | 7.16 | 9.31 | 11.03 | 12.34 | 6.40 |
| | 16.30 | 6.30 | 7.18 | 9.30 | 11.01 | 12.31 | 6.26 |
| OCT. | 1.15 | 6.35 | 7.23 | 9.30 | 11.00 | 12.29 | 6.16 |
| | 16.31 | 6.40 | 7.28 | 9.31 | 11.00 | 12.29 | 6.00 |
| NOV. | 1.15 | 6.47 | 7.35 | 9.36 | 11.00 | 12.29 | 6.01 |
| | 16.30 | 6.56 | 7.44 | 9.43 | 11.05 | 12.28 | 6.50 |
| DEC. | 1.15 | 7.05 | 7.53 | 9.51 | 11.13 | 12.35 | 6.00 |
| | 16.31 | 7.17 | 8.08 | 9.59 | 11.21 | 12.43 | 6.03 |

## રાત્રિના ચોઘડીયા

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ |
| ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત |
| કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ |
| ઉદવેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| શુભ | ચલ | કાળ | ઉદવેગ | અમૃત | રોગ | લાભ |

## અચલગચ્છીય મુનિમંડલાગ્રેસર પ.પૂ. દાદા સાહેબશ્રી ગૌતમ સાગરજી મહારાજ સાહેબે છપાવેલ

## શ્રી સૂતક વિચાર (જન્મ)

૧. પુત્ર જન્મે તો ૧૦ દિવસનું, પુત્રી જન્મે તો ૧૧ દિવસનું સૂતક. (નિશિથચૂર્ણીમાં)

૨. જેના ઘરે જન્મ થાય તે ઘરના માણસો ૧૨ દિવસ સુધી દેવપૂજા અને પ્રતિક્રમણ કાંઈ કરે નહિ.

૩.જેના ઘરે પુત્ર પુત્રી જન્મ પામે તે ઘરના માણસો બીજાના ઘરે જમે અથવા પાણી પીએ ને નહાય તો જિનપૂજા તથા પ્રતિક્રમણ કરી શકે. (જૈન પ્રબોધ ગુટકો) તો નીચે જણાવેલી પાંચમી કલમમાં ઘરના ગોત્રીને પાંચ દિવસ સૂતક લાગે, આથી ચાલુ કલમમાં બતાવેલી વાત સંભવિત નથી, તો આ ઉપરથી એવા નિર્ણય ઉપર અવાય છે કે જે શ્રાવક બાર વ્રતધારી, ચૌદ નિયમધારી, એક વર્ષમાં પોણોસો પૌષધધારી, બે વખત પ્રતિક્રમણ કરનાર નિયમધારી, જિનદર્શન નિયમધારી અને તે સિવાય અન્ન પાણી ગ્રહણ ન કરે, તેમના માટે ઉપર ચાલુ ત્રીજી કલમમાં બતાવ્યા પ્રમાણે હોય તો હોય બાકી બહુશ્રુત જાણે અથવા કેવલી જાણે.

૪.સુવાવડ કરાવનારી બાઈ બાર દિવસ સુધી નવકાર, પ્રતિક્રમણ, દેવદર્શન, પૂજા, કાંઈ કરી શકે નહિ. (જૈન પ્રબોધ ગુટકો)

૫ ઘરના ગોત્રીને પાંચ દિવસનું સૂતક.

૬.સુવાવડી બાઈ એક મહિનો સુધી દેવદર્શન ન કરી શકે, અને સુવાવડી બાઈ ૪૦ દિવસ સુધી જિનપૂજા ન કરી શકે, વળી એ સુવાવડી બાઈ કાંઈપણ ભોજન સામગ્રીને અડે તો એ બાઈથી તેમજ ઘરના બીજા માણસોથી ૪૦ દિવસ સુધી સાધુ-સાધ્વીને તે ઘરનો આહાર ન કલ્પે. (વિચારસાર ગ્રંથ.)

૭.નજર આગળ રહેલ દાસદાસીને ત્યાં જન્મ થાય તો આપણને ત્રણ દિવસનુંસૂતક.

૮.ગાય ભેંસ, ઘોડી, બકરી, વગેરે ઘરમાં પ્રસવે તો બે દિવસનું, અને વનમાં પ્રસવે તો એક દિવસનું સૂતક. પણ વનમાં પ્રસવેલ જાનવર વળી પાછું ઘરે આવીને જર મૂકે (ઓળ મૂકે) તો બે દિવસનું સૂતક.

૯.પરગામવાળાને જન્મવાળાને ઘરે જેટલા દિવસ ખાયપીએ તેટલા દિવસનું સૂતક અથવા એકાદ દિવસ જમનાર નિયમ ધારીને ન્હાયા પછી દેવપૂજા પ્રતિક્રમણ થઈ શકે.

## શ્રી સૂતક વિચાર (મરણનું)

૧. ઘરમાં કોઈનું મરણ થાય તો બાર દિવસનું સૂતક, તથા તે ઘરનું સાધુસાધ્વીને ૧૨ દિવસ આહારપાણી ન કલ્પે અને તે ઘરના અગ્નિ તથા જળથી જિનપૂજા ન થઈ શકે. (નિશિથચૂર્ણીમાં)

૨. મૃત્યુ વખતે જેટલા માણસો મડદાને અડક્યા હોય તેમનાથી ત્રણ દિવસ સુધી

દેવપૂજા, પ્રતિક્રમણ ન થઈ શકે.

૩. કાંધ દેનારને બે દિવસનું સૂતક.

૪. વેશપલ્ટો કરીને સ્મશાને જનારને એક દિવસનું સૂતક.

૫. પુત્ર પુત્રીનું આઠ વર્ષ નીચે મૃત્યુથાયતોઆઠદિવસનું સૂતક (વિચારસારપ્રકરણ)

૬. પરદેશ ગયેલાનું મરણ થયું સાંભળે તો એક અથવા બે દિવસ નું સૂતક (કલ્પસાધ્ય).

૭. નજર આગળ રહેલ દાસદાસીને ત્યાં મૃત્યુથાય તો આપણને ત્રણ દિવસનુંસૂતક.

૮. જેટલા માસનો ગર્ભ પડે તેટલા દિવસનું સૂતક.

૯. જન્મે તે જ દિવસે મૃત્યુ પામે, સંન્યાસી વગેરે ઘરમાં મરણ પામે તો એક દિવસનું, વળી સાધુ સાધ્વી કાળ કરે તો એક દિવસનું સૂતક.

૧૦.પરગામવાળા મૃત્યુવાળા ઘરે જેટલા દિવસ ખાય-પીએ તેટલા દિવસનું સૂતક અથવા એકાદ દિવસ જમનાર નિયમ – ધારીને ન્હાયા પછી દેવપૂજા, પ્રતિક્રમણ થઈ શકે.

૧૧.ગાય, ભેંસ, બકરી, ઊંટ વગેરેનું મૃત્યુ થાય તો ક્લેવર ઘરમાંથી બહાર ગયા પછી એક દિવસનું સૂતક. વળી બીજા કોઈ તિર્યંચ જાતિનું ઘરમાં મૃત્યુ થાય તો ક્લેવર ઘરમાં હોય તેટલો દિવસ સૂતક.

### શ્રી સૂતક વિચાર (સ્ત્રી ઋતુધર્મ સંબંધીનું)

૧. ઋતુવંતી બાઈ ૨૪ પહોર પછી ન્હાયા સુધી ઘરના કોઈ ભાંડાદિકને અડકે નહિ, અને ઋતુધર્મ આવ્યા પછી એ બાઈથી પ્રતિક્રમણ તેમજ દેવદર્શન ચાર દિવસ સુધી ન થઈ શકે; ફક્ત ઉપવાસ આદિ તપસ્યા કરવી હોય તે થઈ શકે.

૨. ઋતુવંતી બાઈથી પાચ દિવસ પછી પૂજા થઈ શકે.

૩. ઋતુવંતી બાઈ ન્હાયા પછી રોગાદિક કારણે જો ઋતુ દેખવામાં આવે તો દોષ નથી પણ વિવેક કરીને જળથી ન્હાઈ ધોઈને પવિત્ર થઈ દેવદર્શન, અગ્રપૂજા કરી શકે, પણ અંગપૂજા ન કરી શકે.

## અને છેલ્લે....

### દાદા પ્રત્યેની શ્રદ્ધાનું પરિણામ

૨૦૦૫ નાં ચોમાસા ની વાત છે. મને ખભામાં સખત દુઃખાવો થવા લાગ્યો. મારો જમણો હાથ ઊંચો ન થાય. નહાવામાં અંગલૂછવામાં, કપડાં પહેરવામાં મુશ્કેલી પડે ડૉક્ટરને બતાવતા એમણે કહ્યું કે ઓછામાં ઓછો ૧ વર્ષ તો દવા લેવી જ પડશે. આ ઉંમર ની બીમારી છે. જલદી મટશે નહી. દવા પણ મંગાવી લીધી. દવાઓ પેન કિલર જ હોય. આ દવા લેતાં દુઃખાવો થોડા સમય માટે દબાશે. પછી રહેવાનો જ જેથી દવાઓ પાછી મોકલાવી મને એમ થયું કે ૪/૫ મહીના પછી ૨૦૦૬ માં પાલીતાણા જશું ત્યારે બધુ સારૂ થશે. છ મહીના સુધી પીડા સહન કરી. ત્યારબાદ

પાલીતાણા યાત્રા કરવા ગયો. આદેશ્વર દાદા ને ભેટી નીચે આવ્યો મારો ખભાનો દુ:ખાવો બીલકુલ ગાયબ, જાણે મને કંઈ તકલીફ હતી જ નહીં. આજ દિવસ સુધી મને કાંઈ જ તકલીફ નથી. ત્યારે મને થયું આ તો દાદાની કૃપા અને શ્રદ્ધાનું પરિણામ.

## જિનાજ્ઞા નાં નિયમથી ચમત્કાર સર્જાયો

૨૦-૩-૨૦૦૫ નાં અમારા લગ્નજીવન નાં ૫૦ વર્ષ પૂરા થતાં હતાં, દીકરાઓ, ભાણેજાઓ, ભત્રીજાઓ સૌને ઉજવણી કરવાની ખૂબજ ઇચ્છા હતી. પણ અમે ના પાડી. છેવટે યે નક્કી કર્યું કે એ દિવસે આદેશ્વર દાદા ની યાત્રા કરવી. મારા ધર્મપત્ની એ ના પાડી કે મારે નથી આવવું. બે-ત્રણ મહિના પહેલા તો આપણે જાત્રા કરી આવ્યા છીએ. મેં કહ્યું મારે તો જવું છે. ૮/૧૦ દિવસ પછી એમની પણ ઇચ્છા થઈ. એટલે અમે યાત્રાએ જવાનું નક્કી કર્યું. મારા દીકરાઓને ભાણેજા, ભત્રીજાઓને વાત કરી. અમે લગ્નતીથી નાં દિવસે દાદાને ભેટવા જવાનાં છીએ. મારા પુત્રો, પુત્ર વધુઓ, પૌત્ર, ભાણેજા, ભત્રીજા વગેરે પાલીતાણા આવી ગયા અને અમે સહુ સાથે દાદાનાં દરબારે પહોચી ગયા. ત્યાંજ મારા ધર્મપત્ની પુરબાઇને યુરીન ની તકલીફ ચાલુ થઈ. અને અમે બંને દાદાનું મોઢું જોઈ તરત પાછા વળ્યા. ૩/૪ કલાક સુધી એમનો યુરીન ન ઉતર્યું. આ તકલીફ એમને ૩/૪ મહિને થતી હતી. તેમજ દરરોજની યુરીન ઉતરવાની અને બળતરાની તકલીફ તો છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષથી હતી જ. મારા ધર્મપત્નીએ કહયું હવે હું ગીરીરાજની યાત્રા નહી કરી શકું, ફક્ત તળેટીની જ યાત્રા કરી શકીશ. દરવર્ષે ઓછામાં ઓછું એકવાર તો ગીરીરાજ ની યાત્રા કરવાનો અમારો નિયમ હતો. વળી ૨૦૦૬ માં અમે ગયા ત્યારે મારા ધર્મપત્નીએ તળેટીની યાત્રા કરી. હું ગીરીરાજની યાત્રા કરી આવ્યો. એમને ભાવ થયા દાદાને ભેટવા આવી છું. તો કાંઈક નિયમ લેવો જોઈએ. એમણે એક મહીનો ઉકાળેલું પાણી પીવાની બાધા લીધી. એવો કાંઈક ચમત્કાર સર્જાયો કે ૧ મહીનામાં બળતરા હતી તે ઓછી થવા લાગી. તેથી કાયમ ઉકાળેલું પાણી પીવાનું ચાલુ કર્યું અને યુરીન ઉતરવાની તકલીફ અને બળતરા બંને બંધ થઈ ગયા. ફરીથી દાદાને ભેટવા જવાનું ચાલુ થઈ ગયું. ૨૦૦૭ માં ગીરીરાજ ની યાત્રા કરી આવ્યા.

ત્યારે એવું થાય છે કે આપણે જિનાજ્ઞામાંથી એકાદ નિયમ અપનાવ્યો તો આટલો ફાયદો થયો. જો જીવાત્મા જિનાજ્ઞા પાળે/અપનાવે તો અનંત ભવભ્રમણનાં બંધનમાંથી મુક્ત થઈ જાય.

# શુભચિંતક

**ધર્મપત્નિ :** પુરબાઈ ● મમુબાઈ મેઘજી માણેકજી લોડાયા પરીવાર

કચ્છ - તેરા (મુલુંડ)

**સુપુત્ર :** ડો.ખુશાલ. **પૌત્ર :** પ્રેમલ **પૌત્રવધુ :** કીંજલ **પૌત્ર :** હેમલ

**પુત્રવધુ :** લતીકા ● લક્ષ્મીબાઈ લક્ષ્મીચંદ માણેકજી મૈશેરી પરીવાર

કચ્છ - જખૌ (શેગાંવ)

**સુપુત્ર :** મુકેશ, **પૌત્ર :** રાજ **પૌત્રી :** બેલા

**પુત્રવધુ :** નીતા ● જયાબેન શીવજી ડુંગરશી મૈશેરી પરીવાર

કચ્છ-જખૌ (મસ્જીદ બંદર)

**સુપુત્ર :** ગીરીશ (C.A.). **પૌત્ર :** રૂષભ, **પૌત્રી :** શ્વેતા

**પુત્રવધુ :** અનીતા ● મીનાબેન પ્રવીણ દામજી ડાઘા પરીવાર

કચ્છ - વરાડીયા (મદ્રાસ)

**સુપુત્રી:** હીના, **દોહીત્ર :** કૃણાલ **દોહીત્રી :** પ્રિયંકા

**જમાઇ :** ખુશેન્દ્ર ● ઝવેરબેન ધનજી કલ્યાણજી ધરમસી પરીવાર

કચ્છ-સુથરી (બેંગલોર)

**બહેન :** માનબાઇ લહેરચંદ લક્ષ્મીચંદ માડણ લોડાયા પરીવાર

કચ્છ- સાંયરા (ઘાટકોપર)

માનબાઇ દામજી ખીંયશી મૈશેરી પરીવાર કચ્છ-લાલા (મુલુંડ)

વેલ 'ાઇ હીરજી પદમશી દંડ પરીવાર કચ્છ-લાલા (મુલુંડ)

# મને આવતો ભવ એવો આપજે

પ્રભુ માંગુ તારી પાસ, મારી પૂરી કરજો આશ
પ્રભુ માંગી માંગીને માંગુ એટલું
મને આવતો ભવ એવો આપજો....

જન્મ મહાવિદેહમાં હોય, વળી તીર્થંકર કુળ હોય,
પારણામાં નવકાર સંભળાય જો.................... (૧)

વર્ષ આઠમુ જ હોય, સંતો સમોસર્યા હોય,
ઉમંગે વ્યાખ્યાન સંભળાય જો..................... (૨)

સાંભળી વૈરાગ્ય થાય, દીક્ષાની અનુમતિ મળી જાય,
ત્યાં આવે ન કોઈ અંતરાય જો..................... (૩)

સંયમ જીવન લેવાય, તપ કરી કર્મ ખપાય,
વળી ચૌદપૂરવ ભણાય જો..................... (૪)

ક્ષપકશ્રેણિએ ચઢાય, ધાતીકર્મ ખપાય,
વળી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય જો..................... (૫)

દીક્ષા ધણાને દેવાય, છેલ્લે સંથારો કરાય,
વળી મુકિતપૂરીમાં જવાય જો..................... (૬)

માંગુ છું પ્રભુ એટલું
મારું માંગવાનું ગજું કેટલું ?
બસ આપી દે વચન પ્રભુ એટલું..................... (૭)

મને આવતો ભવ એવો આપજો

## સૌજન્ય

Rajen L. Lodaya - 9323030149
Mukesh Shah (Dand) - 9323030141

# Classic
# CATERERS

Devashish (Lal Bungalow), Upasharay Lane,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel.: 2513 5552, 2512 5455

## ચાલો પ્રતિક્રમણ કરીએ

### (રાઇ, દેવસિ, સવંત્સરી)

આ સી.ડી. ના માધ્યમથી આપને પ્રતિક્રમણાદી સૂત્રોના ઉચ્ચાર સ્પષ્ટ કરવા અત્યંત ઉપયોગી થશે ખાસ કરીને પ.પૂ. ગુરૂભગવંતોને ધાર્મિક પાઠશાળાઓનો યોગ નથી ત્યાં ધર્મ આરાધકો માટે આ સી.ડી. માર્ગદર્શક બનશે.

**Jayshree Praful M**

14, Bafna Manor, 114, Ponnurangam R
R. S. Puram, Coimbatore - 641002.
Tel.: 0422-2553945, Mobile : 09344556227

Printed By : Shah Art Printers,Mumbai, 022-2875 5912, 09821278982